BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**
**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ
(મુખ્ય તથા ગૌણ)



# ભારતીય બંધારણનો પરિચય

# 1

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

*અસ્તુ !*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

**સંપાદન :**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ* | *નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા.* |
| *ડૉ. મુકેશ ખટીક* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સલાહકાર સમિતિ ( PAC) :**

| | |
|---|---|
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |
| *ડૉ. ડી. ડી. ઝાલા* | *નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર* |
| *ડૉ. પુષ્પાબહેન મોતિયાની* | *નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ* | *નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા.* |
| *ડૉ. ગજેન્દ્રસિંહ પી. જાડેજા* | *નિવૃત્ત અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ.કે. બી. યુનિવર્સિટી, ભાવનગર.* |

**લેખન :**

| | |
|---|---|
| *ડૉ. પ્રવિણ રાઠોડ* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર વિભાગ, એસ.એસ.મહેતા આર્ટસ એન્ડ એમ.એમ.પટેલ કોમર્સ કોલેજ, હિંમતનગર.* |
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ,અમદાવાદ.* |
| *ડૉ. ગણેશ પ્રજાપતિ* | *ભૂતપૂર્વ આસિસ્ટન્ટ પ્રોફેસર , રાજ્યશાસ્ત્ર , સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ. અજય રાવલ* | *એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટસ કોલેજ , અમદાવાદ.* |

**પ્રકાશન વર્ષ : પ્રથમ આવૃત્તિ, 2021**

ISBN: 978-93-91468-95-8

978-93-91468-95-8

**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)**

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**

**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ

(મુખ્ય તથા ગૌણ)

## વિભાગ - 01 : ભારતીય બંધારણનો પરિચય


| | |
|---|---|
| **એકમ : 1**<br>ભારતીય બંધારણની ઐતિહાસિક ભૂમિકા | **01** |
| **એકમ : 2**<br>ભારતીય બંધારણનો ઉદ્દભવ અને વિકાસ | **15** |
| **એકમ : 3**<br>ભારતીય બંધારણ | **31** |
| **એકમ : 4**<br>ભારતીય બંધારણમાં સુધારાઓ | **45** |

## વિભાગ -01
## ભારતીય બંધારણનો પરિચય

---

**પેપર નંબર- 03** *ભારતીય સરકાર અને રાજકારણમાં વિભાગ 01 ને કુલ ચાર એકમોમાં વહેંચવામાં આવ્યો છે.*

**એકમ : 01** **ભારતીય બંધારણની ઐતિહાસિક ભૂમિકા** *વિષે છે. આ એકમ અંતર્ગત ભારતીય બંધારણની ઐતિહાસિક પૃષ્ઠભુમી વિવિધ સમયગાળામાં તપાસવામાં આવી છે. ભારતીય રાજકારણના આધારો કે પાયાઓ અંતર્ગત સામાજિક પાયાઓ, ભૌગોલિક પાયાઓ, ઐતિહાસિક-સાંસ્કૃતિક પાયાઓ, રાજકીય પાયાઓ અને આર્થિક પાયોની ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ : 02** **ભારતીય બંધારણનો ઉદ્દભવ અને વિકાસ** *અંગેનું છે. બંધારણ સભાનો ઉદ્દભવ જાણ્યા બાદ બંધારણ સભાની રચના અને કામગીરીની છણાવટ કરવામાં આવી છે. જે અંતર્ગત કેબીનેટ મિશન યોજનાની જોગવાઈઓ , બંધારણ સભાની ચૂંટણી, મુસ્લિમ લીગ દ્વારા કેબીનેટ મિશન યોજનાનો અસ્વીકાર, બંધારણ સભાની પ્રથમ બેઠક, જવાહરલાલ નહેરુનો ઉદ્દેશ્ય પ્રસ્તાવ, બંધારણ દ્વારા સમિતિઓનું ગઠન, બંધારણ સભા સમક્ષના પડકારોની સમજુતિ વિગતવાર આપવામાં આવી છે. આ ઉપરાંત બંધારણ સભાના વિવિધ તબક્કાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. એકમના અંત ભાગમાં ભારતીય બંધારણની કેટલીક હકીકતો વિષે પણ જાણશો.*

**એકમ : 03** **ભારતીય બંધારણ** *બંધારણના લક્ષણો વિશેનું છે. ભારતીય બંધારણના અગત્યના લક્ષણો જેમ કે બંધારણ સભા દ્વારા બંધારણનું ઘડતર, લિખિત અને વિસ્તૃત બંધારણ, સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક રાજ્ય, સંસદીય પ્રથાનો સ્વીકાર, સમવાયતંત્રનો સ્વીકાર, કેન્દ્રમાં દ્વિગૃહી પ્રથાનો સ્વીકાર, સળંગ અને એકીકૃત ન્યાયતંત્ર , સુપરિવર્તનશીલ અને દુષ્પરિવર્તનશીલ બંધારણનો સમન્વય, કાયદાનું શાસન, આમુખ, મૂળભૂત અધિકારોને બંધારણમાં સ્થાન, રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનો સ્વીકાર, બિનસાંપ્રદાયિક અને ધર્મનિરપેક્ષ રાજ્ય, પછાત વર્ગો અને જાતિઓ માટે ખાસ જોગવાઈઓ, હિન્દીને રાષ્ટ્રભાષાનો દરજ્જો વગેરે વિષે ચર્ચા કરવામાં આવી છે. ભારતીય બંધારણના આમુખ અંતર્ગત સાર્વભૌમ, પ્રજાસત્તાક રાજ્ય, પ્રજાને સામાજિક, આર્થિક, રાજકીય ન્યાય મળે, વિચાર અને અભિવ્યક્તિ, માન્યતા અને શ્રધ્ધાની સ્વતંત્રતા, સમાન તક અને દરજ્જો, વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા, ભાતૃભાવના વિષે સમજુતિ આપવામાં આવી છે.*

**એકમ : 04** **ભારતીય બંધારણમાં સુધારાઓ** *વિશેનું છે. આ એકમ અંતર્ગત બંધારણીય સુધારાની પ્રક્રિયા અને ટિકા સમજાવવામાં આવી છે. અનુચ્છેદ-368 સિવાયના સુધારા, અતિમહત્વના બંધારણીય સુધારા વિષે જાણકારી આપવામાં આવી છે. મિની બંધારણ-42 મા બંધારણીય સુધારા વિષે પણ જાણશો. ઉપરાંત અન્ય મહત્વના બંધારણીય સુધારાથી માહિતગાર બનશો.*

# એકમ : 1 ભારતીય બંધારણની ઐતિહાસિક ભૂમિકા

## રૂપરેખા

**1.0 ઉદ્દેશો**
**1.1 પ્રસ્તાવના**
**1.2 ભારતીય રાજકારણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ**
**1.2.1 પ્રથમ કાળ (ઈ.સ. 1600 – 1857 ઈ.સ. સુધી)**
**1.2.2 દ્વિતીય કાળ (ઈ.સ. 1858 – 1918 ઈ.સ. સુધી)**
**1.2.3 તૃતીય કાળ (ઈ.સ. 1919 – 1939 ઈ.સ. સુધી)**
**1.2.4 ચતુર્થ કાળ (ઈ.સ. 1940 – 1947 ઈ.સ. સુધી)**
**1.3 ભારતીય રાજકારણના આધારો / પાયાઓ**
**1.4 સારાંશ**
**1.5 સ્વાધ્યાય**
**1.6 સંદર્ભ સૂચિ**

## 1.0 ઉદ્દેશો

**આ એકમના અભ્યાસથી નીચેની વિગતોથી માહિતગાર થશો.**

- *આ એકમમાં આઝાદી પહેલા અને બાદના ભારતીય રાજકારણને ઘાટ આપતા પરિબળોની સમજૂતી મેળવી શકશો.*
- *આ એકમના અભ્યાસ બાદ ભારતીય બંધારણ અને ભારતીય રાજકારણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો ખ્યાલ આવશે.*
- *આ એકમમાં ભારતીય રાજકારણના વિવિધ આધારો-પાયાઓનો ખ્યાલ મેળવી શકશે અને એકમના અભ્યાસથી ભારતીય રાજકારણને સમજવામાં સરળતા રહેશે.*
- *દરેક સમયકાળની ઘટનાઓ દરમ્યાન થયેલા ભારતીય રાષ્ટ્રીય આંદોલનોએ ભારતીય બંધારણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિને તૈયાર કરવાનું કાર્ય કર્યું છે, તેનાથી તમે વાકેફ થશો.*

## 1.1 પ્રસ્તાવના

*ભારત સંસારની સૌથી પ્રાચીન સભ્યતાઓ વાળા દેશોમાંથી એક છે. અહી હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ, શીખ, જૈન, ઈસાઈ અને પારસીઓ વસે છે. જેમાં હિન્દુ મુખ્ય છે અને અહી ભાષાના આધારે* 16 *મુખ્ય વિભાજન જોઈ શકાય છે, જેમાં હિન્દી ભાષા મુખ્ય છે.*

*ભારતમાં વિવિધતાઓએ એક બાજુ સાંસ્કૃતિક સમૃદ્ધતા પેદા કરી છે, તો બીજી બાજુ આપણી વારસાગત સામાજિક, આર્થિક અને ભૌગોલિક વિષમતાઓએ તેમજ રાજકીય અલગાવ અને વિભાજનની ભાવનાને પણ કાળાંતરે બળવાન બનેલી જોઈ શકાય છે. એ પણ હકીકત છેકે આ કારણોને લીધેજ અહી વિદેશી આક્રમણો વારંવાર થતા રહ્યા છે અને આક્રમણખોરો સફળ પણ થતા રહ્યા છે. એનું મૂળ કારણ એ છેકે અહી રાજકીય એકતાનો અભાવ અને અંદરો-અંદરના ઝઘડાઓ વધુ છે વળી આ બાબતો ભારતીય રાજકારણમાં આજે પણ જોઈ શકાય છે.*

*ભારત ઉપર છેલ્લા વિદેશી શાસક તરીકે અંગ્રેજો - બ્રિટન હતા, તેઓના કારણે દેશમાં રાજકીય જાગૃતિ આવી અને દેશે આધુનિકીકરણ તરફ પ્રગતિ કરી. જોકે દેશમાં આધુનિકીકરણને પ્રોત્સાહન ન મળ્યું પરંતુ દેશનો આર્થિક વિકાસ જરૂર થયો અને મજબૂત ભારતનો પાયો નંખાયો. લોર્ડ મેકોલે દ્વારા દાખલ કરવામાં આવેલ અંગ્રેજી ભાષા, અંગ્રેજી શિક્ષણ, અંગ્રેજી સભ્યતા અને આર્થિક વિકાસ આધુનિકીકરણના ચિહ્નો બની ગયા. જેણે રાજકીય ચેતનાને પ્રોત્સાહિત કરી અને સ્વતંત્રતા આંદોલનને જન્મ આપ્યો.*
*કોઈપણ દેશના બંધારણ સંબંધિત જ્ઞાન માટે તેના ઐતિહાસિક વિકાસની જાણકારી ખૂબ જ જરૂરી બની જાય છે. ભારતના વર્તમાન બંધારણની પૂરી જાણકારી મેળવવી હોય તો આપણે ભારતના ઈતિહાસ ઉપર એક વિહંગમ દ્રષ્ટિપાત કરવો જરૂરી બની જાય છે. આપણે એ પણ જાણવું પડશે કે કેવી રીતે ભારતમાં યુરોપિયનો વેપારી તરીકે આવ્યા અને તેઓમાં અંદરોઅંદર ઝઘડાઓ થયા જેમાં અંગ્રેજો વિજયી થયા. અંગ્રેજોએ ભારતમા પોતાની સત્તા કાયમ કરી, જેના વિરુદ્ધ ભારતીયોમાં રાષ્ટ્રીયતાની ભાવના જાગી અને ભારતીયોએ અંગ્રેજો વિરુદ્ધ સ્વતંત્રતા માટે આંદોલન કર્યા. અંગ્રેજો દ્વારા જે-તે સમયની પરિસ્થિતિઓથી વિવશ થઈને ધીરે-ધીરે પોતાના સંસદીય અધિનિયમો દ્વારા ભારતીયોને કાનૂન બનાવવા અને શાસન ચલાવવા માટેના કેટલાક અધિકારો આપવામાં આવ્યા. અંગ્રેજોએ સૌથી પહેલા પોતાના નિયામક અધિનિયમો પસાર કર્યા અને બાદમાં પણ ઈ.સ.* 1861, 1909, 1919 *તથા* 1935*માં વિવિધ અધિનિયમો પસાર કરવામાં આવ્યા. પરંતુ તે બધાથી ભારતીયોને પૂર્ણ સંતોષ ન થયો અને પરિણામ સ્વરૂપ અંગ્રેજ શાસન વિરુદ્ધ લાગણીઓ જન્મી જેને કારણે ભારતીયો પોતાનું સ્વતંત્રતા આંદોલન ચલાવતા રહ્યા. બીજા વિશ્વયુદ્ધમાં ભારત અને ભારતીય સૈન્યની અંગ્રેજોને વ્યૂહાત્મક જરૂર ઊભી*

*થઈ, તે જરૂરિયાતના પરિણામ સ્વરૂપ છેવટે ઈ.સ.* 1947*માં ભારતીયોને અંગ્રેજોએ સ્વતંત્રતા આપવી પડી અને તે માટે બ્રિટિશ પાર્લામેન્ટ દ્વારા ભારતીય સ્વતંત્રતા અધિનિયમ પસાર કરવામાં આવ્યો. એક રીતે જોઈએ તો કહી શકાય કે, ઈ.સ.* 1919 *ના મોર્લે-મિન્ટો સુધારા ભારતીય બંધારણના વિકાસમાં એક મહત્વનું પગલું હતું કારણકે એના દ્વારા પ્રાંતીય સરકારોના અધિકારોમાં વૃદ્ધિ કરવામાં આવી અને સ્થાનિક સ્વાયત્ત સંસ્થાઓને પ્રોત્સાહિત કરીને વિકેન્દ્રીકરણની પ્રક્રિયાને તેજ કરવામાં આવી. પરંતુ અહી એવો બિલકુલ અર્થ નથી કે ઈ.સ.* 1919 *પહેલા ભારતમાં બંધારણીય સુધારાના પ્રયાસો થયા જ ન હતા. એ રીતે જોઈએ તો કહી શકાય કે, ભારતીય બંધારણ ના વિકાસ નો પ્રારંભ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના દિવસથીજ શરૂ થઈ જાય છે. ઈ.સ.* 1919 *પહેલાના ભારતીય બંધારણીય સુધારાઓનું પણ ઘણું જ ઐતિહાસિક મહત્વ રહેલું છે.*
*ભારતીય બંધારણના વિકાસની ઐતિહાસિક પૃષ્ઠભૂમિને નીચે પ્રમાણે વિવિધ કાળ – તબક્કાઓમાં વિભાજિત કરીને ટૂંકમાં સમજી શકાય.*

## 1.2 ભારતીય રાજકારણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

### 1.2.1 પ્રથમ કાળ (ઈ.સ. 1600 – 1857 ઈ.સ. સુધી)
### (અંગ્રેજોનું આગમન અને કંપનીની સર્વોપરિતાનો તબક્કો)

*આ કાળની વિશેષતા એ છેકે એક બાજુ એમાં અંગ્રેજી શાસનની શરૂઆત થાય છે, તો બીજી બાજુ ઈ.સ.*1857 *માં પ્રસિદ્ધ ભારતીય વિદ્રોહ પણ થાય છે. ભારત સાથે પોતાનો વ્યાપારિક સંબંધ વધારવા અને વધુ મજબૂત કરવા માટે* 31 *ડિસેમ્બર,* 1600*ના રોજ ઈંગ્લેન્ડની મહારાણી એલિઝાબેથની આજ્ઞાથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું નિર્માણ કરવામાં આવ્યું. સમય વિતતાં કંપનીનો ઉદ્દેશ્ય રાજકીય થતો ગયો અને ધીરે ધીરે કંપનીએ ભારતીય રાજકારણમાં રસ લેવાનું શરૂ કરી દીધું. ભારતના વિભિન્ન રજવાડાઓના પારસ્પરિક ઝઘડાઓમાં વચ્ચે પડીને કંપનીએ ભારતમાં પોતાની રાજ્યસત્તા સ્થાપિત કરવાનો નિર્ણય કરી લીધો હતો. ઈ.સ.* 1757*માં પ્લાસીની લડાઈમાં સિરાજઉદ્દદોલાની હારથી ભારતમાં કંપનીના શાસનની શરૂઆત થઈ.*
*પરંતુ સમય જતાં બ્રિટિશ પાર્લામેન્ટમાં કંપનીના ખરાબ શાસનની ઉગ્ર ટીકા થવા લાગી, તેથી કંપનીના કાર્યો પર નિયંત્રણ અને દેખરેખ રાખવા માટે બ્રિટિશ પાર્લામેન્ટે ઈ.સ.* 1773*માં નિયમન કાનૂન* (Regulating Act) *પસાર કર્યો. નિયમન કાનૂનનું ભારતના બંધારણીય વિકાસની દ્રષ્ટિએ મહત્વનું સ્થાન છે. આ કાનૂને ભારતમાં લિખિત બંધારણનો પાયો નાંખ્યો.*

*નિયમન કાનૂનમાં રહેલા દોષોને સુધારવા માટે અને સર્વોચ્ચ અદાલતના અધિકાર- ક્ષેત્ર તેમજ તેની સત્તાઓ સંદર્ભે ઊભી થતી અનિશ્ચિતતાને દૂર કરવાના ઉદ્દેશ્યથી ઈ.સ.* 1781 *માં બંગાળ ન્યાયાલય અધિનિયમ* (Bengal judicature Act) *પસાર કરવામાં આવ્યો.*

*ઈ.સ.* 1783*માં ડંડાસનું ભારતીય બિલ* (Dunda`s Indian Bill) *બ્રિટિશ કોમન સભામાં પસાર થઈ શક્યું નહી, પરંતુ તેનો ઉલ્લેખ અહી એટલા માટે જરૂરી છેકે, તેનાથી ભારતમાં બંધારણીય પરિવર્તનની જરુર છે તે બાબતની બ્રિટિશ સરકારને જાણ જરૂર થઈ.*
*ઈ.સ.* 1783 *ફોક્સનું ભારતીય બિલ* (Forx`s Indian Bill) *જેને 'ઈસ્ટ ઈન્ડિયા કંપની કાનૂન'ના નામે પણ ઓળખવામાં આવે છે. તેને બ્રિટિશ પાર્લામેન્ટમાં પસાર કરાવવાનો મિ.ફોક્સનો પ્રયાસ પણ નિષ્ફળ રહ્યો. પ્રસ્તુત બિલમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વહીવટ ઉપર કાબૂ મેળવવા અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીની પ્રાંતિય સરકારોને વ્યાપારી હિતોથી અલગ રાખવાની જોગવાઈ કરવામાં આવી હતી.*

*પીટનો ભારતીય કાનૂન* (Pitt`s India Bill) – 1784 *દ્વારા ભારતીય સરકાર પર નિયંત્રણ અને દેખરેખ રાખવા માટે લંડનમાં નિયંત્રણ બોર્ડ* (Board of Control) *બનાવવામાં આવ્યું અને તેને જરૂરી એવી બધી સત્તાઓ આપવામાં આવી.*
*ચાર્ટર અધિનિયમ* (The Charter Act) – 1793, 1813, 1833 *જેવા અલગ – અલગ કાયદાઓ અને અધિનિયમોએ ભારતીય પ્રજાજનોને એક કે બીજા કારણસર અન્યાય કર્યો, તે અન્યાયે લોકોને વધુ જાગૃત કર્યા.*

*ઈ.સ.* 1857*નું સશસ્ત્ર સ્વાતંત્ર્ય યુદ્ધ અંગ્રેજો માટે સિપાઈઓનો વિપ્લવ* (Sepoy Mutiny) *માત્ર હતો. પરંતુ ભારતીયો માટે સ્વતંત્રતા માટેની પ્રથમ સશસ્ત્ર લડાઈ હતી. આ ઘટનાને લીધે ભારતમાં કંપનીના શાસનનો અંત આવ્યો અને શાસકોને એવો બોધપાઠ પણ આપ્યોકે ભારતમાં ભારતીયોના સહયોગ વિના શાસન કરવું અશક્ય છે.*

### 1.2.2 દ્વિતીય કાળ (ઈ.સ. 1858 – 1918 ઈ.સ. સુધી) (અંકુશીત વિકેન્દ્રીકરણ અને પાર્લમેન્ટની સર્વોપરિતાનો તબક્કો)

*આ સમયગાળાને વિકેન્દ્રીકરણનો કાળ પણ કહેવામાં આવે છે. સંચાર સાધનોમાં વૃદ્ધિ, અંગ્રેજી શિક્ષાણનો વિસ્તાર, પશ્ચિમી વિચારધારા વગેરે જેવા કારણોએ ભારતમાં બ્રિટિશ શાસનને વિકેન્દ્રિત કરવાની પ્રક્રિયાનો આરંભ કરી દીધો હતો. જોકે ઈ.સ.* 1858*માં ભારત શાસન અધિનિયમ દ્વારા બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનનો અંત કરી દેવામાં આવ્યો, જેના કારણે ભારતીય શાસનની ધૂરા બ્રિટીશ સમ્રાટના હાથમાં આપી દેવામાં આવી. ખરેખર આ ઘટનાથીજ ભારતમાં બંધારણીય વિકાસનો પ્રારંભ થાય છે, તેમ માનવામાં આવે છે. કારણકે ત્યારથી શરુ કરી* 1947 *સુધી સતત બ્રિટીશરો પાસેથી ક્રમશઃ સત્તા હસ્તાંતરણનો ક્રમ ચાલુ થયો. આ કાળમાં ભારત શાસન અધિનિયમ* (Government of India Act) – 1858, *ભારતીય પરિષદ અધિનિયમ* (The Indian Council Act) – 1860, *ભારતીય પરિષદ અધિનિયમ* (The Indian Council Act) – 1892, *ભારતીય પરિષદ અધિનિયમ* (The Indian Council Act) – 1909 *અમલમાં આવ્યાં.*

*વિધાન પરિષદના વિસ્તારથી ભારતીયોની ઈચ્છા સ્વશાસનની દિશામાં વધતી ગઈ, કારોબારી પરિષદમાં ભારતીયોને સ્થાન આપીને વિવિધ કાયદાઓએ ખૂબ મોટું કામ કર્યું. તો વળી અંગ્રેજોએ વિવિધ કાયદાઓ દ્વારા ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવી. પરિણામ સ્વરૂપ ભારતીયોની માંગો અવિરત ચાલુ રહી અને તેમનું આંદોલન ઉગ્ર અને વિસ્તૃત બનતું ગયું.*

### 1.2.3 તૃતીય કાળ (ઈ.સ. 1919 – 1939 ઈ.સ. સુધી)
### (પરસ્પર સંવાદ, સહયોગ અને જવાબદાર શાસનના ક્રમિક વિકાસનો તબક્કો)

*ઈ.સ.* 1909 *સુધી બ્રિટિશ સંસદીય સરકારે ભારત સંબંધે સહયોગાત્મક નીતિનું અનુસરણ કર્યું, જેનો હેતુ ભારતીય વહીવટમાં ભારતીયોનો વધુમાં વધુ સહયોગ પ્રાપ્ત કરવો તે હતો. જોકે ભારતીયો સતત સ્વતંત્રતાની માંગણી કરી રહ્યા હતા. આ કાળ દરમ્યાન બ્રિટિશ સંસદીય સરકારે એવો અનુભવ કર્યો કે ફક્ત ભારતીયોનો સહયોગ પ્રાપ્ત કરવાથી કામ ચાલી શકશે નહીં. જે અનુસંધાને બ્રિટિશ સંસદીય સરકારે વિવિધ અધિનિયમો - કાયદાઓ પસાર કર્યા જેમાં, ભારતીય શાસન અધિનિયમ* (The Government of India Act) – 1919, *ભારતીય શાસન અધિનિયમ* (The Government of India Act) – 1935 *ને મુખ્ય ગણાવી શકાય.*

### 1.2.4 ચતુર્થ કાળ (ઈ.સ. 1940 – 1947 ઈ.સ. સુધી)
### (પ્રાંતિય સ્વરાજ્યથી પૂર્ણ સ્વરાજ્યનો-ગાંધીયુગનો મહત્વપૂર્ણ તબક્કો)

*પ્રાંતીય સ્વરાજ્ય (ઈ.સ.*1935*) થી પૂર્ણ સ્વરાજ્ય (ઈ.સ.*1947*) પ્રાપ્તિ દરમિયાન બ્રિટિશ સરકારે ભારતના બંધારણીય વિકાસ માટે વિભિન્ન યોજનાઓ રજુ કરી. જોકે ઈ.સ.* 1939*માં કોંગ્રેસી મંત્રીમંડળે પોતાના હોદ્દા ઉપરથી રાજીનામાઓ આપી દીધા, જેના કારણે પ્રાંતનો વહીવટ ફરીથી ગવર્નરોના માથે આવી પડ્યો. આ કારણથી બ્રિટિશ સરકાર ખૂબજ ચિંતિત હતી. ઈ.સ.* 1939 – 1945 *સુધી ચાલેલા બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જર્મની વિરુદ્ધ બ્રિટીશ સરકાર યુદ્ધની ઘોષણા કરી ચૂકી હતી, તેથી કોઈપણ કિંમતે બ્રિટિશ સરકાર ભારતીય નેતાઓ અને ભારતીય જનતાનું સમર્થન મેળવવા માંગતી હતી. પરંતુ કોંગ્રેસ નેતાગીરી કોઈ પણ શરત વિના સહયોગ આપવા માટે તૈયાર ન હતી, તેથી બ્રિટિશ સરકાર સમક્ષ કોંગ્રેસે* (1) *યુદ્ધ બાદ સ્વતંત્રતા અને* (2) *યુદ્ધ સમય દરમ્યાન ભારતીયોના હાથમાં સક્રિય શાસન - નિયંત્રણ એવી માગણીઓ મૂકી.*

*ઈ.સ.* 1919*થી ઈ.સ.* 1947*ના સમયકાળને ગાંધીયુગ તરીકે ઈતિહાસમાં ઓળખવામાં આવે છે. આ એજ સમય હતો જ્યારે લોકો અસહકાર આંદોલન, સવિનય કાનુન ભંગ આંદોલન, ભારત છોડો આંદોલન હોય કે ચંપારણમાં નિલ(ગળી)સત્યાગ્રહ, ખેડા-બારડોલીના સત્યાગ્રહ હોય, રોલેટ એક્ટ વિરુદ્ધ સત્યાગ્રહ. એમ દરેક સમયકાળની ઘટનાઓ દરમ્યાન થયેલા ભારતીય રાષ્ટ્રીય આંદોલનોએ ભારતીય બંધારણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિને તૈયાર કરવાનું કાર્ય કર્યું છે.*

*ભારતીય બંધારણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિના વિશ્લેષણ બાદ એવા નિષ્કર્ષ પર આવી શકાય કે, આધુનિક ભારતીય બંધારણ (જે 26 જાન્યુઆરી, 1950ના રોજ લાગુ કરવામાં આવ્યું) ઈ.સ. 1600 થી ઈ.સ. 1947 સુધીની વિભિન્ન વ્યવસ્થાઓ અને સંઘર્ષની દેન છે. ઈ.સ. 1947નો ભારતીય સ્વતંત્રતા અધિનિયમ જેને 'ડોમિનિયન બંધારણ' પણ કહેવામાં આવે છે, આધુનિક ભારતના બંધારણના ઘડતર સુધી બંધારણીય વિકાસનું અંતિમ ચરણ હતું. બંધારણ સભા દ્વારા નિર્મિત બંધારણ ભારતમાં લાગુ કરવામાં આવ્યું છે, જે ભારતને પૂર્ણસ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્રના રૂપમાં જુએ છે. આ બધા ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે આધુનિક ભારતીય બંધારણનું ઘડતર ઈતિહાસના લાંબા કાળખંડ દરમ્યાન વિવિધ ચઢાવ – ઉતાર સાથે કરવામાં આવ્યું હોવાની સાથોસાથ વિકાસ પણ પામ્યું છે. આમ, ભારતીય બંધારણ એ રાજકીય ઉત્ક્રાંતિનું સમૃદ્ધ અને શ્રેષ્ઠ ઉદાહરણ છે અને તે દરેક ભારતીયને ગૌરવાંતિત કરાવનાર મહાન ઘટના છે.*

**1.3 ભારતીય રાજકારણના આધારો-પાયાઓ**

*રાજકારણએ એક વ્યાપક અને મનુષ્યની મૂળભૂત ક્રિયા છે, રાજકારણ મનુષ્યના પરસ્પરના સબંધોનું પરિણામ છે. તેનો આધાર મનુષ્યના હિતરક્ષણ-હિતસંઘર્ષ, મતભેદ, સ્વાર્થ અને જુથબંદી ગણાવી શકાય. રાજકારણ દરેક સમયે, દરેક સમાજમાં તથા દરેક જગ્યાએ જોવા મળે છે. રાજકારણના ક્ષેત્રે સબંધે હર્બટ જે. સ્પાઈરોએ કહ્યું છે કે 'રાજકારણ એ એક એવી પ્રક્રિયા છેકે જેનાથી માનવ સમુદાય પોતાની સમસ્યાઓનું સમાધાન લાવે છે.' રાજકારણનો પ્રભાવ વ્યાપક છે, તે મનુષ્યના જીવનને વ્યાપક અને વિસ્તૃત રીતે સ્પર્શે છે.*

*તેથી ખૂબજ વ્યાપક અર્થમાં જોઈએતો 'રાજકારણ એ બધીજ પ્રક્રિયાઓનો સમૂહ છેકે જેના માધ્યમથી એક સમાજ પોતાના ઈતિહાસનું નિર્માણ, ઐતિહાસિક પડકારો અને માંગણીઓનો સામનો કરે છે.' રાજકારણની આ વ્યાખ્યાનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે તેમાં સમાજની બધી પ્રક્રિયાઓનો સમાવેશ થઈ જાય છે. આનાથી વિરુદ્ધ સંકુચિત અર્થમાં 'રાજકારણ સમાજમાં નિયંત્રણ તથા પ્રભાવોની પ્રક્રિયા છે', તેમ કહી શકાય. રાજકારણની સામાન્ય વ્યાખ્યા કરવી હોયતો કહી શકાય કે, 'રાજકારણ વિભિન્ન વ્યક્તિઓ અને તેમના સમૂહો વચ્ચે સંઘર્ષ અને સહયોગની એક એવી પ્રક્રિયા છે, જેનો ઉદ્દેશ્ય અસલી કે નકલી જન-કલ્યાણ અને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા તથા વ્યવસ્થા જેવા મૂલ્યોની પ્રાપ્તિ માટે જાહેર સત્તાનું ગઠન કરી, તેનો સદુપયોગ કે દુરુપયોગ કરવાનો હોય છે.'*

*જે. ડી. બી. મિલરે રાજકારણના સ્વરૂપ સંબંધે નીચે પ્રમાણે જણાવ્યુ છે,*

I. *રાજકારણનો સીધો સબંધ સંઘર્ષ તથા મતભેદ સાથે છે.*

II. *રાજકારણની ઉત્પત્તિ સામાજિક વિવિધતા તથા અનંત માનવીય ઈચ્છાઓને લીધે થાય છે.*

III. *રાજકારણ અધિકાંશ રીતે સ્વાર્થથી વશીભૂત થયેલુ હોય છે.*

IV. *રાજકારણને સરકારથી અલગ કરી શકાય નહી.*

V. *રાજકારણ વ્યક્તિગત રીતે વધુ શક્તિશાળી હોય છે, કારણકે વ્યક્તિ જ રાજકારણમાં સક્રિય ભૂમિકા ભજવતો હોય છે.*

VI. *રાજકારણ મૂળભૂત રીતે એક માનવીય ક્રિયા છે, જ્યાં માનવ અને કાનૂન હોય ત્યાં રાજકારણ હોય.*

*ટૂંકમાં, રાજકારણ એ સતત ચાલતી પ્રક્રિયા છે અને તે જાહેર બાબતોને અસર કરે છે. તો સાથોસાથ રાજકારણમાં સત્તા મેળવવા અને સત્તા ટકાવવા માટેનો સંઘર્ષ-સહકાર એ બંને તત્વો ઉપર અસર પણ પાડે છે. રાજકારણની આ પ્રક્રિયા ઉપર વ્યક્તિના કે કોઈ સમૂહના સંઘર્ષ, મતભેદ, સ્વાર્થ અને જુથબંદી કે પક્ષીય રાજકારણની અસર હોય છે. તેજ રીતે રાજકારણની આ પ્રક્રિયા ઉપર કેટલાક પરિબળો પણ અસર કરતાં હોય છે, જે આગળ જતાં દેશના રાજકારણની દિશા નક્કી કરતાં હોય છે, દેશના રાજકારણને એક આગવો ઓપ આપતાં હોય છે.*

*જેમ કે, કોઈપણ રાજ્યએ અસ્તિત્વમાં આવવા માટેના પરિબળો તરીકે વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ, આ ચારેય પાયાના તત્વો અનિવાર્ય છે, તેમ કોઈપણ રાજ્યના રાજકારણના પાયાઓને સમજવા માટે પણ આ ચારેય પાયાના તત્વોને નજર સમક્ષ રાખવા અનિવાર્ય બની જાય છે. રાજ્યના આ ચારેય તત્વોને નજર સમક્ષ રાખીને ભારતીય રાજકારણના મુખ્ય પાયાઓને સમજવાની કોશિશ કરી શકાય.*
*તે અનુસાર ભારતીય રાજકારણને આધાર આપનારા પાયાઓમાં,*

(1) *સામાજિક પાયાઓ,*
(2) *ભૌગોલિક પાયાઓ,*
(3) *ઐતિહાસિક-સાંસ્કૃતિક પાયાઓ,*
(4) *રાજકીય પાયાઓ અને*
(5) *આર્થિક પાયાઓ*

**(1) સામાજિક પાયાઓ :**

*લોકો એક ચોક્કસ સમાજમાં સામુહિક રીતે વસવાટ કરે છે, તેના સમૂહની ઓળખ, ધર્મ, ભાષા, જ્ઞાતિ, રીતભાત વગેરે બીજા સમૂહોથી અલગ-અલગ હોય છે. જે તેના સમૂહની સામાજિક ઓળખ બને છે. એ બધાને લીધે તેઓ રાજકારણમાં એક ચોક્કસ પ્રકારે વર્તન કરે છે. વસ્તીને નજર સમક્ષ રાખીને ભારતીય રાજકારણના પાયાઓનો અભ્યાસ કરતાં ધર્મ, ભાષા, જ્ઞાતિને મુખ્ય ગણાવી શકાય, ભારતીય રાજકારણને અસર કરતાં આ પરિબળોને ભારતીય રાજકારણના સામાજિક પાયાઓ તરીકે ગણાવી શકાય.*

**(ક) ધર્મ :**

*ભારત બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે, તેથી રાષ્ટ્રનો પોતાનો કોઈ ધર્મ નથી. પરંતુ ભારતમાં વસતા અલગ-અલગ ધર્મમાં માનનારાઓ પોતાની રીતે જ ભારતીય રાજકારણને એક અલગ જ ઘાટ આપવાનું કાર્ય કરે છે. ભારતીય રાજકારણમાં ધર્મનો એક આગવો અને વિશેષ પ્રભાવ રહ્યો છે. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં 79.8% હિંદુઓ, 14.2% મુસ્લિમો, 2.3% ખ્રિસ્તીઓ, 1.7% શીખ, 0.7% બૌદ્ધો, 0.4% જૈન અને અન્ય ધર્મમાં માનનારાઓ 0.7% રહે છે. ભારતમાં હિન્દુઓ બહુમતિમાં છે, જ્યારે મુસ્લિમો લઘુમતિઓમાં સૌથી મોટી સંખ્યામાં છે.*

*મુસ્લિમો સૌથી મોટી લઘુમતિમાં છે એવા ભારતીય પ્રદેશો-રાજ્યોમાં કાશ્મીર, કેરળ, ઉત્તરપ્રદેશ, ગુજરાત, આંધ્રપ્રદેશ, બિહાર, આસામ જેવા રાજ્યો મુખ્ય છે. તો કાશ્મીર અને કેરળમાં, ભારતના બીજા રાજ્યોની સરખામણીમાં તેઓ રાજકારણ ઉપર મજબૂત પકડ ધરાવે છે. અહી મુસ્લિમો વધુ કેન્દ્રિત થયા છે. ભારતના ભાગલા બાદ જમ્મુ અને કશ્મીરમાં મુસ્લિમો બહુમતિમાં છે. અહીના મુસ્લિમો નેશનલ કોન્ફરન્સ, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) અને કોંગ્રેસ વચ્ચે વહેંચાયેલા છે. જ્યારે કેરળના મુસ્લિમોનો એક મોટો વર્ગ સામ્યવાદી પક્ષ સાથે રહ્યો છે. જ્યારે દેશના અન્ય રાજ્યોમાં મુસ્લિમ સમુદાયનો રાજકીય ઝુકાવ અન્ય રાજકીય પક્ષોની તુલનામાં કોંગ્રેસ તરફ વધુ રહ્યો છે.*
*ખ્રિસ્તીઓ 2.3% વસ્તી સાથે ધાર્મિક લઘુમતિઓમાં મુસ્લિમો પછીના ક્રમે આવે છે. તેઓની વસ્તી કેરળ, ગોવા અને નાગાલેંડમાં વિશેષ છે, જ્યારે ગોવા અને કેરળ આ બે રાજ્યોના રાજકારણમાં ખ્રિસ્તીઓ નિર્ણાયકોની ભૂમિકામાં છે. તો શીખો પંજાબ પૂરતા મહદઅંશે કેન્દ્રિત રહ્યા છે. જો કે પંજાબમાં શીખો અકાલીદળ અને કોંગ્રેસ વચ્ચે વહેંચાયેલા રહ્યા છે પરંતુ પંજાબના રાજકારણમાં પહેલાંથી જ શીખો કેન્દ્રિય અને નિર્ણાયકોની ભૂમિકામાં રહ્યા છે.*

*સાથોસાથ એ પણ યાદ રાખવું રહ્યું કે હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે કોમવાદની સમસ્યા વધુ જોવા મળે છે, તો શીખો ઈ.સ.1981 અને ત્યારબાદના વર્ષોમાં ભિંડરાનવાલેની આગેવાનીમાં અલગ ખાલિસ્તાનની માંગણીની ચળવળ સિવાય શીખો મુખ્ય પ્રવાહમાં સહજ રીતે ભળી ગયા છે. તો ભૂતકાળમાં પડોશી દેશો સાથેના સંઘર્ષ વખતે મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને શીખો આ ત્રણેય લઘુમતિઓએ સુંદર નાગરિક એકતાના દર્શન પણ કરાવ્યા છે. ઈ.સ. 2005માં દિલ્હી હાઈકોર્ટના ભુતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ રાજીન્દર સચ્ચરની અધ્યક્ષતામાં મુસ્લિમ લઘુમતિની આર્થિક અને સામાજિક સ્થિતિ અંગેની તપાસ માટે નિમાયેલી સચ્ચર કમિટીએ ઈ.સ. 2006માં પોતાના રિપોર્ટમાં કરેલી ભલામણો મુજબ મુસ્લિમો અને અન્ય લઘુમતિઓ માટે શિક્ષણની સુવિધાઓ, રોજગાર અને લોન સુવિધાઓ, કૌશલ્ય વિકાસની યોજનાઓ તથા લઘુમતિઓના આર્થિક અને સામાજિક વિકાસ માટે વિશેષ સવલતો આપવામાં આવે કે જે આગળ જતાં મજબૂત ભારતના રાજકીય વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે.*

*હિન્દુ ધર્મની ફિલોસોફી અને ધર્મશાસ્ત્રો અનુસાર 'હિન્દુ ધર્મ કટ્ટરતાનો નહી પરંતુ બિનસામ્પ્રદાયિકતાનો પોષક રહ્યો છે.' સાંપ્રદાયિક રાજ્યોના રાજકારણમાં તો ધર્મ મહત્વનું અને નિર્ણાયિક પરિબળ છેજ, પરંતુ બિનસાંપ્રદાયિક રાજ્યોના રાજકારણને પણ ધર્મ થોડા-ઘણા પ્રમાણમા પ્રભાવિત કરે જ છે.*

*(ખ)* **ભાષા :**

*ભાષાને લીધેજ મનુષ્ય બીજા પ્રાણીઓથી અલગ પડે છે, ભાષા વિચાર અને તેની અભિવ્યક્તિ માટેનું હાથવગું અને પ્રબળ મધ્યમ છે. તેના વડે જ એક માણસ બીજા માણસની સમસ્યાઓ અને લાગણીઓને સરળતાથી સમજી શકે છે. ભારતમાં કુલ* 179 *ભાષાઓ અને* 544 *બોલીઓ બોલવામાં આવે છે. આપણા બંધારણે ભારતમાં બોલવામાં આવતી* 22 *મુખ્ય ભાષાઓને બંધારણના પરિશિષ્ટ* 8 *માં સમાવી છે.*

*ભારતમાં વિવિધ ભાષા બોલતી વસ્તીના પ્રમાણ પ્રમાણે, હિન્દી* 43.63%, *બંગાળી* 8.30%, *તેલુગુ* 6.73%, *મરાઠી* 7.09%, *તમિલ* 5.89%, *ઉર્દુ* 4.34%, *ગુજરાતી* 4.74%, *ઉડિયા* 3.20%, *કન્નડ* 3.73%, *મલયાલી* 2.97%, *પંજાબી* 2.83% *સિવાય સિંધી, કોંકણી, ડોંગરી, મણીપુરી, કાશ્મીરી, બોડો, કચ્છી, અંગ્રેજી ભાષા બોલતા લોકો પણ પોત-પોતાના વિશેષ સમૂહોમાં અને પ્રદેશોમાં વસવાટ કરે છે. ભાષાવાર રાજ્ય રચનાએ મજબૂત પ્રદેશવાદ ઊભો કર્યો છે.*

(ગ) **જ્ઞાતિ-જાતિ :**

*પ્રાચીનકાળથી જ ભારત વિવિધ વર્ગોમાં વહેંચાયેલો રહ્યો છે. જેનો પ્રભાવ રાજકીય ક્ષેત્રે જોઈ શકાય છે. સમાજમાં વર્ગોની સાથે સાથે લોકોની જ્ઞાતિઓ ઉપર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.*

*પ્રોફેસર રજની કોઠારીએ પોતાના પુસ્તક 'કાસ્ટ ઈન ઈન્ડિયન પોલિટિક્સ' માં ભારતીય રાજકારણમાં જાતિની ભૂમિકાનું વિસ્તૃત વિશ્લેષણ કર્યું છે. જાતિ વ્યવસ્થા અને રાજકારણમાં આંતરક્રિયા સંબંધે તેઓએ જાતિપ્રથાના ત્રણ સ્વરૂપો બતાવ્યા છે.*

*(ક) લૌકિક રૂપ : આમાં જાતિઓ વચ્ચે પ્રતિસ્પર્ધા અને જૂથબંધીની ભાવના રહે છે.*
*(ખ) જાતિ વ્યવસ્થાનું એકીકૃત રૂપ : અહી જાતિઓ વ્યક્તિને સમાજ સાથે બાંધે છે.*
*(ગ) જાતિ વ્યવસ્થાનું ચૈતન્ય રૂપ : અહી જાતિઓ એકબીજી જ્ઞાતિને ઉંચ-નીચ સમજે છે.*

*ભારતીય પ્રાચીન શાસ્ત્રોએ પણ ભારતીય સમાજના લોકોને* (1) *બ્રાહમણ-યાચકો, શિક્ષકો,* (2) *ક્ષત્રિય–યોદ્ધા અને ઠાકુરો,* (3) *વૈશ્ય–ખેડૂત, વ્યાપારી, કારીગરો અને* (4) *શુદ્ર –નોકરો, ઠેકેદાર ખેડૂતો એમ ચાર વર્ણ–જાતિઓમાં વિભાજીત કરી છે. જે ખોટું અને નુકશાનકારક પુરવાર થયું છે. કેટલાક લોકો આ જાતિ વ્યવસ્થાની બહાર પેદા થયા હતા, જેમને 'અછૂત' કહેવામા આવતા. આજે ભારતમાં* 3000 *જ્ઞાતિઓ અને* 25000 *પેટા જ્ઞાતિઓ છે. ભારતીય રાજકારણના આ જાતિગત પાયાને આધારે જાતિઓ-જાતિઓ વચ્ચેના ભેદભાવમાં સતત વધારો થતો રહ્યો છે.*

*અહીં આપણે એ ચોક્કસપણે યાદ રાખવું જોઈએ કે, ભારતના લોકો જાતિના આધારે સંગઠિત થયેલા છે. તેથી નહીં ઈચ્છવા છતાં પણ રાજકારણમાં જાતિગત સંસ્થાઓનો ઉપયોગ કરવો જ પડે છે. તેને લીધે 'જેને આપણે રાજકારણમાં જાતિવાદના નામે ઓળખીએ છીએ તે, હકીકતમાં જાતિઓનું રાજકીયકરણ જ છે.' જાતિને પોતાના દાયરામાં ખેંચીને રાજકારણ પોતાનું કામ કરાવે છે. તો બીજી બાજુ જે તે જ્ઞાતિના આગેવાનોને દેશની શાસકીય, રાજકીય અને વહીવટીય વ્યવસ્થામાં ભાગ લેવાનો મોકો મળે છે. વળી, ભારતમાં જાતિ રાજકીય પક્ષોની જેમ એક મહત્વનો પક્ષ છે તો જાતિ રાજકારણનો આધાર-પાયો હોવાને બદલે રાજકારણને પ્રભાવિત કરનારું એક તત્વ પણ છે.*

*આજે જાતિ ભારતીય રાજકારણમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહી છે, જાતિનું રાજકીયકરણ થઈ ચૂક્યું છે. આજના ભારતમાં રાજકીય પક્ષો કોઈને કોઈ જાતિનો સહારો લઈ ચૂંટણી જંગમાં ઉતરતો હોય તેવું જોવા મળે છે. દરેક રાજકીય પક્ષ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જાતિઓનો ખૂબજ મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. એ પણ હકીકત છેકે, ભારતીય રાજકારણમાં જાતિનો પ્રભાવ દરેક ચૂંટણીમાં સતત વધતો રહ્યો છે અને તેથી કોઈ પણ ક્ષેત્રની ચૂંટણીઓમાં રાજકીય પક્ષ જે તે પ્રદેશમાં બહુમતિ કે વર્ચસ્વ ધરાવનાર જાતિના જ ઉમેદવારોની પસંદગી કરતાં હોય છે.*

**(2) ભૌગોલિક પાયાઓ :**

*પ્રથમ ભારતીય વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ કહ્યું હતું કે 'ભારત માટે ભૂગોળ એક અગત્યનું તત્વ છે કારણકે ભૌગોલિક રીતે ભારત પશ્ચિમી, ઉત્તરીય, પૂર્વીય અને અગ્નિ એશિયાના દેશોનું મિલન સ્થાન છે.' દક્ષિણ એશિયામાં ભારતનું સ્થાન મહત્વનું છે. ભારતની ઉત્તરે હિમાલયની પર્વતમાળાને લીધે ભારત મધ્ય અને પશ્ચિમ એશિયાથી અલગ તરી આવે છે. તો દક્ષિણમાં અરબી સમુદ્ર, હિન્દ મહાસાગર અને બંગાળની ખાડી ભારતની સરહદો નક્કી કરે છે. ભારતીય આંતરરાષ્ટ્રીય સીમા ચીન, પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ, ભુટાન અને મ્યાંમારની સરહદોને સ્પર્શ કરે છે, આ પડોશી દેશોથી નજીકના રાજ્યો હંમેશા સંવેદનશીલ રહ્યા છે. આ રાજ્યોમાં ઘુસણખોરી અને બીજી આતંકવાદી પ્રકારની પ્રવૃત્તિઓ સતત વધી રહી છે.*

*ભૌગોલિક દ્રષ્ટિએ ભારતને ગિરિમાળાઓનો પ્રદેશ, મેદાન પ્રદેશ, ઉચ્ચ પ્રદેશ અને દક્ષિણનો પ્રદેશ, એમ ચાર વિભાગમાં વહેંચી શકાય. આ અલગ-અલગ પ્રાદેશિક વિસ્તારોના કારણે અને જે તે પ્રદેશની ભાષાઓને કારણે ભારતના રાજકારણમાં પ્રદેશવાદ નામની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. તેને કારણે પ્રાદેશિક રાજકીય પક્ષોની બોલબાલા ખૂબ વધી છે. આજે ભારતનું દરેક રાજ્ય કોઈને કોઈ રૂપે આ પ્રદેશવાદની સમસ્યાથી ગ્રસિત છે. જેને કારણે રાજ્યોમાં સતત આંદોલનો થતા રહ્યા છે. આ*

*ભૌગોલિક વિસ્તારોમાં રહેતા લોકોની પોતાની માન્યતાઓ-સંસ્કૃતિ છે, જે ભારતીય રાજકારણની વિશેષતા છે. વિદ્વાનોનો એક વર્ગ એવું પણ મને છેકે, આ બધી દેખીતીરીતે નુકશાનકારક લગતી ગતિવિધિઓથી હકીકતમાં ભારતીય સમાજનું અને જ્ઞાતિ-ધર્મ-પ્રદેશ-ભાષાનું લોકશાહીકરણ થઈ રહ્યુ છે.*

**(3) ઐતિહાસિક - સાંસ્કૃતિક પાયાઓ :**

*ભારત એશિયા ખંડની દક્ષિણે આવેલો દેશ છે ,જે અતિ પ્રાચીન સંસ્કૃતિ ધરાવે છે. ભારત 'અનેકતામાં એકતા' ધરાવતો દેશ છે.*

*ભારતમાં રાજકીય એકતા લાવવાના પ્રયત્નો બાબતે કહી શકાય કે ગ્રીક, શક, હૂણ અને કુષાણ લોકોની સંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિમાં એકાકાર થઈ ગઈ છે. ભારતીય સંસ્કૃતિના ઈતિહાસનું વર્ણન છેક પ્રાચીન સમયથી સિંધુ અને હડપ્પન સંસ્કૃતિ અને દ્રવિડિયન સંસ્કૃતિથી કરી શકાય. મધ્ય એશિયાના કેટલાક વિસ્તારોમાંથી આર્યોની જુદી-જુદી ટોળીઓ ભારતમાં આવી. તેઓએ મૂળ ભારતીય પ્રજા એવા દ્રવિડો સાથે મળીને એક નવી સંસ્કૃતિ ઊભી કરી.*

*વિદ્વાનોએ રાજકારણને સમજવા રાજકીય સંસ્કૃતિના પરિબળોને મહત્વનાં ગણાવ્યા છે. તો ભારતીય જીવનમાં 'સાદું જીવન ઉચ્ચ વિચાર'નું મૂલ્ય પ્રાચીન સમયથી ભારતીય રાજકીય સંસ્કૃતિનો આદર્શ રહ્યો છે.*

**(4) રાજકીય પાયો :**

*ભારત પ્રજાકીય સાર્વભૌમત્વ વાળી શાસન પદ્ધતિ ધરાવતો લોકશાહી શાસન વ્યવસ્થાથી ચાલતો દેશ છે. અહી તેના નાગરિકોને રાજકીય હકો આપીને, તેને કેટલીક રાજકીય સત્તાઓ આપવામાં આવી છે. જેમા મતાધિકાર, કોઈ હોદ્દા માટે ચૂંટાવાનો અધિકાર, અલગ અલગ રાજકીય પક્ષોની વિચારસરણીમાં આસ્થા રાખવાની તથા તેને વફાદાર રહેવાનો નાગરિકોના હક આપવામાં આવેલો છે. ચૂંટણીમા નાગરિકો જે પ્રમાણેની પોતાની સમજથી પોતાના પ્રતિનિધિઓને ચૂંટે છે, તેમાંથી ભારતીય રાજકારણને એક અલગ ઓપ આપતા રાજકીય પાયાની ધરી રચાય છે.*

*ભારતીય બંધારણ મૂજબ રાજ્યની સાર્વભૌમ સત્તા તેના નાગરિકો (પ્રજા) પાસે છે. નાગરિકો પોતાનો મત આપીને પોતાના પ્રતિનિધીઓને ચૂંટે છે. નાગરિકો દ્વારા ચૂંટાયેલા આ પ્રતિનિધીઓ નાગરિકો વતી રાજકારણમાં સીધી રીતે ભાગીદારી નોંધાવે છે.*

*ભારતીય રાજકારણને ચોક્કસ આકાર અને ઘાટ આપતા આ રાજકીય પાયાની ચોક્કસપણે ઓળખ કરવા જતા તેમાં સ્ત્રી-પુરુષ, જાતિ, ધર્મ, શહેરી અને ગ્રામીણ વિસ્તાર, શિક્ષણ અને આવક વગેરે ઉભરીને સામે આવે છે. તેના લીધે જ ભારતીય રાજકારણને ચોક્કસ ઘાટ આપતા આ રાજકીય પાયા તરફ અભ્યાસુઓ દ્વારા દુર્લક્ષ સેવવામાં આવ્યું છે.*

**(5) આર્થિક પાયાઓ :**

*ભારત કૃષિપ્રધાન દેશ છે અને ભારતની લગભગ 70% વસ્તી સીધી કે આડકતરી રીતે કૃષિ પર નભે છે. કૃષિ સાથે સંકળાયેલું ગ્રામિણ ભારત અને ઉદ્યોગો સાથે સંકળાયેલું શહેરી ભારત, ભારતીય રાજકારણમાં ચોક્કસ પ્રકારની ભાત ઉપસાવે છે. આર્થિક કારણોને આધારે જ અમીર-ગરીબ એવા બે ભાગોમાં ભારતીય સમાજ વહેંચાઈ જાય છે. અહીં એમ પણ કહેવાય છે કે 'અમીરો પાસેથી કરવેરા વસુલીને ગરીબ નાગરિકોને પોષવામાં આવે છે'. તો ગ્રામીણ ભારતને 'ભારત' અને શહેરી ભારતને* 'INDIA` *તરીકે પણ ઓળખવામાં આવે છે.*

*દેશને આર્થિક રીતે પગભર કરવા માટે આ બાબત ઘણી જ અગત્યની થઈ પડે છે, કેમકે તેને આધાર ઉપર જ ભવિષ્યના કાર્યક્રમોનું નિર્માણ થતું હોય છે. આ બાબતને કોઈપણ સંજોગોમાં અવગણી શકાય નહીં. દેશનો આર્થિક વિકાસ, નીતિ-નિર્માણ સરકારની કાર્ય રીતિઓ વગેરેનો આધાર મૂળભુત રીતે આ આર્થિક પાયો જ બનતો હોય છે.*

## 1.4 સારાંશ

*આ પ્રકરણમાં ભારતીય બંધારણના વિકાસની ઐતિહાસિક પૃષ્ઠભૂમિની સમજ આપતાં અંગ્રેજોના આગમન અને કંપનીની સર્વોપરિતાનો તબક્કો, અંકુશીત વિકેન્દ્રીકરણ અને પાર્લમેન્ટની સર્વોપરિતાનો તબક્કો, પરસ્પર સંવાદ-સહયોગ અને જવાબદાર શાસનના ક્રમિક વિકાસનો તબક્કો અને પ્રાંતિય સ્વરાજ્યથી પૂર્ણ સ્વરાજ્યના – ગાંધીયુગના મહત્વપૂર્ણ તબક્કાની જાણકારી મેળવી. ભારતીય બંધારણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિના વિશ્લેષણ બાદ એવા નિષ્કર્ષ પર આવી શકાય કે ભારતીય રાજકારણ વિભિન્ન વ્યવસ્થાઓ અને સંઘર્ષની દેન છે.*

*ભારતીય બંધારણના આમુખમાં ભારતને સાર્વભૌમ સત્તાધારી, ધર્મનિરપેક્ષ. પ્રજાતાંત્રિક ગણતંત્ર જાહેર કરવામાં આવ્યું છે. ભારતીય બંધારણમાં કહેવામાં આવ્યું છેકે, દરેક ભારતીય નાગરિકની એ ફરજ છે કે, તેઓ ભારતની સાર્વભૌમ સત્તા, એકતા અને અખંડતાનું સમર્થન કરે. તેનું રક્ષણ કરે. તેવી જ રીતે ભારતીય રાજ્યનું પણ એ કર્તવ્ય છે કે નાગરિકોના તમામ બંધારણીય હકકોનું કોઈપણ જાતના ભેદભાવ રાખ્યા વગર રક્ષણ કરે. જ્યારે રાજ્ય પોતાની આ ફરજ ચૂકશે ત્યારે રાજ્યની એકતા સામે મોટો ભય ઊભો થઈ શકે છે.*

**1.5 તમારી પ્રગતિ ચકાસો**

**(અ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

**1. ભારતીય બંધારણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનું વિવરણ કરો.**

...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................

2. ભારતીય બંધારણના ઘડતરના વિવિધ સમયકાળની સમજૂતી આપો.

...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................

**3.** ભારતીય રાજકારણ મુખ્ય પાયાઓની ચર્ચા કરો.

...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................

**4.** રાજકારણમાં ધર્મ અને જ્ઞાતિની ભૂમિકાનું વર્ણન કરો.

...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................

(બ) નીચે આપેલા બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.

**1.** પ્રાચીન ધર્મશાસ્ત્રો મુજબ ભારતીય સમાજ કેટલા વર્ણોમાં વહેંચાયેલી છે.
(અ) ત્રણ (બ) ચાર (ક) પાંચ (ડ) છ

**2. અંગ્રેજોનું ભારતમાં વાસ્તવિક શાસન કયા વર્ષથી ચાલુ થાય છે?**

*(અ)* 1857 *(બ)* 1858 *(ક)* 1859 *(ડ)* 1860

**3. ભારત એશિયા ખંડમાં કયા સ્થાને આવેલો દેશ છે?**

*(અ) ઉત્તર* *(બ) દક્ષિણ* *(ક) પૂર્વ* *(ડ) પશ્ચિમ*

**4. ઇ.સ.1919 થી ઇ.સ.1947ના સમયકાળને ભારતીય ઇતિહાસમાં કયા નામે ઓળખવામાં આવે છે.**

*(અ) અંગ્રેજોનો જુલમ કાળ* *(બ) વિકેન્દ્રીકરણનો કાળ*

*(ક) ગાંધીયુગ* *(ડ) એક પણ નહીં*

**5. વર્તમાન સમયમાં કોને રાજકારણથી અલગ કરવું અશક્ય છે?**

*(અ) આતંકવાદ (બ) ચૂંટણીમાં તોડફોડ (ક) જ્ઞાતિ (ડ) બધા*

## 1.6 સંદર્ભ સૂચિ


(1) *શુક્લ, ગજેન્દ્ર બી. ભારતીય બંધારણ. ગૂર્જર પ્રકાશન, અમદાવાદ,* 2010.

(2) *શુક્લ, ગજેન્દ્ર બી. ભારતીય રાજકારણ., પોપ્યુલર પ્રકાશન, સુરત,*2011.

(3) *કશ્યપ, સુભાષ સી. હમારા સંવિધાન. (હિન્દી) નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્લી ,* 1996.

(4) *બાસુ, દુર્ગાદાસ. ભારત કા સંવિધાન. (હિન્દી) વાધવા એન્ડ કંપની, દિલ્લી,* 2001

(5) *રાય, ગાંધીજી. રાષ્ટ્રીય આંદોલન ઔર ભારતીય સંવિધાન. (હિન્દી) ભારતી ભવન , પટના,* 1978.

(6) Palekar, S.A. Indian Constitution. Serials Publications, New Delhi, 2004.

(7) Kothari, Rajani., Politics in India, little Brown, Boston, 1970.

(8) Miller, J.D.B., The Nature of Politics, Gerald Duckworth& Co. Ltd, London, 1962.

(9) Spiro, Herbert J., Politics as the Master Science: From Plato to Mao, Harper and Row publisher, New York City, 1970.

# એકમ : 2 ભારતીય બંધારણનો ઉદ્ભવ અને વિકાસ

## રૂપરેખા

**2.0 ઉદ્દેશો**
**2.1 પ્રસ્તાવના**
**2.2 બંધારણ સભા : ઉદ્ભવ**
**2.3 બંધારણ સભા : રચના અને કામગીરી**
**2.4 બંધારણનો સુધારા થકી વિકાસ**
**2.5 સારાંશ**
**2.6 તમારી પ્રગતિ ચકાસો**
**2.7 સંદર્ભ સૂચિ**

## 2.0 ઉદ્દેશો

- *બંધારણ સભા અને તેના કાર્ય વિશેની માહિતી મેળવી શકશો. તેમજ બંધારણ સભાનું ઘડતર, તેની સામેના પડકારોથી અવગત થશો.*
- *અંગ્રેજ સરકાર દ્વારા બંધારણ સભાનું ગઠન અને બંધારણની રચના માટે કરવામાં આવેલા પ્રયત્નોની સમજ મેળવશો.*
- *સ્વતંત્રતાના ઉષા કાળ દરમ્યાન બંધારણની સર્જન પ્રક્રિયા અને બંધારણ સભા દ્વારા બંધારણની રચના કેવી રીતે કરવામાં આવી તે બાબતની માહિતી મેળવશો.*
- *અહી વાચક બંધારણના ક્રમિક વિકાસથી વાકેફ થશે અને બંધારણ સભાએ કઈ કઈ સમિતિ દ્વારા પોતાનું કાર્ય પૂર્ણ કર્યું તેની જાણકારી પ્રાપ્ત કરશો.*

## 2.1 પ્રસ્તાવના

*પશ્ચિમી દેશોમાં એક એવી માન્યતા રહી છે કે, કોઈપણ દેશના બંધારણનું નિર્માણ જે તે દેશની બંધારણ સભા દ્વારા થવું જોઈએ. સૌ પહેલાં આ વિચાર ઈંગ્લેન્ડના હેનરી મેઈને આપ્યો, પરંતુ આ સિદ્ધાંતને વ્યવહારિક રૂપ અમેરિકાએ ઈ.સ.1776માં ફિલાડેલ્ફિયા સંમેલનમાં અને ત્યારબાદ ફ્રાન્સમાં ઈ.સ.1789માં અસેમ્બલીની બેઠકમાં આપવામાં આવ્યું. 19મી સદીમાં બંધારણ*

*સભાનો વિચાર યુરોપમાં ખુબજ લોકપ્રિય થયો અને* 20*મી સદીમાં આ બંધારણવાદ* (Constitutionalism) *ની વિચારધારાને ખુબ જ વેગ મળ્યો.*

**અર્થ** *: લોકપ્રિય સાર્વભૌમત્વ અનુસાર દેશના નાગરિકોને ફક્ત શાસન ચલાવવાનો જ અધિકાર નથી મળતો, પરંતુ તેની સાથે બંધારણના નિર્માણનો પણ અધિકાર મળે છે. આજે વિશ્વના મોટાભાગના દેશોના નાગરિકો પોતાના આ અધિકારનો ઉપયોગ સામાન્યરીતે બંધારણ સભાના માધ્યમથી કરે છે. બંધારણ સભાનો વિકાસ વિશ્વની* 17 *મી અને* 18 *મી સદીની મહાન ક્રાંતિઓની દેન છે.*

*સામાન્ય રીતે બંધારણ સભાનો અર્થ કોઈ દેશ માટે બંધારણનું નિર્માણ કરનાર સભા એવો કરવામાં આવે છે. એન્સાયકલોપીડિયા ઓફ સોશિયલ સાયન્સીસ* (Encyclopedia of Social Sciences) *અનુસાર, 'એ એક એવી પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા હોય છે, જેને નવા બંધારણ ઉપર વિચાર કરવા, અપનાવવા અને પ્રવર્તમાન બંધારણમાં મહત્વના ફેરફારો કરવા માટે ચૂંટવામાં આવે છે.'*

*પંડિત જવાહરલાલ નેહરુ મુજબ, "આ એક પરિવર્તનશીલ ( બદલાઈ રહેલું ) રાષ્ટ્ર છે જે પોતાના જૂના કપડાંને બદલીને, પોતે બનાવેલા નવા કપડાં ધારણ કરે છે. તેમાં સરકાર રાષ્ટ્રના નાગરિકોએ પોતે ચૂંટેલા પ્રતિનિધિઓ દ્વારા કાર્યરત છે. આ દ્રષ્ટિએ તેનું ચોક્કસ ક્રાંતિકારી મહત્વ છે."*

*ભારતીય બંધારણના મુદ્દે જોઈએ તો, દરેક રાષ્ટ્રના આત્મનિર્ણયના અધિકાર સંદર્ભે પ્રથમ વિશ્વ યુદ્ધની શરૂઆતમાં જ કેટલાક પ્રગતિશીલ રાષ્ટ્રવાદીઓએ તેની હિમાયત કરી હતી. ત્યારબાદ મિત્ર રાષ્ટ્રો, જેમાં અમેરિકા, ઈંગ્લેન્ડ તથા તેમના બીજા સાથી રાષ્ટ્રોએ પણ પોતાના ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે ભારતની સ્વતંત્રતાની ઈચ્છા વ્યક્ત કરેલી અને ભારતનું સમર્થન કરેલું. તે કારણોને લીધેજ મહાત્મા ગાંધીએ ઈ.સ.* 1920 *માં સ્વરાજ્યની પ્રાપ્તિ માટે અસહયોગ આંદોલનની શરૂઆત કરેલી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પણ સ્વતંત્રતાની મશાલને પ્રજ્જવલિત કરવામાં આવી, જેને પરિણામે જ ઈ.સ.* 1947 *માં ભારતને સ્વતંત્રતા મળી.*

## 2.2 બંધારણ સભા : ઉદ્ભવ

*ભારતીય રાષ્ટ્રીય આંદોલનમાં શરૂઆતથી જ ભારતીય નાગરિકોની એવી માંગણી હતી કે, 'ભારતમાં નાગરિકો દ્વારા નિર્મિત પોતાનું બંધારણ હોય.' ઈ.સ.* 1906*માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ભારત માટે 'સ્વરાજ્ય' ની જે માંગ કરી હતી તેમાં પણ બંધારણ સભાનો વિચાર સામેલ હતો. ઈ.સ.* 1922 *માં સૌપ્રથમ મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે 'દેશનાં ભવિષ્યનો નિર્ણય ભારતીય જનતા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા થવો જોઈએ અને ભારતીય બંધારણ ભારતીયોની ઈચ્છા અનુસાર જ હોવું જોઈએ.'*

*સાયમન કમિશન રિપોર્ટ અને ગોળમેજી પરિષદની અસફળતાએ ભારતીય બંધારણ સભાની માંગ સ્પષ્ટ કરી દીધી. 26 મી જાન્યુઆરી 1930 ના રોજ રાવી નદીના કિનારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે જે 'પૂર્ણ સ્વરાજ' ની ઘોષણા કરી હતી, તેમાં પણ બંધારણ સભાની માંગણીની ઝલક જોવા મળે છે, પરંતુ બંધારણ સભાની રચનાની માંગ ઈ.સ. 1934 થી શરૂ થઈ. સ્વરાજ્ય પાર્ટી (ઈ.સ. 1921 માં મહાત્મા ગાંધી દ્વારા અસહયોગ આંદોલન બંધ કરવામાં આવ્યું, તેનાથી કોંગ્રેસના ઘણાં નેતાઓ નારાજ હતા. કોંગ્રેસના તે નારાજ નેતાઓએ મળીને તા. 1 જાન્યુઆરી 1923 ના રોજ મોતીલાલ નહેરુ, વિઠ્ઠલભાઈ પટેલ અને ચિત્તરંજન દાસના નેતૃત્વમાં રચાયેલ કોંગ્રેસ ખિલાફત પાર્ટી) એ આત્મનિર્ણયની માંગ કરતા એવો પ્રસ્તાવ મૂક્યો કે 'ભારતીય જનતાના વિભિન્ન વર્ગોના પ્રતિનિધિઓની એક બંધારણ સભા બોલાવવામાં આવે જે દેશ માટે એક બંધારણનું નિર્માણ કરે.' ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા સ્વરાજ્ય પાર્ટીની આ માંગનું સમર્થન કરવામાં આવ્યું અને પટણા (ઈ.સ.1934) તથા લખનૌ (ઈ.સ.1936) અધિવેશનમાં બંધારણ સભાની માંગ કરી.*

*ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા બંધારણ સભાની પોતાની આ માંગને ૨૮ ડિસેમ્બર 1936 ના રોજ ફૈજપૂર અધિવેશનમાં દોહરાવવામાં આવી અને કહ્યું કે, 'કોંગ્રેસ ભારતમાં એક સાચી લોકશાહી શાસન વ્યવસ્થા ધરાવતા રાજ્યનું સમર્થન કરે છે કે જેમાં રાજકીય સત્તા સંપૂર્ણ રીતે જનતાના પ્રતિનિધિઓને સોંપવામાં આવે અને સરકાર તેઓના નિયંત્રણમાં હોય. આ પ્રકારનું રાજ્ય ફક્ત વયસ્ક મતાધિકારને આધારે ચુંટવામાં આવેલી બંધારણ સભા દ્વારા જ અસ્તિત્વમાં આવી શકે છે અને તેને ભારતના બંધારણનું નિર્માણ કરવાનો અધિકાર હોવો જોઈએ.'*

*ઈ.સ. 1939 માં રાષ્ટ્રીય કોંગ્રેસે પુનઃ એવો પ્રસ્તાવ કર્યો કે 'એક સ્વતંત્ર દેશના બંધારણની એક માત્ર રીત બંધારણ સભા જ છે.' કોંગ્રેસ દ્વારા આ પ્રસ્તાવનું ઉચ્ચારણ ઈ.સ. 1940 માં રામગઢ અધિવેશનમાં પણ કરવામાં આવ્યું. બીજા વિશ્વયુદ્ધથી ઉત્પન્ન થયેલું સંકટ તથા ભારતમાં થઈ રહેલી બંધારણીય ગતિવિધિઓને લીધે બ્રિટિશ સરકારનું એ તરફ ધ્યાન ગયું. જેને લીધે ઈ.સ. 1940 માં ભારતના તત્કાલિન વાઈસરૉય લીન્લીથગોએ જાહેરાત કરી કે યુદ્ધોપરાંત બ્રિટિશ સરકાર ભારતમાં બંધારણના નિર્માણ માટે દેશના મુખ્ય નેતાઓ-પ્રતિનિધિઓની એક પરિષદને આમંત્રિત કરશે.*

*ઈ.સ.1942 માં બ્રિટિશ સરકાર દ્વારા સર સ્ટેફોર્ડ ક્રિપ્સને ભારતમાં બંધારણીય અવરોધો દૂર કરવા માટે મોકલવામાં આવ્યા, પરંતુ ભારતીયોએ ક્રિપ્સ યોજનાનો અસ્વીકાર કરી દીધો. 'ભારત છોડો આંદોલન' ની ફરીથી શરૂઆત થઈ ત્યારે બ્રિટિશ સરકાર દ્વારા આ સંબંધે કેબિનેટ મિશન યોજના અંતર્ગત 16 મે 1946 ના રોજ બંધારણ સભાની રચનાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો અને આ પ્રસ્તાવનું અમલીકરણ ભારતીય સ્વતંત્રતા અધિનિયમ (ઈ.સ. 1947) માં કરવામાં આવ્યું. આ અધિનિયમથી દેશને*

*ભારત અને પાકિસ્તાનમાં વિભાજીત કરીને બન્ને માટે અલગ-અલગ બંધારણ સભાની રચનાની વ્યવસ્થા કરવામાં આવી.*

## 2.3 બંધારણ સભા : રચના અને કામગીરી

*ભારત આઝાદ થતાં સાથેજ ભારતવાસીઓને પોતાને અનુકૂળ બંધારણ બનાવવાનો મોકો મળ્યો, હકીકતમાં ઈ.સ.* 1946 *માં જ બંધારણ સભાનું ગઠન કરી લેવામાં આવ્યું હતું, જેમાંથી હવે એ વિસ્તારો-પ્રાંતો અલગ થઈ ગયા હતા કે જેનાથી પાકિસ્તાન બનાવવામાં આવ્યું હતું. સ્વતંત્ર ભારતે આ જ બંધારણ સભા દ્વારા બંધારણ નિર્માણનું કાર્ય ચાલુ રાખ્યું. જો કે એ પણ હકીકત છે કે આ બંધારણ સભા પુખ્તવય મતાધિકારના આધારે રચવામાં આવી ન હતી. આ બંધારણ સભાનું ગઠન ઈ.સ.*1946 *ની કેબિનેટ મિશન યોજના અનુસાર થયું હતું.*

➢ **કેબિનેટ મિશન યોજનાની જોગવાઈઓ :**

*કેબિનેટ મિશનમાં બ્રિટિશ મંત્રીમંડળના ત્રણ સભ્યોમાં પેથિક લોરેન્સ (ભારતના સચિવ), સર સ્ટેફર્ડ ક્રિપ્સ(બોર્ડ ઓફ ટ્રેડના અધ્યક્ષ) અને એ.વી. એલેક્ઝેન્ડર* (First Lord of the Admiralty) *સામેલ હતા.* 24 *માર્ચ* 1946 *ના રોજ આ મિશન દિલ્હી આવ્યું. અહીં આ મિશને અલગ અલગ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી અને મોહમ્મદ અલી ઝીણાની 'ભારતના ભાગલાની માંગ' નો અસ્વીકાર કરતા પોતાની યોજના રજૂ કરી. તેમાં બંધારણ સંબંધી જોગવાઈઓ નીચે પ્રમાણે હતી.*

1. *કેબિનેટ મિશને એ નિશ્ચિત કર્યું કે ભારતીય બંધારણની રચના માટે પરોક્ષ ચૂંટણીને આધારે એક બંધારણ સભાની સ્થાપના કરવામાં આવશે, જેના કુલ* 389 *સભ્યો હશે. એ સભ્યોમાંથી* 93 *સભ્યો દેશી રજવાડાઓના, જ્યારે* 04 *સભ્યો ચીફ કમિશનર પ્રાંતમાંથી હશે અને બાકીના* 202 *સભ્યો ગવર્નર પ્રાંતના હશે.*
2. *લગભગ* 10 *લાખ વ્યક્તિદીઠ બંધારણ સભામાં એક સભ્ય હશે. પ્રાંતોને સોંપવામાં આવેલી સીટો તેની વિભિન્ન જાતિઓ અને વસ્તીની સંખ્યાને આધારે વહેંચવાની હતી.*
3. *પ્રાંતોને બંધારણ સભામાં પ્રતિનિધિત્વ વસ્તીને આધારે આપવામાં આવ્યું તથા એવું પણ નક્કી કરવામાં આવ્યું કે પ્રાંતીય વિધાનસભાઓમાંથી દરેક સમુદાયના જેટલા પ્રતિનિધિઓ મોકલવાના હતા, તેની ચૂંટણી દરેક સમુદાય અલગ અલગ કરશે.*
4. *અલ્પસંખ્યક જ્ઞાતિઓને તેમની વસ્તીથી વધારે સીટો આપવાની પ્રથાને બંધ કરી દેવામાં આવી. અને ત્રણ પ્રકારે મતદારોને વહેંચવા એવું નક્કી કરવામાં આવ્યું,*

*જેમાં સામાન્ય મતદારો, મુસલમાન મતદારો અને પંજાબમાં શીખ મતદારો એ રીતે મતદારોને વહેંચવામાં આવ્યા.*

5. *રજવાડાઓનું પ્રતિનિધિત્વ પણ વસ્તીને આધારે હશે, પરંતુ તેમના પ્રતિનિધિઓની ચૂંટણીનીરીત બ્રિટિશ ભારતની બંધારણ સભા માટે ચૂંટવામાં આવેલા પ્રતિનિધિઓની સમજૂતી-સમિતિ* (Negotiating Committee) *અને દેશી રજવાડાઓના રાજાઓ તરફથી નક્કી થયેલી સમિતિ વચ્ચે પરસ્પર વાતચીતથી નક્કી કરવાની હતી.*

6. *આ યોજનામાં પ્રાંતો માટે પણ અલગ બંધારણની વ્યવસ્થા કરવામાં આવી હતી, તે બાબતે એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે બંધારણ સભાની પ્રારંભિક બેઠક બાદ સભ્યો પોતાને ત્રણ ગ્રુપમાં વહેચી નાંખશે.*

*જેમાં પ્રથમ ગ્રુપમાં હિંદુ બહુમતિ ધરાવતા પ્રાંતો જેમાં ચેન્નાઈ (મદ્રાસ), મુંબઈ, સંયુક્ત પ્રાંત* (U.P.)*,ઓરિસ્સા, બિહાર તથા મધ્ય પ્રાંત ના પ્રતિનિધિઓ બેસશે. બીજા ગ્રુપમાં, સિંધ, બલુચિસ્તાન, ઉત્તર-પશ્ચિમી સરહદના વિસ્તારો* (N.W.F.P.) *અને પંજાબના પ્રતિનિધિઓ બેસશે,*

*જ્યારે ત્રીજા ગ્રુપમાં બંગાળ અને આસામ સામેલ હતા. આ ત્રણેય ગ્રુપના સભ્યોએ પોતાના ગ્રુપમાં અલગ અલગ બેસીને એવો નિર્ણય કરવાનો હતો કે તેમના પ્રાંત માટે કેવું બંધારણ હોય અને તેમાં કયા વિષયો ગ્રુપના પ્રાંતો પાસે હોય અને કયા વિષય સંઘ પાસે હોય, તેની પણ ચર્ચા કરવાની હતી.*

7. *આ નવા બંધારણ નીચે થનાર પ્રથમ ચૂંટણીઓ બાદ દરેક પ્રાંતને એવી છૂટ હતી કે, પ્રાંતની વિધાનસભા બહુમતિથી ગ્રુપને છોડવાનો પ્રસ્તાવ પાસ કરી દેશે તો તે પોતાનું ગ્રુપને છોડી શકે છે.*

- **કેબિનેટ મિશન યોજના અને રાજકીય પક્ષો :**

*આ યોજનાનો મુસ્લિમ લીગે તા.* 6 *જૂન* 1946*ના રોજ તથા કોંગ્રેસે તા.* 25 *જૂન* 1946 *ના રોજ સ્વીકાર કર્યો. જોકે શીખો આ યોજનાની વિરુદ્ધમાં હતા, પરંતુ કોંગ્રેસ અને ભારતીય સચિવના વિશ્વાસથી શિખોએ પણ આ યોજનાનો સ્વીકાર કરી લીધો. જ્યારે હિન્દુ મહાસભા અને સામ્યવાદી પક્ષે આ યોજનાની આલોચના કરી.*

- **બંધારણ સભાની ચૂંટણી :**

*જુલાઈ,* 1946 *માં કેબિનેટ મિશન યોજના અનુસાર ચૂંટણીઓ થઈ. આ ચૂંટણી માટે નીચેની બાબતોને ધ્યાને રાખવામા આવી હતી જેમાં,*

1. 10 *લાખની વસ્તીએ એક પ્રતિનિધી હોવો જોઈએ.*
2. *આ ચૂંટણી વિધાનસભા દ્વારા સમાન પ્રતિનિધિત્વ પ્રણાલીને આધારે થઈ.*
3. *આ ચૂંટણીમાં પુખ્તવય મતાધિકારના સિદ્ધાંતને માન્યતા આપવામાં આવી નહોતી.*

*બ્રિટિશ પ્રાંતોની* 210 *સાધારણ સીટોમાંથી કોંગ્રેસને* 199 *સીટો મળી. બાકી* 11 *સીટો માંથી પંજાબની યુનિયન પાર્ટીને* 02, *સ્વતંત્ર ઉમેદવારોને* 06, *કમ્યુનિસ્ટ પાર્ટીને* 01 *અને અનુસૂચિત જાતિ સંઘને* 02 *સીટો મળી.* 78 *મુસ્લિમ સીટોમાંથી* 73 *મુસ્લિમ લીગે જીતી, બાકી રહેલી પાંચ સીટોમાંથી* 03 *કોંગ્રેસને, પંજાબની યુનિયન પાર્ટીને* 01, *અને બંગાળની ખેડૂત પાર્ટીએ* 01 *સીટ જીતી.*

*આ રીતે બંધારણ સભાના* 296 *સભ્યોમાંથી કોંગ્રેસના* 212 *સભ્યો હતા, મુસ્લિમ લીગ સાથે* 73 *અને બાકી* 11 *માંથી* 06 *સભ્યો કોંગ્રેસના સમર્થક હતા.*

- **મુસ્લિમ લીગ દ્વારા કેબિનેટ મિશન યોજનાનો અસ્વીકાર :**

*બંધારણ સભાના* 296 *સભ્યોમાંથી કોંગ્રેસના* 212 *સભ્યો હતા, મુસ્લિમ લીગ ના* 73 *સભ્યો હતા. આમ બેઠકોની દ્રષ્ટિએ બંધારણ સભામાં કોંગ્રેસની મજબૂત સ્થિતિને જોતા મુસ્લિમ લીગે કેબિનેટ મિશન યોજનાનો અસ્વીકાર કર્યો.* 9 *ડિસેમ્બર* 1946*ના રોજ બંધારણ સભાના પ્રથમ અધિવેશનમાં મુસ્લિમ લીગના પ્રતિનિધિઓએ ભાગ ન લીધો. અહીથી મુસ્લિમ લીગે પાકિસ્તાન માટે અલગ બંધારણ સભાની માંગણી કરી.*

- **બંધારણ સભાની પ્રથમ બેઠક :**

*બંધારણ સભાની પહેલી બેઠક મુસ્લિમ લીગની અનુપસ્થિતિમાં* 9 *ડિસેમ્બર* 1946 *ના રોજ શરૂ થઈ. તે સમયે બંધારણ સભા સાર્વભૌમ નહોતી કારણકે સાર્વભૌમ સત્તા બ્રિટિશ સંસદ પાસે હતી. બંધારણ સભા સંપૂર્ણ રીતે પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા પણ નહોતી, કારણ કે તેની ચૂંટણી પુખ્તવય મતાધિકારને આધારે કરવામાં આવી નહોતી પરંતુ તેની રચના અપ્રત્યક્ષ (પરોક્ષ) ચૂંટણીથી કરવામાં આવી હતી. ઈ.સ.* 1935 *ના કાયદા અનુસાર ફક્ત* 14% *લોકોને જ મતાધિકાર આપવામાં આવ્યો હતો.* 9 *ડીસેમ્બર* 1946*ના રોજ સચ્ચિદાનંદ સિંહાને બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવ્યા અને આ બંધારણ સભાએ* 11 *ડિસેમ્બર* 1947*ના રોજ ડોક્ટર રાજેન્દ્ર પ્રસાદને કાયમી અધ્યક્ષ તરીકે ચુંટ્યા.*

- **પંડિત જવાલાલ નેહરૂનો ઉદ્દેશ્ય પ્રસ્તાવ :**

*બંધારણ સભાના પ્રથમ અધિવેશનમાં* 13 *ડિસેમ્બર* 1946*ના દિવસે પંડિત નેહરુએ પોતાનો ઉદ્દેશ્ય પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો, તેમણે આ પ્રસ્તાવમાં કહ્યું કે,*

1. *'બંધારણ સભા પોતાના પાકકા અને સત્યનિષ્ઠ ઈરાદાઓથી ભારતને એક સ્વતંત્ર અને સાર્વભૌમ સંપન્ન ગણતંત્ર ઘોષિત કરવાની અને ભારતના ભાવિ વહીવટ માટે એક બંધારણ તૈયાર કરવાની ઈચ્છા ધરાવે છે.'*
2. *'જેમાં, તે ક્ષેત્રો જે બ્રિટીશ ભારતમાં છે, તે ક્ષેત્રો કે જે દેશી રજવાડાઓમાં છે અને એવા ક્ષેત્રો કે જે ભારતની બહાર છે અને પોતાની સ્વતંત્ર ઈચ્છાથી ભારતીય સંઘમાં સામેલ થવાની ઈચ્છા ધરાવે છે, તે બધાનો એક સ્વતંત્ર અને સાર્વભૌમ સંપન્ન સંઘ હશે જેને ભારત કહેવામાં આવશે.'*

3. *'જેમાંથી કેટલાંક ક્ષેત્રો પોતાની વર્તમાન સરહદોને જાળવી રાખીને કે બંધારણ સભા નક્કી કરે ત્યારબાદ બંધારણના કાયદા અનુસાર સ્વાયત્ત એકમનો દરજ્જો જાળવી રાખશે.'*
4. *'નવું નિર્માણ થનાર ભારત સાર્વભૌમ સત્તાધારી હશે, તેના બંધારણીય ભાગો અને એકમોની સરકારોની શક્તિઓ જનતા પાસેથી મેળવવામાં આવશે.'*
5. *'આ સંઘમાં ભારતના બધા લોકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય પ્રાપ્ત થશે અને તેમાં કાનૂન દ્વારા બધાને સમાનતા પ્રાપ્ત થશે, જેમાં બધાનો દરજ્જો સમાન હશે અને બધાને તક-અવસરની સમાનતા મળશે. જેમાં વિચારો, અભિવ્યક્તિ, વિશ્વાસ, ધર્મ, વ્યવસાય અને કાર્યોની જાહેર નૈતિકતા અને કાનૂન અંતર્ગત સ્વતંત્રતા મળશે.'*
6. *'આ ભારત નામના સંઘમાં અલ્પસંખ્યક-લઘુમતિ વર્ગો, પછાત જાતિઓના ક્ષેત્રો તથા જનજાતિઓના ક્ષેત્રો માટે અનામત રાખવામાં આવશે.'*
7. *'આ સંઘમાં ગણરાજ્યની અખંડતાને સુરક્ષિત રાખવામાં આવશે અને તેની ભૂમિ, સમુદ્ર તથા વાયુ સરહદોમાં બીજા રાજ્યના કાયદાઓ-ન્યાય મુજબ સાર્વભૌમ સત્તાનો અધિકાર સુરક્ષિત રાખવામાં આવશે.'*
8. *'આ પ્રાચીન દેશ પોતાના પૂર્ણ અધિકારો તથા જગતમાં સન્માનજનક સ્થાન પ્રાપ્ત કરે અને સંપૂર્ણ માનવ જાતિ તથા વિશ્વ શાંતિ માટે પોતાનો ઐચ્છિક તથા સંપૂર્ણ સહયોગ આપે.'*

*આ ઉદેશ્ય પ્રસ્તાવ સંબંધે નહેરુએ કહ્યું હતું કે 'આ પ્રસ્તાવમાં આપણી એ આકાંક્ષા વ્યક્ત કરવામાં આવી છે કે જેના માટે આપણે આટલી મહેનત-સંઘર્ષ કર્યો છે. બંધારણ સભા આ ઉદ્દેશ્યોને આધારે જ આપણા બંધારણનું નિર્માણ કરશે.' આ બાબતે શ્રી કે.એમ.મુન્શીએ કહ્યું હતું કે, 'નેહરુનો ઉદ્દેશ્ય સંબંધી આ પ્રસ્તાવ જ આપણા સ્વતંત્ર ગણરાજ્યની જન્મકુંડળી છે.' બંધારણ સભાએ આ ઉદેશ્ય પ્રસ્તાવનો 22 જાન્યુઆરી* 1947 *ના રોજ સ્વીકાર કરી લીધો.*

### ➢ બંધારણ સભા દ્વારા સમિતિઓનું ગઠન :

*ભારત એક વિશાળ અને વિવિધતાઓ વાળો દેશ છે, તેના બંધારણ ઘડતરનું કાર્ય ખુબ જ મહેનત માંગી લે તેવું અને અતિકઠિન હતું. બંધારણના નિર્માણ માટે બંધારણ સભાએ અનેક સમિતિઓનું ગઠન કર્યું. આ સમિતિઓને ઘણાં વિભાગોમાં વહેંચી શકાય જેમાં,*

- *એ સમિતિઓ કે જે બંધારણ નિર્માણની પ્રક્રિયાના પ્રશ્નોને હલ કરવા માટે રચવામાં આવી. જેમકે, પ્રક્રિયા સમિતિ, સંવાદ સમિતિ, સંચાલન સમિતિ અને કાર્ય સમિતિ વગેરે.*
- *એ સમિતિઓ કે જેઓ બંધારણનું ઘડતર કરનાર હતી, તેમાં કેન્દ્રિય બંધારણ સમિતિ, પ્રાંતીય બંધારણ સમિતિ, સંઘ સત્તા સમિતિ, મૂળભૂત અધિકારો અને લઘુમતીઓ વગેરે સંબંધિત સમિતિ.*
- *ખરડા સમિતિ કે જેણે બંધારણને અંતિમ સ્વરૂપ આપવાનું હતું.*

➢ **બંધારણ સભા સમક્ષના પડકારો :**

*ભારતીય બંધારણ સભાએ બંધારણ ઘડવામાં અનેક પ્રકારની તકલીફોનો-પડકારોનો સામનો કરવો પડ્યો, જેનું વર્ણન નીચે પ્રમાણે કરી શકાય,*

**1. ભારત વર્ષની વિશાળતા અને વિવિધતા :**

*બંધારણ સભા સમક્ષ સૌપ્રથમ પડકાર એ હતો કે ભારત જેવા વિશાળ દેશ માટે બંધારણ તૈયાર કરવાનું હતું, જેમાં અનેક ધર્મ, સંપ્રદાયો, ભાષાઓ, જાતિઓ તથા અલગ અલગ પ્રદેશોની અસમાનતાઓ મોજુદ હતી. બંધારણ સભાનું કાર્ય બધાને સાથે રાખીને, સંતુષ્ઠ કરીને અને બ્રિટિશ સરકાર દ્વારા પ્રોત્સાહિત અલગતાવાદી ભાવનાઓને દેશની એકતાને અનુરૂપ બનાવવાની હતી.*

**2. સાંપ્રદાયિકતા :**

*સાંપ્રદાયિકતા-ધાર્મિકતા અને પાકિસ્તાનના સર્જને વહીવટી તથા રક્ષણ સંબંધી સમસ્યાઓ ખૂબ મોટા પ્રમાણમાં સર્જી હતી.*

**3. દેશી રજવાડાઓ :**

*કેબિનેટ મિશન અને માઉન્ટ બેટન યોજના અનુસાર દેશી રજવાડાઓ* (Native state) *ને પુર્ણ સ્વતંત્રતા આપી દેવામાં આવી હતી. દેશી રજવાડાઓ સ્વતંત્ર રહી શકતા હતા, ભારત કે પાકિસ્તાન સાથે જોડાણ કરી શકતા હતા અથવા તેઓ પોતાનું એક અલગ ગણરાજ્ય બનાવી શકતા હતા. આ સમસ્યા બંધારણ ઘડનારાઓ માટે સૌથી મોટી મુશ્કેલી હતી, જેને સરદાર વલ્લભભાઈ પટેલે હલ કરી.*

**4. લઘુમતિઓ :**

*બ્રિટિશ સરકાર દ્વારા કોમી નિર્ણય* (Communal Award or Macdonald Award, 16Th August,1932) *મુસલમાનો, શીખો, ભારતીય ઈસાઈઓ, આંગ્લ-ભારતીયો અને સ્ત્રીઓ માટે અલગ ચૂંટણી પદ્ધતિની વ્યવસ્થા કરવામાં આવી હતી તથા હરિજનોને એક લઘુમતિ માની લેવામાં આવ્યા હતા, આ તમામ ધાર્મિક-સામાજિક જૂથોને પણ બંધારણ સભાએ સંતુષ્ઠ કરવાના હતા.*

• **બંધારણ સભાના તબક્કાઓ :**

➢ **બંધારણ સભા કાર્યાલય દ્વારા પ્રથમ ખરડો :**

*બંધારણ સભા કાર્યાલય દ્વારા પહેલો ખરડો બંધારણીય સલાહકાર બી. એન. રાવના માર્ગદર્શનમાં તૈયાર કરવામાં આવ્યો. ખરડો તૈયાર કરતા પહેલા આ કાર્યાલય દ્વારા* 60 *જેટલા દેશોના બંધારણથી સંબંધિત મહત્વપૂર્ણ તથ્યો પ્રકાશિત કરીને બધા સભ્યોમાં વહેંચવામાં આવ્યા. પ્રથમ ખરડો તૈયાર થયા બાદ બંધારણ સભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા બંધારણીય સલાહકાર શ્રી બી. એન. રાવને વિશ્વના પ્રમુખ બંધારણ વિશેષજ્ઞો સાથે વિચાર-વિમર્શ કરવા માટે અમેરિકા, કેનેડા, આયર્લેન્ડ વગેરે દેશોની યાત્રા*

*પર મોકલવામાં આવ્યા. તેમણે ઈ.સ.1947 માં વર્ષના છેલ્લા ત્રણ મહિનામાં યાત્રા કરીને પોતાનો રિપોર્ટ બંધારણ સભા સમક્ષ મુક્યો.*

### ➢ ખરડા સમિતિ દ્વારા બીજો ખરડો :

*બંધારણ સભા કાર્યાલય દ્વારા જે ખરડો તૈયાર કરીને બંધારણ સભાના સભ્યોને આપવામાં આવ્યો હતો તેના ઉપર અનેક ટિપ્પણીઓ, આલોચનાઓ અને ભલામણો આવી. બંધારણ સભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રપ્રસાદ દ્વારા ખરડા સમિતિને એ કાર્ય સોંપવામાં આવ્યું હતુ કે સભ્યો દ્વારા આવેલી ભલામણ ઉપર વિચાર વિમર્શ કરીને બંધારણનો નવો ખરડો તૈયાર કરીને તેને બંધારણ સભા સમક્ષ પ્રસ્તુત કરે. ખરડા સમિતિ દ્વારા ફેરફારો સંબંધે સ્પષ્ટીકરણ કરીને અને સંશોધિત ખરડાનું નવું સ્વરૂપ 26 ઓક્ટોબર 1948 ના રોજ બંધારણ સભાને સોંપી દેવામાં આવ્યું, જેના પર 14 નવેમ્બર 1948 થી બંધારણ સભામાં વિચાર વિમર્શનો પ્રારંભ થયો.*

### ➢ બંધારણીય ખરડાનું બીજું વાંચન :

*બંધારણ સભામાં 15 નવેમ્બર 1948 થી 17 ઓક્ટોબર 1949 સુધી બીજું વાંચન થયું જેમાં બધા વર્ગો, હિતો અને સભ્યોને પોતપોતાના વિચારો વ્યક્ત કરવાનો મોકો મળ્યો. આ વાંચનમાં સંખ્યાની દ્રષ્ટિએ જોઈએતો લગભગ 7635 સંશોધનો પ્રસ્તુત કરવામાં આવ્યા જેમાંથી 2473 ઉપર ગંભીરતાથી વિચાર વિમર્શ કરવામાં આવ્યો. વિવિધ કલમો પર વિચાર કરવામાં આવ્યા અને આમુખ ઉપર પણ વિચાર કરીને તેનો સ્વીકાર કરી લેવામાં આવ્યો.*

### ➢ બંધારણીય ખરડાનું ત્રીજુ વાંચન :

*બંધારણ સભાના અગિયારમાં અધિવેશનમાં ખરડાનું ત્રીજું વાંચન કરવામાં આવ્યું, બંધારણ સભાના દસમા અધિવેશનની સમાપ્તિ પહેલા પ્રસ્તાવિત બંધારણ ખરડા સમિતિને પુનઃ સોંપતી વેળાએ એવો આગ્રહ કરવામાં આવ્યો હતો કે તે સંશોધનો, વિરામ ચિહ્નો અને વ્યાકરણીય વગેરે દ્રષ્ટિએ તે ફેરફાર કરીને બંધારણનો નવો સુધારેલો ખરડો બંધારણ સભામાં રજુ કરે.*

*ખરડા સમિતિએ 17 ઓક્ટોબર 1949 થી 3 નવેમ્બર 1949 સુધી વિચાર વિમર્શ કરીને, બંધારણીય ખરડાના કાચા સ્વરૂપને અધ્યક્ષને સોંપી દીધો. બંધારણ સભાએ 14 નવેમ્બરથી 17 નવેમ્બર 1949 સુધી બંધારણીય ખરડાનું ત્રીજું વાંચન કર્યું. ત્યારબાદ ડૉ. આંબેડકરે બંધારણ સભા દ્વારા નિર્મિત બંધારણને પસાર કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. આ પ્રસ્તાવ 26 નવેમ્બર 1949 ના રોજ પસાર થયો.*

- **ભારતીય બંધારણની કેટલીક હકીકતો :**
  - **બંધારણ સભાના કુલ મળીને 12 અધિવેશનો થયા,**

| | | | |
|---|---|---|---|
| 1. | 9 *થી* 23 *ડિસેમ્બર* 1946 | 2. | 20 *થી* 25 *જાન્યુઆરી* 1947 |
| 3. | 28 *એપ્રિલથી*, 2 *મે* 1947 | 4. | 14 *થી* 31 *જુલાઈ* 1947 |
| 5. | 14 *થી* 30 *ઓગસ્ટ* 1947 | 6. | 27 *જાન્યુઆરી* 1948 |
| 7. | 4 *નવેમ્બર* 1948 *થી* 8 *જાન્યુઆરી* 1949 | 8. | 16 *મે થી* 16 *જૂન* 1949 |
| 9. | 30 *જુલાઈ થી* 18 *સપ્ટેમ્બર* 1949 | 10. | 16 *થી* 17 *ઓક્ટોબર* 1949 |
| 11 | 4 *થી* 26 *નવેમ્બર* 1949 | 12. | 24 *જાન્યુઆરી* 1950 |

24 *જાન્યુઆરી* 1950 *ના રોજ બંધારણ સભાના બારમા અધિવેશનમાં* 308 *સભ્યો દ્વારા બંધારણ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા અને તે જ સમયે ડૉ. રાજેન્દ્રપ્રસાદને ભારતીય ગણતંત્રના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા.*

- *આ બંધારણ તા.* 26 *જાન્યુઆરી* 1950 *ના રોજ લાગુ થયુ કારણકે* 20 *વર્ષ પહેલા આ દિવસે જ લાહોર અધિવેશનમાં કોંગ્રેસ દ્વારા પૂર્ણ સ્વરાજ્યની માંગણીની ઘોષણા કરી હતી.*
- *બંધારણ સભાને બંધારણ ઘડવાની આખી પ્રક્રિયામાં* 2 *વર્ષ* 11 *મહિના અને* 18 *દિવસનો સમય લાગ્યો.*
- *આ નવા રચાયેલા ભારતીય બંધારણમાં* 395 *અનુચ્છેદ,* 8 *અનુસૂચિઓ સામેલ છે, જે* 22 *ભાગોમાં વહેંચાયેલું છે.*

- **બંધારણ સભાની આલોચના-ટીકા :**

*ઘણા આલોચકોએ બંધારણ સભાના સંગઠન તથા કાર્યરીતિની ટીકા કરી છે, તે આલોચનાને નીચે પ્રમાણે સમજી શકાય,*

1. **તે સાચું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા નથી :** *આલોચકોનું માનવું છે કે બંધારણ સભા સાચા અર્થમાં પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા નથી કારણકે તેના સભ્યોની ચૂંટણી પુખ્તવય મતાધિકારને આધારે થઈ નહોતી. તો વળી બંધારણ સભામાં એક માત્ર રાજકીય પક્ષ કોંગ્રેસનું જ આધિપત્ય હતું, પરંતુ આ ટીકામાં એટલું વજૂદ નથી કારણકે જો બંધારણ સભાની કાર્યવાહીનું વિશ્લેષણ કરીએ તો સ્પષ્ટ થઈ જાય છે કે બંધારણ સભાને બધા જ વર્ગો, જાતિઓ, હિતો અને રાજકીય પક્ષો તથા સંપ્રદાયોનું સંયુક્ત પ્રતિનિધિત્વ મળેલું હતું. અલગ-અલગ સંપ્રદાયના સભ્યો, જમીનદારો, વકીલો, વિદ્વાનો, વેપારીઓ તથા પ્રાધ્યાપકોને બંધારણ સભામાં પ્રતિનિધિત્વ મળેલું હતું.*

2. **વકીલોની મુખ્ય ભૂમિકા** : *આલોચકોનું એવું પણ કહેવું છે કે બંધારણ ઘડવામાં વકીલોની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે, જ્યારે બીજા લોકો બંધારણ સભામાં હોવા છતાં પણ ભાગ લઈ શક્યા નથી.*

3. **કોંગ્રેસની તાનાશાહી** : *એમ પણ કહેવામાં આવે છે કે બંધારણ સભામાં કોંગ્રેસના મુખ્ય નેતાઓની જ બોલબાલા હતી, આ નેતાઓ બંધારણની મુખ્ય જોગવાઈઓ ઉપર પહેલાથી જ નિર્ણય કરી લેતા હતા અને ત્યારબાદ એમના દ્વારા લેવાયેલા નિર્ણયોની પુષ્ટિ બંધારણ સભા દ્વારા કરાવતા. પંડિત જવાલાલ નેહરૂ તથા ડો. આંબેડકરનું સ્થાન બંધારણ સભામાં ખૂબ જ મહત્વપૂર્ણ હતું. આ કારણને લીધે જ ડૉ. આંબેડકરને ' બંધારણના ઘડવૈયા'* (Father of the Constitution) *કહેવામાં આવે છે. ગ્રેનવિલ ઓસ્ટિન મુજબ, 'એક પક્ષીય પદ્ધતિ ધરાવતા દેશમાં બંધારણ સભા ચોક્કસ રીતે એક પક્ષીય સંસ્થા બની જાય છે.' અહી યાદ રાખવું જોઈએ કે આલોચકોની આ દલીલ તથ્ય વગરની છે કારણકે બંધારણ સભાના સભ્યો દેશના લોકપ્રિય નેતાઓ હતા. ડૉ. કે.વી. રાવે આ સંબંધે લખ્યું છે કે ' બંધારણમાં એક પણ કલમ એવી નથી કે જે બીજા રાજકીય પક્ષના ભોગે કોંગ્રેસ પક્ષનું સમર્થન કરતી હોય.' કોંગ્રેસ પક્ષ સામાન્ય સમજ મુજબના પક્ષ તરીકે કે અન્ય સરખે સરખા પક્ષોના ભોગે વર્ચસ્વ ધરાવતો પક્ષ ન હતો, પરંતુ સ્વતંત્રતા સંગ્રામની માંગ મુજબ તમામને સાથે લઈને ચાલનાર સર્વસ્વીકૃત પક્ષ તરીકે ઉભર્યો હોવાથી તાનાશાહી જેવી ટીકા થાય છે.*

4. **બંધારણ સભા લોકપ્રિય સમર્થન વિનાની હતી** : *આલોચકોનું એવું પણ કહેવું છે કે બંધારણ સભાને લોકપ્રિય પીઠબળ પ્રાપ્ત ન હતું અને તેથી તે લોકપ્રિય સંસ્થા નથી કારણકે તેના સભ્યોની ચૂંટણી પ્રત્યક્ષ રીતે થઈ નહોતી, તેથી બંધારણ સભાને લોકોનું સમર્થન નહોતું. આ તર્ક પણ સંપૂર્ણ તથ્યહિન છે કારણકે બંધારણ સભાને બધાજ રાજકીય પક્ષો, હિતો તથા વર્ગોનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત હતું.*

*ગ્રેનવીલ ઓસ્ટિન લખે છે તેમ, 'પ્રથમ વિશ્વયુદ્ધના અંતથી ભારતમાં બે ક્રાંતિઓ – રાષ્ટ્રીય ક્રાંતિ અને સામાજિક ક્રાંતિ ચાલી રહી હતી. જેમાંથી રાષ્ટ્રીય ક્રાંતિનો ધ્યેય પરિપૂર્ણ થયો છે. પરંતુ સામાજિક ક્રાંતિ અવિરત ચાલુ રહી.' તેના ઉપરથી કહી શકાયકે ઘણી બધી ટીકાઓ છતાં સામાજિક ક્રાંતિ આણવામાં બંધારણ મહત્વની ભૂમિકા નિભાવી રહ્યુ છે, એ પણ નકારી ન શકાય તેવી હકીકત છે.*

*ઉપરની હકિકતોને જોતાં કહી શકાય કે ભારતનું બંધારણ એક મહત્વના દસ્તાવેજ તરીકે ઉપલબ્ધ થયો છે જે બંધારણ સભાની મહેનતનો નિચોડ છે. જેટલી તકલીફો અને પડકારો બંધારણ સભા સમક્ષ હતી, તે જોતા બંધારણ સભા*

*દ્વારા કરવામાં આવેલા બંધારણનું નિર્માણ ખુબ જ પ્રસંશનીય છે. તો વળી ભાગલાની તત્કાલીન સંગીન પરિસ્થિતિને જોતા ભારત માટે આનાથી વધુ સુંદર બીજું કયું બંધારણ હોઈ શકે? સમાજના બધા વર્ગો, સંપ્રદાયો, પક્ષો, લઘુમતીઓ, અનુસૂચિત જાતિ અને જનજાતિઓ, પછાત વર્ગો અને મહિલાઓની ઉન્નતિ માટે ભારતીય બંધારણમાં સુંદર જોગવાઈઓ કરવામાં આવેલી છે. એ સમયે ઘડવામાં આવેલું આજે પણ કેટલાક સુધારા - વધારા સાથે જરૂરિયાતોને સંતોષી રહ્યું છે. આનાથી વિશેષ ભારતની આવનારી પેઢી માટે બંધારણ સભા દ્વારા બીજી શું અપેક્ષા હોઈ શકે ?*

## 2.4 બંધારણનો સુધારાઓ થકી વિકાસ

*ભારતીય બંધારણ ખૂબજ ગતિશીલ રહ્યું છે, આ બાબત ભારતીય બંધારણમાં થયેલા સુધારાઓની સંખ્યાને આધારે ચોક્કસપણે કહી શકાય. તેમાં અત્યાર સુધીમાં 104 જેટલા સુધારાઓ કરવામાં આવ્યા છે, જેના પરિણામ સ્વરૂપ કલમોની સંખ્યા તો પહેલાની જેમ 395 જ રહી પરંતુ પરિશિષ્ટની સંખ્યા 8 વધીને 12 થઈ ગઈ.*

*આ સુધારાઓમાં ફક્ત $^1/_3$ સુધારાઓ એવા હતા કે જે બંધારણના મૂળભૂત સિદ્ધાંતો, લક્ષ્યો, વૈચારિક આધારોને પ્રભાવિત કર્યા. જેમાં મૂળભૂત હક્કો, રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ, પક્ષ પલટો, રજવાડાના સાલીયાણા બંધ કરવા, રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા સંબંધી જોગવાઈઓ, મતદારોની ઉંમર વગેરે મુખ્ય હતા.*

*તો ઘણા બધા સુધારાઓ ભારતીય સંઘને સુદ્રઢ અને મજબૂત બનાવવા માટે તેમાં નવા રાજ્યોની ઉત્પત્તિ અને વર્તમાન રાજ્યોના પુનર્ગઠન માટે હતા, એટલે કે આ સુધારાઓ ભારતીય પ્રાદેશિક નકશાને અસર કરનારા હતા.*

*તો કેટલાક સુધારાઓ અનુસૂચિતજાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત કે તેમના કલ્યાણ સંબંધી હતા.*

*કેટલાક સુધારાઓ કેન્દ્ર અને રાજ્યના અધિકારો સંબંધી 7 મા પરિશિષ્ટમાં સુધારા માટે કરવામાં આવ્યા હતા. જ્યારે 2 સુધારાઓનો વિષય 8 મા પરિશિષ્ટમાં નવી ભાષાઓ સિંધી, મણિપુરી, નેપાળી અને કોંકણીને જોડવાનો હતો.*

*કેટલાક સુધારાઓ એવા પણ હતા કે જે વ્યવહારિક જ્ઞાન, અનુભવકે આવશ્યકતાની ઉપજ હતા, જેમકે રાષ્ટ્રપતિની ચૂંટણી સંબંધી 11 મો અને 70 મો*

*બંધારણીય સુધારો, ચૂંટણીઓમાં વાદ-વિવાદના સમાધાન માટે* 19 *મો અને* 39 *મો સુધારો અરુણાચલ પ્રદેશ, આંધ્રપ્રદેશ, ત્રિપુરા અને દિલ્હી સંબંધી* 32, 37, 49 *અને* 69 *મો સુધારો.*

*ન્યાયપાલિકા સંબંધી* 15, 30 *અને* 54 *મો સુધારો, લોકસભા સંબંધી* 21, 31, 33 *અને* 72 *મો સુધારો.*

41 *માં સુધારા દ્વારા રાજ્યોના લોક સેવા આયોગના સભ્યોની નિવૃતિની ઉંમર* 60 *વર્ષથી વધારીને* 62 *વર્ષ કરી દેવામાં આવી અને* 54 *મા સુધારા દ્વારા રાજ્યની વડી અદાલતો, સર્વોચ્ચ અદાલતના ન્યાયધીશોના પગાર તથા સેવા શરતોમાં સુધારાઓ કરવામાં આવ્યા.*

## 2.5 સારાંશ

*ટૂંકમાં કહી શકાય કે આ સુધારાઓ દ્વારા બંધારણને એક નવી શક્તિ અને પ્રસ્તુતતા મળી છે અને રાજકીય વ્યવસ્થા વધુ સુગ્રંથિત થઈ છે, વહીવટમાં આવનાર સમસ્યાઓને દૂર કરી શકાઈ છે. અમુક ટીકાકારો માને છેકે બંધારણમાં વારંવાર સુધારાઓ કરીને બંધારણ સાથે છૂટછાટ લેવામાં આવી રહી છે, પરંતુ આ સુધારાઓનું વિશ્લેષણ કરતા સમજાય છે કે આ સુધારાઓ જે તે સમયની માંગ હતી અને આ સુધારાઓમાં જ ભારતીય બંધારણની સફળતાનું રહસ્ય છુપાયેલું છે. એમ કહી શકાય કે કેટલાક સુધારાઓમાં સંકુચિત રાજકીય સ્વાર્થ ચોક્કસ પણે જોવા મળે છે પરંતુ સામાન્ય રીતે અને મહદઅંશે સુધારાઓનો ઉપયોગ રાષ્ટ્ર અને સમાજના હિત માટે થયો છે.*

*અહી એક વાત ચોક્કસ અને સ્પષ્ટ રીતે અંકિત થવી જોઈએ કે બંધારણ લક્ષ્યની પ્રાપ્તિનું માત્ર સાધન છે, ઉપકરણ છે. તે પોતે કોઈ લક્ષ્ય કે સાધ્ય નથી. જોકે ભવિષ્યમાં બંધારણના અસ્તિત્વ સામે પડકારો ઊભા થાય તો તેવા સમયે બંધારણનું રક્ષણ કરવાનું લોક અભિયાન સાધ્ય કે લક્ષ્ય બની શકે છે. જે દેશો તથા પ્રજા પોતાના સાધનરૂપ બંધારણનું રક્ષણ, સંવર્ધન કરવામાં નિષ્ફળ રહ્યા છે. તેમનું રક્ષણ, સલામતી તથા સુખાકારી જોખમાતા જણાયા છે.*

## 2.6 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

1. *બંધારણ સભાના ઉદ્‌ભવની ચર્ચા કરો.*

.....................................................................

.....................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

2. *બંધારણ સભાના કાર્યોની સમીક્ષા કરો.*

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. *બંધારણ સભામાં બંધારણ ઘડતરની પ્રક્રિયા સમજાવો.*

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. *ભારતીય બંધારણનો વિકાસ આલેખો.*

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

5. *‘ભારતીય બંધારણનુ આમુખ પંડિત જવાહરલાલ નેહરૂના ઉદ્દેશ્ય પ્રસ્તાવથી પ્રેરિત છે’- આ વિધાનને ટીકાત્મક રીતે સમજાવો.*

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

6. *બંધારણ સભાની આલોચનાના મુખ્ય મુદ્દાઓની ચર્ચા કરો.*

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(બ) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

1. *બંધારણ સભાના પ્રથમ અધ્યક્ષ કોણ હતા?*

*(અ) ડૉ. રાજેન્દ્રપ્રસાદ* *(બ) સચ્ચિદાનંદ સિંહા*

*(ક) જવાહરલાલ નેહરુ* *(ડ) ડૉ. રૂાંબેડકર*

2. *બંધારણ સભાના કુલ કેટલા અધિવેશનો થયા?*

*(અ)* 07 *(બ)* 09 *(ક)* 12 *(ડ)* 15

3. *કોણે બંધારણ સભાનો બહિષ્કાર કર્યો હતો?*

*(અ) કોંગ્રેસે* *(અ) સમાજવાદીપક્ષોએ* *(ક) મુસ્લિમ લીગે* *(ડ) એક પણ નહિ*

4. *બંધારણ સભાની ખરડા સમિતિના અધ્યક્ષ કોણ હતા?*

*(અ) ડૉ. આંબેડકર* *(બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ*

*(ક) સી. રાજગોપાલાચારી* *(ડ) ગાંધીજી*

5. *ભારતીય બંધારણ કઈ તારીખે લાગુ કરવામાં આવ્યું?*

*(અ)* 15 *ઓગસ્ટ,* 1947 *(બ)* 26 *જાન્યુઆરી,* 1950

*(ક)* 26 *નવેમ્બર,* 1949 *(ક)* 02 *ઓક્ટોબર,* 1950

## 2.7 સંદર્ભ સૂચિ

(1) *શુક્લ ગજેન્દ્ર બી. ભારતીય બંધારણ. ગૂર્જર પ્રકાશન, અમદાવાદ,* 2010.

(2) *શુક્લ ગજેન્દ્ર બી. ભારતીય રાજકારણ., પોપ્યુલર પ્રકાશન, સુરત,* 2011.

(3) *કશ્યપ, સુભાષ સી. હમારા સંવિધાન. (હિન્દી) નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્લી,* 1996.

(4) *બાસુ, દુર્ગાદાસ. ભારત કા સંવિધાન. (હિન્દી) વાધવા એન્ડ કંપની, દિલ્લી,* 2001.

(5) *રાય, ગાંધીજી. રાષ્ટ્રીય આંદોલન ઔર ભારતીય સંવિધાન. (હિન્દી) ભારતી ભવન , પટના,* 1978.

(6) Palekar, S.A. Indian Constitution. Serials Publications, New Delhi, 2004.

(7) Kothari,Rajani., Politics in India, Little Brown, Boston, 1970.
(8) Chapalgaonkar N, Tr. By Subhashchandra. Mahatma Gandhi and the Indian, Constitution, A Routledge India, New Delhi, 2015.
(9) Nehru,Jawaharlal. The Unity of India Collected Writings, Nabu Press, South, Carolina, 2013.
(10) Austine, Granville.The Indian Constitution : Cornerstone of a Nation, Oxford,India, 1999.
(11) Others. Encyclopedia of Social Sciences. The University of Michigan, Michigan, 1930.

# એકમ : 3

# ભારતીય બંધારણ

## રૂપરેખા

3.0 ઉદ્દેશો
3.1 પ્રસ્તાવના
3.2 ભારતીય બંધારણનાં લક્ષણો
- 3.2.1 બંધારણસભા દ્વારા બંધારણનું ઘડતર
- 3.2.2 લિખિત અને વિસ્તૃત બંધારણ
- 3.2.3 સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક રાજ્ય
- 3.2.4 સંસદીયપ્રથાનો સ્વીકાર
- 3.2.5 વિશિષ્ટ પ્રકારના સમવાયતંત્રનો સ્વીકાર
- 3.2.6 બે ગૃહોવાળી સંસદનો સ્વીકાર
- 3.2.7 સળંગ, એકીકૃત ન્યાયતંત્ર
- 3.2.8 સુપરિવર્તનશીલ અને દુષ્પરિવર્તનશીલ બંધારણનો સમન્વય
- 3.2.9 કાયદાનું શાસન
- 3.2.10 આમુખ
- 3.2.11 મૂળભૂત અધિકારોને બંધારણમાં સ્થાન
- 3.2.12 રાજ્યનીતિનાં માર્ગદર્શક સિધ્ધાંતોનો સ્વીકાર
- 3.2.13 બિન સાંપ્રદાયિક, ધર્મ નિરપેક્ષ રાજ્ય
- 3.2.14પછાત વર્ગો અને જાતિઓ માટે ખાસ જોગવાઈઓ
- 3.2.15 હિન્દીને રાષ્ટ્રભાષાનો દરજ્જો

3.3 ભારતીય બંધારણનું આમુખ
- 3.3.1 સાર્વભૌમ
- 3.3.2 પ્રજાસત્તાક રાજ્ય/લોકશાહી સાર્વભૌમ પ્રજાસત્તાક રાજ્ય
- 3.3.3 પ્રજાને સામાજિક, આર્થિક,રાજકીય ન્યાય મળે
- 3.3.4 વિચાર અને અભિવ્યક્તિ, માન્યતા અને શ્રધ્ધાની સ્વતંત્રતા
- 3.3.5 સમાન તક અને દરજ્જો
- 3.3.6 વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા
- 3.3.7 ભ્રાતૃભાવના

**3.4 સારાંશ**
**3.5 ચાવીરૂપ શબ્દો**
**3.6 સ્વાધ્યાય**
**3.7સંદર્ભ સૂચિ**

## 3.0 ઉદ્દેશો

*આ એકમનાં અભ્યાસથી તમે નીચેની બાબતોથી માહિતગાર થશો.*

- *ભારતીય બંધારણની લાક્ષણિકતાઓનો પરિચય મેળવશો.*
- *ભારતીય બંધારણના હાર્દરૂપ સમાન આમુખનો ખ્યાલ પ્રાપ્ત કરશો.*
- *આ બંનેના અભ્યાસ દ્વારા ભારતીય બંધારણના પાયાના મૂલ્યો, ખ્યાલો અને પ્રથાઓનાં સ્વીકારની સમજૂતી પ્રાપ્ત કરશો.*
- *આ એકમના અભ્યાસથી ભારતીય બંધારણની વિશિષ્ટતા જાણશો.*

## 3.1 પ્રસ્તાવના

*વિદ્યાર્થી મિત્રો, અગાઉનાં એકમમાં તમે ભારતીય બંધારણની રચના, વિકાસ અને કામગીરી અંગેનો અભ્યાસ કરી વિગતવાર સમજૂતિ પ્રાપ્ત કરી છે. હવે, આ એકમનાં અભ્યાસ દ્વારા તમે ભારતીય બંધારણની વિશિષ્ટતા કે લાક્ષણીકતાઓનો અભ્યાસ કરશો. ભારતીય બંધારણના આમુખનો પરિચય મેળવશો. ભારતનું બંધારણ બંધારણ સભાના સભ્યો  દ્વારા વિવિધ દેશોનાં બંધારણોનો અભ્યાસ કરીને ભારતની પ્રજાની પરિસ્થિતિ, સમય સંજોગો તથા સામાજિક અને રાજકીય પર્યાવરણને અનુકૂળ આવે એ પ્રકારનું ઘડતર કર્યું છે. ભારતનું બંધારણ વિશિષ્ટ પ્રકારનું સમવાયતંત્રી છે. સંસદીયપ્રથાને સ્વીકારવામાં આવી છે. લિખિત બંધારણનો સ્વીકાર, સરળંગ  એકસૂત્રી  ન્યાયતંત્ર, મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિનાં માર્ગદર્શક સિધ્ધાંતોને બંધારણમાં સ્થાન, પછાત વર્ગો માટેની ખાસ જોગવાઈઓનો સ્વીકાર, કાયદાનું શાસન, પ્રજાસત્તાક સાર્વભૌમ લોકશાહી રાજ્યનો સ્વીકાર, રાજ્યની ધર્મ નિરપેક્ષતાનો સ્વીકાર વગેરે ભારતીય બંધારણની અગત્યની લાક્ષણિકતાઓનો વિગતવાર અભ્યાસ આ એકમ દ્વારા તમે કરશો. આમુખમાં સમાવિષ્ટ અગત્યનાં સિધ્ધાંતોની સમજ પણ આ એકમમાં આપવામાં આવી છે.*

## 3.2 ભારતીય બંધારણનાં લક્ષણો

3.2.1 *બંધારણસભા દ્વારા બંધારણનું ઘડતર*

*ભારતીય બંધારણનું ઘડતર બંધારણ સભા દ્વારા કરવામાં આવ્યું છે. બંધારણ સભા એ પોતાની વિવિધ સમિતિઓ અને તેના નિષ્ણાંત સભ્યોએ અથાગ પરિશ્રમ અને ચર્ચા- વિમર્શ બાદબંધારણનું ઘડતર કર્યું છે. બે વર્ષ, અગિયાર માસ અને અઢાર દિવસની ભારે જહેમત બાદ બંધારણ તૈયાર થયું છે. બંધારણ સભાનાં સભ્યોએ બંધારણ ઘડતી વખતે વિવિધ દેશોનાં બંધારણોનો અભ્યાસ કર્યો હતો. તેની સફળતા – નિષ્ફળતાનો પણ વિચાર કર્યો હતો. ભારતની પ્રજાને અનુકૂળ આવે તેવું લોકશાહી સાથે સુસંગત પ્રકારનું* **બંધારણ, બંધારણ સભા દ્વારા ઘડવામાં આવ્યું. અહીં એ ઉલેખનીય છે કે બંધારણ સભાની રચના પરોક્ષ ચુંટણીથી કરવામાં આવી હતી.અને તેમાં દેશી રાજ્યો દ્વારા નિયુક્ત સભ્યોને પણ સ્થાન આપવામાં આવ્યું હતું. જેનો વિગતે અભ્યાસ તમે અગાઉનાં એકમમાં કર્યો છે.**

3.2.2 *લિખિત અને વિસ્તૃત બંધારણ*

*ભારતનું બંધારણ વિશ્વનું સૌથી લાંબુ અને લિખિત બંધારણ છે. અમેરિકાનું બંધારણ ખૂબ જ મર્યાદિત કલમો ધરાવે છે, તો ભારતનું બંધારણ અતિ વિશાળ છે. સરકારનાં ત્રણ અંગો ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રની રચના, કામગીરી અને સત્તાઓનું સ્પષ્ટ વર્ણન બંધારણમાં કરવામાં આવ્યું છે. સંસદના બંને ગૃહોની રચના, કાર્યો અને સત્તાની સ્પષ્ટ જોગવાઈઓનો ઉલ્લેખ ભારતીય બંધારણમાં છે. ભારતે સમવાયી માળખાનો સ્વીકાર કર્યો હોવા છતાં બંધારણમાં ભારતીય સંઘ એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને વિશિષ્ટ રીતે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના કાર્યો અને સત્તાની વહેંચણી બંધારણમાં સ્પષ્ટ રીતે કરવામાં આવી છે. વિવિધ આયોગ કે પંચોની જોગવાઈ, લોકોનાં મૂળભૂત અધિકારો, ફરજો, રાજ્યનીતિનાં માર્ગદર્શક સિધ્ધાંતોની જોગવાઈનું વિસ્તૃત વર્ણન બંધારણમાં કરવામાં આવ્યું છે. આમ, લિખિત અને વિસ્તૃત બંધારણ એ ભારતીય બંધારણની વિશિષ્ટ લાક્ષણિકતા છે. બંધારણના આ લક્ષણ પાછળનું કારણ એ છે કે બંધારણમાં તમામ બાબતોને સમાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*

3.2.3 *સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક રાજ્ય*

*ભારતીય રાજ્ય કોઈ પણ પ્રકારના ભારતની બહારના કે અંદરના નિયંત્રણો કે અંકુશોથી મુક્ત છે. ભારત સ્વતંત્ર અને સાર્વભૌમ છે. પ્રજાને એ અધિકાર છે કે તે સાર્વત્રિક અને પુખ્તવય મતાધિકારનાં ધોરણે પોતાની પસંદગીનાં પ્રતિનિધીને ચુંટે અને સરકાર બનાવે. ભારતનું બંધારણ લોકોની ઈચ્છાઓ, આકાંક્ષાઓને રજૂ કરે છે. લોકોનાં પ્રતિનિધિઓ દ્વારા ઘડાયેલું આ બંધારણ સંપૂર્ણ પ્રજાલક્ષી છે. જેમાં પ્રજા સર્વોપરિ છે.*

3.2.4 *સંસદીય પ્રથાનો સ્વીકાર*

*લોકશાહી વિશ્વમાં બે પ્રકારે જોવા મળે છે એક, સંસદીય અને બે પ્રમુખીય. સંસદીય સરકારમાં સરકાર સંસદને જવાબદાર હોય છે. પ્રધાન મંડળમાં સ્થાન મેળવવા*

*સંસદ સભ્ય હોવું જરૂરી છે. પ્રધાનોએ સંસદ સભ્યોના પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપવા પડે છે. જો પ્રધાનમંડળ વિરુધ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થાય તો પ્રધાનમંડળે રાજીનામુ આપવું પડે છે. ભારતે સંસદીય સરકારનો સ્વીકાર કર્યો છે. આ સંસદીય સરકાર એટલે કે જ્યાં સત્તાના કેન્દ્રમાં સંસદ હોય એવા પ્રકારની સરકાર, ભારતની સંસદ એટલે લોકસભા રાજ્યસભા રાષ્ટ્રપતિ = સંસદ. સંસદીય સરકારમાં બે પ્રકારની કારોબારી હોય છે. નામની કારોબારી અને વાસ્તવિક કારોબારી. ભારતમાં રાષ્ટ્રપતિ અને રાજ્ય કક્ષાએ રાજ્યપાલ નામની કારોબારી છે. જ્યારે વડાપ્રધાન અને તેનું પ્રધાનમંડળ તથા રાજ્યકક્ષાએ મુખ્યમંત્રી અને તેનું મંત્રી મંડળ વાસ્તવિક કારોબારી તરીકે ઓળખાય છે. વડાપ્રધાનની શ્રેષ્ઠતા, વિરોધપક્ષનું અગત્યનું સ્થાન, સંયુક્ત જવાબદારીનો સિધ્ધાંત, એ સંસદીય પ્રથાની અગત્યની લાક્ષણિકતાઓ છે.*

**3.2.5** *વિશિષ્ટ પ્રકારના સમવાયતંત્રનો સ્વીકાર*

*સરકારનાં વિવિધ સ્વરૂપો કે પ્રકારો પૈકી એક પ્રકાર છે સમવાયતંત્રી સરકાર અને એકતંત્રી સરકાર. જેમાંથી ભારતે સમવાયતંત્રનો સ્વીકાર કર્યો છે. સમવાયતંત્ર એટલે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે સત્તા અને કાર્યોનું સ્પષ્ટ વિભાજન. ભારતે વિશિષ્ટ સમવાયી માળખાનો સ્વીકાર કર્યો છે. જેનો વિગતે અભ્યાસ તમે આગળના એકમમાં કરશો. સત્તાનું સ્પષ્ટ વિભાજન, કેન્દ્ર અને રાજ્ય સરકારનો સમાન દરજ્જો, બંધારણની સર્વોપરિતા, સર્વોચ્ચ અદાલતનું અગત્યનું સ્થાન અને ભૂમિકા, જેવા લક્ષણો સમવાયીતંત્રી સરકારનાં છે. અહી એ નોંધનીય છે કે સમવાયી માળખામાં નાગરિકોને બે નાગરિકતા આપવામાં આવે છે. પરંતુ ભારતે એક જ નાગરિકત્વનો સ્વીકાર કર્યો છે. રાજ્યોનું અસમાન પ્રતિનિધિત્વ જોવા મળે છે. એક જ નાગરિકત્વ, સળંગ એકસૂત્રી ન્યાયતંત્રનો સ્વીકાર વગેરે લક્ષણો એકતંત્રી સરકારનાં હોવા છતાં ભારતે તેનો સ્વીકાર કર્યો છે. ભારત અર્ધ સમવાયી છે તેવું પણ કેટલાંક નિષ્ણાંતો માને છે. ભારતનાં બંધારણમાં ક્યાંય 'સમવાય' શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો નથી. ભારતને 'રાજ્યોનો સંઘ' કહેવામાં આવ્યો છે. જેમાં મધ્યસ્થ સરકાર એટલે કેન્દ્ર સરકર અને ઘટક કે એકમ સરકારો એટલે રાજ્ય સરકાર એવું અર્થઘટન કરી શકાય. ભારત જેવા વિશાળ વિસ્તાર અને વસ્તી ધરાવતા દેશોમાં સમવાયતંત્રનો સ્વીકાર આવકારદાયક અને સરાહનીય અનુભવ રહયો છે.*

3.2.6. *બે ગૃહોવાળી સંસદનો સ્વીકાર*

*ધારાસભાના બે પ્રકારો છે. એકગૃહી ધારાસભા અને દ્વિગૃહી ધારાસભા. ભારતમાં કેન્દ્રમાં દ્વિગૃહી પ્રથાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમાં બે ગૃહો હોય છે. ભારતમાં આ બે ગૃહો લોકસભા અને રાજ્યસભા તરીકે ઓળખાય છે. લોકસભાની સમય મર્યાદા પાંચ વર્ષની છે. પ્રજા દ્વારા પુખ્તવય મતાધિકારના ધોરણે પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા*

પ્રતિનિધીઓ લોકસભામાં સ્થાન ગ્રહણ કરે છે. જ્યારે રાજ્યસભાની ચુંટણી પરોક્ષ રીતે થાય છે. જેમાં એકમ રાજ્યોની ધારાસભાના સભ્યો મતદાન કરે છે. લોકસભા એ પ્રથમ અને નીચલું ગૃહ તરીકે ઓળખાય છે. જ્યારે રાજ્યસભા બીજું અને ઉપલું ગૃહ તરીકે ઓળખાય છે. હોદ્દાની રૂએ ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાનાં અધ્યક્ષ હોય છે. રાજ્યસભા કાયમી ગૃહ છે.

3.2.7 સળંગ, એકીકૃત ન્યાયતંત્ર

સરકારનાં બે અંગો ધારાસભા અને કારોબારીથી ત્રીજા અંગ તરીકે ન્યાયતંત્રને તદ્દન અલગ રાખવામાં આવ્યું છે. ભારતનું ન્યાયતંત્ર સ્વતંત્ર છે. સળંગ અને એકીકૃત ન્યાયતંત્રનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ભારતમાં ન્યાયતંત્રનું માળખું પિરામિડ આકારનું છે. જેમાં ટોચ પર સર્વોચ્ચ અદાલત છે. જે સમગ્ર દેશ માટે એક જ છે. જે ન્યાયની અંતિમ અદાલત છે. ત્યારબાદ નીચેની કક્ષાએ રાજ્યની વડી અદાલતો આવેલી છે. જિલ્લા કક્ષાએ જિલ્લા અદાલતો અને તેનાં તાબાની અદાલતો આવેલી છે. ભારતે સમવાયી માળખું સ્વીકાર્યું હોવા છતાં ન્યાયતંત્રનું સળંગ અને એકીકૃત માળખું સ્વીકાર્યું છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા, ન્યાયિક સક્રિયતા, અદાલતી સમીક્ષાનો સ્વીકાર,નિષ્પક્ષ અને તટસ્થ ન્યાયતંત્રનું માળખું ભારતીય ન્યાયતંત્રની વિશિષ્ટ લાક્ષણિકતા છે.

3.2.8 સુપરિવર્તનશીલ અને દુષ્પરિવર્તનશીલ બંધારણનો સમન્વય

બંધારણનું વર્ગીકરણ તમે પ્રથમ વર્ષમાં જાણી ચૂક્યા છો. આધુનિક બંધારણનાં વર્ગીકરણમાં બંધારણ કાં તો સુપરિવર્તનશીલ હોય છે અથવા દુષ્પરિવર્તનશીલ હોય છે. ભારતનું બંધારણ અતિ સુપરિવર્તનશીલ પણ નથી કે સંપૂર્ણ દુષ્પરિવર્તનશીલ પણ નથી. આ બંનેનો સુભગ સમન્વય ભારતે સ્વીકાર્યો છે. સુપરિવર્તનશીલ બંધારણ એટલે એવું બંધારણ જેમાં ફેરફાર કરવાની પધ્ધતિ સરળ હોય. જે બંધારણમાં ફેરફાર કરવા માટે વિશિષ્ટ પધ્ધતિનો અમલ કેવો પડે તેને દુષ્પરિવર્તનશીલ બંધારણ તરીકે ઓળખવામાં આવે છે. ભારતે આ બન્નેનો સમન્વય કર્યો છે. સામાન્ય રીતે ફેરફાર કરવા માટે $^2/_3$ બહુમતિ આવશ્યક છે. દુષ્પરિવર્તનશીલ એટલા માટે છે કે એકમ સરકારોનો મત પણ તેણે લેવો પડે છે. જો કે આવશ્કતા લાગે તેવી બાબતોમાં મત લેવામાં આવે છે. સુપરિવર્તનશીલ એટલા માટે છે કે કેન્દ્રિય ધારાગૃહોમાં બહુમતિ હોય તો ફેરફાર કે નિર્ણય કરવો સરળ અને શક્ય બને છે.

3.2.9 કાયદાનું શાસન

ભારતે કાયદાનાં શાસનનો સ્વીકાર કર્યો છે. કાયદાનું શાસન એટલે કાયદા સમક્ષ સૌ સમાન છે અને સૌને માટે કાયદો સમાન છે. કોઈપણ પ્રકારનાં ભેદભાવ વગર કાયદો એક સમાન રીતે બધાને લાગુ પડશે. ભાષા, ધર્મ, જાતિ, વર્ગના ભેદભાવ ધ્યાને લેવામાં આવતા નથી. બીજા અર્થમાં કહીએ તો પ્રજાએ શાસન ચલાવવા માટે ઘડેલા અને સ્વીકારેલા કાયદાઓ તેમજ તેમનાં આધારે ઘડાયેલા અન્ય નિયમો પર આધાર રાખતું

શાસન. જેમાં પ્રજાનાં અંગત સ્વાતંત્ર્યનું, સલામતીનું અને મિલકતનું સંરક્ષણ કાયદા દ્વારા થાય છે. જેમાં નાગરિક – નાગરિક વચ્ચેનાં તેમજ રાજ્ય અને નાગરિક વચ્ચેનાં સંબંધો

કાયદાથી નિયત થયેલા હોય છે. આ કાયદાઓ અને નિયમોનું અર્થઘટન ન્યાયતંત્ર દ્વારા કરી ન્યાય આપવામાં આવે છે.

### 3.2.10 આમુખ

આમુખ એ બંધારણની પ્રસ્તાવના છે. જેવી રીતે પુસ્તક લખનાર પ્રાસ્તાવિક ભાગમાં સમગ્ર પુસ્તકનો સાર, ઉદ્દેશ વર્ણવે છે તેવી જ રીતે સમગ્ર ભારતીય બંધારણની હાર્દરૂપ બાબતોનો સમાવેશ આમુખમાં કરવામાં આવ્યો છે. ભારતીય બંધારણના આમુખમાં સાર્વભૌમ, પ્રજાસત્તાક રાજ્ય, પ્રજાને સામાજિક – આર્થિક અને રાજકીય ન્યાય મળે તેની સ્પષ્ટતા, સમાન તક અને દરજ્જો, વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા. ભ્રાતૃ ભાવના જેવા આદર્શોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આમુખમાં રજૂ કરાયેલા આદર્શો લોકશાહીને મજબૂતી આપે તેવા પ્રકારનાં છે. આમુખ એ બંધારણનું હાર્દ છે. બંધારણની ગુરૂચાવી છે.

### 3.2.11 મૂળભૂત અધિકારોને બંધારણમાં સ્થાન

લોકોનાં સર્વાંગી વિકાસ માટે આવશ્યક મૂળભૂત અધિકારોનો સ્વીકાર એ ભારતીય બંધારણની અગત્યની લાક્ષણિકતા છે. ભારતનાં બંધારણમાં છ મૂળભૂત અધિકારોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જો કે પહેલા સાત મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા હતા. પછીથી એક રદ કરવામાં આવેલ. આ છ મૂળભૂત અધિકારોમાં સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર, શોષણ સામે વિરોધનો અધિકાર, શૈક્ષણિક અને સાંસ્કૃતિક અધિકાર તથા બંધારણીય ઈલાજનો અધિકારનો સમાવેશ થાય છે. આ મૂળભૂત અધિકારો વ્યક્તિનાં સર્વોત્તમ વિકાસ માટેની તક પૂરી પાડે છે.આ ઉપરાંત મૂળભૂત અધિકારોનાં રક્ષણની જોગવાઈ પણ ભારતીય બંધારણમાં કરવામાં આવી છે. મિલકતનો અધિકાર કે જે પહેલા મૂળભૂત અધિકાર હતો તે બંધારણીય સુધારા દ્વારા રદ કરી કાનુની અધિકાર બનાવવામાં આવ્યો છે.

### 3.2.12 રાજ્યનીતિનાં માર્ગદર્શક સિધ્ધાંતોનો સ્વીકાર

રાજ્યનીતિનાં માર્ગદર્શક સિધ્ધાંતો એટલે એવા સિધ્ધાંતો જે દેશની સરકાર, સંસદ કે ધારાસભાને અમલ કરવા યોગ્ય નીતિઓનો નિર્દેશ કરે છે. જો કે તેનું પાલન કરવું ફરજિયાત નથી. રાજ્યનીતિનાં માર્ગદર્શક સિધ્ધાંતો પાછળ કાનુની પીઠબળ નથી. રાજ્યનીતિ અને વિદેશનીતિને લગતી બાબતો, આર્થિક નીતિ સંબંધિત બાબતો, સામાજિક કલ્યાણને લગતી બાબતો, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષને લગતી બાબતો,

*બાળકો, સ્ત્રીઓ અને પછાત વર્ગો કે જાતિઓનાં ઉત્કર્ષને લગતી જોગવાઈઓ વગેરેનો સમાવેશ રાજ્યનીતિનાં માર્ગદર્શક સિધ્ધાંતો અંતર્ગત કરવામાં આવ્યો છે. આ સિધ્ધાંતોને નીતિ દર્શક સિધ્ધાંતો તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સિધ્ધાંતો પથદર્શક સમાન છે. સરકાર કે રાજ્ય માટે તેનું પાલન મરજિયાત વિષય છે. આમ છતાં આ સિધ્ધાંતોનો અમલ અને સ્વીકાર આવશ્યક છે. તેનું ઘણું મહત્વ છે. આ સિધ્ધાંતો રાજ્યએ શું કરવું જોઈએ તેનું માર્ગદર્શન પુરું પાડે છે અને સુશાસનનો નિર્દેશ કરે છે.*

### 3.2.13 *બિન સાંપ્રદાયિક, ધર્મ નિરપેક્ષ રાજ્ય*

*ભારત બિન સાંપ્રદાયિક રાજ્ય છે. ભારતની મોટાભાગની વસતિ હિંદુ હોવા છતાં પણ ભારતીય રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી. ભારતમાં વસવાટ કરતાં લોકો ધાર્મિક સ્વાતંત્ર્ય અંતર્ગત પોતાની પસંદગીનો ધર્મ સ્વીકારીને પાળી શકે છે. તેનો પ્રચાર-પ્રસાર કરી શકે છે. ભારતે વિવિધ ધર્મોને આવકાર્યા છે. સર્વધર્મ સમભાવનો ભારતે સ્વીકાર કર્યો છે. ભારત ધર્મ નિરપેક્ષ દેશ છે. તેથી જ તમામ ધર્મના લોકો પોતાના ધર્મ અને સંસ્કૃતિની જાળવણી સારી રીતે કરી શકે છે.*

### 3.2.14 *પછાત વર્ગો અને જાતિઓ માટે ખાસ જોગવાઈઓ*

*ભારતીય સમાજમાં બધા જ વર્ગના અને જાતિનાં લોકોને પોતાનો વિકાસ કરીને સમાજમાં સન્માનપૂર્વક દરજ્જો પ્રાપ્ત કરવાની છૂટ છે. સ્ત્રીઓ, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે તથા પછાત વર્ગો માટે ખાસ પ્રકારની જોગવાઈઓ કરવામાં આવી છે.ધારાગૃહોમાં પ્રતિનિધિત્વ, સરકારી નોકરીઓમાં અનામત, શૈક્ષણિક સંસ્થાઓમાં ખાસ પ્રકારની જોગવાઈઓ વગેરેનો સ્વીકાર ભારતીય બંધારણમાં કરવામાં આવ્યો છે. તેમજ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ આપવી, રહેઠાણની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં અગ્રતા, ફી માં રાહત આપવી વગેરે પ્રકારની જોગવાઈઓ પછાત જાતિઓ માટે કરવામાં આવી છે. સામાજિક અને આર્થિક લોકશાહી અને સમરસ સમાજની સ્થાપના માટે આ જોગવાઈઓ ઘણી આવશ્યક અને મહત્વની છે.*

### 3.2.15 *હિન્દીને રાષ્ટ્રભાષાનો દરજ્જો*

*હિન્દી ભાષાને રાષ્ટ્રભાષાનો દરજ્જો આપવામાં આવ્યો છે. ભારત અનેકવિધ ભાષા ધરાવતો દેશ છે. પ્રાંતિક ભાષાઓ પણ અહી ખાસ મહત્વ ધરાવે છે. ભારતમાં મોટાભાગનાં રાજ્યોની રચના ભાષાકીય ધોરણે થઈ છે. ભાષાકીય આંદોલનો ભારતીય રાજકારણની અગત્યની ઘટનાઓ છે. ભારતે હિન્દીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારી છે. તેમજ વિવિધતાને ધ્યાનમાં લઈ અંગ્રેજીનો દ્વિતીય ભાષા તરીકે સ્વીકાર કર્યો છે. સાથોસાથ પ્રાદેશિક ભાષાને પણ મહત્વ આપ્યું છે એટલે કે ત્રિભાષા ફોર્મ્યુલાને અપનાવી છે. આમ, ભારતનું બંધારણ વિશિષ્ટ પ્રકારની લાક્ષણિકતાઓ ધરાવે છે.*

## 3.3 ભારતીય બંધારણનું આમુખ

*આમુખ એ ભારતીય બંધારણની વિશિષ્ટ લાક્ષણિકતા છે. બંધારણને સમજવાની ગુરૂચાવી છે. તે બંધારણની પ્રસ્તાવના કે પ્રાસ્તાવિક ભાગ છે. સમગ્ર બંધારણનુ હાર્દ આમુખમાં સમાયેલું છે. આમુખનાં અભ્યાસ પરથી દેશની પ્રજાની ઈચ્છાઓ,*

*મહત્ત્વકાંક્ષાઓ. જરૂરિયાતો અને ભાવનાઓનો ખ્યાલ આવે છે. અમેરિકન અદાલતનાં ન્યાયાધિશો આમુખને "બંધારણનાં ઘડવૈયાઓનાં મનને ઉઘાડવાની ચાવી" તરીકે ઓળખાવ્યું છે. આમુખની હાર્દરૂપ બાબત આ મુજબ છે. ભારતીય બંધારણના આમુખનો પ્રારંભ -*

**"અમે ભારતનાં પ્રજાજનો આથી ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરીએ છીએ કે ભારત સાર્વભૌમ, પ્રજાસત્તાક રાજ્ય બને ; અને તેનાં બધા જ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મળે ; વિચાર અભિવ્યક્તિ, માન્યતા- શ્રધ્ધા અને પૂજાની સ્વતંત્રતા મળે ; સર્વને સમાન તક અને મોભો પ્રાપ્ત થાય ; તથા વ્યક્તિ ગૌરવ અને રાષ્ટ્રની એકતા સિધ્ધ કરતી સૌમાં બંધુત્વની ભાવના સંવર્ધિત થાય ; તા. 26 નવેમ્બર 1949 નાં દિવસે અમારી બંધારણ સભામાં આ બંધારણ અમે રજૂ કર્યું, તેને કાયદાનું સ્વરૂપ આપ્યું અને અમે તેનો અમારા બંધારણ તરીકે સ્વીકાર કરીએ છીએ."**

**આમુખમાં સમાવિષ્ટ કરવામાં આવેલા સિધ્ધાંતોની વિગતવાર સમજૂતિ મેળવો.**

### 3.3.1 સાર્વભૌમ

*આધુનિક સમયમાં રાજ્યની મુખ્યત્વે ચાર લાક્ષણિકતાઓ છે. વસતિ, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ. આમુખમાં સાર્વભૌમત્વ  શબ્દ અગત્યનો છે. જેનો અર્થ જ સૂચવે છે કે ભારત સાર્વભૌમ રાજ્ય છે. એટલે કે ભારતની બહાર કે અંદરથી કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે વર્ગનું નિયંત્રણ ભારતીય રાજ્ય પર રહેશે નહી. બીજા અર્થમાં જોઈએ તો ભારતીય સંઘ રાજ્ય પોતાના પ્રશ્નો કે સમસ્યાઓની બાબતોમાં બહારના અન્ય કોઈ રાજ્ય કે સંસ્થાઓની દરમિયાનગીરી સ્વીકારશે નહી.*

### 3.3.2. *પ્રજાસત્તાક રાજ્ય*

*લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય એટલે એવું રાજ્ય જેમાં લોકો પોતાનાં પ્રતિનિધિઓની પસંદગી પોતે જ કરે. સરકાર પોતે બનાવે. ભારતમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનાં ધોરણે ચૂંટણી દ્વારા ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓ સત્તા ધારણ કરે છે. ભારતનાં બંધારણીય વડા રાષ્ટ્રપતિ છે. જેની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. ભારતમાં દર પાંચ વર્ષે રાષ્ટ્રપતિની ચૂંટણી કરવામાં  આવે તેવી જોગવાઈ છે. આપણા બંધારણીય વડા વંશપરંપરાગત પધ્ધતિથી નિમાતા નથી પરંતુ ચુંટાય છે. એટલે કે રાજ્યના વડાની પણ ચૂંટણી દ્વારા નિયુક્તિ કરવામાં આવે છે. આમ રાજ્ય સાર્વભૌમ છે.*

3.3.3 *પ્રજાને સામાજિક, આર્થિક,રાજકીય ન્યાય મળે*

*આમુખમાં બંધારણનાં ઘડવૈયાઓ દ્વારા એવી ભાવના રાખવામાં આવી છે કે ભારતનાં તમામ લોકોને સામાજિક ન્યાય મળે. સામાજિક લોકશાહી ખરા અર્થમાં અમલી બને. સમાજમાં વર્ગ, જાતિ, ભાષા, લિંગ, પ્રદેશ, એવા કોઈપણ પ્રકારના ભેદભાવ વગર ન્યાયપૂર્ણ સમાજની રચના થાય. તેની સાથે દરેકને આર્થિક સ્વાતંત્ર્ય, આર્થિક ન્યાય અને આર્થિક લોકશાહી સ્થપાય. આર્થિક અને સામાજિક લોકશાહી વગર રાજકીય લોકશાહી સફળ થઈ શકશે નહીં. અહી ન્યાયનો અર્થ એવો કરવામાં આવે છે દરેકને સમાન કામ, સમાન વેતન. તે બાબત આર્થિક ન્યાયમાં અભિપ્રેત છે. નાણાસ્રોતનું વિકેન્દ્રીકરણ થાય જેથી ઉત્પાદનનાં સાધનોની માલિકી મર્યાદિત હાથોમાં ન રહે. સ્રીઓ, બાળકો, પછાત વર્ગોનું કલ્યાણ થાય એ આર્થિક ન્યાયમાં અભિપ્રેત છે. રાજકીય ન્યાય એટલે દરેકને પોતાના રાજકીય હકો ભોગવવાનો, મત આપવાનો, ચુંટણીમાં ઉમેદવારી કરવાનો, હોદ્દો* **કે સ્થાન ગ્રહણ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય. અલબત્ત, તેની લાયકાતો અને શરતોનું પાલન થાય તે પણ આવશ્યક છે.**

3.3.4 *વિચાર અને અભિવ્યક્તિ, માન્યતા અને શ્રધ્ધાની સ્વતંત્રતા*

*દરેક નાગરિકને સ્વતંત્ર રીતે વિચારવાની તથા પોતાનાં વિચારોને અભિવ્યક્ત કરવાની તક મળવી જોઈએ. પોતાની માન્યતાઓ, શ્રધ્ધા અને સમભાવને વિકસાવવાની તક ઉપલબ્ધ થવી જોઈએ. ભારતનાં બંધારણમાં મૂળભૂત અધિકારો અંતર્ગત વિચાર અને વાણીની અભિવ્યક્તિની સ્વતંત્રતા આપવામાં આવી છે. પ્રચાર-પ્રસારના માધ્યમો અભિવ્યક્તિનું સર્વોત્તમ ઉપલબ્ધ સાધન બન્યું છે. જેના માધ્યમ થકી લોકો પોતાના વિચારો, ઈચ્છાઓ, અપેક્ષાઓ વ્યક્ત કરે છે.*

3.3.5 *સમાન તક અને દરજ્જો*

*પ્રત્યેક વ્યક્તિને તેની લાયકાત અને* **ક્ષમતા મુજબ કોઈપણ પ્રકારનાં ભેદભાવ વગર** *વિકાસની સમાન તક મળે તે આવશ્યક છે. દરજ્જાનો પ્રશ્ન ત્યારે જ ઉપસ્થિત થાય છે જ્યારે વ્યક્તિ લાયકાત ધરાવતો હોવા છતાં તેને પોતાની યોગ્યતા પૂરવાર કરવાની તક ન મળે અને ચોક્કસ પ્રકારના હોદ્દાથી વંચિત રહે તથા માત્ર અમુક વર્ગની વ્યક્તિ હોવાને લીધે તેને અમુક ચોક્કસ સ્થાન મળે. ભારતનાં બંધારણમાં કાનુની રીતે અને મૂળભૂત અધિકારોનાં સ્વીકાર દ્વારા તક અને દરજ્જાની સમાનતાનો સ્વીકારવામાં આવ્યો છે. જેમાં નોકરીની સમાન તક, કાયદા સમક્ષની સમાનતા, શૈક્ષણિક ક્ષેત્રે તકોની સમાનતા વગેરેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. સમાનતાના આદર્શનો સ્વીકાર કરીને પ્રત્યેક વ્યક્તિને સમાન તક પ્રાપ્ત થાય તેવી અપેક્ષા આમુખમાં રાખવામાં આવી છે કે જેથી વ્યક્તિ પોતે અપેક્ષિત વિકાસ સાધી શકે અને પોતાની યોગ્યતા અને ઉપયોગિતા સિધ્ધ કરી શકે.*

3.3.6 *વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા*

*લોકશાહીમાં કેન્દ્રમાં વ્યક્તિ છે. લોકશાહીનાં પાયાના મૂલ્યોમાં વ્યકિતનાં ગૌરવનો સ્વીકાર કરવામાં આવ્યો છે. વ્યક્તિનું ગૌરવ જળવાય તે માટે રાજ્યએ તેના*

*કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ રહેવાનું છે. આધુનિક રાજ્યને કલ્યાણલક્ષી રાજ્ય એ માટે જ કહેવામાં આવ્યું છે. રાષ્ટ્રહિત જાળવવા માટે રાષ્ટ્રની એકતા ત્યારે જ શક્ય બને જ્યારે વ્યક્તિને સમાનતા, સ્વતંત્રતા, આર્થિક તકો ઉપલબ્ધ થાય. વ્યક્તિનું ગૌરવ જળવાય. જેથી લોકો એક તાંતણે બંધાયાની લાગણી અનુભવે. કોઈપણ પ્રકારનાં ભેદભાવ ન હોય.*

3.3.7 *ભ્રાતૃભાવના*

*આમુખમાં ભ્રાતૃભાવનાનો આદર્શ સેવવામાં આવ્યો છે. રાષ્ટ્રની એકતા સિધ્ધ કરવા ભ્રાતૃભાવના જરૂરી છે. સામાજિક, આર્થિક, ધાર્મિક, કે અન્ય કોઈપણ પ્રકારનાં ભેદભાવ દુર કરીને પરસ્પર સહકાર અને બંધુત્વની ભાવનાનાં સંવર્ધનથી જ લોકશાહી વધુ દ્રઢ અને મજબુત બનશે. વૈચારિક અને અન્ય પ્રકારના તમામ સંઘર્ષોને દુર કરવા બંધુત્વની ભાવનાનો વિકાસ થાય તે જરૂરી છે. આ આદર્શ આમુખમાં રાખવામાં આવ્યો છે.*

*ભારતીય બંધારણમાં* 1976 *માં* 42 *માં બંધારણીય સુધારા દ્વારા 'સમાજવાદી' શબ્દ ઉમેરવામાં આવ્યો છે. સમાજવાદનો અર્થ એવો કરવામાં આવે છે કે દરેકને સમાન કાર્યના બદલામાં સમાન વેતન મળે. ખાસ કરીને આર્થિક સમાનતા પ્રસ્થાપિત થાય. આ ઉપરાંત બીજો એક શબ્દ ઉમેરાયો છે તે છે બિનસાંપ્રદાયિક રાજ્ય. ભારત રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી. ભારત ધર્મનાં આધારે કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખશે નહીં. આ ઉપરાંત 'અખંડિતતા' શબ્દ પણ ઉમેરવામાં આવ્યો છે. ભારત એક અને અખંડ છે. ભારત 'રાજ્યોનો સંઘ' હોવાથી તેનાથી અલગ થઈ શકાતું નથી.*

*આમ, ભારતનાં બંધારણનું આમુખ રાષ્ટ્ર માટેનાં 'મેનિફેસ્ટો' ના ઉદ્દઘોષ જેવું છે. તે રાષ્ટ્રનું ધ્યેય અને મહત્વકાંક્ષાઓનું પ્રતિબિંબ પાડે છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના મત અનુસાર "રાષ્ટ્રોનું ઘડતર" આબોહવાથી નહિ પણ પ્રજાનાં આદર્શો અને આવેગોથી થાય છે." પ્રા. પાલન્દે આમુખને બંધારણની ભાવના જ માત્ર નહિ પરંતુ બંધારણની ગુરૂચાવી ગણે છે." પંડિત ઠાકુરદાસ ભાર્ગવ જણાવે છે કે "ભારતનાં બંધારણનું આમુખ એ બંધારણનો સૌથી કિંમતી ભાગ છે. તે બંધારણની ચાવી છે. તે 'હારમાં જડેલ રત્નજેમ બંધારણમાં જડેલ રત્ન સમાન છે."*

## 3.4 સારાંશ

*ડૉ. બી.આર. આંબેડકર જણાવે છે તે અનુસાર "આખરે તો બંધારણ ગમે તેટલું સુંદર હોય, પણ તેની સફળતાનો આધાર તો તેના પ્રમાણે ચાલનાર, એને અમલમાં મૂકનાર લોકો પર જ છે." શ્રી એન.આર. રાઘવાચારી નોંધે છે કે " ભારતનું બંધારણ એ માનવ ઈતિહાસમાં અસાધારણ અને વિશિષ્ટ પ્રકારની મુત્સદીગીરીનો શ્રેષ્ઠ નમુનો છે. ભારતનું બંધારણ સ્થિતિ સ્થાપક અને પરિવર્તનશીલ છે. તે કોઈપણ આંધી આગળ નમી*

*પડે તેમ બને, પરંતુ તે પુનરૂત્થાન માટે જ ; પરંતુ તે કડી તૂટી પડશે નહિ કે નષ્ટ થશે નહિ." લોકોના સર્વાંગી વિકાસ માટે દેશનાં લોકોને કેન્દ્રમાં રાખીને બંધારણનાં ઘડવૈયાઓએ બંધારણ ઘડ્યું છે. આ એકમનાં સારબિંદુઓ નીચે મુજબ છે.*

*ભારતીય બંધારણ વિશિષ્ટ લક્ષણો ધરાવે છે. જેમ કે બંધારણ સભા દ્વારા બંધારણનું ઘડતર, લિખિત અને વિસ્તૃત બંધારણ, સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક રાજ્ય, સંસદીય પ્રથાનો સ્વીકાર, સમવાયતંત્રનો સ્વીકાર,કેન્દ્રમાં દ્વિગૃહી પ્રથાનો સ્વીકાર, સળંગ એકીકૃત ન્યાયતંત્ર,સુપરિવર્તનશીલ અને દુષ્પરિવર્તનશીલ બંધારણનો સમન્વય, કાયદાનું શાસન, આમુખનો સ્વીકાર, મૂળભૂત અધિકારોને બંધારણમાં સ્થાન, રાજ્યનીતિનાં માર્ગદર્શક, સિધ્ધાંતોનો સ્વીકાર, બિનસાંપ્રદાયિક, ધર્મ નિરપેક્ષ રાજ્ય, પછાતવર્ગો અને જાતિઓ માટે ખાસ જોગવાઈઓ, હિન્દીને રાષ્ટ્રભાષાનો દરજ્જો જેવી લાક્ષણિકતાઓ તે ધરાવે છે. જે તમને યાદ હશે જ.*

*ભારતીય બંધારણનું વિશિષ્ટ આમુખ પણ અગત્યનું છે. તેમાં સમાવિષ્ટ ઉચ્ચ આદર્શો જેવા કે સાર્વભૌમ, પ્રજાસત્તાક રાજ્ય, પ્રજાને સામાજિક, આર્થિક, રાજકીય ન્યાય મળે તેવી ભાવના, વિચાર અને અભિવ્યક્તિની માન્યતા અને શ્રધ્ધાની સ્વતંત્રતા, સમાન તક અને દરજ્જાની ભાવના, વ્યક્તિનાં ગૌરવ અને રાષ્ટ્રની એકતાનો આદર્શ તથા ભાતૃભાવનાનો ખ્યાલ વ્યક્ત કરવામાં આવ્યો છે. ભારતનું બંધારણ અદ્વિતીય છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.*

## 3.5 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **દરજ્જો** | *સ્થાન કે હોદ્દો. જે માનવ સમુહમાં કે કોઈ સંસ્થામાં વ્યક્તિના સ્થાન કે કક્ષાને દર્શાવે છે.* |
| **સત્તાનું વિકેન્દ્રીકરણ** | *સત્તાનું વિભાજન. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક અને સરકાર વચ્ચે સત્તા અને કાર્યોની વહેંચણી.* |
| **સર્વાંગી વિકાસ** | *વ્યક્તિ કે સંસ્થાનો તેનાં વિવિધ ક્ષેત્રોમાં વિકાસ* |

## 3.6 સ્વાધ્યાય

**(ક) નીચે આપેલાં ખરાં - ખોટાં વિધાનો જણાવો.**

1. *લિખિત અને વિસ્તૃત બંધારણએ ભારતીય બંધારણનું અગત્યનું લક્ષણ છે.*
2. *ભારતનાં બંધારણનું ઘડતર બંધારણ સભા દ્વારા કરવામાં આવ્યું છે.*
3. *ભારતે નાગરિકો માટે બેવડું નાગરિકત્વ સ્વીકાર્યું છે.*
4. *ભારતમાં કેન્દ્રમાં દ્વિગૃહી ધારાસભાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.*
5. *ભારતમાં કેન્દ્રમાં નામની કારોબારી રાષ્ટ્રપતિ છે.*
6. *ભારતમાં વાસ્તવિક કારોબારી વડાપ્રધાન છે.*

7. ભારતે સળંગ અને એકીકૃત ન્યાયતંત્રનો સ્વીકાર કર્યો છે.
8. હિન્દી ભારતની રાષ્ટ્રભાષા છે.
9. ભારતે સમવાયીતંત્રી માળખું સ્વીકાર્યું છે.
10. ભારતમાં સંસદીય પ્રથા અમલમાં છે.
11. ભારતીય બંધારણમાં મૂળભૂત અધિકારોનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

**(ખ) નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.**

1. સરકારનું ____________ અંગ ધારાસભા અને કારોબારીથી તદ્દન અલગ છે.
2. _____________ એ બંધારણને સમજવાની ગુરૂચાવી છે.
3. 1976માં ____________ માં બંધારણીય સુધારા દ્વારા 'સમાજવાદી' શબ્દ ઉમેરવામાં આવ્યો.

**(ગ) નીચે આપેલા બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

1. ભારતીય બંધારણની લાક્ષણિકતા છે -
અ બંધારણ સભા દ્વારા બંધારણનું ઘડતર
બ સંસદીય સરકારનો સ્વીકાર
ક સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક રાજ્ય
ડ ઉપરોક્ત ત્રણેય

2. બંધારણની પ્રસ્તાવના એટલે -
અ આમુખ
બ રાજ્યનીતિનાં માર્ગદર્શક સિધ્ધાંતો
ક મૂળભૂત હકો
ડ સત્તાની વહેંચણી

3."સૌની માટે કાયદો સમાન, કાયદા માટે સૌ સમાન છે." આ અર્થઘટન શેનું છે ?
અ કાયદાનું શાસન
બ સર્વોચ્ચ અદાલતી સત્તા
ક વડી અદાલતનું કાર્યક્ષેત્ર
ડ સમવાયીતંત્રી માળખું

4. આમુખનાં સિધ્ધાંતોમાં કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
અ સાર્વભૌમ
બ સામાજિક, આર્થિક, રાજકીય ન્યાય
ક સમાન તક અને દરજ્જો
ડ ઉપરોક્ત ત્રણેય

**(ઘ) નીચે આપેલ ટૂંકનોંધ તૈયાર કરો.**

1. *ભારતીય બંધારણનું આમુખ*

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

2. *ભારતીય બંધારણનાં કોઈપણ પાંચ લક્ષણો જણાવો.*

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(ચ) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ તૈયાર કરો.**

1. *ભારતીય બંધારણનાં લક્ષણો વિગતવાર સમજાવો.*

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

- જવાબો

**ખરાં – ખોટાંના જવાબ**

| | | | |
|---|---|---|---|
| (ક) **1 ખરૂં** | **2 ખરૂં** | **3 ખોટું** | **4 ખરૂં** |
| **5 ખરૂં** | **6 ખરૂં** | **7 ખરૂં** | **8 ખરૂં** |
| **9 ખરૂં** | **10 ખરૂં** | **11 ખરૂં** | |

**(ખ) ખાલી જગ્યાનાં જવાબ**

1 *ન્યાયતંત્ર*

2 *આમુખ*

3 42 *માં બંધારણીય સુધારા દ્વારા*

**(ગ) બહુ વૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ**

1 *ઉપરોક્ત ત્રણેય*

2 *આમુખ*

3. *કાયદાનું શાસન*

4. *ઉપરોક્ત ત્રણેય*

## 3.7 સંદર્ભ સૂચિ


1. त्रिवेदी आर.एन. : भारतीय सरकार एवं राजनीति, कॉलेज बुक डिपो, राय एम.पी. जयपुर, 2012.
2. मंगलानी रूपा : भारतीय शासन एवं राजनीति, राजस्थान हिन्दी ग्रंथ अकादमी, चतुर्थ संस्करण, 2011.
3. लक्ष्मीकान्त एम.,: भारत की राज्यव्यवस्था, टाटा मेकग्रोव हिल पब्लिशिंग कंपनी, न्युदिल्ली, 2005.
4. *દવે નવનીત : ભારતીય રાજ્યતંત્ર, અખિલ હિન્દ પ્રકાશન, અમદાવાદ,* 1971.
5. *કાઝી સલીમ એન. : ભારતની શાસન પધ્ધતિ અને રાજકારણનો પરિચય, કોરાટ પી.જી.અને અન્યો સી.જમનાદાસ કંપની, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ,* 1973.
6. *શુક્લ દિનેશ મૂ. : ભારતીય રાજકારણની રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમીન હસમુખ એમ. ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1972.

# એકમ : 4 ભારતીય બંધારણમાં સુધારાઓ

## રૂપરેખા

**4.0 ઉદ્દેશો**
**4.1 પ્રસ્તાવના**
**4.2 બંધારણીય સુધારાની પ્રક્રિયા અને ટીકા**
**4.3 કલમ-368 સિવાયના સુધારા**
**4.4 અતિ મહત્વના બંધારણીય સુધારા**
**4.5 મિની બંધારણ-42મો બંધારણીય સુધારો**
**4.6 અન્ય મહત્વના બંધારણીય સુધારા**
**4.7 સારાંશ**
**4.8 સંદર્ભ સૂચિ**
**4.9 ચાવીરૂપ શબ્દો**
**4.10 તમારી પ્રગતિ ચકાસો**
**4.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

## 4.0 ઉદ્દેશો

- *આ એકમના અભ્યાસમાં નીચેના ઉદેશ્યો દ્વારા માહિતગાર થશો.*
- *બંધારણીય સુધારાની પ્રક્રિયા વિશે માહિતગાર થશો.*
- *કલમ-368ની પ્રક્રિયા દ્વારા માહિતી પ્રાપ્ત કરી શકશો*
- *અતિમહત્વના બંધારણીય સુધારા વિશે વાકેફ થશો.*

## 4.1 પ્રસ્તાવના

*કોઈપણ લેખિત બંધારણની જેમ ભારતના બંધારણમાં પણ પરીસ્થિતિઓ અને જરૂરીયાતો અનુસાર તેમાં સુધારા વધારા કરવાની વ્યવસ્થા છે પરંતુ આ સુધારાની પ્રક્રિયા ઈંગ્લેંડની જેમ એકદમ સરળ અથવા અમેરિકાની જેમ એકદમ કઠિન નથી.બંધારણમાં સુધારાની પ્રક્રિયા 'દક્ષિણ આફ્રિકા' ના બંધારણમાંથી લેવામાં આવ્યું છે.આપણા દેશના*

*બંધારણમાં પણ સુધારો કરવાની સત્તા સંસદને છે. બંધારણમાં સુધારા કરવાની પ્રક્રિયા આપણે વિગતવાર જોઈએ.*


## 4.2 બંધારણીય સુધારાની પ્રક્રિયા અને ટિકા

*બંધારણમાં સુધારા કરવા માટેની જોગવાઈ ભાગ-20ની કલમ-368માં કરવામાં આવી છે.ભારતીય બંધારણમાં બે રીતે સુધારાની જોગવાઈ છે. (1)કેટલાક સુધારા સામાન્ય બહુમતી દ્વારા કરી શકાય છે.આવા સુધારાઓ બંધારણીય સુધારો ગણાતા નથી. (2) કેટલાક સુધારાઓ કે જે બંધારણીય સુધારાઓ ગણાય છે.તે કલમ-368 દ્વારા સૂચવાયેલ પ્રક્રિયા મુજબ અમલમાં લાવી શકાય છે લોકશાહી દેશોમાં કાયદાનું નિર્માણ બહુમતી દ્વારા કરવામાં આવે છે.કોઈપણ કાયદો બનાવવા માટે સંસદમાં બહુમતીની આવશ્યકતા છે બંધારણીય સુધારા માટે સૌપ્રથમ સંસદમાં ખરડો પસાર કરવો પડે છે.ખરડો પસાર કરવા માટે રાષ્ટ્રપતિની પૂર્વમંજુરીની જરૂરી રહેતી નથી. ઉભો થાય તો તે માટે સંયુક્ત બેઠક બોલાવી શકતી નથી.*

*કલમ-368 હેઠળ બંધારણીય સુધારાની પ્રક્રિયા નીચેના માપદંડો તથા તબક્કાઓમાંથી પસાર થાય છે.*

- *બંધારણમાં સુધારા માટેનો ખરડો ફક્ત સંસદમાંજ રજૂ કરી શકાય છે.કોઈ રાજ્યની વિધાનસભામાં નહિ.*
- *ખરડાને સંસદના બંને ગૃહોની વિશીષ્ટ બહુમતી એટલે કે જે તે ગૃહના કુલ સભ્ય સંખ્યાના 50% અથવા જે તે ગૃહમાં હાજર રહીને મતદાન કરનાર 2/3 સભ્યોના મતથી પસાર થયેલો હોવો જોઈએ.*
- *બંધારણીય સુધારા માટેનો ખરડો બંને ગૃહમાં અલગ અલગ રીતે જ પસાર કરાવવો પડે છે બંને ગૃહો વચ્ચે મતભેદની સ્થિતિમાં સંયુક્ત બેઠક બોલાવી સદર ખરડાને પસાર કરવાની જોગવાઈ બંધારણમાં નથી.*
- *જો બંધારણીય સુધારા માટેનો ખરડો બંધારણના સમવાયી તંત્ર સબંધિત સુધારો હોય તે સ્થિતિમાં ખરડો સંસદમાં વિશિષ્ટ બહુમતી મેળવવા ઉપરાંત દેશના 50% રાજ્યોના વિધાનમંડળની સામાન્ય બહુમતી મેળવવી જોઈએ.*
- *ખરડો બંને ગૃહોમાંથી પસાર થયા બાદ રાષ્ટ્રપતિ પાસે સહી માટે મોકલવામાં આવે ત્યારે રાષ્ટ્રપતિએ ફરજીયાત તે ખરડા પર સહી કરવી પડે.રાષ્ટ્રપતિ ખરડાને પોતાની પાસે ના રાખી શકે તથા સંસદમાં પુનઃવિચારણા માટે પણ ના મોકલી શકે.*

- *રાષ્ટ્રપતિની સહમતિ બાદ ખરડો કાયદો બની જાય છે. પછી બંધારણના અધિનિયમમાં સમાવેશ કરી દેવામાં આવે છે.*




**વિશેષ બહુમતી + અડધાથી વધારે રાજ્ય વિધાન મંડળની મંજુરી**

**સામાન્ય બહુમતી**

*સંસદમાં હાજર તથા મતદાન કરવાવાળા સભ્યોની 50% થી વધુ સભ્યોના મતને સામાન્ય બહુમતી કહે છે.જેમાં મતદાન ન કરનાર સભ્યોની ગણતરી થતી નથી.ઉદાહરણ તરીકે સંસદમાં હાજર રહી મતદાન કરવાવાળા સભ્યોની સંખ્યા 500 છે તો 251અથવા તેનાથી વધારે સભ્યોના મતને સામાન્ય બહુમતી કહેવાશે.*

**પૂર્ણ બહુમતી**

*સંસદના કુલ સભ્ય સંખ્યાના 50% થી વધારે સભ્યોના મતને પૂર્ણ બહુમતી કહેવાય છે જે સભ્યોએ મતદાન નથી કર્યું તેમની પણ કુલ સભ્યોમાં ગણતરી થશે. ઉદાહરણ તરીકે રાજ્યસભામાં કુલ સભ્ય સંખ્યા 245 છે તો 123 અથવા તેનાથી વધારે સભ્યોના મતને પૂર્ણ બહુમતી કહેવાશે.આ બહુમતી માત્ર રાષ્ટ્રપતિના મહાભિયોગ માટે થઈ શકે છે.*

**વાસ્તવિક બહુમતી**

*સંસદના વાસ્તવિક સભ્ય સંખ્યાના 50% થી વધારે સભ્યોના મતને વાસ્તવિક બહુમતી કહે છે. જેમાં ખાલી રહેલ સભ્યોના સ્થાનોની ગણતરી નથી કરી. ઉદાહરણ તરીકે રાજ્યસભાના (કુલ સભ્ય 245) ના સંદર્ભમાં જો 15 ખાલી જગ્યા હોય તો*

*વાસ્તવિક સભ્ય સંખ્યા* 230 *થશે અને* 50% *થી વધારે એટલે કે* 116 *અથવા તેનાથી વધારે સભ્યોના મતને વાસ્તવિક બહુમતી કહેવાય છે.*

**વિશિષ્ટ બહુમતી**

*સંસદમાં ઉપસ્થિત અને મતદાન કરવાવાળા સભ્યોના સંખ્યાની* 2/3 *સભ્યોના મતને વિશિષ્ટ બહુમતી કહે છે.જેમાં મતદાનના ભાગ ન લેનાર સભ્યોની ગણતરી થતી નથી.ઉદાહરણ તરીકે રાજ્યસભામાં* 200 *સભ્યો હાજર છે.જેમાંથી* 20 *સભ્યો મતદાનમાં ભાગ લેતા નથી. આવી સ્થિતિમાં* (200-20=180) *ના* 2/3 *અર્થાત* 120*થી વધારે સભ્યોના મતને વિશિષ્ટબહુમતી કહેવાશે.*

**ટીકા**

*ભારતના બંધારણમાં સુધારા માટે કોઈ અલગથી વિશિષ્ટ સંસ્થા જેમ કે બંધારણીય સભા (અમેરિકાની જેમ) અથવા બંધારણીય પરિષદની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી ભારતમાં સંસદને બધી બંધારણીય શક્તિઓ પ્રાપ્ત છે અને અમુક વિષયોમાં રાજ્ય વિધાન મંડળને પણ શક્તિઓ મળી છે.*

- *બંધારણમાં સુધારો કરવાની શક્તિ સંસદને પ્રાપ્ત છે. જે અમેરિકાથી ઉલટું રાજ્ય વિધાનમંડળ મંત્રી પરિષદનું ગઠન કે સામાજિક પ્રસ્તાવ સિવાય સુધારા માટેનો કોઈ ખરડો કે પ્રસ્તાવ લાવી શકે નહિ તેની પણ સંસદ તેને પસાર કરી શકે કે નકારી પણ શકે છે.*
- *બંધારણના એક મોટા ભાગનો ફક્ત સંસદ દ્વારા જ વિશેષ બહુમતી કે સામાન્ય બહુમતી દ્વારા સુધારા કરી શકાય છે ફક્ત અમુક વિષયો માટે જ રાજ્યની સંમતી આવશ્યક હોય છે તે પણ ફક્ત અડધા રાજ્યોની જ જ્યારે અમેરિકામાં* 3/4 *રાજ્યોની સંમતી જરૂરી હોય છે.*
- *બંધારણમાં રાજ્ય વિધાનમંડળો દ્વારા સુધારા સબંધિત મંજૂરી કે વિરોધ દર્શાવવા માટે કોઈ સમય સીમા નિશ્ચિત નથી રાજ્ય પોતાની સંમતિ આપ્યા પછી તેને પાછી લઈ શકે તે વિશે પણ કોઈ ઉલ્લેખ નથી.*
- *કોઈ બંધારણીય સુધારા અધિનિયમ માટે બંને ગૃહો વચ્ચે વિવાદ હોય તો બંને ગૃહોની સંયુક્ત બેઠકની પણ કોઈ જોગવાઈ નથી*
- *બંધારણમાં સુધારાની પ્રક્રિયા વિધાનમંડળની પ્રક્રિયાને સમાન છે ફક્ત વિશેષ બહુમતી સિવાયના વિષયોમાં બંધારણીય સુધારા અધિનિયમ પણ સામાન્ય ખરડાની જેમ જ પસાર કરવામાં આવે છે.*

## 4.3 કલમ-368 સિવાયના સુધારા

*કલમ-2 અનુસાર સંસદને બે પ્રકારની શક્તિઓ પ્રાપ્ત થયેલ છે. (1) નવા રાજ્યોને સંઘમાં સામેલ કરવાની (2) નવા રાજ્યોની સ્થાપના કરવાની. આ કલમ ભારતીય સંઘનો ભાગ ન હોય તેવા બાહ્ય રાજ્યોના ભારતમાં પ્રવેશ અને રચનાથી સબંધિત છે. આ કલમમાં સંસદને સત્તા આપવામાં આવી છે. ઉ.ત. 36 માં બંધારણીય સુધારા 1975માં સિક્કિમનો ભારતીય સંઘમાં અન્ય રાજ્ય સમકક્ષ સમાવેશ કરવામાં આવ્યો.*

*નાગરિકતા એ વ્યક્તિ અને તેના રાજ્ય વચ્ચેનો એક રાજનૈતિક સંબંધ છે. આ સંબંધ પ્રસ્થાપિત થતા વ્યક્તિ પોતાની નિષ્ઠા રાજ્યને સમર્પિત કરે છે અને વળતર સ્વરૂપે રાજ્ય તેને રક્ષણ આપે છે. બંધારણના ભાગ – 2 માં કલમ 5 થી 11 માં નાગરિકતાની જોગવાઈ કરવામાં આવી છે.*

*કલમ-368 સિવાયના સુધારા જે લાગુ પડતા હોય તેવા સુધારાનો ખ્યાલ નીચે પ્રમાણે આપેલા છે.*

- *સંસદીય પ્રક્રિયાઓના નિયમો*
- *સંસદ સભ્યોના પગાર,ભથ્થાઓ તથા વિશેષાધિકારો*
- *સંસદમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ*
- *સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની સંખ્યા*
- *મત વિસ્તારોનું સીમાંકન*
- *નાગરિકતા*
- *કેન્દ્રશાસિત પ્રદેશો*
- *પાંચમી અને છઠ્ઠી અનુસૂચિમાં અનુસૂચિત જાતિ અને આદિજાતિના વિસ્તારો*

*આ સિવાય બંધારણના મૂળભૂત અધિકારો તથા રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં સુધારો કરવા માટે બંને ગૃહોની અલગ-અલગ વિશિષ્ટ બહુમતી આવશ્યક છે તે ઉપરાંત કેટલીક બાબતોમાં સુધારા કરવા માટે બંને ગૃહોની વિશિષ્ટ બહુમતી અને દેશના 50% થી વધુ વિધાનસભાની સહમતી આવશ્યક છે જેમ કે,*

### કલમ-368 હેઠળના બંધારણીય સુધારા

*સર્વોચ્ચ અદાલતના વર્ષ 1973ના કેશવાનંદ ભારતી કેસના ચુકાદમાં જણાવવામાં આવ્યું કે સંસદ બંધારણના આધારભૂત માળખા ને અસર પહોચાડે તેવા બંધારણીય સુધારા ન કરી શકે.જો કે બંધારણમાં સર્વોચ્ચ અદાલત ક્યાંય પણ આધારભૂત માળખુ કયું તેની સંપૂર્ણ સ્પષ્ટતા કે વ્યખ્યા કરી નથી. પરંતુ સર્વોચ્ચ અદાલતના બીજા ભિન્ન ચુકાદાઓમાં બંધારણના મૂળભૂત માળખા કે ઢાંચાના લક્ષણો નીચે મુજબ છે.*

- *બંધારણની સર્વોચ્ચતા*
- *બંધારણની ધર્મનિરપેક્ષતા*
- *કાયદાનું શાસન*

- *રાષ્ટ્રની એકતા અને અખંડતા*
- *ન્યાયીક પુનરાવલોક્ન*
- *સંસદીય શાસન પ્રણાલી*
- *સમાનતાનો સિધ્ધાંત*
- *સ્વતંત્રતા અને નિષ્પક્ષ ચૂંટણીના અધિકાર*
- *ન્યાયપાલિકાની સ્વતંત્રતા*
- *મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો વચ્ચેનું સંકલન*
- *ભાગ-3 ના મૂળભૂત અધિકારોનો સાર*
- *સમવાયતંત્ર*
- *સંસદની બંધારણમાં સુધારો કરવાની મર્યાદિત સતા*

## 4.4 અતિ મહત્વના બંધારણીય સુધારા

*ભારતના બંધારણમાં શરુઆતમાં 1951 થી કેટલાક મહત્વના સુધારા થયા છે જે ક્રમશઃ નીચે પ્રમાણે દર્શાવ્યા છે.*

**પ્રથમ બંધારણીય સુધારો 1951 (સંપતિના અધિકારો માર્યાદિત)**

*સંપતિના અધિકારો પર અંકુશ લગાવવા માટે કલમ-31(A) અને 31(B) ઉમેરવામાં આવ્યા. ૯મી અનુસૂચિનો સમાવેશ કરવામાં આવ્યો તો અંતર્ગત 9મી અનુસૂચિમાં સામેલ કોઈપણ વિષયની ન્યાયાલય દ્વારા ન્યાયિક સમીક્ષા કરવામાં આવશે નહિ.રાજ્યને સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોની ઉન્નતી માટે અમુક ચોક્કસ જોગવાઈઓ કરવાની સતા આપવામાં આવી.આ માટે કલમ-15(4) ઉમેરવામાં આવી કલમ-19 ની કેટલીક સ્વતંત્રતા પર કાપ મુકતી જોગવાઈઓ ઉમેરવામાં આવી.*

**ચોથો બંધારણીય સુધારો,1955 (રાષ્ટ્રીયકરણની શરૂઆત)**

*કલમ-31(A) ની જોગવાઈઓમાં વધારો કરવામાં આવ્યો ૯મી અનુસુચિમાં વધારો કરી જેમાં સંપતિ અધિગ્રહણના વળતરને ન્યાયિક ક્ષેત્રમાંથી બાકાત રાખવામાં આવ્યું.રાજ્યને કોઈપણ વેપારનું રાષ્ટ્રીયકરણ કરવાની સતા આપવામાં આવી.*

**સાતમો બંધારણીય સુધારો,1965 (શાસકીય અને ન્યાયીક માળખાનું વિસ્તરણ)**

*રાજ્યોના ચાર વર્ગો જેવા ભાગ – ક,ખ,ગ,ઘ ને રદ કરીને તેના સ્થાને 14 રાજ્યો અને 6 કેન્દ્ર શાસિત પ્રદેશોનો સ્વીકાર કરવામાં આવ્યો. કલમ-203 અને*

*231માં સુધારો કરીને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ઉચ્ચ ન્યાયાલયનો વિસ્તાર કરવામાં આવ્યો.બે અથવા બે થી વધારે રાજ્યો માટે એક ઉચ્ચ ન્યાયાલયની જોગવાઈ કરવામાં આવી.ઉચ્ચ ન્યાયાલયમાં કાર્યકારી અને વધારાના ન્યાયધીશની નિમણૂંકની વ્યવસ્થા કરવામાં આવી.*

**અગિયારમો બંધારણીય સુધારો,1961**

*ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ફેરફાર કરી સયુંક્ત બેઠકની જોગવાઈ રદ કરવામાં આવી અને તેના સ્થાને ચૂંટણી મંડળ વ્યવસ્થા કરવામાં આવી રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીને સંસદમાં કે વિધાનસભામાં ખાલી પદના કારણો પડકારી શકાશે નહિ.*

**પંદરમો બંધારણીય સુધારો,1963**

*ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની નિવૃતિની વયમર્યાદા 60 વર્ષની વધારીને 62 વર્ષ કરવામાં આવી. ઉચ્ચ ન્યાયાલયોને પોતાના ભૌગોલિક ક્ષેત્રાધિકારથી બહાર રિટ* (Writ) *જાહેર કરવાની સતા અપાઈ. જો તે બાબતનું કારણ તેના ભૌગોલિક અધિકારક્ષેત્રમાં આવતું હોય તો.ઉચ્ચ ન્યાયાલયના નિવૃત ન્યાયાધીશોની સર્વોચ્ચ ન્યાયાલયમાં કાર્યકારી ન્યાયાધીશ તરીકે નિમણૂંકની જોગવાઈ કરી ઉચ્ચ ન્યાયાલયના સેવાનિવૃત ન્યાયાધીશોની તે જ ઉચ્ચ ન્યાયાલયમાં કાર્યકારી ન્યાયાધીશના તરીકે નિયુક્ત થઈ શકે છે.આ માટે કલમ-224(A) નો સમાવેશ કરવામાં આવ્યો.*

**એકવીસમો બંધારણીય સુધારો,1967**

*સિંધી ભાષાને 8મી અનુસૂચિમાં 15મી ભાષા તરીકે સમાવેશ કરવામાં આવ્યો.*

**ચોવીસમો બંધારણીય સુધારો,1971**

*મૂળભૂત અધિકારો સહિતના બંધારણના ભાગને સુધારવાની સંસદની સત્તા નિશ્ચિત કરવામાં આવી. બંધારણીય સુધારા બીલ પર રાષ્ટ્રપતિની મંજૂરી ફરજીયાત બનાવાઈ.*

**પચીસમો બંધારણીય સુધારો,1971**

*કેશવાનંદ ભારતી કેસમાં સર્વોચ્ચ ન્યાયાલયે 24માં બંધારણીય સુધારાને માન્ય રાખ્યો હતો.જેથી ગોકલનાથ કેસનો ચૂકાદો નિષ્ફળ ગયો.મૂળભૂત અધિકારો સહિત સંપૂર્ણ બંધારણમાં સુધારો કરવાની સત્તા આપવામાં આવી.*

## ભારતીય બંધારણમાં સુધારાઓ

**છવીસમો બંધારણીય સુધારો,1971 (સાલિયાણા નાબુદી)**

*આ કાયદા દ્વારા ભારતના તમામ રજવાડા સમયના રાજાઓના સાલિયાણા નાબુદ કરવામાં આવ્યા. આ કાયદા પૂર્વે ભૂતપૂર્વ રજવાડા રાજવીઓને વર્ષના અંતે નક્કી કરેલી આર્થિક રકમ આપવામાં આવી. સરકારે આવી રકમ આપવાથી*

*સમાજમાં અસમાનતા પેદા થાય છે. તેમ જણાવી સાલિયાણા / વર્ષાસન રદ કરવામાં આવ્યા.*

**એકત્રીસમો બંધારણીય સુધારો,1972**

*લોકસભાની બેઠકોની સંખ્યા* 525 *થી વધારીને* 545*કરવામાં આવી.આ માટે કલમ-* 81 *માં સુધારો કરવામાં આવ્યો.*

**પાંત્રીસમો બંધારણીય સુધારો,1974 (સિક્કિમનો સંઘ-પ્રવેશ)**

*સિક્કિમને રક્ષિત રાજ્યનો હોદ્દો રદ કરીને સહયોગી રાજ્ય બનાવવામાં આવ્યું.સિક્કિમ અને ભારત વચ્ચેના સબંધોની શરતો દર્શાવતી* 10*મી અનુસૂચિ ઉમેરવામાં આવી.*

**છત્રીસમો બંધારણીય સુધારો,1975**

*સિક્કિમને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો અને* 10 *મી અનુસૂચિ રદ કરવામાં આવી.સિક્કિમ ભારતનું* 21*મું રાજ્ય બન્યું.*

**આડત્રીસમો બંધારણીય સુધારો, 1975 (બ્રિટિશ રાજ્યોનો વણનોતર્યો વારસો)**

*રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરાયેલ કટોકટીને ન્યાયાલયમાં પડકારી શકાશે નહિ.રાષ્ટ્રપતિ,રાજ્યપાલ અને કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીદારોના બંધારણીય નિર્ણયને ન્યાયાલયમાં પડકારી શકાશે નહિ.*

**ઓગણચાલીસમો બંધારણીય સુધારો, 1975**

*રાષ્ટ્રપતિ,ઉપરાષ્ટ્રપતિ,પ્રધાનમંત્રી અને લોકસભાના અધ્યક્ષની સબંધિત વિવાદોને ન્યાયાલયમાં પડકારી શકાશે નહિ અને આવા વિવાદોના નિર્ણયની સત્તા સંસદને આપવામાં આવી.*

**ચુંબાલીસમો બંધારણીય સુધારો,1978**

*મિલકતનો અધિકાર મૂળભૂત અધિકારમાંથી દૂર કરીને કાનૂની અધિકાર બનાવાયો લોકસભાની મુદ્દત કરી* 6 *વર્ષમાંથી* 5 *વર્ષ થઈ. કલમ*-352 *માં આંતરિક અશાંતિના બદલે શસ્ત્ર વિદ્રોહ શબ્દ ઉમેરાયો. કલમ*-20,21 *કટોકટીમાં*

*પણ મુલતવી ન રખાય તેવી જોગવાઈ કરવામાં આવી.સંસદના વિશેષાધિકારો માંથી બ્રિટિશ 'હાઉસ ઓફ કૉમન્સ' નો ઉલ્લેખ રદ કરવામાં આવ્યો. કલમ-74 અંતર્ગત રાષ્ટ્રપતિને મંત્રીમંડળની સલાહને એક વાર પુનઃવિચારણા માટે મોકલવાની સત્તા આપવામાં આવી. રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટી મંત્રીમંડળની માત્ર લેખિત સલાહથી જ જાહેર કરી શકશે તેવી જોગવાઈ કરવામાં આવી. રાષ્ટ્રપતિ,ઉપરાષ્ટ્રપતિ,પ્રધાનમંત્રી અને લોકસભાના અધ્યક્ષની ચુંટણી સબંધિત વિવાદોને ન્યાયતંત્રના અધિકાર ક્ષેત્રમાં ફરીથી સમાવેશ કરવામાં આવ્યો.*

**બાવનમો બંધારણીય સુધારો,1985**

*પક્ષાંતર વિરોધ કાયદો બનાવાયો (10મુ પરિશિષ્ટ) આ અંતર્ગત સંસદ સભ્ય અને વિધાનસભાના રાજનૈતિક પક્ષ બદલવા ઉપર પ્રતિબંધ રાખવામાં આવ્યો છે.જો પક્ષ બદલાશે તો તેની સભ્યતા રદ કરવાની જોગવાઈ રાખવામાં આવી જો પક્ષના 1/3 કરતાં વધારે સભ્ય પક્ષ બદલવા અથવા નવા પક્ષ બનાવવા માંગે તો તેઓને આ જોગવાઈથી બાકાત રખાશે.*

**73મો બંધારણીય સુધારો, 1992 (પંચાયતી રાજનું બંધારણીયકરણ)**

*પંચાયતીરાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.જે અંતર્ગત 29 વિષયો રખાયા (11મુ પરિશિષ્ટ) પંચાયતીરાજ થી સબંધિત ભાગ – 9 ઉમેરવામાં આવ્યો.જેમાં કલમ-243 અને તેના પેટા કલમ તેમજ 11મી અનુસૂચિ ઉમેરવામાં આવી.*

**74મો બંધારણીય સુધારો,1992 (શહેરી સ્થાનિક સંસ્થાઓનું બંધારણીયકરણ)**

*નગરપાલિકા સબંધિત ભાગ – 9 (A)ઉમેરવામાં આવ્યો જેમાં કલમ-243 માં પેટા કલમ તેમજ 12મી અનુસૂચિ જોડવામાં આવી. શહેરી સ્થાનિક સંસ્થાઓને બંધારણીય દરજ્જો અપાયો.જે અંતર્ગત 18 વિષયો રખાયા (12મું પરિશિષ્ટ)*

**81મો બંધારણીય સુધારો, 2000(અનામતનું રૂઢીકરણ)**

*બેકલોગ (Backlog) અંગેની જોગવાઈ કલમ-16ની જોગવાઈ મુજબ જે તે વર્ષમાં અનુસૂચિત જાતિ અને આદિજાતિનાં ખાલી સરકારી પદ જે અનામત છે તેમાં કલમ-16(4)(B) જોડીને આગામી વર્ષ અનામત તરીકે જ ગણવામાં આવશે ભલે પછી તે વર્ષ અનામતનું પ્રમાણ 50% થી વધુ થઈ જાય.*

**82મો બંધારણીય સુધારો. 2000 (અનામતનું સવિશેષ રૂઢીકરણ)**

*કેન્દ્ર અને રાજ્યોની જાહેર સેવાઓમાં અનુસૂચિત જાતિ અને જનજાતિઓમાં અનુસૂચિત જાતિ અને જનજાતિને પરીક્ષામાં Qualifying ગુણ મેળવવામાં છુટ*

*આપવામાં આવી તથા તેમનું મેરીટ નીચું લાવવા તથા બઢતીમાં અનામત માટે જોગવાઈ કરવાની વ્યવસ્થા.*

**84મો બંધારણીય સુધારો, 2001 (પ્રતિનિધિત્વ પુનઃનિર્ધારણ સ્થગિત)**

*લોકસભા અને રાજ્યની વિધાનસભાઓની બેઠકોના પુનઃનિર્ધારણને આગામી* 25 *વર્ષ અર્થાત* 2026 *સુધી સ્થગિત કરી દેવાઈ.રાજ્યોના ચુંટણી વિસ્તારોનું પુનઃનિર્ધારણ* 1991*ની વસ્તી ગણતરીના આધારે થશે.*

**85મો બંધારણીય સુધારો, 2001**

*કલમ*-16(4)(A) *માં સુધારો કરી સરકારી નોકરીઓમાં બઢતીની બાબતે જેમાં અનુસૂચિત જાતિ અને જનજાતિની અનામત પણ સામેલ છે.તેમાં પરિમાણિક વરિષ્ઠતા* (Consequential Security) *ની* 17 *જૂન* 1995*થી જોગવાઈ કરવામાં આવી.*

**86મો બંધારણીય સુધારો, 2002 (મફત અને ફરજીયાત શિક્ષણનો હક્ક)**

6 *થી* 14 *વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર અપાયો. કલમ*-21(A) *તથા કલમ*-51(A) *જોડવામાં આવ્યો. કલમ*-51(A) *માં* 11*મી મૂળભૂત ફરજ જોડવામાં આવી.જે* 6 *થી* 14 *વર્ષ સુધીના બાળકોને તેમના માતા-પિતા અથવા વાલી શિક્ષણ અપાવશે.*

**91મો બંધારણીય સુધારો, 2003(મંત્રીમંડળની ખર્ચાળ ઝાકમઝાળ ઉપર અંકુશ)**

*મંત્રીમંડળ વડાપ્રધાન સહિત* 15 *ટકાથી વધારે નહિ અને* 12 *સભ્યથી ઓછું નહિ તેવી જોગવાઈ કરી. અપવાદમાં દિલ્લી વિધાનસભા* (7) *અને પુડુચેરી વિધાનસભા* (6) *છે.*

**97મો બંધારણીય સુધારો, 2011 (સહકારનું બંધારણીયકરણ તથા મજબૂતીકરણ)**

*આ બંધારણ સુધારા મુજબ સહકારી મંડળીઓને બંધારણીય દરજ્જો અને રક્ષણ આપવામાં આવ્યું. જે અંતર્ગત બંધારણના ભાગ*-3*ના કલમ*-19 *માં પરિવર્તન કરી સહકારી મંડળી રચવાની સ્વતંત્રતા મૂળભૂત અધિકાર તરીકે ઉમેરવામાં આવી. બંધારણમાં ભાગ*-9(B) *કો.ઓપરેટીવ સોસાયટીના નામથી નવો ભાગ ઉમેરવામાં આવ્યો.જેમાં કલમ*-243(H) *થી* 243(ZT) *ઉમેરવામાં આવ્યો. રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો અંતર્ગત કલમ*-43(B) *ઉમેરવામાં આવ્યો.*

**100મો બંધારણીય સુધારો, 2015 (ભાગલાની ભૂલોનો મૈત્રીપૂર્ણ સુધાર)**

*વર્ષ* 2013*માં સંસદમાં* 119*મું બંધારણીય સુધારો વિધેયક રજૂ કરાયું.તે મુજબ ભારતે* 11 *પરિક્ષેત્રો બાંગ્લાદેશને હસ્તાંતતરિત કર્યા અને બાંગ્લાદેશ પાસેથી* 51 *પરિક્ષેત્રો મેળવ્યા.સંસદના બંને ગૃહોમાંથી આ વિધેયકને કલમ*-368 *મુજબની વિશિષ્ટ બહુમતીથી પસાર કરવામાં આવ્યા તે વિધેયક ઉપર રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થતા તે* 100 *મો બંધારણીય સુધારો બન્યો.જે ભારત-બાંગ્લાદેશ જમીન સરહદ કરાર તરીકે ઓળખાયો.*

**101મો બંધારણીય સુધારો,2016(જી.એસ.ટી. એક રાષ્ટ્ર એક કર)**

*ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ વિશે બંધારણમાં કલમ*-246(A) *ઉમેરી સંસદ અને રાજ્યોના વિધાનમંડળને* GST*થી સબંધિત વિષયો પર કાયદો બનાવવાની સત્તા આપવામાં આવી કલમ*-6 *અને* 7 *માં સંશોધન કરવામાં આવ્યું.ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ એક્ટ મુજબ કલમ*-248,249,250,268,270,271,286,366 *માં સંશોધન કરવામાં આવ્યું.*

**102મો બંધારણીય સુધારો, 2018 (પછાત વર્ગોના રાષ્ટ્રીયપંચને બંધારણીય દરજ્જો)**

*સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના રાષ્ટ્રીયપંચ* NCBC(National Commission for Backward classes) *ને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો આ માટે બંધારણના ૧૬માં ભાગમાં કલમ*-338(B) *નો સમાવેશ કરવામાં આવ્યો.*

**103મો બંધારણીય સુધારો, 2019 ('અનામતતંત્ર નો નવો અવતાર)**

*આર્થિક રૂપથી નબળા વર્ગો* (EWS)*માટે સરકારી નોકરીઓ તથા શૈક્ષણિક સંસ્થાનોમાં* 10% *અનામતની જોગવાઈ કરવામાં આવી આ માટે કલમ*-15(6) *અને* 16(6) *નો સમાવેશ કરવામાં આવ્યો. કલમ*-15(6) *ની જોગવાઈ આર્થિક રીતે પછાત વર્ગોના નાગરિકોની ઉન્નતિ માટે વિશેષ જોગવાઈ કરવાની તેમજ સરકારી અર્ધસરકારી કે ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે વધુમાં-વધુ* 10% *અનામતની જોગવાઈ કરવાની સતા રાજ્ય સરકારની રહેશે પરંતુ આ અનામત . કલમ*-30(1) *અંતર્ગત અલ્પસંખ્યકો (લઘુમતી) ની શૈક્ષણિક સંસ્થાઓમાં લાગુ પડશે નહિ. . કલમ*-16(6)*ની જોગવાઈ પ્રમાણે આર્થિક રીતે પછાત વર્ગના નાગરિકોની કોઈ પદ પર નિમણૂંક કે નિયુક્ત માટે વધુમાં વધુ* 10% *અનામતની જોગવાઈ કરવાની સતા રાજ્ય સરકારની રહેશે.*

## 4.5 મીની બંધારણ (લોકશાહીનું રૂઢીકરણ)

1976 માં 42 મો બંધારણીય સુધારો થયો જે લોકશાહીનું રૂઢીકરણના સ્વરૂપે મીની બંધારણ તરીકે ઓળખાયો. જે નીચે પ્રમાણે સુધારા ઉમેરવામાં આવ્યા.

- આમુખમાં સમાજવાદી,ધર્મનિરપેક્ષ,અખંડિતતા જેવા શબ્દો ઉમેરવામાં આવ્યા. મૂળભૂત અધિકારો કરતા રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો ને અગ્રિમતા આપવામાં આવી.
- મૂળભૂત ફરજો ભાગ-4(ક)માં કલમ-51(ક) જોડવામાં આવ્યું.
- લોકસભા અને રાજ્ય વિધાનસભાની બેઠકો 2001 સુધી અંકબંધ રાખવામાં આવી.
- રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની મુદ્દત 6 મહિનાથી 1 વર્ષ કરાઈ
- પ્રધાનમંડળની સલાહ અનુસાર વર્તવાની રાષ્ટ્રપતિની જવાબદારી ફરજિયાત બનાવાઈ
- આ બંધારણ સુધારાના મોટાભાગના સુધારાઓ ‘સ્વર્ણસિહ સમિતિ’ની ભલામણ મુજબ કરવામાં આવ્યા હતા.
- લોકસભા અને વિધાનસભાની બેઠકોને 1971 ની વસ્તી ગણતરીના આધાર પર 2011 સુધી સ્થગિત કરવામાં આવી.
- બંધારણીય સુધારાઓને ન્યાયિક સમીક્ષાથી બાકાત રાખવામાં આવ્યા.
- સર્વોચ્ચ ન્યાયાલય અને ઉચ્ચ-ન્યાયાલયોની ન્યાયિક સમીક્ષા અને રીટ અધિકારક્ષેત્રમાં ઘટાડો કરવામાં આવ્યો.
- લોકસભા અને વિધાનસભાના કાર્યકાળને 5 વર્ષથી વધારીને 6 વર્ષ કરવામાં આવ્યો.
- રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોના અમલ માટેના કાયદાઓને મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનના આધારે કોર્ટમાં પડકારી શકાશે નહિ.
- સંસદને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ પર નિયંત્રણો લેવા માટે કાયદા બનાવવાની સતા આપવામાં આવી.
- રાષ્ટ્રીય કટોકટીને ભારતના કોઈપણ ભાગમાં જાહેર કરી શકાશે.
- રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા અંગેની ગંભીર પરીસ્થિતિને નિયંત્રણમાં લેવા કેન્દ્રને કોઈપણ રાજ્યમાં પોતાના સશસ્ત્રદળો મોકલવાની સત્તા આપવામાં આવી.
- રાજ્યયાદીમાંથી 5 વિષયોને સમવર્તીયાદીમાં સ્થાન આપવામાં આવ્યું.જેમાં શિક્ષણ,જંગલો,જંગલી પ્રાણીઓ અને પક્ષીઓનું રક્ષણ,માપ અને વજન,સર્વોચ્ચ અને વડી અદાલતો સિવાયની તમામ અદાલતોનું ગઠન કરવું.
- સંસદ અને રાજ્ય વિધાન મંડળમાં કોરમની જોગવાઈ રદ કરવામાં આવી.

- *સંસદને સંસદસભ્યો અને સમિતિઓના વિશેષાધિકાર નક્કી કરવામાં સતા આપવામાં આવી.*
- *અખિલ ભારતીય ન્યાયિક સેવાની રચના માટેની જોગવાઈ કરવામાં આવી.*
- *વહીવટી ટ્રિબ્યુનલો અને અન્ય બાબતો માટે ટ્રિબ્યુનલો ઉમેરવામાં આવી.*

*જ્યારે બંધારણીય સુધારો* 40 *કલમોમાં ફેરફાર કરવા સામે* 14 *નવી કલમો ઉમેરે છે. જેમાં કેન્દ્રના વહીવટથી લઈ રાજ્યકક્ષા સુધીના સુધારા અવનવા જોવા મળે છે. સંસદથી લઈ વિધાનસભા સુધી પણ તેમાં સુધારા જોવા મળે છે. સંસદ, રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, મૂળભૂત અધિકારો, આમુખ અને રાજ્યવાદી વગેરેમાં સૂચિબદ્ધ રીતે સુધારા કરવામાં આવ્યા છે.*

## 4.6 અન્ય મહત્વના બંધારણીય સુધારા

*ભારતના બંધારણીય સુધારાની શરુઆતથી કેટલાક અન્ય મહત્વના સુધારા જેવા કે રાજ્યો વચ્ચેના સબંધો તેની રચના કેટલીક અનુસૂચિમાં પણ સંજોગોવશાત સુધારા કરવામાં આવ્યા છે. જેમાં કલમ-*368 *માં પણ* 4 *(ચાર) વખત સુધારા કરવામાં આવ્યા છે જે ક્રમશઃ વર્ણવ્યા છે.*

*ભારતીય બંધારણમાં કલમ-*368*માં કલમ-*368*અંતર્ગત અત્યાર સુધી ફક્ત* 4 *વખત જ સુધારો કરવામાં આવ્યો છે જેમાં*

1. 7*મો બંધારણીય સુધારો કાયદો* (1956)
2. 24*મો બંધારણીય સુધારા કાયદો* (1971)
3. 42*મો બંધારણીય સુધારા કાયદો* (1976) *મીની બંધારણ*
4. 101*મો બંધારણીય સુધારા કાયદો* (2016)GST*ને બંધારણીય કાયદાનું રૂપ અપાયું.*

**10મો બંધારણીય સુધારો,1961**

*દાદરા અને નગર હવેલીનો ભારત સંઘમાં પ્રવેશ*

**12મો બંધારણીય સુધારો,1962**

*ગોવા, દમણ-દીવ ના પ્રદેશોનો ભારત સંઘમાં પ્રવેશ*

**13મો બંધારણીય સુધારો,1962**

*નાગાલેન્ડની ભારતના* 16*માં રાજ્ય તરીકે સ્થાપના*

**14મો બંધારણીય સુધારો,1962**

*પોંડીચેરીનો ભારત સંઘમાં પ્રવેશ*

**16મો બંધારણીય સુધારો,1963**

*રાષ્ટ્રની સંપ્રભુતા અને અખંડિતતાને ધ્યાનમાં લઈ રાજ્યને ભાષા, અભિવ્યક્તિશાંતિપૂર્વક અને શસ્ત્રો વિના ભેગા થવાની સ્વતંત્રતા પર નિયંત્રણ*

*મૂકવાની રાજ્યને સતા આપવામાં આવી.ત્રીજી અનુસૂચિમાં વિભિન્ન પદાધિકારીઓ દ્વારા લેવામાં આવતી શપથ અને પ્રતિજ્ઞામાં સુધારો કરી ભારતની એકતા અને અખંડિતતાની રક્ષા માટે વચનબદ્ધ જોડવામાં આવ્યું.*

**56મો બંધારણીય સુધારો,1987**

*ગોવા ભારતનું 25મું રાજ્ય બન્યું*

**58મો બંધારણીય સુધારો,1987**

*બંધારણની સતાવાર ભાષા તરીકે હિન્દીને માન્યતા આપવામાં આવી.*

**61મો બંધારણીય સુધારો,1989**

*મતદાનની લઘુતમ વય મર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી.*

**71મો બંધારણીય સુધારો,1992**

*બધારણના આઠમાં પરિશિષ્ટમાં કોકણી, મણિપુરી, નેપાળી, ભાષાઓ ઉમેરાઈ*

**92મો બંધારણીય સુધારો,2003**

*આઠમાં પરિશિષ્ટમાં મૈથીલી,સંથાલી અને બોડો અને ડોંગરી ભાષાઓ ઉમેરવામાં આવી.*

**89મો બંધારણીય સુધારો, 2003**

*અનુસૂચિત જનજાતિઓ માટે અલગ રાષ્ટ્રીય પંચની જોગવાઈ કરવામાં આવી.*

**93મો બંધારણીય સુધારો,2005**

*કલમ-15(4) અંતર્ગત રાજ્યોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત આપવા બાબતે વિશેષ જોગવાઈ કરવાની સતા પ્રદાન કરે છે.*

**95મો બંધારણીય સુધારો,2009**

*લોકસભા અને રાજ્ય વિધાનસભામાં SC/ST અનામત* **10** *વર્ષ સુધી લંબાવવામાં આવ્યું.*

**99મો બંધારણીય સુધારો,2015**

*સૂચિત નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન (NJAC)ને બંધારણીય દરજ્જો આપવો પરંતુ પાછળથી સુપ્રિમ કોર્ટ જે ને અમાન્ય જાહેર કર્યો.*

## 4.7 સારાંશ

*ભાતમાં બંધારણીય સુધારાની પ્રક્રિયાની શરૂઆત ભારત દેશ આઝાદ થયો એના પછી પહેલી લોકસભાથી આ પ્રક્રિયાની ક્રમશઃ શરૂઆત થઇ જે આજ પર્યંત ચાલુ જ છે. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ સુધારાઓ પણ થતા ગયા. જે બંધારણ સુધારામાં સંસદના બંને ગૃહોની સમાનતા પ્રદાન થયેલી છે. જે લોકસભા દ્વારા અભિવ્યક્ત જન ઈચ્છાનું આદર છે.*

## 4.8 સંદર્ભ સૂચિ


1. Johari J.C : Indian Political System, Anmol Publication PVT. New Delhi,2007
2. Fadia B.L. : Indian Government and Politics, Sahitya Publication, Agra, 1996
3. Baxi Upendra : The Indian Supreme Court and Politics, Eastern Book Co. Lal Bagh, Luck now
4. *પટેલ અજય : ભારતીય બંધારણ અને રાજ્યવ્યવસ્થા, યુવા ઉપનિષદ પબ્લિકેશન, અમદાવાદ,*2019


## 4.9 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **બંધારણીય સુધારા** | *કોઈપણ લેખિત બંધારણની જેમ ભારતના બંધારણમાં પણ પરિસ્થિતિઓ અને જરૂરિયાતો અનુસાર સુધારા-વધારા કરવાની વ્યવસ્થા છે.* |
| **બંધારણ** | *બંધારણ જે લેખિત અને અલિખિત નિયમો અને કાનૂનોનો સમૂહ છે જેના આધારે કોઈપણ દેશની વ્યવસ્થા સંગઠિત થયેલી જોવા મળે છે.* |
| **સામાન્ય બહુમતી** | *સંસદમાં હાજર તથા મતદાન કરવાવાળા સભ્યોની* 50%*થી વધુ સભ્યોના મતને સામાન્ય બહુમતી કહે છે.* |
| **મૂળભૂત અધિકારો** | *મૂળભૂત અધિકારોમાં નાગરિકો માટે કાનુની મહત્વ આપવામાં આવ્યું છે જેના દ્વારા તેઓ નાગરિક તરીકેનું જીવન જીવી શકે છે.* |
| **રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો** | *માર્ગદર્શક સિધ્ધાંતો રાજ્ય માટે છે અને રાજ્યના કર્તવ્યો પર નિર્ધારિત છે. તેમને જનમત માટે નૈતિક શક્તિઓ પ્રાપ્ત થયેલી છે.* |
| **વિધાનમંડળ** | *વિધાનમંડળ એ કેન્દ્રીય વિધાનમંડળ જેવું હોય છે. જેમાં રાજ્યપાલ, વિધાનસભા અને વિધાનપરિષદનો સમાવેશ થાય છે.* |
| **રિટ(Writ)** | *ન્યાયાલય દ્વારા કાનૂની કે ન્યાયિક આજ્ઞા અથવા હુકમ કે તે મેળવવા માટે નાગરિક દ્વારા કરવામાં આવતી અરજી.* |
| **ન્યાયિક પુનરાવલોકન** | *ઉચ્ચ ન્યાયાલયમાં સંસદ અથવા વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલ એવા કાયદાને ગેરબંધારણીય જાહેર કરી શકે છે. જો બંધારણના કોઈ અનુચ્છેદની વિરુદ્ધ હોય પરંતુ ઉચ્ચ ન્યાયાલયમાં આ નિર્ણય વિરુદ્ધ સર્વોચ્ચ ન્યાયાલયમાં અપ્પેલ થઈ શેક છે.* |

**4.10 તમારી પ્રગતિ ચકાસો**

**(અ) સવિસ્તાર પ્રશ્નોના જવાબ આપો.**

1. *ભારતમાં બંધારણીય સુધારાની પ્રક્રિયા સમજાવો.*

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
............................................................................................

2. *42મો બંધારણીય સુધારા તરીકે 'મીની બંધારણ' ની ચર્ચા કરો.*

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
............................................................................................

**(બ) ખાલી જગ્યા પૂરો.**

1. *ભારતમાં બંધારણીય સુધારાની પ્રક્રિયા*___________ *કલમ હેઠળ છે.*
2. *મીની બંધારણ તરીકે*_________*મો બંધારણીય સુધારો થયો.*
3. *પ્રથમ બંધારણીય સુધારો*____________*વર્ષમાં થયો હતો.*
4. __________*મો બંધારણીય સુધારામાં ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો ની વયમર્યાદા 60 વર્ષથી વધારીને 62 વર્ષ કરવામાં આવી.*
5. __________ *મો બંધારણીય સુધારામાં ભૂતપૂર્વ રાજવી ઓના સલીયાણા નાબૂદ કરવામાં આવ્યા.*
6. *મિલકતનો અધિકાર મૂળભૂત અધિકારમાંથી દૂર કરીને*____________*અધિકાર બનાવાયો.*
7. ___________*માં આંતરિક અશાંતિના બદલે શસ્ત્રવિદ્રોહ શબ્દ ઉમેરાયો.*
8. *રાષ્ટ્રપતિ*___________*મંત્રી મંડળની માત્ર લેખિત સલાહથી જ જાહેર કરી શકશે.તેવી જોગવાઈ કરવામાં આવી.*
9. *લઘુ બંધારણ*__________*અમલમાં આવ્યું.*
10. _________*સુધારા હેઠળ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની મુદ્દત 6 મહિનાથી 1 વર્ષ કરાઈ.*
11. *આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે સરકારી નોકરીઓમાં*________*અનામતની જોગવાઈ કરવામાં આવી.*

12. 6 *થી* 14*વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર*_______ *સુધારા હેઠળ થયો.*
13. _________*માં સમાજવાદી,ધર્મનિરપેક્ષ,અખંડિતતા જેવા શબ્દો ઉમેરવામાં આવ્યા.*

## 4.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

| | | | |
|---|---|---|---|
| 1. 368 | 2. 42*મો* | 3. 1951 | 4. 15*મો* |
| 5. 26*મો* | 6. *કાનૂની* | 7. *કલમ-* 352 | 8.*રાષ્ટ્રીય કટોકટી* |
| 9. 1976 | 10. 42*માં* | 11. 10% | 12. 86*મો* |
| 13.*આમુખમાં* | | | |

★★★★★

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

डॉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**

**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ

(મુખ્ય તથા ગૌણ)



# મૂળભૂત અધિકારો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો 2

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડાં. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

*અસ્તુ !*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

**સંપાદન :**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. દીપ્તિબા કે. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| ડૉ. દીપ્તિબા કે. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા. |
| ડૉ. મુકેશ ખટીક | આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સલાહકાર સમિતિ ( PAC) :**

| | |
|---|---|
| ડૉ. દીપ્તિબા કે. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી. ડી. ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ. પુષ્પાબહેન મોતિયાની | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| શ્રી ધીરુભાઈ ધંધુકિયા | નિવૃત્ત પ્રિન્સીપાલ, શ્રીમતી ગાંધી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ભાવનગર. |
| ડૉ. ગજેન્દ્રસિંહ પી. જાડેજા | નિવૃત્ત અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ.કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| પ્રો. (ડૉ.) અમિત ધોળકિયા | પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા. |

**લેખન :**

| | |
|---|---|
| ડૉ. દીપ્તિબા કે. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ,અમદાવાદ. |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| ડૉ. અજય રાવલ | એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટસ કોલેજ , અમદાવાદ. |
| શ્રી ઘનશ્યામ ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા. |

**પ્રકાશન વર્ષ:** *પ્રથમ આવૃત્તિ*, 2021

ISBN: 978-93-91468-96-5

978-93-91468-96-5

**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



## સર્વાધિકાર સુરક્ષિત

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**
**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ
(મુખ્ય તથા ગૌણ)

## વિભાગ - 2 : મૂળભૂત અધિકારો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો


| | |
|---|---|
| **એકમ : 5**<br>ભારતીય બંધારણમાં મૂળભૂત અધિકારો | **01** |
| **એકમ : 6**<br>રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | **17** |
| **એકમ : 7**<br>મૂળભૂત ફરજો | **29** |

## વિભાગ 02
## મૂળભૂત અધિકારો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

---

**પેપર નંબર 03** *ભારતીય સરકાર અને રાજકારણમાં વિભાગ 02 ને કુલ ત્રણ એકમોમાં વહેંચવામાં આવ્યો છે.*

**એકમ : 5** **મૂળભૂત અધિકારો** *વિષે છે. મૂળભૂત અધિકારોનો અર્થ અને વ્યાખ્યા જાણ્યા બાદ ભારતીય બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત અધિકારો વિષે વિગતવાર સમજુતી આપવામાં આવી છે. સમાનતાના અધિકાર અંતર્ગત કાયદા સમક્ષની સમાનતા, નોકરીની તકોમાં સમાનતા, અસ્પૃશ્યતાની નાબૂદી દ્વારા સામાજિક સમાનતા, ઈલકાબોની નાબૂદીનો સમાવેશ થાય છે. સ્વતંત્રતાનો અધિકાર વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા, શાંતિપૂર્ણ નિઃશસ્ત્ર વગર એકઠા થવાની સ્વતંત્રતા, સંગઠનો, મંડળો કે સંઘો રચવાની સ્વતંત્રતા, મુક્ત રીતે હરવા-ફરવાની સ્વતંત્રતા, સ્થાયી વસવાટ કરવાની સ્વતંત્રતા, મિલકત સંબંધિત સ્વતંત્રતા, વ્યવસાય કે રોજગારીની સ્વતંત્રતા, જીવન રક્ષણ વગેરેની સ્વતંત્રતા, ધરપકડ કે અટકાયત સામે હકોનાં રક્ષણની બાહેંધરી વિષે છે. શોષણ વિરોધી અધિકાર અંતર્ગત વેઠપ્રથા અને ગુલામી પ્રથા ઉપર પ્રતિબંધ, બાળમજૂરી ઉપર પ્રતિબંધની ચર્ચા કરવામાં આવી છે. ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર કોઈપણ ધર્મ પાળવાની છૂટ, ધાર્મિક સંસ્થાઓનો અધિકાર, ધાર્મિક ગતિવિધિઓને વિશેષ રક્ષણ, ધાર્મિક શિક્ષણ બાબતે સ્પષ્ટતા કરે છે. સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો દ્વારા સાંસ્કૃતિક બાબતોમાં અધિકાર અને શૈક્ષણિક બાબતોમાં અધિકાર આપવામાં આવ્યા છે. બંધારણીય ઈલાજના અધિકારનો ઉદ્દેશ્ય મૂળભૂત અધિકારોના રક્ષણનો છે. મૂળભૂત અધિકારોનાં સંરક્ષક તરીકે સર્વોચ્ચ અદાલતની ભૂમિકા વિષે પણ સમજુતિ આપવામાં આવી છે.*

**એકમ : 6** **રાજયનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો** *વિષે છે. જેને નીતિદર્શક સિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સિદ્ધાંતોમાં લોકકલ્યાણની વૃદ્ધિ માટે પ્રયત્નો કરવાં, સમાનવેતન, સમતોલ વહેંચણી, વિકેન્દ્રીકરણ, ગ્રામપંચાયતોનાં ગઠનને લગતી બાબત, અમુક પ્રસંગે જાહેર સહાય મેળવવી, કાર્યની બાબતમાં ન્યાયિક અને માનવીય અભિગમ, કામદારોનાં જીવન નિર્વાહને લગતી બાબત, નાગરિકો માટે સમાન સિવિલ કોડ, બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ તથા નબળા વર્ગોનાં હિતોનું સંવર્ધન, લોકોનાં સ્વાસ્થ્ય અને તંદુરસ્તીને લગતી બાબત, ખેતી અને પશુપાલનનું સંવર્ધન અને રક્ષણ, પર્યાવરણનું રક્ષણ અને સંવર્ધન, રાષ્ટ્રીય સ્મારકો, સ્થળો, વસ્તુઓની જાળવણી, કારોબારીથી ન્યાયતંત્રને તદ્દન સ્વતંત્ર રાખવું, આંતરાષ્ટ્રીય શાંતિ અને સલામતિ માટે પગલાં લેવાં જેવી બાબતોને આવરી લેવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોની સમીક્ષા કરવામાં આવી છે. જેમાં રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોના ઘડતર પાછળની વિચારણા, માર્ગદર્શક સિદ્ધાંતોના કાર્યાત્મક ઉપયોગો, રાજકીય પ્રથા માટે તેનું મહત્વ, સરકારનાં સંચાલનની દ્રષ્ટિએ તેનાં સૂચિતાર્થો જાણશો. એકમના અંત ભાગમાં રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનું બદલાતું કાર્યક્ષેત્ર પણ સમજશો.*

**એકમ : 7** **મૂળભૂત ફરજો** *અંગેનું છે. તેની વ્યાખ્યાનો અભ્યાસ કર્યા બાદ અન્ય દેશોના બંધારણમાં નાગરિકોની ફરજોની જોગવાઈઓ જાણશો. ત્યાર બાદ ભારતીય બંધારણમાં આપવામાં આવેલી મૂળભૂત ફરજો વિષે સમજશો. એકમના અંત ભાગમાં તેની સમીક્ષા કરવામાં આવી છે.*

# એકમ : 5 ભારતીય બંધારણમાં મૂળભૂત અધિકારો

## રૂપરેખા


5.0 ઉદ્દેશો
5.1 પ્રસ્તાવના
5.2 મૂળભૂત અધિકારો : અર્થ અને વ્યાખ્યા
5.3 ભારતીય બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત અધિકારો
5.3.1 સમાનતાનો અધિકાર
5.3.1.1 કાયદા સમક્ષની સમાનતા
5.3.1.2 નોકરીની તકોમાં સમાનતા
5.3.1.3 અસ્પૃશ્યતાની નાબૂદી દ્વારા સામાજિક સમાનતા
5.3.1.4 ઈલકાબોની નાબૂદી
5.3.2 સ્વતંત્રતાનો અધિકાર
5.3.2.1 વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા
5.3.2.2 શાંતિપૂર્ણ નિઃશસ્ત્ર એકઠા થવાની સ્વતંત્રતા
5.3.2.3 સંગઠનો, મંડળો કે સંઘો રચવાની સ્વતંત્રતા
5.3.2.4 મુક્ત રીતે હરવા-ફરવાની સ્વતંત્રતા
5.3.2.5 સ્થાયી વસવાટ કરવાની સ્વતંત્રતા
5.3.2.6 મિલકત સંબંધિત સ્વતંત્રતા
5.3.2.7 વ્યવસાય કે રોજગારીની સ્વતંત્રતા
5.3.2.8 જીવનરક્ષણ વગેરેની સ્વતંત્રતા
5.3.2.9 ધરપકડ કે અટકાયત સામે હકોનાં રક્ષણની બાહેંધરી
5.3.3 શોષણ વિરોધી અધિકાર
5.3.3.1 વેઠપ્રથા અને ગુલામી પ્રથા ઉપર પ્રતિબંધ
5.3.3.2 બાળમજૂરી ઉપર પ્રતિબંધ
5.3.4 ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર
5.3.4.1 કોઈપણ ધર્મ પાળવાની છૂટ
5.3.4.2 ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો અધિકાર

**5.3.4.3 ધાર્મિક ગતિવિધિઓને વિશેષ રક્ષણ**
**5.3.4.4 ધાર્મિક શિક્ષણ બાબતે સ્પષ્ટતા**
**5.3.5 સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો**
**5.3.5.1 સાંસ્કૃતિક બાબતોમાં અધિકાર**
**5.3.5.2 શૈક્ષણિક બાબતોમાં અધિકાર**
**5.3.6 બંધારણીય ઈલાજનો અધિકાર**
**5.3.6.1 મૂળભૂત અધિકારોના રક્ષણનો હેતુ**
**5.3.6.2 મૂળભૂત અધિકારોનાં સંરક્ષક તરીકે સર્વોચ્ચ અદાલતની ભૂમિકા**
**5.4 સારાંશ**
**5.5 ચાવીરૂપ શબ્દો**
**5.6 તમારી પ્રગતિ ચકાસો**
**5.7 સંદર્ભ સૂચિ**

## 5.0 ઉદ્દેશો

*આ એકમનાં અભ્યાસ બાદ તમે નીચેની વિગતોથી માહિતગાર થશો.*

- *મૂળભૂત અધિકારો એટલે શું?તે જાણી શકશો.*
- *ભારતનાં બંધારણમાં નાગરિકોને આપવામાં આવેલા મૂળભૂત અધિકારોની વિસ્તૃત સમજ પ્રાપ્ત કરશો .*

## 5.1 પ્રસ્તાવના

*વિદ્યાર્થી મિત્રો, અગાઉનાં એકમમાં તમે ભારતીય બંધારણમાં સુધારાઓ અંગે ખૂબ જ ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. હવે, આ એકમનાં અભ્યાસથી તમે મૂળભૂત અધિકારોની સમજૂતિ મેળવશો. નાગરિકોનાં સર્વાંગી વિકાસ માટે ભારતનાં બંધારણમાં મૂળભૂત અધિકારોને સ્વીકારવામાં આવ્યા છે. આ અધિકારો ખૂબ જ પાયાનાં અને અગત્યનાં છે. જેની વિસ્તૃત સમજ તમે આ એકમમાં પ્રાપ્ત કરશો.*

## 5.2 મૂળભૂત અધિકારો : અર્થ અને વ્યાખ્યા

*મૂળભૂત અધિકારો એટલે શું? તેવા પાયાનાં પ્રશ્નનાં જવાબ રૂપે કહી શકાય કે સામાન્ય રીતે વ્યક્તિનાં વ્યક્તિત્વનાં સર્વોત્તમ વિકાસ માટે આવશ્યક પાયાનાં અધિકારોને મૂળભૂત અધિકારો તરીકે ઓળખવામાં આવે છે. વ્યક્તિનાં વિકાસ માટે મળવી જોઈતી તક મૂળભૂત અધિકાર છે. લોકશાહીમાં વ્યક્તિનાં ગૌરવને ખૂબજ ઉચ્ચત્તમ સ્થાન આપવામાં આવતું હોવાથી વ્યક્તિ માટે હક અનિવાર્ય બની જાય છે. લોકશાહી રાજ્યની*

*તે આધારશીલા સમાન છે. 1948 માં રાષ્ટ્રસંઘની મહાસભાએ 'માનવ હકોની વૈશ્વિક ઘોષણા' કરીને માનવ હકોનો સ્વીકાર કર્યો હતો. આ માનવ હકો પૈકી જે કેટલાંક ખૂબજ અગત્યના છે કે જેનો સ્વીકાર રાજ્ય પોતાનાં બંધારણમાં આ અધિકારોને સ્થાન આપીને કરે છે અને તેનાં રક્ષણની ખાત્રી પણ આપે છે, આ પ્રકારનાં અધિકારોને મૂળભૂત અધિકારો તરીકે ઓળખવામાં આવે છે.*

*મૂળભૂત અધિકારોની સર્વ સામાન્ય વ્યાખ્યા આ રીતે કરી શકાય.*

*"રાજ્યનાં બંધારણમાં સ્વીકારાયેલા અને રક્ષણની બાહેંધરી આપવામાં આવેલા, લોકોનાં સર્વાંગી વિકાસ માટે અપનાવાયેલા અધિકારો એટલે મૂળભૂત અધિકારો"*

*"જે સ્થિતિ કે સગવડ માનવીની અંતર્ગત શક્તિની અભિવ્યક્તિ માટે ખૂબ જરૂરી છે અને સામાજિક સ્થિતિમાં માનપૂર્વક રહેવા મહત્વની છે તેવી સગવડો (જેમ કે જીવન રક્ષણ, વ્યક્તિ સ્વાતંત્ર્ય વગેરે) મૂળભૂત અધિકાર કહેવાય છે."*

## 5.3 ભારતીય બંધારણમાં આપવામાં આવેલ મૂળભૂત અધિકારો

*બંધારણનાં ભાગ III માં આ મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે.*

### 5.3.1 સમાનતાનો અધિકાર (કલમ 14 થી 18)

*બંધારણમાં નાગરિકોને સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે. જે અંતર્ગત વિવિધ સમાનતાઓ સમાવેશ થાય છે.*

#### 5.3.1.1 *કાયદા સમક્ષની સમાનતા*

*કાયદા સમક્ષની સમાનતા એટલે કાયદા સમક્ષ સૌ સમાન છે અને કાયદો સૌ માટે સમાન છે. દરેક નાગરિક કાનૂની દ્રષ્ટિએ સમાન છે. એક પ્રકારનાં ગુના માટે એક જ પ્રકારનાં કાયદા મુજબ એક જ પધ્ધતિથી ન્યાય કરવામાં આવે છે. ભારતનાં રાજ્ય ક્ષેત્રમાં બધાને કાનુનનું સમાન રક્ષણ પ્રાપ્ત થશે તે બાબતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આથી જ ભારતમાં "કાયદાનું શાસન" છે તેમ કહેવાય છે. કાનૂની સમાનતાનો ખ્યાલ તેમાં અભિપ્રેત છે.*

#### 5.3.1.2 *નોકરીની તકોમાં સમાનતા*

*દેશનાં જાહેર પદો કે નોકરી મેળવવાની દરેકને એક સમાન તક બંધારણમાં આપવામાં આવી છે. જાતિ, ધર્મ, ભાષા, પ્રદેશનાં ભેદભાવોને કારણે નાગરિકને નોકરીની તકોથી વંચિત રાખી શકાશે નહિ. જો કે સ્ત્રીઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, અનુસૂચિત જાતિ અને અનુસુચિત જનજાતિઓનાં ઉત્કર્ષ માટે કેટલીક ખાસ વિશિષ્ટ જોગવાઈઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેથી તેઓ સામાન્ય પ્રવાહમાં જોડાઈ શકે. જાહેર નોકરીઓમાં સમાન તકનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અહી એ પણ ઉલ્લેખનીય છે કે સમયાંતરે શૈક્ષણિક લાયકાતો નક્કી કરવાની, અમૂક જગ્યાઓ અનામત*

*રાખવાની વગેરે જેવી બાબતોમાં સંસદ કે રાજ્ય સરકારોને લાગુ પડતી બાબતોમાં નિર્ણય કરવાની છૂટ આપવામાં આવે છે.*

5.3.1.3 *અસ્પૃશ્યતાની નાબૂદી દ્વારા સામાજિક સમાનતા*

*બંધારણની કલમ 17 અસ્પૃશ્યતાની નાબૂદી જાહેર કરે છે. આ બંધારણીય જોગવાઈને આધારે સંસદે 1955માં 'અનટચેબિલીટી' (ઓફેન્સીસ) એક્ટ પસાર કર્યો છે. અસ્પૃશ્યતાનું આચરણ કરવામાં આવે તો તે કાયદાકીય રીતે ગુનો બને છે. સમયાંતરે સજાની જોગવાઈઓ વધુ કડક કરવામાં આવી છે. 1976માં 'પ્રોટેક્શન ઑફ સિવિલ રાઈટ્સ એક્ટસ' એવું નામ આપીને ફેરફાર કરવામાં આવ્યો છે. જે અંતગર્ત આ કાયદા હેઠળ જે વ્યક્તિને સજા કરવામાં આવી હોય તે ચુંટણી લડવા માટે ગેરલાયક ઠરે છે. આમ, અસ્પૃશ્યતાની નાબૂદી દ્વારા સામાજિક ભેદભાવોને દૂર કરીને સામાજિક સમાનતા સ્થાપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.*

5.3.1.5 *ઈલકાબોની નાબૂદી*

*બ્રિટીશ શાસન દરમિયાન વિવિધ ખિતાબો આપવામાં આવતા હતા. ખિતાબો મેળવનાર વર્ગ અને સામાન્ય પ્રજામાં કૃત્રિમ ભેદભાવો તેનાં કારણે ઉભા થતાં હોવાથી બંધારણમાં ઈલકાબોની નાબૂદીની જોગવાઈ કરવામાં આવી છે. સામાજિક, આર્થિક, રાજકીય રીતે સમાનતા અને સમરસતા સ્થાપવા માટે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનાં આ પ્રકારનાં કૃત્રિમ ભેદભાવોને દૂર કરવામાં આવ્યા છે. રાજ્ય આવા ઈલકાબો કોઈને પણ આપી શકે નહી. લોકશાહી મૂલ્યોની વિરૂધ્ધ આપવામાં આવતા આ પ્રકારનાં ઈલકાબો કે ખિતાબો રાષ્ટ્રીય એકતા માટે પણ પ્રશ્ન ઊભો કરી શકે છે. જો કે અહીં એ બાબત ઉલ્લેખનીય છે કે વિવિધ ક્ષેત્રો જેવા કે શૈક્ષણિક, સામાજિક, કલા-સાહિત્ય, વિજ્ઞાન, રમતગમત કે જાહેર સેવાનાં ક્ષેત્રોમાં અદ્રિતીય સિધ્ધિ મેળવનાર વ્યક્તિને સન્માનિત કરવાના આશયથી ભારત સરકારે વિવિધ પદવીઓ આપવાનું સ્વીકાર્યું છે. ઉદાહરણ તરીકે, 'ભારત રત્ન', 'પદ્મવિભૂષણ', 'પદ્મભૂષણ', 'પદ્મશ્રી' વગેરે.કોઈ વ્યક્તિને વિદેશી રાજ્ય દ્વારા કોઈ ઈલકાબ મળે તો રાષ્ટ્રપતિની મંજુરી વગર તે સ્વીકારી શકાય નહી.*

*આમ, કાયદા સમક્ષની સમાનતાનો સ્વીકાર, ભેદભાવોની નાબૂદી, નોકરીઓમાં સમાન તક, અસ્પૃશ્યતાની નાબૂદી, ઈલકાબોની નાબૂદી દ્વારા સમાનતાનો સ્વીકાર કરીને બંધારણમાં સમાનતાનો અધિકાર નાગરિકોને આપવામાં આવ્યો છે. બંધારણની કલમ 14 થી 18 માં સમાનતાનો આ અધિકાર આપવામાં આવ્યો છે.*

**5.3.2** *સ્વતંત્રતાનો અધિકાર (કલમ 19થી 22)*

*સ્વતંત્રતા દરેકને પ્રિય હોય છે.કોઈપણ વ્યક્તિનાં સર્વાંગી વિકાસ માટે સ્વતંત્રતા સૌથી અગત્યની પૂર્વ શરત છે. સ્વતંત્રતાના અભાવમાં માનવી પોતાનો સર્વોત્તમ વિકાસ*

*સાધી શકે નહિ. ભારતીય બંધારણમાં નાગરિકોને સ્વતંત્રતાનાં અધિકાર અંતગર્ત વિવિધ પ્રકારની સ્વતંત્રતાઓ આપવામાં આવી છે. જેમ કે_*

5.3.2.1 *વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા*

*દરેકને વાણી અને પોતાના વિચારોને વ્યકત કરવાની સ્વતંત્રતા મળે તે આવશ્યક છે. આ સ્વતંત્રતા અંતગર્ત વર્તમાનપત્રોની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે. વાણી સ્વતંત્રતામાં પ્રકાશનનું સ્વાતંત્ર્ય પણ અભિપ્રેત છે. જો કે આ અધિકાર અમર્યાદિત હોઈ શકે નહીં. તેનો દૂર ઉપયોગ કરી શકાતો નથી. રાજયની સલામતી, સાર્વજનિક વ્યવસ્થા, બીજા રાજ્યો સાથેનાં મૈત્રીપૂર્ણ સંબંધો, અપરાધ કાર્યની ઉશ્કેરણી રોકવા, નીતિમત્તા અને શિષ્ટાચાર જાળવવા, અદાલતનું અપમાન થતું રોકવા, અપમાનજનક લેખ, વચન કે બદનક્ષીને રોકવા વગેરે જેવી બાબતોમાં આ અધિકાર અંતગર્ત યોગ્ય, સુસંગત કે બુધ્ધિગમ્ય પ્રતિબંધ મૂકી શકાય છે.*

5.3.2.2 *શાંતિપૂર્ણ નિઃશસ્ત્ર એકઠા થવાની સ્વતંત્રતા*

*લોકશાહીમાં આ અધિકાર ખૂબ અગત્યનો છે. ભારતીય બંધારણમાં નાગરિકોને સ્વતંત્રતા છે કે તેઓ હથિયાર કે શસ્ત્રો વગર શાંતિપૂર્ણ રીતે એકઠા થઈ શકે છે. લોકમતનાં ઘડતર માટે આ પ્રકારની સ્વતંત્રતાનું ખૂબ જ મહત્વ છે. સભા ભરવાનો, સરઘસો કાઢવાનો અધિકાર ભારતીય નાગરિકોને આપવામાં આવ્યો છે. જો કે જાહેર હિતને નુકશાન ન થાય તેની તકેદારી રાખવી એ નાગરિકની ફરજ છે.*

5.3.2.3 *સંગઠન, મંડળો કે સંઘો રચવાની સ્વતંત્રતા*

*લોકમતનાં ઘડતર માટે અને પ્રજાલક્ષી વિકાસનાં કાર્યોની ચર્ચા માટે આવશ્યક સંગઠનો, મંડળો, કે સંઘો રચવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. જેથી લોકો સંગઠિત થઈને પોતાના વિચારોનો પ્રચાર યોગ્ય રીતે કરી શકે. વિવિધ પ્રકારના જૂથો જેમાં હિતજૂથો, વ્યવસાયિક મંડળો, યુનિયનો, કલા મંડળો વગેરેનો સમાવેશ થાય છે. જેની સ્થાપના કરવાની સ્વતંત્રતા છે. જો કે અયોગ્ય લાગતી બાબતો માટે રાજ્ય પ્રતિબંધ મૂકી શકે છે.*

5.3.2.4 *મુક્ત રીતે હરવા-ફરવાની સ્વતંત્રતા*

*આ સ્વતંત્રતા અનુસાર ભારતનાં કોઈપણ રાજયમાં નાગરિકને છૂટથી હરવા-ફરવાની સ્વતંત્રતા છે. જો કે રાજ્ય ગુનાહિત કૃત્યો રોકવા તેમજ આવશ્યક્તા અનુસાર બુધ્ધિગમ્ય પ્રતિબંધ કે નિયંત્રણ મુકી શકે છે.*

5.3.2.5 *સ્થાયી વસવાટ કરવાની સ્વતંત્રતા*

*આ અધિકાર મુજબ ભારતનો કોઈપણ નાગરિક પોતાને યોગ્ય લાગે તે રાજયમાં જઈને સ્થાયી વસવાટ કરી શકે છે.*

5.3.2.6 *મિલકત સંબંધિત સ્વતંત્રતા*

*ભારતનાં કોઈપણ નાગરિકને સંપતિ કે મિલકત પ્રાપ્ત કરવાની, રાખવાની અને તેનો ઉપયોગ કરવાની પૂરી સ્વતંત્રતા છે. પોતાની મિલકત સંબંધિત કોઈપણ નિર્ણય કરવાની તેને છૂટ છે. જાહેર હિતની મર્યાદામાં રહીને આ સ્વતંત્રતાનો ઉપયોગ કરવાનો રહે છે. મિલકતનો અધિકાર હવે મૂળભૂત અધિકાર તરીકેનું સ્વરૂપ ગુમાવી બેઠો છે. તે હવે કાનુની અધિકાર તરીકે સ્વીકારવામાં આવ્યો છે.*

5.3.2.7 *વ્યવસાય કે રોજગારીની સ્વતંત્રતા*

*ભારતના નાગરિકને પોતાની પસંદગી અનુસારનો ધંધો, વ્યવસાય કે રોજગારી કરવાનો અધિકાર છે. તે ભારતના કોઈપણ વિસ્તારમાં જઈને રોજી-રોટી મેળવવાના આશયથી રોજગારી મેળવી શકે છે.*

5.3.2.8 *જીવન રક્ષણ વગેરેની સ્વતંત્રતા*

*આ સ્વતંત્રતા અનુસાર જીવનની તથા અંગત સ્વાતંત્ર્યના રક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. કાયદા દ્વારા સ્થાપિત કાર્યવિધી સિવાય કોઈપણ વ્યક્તિને તેનાં જીવનથી કે અંગત સ્વાતંત્ર્યથી વંચિત રાખી શકાય નહિ. જીવન જીવવા યોગ્ય જીવન ધોરણની પ્રાપ્તિનાં વ્યક્તિગત પ્રયાસ માટે સગવડ માટે પણ સ્વતંત્રતા આપવામાં આવેલી છે.*

5.3.2.9 *ધરપકડ કે અટકાયત સામે હકોના રક્ષણની બાહેંધરી*

*આ અધિકાર અંતગર્ત ધરપકડ કે અટકાયત સામે ત્રણ પ્રકારનાં હકોનાં રક્ષણની બાહેંધરી આપવામાં આવી છે. જેમ કે_*

I. *વ્યક્તિને પોતાની ધરપકડનાં કારણો જાણવાનો અધિકાર છે.*
II. *ધરપકડ કરાયેલી વ્યક્તિને એ અધિકાર છે કે તે પોતાની પસંદગી મુજબનાં વકીલ સાથે રહી સલાહ-સુચન લઈ શકે છે. તે પોતાનો બચાવ પક્ષ રજૂ કરી શકે છે.*
III. *ધરપકડ કરીને કસ્ટડીમાં રાખવામાં આવેલ વ્યક્તિને* 24 *કલાકની અંદર નજીકનાં મેજીસ્ટ્રેટ સમક્ષ રૂબરૂમાં હાજર થવાનો અધિકાર છે. મેજીસ્ટ્રેટના હુકમ મુજબ તેને કસ્ટડીમાં રાખી પણ શકાય અને છોડી પણ શકાય.*

*આમ, સ્વતંત્રતાનાં અધિકાર અંતગર્ત વિવિધ પ્રકારની સ્વતંત્રતાઓ નાગરિકોને આપવામાં આવેલી છે. જેમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા, શાંતિપૂર્વક નિઃશસ્ત્ર ભેગા થવાની સ્વતંત્રતા, સંગઠન, મંડળો, કે સંઘો રચવાની સ્વતંત્રતા, હરવા-ફરવાની સ્વતંત્રતા, વસવાટની સ્વતંત્રતા, વ્યવસાયની સ્વતંત્રતા, મિલકત સંબંધિત સ્વતંત્રતા વગેરેનો સમાવેશ થાય છે. જીવન રક્ષણની સ્વતંત્રતા ઉપરાંત ધરપકડ અને અટકાયત સામેનો અધિકાર નાગરિકોને આપવામાં આવ્યો છે. જે અતિ મહત્વનાં છે.*

### 5.3.3 શોષણ વિરોધી અધિકાર (કલમ 23 થી 24)

*કોઈપણ વ્યક્તિ શોષિત બને તો અને જો કોઈપણ વ્યક્તિ બીજાનું શોષણ કરે તો આ અધિકાર અંતગર્ત તેને પ્રતિકાર કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.*

5.3.3.1 *વેઠપ્રથા અને ગુલામી પ્રથા ઉપર પ્રતિબંધ*

*મનુષ્યનાં ખરીદ-વેચાણ ઉપર પ્રતિબંધ મુક્તી જોગવાઈ છે. વેઠપ્રથા ઉપરાંત ભારતમાં દેવદાસી જેવી પ્રથાઓને કારણે ઘણા લોકો શોષણનો ભોગ બનતા હતા. જેથી ગુલામી પ્રથાની નાબૂદી કરવામાં આવી છે. ફરજિયાત મજુરી કરાવવી એ પણ કાયદા અંતગર્ત ગુનો ગણવામાં આવ્યો છે. શારીરિક કે માનસિક પ્રકારનાં શોષણ સામે આ અધિકાર રક્ષણ પૂરું પાડે છે.*

5.3.3.2 *બાળ મજૂરી પ્રતિબંધ*

14 *વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને કારખાનામાં કે જોખમી સ્થળોએ કામ કરાવી શકાય નહિ. તે એક પ્રકારનું શોષણ છે.આ પ્રકારની બાળમજૂરી ઉપર પ્રતિબંધ મુકતી જોગવાઈ બંધારણમાં છે. બાળમજૂરી બાળકોનો સર્વાંગી વિકાસ અવરોધ છે. કયારેક બાળકોને તે ગુનાખોરી તરફ પણ લઈ જાય છે.*

### 5.3.4 ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (કલમ 25 થી 28)

5.3.4.1 *કોઈપણ ધર્મ પાળવાની છુટ*

*ભારતનાંનાગરિકને પોતાની પસંદગી અનુસારનો કોઈપણ ધર્મ સ્વીકારવાની છૂટ આ અધિકાર અંતર્ગત આપવામાં આવી છે.વ્યકિત પોતાની પસંદગીનો ધર્મ અંગિકાર કરી તેનું આચરણ કરી શકે છે.*

5.3.4.2 *ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો અધિકાર*

*ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર અંતગર્ત ભારતના કોઈપણ નાગરિકને ધાર્મિક બાબતોનાં સંચાલન સંબંધિત અધિકારોની ખાત્રી આપવામાં આવી છે. ધર્મના હેતુઓ મુજબ ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો, તેનું જતન અને સંવર્ધન કરવાનો, ધર્મ સંબંધિત બાબતોનું યોગ્ય રીતે સંચાલન કરવાનો અધિકાર નાગરિકોને આપવામાં આવ્યો છે. ધાર્મિક પ્રવૃત્તિઓ અંતગર્ત ફાળો ઉઘરાવવાનો, મિલકત મેળવવાનો, ધાર્મિક ટ્રસ્ટોની સ્થાપના કરવાનો તેનો વહીવટ કરવાનો અધિકાર નાગરિકને છે.*

5.3.4.3 *ધાર્મિક ગતિવિધિઓને વિશેષ રક્ષણ*

*બંધારણમાં ધાર્મિક ગતિવિધીઓને વિશેષ રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે. ધાર્મિક બાબતો માટે ઊભા કરવામાં આવેલ નાણાને કરવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.*

5.3.4.4 *ધાર્મિક શિક્ષણ બાબત સ્પષ્ટતા*

*રાજ્યનાં નાણામાંથી એટલે કે રાજ્યનાં સંપૂર્ણ સહયોગથી ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ આપવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. આ ઉપરાંત રાજ્ય દ્વારા માન્યતા મળેલી હોય અને રાજ્ય દ્વારા થોડાક અંશે મળતી મદદનાં આધારે ચાલતી સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ લેવાની ફરજ પાડી શકાય નહી.*

*આમ, ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર આપીને ઘણી ઉદારતા દાખવવામાં આવી છે. ભારત પોતે બિનસાંપ્રદાયિક અને ધર્મનિરપેક્ષ દેશ છે. ભારતને પોતાનો કોઈ રાજ્યધર્મ નથી. ભારતમાં વસતા નાગરિકો ધર્મની બાબતમાં પોતાનાં અંતઃકરણની સ્વતંત્રતા ભોગવી શકે છે. જો કે જાહેર હિતને નુકશાન થાય તે રીતે તેનો ઉપયોગ કરવાનો નથી. આ અધિકાર દ્વારા લઘુમતિઓનાં ધાર્મિક હિતો અને લાગણીઓમાં સાયુજ્યનું વાતાવરણ જળવાય તેવી ભાવના બંધારણનાં ઘડવૈયાઓએ રાખી છે.*

### 5.3.5 સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો (કલમ 29 થી 30)

5.3.5.1 *સાંસ્કૃતિક બાબતોમાં અધિકાર*

*ભારતનાં દરેક નાગરિકને પોતાની ભાષા, લિપિ અને સંસ્કૃતિ જાળવવાનો, તેનું સંવર્ધન કરવાનો અધિકાર છે. સાંસ્કૃતિક વારસાની જાળવણી એ રાજ્યની ફરજ પણ હોવાથી તેને સુરક્ષિત કરાયા છે. પ્રા.જી.એન.જોષી જણાવે છે કે "લઘુમતિઓને તેમના સંસ્કાર જાળવણીના આ અધિકારો જગતનાં બીજા બંધારણમાં જોવા મળતા નથી, કારણ કે ધાર્મિક લઘુમતિઓનું રક્ષણ તો બધા બંધારણો કરતાં હોય છે, પરંતુ ભારતનું નુતન બંધારણ તો સાંસ્કૃતિક અને ભાષાકીય લઘુમતિઓનું રક્ષણ કરે છે..."*

5.3.5.2 *શૈક્ષણિક બાબતોમાં અધિકારો*

*રાજ્ય દ્વારા ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં ધર્મ, જાતિ, ભાષાનાં આધારે કોઈના પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકી શકાશે નહિ. તેની ખાત્રી બંધારણમાં આપવામાં આવેલી છે. ભાષા અને ધર્મના આધાર પર રચાયેલી લઘુમતિઓની પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અધિકાર આપવામાં આવ્યો છે. તેનો વહીવટ તેઓ કરી શકે છે. 'લઘુમતિ'નો અર્થ અહીં એ છે કે માત્ર ધર્મનાં આધારે લઘુમતિ નહીં પરંતુ સાથે ભાષા, લિપી, સંસ્કૃતિનાં આધારે લઘુમતિનો દરજ્જો પામેલ વ્યક્તિ કે સમૂહનો સમાવેશ 'લઘુમતિ' માં થાય છે. આ અધિકારનો મુખ્ય હેતુ વિવિધ ભાષા, ધર્મ અને સંસ્કૃતિની અસ્મિતાને જાળવવાનો છે. આ જોગવાઈઓનું મહત્વ એ રીતે ઘણું વિશેષ છે.*

### 5.3.6 બંધારણીય ઈલાજનો અધિકાર (કલમ 32)

5.3.6.1 *મૂળભૂત હકોનાં રક્ષણનો હેતુ*

*બંધારણીય ઈલાજનાં અધિકાર દ્વારા નાગરિકોનાં મૂળભૂત અધિકારોનાં રક્ષણનો મુખ્ય હેતુ છે. બંધારણમાં સ્વીકારાયેલા અને આપવામાં આવેલા નાગરિકોનાં અધિકારોની*

*વ્યવહારમાં તેનાં અમલીકરણની ખાતરી મળી રહે અને લોકો ખરા અર્થમાં આ અધિકારોનો ઉપભોગ કરીને પોતાનો વિકાસ કરી શકે એ માટે મૂળભૂત અધિકારોનાં અસરકારક અમલ માટે ભારતનાં બંધારણનાં ઘડવૈયાઓએ આ અધિકાર આપ્યો છે.*

5.3.6.2 *મૂળભૂત અધિકારોનાં સંરક્ષક તરીકે સર્વોચ્ચ અદાલતની ભૂમિકા*

*બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત અધિકારોનાં ભંગ બદલ વ્યક્તિ અદાલતમાં ન્યાય માંગી શકે છે. મૂળભૂત અધિકારોનાં સંરક્ષક તરીકે સર્વોચ્ચ અદાલતની ભૂમિકા ઘણી જ અગત્યની બને છે. જો કે આ અધિકાર અમર્યાદિત નથી. વિદેશી બાહ્ય આક્રમણ સમયે અથવા દેશની આંતરિક અવ્યવસ્થા, અશાંતિ કે રાષ્ટ્રપતિ દ્વારા જાહેર થયેલ કટોકટીનાં સમયગાળામાં આ અધિકાર મોકૂફ રાખી શકાય છે.*

*મૂળભૂત અધિકારો ઉપર કોઈપણ વ્યક્તિ કે સરકાર તરાપ મારે ત્યારે વ્યક્તિ અદાલતમાં પોતાનાં અધિકારોનું રક્ષણ કરી શકે છે. બંધારણીય ઈલાજનાં આ અધિકાર બાબતે ડૉ.ભીમરાવ આંબેડકર જણાવે છે કે "બંધારણીય ઈલાજ સંબંધી જોગવાઈ આખા બંધારણમાં આત્મા સમાન છે. જે હકોનું રક્ષણ બંધારણીય માર્ગે કરી શકાતું ન હોય તે હકો હોય કે ન હોય તે બધું સરખું જ છે." ભારતનાં બંધારણનાં ઘડવૈયાઓએ આ પ્રકારનો અધિકાર આપીને શ્રેષ્ઠ પ્રકારની મુત્સદ્દીગીરીનો નમુનો પૂરો પાડ્યો છે.*

*ભારતનાં બંધારણમાં ઉપરોક્ત મૂળભૂત અધિકારો નાગરિકોને આપવામાં આવ્યા છે. મિલકતનો અધિકાર એ પહેલા મૂળભૂત અધિકાર તરીકે આપવામાં આવ્યો હતો. બાદમાં બંધારણીય સુધારા દ્વારા તેને કાનૂની અધિકાર તરીકે આપવામાં આવ્યો છે અને મૂળભૂત અધિકારોમાંથી રદ કરવામાં આવ્યો છે.*

*મૂળભૂત અધિકારોનાં ઉપભોગ બાબતે અમૂક સંજોગોમાં મર્યાદાઓ મુકવામાં આવી છે. આ અધિકારો અમર્યાદિત કે નિરકુંશ નથી. શ્રી એમ.સી.ચાગલા જણાવે છે કે "સંસદે ઘડેલો કોઈપણ કાયદો જે મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે તેને ગેરબંધારણીય ગણી રદબાતલ જાહેર કરવામાં આવે છે. પ્રત્યેક મૂળભૂત અધિકાર કે જેને બંધારણમાં આવરી લેવામાં આવ્યો છે તે યોગ્ય અને ન્યાયી છે."*

*મૂળભૂત અધિકારોનાં સંદર્ભમાં અનંત શયનમ્ આયંગર જણાવે છે કે "ભારતનાં બંધારણમાં મૂળભૂત હકો બીજા ઘણા દેશોનાં બંધારણનાં મૂળભૂત હકો કરતાં વધુ વિસ્તૃત અને નક્કર છે." પ્રો. લાસ્કીએ સાચુ જ કહ્યું છે કે "હક્ક એ રાજ્યનો પાયો છે અને રાજ્યમાં પ્રવર્તતા અધિકારો ઉપરથી જ રાજ્યનું મૂલ્યાંકન થાય છે."*

## 5.4 સારાંશ

*ભારતનાં બંધારણમાં નાગરિકોને આપવામાં આવેલા મૂળભૂત અધિકારોની સમજ તમે વિગતે આ એકમમાં મેળવી છે. તેનાં સાર બિંદુઓ આ મુજબ યાદ કરી લઈએ.*

- *મૂળભૂત અધિકારો અંતગર્ત સમાનતાના અધિકારનો અભ્યાસ તમે કર્યો. સમાનતાના અધિકારમાં કાયદા સમક્ષની સમાનતા, નોકરીમાં તકની સમાનતા, અસ્પૃશ્યતાની નાબૂદી દ્વારા સામાજિક સમાનતા, ઈલકાબોની નાબૂદીનો સમાવેશ થાય છે.*
- *સ્વતંત્રતાનો અધિકાર આપીને વિવિધ પ્રકારની સ્વતંત્રતાઓ જેમ કે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા, સંગઠન-મંડળો કે સંઘની રચના કરવાની સ્વતંત્રતા, મિલકત સંબંધીત સ્વતંત્રતા, વ્યવસાય કે રોજગાર કરવાની સ્વતંત્રતા, જીવન રક્ષણની સ્વતંત્રતા આપવામાં આવી છે. ધરપકડ કે અટકાયત સામે હકોનાં રક્ષણની બાહેંધરી પણ નાગરિકોને આપવામાં આવી છે.*
- *શોષણ વિરોધી અધિકાર અંતર્ગત વેઠ પ્રથા, ગુલામી પ્રથા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. 14 વર્ષની નીચેની ઉંમરના બાળકોની બાળ મજુરી ઉપર પણ પ્રતિબંધ મુકાયો છે.*
- *ધાર્મિક સ્વતંત્રતાનાં અધિકાર દ્વારા વ્યક્તિને પોતાની પસંદગીનો કોઈપણ ઘર્મ પાળવાની છૂટ આપવામાં આવી છે. ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો તેનો વહીવટ કરવાની સ્વતંત્રતા અને અધિકાર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ધાર્મિક ગતિવિધિઓને વિશેષ રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે. ધાર્મિક શિક્ષણ આપવા બાબતની સ્પષ્ટતા પણ બંધારણમાં કરવામાં આવી છે.*
- *સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર અંતર્ગત પોતાની ભાષા, સંસ્કૃતિ, લિપિ જાળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. શૈક્ષણિક અધિકારો પણ આપવામાં આવ્યા છે.*
- *મિલકતનો અધિકાર જે પેહલા મૂળભૂત અધિકાર અધિકાર તરીકે આપવામાં આવ્યો હતો તેને બંધારણીય સુધારા દ્વારા રદ કરીને કાનૂની અધિકાર તરીકે આપવામાં આવ્યો છે.*
- *આ તમામ અધિકારો વ્યક્તિનાં સર્વાંગી વિકાસ માટેની તકો ઉપલબ્ધ કરાવે છે. તેના અમલ પાછળ કાનૂની પીઠબળ છે.*
- *અધિકારોનો ઉપભોગ વ્યક્તિએ સ્વચ્છંદી બનીને નથી કરવાનો પરંતુ સાથે પોતાની ફરજો પણ નિભાવવાની છે. મૂળભૂત ફરજોનો અભ્યાસ તમે આગળનાં એકમમાં કરશો.*
- *અધિકારો પ્રત્યેની સભાનતા, તેની અસરકારકતા અને ઉપયોગીતાને વધુ સાર્થક બનાવશે.*
- *આ મૂળભૂત અધિકારોનું મહત્વ અદ્વિતીય છે તેમાં શંકાને કોઈ જ સ્થાન નથી. વ્યક્તિના સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, નૈતિક, આધ્યાત્મિક અને વૈચારિક વિકાસ માટે આ અધિકારો અનિવાર્ય છે.*

## 5.5 ચાવીરૂપ શબ્દો

**દેવદાસી પ્રથા** *આ પ્રથા હેઠળ યુવાન સ્ત્રીઓને ધર્મનાં નામે મંદિરોમાં સમર્પિત કરવામાં આવતી. ત્યાર બાદ તેને જીવન પર્યન્ત ભોગ વિલાસ અને અનૈતિક આચરણનો ભોગ બનાવવામાં આવતી.*

**બાળમજૂરી** *બંધારણ અનુસાર 14 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને કારખાનામાં કે અન્ય જગ્યાએ ભારેખમ કાર્ય કરાવવું તે બાળમજૂરી ગણાય છે.*

## 5.6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો.**

1. *સમાનતાના અધિકાર અંતર્ગત કાયદા સમક્ષની સમાનતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.*
2. *ભારતીય બંધારણમાં નાગરિકોને નોકરીઓમાં તકની સમાનતા આપવામાં આવી છે.*
3. *ભારતીય બંધારણની કલમ 17 અસ્પૃશ્યતાની નાબૂદી જાહેર કરે છે.*
4. *ભારતીય બંધારણમાં ઈલકાબોની નાબૂદી કરવામાં આવી છે.*
5. *સ્વતંત્રતાનાં અધિકાર અંતર્ગત વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપવામાં આવી છે.*

**(ખ) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ આપો.**

1. *સમાનતાનાં અધિકાર અંતર્ગત કઈ સમાનતાનો સમાવેશ થાય છે.?*

*અ) કાયદા સમક્ષ સમાનતા*

*બ) નોકરીઓમાં તકની સમાનતા*

*ક) અસ્પૃશ્યતાની નાબૂદી*

*ડ) ઉપરોક્ત ત્રણેય*

2. *સ્વતંત્રતાના અધિકાર અંતર્ગત કઈ સ્વતંત્રતાનો સમાવેશ કરવામાં આવ્યો છે?*

*અ) શાંતિપૂર્ણ રીતે નિઃશસ્ત્ર એકઠા થવાની સ્વતંત્રતા*

*બ) કાયદા સમક્ષની સમાનતા*

*ક) ઈલકાબોની નાબૂદી*

*ડ) અસ્પૃશ્યતાની નાબૂદી*

3. *મુક્ત રીતે હરવા-ફરવાની સ્વતંત્રતા ક્યાં અધિકાર અંતર્ગત આપવામાં આવી છે?*

*અ) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર*

બ) શોષણ સામે વિરોધનો અધિકાર
ક) સમાનતાનો અધિકાર
ડ) સ્વતંત્રતાનો અધિકાર

4. ભારતીય બંધારણમાં નાગરિકોનાં મૂળભૂત અધિકારો પૈકી ક્યાં-ક્યાં છે?
અ) સમાનતાનો અધિકાર
બ) બંધારણીય ઈલાજનો અધિકાર
ક) ઉપરોક્ત બંને
ડ) બંધારણમાં સુધારો કરવાનો અધિકાર

5. શોષણ વિરોધી અધિકાર અંતર્ગત શેના ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે?
અ) વેઠ પ્રથા
બ) હરવા-ફરવા ઉપર
ક) રોજગારી કરવા
ડ) ત્રણ પૈકી એકપણ નહિ

6. ક્યાં મૂળભૂત અધિકાર અંતર્ગત 14વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને બાળમજૂરી કરાવવી, તેના ઉપર પ્રતિબંધ મુકાયો છે?
અ) શોષણ વિરોધી અધિકાર
બ) સાંસ્કૃતિક અધિકાર
ક) શૈક્ષણિક અધિકાર
ડ) બંધારણીય ઈલાજનો અધિકાર

7. ધાર્મિક અધિકારનાં સંબંધમાં સત્ય એ છે કે૦
અ) ભારતને પોતાનો ચોક્કસ ધર્મ છે.
બ) ભારતમાં વસતા નાગરિકો કોઈપણ ધર્મ પાળી શકે છે.
ક) ધાર્મિક સંસ્થાઓ સ્થાપવી એક અપરાધની પ્રવૃત્તિ બને છે.
ડ) ત્રણ માંથી એકપણ નહી

8. કાયદા સમક્ષની સમાનતા એટલે_
અ) કાયદા સમક્ષ સૌ સમાન, સૌ માટે કાયદો સમાન
બ) કાયદા સમક્ષ ભેદભાવોને ધ્યાને લેવામાં આવે છે.
ક) ઉપરોક્ત બંને
ડ) ત્રણ પૈકી એક પણ નહી

9. *પોતાની ભાષા, લીપી, સંસ્કૃતિ જાળવવાનો અધિકાર ક્યાં મૂળભૂત અધિકાર અંતર્ગત આપવામાં આવ્યો છે.*
*અ) સ્વતંત્રતાનો અધિકાર*
*બ) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર*
*ક) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર*
*ડ) બંધારણીય ઈલાજનો અધિકાર*

10. *મૂળભૂત અધિકારોનાં રક્ષણનાં સંદર્ભે કહી શકાય કે_*
*અ) કાનૂની પીઠબળ નથી.*
*બ) કાનૂની પીઠબળ છે.*
*ક) અધિકારોનો અમલ મરજિયાત છે.*
*ડ) અદાલતમાં જઈ શકાતું નથી.*

11. *ભારતમાં મૂળભૂત અધિકારો ક્યાં સમયે મોકૂફ રહી શકે છે?*
*અ) કટોકટીનાં સમયે*
*બ) બેરોજગારીના સમયગાળામાં*
*ક) સરકાર બદલાય ત્યારે*
*ડ) ચુંટણી સમયે*

12. *"બંધારણીય ઈલાજ સંબંધી જોગવાઈ આખા બંધારણમાં આત્મા સમાન છે. જે હકોનું રક્ષણ બંધારણીય માર્ગે કરી શકાતું ન હોય તે હકો હોય કે ન હોય તે બધું સરખું જ છે." આ વિધાન કોનું છે?*
*અ) ડૉ.ભીમરાવ આંબેડકર*
*બ) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન*
*ક) જવાહરલાલનેહરુ*
*ડ) પ્રા.લાસ્કી*

13. *"સંસદે ઘડેલો કોઈપણ કાયદો જે મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે તેને ગેરબંધારણીય ગણી રદ બાતલ જાહેર કરવામાં આવે છે. પ્રત્યેક મૂળભૂત અધિકાર કે જેને બંધારણમાં આવરી લેવામાં આવ્યો છે તે યોગ્ય અને ન્યાયી છે." આ વિધાન કોનું છે?*
*અ) અંનતશયનમ્ આયંગર*
*બ) ડૉ.બી.આર.આંબેડકર*
*ક) કનૈયાલાલ મુનશી*
*ડ) શ્રી.એમ.સી.ચાગલા*

14. ભારતના બંધારણમાં મૂળભૂત હકો બીજા ઘણા દેશોનાં બંધારણોનાં મૂળભૂત હકો કરતાં વધુ વિસ્તૃત અને નક્કર છે.'' આ વિધાન કોનું છે?
અ) સરાજિની નાયડુ
બ) હંસા મહેતા
ક) અંનતશયનમ્ આયંગર
ડ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

15. ''હક્ક એ રાજ્યનો પાયો છે અને રાજ્યમાં પ્રવર્તતા અધિકારો ઉપરથી જ રાજ્યનું મૂલ્યાંકન થાય છે.'' આ વિધાન કોનું છે?
અ) પ્રા.લાસ્કી
બ) એ.વી.ડાયસી
ક) એરીસ્ટૉટલ
ડ) ડૉ.સચ્ચિદાનંદ સિંહા

16. બંધારણનાં કયા ભાગમાં મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે?
અ) ભાગ ii
બ) ભાગ i
ક) ભાગ iii
ડ) ભાગ iv

17. સમાનતાનો અધિકાર બંધારણની કઈ કલમમાં આપવામાં આવ્યો છે?
અ) કલમ 14 થી 18
બ) કલમ 19 થી 22
ક) કલમ 25 થી 28
ડ) કલમ 32

18. સ્વતંત્રતાનો અધિકાર બંધારણની કઈ કલમમાં આપવામાં આવ્યો છે?
અ) કલમ 19 થી 22
બ) કલમ 35
ક) કલમ 25 થી 28
ડ) કલમ 24

19. શોષણ વિરોધી અધિકાર બંધારણની કઈ કલમમાં આપવામાં આવ્યો છે?
અ) કલમ 23 થી 24
બ) કલમ 27
ક) કલમ 30 થી 32
ડ) કલમ 29 થી 31

20. *ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર બંધારણની કઈ કલમમાં આપવામાં આવ્યો છે?*
*અ) કલમ* 25 *થી* 28
*બ) કલમ* 29 *થી* 31
*ક) કલમ* 32 *થી* 35
*ડ) કલમ* 18

- **જવાબોઃ**

**(ક) ખરાં-ખોટાં નાં જવાબ**

1) *ખરું*
2) *ખરું*
3) *ખરું*
4) *ખરું*
5) *ખરું*

**(ખ) બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ**

1. *ઉપરોક્ત ત્રણેય*
2. *શાંતિપૂર્ણ રીતે નિઃશસ્ત્ર એકઠા થવાની સ્વતંત્રતા*
3. *સ્વતંત્રતાનો અધિકાર*
4. *ઉપરોક્ત બંને*
5. *વેઠપ્રથા*
6. *શોષણ વિરોધી અધિકાર*
7. *ભારતમાં વસતા નાગરિકો કોઈપણ ધર્મ પાળી શકે છે.*
8. *કાયદા સમક્ષ સૌ સમાન, સૌ માટે કાયદો સમાન*
9. *સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર*
10. *કાનૂની પીઠબળ છે.*
11. *કટોકટીનાં સમયે*
12. *ડૉ.ભીમરાવ આંબેડકર*
13. *શ્રી એમ. સી.ચાગલા*
14. *અનંતશયનમ્ આયંગર*
15. *પ્રા.લાસ્કી*

16. *ભાગ* III
17. *કલમ* 14 *થી* 18
18. *કલમ* 19 *થી* 22
19. *કમલ* 23 *થી* 24
20. *કમલ* 25 *થી* 28

**(ગ) નીચે આપેલ ટૂંકનોંધ તૈયાર કરો.**

1. *સમાનતાનો અધિકાર*

.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................

2. *સ્વતંત્રતાનો અધિકાર*

.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................

**(ઘ) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ તૈયાર કરો.**

1. *મૂળભૂત અધિકારો એટલે શું? ભારતીય બંધારણમાં નાગરિકોને આપવામાં આવેલા મૂળભૂત અધિકારો વિગતવાર સમજાવો.*

.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................
.....................................................................................................................

## 5.7 સંદર્ભ સૂચિ

1) The Constitution of India, Government of India, Ministry of law and Justice legislative Department , New Delhi, 2019.

2) श्रीवास्तव आलोक कुमार और अन्य, भारतीय सरकार एवं राजनीति, राजस्थान हिन्दी ग्रंथ अकादमी, जयपुर, प्रथम संस्करण, 2007.
3) नानी पालखीवाला, हम भारत के लोग, सुरुचि प्रकाशन, नई दिल्ली, प्रथम संस्करण, 1985.
4) *દવે નવનીત વી., ભારતીય રાજ્યતંત્ર, અખિલ હિન્દ પ્રકાશન, અમદાવાદ,* 1971.
5) *કાઝી અને કોરાટ તથા અન્ય, ભારતની શાસનપધ્ધતિ અને રાજકારણનો પરિચય, સી.જમનાદાસ કંપની, અમદાવાદ, દ્વીતીય આવૃત્તિ,* 1973.
6) EPS-02,*ભારતમાં સરકાર અને રાજકારણ, વિભાગ*-02 *વ્યક્તિ અને રાજ્ય, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ,* 1991.

# એકમ : 6 રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો

રૂપરેખા


**6.0** ઉદ્દેશો

**6.1** પ્રસ્તાવના

**6.2** રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો

- **6.2.1** લોકકલ્યાણની વૃદ્ધિ માટે પ્રયત્નો કરવાં
- **6.2.2** સમાનવેતન, સમતોલ વહેંચણી, વિકેન્દ્રીકરણ
- **6.2.3** ગ્રામપંચાયતોનાં ગઠનને લગતી બાબત
- **6.2.4** અમુક પ્રસંગે જાહેર સહાય મેળવવી
- **6.2.5** કાર્યની બાબતમાં ન્યાયિક અને માનવીય અભિગમ
- **6.2.6** કામદારોનાં જીવન નિર્વાહને લગતી બાબત
- **6.2.7** નાગરિકો માટે સમાન સિવિલ કોડ
- **6.2.8** બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું
- **6.2.9** અનુ.જાતિ, અનુ.જનજાતિ અને નબળા વર્ગોનાં હિતોનું સંવર્ધન
- **6.2.10** લોકોનાં સ્વાસ્થ્ય અને તંદૂરસ્તીને લગતી બાબત
- **6.2.11** કૃષિ અને પશુપાલનનું સંવર્ધન અને રક્ષણ
- **6.2.12** પર્યાવરણનું રક્ષણ અને સંવર્ધન
- **6.2.13** રાષ્ટ્રીય સ્મારકો, સ્થળો, વસ્તુઓની જાળવણી
- **6.2.14** કારોબારીથી ન્યાયતંત્રને તદન સ્વતંત્ર રાખવું
- **6.2.15** આંતરાષ્ટ્રીય શાંતિ અને સલામતી માટે પગલાં લેવાં

**6.3** સમીક્ષા

- **6.3.1** રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોના ઘડતર પાછળનો મૂળ આધાર
- **6.3.2** માર્ગદર્શક સિદ્ધાંતોના કાર્યાત્મક ઉપયોગો માટે નિર્દેશક
- **6.3.3** રાજકીય પ્રથા માટે તેનું મહત્ત્વ / ઉપયોગિતા
- **6.3.4** સરકારનાં સંચાલનની દ્રષ્ટિએ તેનાં સૂચિતાર્થો
- **6.3.5** રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનું બદલાતું કાર્યક્ષેત્ર

**6.4** સારાંશ

**6.5** ચાવીરૂપ શબ્દો

**6.6** તમારી પ્રગતિ ચકાસો

**6.7** સંદર્ભ સૂચિ

## 6.0 ઉદ્દેશો

- *આ એકમનાં અભ્યાસથી તમે રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો જાણી શકશો.*
- *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનાં વિસ્તૃત અભ્યાસને આધારે મૂળભૂત અધિકારોથી તે કઈ રીતે જુદાં પડે છે તેની સમજૂતી પ્રાપ્ત કરશો.*
- *લોકકલ્યાણમાં આ સિદ્ધાંતોનું મૂલ્ય સમજશો.*

## 6.1 પ્રસ્તાવના

*વિદ્યાર્થી મિત્રો, અગાઉનાં એકમમાં તમે મૂળભૂત અધિકારોની ઊંડાણપૂર્વકની સમજૂતી મેળવીને અભ્યાસ કર્યો છે. આ એકમમાં તમે રાજ્યનીતિના માર્ગદર્શન સિદ્ધાંતો વિશે સમજૂતી પ્રાપ્ત કરશો. રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોને નીતિદર્શક સિદ્ધાંતો તરીકે પણ ઓળખવામાં આવે છે. જે રાજ્ય કે સરકારને માર્ગદર્શન અને દિશા સૂચન આપવાનું કાર્ય કરે છે. રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોને ભારતીય બંધારણમાં સ્થાન આપવાની પ્રેરણા બંધારણના ઘડવૈયાઓએ આયરલેન્ડના બંધારણમાંથી લીધી છે. સરકારે વિવિધ ક્ષેત્રોમાં કેવી નીતિઓ ઘડવી જોઈએ? તે અંગેનાં આદર્શો રજૂ કરતાં આ સિદ્ધાંતો પથદર્શક સમાન અને ખૂબ જ મહત્ત્વનાં છે. ભારતીય બંધારણનું અગત્યનું લક્ષણ રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો છે. જેનો વિગતવાર અભ્યાસ આ એકમમાં તમે કરશો.*

## 6.2 રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો

*ભારતીય બંધારણના ચોથા ભાગમાં આર્ટિકલ* 36 *થી* 51 *માં રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવ્યાં છે. આ સિદ્ધાંતોનો એક ઉદ્દેશ્ય એ પણ છે કે સરકાર કાયદો ઘડતી વખતે આ આદર્શયુક્ત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખે. આચરણ અને નીતિમત્તા સંબંધિત આ માર્ગદર્શક સિદ્ધાંતોનો શકય તેટલાં પ્રમાણમાં અમલ કરવાનો પ્રયત્ન કરે. અહીં એ નોંધનીય છે કે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવો સરકાર કે રાજ્ય માટે ફરજીયાત નથી.તેનો અમલ કરવો રાજ્યની મરજીનો વિષય છે. રાજ્ય પાસે એવી અપેક્ષા ચોક્કસ રાખવામાં આવે છે કે તે આ સિદ્ધાંતો અનુસાર શક્ય હોય તે મુજબ નીતિ ઘડતર કરીને તેને અમલમાં મુકવાનો પ્રયત્ન કરે.આપણે આ રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોની વિસ્તૃત સમજ પ્રાપ્ત કરીએ.*

*ભારતીય બંધારણમાં આર્ટિકલ* 36 *અંતર્ગત રાજ્યની વ્યાખ્યા કરવામાં આવી છે. આર્ટિકલ* 37 *અનુસાર રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ અદાલત દ્વારા કરાવી શકાશે નહિ તેવી જોગવાઈ છે.*

6.2.1 **લોકકલ્યાણની વૃદ્ધિ માટે પ્રયત્નો કરવા**

*બંધારણના આર્ટિકલ 38 અનુસાર રાજ્ય લોકકલ્યાણમાં વૃદ્ધિ કરવાં માટે સામાજિક વ્યવસ્થા પ્રસ્થાપિત કરશે. આ વ્યવસ્થા એવી હોય જેમાં સામાજિક, આર્થિક, અને રાજકીય ન્યાય પ્રાપ્ત થાય. આર્થિક શોષણને સ્થાન ન હોય. ખાસ કરીને રાજ્યે આર્થિક અસમાનતા દૂર કરવાનો પ્રયત્ન કરવો. વિવિધ ક્ષેત્રોમાં તકની અસમાનતા દૂર કરવી. ભૌગોલિક વિસ્તારોના સમતોલ વિકાસની વાત પણ મુકવામાં આવી છે.*

6.2.2 *સમાન વેતન, સમતોલ વહેંચણી, વિકેન્દ્રીકરણ*

*બંધારણમાં આર્ટિકલ 39 અનુસાર રાજ્યએ આચરણ કરવાં યોગ્ય બાબતો જણાવવામાં આવી છે. જે નીચે મુજબની છે.*

I. *સ્ત્રી-પુરુષ અને બધા જ નાગરિકોને સમાન રીતે આજીવિકાના પર્યાપ્ત માત્રામાં સાધનો પ્રાપ્ત કરવાનો અધિકાર હોય.*
II. *ભૌતિક સાધનોની વહેંચણી સમતોલ રીતે કરવામાં આવે. જેથી સામુદાયિક વિકાસ ઉત્તમ રીતે કરી શકાય.*
III. *આર્થિક વ્યવસ્થાનું સંચાલન એવી રીતે કરવામાં આવે કે ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ ન હોય. સાર્વજનિક હિતને તે હાનિકારક ન હોય.*
IV. *સ્ત્રી-પુરુષને સમાન કામનાં બદલામાં સમાન વેતન મળે.*
V. *સ્ત્રી-પુરુષ કે બાળકોનું સ્વાસ્થ્ય જળવાય, તે ઉપરાંત બાળકોનું શોષણ અટકાવવું. સગીર વયનાં બાળકો આર્થિક મુશ્કેલીને કારણે નાં છૂટકે તેમણે રોજગારી કરવી પડે, જે તેમની ક્ષમતા, શક્તિ કે ઉંમરને અનુરૂપ ન હોય. તેનું ધ્યાન રાખવું.*
VI. *આર્ટિકલ 39(ક) અનુસાર રાજ્યનાં સમાન તકનાં ધોરણે સમાન ન્યાય અને નિઃશુલ્ક રીતે કાનૂની સહાયતા મળવી જોઈએ. રાજ્યએ સુનિશ્ચિત કરે કે ન્યાયતંત્ર એવી રીતે કાર્ય કરે કે સમાન તકનાં આધારે ન્યાય સરળતાથી સુલભ બને. આર્થિક કે અન્ય મુશ્કેલીને કારણે કોઈ વ્યક્તિ ન્યાયથી વંચિત ન રહે. આ અંતર્ગત કોઈ અન્ય રીતે નિઃશુલ્ક રીતે કાનૂની સહાયતા કરવી.*

6.2.3 *ગ્રામ પંચાયતોના ગઠનને લગતી બાબત*

*બંધારણનો અનુચ્છેદ 40 ગ્રામ પંચાયતોનાં ગઠનને લગતો છે.રાજ્યએ ગ્રામ પંચાયતની રચના કરીને તેને એવી સત્તા અને અધિકાર આપવાં જેવી તે સ્થાનિક સ્વશાસનની સંસ્થા તરીકે કાર્ય કરી શકે. અહી એ ઉલ્લખનીય છે કે 73મો બંધારણીય સુધારો અને 74મો બંધારણીય સુધારો સ્થાનિક સ્વાસનનાં ક્ષેત્રે અગત્યનું કદમ ગણાવી શકાય.*

**6.2.4 અમુક પ્રસંગે જાહેર સહાય મેળવવી**

*અનુચ્છેદ* 41 *અનુસાર અમુક પ્રકારની પરિસ્થિતિમાં રાજ્ય પોતાની આર્થિક ક્ષમતાઓ અને વિકાસની મર્યાદાઓમાં રહીને લોકોને કામ આપવાનો, બેકારી, વૃદ્ધા અવસ્થા કે માંદગી અને અપંગતા જેવાં મુશ્કેલ સમયમાં મદદ કરી યોગ્ય વ્યવસ્થા કરાવવી જોઈએ. લોકોને તે પ્રાપ્ત કરવાનો હક છે.*

6.2.5 *કાર્યની બાબતમાં ન્યાયિક અને માનવીય અભિગમ*

*અનુચ્છેદ* 42 *અનુસાર કામની માનવીય અને ન્યાયિક અભિગમથી પરિસ્થિતિઓનું નિર્માણ કરેલું હોવું જોઈએ. સ્ત્રીઓના પ્રસૂતિકાળ દરમિયાન રાહત મળે એ રીતે ઉપાયો યોજવાં જોઈએ.*

6.2.6 *કામદારોના જીવન નિર્વાહને લગતી બાબત*

*અનુચ્છેદ* 43 *મુજબ કામદારોને જીવન નિર્વાહ થઈ શકે તે રીતે કામ પૂરું પાડવું. જીવન નિર્વાહ ચલાવી શકાય તેટલું વેતન આપવું. ગુણવત્તાવાળું જીવન જીવી શકે એ માટેની પરિસ્થિતિઓનું નિર્માણ કરવું.પોતાની ફૂરસદનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકે તેવાં પ્રકારની વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક તક પૂરી પાડવી. ખાસ કરીને ગ્રામ ઉદ્યોગોને મહત્ત્વ આપવું. કુટિર ઉદ્યોગને વ્યક્તિગત સહકારી આધારે આગળ વધારવાનો પ્રયત્ન રાજ્યએ કરવો જોઈએ.*

6.2.7 *નાગરિકો માટે સમાન સિવિલ કોડ*

*અનુચ્છેદ* 44 *મુજબ નાગરિકો માટે એક સમાન સિવિલ સેવા સ્થાપવાનો પ્રયત્ન કરવો. ભારતનાં દરેક નાગરિક માટે એક સમાન દીવાની કાયદાને સ્થાપિત કરવો.*

6.2.8 *બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું*

*અનુચ્છેદ* 45 *મુજબ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે બંધારણનાં અમલનાં* 10 *વર્ષની અંદર અને* 14 *વર્ષની નીચેની ઉંમરનાં બાળકો માટે ફરજીયાત અને મફત શિક્ષણ પૂરું પાડવું. અહીં એ નોંધનીય છે કે વર્તમાન સમયમાં* Right To free and Compulsory Education Act, 2009 *માં આપવામાં આવ્યો છે. જે અનુચ્છેદ* 45 *ને અમલી બનાવવાનો પ્રયત્ન થયો છે. બંધારણના આર્ટિકલ* 21A *માં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે તે રાજ્ય સરકારો પણ રાજ્યનીતિનાં આ માર્ગદર્શક સિદ્ધાંતને શક્ય હોય તે રીતે અમલમાં મુકવા વિવિધ પ્રોજેક્ટ્સનાં માધ્યમથી પૂર્ણ કરવાં પ્રયત્ન કરતી હોય છે. ઉદાહરણ તરીકે 'સર્વ શિક્ષા અભિયાન' અંતર્ગત ગુજરાતમાં બાળકોનાં શિક્ષણ માટે ઘણી યોજનાઓ અમલમાં મુકીને સ્પેશ્યલ ટ્રેનિંગ પ્રોગ્રામ* (STP)*નું આયોજન કરે છે. જેથી કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે. જરૂરિયાતમંદ બાળકો સુધી પહોંચીને તેમને શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો હેતુ તેમાં રહેલો છે.*

6.2.9 *અનુ.જાતિ, અનુ.જનજાતિ, નબળા વર્ગોના હિતોનું સંવર્ધન*

*અનુચ્છેદ 46 મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અને અન્ય પછાત વર્ગનાં લોકો માટે શિક્ષણ ઉપરાંત આર્થિક બાબતોમાં તેમનાં હિતોનું સંવર્ધન કે વૃદ્ધિ થાય તેવો પ્રયત્ન રાજ્યએ કરવો. સામાજિક અન્યાય અને તમામ પ્રકારનાં શોષણ સામે તેનું રક્ષણ કરવું. અહી એ ઉલ્લેખનીય છે કે સમયાંતરે સરકાર સંસદના માધ્યમથી આ પ્રકારના વિવિધ વર્ગોનું હિત જળવાય તે માટે કાયદાઓ પસાર કરતી હોય છે. શિક્ષણ અને નોકરીઓમાં તેમને અનામત તથા અન્ય સગવડો ઉપલબ્ધ કરાવી તેમના હિતોના રક્ષણની સાથે સામાન્ય પ્રવાહમાં જોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સ્ત્રીઓના વિકાસ માટે પણ આવા પ્રયત્ન કરવામાં આવે છે. સરકાર વિવિધ યોજનાઓનાં માધ્યમ દ્વારા આ ઉદ્દેશ્યને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. જેથી તેઓ પોતાની પ્રગતિ કરી શકે અને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે.*

6.2.10 *લોકોનાં સ્વાસ્થ્ય અને તંદૂરસ્તીને લગતી બાબત*

*અનુચ્છેદ 47 અનુસાર પોષણયુક્ત આહાર પુરો પડવો, લોકોનાં જીવનધોરણને ઊંચું લઈ જવા માટે તેમની તંદૂરસ્તી અને સ્વાસ્થ્યમાં સુધારો કરવાં રાજ્યએ પ્રયત્ન કરવો એ તેનું કર્તવ્ય છે.પોતાનાં પ્રાથમિક કાર્યોમાં રાજ્યએ હાનિકારક માદક કેફી દ્રવ્યો અને સ્વાસ્થ્યને નુકસાનકારક પીણા કે દવાઓ ઉપર પ્રતિબંધ મુકવો જોઈએ. તે મુજબ કરવાનો રાજ્યએ પ્રયત્ન કરવો જોઈએ.રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમા તેવું સૂચન કરવામાં આવ્યું છે.*

6.2.11 *કૃષિ અને પશુપાલનનું સંવર્ધન અને રક્ષણ*

*અનુચ્છેદ 48 ખેતી અને પશુપાલન સબંધિત છે.જે મુજબ રાજ્યએ ખેતી વિષયક આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને ઉત્પાદન વધારવાનો પ્રયત્ન કરવો. દુધાળા પ્રાણીઓની ઓલાદ સુધારવાનો પ્રયત્ન કરવો.તેની કતલ કરવાં ઉપર પ્રતિબંધ મુકવાનો પ્રયત્ન કરવો.*

6.2.12 *પર્યાવરણનું રક્ષણ અને સંવર્ધન*

*અનુચ્છેદ 48(ક) અનુસાર પર્યાવરણનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનું જણાવવામાં આવેલ છે. વન્યજીવોની રક્ષા કરવાનું પણ આ સિદ્ધાંતો જણાવે છે.*

6.2.13 *રાષ્ટ્રીય સ્મારકો, સ્થળો, વસ્તુઓની જાણવણી*

*અનુચ્છેદ 49 અનુસાર કલાત્મક અને ઐતિહાસિક રીતે પ્રચલિત સ્મારકો, સ્થળો અને વસ્તુઓની જાળવણી અને તેનું રક્ષણ કરવાનું સૂચવવામાં આવ્યું છે.વિવિધ પ્રકારનાં મ્યુઝિયમ દ્વારા વસ્તુઓની જાળવણી કરવામાં આવતી હોય છે.*

6.2.14 *કારોબારીથી ન્યાયતંત્રને તદ્દન સ્વતંત્ર રાખવું*

*અનુચ્છેદ 50 અનુસાર રાજ્યની જાહેર સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીથી તદ્દન અલગ રાખવાની વાત કરવામાં આવી છે. મોન્તેસ્ક દ્વારા રજુ કરવામાં આવેલ સત્તા વિશ્લેષણનાં સિદ્ધાંતમાં પણ ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રને એકબીજાથી સ્વતંત્ર રાખીને કાર્ય કરવાની હિમાયત કરવામાં આવી છે. લોકશાહી દેશમાં ન્યાયતંત્ર કારોબારીથી તદ્દન અલગ રહીને સ્વતંત્ર રીતે પોતાનું કાર્ય કરે તે ખૂબ જ આવશ્યક છે. સંસદીય સરકારમાં કારોબારી અને ધારાસભા ભલે એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલાં હોય છે, પરંતુ ન્યાયતંત્ર આ બન્નેથી તદ્દન અલગ રાખવામાં આવ્યું છે. રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમા તેની અસરકારકતા વધારવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે તેમ કહી શકાય.*

6.2.15 *આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતિ માટે પગલાં લેવાં*

*અનુચ્છેદ 51 આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી માટે પગલાં લેવાની બાબત અંગે છે. જે અનુસાર રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચે ન્યાય સંગત અને સન્માનપૂર્ણ સંબંધો જાળવી રાખવા તથા સંગઠિત લોકો એકબીજા પ્રત્યેનાં વ્યવહારોમાં આંતરરાષ્ટ્રીય કાયદો અને સંધિ કરારો પ્રત્યે આદર કરે તે જરૂરી છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિવાદો થાય ત્યારે તેનું નિરાકરણ મધ્યસ્થી કે લવાદી દ્વારા લાવવામાં આવે તે રીતે પ્રોત્સાહન આપવાની હિમાયત કરવામાં આવી છે.*

## 6.3 સમીક્ષા

*રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ તેની સમીક્ષાના રૂપમાં કેટલીક ચર્ચાઓ કરીએ. આ ચર્ચા સમજવા માટે માર્ગદર્શક સિદ્ધાંતોના ઘડતર પાછળની વિચારણા સમજવી આવશ્યક છે.*

6.3.1 *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોના ઘડતર પાછળનો મૂળ આધાર*

*ભારતીય બંધારણ ઘડનાર બંધારણનાં ઘડવૈયાઓએ ગહન ચર્ચા-વિચારણા, અન્ય દેશોનાં બંધારણનો અભ્યાસ કર્યો હતો. આયરલેન્ડનાં બંધારણમાં કેટલાક માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાંથી આપણા દેશનાં ઘડવૈયાઓને પ્રેરણા મળી. સામૂહિક ધ્યેયોની પ્રાપ્તિ માટે આ સિદ્ધાંતોનો સ્વીકાર બંધારણના ઘડવૈયાઓને ઉચિત લાગ્યો હશે.*

6.3.2 *માર્ગદર્શક સિદ્ધાતોનાં કાર્યાત્મક ઉપયોગો માટે નિર્દેશક*

*આ સિદ્ધાંતો કાયદા ઘડતર અને વહીવટીતંત્રના સામાજિક ઉદ્દેશોની વ્યાખ્યા કરવામાં, વહીવટી નીતિ અને તેનાં કાર્યોને દિશા આપવામાં, કાયદા સબંધિત ઉદ્ભવેલ શંકાનું નિવારણ કરવાં એક સંદર્ભ તરીકે ઉપયોગી બને છે.વહીવટીતંત્ર લોકાભિમુખ બનાવવાની સાથે-સાથે પરિણામલક્ષી બનાવવા માટે ઉપયોગી બને છે. વહીવટી કાર્યોનાં*

*મુલ્યાંકનમાં, સરકારી જુદી-જુદી એજન્સીઓનું મૂલ્યાંકન કરવામાં માર્ગદર્શક સિદ્ધાંતો ઉપયોગી બને છે.*

6.3.3 *રાજકીય પ્રથા માટે તેનું મહત્ત્વ / ઉપયોગિતા*

*દેશની રાજકીય પ્રવૃત્તિઓમાં રાજ્યની કામગીરી, જાહેરનીતિનું ઘડતર તેનો અમલ, નીતિ ઘડતરને અને અમલને પ્રભાવિત કરતાં પરિબળોનો સમાવેશ થાય છે. આ રાજકીય પ્રવૃતિઓ અંતર્ગત વિચારધારા વિષયક માર્ગદર્શનની જરૂર પડે ત્યારે આ સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શન કે મદદ મળી રહે છે. માર્ગદર્શક સિદ્ધાંતો સરકારની વિવિધ પ્રવૃત્તિઓનાં આયોજન, અમલ,દેખરેખ અને મૂલ્યાંકન આ સૌ માટેનું એક માળખું પૂરું પાડે છે.આપણા બહુસંખ્યક સંસ્કૃતિ અને વિવિધતા ધરાવતા દેશમાં સંવાદિતા અને સામ્યતા આવે તે માટેનું માર્ગદશન આ સિદ્ધાંતો આપે છે.*

6.3.4 *સરકારનાં સંચાલનની દ્રષ્ટિએ તેનાં સૂચિતાર્થો*

*સરકારનાં કાર્યો માર્ગદર્શક સિદ્ધાંતોમાં અભિવ્યક્ત થતા ઉદ્દેશો અને આદર્શોને ચરિતાર્થ કરવા રાજ્ય યોગ્ય દિશામાં આગળ વધે તે અપેક્ષિત છે. માર્ગદર્શક સિદ્ધાંતો મૂળભૂત હકોની જેમ કાનૂની પીઠબળ ધરાવતા નથી. આમ છતાં સરકારની કામગીરી અને રાજકીય સમીક્ષા કરવાં તેમનાં કાર્યોનું સામાજિક- રાજકીય મૂલ્યાંકન કરવાં આ સિદ્ધાંતો સૂચિત રજૂ કરે છે. માર્ગદર્શક સિદ્ધાંતોનું સરકારનાં સંચાલનમાં ખાસ મહત્ત્વ છે. જો માર્ગદર્શક સિદ્ધાંતોને ગંભીરતાથી લઈ અમલમાં મુકવામાં આવે તો તે પરિણામલક્ષી વહીવટી તંત્રની ચાવીરૂપ થાય તેમ છે.*

6.3.5 *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનું બદલાતું કાર્યક્ષેત્ર*

*આ મુદ્દાને સમજવા ઉદાહરણોની મદદ લઈએઃ-*

- *મદ્રાસ રાજ્ય વિ. શ્રીમતી ચંપકમ દોરાઈરાજનમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલું કે " રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોએ મૂળભૂત હકોને અનુકૂળ થઈને તેમને સહાયક થવું જોઈએ. અમારા અભિપ્રાય મુજબ બંધારણનાં ભાગ ત્રણ અને ચારની જોગવાઈઓને સમજવાની આ જ સાચી રીત છે."*
- *ગોલકનાથ કેસમાં સર્વોચ્ચ અદાલતે આપેલાં ચુકાદાથી માર્ગદર્શક સિદ્ધાંતોના સ્વરૂપ વિશે તેમજ મૂળભૂત હકોનાં વ્યાપને મર્યાદિત કરવાની તેમની સત્તા વિશે વધુ સ્પષ્ટતા થઈ.*
- *કેશવાનંદ ભારતી કેસમાં સર્વોચ્ચ અદાલતે માર્ગદર્શક સિદ્ધાંતોનાં મહત્ત્વ ઉપર ભાર મુક્યો. મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનાં દેખીતા વિરોધાભાસનું નિવારણ કરવાનો પ્રયત્ન કર્યો.*

*કેટલાક ટીકાકારોનાં મત અનુસાર આ માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાનૂની પીઠબળ ન હોવાથી તે માત્ર સિદ્ધાંતોમાં જ પોતાનું અસ્તિત્વ ધરાવે છે. તેમનો વ્યવહારિક*

*અમલ મર્યાદિત થાય છે. તેઓ આદર્શોનું સૂચન ચોક્કસ કરે છે. સરકાર માટે તે પથદર્શક છે. સરકારની નૈતિક ભૂમિકાને દ્રઢ કરવામાં આ સિદ્ધાંતો માર્ગદર્શન પુરુ પાડે છે. આ સિદ્ધાંતોને બંધારણમાં મુકવા પાછળનો હેતુ દેશનાં સામાજિક, આર્થિક, નૈતિક વિકાસને વેગ આપવાનો છે. ડૉ. ભીમરાવ આંબેડકર જણાવે છે કે, "રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોના ભંગ બદલ કોઈપણ સરકારને અદાલતમાં જવાબ આપવાનો નથી, છતાં ચૂંટણી વખતે મતદારોને જવાબ આપવામાંથી એનાથી છટકી શકાશે નહિ."*

*રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોના ઘડતર અને અમલીકરણ પાછળ બંધારણનાં ઘડવૈયાઓની દિર્ઘદ્રષ્ટિ સમાયેલી જોવા મળે છે. આ સિદ્ધાંતો પક્ષપાત કે પૂર્વાગ્રહનો ત્યાગ કરીને સ્વવિવેકથી આગળ વધવા અને વિકાસ સાધવા પ્રેરણા આપે છે.રાજ્યનું છેવટનું ધ્યેય* **'સાર્વજનિક કલ્યાણ'** *નું છે. જે પૂર્ણ કરવામાં મદદરૂપ બને છે. સમાજમાં સંવાદીતા અને વ્યાજબીપણું અને સમરસતા સ્થપાય તે માટે આ સિદ્ધાંતોની ઉપયોગિતા અને મહત્ત્વ વધી જાય છે. દેશની સરકાર, રાજનેતાઓ, સમગ્ર વહીવટીતંત્રને પ્રેરણા અને દિશા સુચન કરવાનું કાર્ય આ માર્ગદર્શક સિદ્ધાંતો કરે છે. એક રીતે આ સિદ્ધાંતો દીવાદાંડી સમાન છે.આ સિદ્ધાંતો ભૂતકાળ, વર્તમાન અને ભાવિ સરકારોનાં મૂલ્યાંકન માટેનો માપદંડ પણ પૂરો પાડે છે. આ સિદ્ધાંતોમાં ભારતનાં સામાન્ય લોકોની ઈચ્છાઓ, મહત્ત્વકાંક્ષાઓ અને અપેક્ષાઓ વ્યક્ત થાય છે. ભારતની રાજકીય પ્રથા તથા સરકારી તંત્ર-વ્યવસ્થાનો અભ્યાસ આ રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોની સમજ કેળવ્યા વગર અધુરો ગણાય તેમાં કોઈ અતિશયોક્તિ નથી.*

## 6.4 સારાંશ

*આ એકમના સાર બિંદુઓ નીચે મુજબ છે.*

- *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં બંધારણમાં જણાવવામાં આવેલા સિદ્ધાંતોનો અભ્યાસ તમે આ એકમમાં કર્યો.*
- *લોકકલ્યાણનાં કાર્યોને પ્રોત્સાહિત કરતાં આ સિદ્ધાંતો દરેક ક્ષેત્રમાં સામાજિક, આર્થિક વિકાસની અપેક્ષા રાખે છે.*
- *સમાનતાના પાયા ઉપર રચાયેલા અને નિર્દેશ કરતાં આ સિદ્ધાંતો રાજ્ય અને સરકાર માટે પથદર્શક સમાન છે.*
- *સંસ્કૃતિ, પર્યાવરણ, જંગલો અને વન્ય પ્રાણીઓનું જતન અને સંવર્ધનનો પણ તે નિર્દેશ કરે છે.*
- *શાંતિ-સહકાર અને ભાઈચારાની લાગણી વધે તે માટે અંગુલી નિર્દેશ કરે છે.*
- *સરકારની કામગીરીનું મુલ્યાંકન કરવામાં, ભાવિ આયોજનમાં, નીતિ ઘડતરમાં, નીતિ અમલીકરણમાં આ સિદ્ધાંતો મદદરૂપ બને છે.*
- *આ સિદ્ધાંતોનાં અમલ પાછળ ભલે કાનૂની પીઠબળ ન હોય છતાં તે રાજ્યની દીવાદાંડી સમાન છે.*

- *ભૂતકાળને આધારે વર્તમાનમાં શું કરી શકાય ? જેથી ભવિષ્ય ઉજ્જવળ બને તેનાં સૂચિતાર્થો આ સિદ્ધાંતો આપે છે.*
- *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનું ઘણું મહત્ત્વ છે.*

## 6.5 ચાવીરૂપ શબ્દો

**સત્તા વિશ્લેષણ** — *સત્તા વિશ્લેષણ એટલે સત્તાનું વિભાજન, મોન્તેસ્ક દ્વારા સત્તા વિશ્લેષણનો સિદ્ધાંત રજૂ કરવામાં આવ્યો હતો. જે સરકારનાં ત્રણ અંગો ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રને એકબીજાથી અલગ રાખી કાર્યો અને સત્તાનું વિભાજન કરવાનું જણાવે છે.જેથી દરેક અંગ પોતે સ્વતંત્ર રહીને પોતાનું કાર્ય સારી રીતે સંભાળી શકે. એકબીજાનાં કાર્યોમાં બિનજરૂરી દરમિયાનગીરી ન કરે.*

**સામાજિક ન્યાય** — *સમાનતાના ધોરણે પ્રાપ્ત થતી સ્વિકૃતિ. વ્યક્તિ તરીકેની પોતાની પ્રતિષ્ઠા અને અસ્તિત્વનો અન્ય દ્વારા સંપૂર્ણ સ્વીકાર.*

**ધારાસભા** — *સરકારનાં ત્રણ અંગો પૈકી એક અંગ. જેનું મુખ્ય કાર્ય કાયદા ઘડતરનું છે.*

**કારોબારી** — *સરકારનું ત્રણ અંગોમાંથી એક અંગ. કારોબારીનું મુખ્ય કાર્ય ધારાસભાએ ઘડેલાં કાયદાઓનું અમલીકરણ કરવાનું છે.*

**ન્યાયતંત્ર** — *ન્યાયતંત્ર સરકારનું અગત્યનું અંગ છે. જેનું મુખ્ય કામ ન્યાય આપવાનું છે. તે ધારાસભા અને કારોબારીથી અલગ અને સ્વતંત્ર રહી પોતાનું કાર્ય કરે તેવી અપેક્ષા લોકશાહીમાં રાખવામાં આવે છે.*

**લવાદી** — *કોઈપણ બે વ્યક્તિ, જૂથ, સંસ્થા, કે રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેનાં ઝઘડા કે સમસ્યામાં મધ્યસ્થી કરી શાંતિથી ઉકેલ લાવનારને લવાદી કહે છે.*

## 6.6 તમારી પ્રગતિ ચકાસો

**(ક) ટૂંકનોંધ લખો.**

1. *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોની સમીક્ષા કરો.*

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

..................................................................................................................
..................................................................................................................

**(ખ) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ તૈયાર કરો.**

1. *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો વિગતવાર સમજાવો.*

..................................................................................................................
..................................................................................................................
..................................................................................................................
..................................................................................................................
..................................................................................................................
..................................................................................................................
..................................................................................................................

**(ગ) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો.**

1. *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનાં અમલ પાછળ કાનૂની પીઠબળ નથી.*
2. *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોને નીતિદર્શક સિદ્ધાંતો તરીકે પણ ઓળખવામાં આવે છે.*
3. *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં અનુચ્છેદ* 40 *ગ્રામ પંચાયતોનાં ગઠનને લગતી બાબતોનો છે.*
4. *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો બંધારણનાં ચોથા ભાગમાં રજૂ કરવામાં આવ્યા છે.*
5. *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં અનુચ્છેદ* 51 *આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતિ માટે પગલાં લેવાનો નિર્દેશ કરે છે.*

**(ઘ) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ આપો.**

1. *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો ક્યા દેશનાં બંધારણમાંથી પ્રેરણા લઈને લેવામાં આવ્યા છે?*

*અ. અમેરિકા*

*બ. આયરલેન્ડ*

*ક. ફ્રાન્સ*

*ડ. બ્રિટન*

2. *અનુચ્છેદ* 39 *(ક) અનુસાર*

*અ. સમાન ન્યાય*

*બ. નિઃશુલ્ક રીતે કાનૂની સહાયતા*

*ક. ઉપરોક્ત બન્ને*

*ડ. એક પણ નહિ*

3. *રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં નાગરિકો માટે સમાન સિવિલ કોડનો ઉલ્લેખ ક્યાં અનુચ્છેદમાં છે?*

*અ. અનુચ્છેદ* 44

*બ. અનુચ્છેદ* 45

*ક. અનુચ્છેદ* 46

*ડ. અનુચ્છેદ* 47

*જવાબો*

- **ખરાં-ખોટાંનાં જવાબો**

1.*ખરું* 2.*ખરું* 3.*ખરું* 4.*ખરું* 5.*ખરું*

- **બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ**

1. *આયરલેન્ડ*
2. *ઉપરોક્ત બંને*
3. *અનુચ્છેદ* 44

## 6.7 સંદર્ભ સૂચિ


1. The Constitution of India: Government of India Ministry of Law and Justice Legislative Department, New Delhi, April, 2019.
2. काश्यप सुभाष हमारा संविधान :, नेशनल बुक ट्रस्ट, इंडिया, 2004.
3. मल पूरण भारत का संविधान :, आविष्कार पब्लिशर्स, जयपुर, राजस्थान, 2007.
4. EPS 02 *: ભારતમાં સરકાર અને રાજકારણ, વિભાગ* 02*, વ્યક્તિ અને રાજ્ય, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*
5. *દેસાઈ વિપુલ આર.: ભારતનું સંવિધાન, બુક શેલ્ફ, અમદાવાદ, તૃતીય આવૃત્તિ,* 2019.

# એકમ : 7 મૂળભૂત ફરજો

*રૂપરેખા*

**7.0 ઉદ્દેશો**
**7.1 પ્રસ્તાવના**
**7.2 ફરજો : વ્યાખ્યા**
**7.3 અન્ય દેશોના બંધારણમાં નાગરિકોની ફરજોની જોગવાઈઓ**
**7.4 ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજો**
**7.5 સમીક્ષા**
**7.6 સારાંશ**
**7.7 ચાવીરૂપ શબ્દો**
**7.8 તમારી પ્રગતિ ચકાસો**
**7.9 સંદર્ભ સૂચિ**

## 7.0 ઉદ્દેશો

*આ એકમનાં અભ્યાસથી તમે નીચેની બાબતોથી માહિતગાર થશો.*

- *મૂળભૂત ફરજોની વિભાવના જાણશો.*
- *ભારતીય બંધારણમાં આપવામાં આવેલી મૂળભૂત ફરજોથી પરિચિત થશો.*

## 7.1 પ્રસ્તાવના

*વિદ્યાર્થી મિત્રો, આગાઉનાં એકમમાં તમે રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનો વિગતવાર અભ્યાસ કર્યો છે. હવે, આ એકમનાં અભ્યાસથી તમે ભારતીય બંધારણમાં નાગરિકોને આપવામાં આવેલી મૂળભૂત ફરજોનો અભ્યાસ કરશો. હકો અને ફરજો એક સિક્કાની બે બાજુ સમાન છે.અધિકારોનું જેટલું મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ મૂળભૂત ફરજોનું અને તેનાં પાલનનું છે. જેનો વિગતવાર અભ્યાસ આ એકમનાં માધ્યમ દ્વારા તમે કરશો.*

## 7.2 ફરજો : વ્યાખ્યા

*ફરજ એટલે શું ? સામાન્ય રીતે એવું કહી શકાય કે વ્યકિતનું વ્યકિત પ્રત્યેનું ,સમાજનું સમાજ પ્રત્યેનું અને રાજ્ય પ્રત્યેનું કર્તવ્ય એ જ ફરજ. વિશાળ અર્થ જોઈએ તો ફરજો એ એવા આદર્શો અને નીતિમત્તાનાં ધોરણો છે, જે વ્યક્તિએ ફરજોના માધ્યમ થકી નિભાવવાના છે. વ્યક્તિએ શું કરવું જોઈએ ? અને શું ન કરવું ? તેનું સૂચન કરતી બાબતો મૂળભૂત ફરજોમાં સમાવવામાં આવી છે. સામાન્ય રીતે ફરજોનું પાલન નીતિમત્તા ઉપર વધુ આધારિત છે. નાગરિક તરીકે રાખવામાં આવતી અપેક્ષાઓ એ ફરજો છે. પ્રાચીન સમયમાં નાગરિકોના અધિકારો કરતાં ફરજો ઉપર વિશેષ ભાર મુકવામાં આવતો હતો.આજનાં આધુનિક સમાજમાં હક્કોની સાથે ફરજોનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. હક્કો અને ફરજો એક સિકકાની બે બાજુ સમાન છે.*

*રાજ્ય દ્વારા ઘડવામાં આવેલ કાયદાઓનું પાલન કરવું એ આપણા સૌની ફરજ છે.ફરજોની સર્વ સામાન્ય વ્યાખ્યા આ રીતે આપી શકાય.*

*“બંધારણમાં સૂચવેલ મૂળભૂત બાબતો, પ્રજા પ્રત્યેની વર્તણુંકની અપેક્ષાઓને મૂળભૂત ફરજો તરીકે ઓળખાવી શકાય.”*

*ફરજોમાં નીતિમત્તા, રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રહિત, હકારાત્મક અને વૈજ્ઞાનિક અભિગમ, સંસ્કૃતિ અને પયાર્વરણનું જતન અને સંવધન જેવા ખ્યાલો અભિપ્રેત હોય છે.*

## 7.3 અન્ય દેશોના બંધારણમાં નાગરિકોની ફરજોની જોગવાઈઓ

*અમેરિકા અને બ્રિટનમાં દેશના કોમન લો માં નીચે મુજબની ફરજો નિયત કરેલી છે.*

- *રાજ્ય પ્રત્યે વફાદારી રાખવી*
- *રાજ્યદ્રોહ કે ગંભીર અપરાધ વિશેની માહિતી જાહેર કરવી*
- *ગુના શોધન બાબતમાં રાજ્યને સહાય કરવી.*

*ચીનના બંધારણમાં* 1982*માં પ્રકરણ* 02 *માં ‘બંધારણીય હકો અને ફરજો’ એમ બન્નેનો સંયુક્ત રીતે ઉલ્લેખ કરવામાં આવેલો છે. જ્યારે રશિયાના બંધારણમાં* 1977*ના આર્ટિકલ* 59*માં નાગરીકોની કેટલીક ફરજોની જોગવાઈઓ છે. રશિયન બંધારણના આર્ટિકલ* 61 *મુજબ “દરેક નાગરિકે સામાજિક મિલકતોની જાળવણી અને રક્ષણ કરવાનું રહેશે.” યુગોસ્લાવિયા જેવા દેશમાં નાગરિકોની ફરજોને ઘણી ઊંચી અને વધુ પ્રમાણમાં પ્રાથમિકતા આપવામાં આવેલી છે. તેમાં એક એવી જોગવાઈ છે કે “સ્વતંત્રતા અને હકો નાગરિકો દ્વારા પરસ્પરની ફરજો બજાવવાથી જ સિદ્ધ થશે.” જાપાનના* 1946*ના*

બંધારણમાં ફરજો અંતર્ગત આર્ટીકલ 26 અનુસાર "માતા-પિતાની બાળકોને રાજ્ય દ્વારા વિના મુલ્યે આપવામાં આવતા શિક્ષણ પ્રાપ્ત કરવા મોકલવાની ફરજ રહેશે."

આમ, વિશ્વના ઘણા દેશોએ હકોની સાથે ફરજોનો ખ્યાલ પણ સ્વીકાર્યો છે. જે પૈકી અમુક દેશોની અમુક ફરજોની જોગવાઈઓનો ટૂંકમાં અભ્યાસ તમે કર્યો.

## 7.4 ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજો

વિદ્યાર્થીઓ,ભારતનું બંધારણ જ્યારે ઘડવામાં આવ્યું અને અમલમાં મુકવામાં આવ્યું ત્યારે તે સમયે ભારતીય બંધારણમાં મુળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. 1976માં 42માં બંધારણીય સુધારા દ્વારા મુકવામાં આવી હતી. બંધારણમાં ભાગ 4(A) માં કલમ 51(A) માં મૂળભૂત ફરજોને સ્થાન આપવામાં આવ્યું છે.

1973માં તત્કાલિન વિદેશમંત્રી સરદાર સ્વર્ણસિંઘના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં કુલ 12 સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અહી નોંધનીય બાબત એ છે કે આ સમિતિએ પોતાના મૂળ અહેવાલમાં મૂળભૂત ફરજો વિશે કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. પરંતુ પોતાના પૂરક અહેવાલમાં બંધારણમાં મૂળભૂત ફરજોને અલગ પ્રકરણ ઉમેરવાની ભલામણ કરી હતી.

1. બંધારણને વફાદાર રહી તેનાં આદર્શો અને સંસ્થાઓનો તેમજ રાષ્ટ્ર ધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો ;
2. આઝાદી માટે રાષ્ટ્રીય લડતની પ્રેરણા આપનાર આપણા ઉમદા આદર્શોને હદયમાં પ્રતિષ્ઠત કરવાની અને તેને અનુસરવાની ;
3. ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરી તેનું રક્ષણ કરવું ;
4. જ્યારે જરૂર પડે ત્યારે હાંકલ કરવામાં આવે ત્યારે દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની તત્પરતા રાખવી ;
5. ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક કે સાંપ્રદાયિક ભેદભાવો રાખ્યા વગર, ભારતનાં તમામ લોકોમાં સુમેળ, સંવાદિતા અને સમાન બંધુતાની ભાવનામાં વૃદ્ધિ કરવી, સ્ત્રીઓનાં ગૌરવને અપમાનિત કરતાં વ્યવહારોનો ત્યાગ કરવો ;
6. આપણી સમન્વિત સંસ્કૃતિનાં સમૃધ્ધ વારસાનું મૂલ્ય સમજીને તેની જાળવણી કરવી.
7. જંગલો, તળાવો,નદીઓ અને વન્ય જીવો સહિત તમામ કુદરતી પર્યાવરણનું જતન કરવાની, સમૃદ્ધ કરવાની,અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની ;
8. વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જીજ્ઞાશાવૃત્તિ તથા સુધારણાની ભાવના કેળવવી ;
9. જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની ;
10. રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ સોપાનો હાંસિલ કરવા પ્રગતિ કરવાની, વૈયક્તિક અને સામુહિક પ્રવૃત્તિમાં તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

11. દરેક વાલિ કે માતા-પિતાની ફરજ રેહશે કે તેઓ પોતાનાં 6 થી 14 વર્ષનાં બાળકોને શિક્ષણ મેળવવા માટેની તમામ તક પૂરી પાડશે. આ ફરજ પછીથી જોડવામાં આવી.

## 7.5 સમીક્ષા

*મૂળભૂત હકોના અમલ પાછળ કાનૂની પીઠબળ છે.જ્યારે મૂળભૂત ફરજોનું પાલન નાગરિકો યોગ્ય રીતે ન કરે તો તેને સજા કરી શકાય નહી. કારણ કે મૂળભૂત ફરજો ન્યાયતંત્રનાં કાર્યક્ષેત્રમાં ગણવામાં આવતી નથી. જો કે મૂળભૂત ફરજોના કેટલાક ભાગો કે બાબતને ન્યાયતંત્રના કાર્યક્ષેત્રમાં આવરી લેવામાં આવે તો તેનું પાલન અસરકારક રીતે કરાવી શકાય. જો કે પર્યાવરણીય,વન્ય જીવોની રક્ષા જેવી કેટલીક બાબતોમાં કાયદો ઘડવામાં આવ્યો હોવાથી તેના ભંગ બદલ સજા કરવામાં આવે છે.પરંતુ દરેક ફરજ માટે કાયદો ઘડવો શક્ય નથી. આ ફરજોનું પાલન કરવું, આપણા સૌની સહિયારી નૈતિક જવાબદારી છે. સમાજ અને રાષ્ટ્રનાં જવાબદાર અને જાગૃત નાગરિક તરીકે આપણે શું કરવું જોઈએ ? શું ન કરવું જોઈએ ?તેની સભાનતાપૂર્વકની સમજ કેળવવી આવશ્યક છે.*

*મૂળભૂત ફરજોનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમાં આવતાં કેટલાંક શબ્દો જેવાં કે "માનવતાવાદ", "વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ" વગેરે જેવા શબ્દોની સમજ સામાન્ય વ્યક્તિ માટે મુશ્કેલ બને છે. આ ઉપરાંત કેટલીક મૂળભૂત ફરજો એવી પણ છે જે એક યા બીજી રીતે મૂળભૂત અધિકારો કે રાજ્યનીતિમાં માર્ગદર્શક સિદ્ધાંતોમાંને સ્પર્શ કરતી હોય. આ મૂળભૂત ફરજોના પાલન થકી આદર્શ સમાજની રચનામાં અને રાષ્ટ્રની ઉન્નતિ અને વિકાસમાં આપણું યોગદાન સાર્થક બનાવીએ.*

*મૂળભૂત ફરજોના અમલ બાદ ભારતના વિવિધ વિદ્વાનો અને સાંસદ સભ્યો દ્વારા નાગરિકની ફરજોના અનુસંધાને કરવામાં આવેલ સૂચનોની ટૂંકમાં જાણકારી મેળવીએ.*

- *લોકસભાના સભ્ય રહી ચૂકેલા પ્રસાદસિંઘ દેવ દ્વારા એવું સૂચન કરવામાં આવ્યું હતું કે દેશના દરેક યુવાન માટે સ્નાતક કક્ષાનું શિક્ષણ પૂર્ણ કરે તે પહેલાં અથવા તે કોઈ રોજગાર માટે લાયક ઠરે તે પહેલા તેણે તેના વિસ્તારની ફોજના કારખાના અથવા ખેતરમાં અથવા સિંચાઈને લગતું કામ ઓછામાં ઓછું એક વર્ષ માટે કરવું જોઈએ.*
- *સરદાર સ્વર્ણસિંઘ સાંબીએ ખર્ચ પર અંકુશ રાખવાની અને જીવ માત્ર તરફ અનુકંપા સેવવાની ફરજો નિયત કરવા સૂચવ્યું હતું.*
- *ડૉ.કરણસિંઘે "ભારતની એકતા અને અખંડતા ટકાવી રાખવાની ફરજ" નું સુચન કર્યું હતું.*
- *સાંસદ કાર્તિક ઓરાઓને ભારતના દરેક વ્યક્તિ માટે 18 વર્ષની વયે અથવા શિક્ષણ પૂર્ણ કરે તે પહેલા સૈનિક તાલીમ પ્રાપ્ત કરવાનું સુચન કર્યું હતું.*

*આ ઉપરાંત પૂર્વ સાંસદ શ્રી જાંબવાંત ધોતેએ પશ્ચિમ બંગાળના પૂર્વ સાંસદ અને પૂર્વ કેન્દ્રિય મંત્રીશ્રી પ્રિયારંજન દાસમુન્શી, ડૉ.પારસ દિવાન, બિહારના લોકસભાના પૂર્વ સાંસદ બિભૂતિ મિશ્રા દ્વારા મૂળભૂત ફરજોમાં ઉમેરવા યોગ્ય બાબતોનું સુચન કરવામાં આવેલું હતું. જો કે તેનો સ્વીકાર કરવાનું શકય બન્યું નથી.*

## 7.6 સારાંશ

*આ એકમના સારબિંદુઓ નીચે મુજબ છે*

- *મૂળભૂત ફરજોમાં બંધારણને તેના મૂલ્યો અને આદર્શોને માન આપવાની બાબતનો સ્વીકાર થયેલો છે. જે આપણને લોકશાહી દેશના જાગૃત નાગરિક બનવા પ્રેરે છે.*
- *મહામુલી આઝાદી પ્રાપ્ત કરવાનાં સંઘર્ષો અને મહાનુભાવોનાં યોગદાનને સમજી તેનું મુલ્ય હદયમાં પ્રસ્થાપિત કરવાનો સંદેશો આપે છે.*
- *દેશી એકતા, અખંડિતતા અને રાષ્ટ્રહિત જળવાય તથા તેની વિરુદ્ધની પ્રવૃત્તિઓથી દૂર રેહવાનો સંદેશો આપે છે.*
- *સમતા, બંધુત્વ, સંવાદિતા દ્વારા કૌટુંબિક વાતવરણ દેશવાસીઓ માટે ઊભું કરવું, સ્ત્રીઓના ગૌરવને જાળવવું, આપણા મૂલ્યોને જળવવાનો સંદેશ આપે છે.*
- *આપણી ભવ્ય સંસ્કૃતિ, ઈતિહાસ, વારસાનું જતન કરવાની અને જંગલો, વન્યજીવોનું રક્ષણ કરવું એ પણ આપણી ફરજ છે.*
- *વૈજ્ઞાનિક અભિગમ દ્વારા અંધશ્રદ્ધા અને વહેમોથી દૂર રહી સુધારાવાદી વૈજ્ઞાનિક માનસ તૈયાર કરવું.*
- *હિંસાનો ત્યાગ , જાહેર મિલકતનું રક્ષણ કરવું.*
- *શ્રેષ્ઠતમ પ્રાપ્ત કરવા, શ્રેષ્ઠતમ પ્રયાસો કરી, શ્રેષ્ઠતમ બનવું.*
- *સામાજિક સમરસતાના વિકાસ માટે, વ્યક્તિના અને સમાજ તથા રાષ્ટ્રનાં વિકાસ માટે, આ ફરજોનું જરૂરી પાલન જરૂરી છે. તે અંતઃસ્ફૂરણોનો વિષય છે.*
- *વર્તમાન સમયમાં વિકાસને અવરોધક બનતી બાબતોને ત્યજીને, આવશ્યક બાબતોનો સ્વીકાર કરી આપણો ભવ્ય ભૂતકાળ અને ભવ્ય સંસ્કૃતિ યાદ રાખી આપણું ભાવિ ઉજ્જવળ કરવાનો સંદેશો આ મૂળભૂત ફરજોમાં સમાયેલો છે.*

## 7.7 ચાવીરૂપ શબ્દો

- *વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણઃ કોઈપણ ઘટના, બનાવ કે બાબતને વિવેક બુદ્ધિ અને તર્કના માપદંડોથી જોવી, મૂલવવી અને સમજવી. જેમાં વ્યક્તિગત પસંદ-નાપસંદનો છેદ કરવામાં આવે છે.*

- *માનવતાવાદ : માનવતાવાદ એ એક આદર્શ, ઉમદા વિચારધારા છે. જે મુજબ દરેક માનવી સમાનતા અને સ્વતંત્રતાનો અધિકારી છે. માનવવાદનાં કેન્દ્ર બિંદુમાં બુદ્ધિવાદ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ રહેલો છે.*

**7.8 તમારી પ્રગતિ ચકાસો**

**(ક) નીચે આપેલ પર પ્રશ્નનો વિગતવાર જવાબ તૈયાર કરો.**

1. *ભારતીય બંધારણમાં આપવામાં આવેલી મૂળભૂત ફરજો વિગતવાર સમજાવો.*

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

**(ખ) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ આપો.**

1. *ભારતના કયા બંધારણીય સુધારા દ્વારા મૂળભૂત ફરજો સ્વીકારવામાં આવી હતી ?*
   *અ)* 42*મો બંધારણીય સુધારો*
   *બ)* 44*મો બંધારણીય સુધારો*
   *ક)* 46*મો બંધારણીય સુધારો*
   *ડ)* 50*મો બંધારણીય સુધારો*

2. *ભારતમાં કઈ સાલમાં મૂળભૂત ફરજોને લગતો સુધારો થયો હતો?*
   *અ)* 1976
   *બ)* 1977
   *ક)* 1988
   *ડ)* 1999

**જવાબોઃ**

1) 42*મો બંધારણીય સુધારો*
2) 1976

## 7.9 સંદર્ભ સૂચિ


1. विश्वनाथन टी.के. : भारत का संविधान, भारत सरकार विधि और न्याय मंत्रालय, 2005.
2. काश्यप सुभाष : हमारा संविधान, नेशनल बुक ट्रस्ट, इंडिया, 1995.
3. त्रिवेदी आर एन., राय एम.पी. : भारतीय संविधान, कोलेज बुक डिपो, जयपुर, 2013.
4. *દેસાઈ વિપુલ આર. : ભારતનું સંવિધાન, બુક શેલ્ફ, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, તૃતીય આવૃત્તિ,* 2019.


******

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

डॉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**
**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ
(મુખ્ય તથા ગૌણ)



# ભારતીય સંસદ અને કેન્દ્રીય કારોબારી

# 3

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

*અસ્તુ !*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

**પેપર 03 ભારતીય સરકાર અને રાજકારણ,**

**વિભાગ 03 ભારતીય સંસદ અને કેન્દ્રીય કારોબારી**


**સંપાદન :**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. દીપ્તિબા કે. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| ડૉ. દીપ્તિબા કે. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા. |
| ડૉ. મુકેશ ખટીક | આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સલાહકાર સમિતિ ( PAC) :**

| | |
|---|---|
| ડૉ. દીપ્તિબા કે. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી. ડી. ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ. પુષ્પાબહેન મોતિયાની | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા. |

**લેખન :**

| | |
|---|---|
| ડૉ. દીપ્તિબા કે. ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| શ્રી ઘનશ્યામ ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| ડૉ. અજય રાવલ | એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટસ કોલેજ, અમદાવાદ. |



**પ્રકાશન વર્ષઃ પ્રથમ આવૃત્તિ, 2021**

**ISBN:** 978-93-91468-97-2

978-93-91468-97-2

**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**

**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ

(મુખ્ય તથા ગૌણ)

## વિભાગ 03 ભારતીય સંસદ અને કેન્દ્રીય કારોબારી


**એકમ : 8** **01**

ભારતીય સંસદ

**એકમ : 9** **34**

ભારતીય કારોબારી

## વિભાગ : 03 ભારતીય સંસદ અને કેન્દ્રીય કારોબારી

---

**પેપર નંબર 03** *ભારતીય સરકાર અને રાજકારણમાં વિભાગ 03 ને કુલ બે એકમોમાં વહેંચવામાં આવ્યો છે.*

**એકમ : 8** **ભારતીય સંસદ** *વિષે છે. સૌ પ્રથમ તમે રાષ્ટ્રપતિની રચના અને સત્તાઓ જાણશો. જેમાં રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો, ચુંટણી પદ્ધતિ, મુદ્દત, વેતન અને ભથ્થું, શપથવિધી,રાજીનામું અને હોદ્દા ઉપરથી દૂર કરવાની પ્રક્રિયા વિષે જાણકારી મેળવશો. ત્યાર બાદ રાષ્ટ્રપતિની સત્તાઓ અને કાર્યો અંતર્ગત કારોબારી સત્તાઓ, ધારાકીય સત્તાઓ, નાણાંકીય સત્તાઓ, ન્યાયવિષયક સત્તાઓ અને કટોકટી વિષયક સત્તાઓનો અભ્યાસ કરશો. જેમાં આંતરિક કે બાહ્ય/રાષ્ટ્રીય કટોકટી, રાષ્ટ્રપતિ શાસન/બંધારણીય કટોકટી અને નાણાંકીય કટોકટી મુખ્ય છે. સંસદીય પ્રથામાં રાષ્ટ્રપતિનું સ્થાન પણ જાણશો. સંસદનું નીચલું ગૃહ લોકસભાની રચના અને કામગીરી આ એકમમાં સમજાવવામાં આવી છે. જેમાં લોકસભાના સભ્ય બનવા માટેની લાયકાતો, ચુંટણી પ્રક્રિયા, લોકસભાની મુદ્દત, સભ્યોના પગાર અને ભથ્થા, શપથવિધીની સમજુતિ પ્રાપ્ત કરશો. લોકસભાના અધ્યક્ષ (સ્પીકર), અધ્યક્ષની ચુંટણી પ્રક્રિયા, અધ્યક્ષનું સ્થાન ક્યારે ખાલી થયેલું ગણાય ? અધ્યક્ષની કામગીરી, અધ્યક્ષના દરજ્જા વિષે પણ ચર્ચા કરવામાં આવી છે. ઉપરાંત લોકસભાના ઉપાધ્યક્ષ (ડેપ્યુટી સ્પીકર) વિષે પણ જાણશો. સંસદનું ઉપલું ગૃહ એટલે કે રાજ્યસભાની રચના અને કામગીરી અંતર્ગત રાજ્યસભાના સભ્ય બનવા માટેની લાયકાતો, ચુંટણી પ્રક્રિયા, રાજ્યસભાની મુદ્દત, સભ્યોના પગાર અને ભથ્થા, શપથવિધી, રાજ્યસભાના સભાપતિ અને રાજ્યસભાના ઉપસભાપતિની સમજુતિ મેળવશો. સંસદની સત્તાઓ અને કાર્યો અંતર્ગત ધારાકીય સત્તાઓ, કારોબારી સત્તાઓ, નાણાંકીય સત્તાઓ, ન્યાયવિષયક સત્તાઓ સમજશો.*

*સંસદનાં વિશેષાધિકારોમાં ગૃહમાં વાણી સ્વાતંત્ર્ય, કાર્યવાહીની નોંધ પ્રગટ કરવાનો અધિકાર, અન્ય વિષે છણાવટ થઈ છે. સંસદની કાર્યવાહી, સંસદની શરૂઆત, આવશ્યક કોરમ, પ્રશ્નકાળ, ધારાકીય પ્રક્રિયાનો અભ્યાસ કર્યા બાદ એકમના અંતમાં સંસદનું મૂલ્યાંકન રજુ કરવામાં આવ્યું છે.*

**એકમ : 9** **ભારતીય કારોબારી** *વિષે છે. એકમની શરૂઆતમાં વડાપ્રધાનની રચના અને કામગીરી સમજાવવામાં આવી છે. વડાપ્રધાનની રચના, ચુંટણીની પ્રક્રિયા, લાયકાત, સમય અવધિ જાણ્યા બાદ વડાપ્રધાનના કાર્યો વિષે જાણશો. જેમાં પ્રધાનમંડળની રચના અને સુચારુ સંચાલન કરવાનું કાર્ય, ધારાકીય કાર્યો, વહીવટી કાર્યો, નાણાકીય કાર્યો, અન્ય કાર્યોની ચર્ચા કરવામાં આવી છે. વડાપ્રધાનના સ્થાનનું મહત્વ સમજ્યા બાદ નાયબ વડાપ્રધાન વિષે જાણકારી આપવામાં આવી છે. ત્યાર બાદ પ્રધાન મંડળની રચના અને કામગીરી સમજશો. જેમાં પ્રધાન પદ / મંત્રી પદ માટેની લાયકાતો, પ્રધાનમંડળનું કદ અને સંખ્યા, પ્રધાનોની મુદત, વિવિધ કક્ષાના પ્રધાનો જેમ કે કેબિનેટ કક્ષાના પ્રધાનો, રાજ્ય કક્ષાના પ્રધાનો, નાયબ પ્રધાનો વિષે સમજશો. પ્રધાનમંડળના કાર્યો, વિવિધ સમિતિઓનું ગઠન, સંયુક્ત જવાબદારીનો સિદ્ધાંત અમલમાં મૂકવાનું કાર્ય વિષે વિસ્તૃત અભ્યાસ કરશો.*

# એકમ : 8 ભારતીય સંસદ

રૂપરેખા


8.0 ઉદ્દેશો
8.1 પ્રસ્તાવના
8.2 રાષ્ટ્રપતિ : રચના અને સત્તાઓ
    8.2.1 રચના
        8.2.1.1 રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો
        8.2.1.2 ચૂંટણી પદ્ધતિ
        8.2.1.3 મુદ્દત
        8.2.1.4 વેતન અને ભથ્થું
        8.2.1.5 શપથવિધિ
        8.2.1.6 રાજીનામું અને હોદ્દા ઉપરથી દૂર કરવાની પ્રક્રિયા
    8.2.2 રાષ્ટ્રપતિની સત્તાઓ અને કાર્યો
        8.2.2.1 કારોબારી સત્તાઓ
        8.2.2.2 ધારાકીય સત્તાઓ
        8.2.2.3 નાણાકીય સત્તાઓ
        8.2.2.4 ન્યાયવિષયક સત્તાઓ
        8.2.2.5 કટોકટી વિષયક સત્તાઓ
            I આંતરિક કે બાહ્ય/રાષ્ટ્રીય કટોકટી
            II રાષ્ટ્રપતિ શાસન/બંધારણીય કટોકટી
            III નાણાકીય કટોકટી
    8.2.3 રાષ્ટ્રપતિનું સ્થાન
8.3 લોકસભા : રચના અને કામગીરી
    8.3.1 લોકસભાના સભ્ય બનવા માટેની લાયકાતો
    8.3.2 ચૂંટણી પ્રક્રિયા
    8.3.3 લોકસભાની મુદ્દત
    8.3.4 સભ્યોના પગાર અને ભથ્થાં
    8.3.5 શપથવિધિ
    8.3.6 લોકસભાના અધ્યક્ષ (સ્પીકર)
        8.3.6.1 અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા
        8.3.6.2 અધ્યક્ષનું સ્થાન ક્યારે ખાલી થયેલું ગણાય ?

**8.3.6.3 અધ્યક્ષની કામગીરી**
**8.3.6.4 અધ્યક્ષનો દરજ્જો**
**8.3.7 લોકસભાના ઉપાધ્યક્ષ (ડેપ્યુટી સ્પીકર)**
**8.4 રાજ્યસભા : રચના અને કામગીરી**
**8.4.1 રાજ્યસભાના સભ્ય બનવા માટેની લાયકાતો**
**8.4.2 ચૂંટણી પ્રક્રિયા**
**8.4.3 રાજ્યસભાની મુદ્દત**
**8.4.4 સભ્યોના પગાર અને ભથ્થાં**
**8.4.5 શપથવિધિ**
**8.4.6 રાજ્યસભાના સભાપતિ**
**8.4.7 રાજ્યસભાના ઉપસભાપતિ**
**8.5 સંસદની સત્તાઓ અને કાર્યો**
**8.5.1 ધારાકીય સત્તાઓ**
**8.5.2 કારોબારી સત્તાઓ**
**8.5.3 નાણાકીય સત્તાઓ**
**8.5.4 ન્યાયવિષયક સત્તાઓ**
**8.6 સંસદનાં વિશેષાધિકારો**
**8.6.1 ગૃહમાં વાણી સ્વાતંત્ર્ય**
**8.6.2 કાર્યવાહીની નોંધ પ્રગટ કરવાનો અધિકાર**
**8.6.3 અન્ય**
**8.7 સંસદની કાર્યવાહી**
**8.7.1 સંસદની શરૂઆત**
**8.7.2 આવશ્યક કોરમ (Quoram)**
**8.7.3 પ્રશ્નકાળ**
**8.7.4 ધારાકીય પ્રક્રિયા**
**8.8 સંસદનું મૂલ્યાંકન**
**8.9 સારાંશ**
**8.10 ચાવીરૂપ શબ્દો**
**8.11 તમારી પ્રગતિ ચકાસો**
**8.12 સંદર્ભ સૂચિ**

## 8.0 ઉદ્દેશો

**આ એકમનાં અભ્યાસથી તમે નીચેની વિગતોથી માહિતગાર થશો.**

- **ભારતનાં રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો જાણશો.**
- **રાષ્ટ્રપતિની ચૂંટણીની પ્રક્રિયા સમજશો.**

- **રાષ્ટ્રપતિની રચના અને હોદ્દાની મુદત જાણશો.**
- **રાષ્ટ્રપતિની સત્તાઓ અને કાર્યોની વિસ્તૃત સમજ મેળવશો.**
- **રાષ્ટ્રપતિનું સ્થાન જાણી શકશો.**
- **લોકસભાની રચના જાણશો.**
- **લોકસભાનાં અધ્યક્ષની ભૂમિકાને સમજશો.**
- **રાજ્યસભાની રચના સમજશો.**
- **સભાપતિની ભૂમિકા જાણશો.**
- **સંસદની વિવિધ સત્તાઓની જાણકારી પ્રાપ્ત કરશો.**
- **અગત્યનાં ચાવીરૂપ શબ્દોની સમજ પણ કેળવશો.**

## 8.1 પ્રસ્તાવના

*લોકશાહી શાસનવ્યવસ્થામાં સરકાર કાંતો પ્રમુખીય પ્રકારની હોય છે કાંતો સંસદીય પ્રકારની હોય છે.ભારતે સંસદીય સરકારનો સ્વીકાર કર્યો છે. સંસદ દ્વારા ચાલતી સરકાર એટલે સંસદીય સરકાર. સંસદ જનતાની સર્વોપરી પ્રતિનિધિ સભા છે. લોકમતની અભિવ્યક્તિ માટેનો તે રાષ્ટ્રીય મંચ છે. ભારતની સંસદ એટલે લોકસભા રાજ્યસભા રાષ્ટ્રપતિ=સંસદ. આ એકમમાં રાષ્ટ્રપતિની રચના અને સત્તાઓ,લોકસભા અને રાજ્યસભાની રચના તથા સંસદની સત્તાઓ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી છે.*

## 8.2 રાષ્ટ્રપતિ : રચના અને સત્તાઓ

### 8.2.1 રચના

*રાષ્ટ્રપતિએ 'નામની કરોબારી' છે. ભારતીય સંસદમાં રાષ્ટ્રપતિનો પણ સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ પદ માટેની ચોક્કસ લાયકાતો નક્કી કરવામાં આવી છે.જેની સમજૂતી સૌ પ્રથમ મેળવીએ.*

8.2.1.1 *રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો*

*ભારતનાં રાષ્ટ્રપતિ બંધારણનાં વડા છે. રાષ્ટ્રપતિ બનવા માટેની લાયકાતો નીચે મુજબ છે.*

I *ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.*

II *તેની ઉંમર* 35 *વર્ષથી વધુ હોવી જોઈએ.*

III *લોકસભાના સભ્ય તરીકે ચુંટાવાની લાયકાત ધરાવતો હોવો જોઈએ.*

IV *તે ભારતીય સંઘ કે રાજ્ય સરકારનો પગારદાર ન હોવો જોઈએ.*

V *તે સંસદમાં ગૃહનો કે રાજ્યની વિધાનસભા કે વિધાન પરિષદનો સભ્ય ન હોવો જોઈએ. જો સભ્ય હોય તો રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા પછી તેનું સભ્યપદ સમાપ્ત થઈ જશે.*

VI *તેનાં ઉમેદવારી પત્રને સંસદના કે રાજ્ય વિધાનસભાના* 40 *ચુંટાયેલા સભ્યો દ્વારા ટેકો હોવો જોઈએ.*

*ભારતનાં બંધારણમાં અનુચ્છેદ 58 અને 59 માં તેમનાં હોદ્દાની લાયકાતો અને શરતો આપવામાં આવી છે.*

8.2.1.2 *ચૂંટણી પદ્ધતિ*

*ભારતનાં બંધારણનાં અનુચ્છેદ 54 અને 55 માં રાષ્ટ્રપતિની ચૂંટણીસબંધિત જોગવાઈઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. સંસદના બન્ને ગૃહો લોકસભા અને રાજ્યસભાનાં ચુંટાયેલા સભ્યો તથા રાજ્યોની વિધાનસભાઓનાં ચુંટાયેલા સભ્યોનું બનેલું મતદાર મંડળ તેમની ચૂંટણી કરે છે. નિયુક્ત થયેલાં સભ્યોને મતદાર મંડળમાં સામેલ કરવામાં આવતા નથી. રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રમાણસર પ્રતિનિધિત્વ અનુસાર ક્રમિક મત પદ્ધતિથી કરવાની જોગવાઈ છે. મતદાન ગુપ્ત રીતે કરવામાં આવે છે.*

8.2.1.3 *મુદ્દત*

*રાષ્ટ્રપતિનાં હોદ્દાની મુદ્દત સામાન્ય રીતે પાંચ વર્ષની હોય છે.જે તારીખથી તેઓ હોદ્દો સંભાળે તે તારીખથી પાંચ વર્ષની સમયમર્યાદા રાખવામાં આવી છે. એક વખત ચુંટાઈને રાષ્ટ્રપતિ બનેલ વ્યકિત ફરી વખત પોતાની ઉમેદવારી કરી શકે છે.*

8.2.1.4 *વેતન અને ભથ્થું*

*રાષ્ટ્રપતિને તેમના હોદ્દાની ગરિમા જળવાય તે રીતે પગાર ભથ્થાંઓ અને અન્ય સવલતો આપવામાં આવે છે. રાષ્ટ્રપતિ ભવન પણ રહેણાંક માટે આપવામાં આવે છે. ભારતની સંચિતનિધિમાંથી તેમને પગાર આપવામાં આવે છે. રાષ્ટ્રપતિને નિવૃત્ત વેતન પણ મળવા પાત્ર છે. જેમાં સમયાંતરે વધારો કરવામાં આવતો રહે છે.*

8.2.1.5 *શપથવિધિ*

*ચુંટાયેલા રાષ્ટ્રપતિને ભારતના મુખ્ય ન્યાયાધિશ શપથ ગ્રહણ કરાવે છે. મુખ્ય ન્યાયાધિશની ગેરહાજરીમાં સર્વોચ્ચ અદાલતનાં સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ તેમને શપથ લેવડાવે છે. તેમની શપથવિધિ સામાન્ય રીતે નીચે મુજબ હોય છે.*

*"હું _ ઈશ્વરનાં નામે સોગંદ લઉં છું કે/ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છે કે હું ભારતનાં રાષ્ટ્રપતિનાં હોદ્દાની ફરજો નિષ્ઠાપૂર્વક અદા કરીશ (અથવા રાષ્ટ્રપતિનાં કાર્યો બજાવીશ.) અને મારી પૂરી શક્તિથી સંવિધાન અને કાયદાની જાળવણી, રક્ષણ અને બચાવ કરીશ અને ભારતનાં લોકોની સેવા અને કલ્યાણમાં રત રહીશ."*


8.2.1.6 *રાજીનામું અને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા*

*રાષ્ટ્રપતિ ઉપરાષ્ટ્રપતિને સંબોધીને પોતાની સહીથી કરેલા લખાણથી પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકે છે. બંધારણનાં ઉલ્લંઘન માટે રાષ્ટ્રપતિને અનુચ્છેદ 61 અનુસાર મહાભિયોગ દ્વારા તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે.*

- *તે માટે મહાભિયોગની પ્રક્રિયા સંસદના કોઈપણ ગૃહમાં શરૂ કરી શકાય છે.*
- *મહાભિયોગનો પ્રસ્તાવ લાવવા માટે ગૃહનાં ઓછામાં ઓછા ¼ સભ્યોએ લિખિત રીતે ઓછામાં ઓછા 14 દિવસ પહેલા સૂચના આપવી પડે છે.*
- *પ્રસ્તાવ રજૂ કર્યા પછી,ચર્ચા બાદ,તે ગૃહનાં ઓછામાં ઓછી $^2/_3$ બહુમતીથી પસાર કરેલો હોવો જોઈએ. ત્યાર બાદ તે મહાભિયોગ ખરડો બીજા ગૃહમાં મોકલવામાં આવે છે.*
- *બીજુ ગૃહ કાંતો મૂકવામાં આવેલાં આરોપની તપાસ કરે છે,અને તપાસ પછી પ્રસ્તાવ ગૃહની કુલ સભ્ય સંખ્યાની ઓછામાં ઓછી $^2/_3$ બહુમતીથી પસાર કરવામાં આવે તો પસાર થયાની તારીખથી રાષ્ટ્રપતિને તેમનાં હોદ્દા પરથી દૂર કરવા મહાભિયોગ લાગુ થયો તેમ સમજવામાં આવે છે. તેમને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા ઘણી મુશ્કેલ છે.*

### 8.2.2 રાષ્ટ્રપતિની સત્તાઓ અને કાર્યો

*વિદ્યાર્થીઓ,આ એકમનાં આગળનાં ભાગમાં તમે રાષ્ટ્રપતિની ચૂંટણી લાયકાતો,તેનાં પગાર-ભથ્થાં શપથવિધિ, હોદ્દા પરથી દૂર કરવાની રીત વગેરેનો અભ્યાસ કર્યો છે. હવે,તમે રાષ્ટ્રપતિની સત્તાઓ અને કાર્યોનો અભ્યાસ કરશો.*



*રાષ્ટ્રપતિની સત્તાઓ અને કાર્યોની વિગત દર્શાવતો ઉપરોક્ત ચાર્ટ છે. દરેક સત્તાની વિસ્તૃત સમજૂતી મેળવીએ.*

8.2.2.1 *કારોબારી સત્તાઓ*

*રાષ્ટ્રપતિ નામની સત્તા ધરાવે છે. તેઓ બંધારણના વડા છે. વડાપ્રધાનની અને અન્ય પ્રધાનોની નિમણૂંક તેઓ કરે છે. એટર્ની જનરલ, કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ,સર્વોચ્ચ અદાલતનાં ન્યાયાધીશ,વડી અદાલતનાં ન્યાયાધીશની નિમણૂંક તેઓ કરે છે.આ ઉપરાંત રાજ્યનાં રાજ્યપાલશ્રીઓની નિમણૂંક પણ તેઓ કરે છે.તેઓ સંઘ જાહેર સેવા આયોગ,ચૂંટણીપંચ,ભાષા પંચનાં ચેરમેન અને સભ્યોની નિમણૂંક કરે છે. રાષ્ટ્રપતિ લશ્કરી દળોના સર્વોચ્ચ કમાન્ડર પણ છે. તેઓ પાયદળ,નૌકાદળ,અને હવાઈદળનાં વડાઓની નિમણૂંક કરે છે. રાષ્ટ્રપતિને યુદ્ધની કે સંધિની જાહેરાત કરવાની સત્તા છે. જો કે આ સત્તાઓનો ઉપયોગ કરવા માટે સંસદની સંમતિ અને સમર્થન મળવું જરૂરી છે. રાષ્ટ્રપતિ પોતાની બધી સત્તાઓનો ઉપયોગ વડાપ્રધાન અને પ્રધાનમંડળની સલાહથી કરે છે.*

8.2.2.2 *ધારાકીય સત્તાઓ*

- *રાષ્ટ્રપતિ પોતે કોઈ ગૃહનાં સભ્ય નથી હોતાં પરંતુ સંસદનાં ગૃહ વિષયક તેમને ઘણી સત્તાઓ આપવામાં આવી છે.જેમ કે-*
- *સંસદની બેઠકો બોલાવવાની,મૂલતવી રાખવાની કે સભા મોકૂફ કરવાની,લોકસભાનું વિસર્જન કરવાની,લોકસભાને બરખાસ્ત કરવાની સત્તા તેઓ ધરાવે છે.*
- *કોઈપણ એક ગૃહને અથવા આવશ્યકતા હોય તો બન્ને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે.*
- *ટૂંકી મુદ્દતનાં વટહુકમો બહાર પાડી શકે છે.જ્યારે સંસદની બેઠક ન હોય ત્યારે.*
- *ખરડાઓને પુનઃવિચારણા માટે પરત મોકલી શકે છે અથવા અનામત રાખી શકે છે. જો કે નાણાકીય ખરડો મંજૂરી માટે અટકાવી શકતા નથી.*
- *રાષ્ટ્રપતિની મંજૂરી પછી જ કોઈપણ ખરડો કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે.*
- *સંસદનું પ્રથમ ગૃહ લોકસભા છે. લોકસભામાં એંગ્લો ઈન્ડિયન સમૂહનાં બે સભ્યોની નિમણૂંક તેઓ કરી શકે છે.*
- *સંસદનું ઉપલું ગૃહ રાજ્યસભા છે. રાજ્યસભાનાં* 12 *સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.*
- *રાષ્ટ્રપતિનાં નિર્દેશથી કમ્પ્ટ્રોલર અને એટર્ની જનરલ,નાણાંપંચ,કેન્દ્રીય જાહેર સેવા પંચ વગેરેનાં વાર્ષિક અહેવાલો સંસદમાં રજૂ કરવામાં આવે છે.*

8.2.2.3 *નાણાકીય સત્તાઓ*

*કોઈપણ નાણાકીય ખરડો લોકસભામાં રજૂ કરતાં પહેલા રાષ્ટ્રપતિની મંજૂરી લેવી પડે છે. રાષ્ટ્રપતિ જરૂર પડે ત્યારે 'આકસ્મિક ફંડ' માંથી નાણાં વાપરવાની પરવાનગી આપી શકે છે. ભારત સરકારનું અંદાજપત્ર અને જાહેર સેવા પંચની ભલામણો દર વર્ષે નિયમિત રીતે સંસદ સમક્ષ રજૂ થાય તે વ્યવસ્થા કરે છે. નાણાંપંચના અધ્યક્ષ અને સભ્યોની તે નિમણુંક કરે છે. નાણાંપંચનાં અનુંચ્છેદ* **112***માં રાષ્ટ્રપતિની નાણાકીય સત્તાઓની સ્પષ્ટતા કરવામાં આવી છે.*

8.2.2.4 *ન્યાયવિષયક સત્તાઓ*

*ન્યાયવિષયક બાબતમાં રાષ્ટ્રપતિ ઘણી સત્તાઓ ધરાવે છે. જે કે-*

- *તેઓ સર્વોચ્ચ અદાલતનાં મુખ્ય ન્યાયાધીશ તથા અન્ય ન્યાયાધીશો અને વડી અદાલતોનાં મુખ્ય ન્યાયાધીશો તથા બીજા ન્યાયાધીશોની નિમણૂંક કરે છે.*
- *ગુનેગારને થયેલી સજા માફ કરવાની,તેને મૂલતવી રાખવાની,સજાનું સ્વરૂપ બદલવાની, સજામાં ઘટાડો કરવાની સત્તા ધરાવે છે. ફોજદારી ગુનાની સજા સબંધિત આ બાબત લાગુ પડે છે.લશ્કરી અદાલતે આપેલી સજામાં તેઓ ઘટાડો કરી શકતાં નથી. બંધારણનાં ભંગ બદલ થયેલ સજામાં પણ, કોઈપણ જાતનો ફેરફાર કે ઘટાડો તેઓ કરી શકે નહી.*
- *રાષ્ટ્રપતિને અગત્યની બાબતોમાં સર્વોચ્ચ અદાલતનો અભિપ્રાય કે સલાહ લેવાનો અધિકાર છે.ઉદાહરણ તરીકે રાષ્ટ્રપતિ સંજીવ રેડ્ડીએ તે સમયનાં કટોકટીનાં અતીરેકોની વિચારણા માટે ખાસ કોર્ટ સબંધિત સર્વોચ્ચ અદાલતનો મત માગ્યો હતો.*

8.2.2.5 *કટોકટી વિષયક સત્તાઓ*

*ભારતની એકતા,અખંડિતતા અને બાહ્ય પરિબળો સામે રક્ષણ મેળવીને રાષ્ટ્રીય હિત જાળવવાના હેતુથી ત્રણ પ્રકારની કટોકટી જાહેર કરવાની સત્તા આપવામાં આવી છે. જેની વિસ્તૃત સમજ મેળવીએ.*

**I આંતરિક કે બાહ્ય/રાષ્ટ્રીય કટોકટી**

*યુદ્ધ, બાહ્ય આક્રમણ અથવા સશસ્ત્ર બળવાને કારણે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી શકે છે. ભારતનાં બંધારણનાં 44માં બંધારણીય સુધારા દ્વારા 'આંતરિક ભંગાણ' શબ્દને બદલે 'સશસ્ત્ર બળવો' શબ્દ પ્રયોગ કરવામાં આવેલ છે. રાષ્ટ્રપતિ જાહેરનામા દ્વારા આ કટોકટીની જાહેરાત કરે છે. આ કટોકટીના વાજબીપણાનો નિર્ણય કરવાનો અધિકાર કોઈપણ અદાલતને નથી. આ પ્રકારની કટોકટી જાહેર થતાં સામાન્ય સંજોગોમાં સમવાયતંત્રી લક્ષણો ધરાવતું બંધારણ એકતંત્રી બની જાય છે. આવા સંજોગોમાં સંસદને રાજ્ય યાદીનાં વિષયો ઉપર કાયદા ઘડવાની સત્તા પ્રાપ્ત થાય છે. આ કટોકટીનું જાહેરનામું બહાર પાડ્યા પછી બે માસની અંદર સંસદનાં બન્ને ગૃહો સમક્ષ મંજૂરી માટે મુકવું પડે છે.*

*મંજૂરી મળે તો દર છ મહિને સંસદની મંજૂરી મેળવવી પડે છે. આ કટોકટી જાહેર થતા લોકોનાં મૂળભૂત અધિકારો મોકૂફ થઈ જાય છે. કલમ 352 મુજબ પ્રથમ વાર રાષ્ટ્રીય કટોકટી 1962માં ચીનના આક્રમણ વખતે લાગુ કરવામાં આવી હતી. બીજી વાર બાંગ્લાદેશના યુધ્ધ વખતે જાહેર કરવામાં આવી હતી. જૂન 1975માં કલમ 352 મુજબ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની સલાહથી રાષ્ટ્રપતિએ આંતરિક સલામતીને ગંભીર ખતરાનાં નામે કટોકટીની જાહેરાત કરી હતી.*

**II રાષ્ટ્રપતિ શાસન/બંધારણીય કટોકટી**

*જ્યારે દેશમાં વહીવટીતંત્ર બંધારણીય જોગવાઈઓ મુજબ કાર્ય કરવામાં નિષ્ફળ જાય ત્યારે આ પ્રકારની કટોકટીનું જાહેરનામું રાષ્ટ્રપતિ બહાર પાડી શકે છે. આવા સંજોગોમાં જે રાજ્યને આવું જાહેરનામું લાગુ પડતું હોય તે રાજ્યની ધારાસભા તથા ન્યાયતંત્ર સિવાયની તમામ કામગીરી પોતાને હસ્તક લઈ લે છે. રાજ્યની ધારાસભાનો તમામ વહીવટી સંસદને સુપરત કરી શકે છે. રાજ્યનાં રાજ્યપાલનો અહેવાલ મળ્યે ત્યાં બંધારણીય કટોકટી જાહેર કરી શકાય છે. આ કટોકટીની મુદ્દત સંસદની મંજૂરી હોય તો છ મહિના સુધીની વધારી શકાય છે. જો સંસદ મંજૂરી ન આપે તો બે માસની અંદર સમય પૂર્ણ થતા તે રદબાતલ ગણાય છે. આવા સમયે રાષ્ટ્રપતિ રાજકીય પક્ષોને પણ વિખેરી શકે છે. ઉદાહરણ તરીકે ઓરિસ્સામાં (1961). ભારતમાં સૌ પ્રથમ વખત રાષ્ટ્રપતિ શાસન 1951માં લાગુ કરવામાં આવ્યું હતું.*

**III નાણાકીય કટોકટી**

*બંધારણની કલમ 360 નાણાકીય કટોકટીને લગતી છે. જે અનુસાર રાષ્ટ્રપતિને એમ લાગે કે ભારતનાં કોઈપણ ભાગમાં નાણાકીય સ્થિરતા જોખમમાં મૂકાણી છે અથવા તેની શાખ કે દેશના કોઈ ભાગમાં ખતરો ઉભો થયો છે તેવા સમયે તેઓ નાણાકીય કટોકટી જાહેર કરવાની સત્તા ધરાવે છે. રાષ્ટ્રપતિને જરૂર લાગે તો કેન્દ્ર કે રાજ્ય સરકારના કર્મચારીઓના પગાર-ભથ્થાંમાં ઘટાડો કરી શકે છે. જો કે આ પ્રકારની જાહેરાત પહેલા સંસદમાં રજૂ કરવામાં આવતી હોય છે. કોવિડ 19 કોરોનાની મહામારી સમગ્ર ભારતમાં વ્યાપી હતી. આ પરિસ્થિતિમાં લોકોનાં સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા અને આવશ્યક જરૂરિયાતોને પહોંચી વળવા કેન્દ્ર સરકારનાં કર્મચારીઓના ભથ્થાં અમૂક સમય સુધી ન વધારવાની જાહેરાત કરવામાં આવી હતી. જો કે ભારતમાં નાણાકીય કટોકટીની જાહેરાત કરવી પડે તેવા સંજોગો બન્યાં નથી.*

*આમ ભારતનાં રાષ્ટ્રપતિ બ્રિટનના તાજની જેમ માત્ર નામ પૂરતા જ નથી. તેમને કારોબારી વિષયક,ધારાકીય,નાણાકીય,ન્યાય વિષયક અને ખાસ કરીને કટોકટી વિષયક સત્તાઓ આપવામાં આવી છે.જેની વિગતે સમજૂતી તમે પ્રાપ્ત કરી. અહીં એ સ્પષ્ટતા*

*જરૂરી છે કે રાષ્ટ્રપતિ પોતાની તમામ સત્તાઓનો ઉપયોગ વડાપ્રધાન અને પ્રધાનમંડળની સલાહથી કરતાં હોય છે. અપવાદરૂપ કિસ્સાઓને બાદ કરતા સામાન્ય સંજોગોમાં તેઓ તેમની સૂચના અનુસાર સત્તાઓનો ઉપયોગ કરે છે.*

**8.2.3 રાષ્ટ્રપતિનું સ્થાન**

*ભારતનાં રાષ્ટ્રપતિની ભૂમિકા અને સ્થાનનો વિચાર કરતાં જણાય છે કે તે ઔપચારિક છે.આમ છતાં તેમની કેટલીક સત્તાઓ તેમના સ્થાનને પ્રભાવશાળી બનાવી શકે છે. રાજેન્દ્ર પ્રસાદે ભારતીય કાનુન સંસ્થાન,નવી દિલ્હીમાં પોતાના એક પ્રવચનમાં જણાવ્યું હતું કે "બંધારણમાં એવી કોઈ જોગવાઈ નથી જેનાથી સ્પષ્ટ પણે એવો ખ્યાલ આવે કે રાષ્ટ્રપતિ પ્રધાનમંડળની સલાહ મુજબ કામ કરવા બંધાયેલાં હોય" કે.એમ.મુનશીએ રાષ્ટ્રપતિ પદની સ્વતંત્રતાનો સિધ્ધાંત વિકસાવ્યો હતો. તેમની દલીલ હતી કે ભારતનાં બંધારણમાં એવી કોઈ જોગવાઈ નથી જે સ્પષ્ટ રીતે નિર્દેશ કરતી હોય કે રાષ્ટ્રપતિ પ્રધાનમંડળની સલાહ માનવા બંધાયેલા છે. જો કે 1976માં 42માં બંધારણીય સુધારા અનુસાર રાષ્ટ્રપતિ પ્રધાનમંડળની સલાહ માનવા માટે બંધાયેલા છે.*

*ભારતનાં રાષ્ટ્રપતિ સરકારી તંત્રના કામકાજ કે નિર્ણયો અંગે પોતાને માહિતગાર રાખીને પોતાનો તે અંગેનો વિચાર,કે સૂચન રજૂ કરી શકે છે. સંસદે પસાર કરેલ સામાન્ય ખરડાઓને તેની પુનઃવિચારણા માટે પરત મોકલી શકે છે.આ અધિકારોનો ઉપયોગ જે તે રાષ્ટ્રપતિની સૂઝ,પ્રતિભા અને વ્યક્તિત્વ ઉપર આધાર રાખે છે.*

*રાષ્ટ્રપતિ કટોકટી વિષયક સત્તા દ્વારા પોતાનું સ્થાન અને ભૂમિકામાં વધુ પ્રભાવ ઊભો કરી શકે છે. આ ઉપરાંત વડાપ્રધાનની પસંદગી એવા સંજોગોમાં કરવી જ્યારે લોકસભામાં કોઈપણ પક્ષની બહુમતી ન હોય, વડાપ્રધાને લોકસભામાં બહુમતીનો વિશ્વાસ ગુમાવ્યો હોય, મધ્યસત્રની ચૂંટણીની જાહેરાત કરવી હોય, લોકસભાનું વિસર્જન કરવું હોય તેવા સંજોગોમાં તેઓ વિવેક અને સંયમથી કામ લઈને પોતાની સત્તાનો ઉપયોગ કરી શકે છે.*

*ડૉ.ભીમરાવ આંબેડકરના મત અનુસાર "રાષ્ટ્રપ્રમુખ ઈંગ્લેન્ડનાં બંધારણમાંના રાજાના જેવું જ સ્થાન ધરાવે છે. તે રાજ્યના વડા છે,કારોબારીનાં નહિ,તેઓ રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ ધરાવે છે પણ રાષ્ટ્ર પર શાસન નથી કરતા. તેઓ રાષ્ટ્રનું પ્રતિક છે."*
*ડૉ.રાજેન્દ્ર પ્રસાદે જણાવ્યું હતું કે "આપણે ચુંટાયેલી ધારાસભા સાથે ચુંટાયેલા રાષ્ટ્રપ્રમુખના સ્થાન અંગે સમાધાન સાધવાનું હતું અને તેમ કરવામાં આપણે ઓછેવત્તે અંશે બ્રિટનના રાજવી જેવું સ્થાન રાષ્ટ્રપ્રમુખને આપ્યું.... તેમનું સ્થાન એક બંધારણીય રાષ્ટ્રપ્રમુખ તરીકેનું છે."*

## 8.3 લોકસભા : રચના અને કામગીરી

*સંસદમાં કુલ બે ગૃહો હોય છે. લોકસભા અને રાજ્યસભા. લોકસભા ગૃહની રચના,તેની ચૂંટણી પ્રક્રિયા,સભ્ય બનવા માટેની લાયકાતો,સભ્યોના વેતન અને ભથ્થાં, તેમની કામગીરી,લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ભૂમિકા અને કાર્યો. આ સમગ્રની ચર્ચા હવે કરવામાં આવશે.*

### 8.3.1 લોકસભાના સભ્ય બનવા માટેની લાયકાતો

**I** *તે વ્યકિત ભારતની નાગરિક હોવી જોઈએ.*

II *તેની ઉંમર ઓછામાં ઓછી* **25** *વર્ષની હોવી જોઈએ.*

III *તે સંઘ કે રાજ્ય સરકારનો સવેતન લાભકારક હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.*

IV *અદાલત દ્વારા તે માનસિક રીતે અસ્થિર મગજની પુરવાર થયેલી ન હોવી જોઈએ.*

*લોકસભાના સભ્ય બનવા માટે સંસદે ઘડેલા કાયદા અનુસારની લાયકાતો તેનામાં હોવી જોઈએ.*

### 8.3.2 ચૂંટણી પ્રક્રિયા

*ભારતની સંસદનું પ્રથમ ગૃહ લોકસભા છે.જે નીચલા ગૃહ તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રજા દ્વારા સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનાં ધોરણે પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલાં સભ્યો લોકસભામાં સ્થાન પામે છે.વસતિ ગણતરીનાં આધારે સમગ્ર દેશને વસતિનાં આધારે વિવિધ વિભાગો પાડી મતદાર વિભાગો તૈયાર કરવામાં આવે છે. ચૂંટણીની જવાબદારી બંધારણીય જોગવાઈ અનુસાર ચૂંટણીપંચ નિભાવે છે.મતદારયાદી તૈયાર કરવી,મતદાર વિભાગોની સંખ્યા,વિસ્તાર અને અનામતોની બાબતોને ધ્યાને રાખી તે કાર્યવાહી કરે છે. દરેક રાજ્યની વસતિ અને મતદાર વિભાગોનો ગુણોત્તર(રેશિયો) બને તે રીતે લોકસભાના ચૂંટણી વિસ્તારોની સંખ્યાને નક્કી કરવામાં આવે છે.રાષ્ટ્રપતિ કોઈપણ બે એંગ્લો ઇન્ડિયનની નિમણૂંક કરી શકે છે. બાકીનાં સભ્યો પ્રત્યક્ષ રીતે ચુંટાય છે. લોકસભા સંસદનું ઘણું મહત્ત્વનું ગૃહ છે. તે લોકોનું પ્રતિનિધિત્વ કરતું ગૃહ છે. કેન્દ્ર શાસિત પ્રદેશોમાં લોકસભા માટે પ્રતિનિધિઓની ચૂંટણી સંસદ દ્વારા પ્રસારિત કાયદા મુજબ કરવામાં આવે છે.*

### 8.3.3 લોકસભાની મુદ્દત

*સામાન્યરીતે લોકસભાની મુદ્દત પાંચ વર્ષની રાખવામાં આવી છે.પરંતુ રાષ્ટ્રપતિને લોકસભાનું વિસર્જન અનિવાર્ય સંજોગોમાં કરવાની સત્તા છે.જરૂર લાગે તો ચોક્કસ પ્રક્રિયા કરીને તેની મુદ્દત લંબાવી પણ શકાય છે. કટોકટીના અમલ દરમિયાન વધુમાં વધુ એક વર્ષ સુધી મુદ્દત લંબાવી શકાય છે. કટોકટીનો અમલ બંધ થાય પછી છ મહિનાથી વધુ લંબાવી શકાય નહિ.*

**8.3.4 સભ્યોના પગાર અને ભથ્થાં**

*સંસદ દ્વારા વખતો વખત પસાર કરેલા કાયદા અનુસાર સભ્યોને પગાર અને ભથ્થાં આપવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો થયેલો જણાય છે.*

**8.3.5 શપથવિધિ**

*લોકસભાના સભ્યએ પોતાની બેઠક સંભાળતા પહેલાં શપથ ગ્રહણ કરવાના હોય છે. રાષ્ટ્રપતિ અથવા તેમણે નીમેલી કોઈ વ્યક્તિની સમક્ષ, પ્રતિજ્ઞા કરીને પોતાની સહી, પ્રતિજ્ઞાપત્ર ઉપર કરવાની હોય છે.*

**8.3.6 લોકસભાના અધ્યક્ષ**

8.3.6.1 *અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા*

*બંધારણની કલમ* 93 *અનુસાર લોકસભાને વહેલામાં વહેલીતકે પોતાના સભ્યોમાંથી અધ્યક્ષ (સ્પીકર) અને ઉપાધ્યક્ષ (ડેપ્યુટી સ્પીકર) ની પસંદગી કરવાનું જણાવવામાં આવેલ છે. તેની ચૂંટણી કરવામાં આવે છે.જો કે વ્યવહારમાં તે ઔપચારિક વિધિ છે.*

8.3.6.2 *અધ્યક્ષનું સ્થાન કયારે ખાલી થયેલું ગણાય ?*

I *જો તેઓ લોકસભાના સભ્ય તરીકે ન રહે તો તેમણે પોતાના પદનો ત્યાગ કરવો પડે છે.*

II *અધ્યક્ષ પોતાનું રાજીનામું ઉપાધ્યક્ષને આપી શકે છે.*

III *લોકસભાના સભ્યો સાદી બહુમતીથી ઠરાવ પસાર કરે તો હોદ્દા પરથી દૂર કરી શકાય છે. તે માટે ઓછામાં ઓછા* 14 *દિવસ પહેલા લોકસભામાં નોટિસ આપવી પડે છે.*

IV *લોકસભાનું વિસર્જન ન થાય ત્યાં સુધી તથા વિસર્જન પછીની લોકસભાની પહેલી બેઠક મળે ત્યાં સુધી અધ્યક્ષ પોતાના હોદ્દો ખાલી કરી શકશે નહી.*

8.3.6.3 *લોકસભાના અધ્યક્ષની કામગીરી*

- *લોકસભાના અધ્યક્ષ ગૃહની બેઠકનું અધ્યક્ષપદ સંભાળે છે.ગૃહની કાર્યવાહીનું સંચાલન તેઓ કરે છે.*
- *વ્યવસ્થાનાં મુદ્દા ઉપર નિર્ણય લે છે, ગૃહમાં શાંતિ અને સુવ્યવસ્થા જાળવવાની જવાબદારી તેમની હોય છે.*
- *ખરડો રાષ્ટ્રપતિને સહી અર્થે મોકલતા પહેલા અધ્યક્ષ તેને પ્રમાણિત કરે છે. નાણાકીય ખરડાને પ્રમાણિત કરવાનો અધિકાર અધ્યક્ષને છે.*
- *ગૃહની સમિતિઓનાં અધ્યક્ષોની નિમણૂંક તેઓ કરે છે.*
- *સભાગૃહની કાર્યવાહી અંગેનાં નિયમોનાં અર્થઘટનની,તેનો અમલ કરવાની સત્તા તેમને છે.*
- *સભાગૃહમાં તમામ સંબોધન,પ્રવચનો,વગેરે તેમને સંબોધીને કરવામાં આવે છે.*

- *સામાન્ય રીતે તેઓ મતદાન કરતા નથી. સરખામત પડે ત્યારે પોતાનો 'નિર્ણાયિક મત'આપવાની સત્તા તેઓ ધરાવે છે.*
- *ગૃહના સભ્યોનાં રાજીનામા તેઓ સ્વીકારે છે.જો તેમને લાગે કે કોઈ સભ્યએ દબાણથી રાજીનામું આપ્યું છે તો તેઓ રાજીનામાનો અસ્વીકાર પણ કરી શકે છે.*
- *સમગ્ર ગૃહના શિસ્તની જવાબદારી પણ તેઓ સાંભળે છે.*

8.3.6.4 *અધ્યક્ષનો દરજ્જો*

*ગૃહમાં અધ્યક્ષનો દરજ્જો અને મોભો ગૌરવશાળી ગણવામાં આવે છે. સ્પીકર તરીકે ચૂંટાતા પહેલા ભલે તેઓ ગમે તે પક્ષનાં સભ્ય હોય પરંતુ સ્પીકર તરીકે ચુંટાયા બાદ તેઓ પોતાના અને અન્ય રાજકીય પક્ષો સાથેનાં સબંધોથી અલિપ્ત અને તટસ્થ રહે તો સંસદીય શાસન વ્યવસ્થાની તે સફળતા ગણાય. તેઓ સત્તાધારી પક્ષ કે વિરોધપક્ષ પ્રત્યે સમાન અને તટસ્થ વલણ રાખે તેવી પ્રામાણિક નિષ્પક્ષતાની અપેક્ષા રાખવામાં આવે છે. જવાહરલાલ નહેરૂનાં શબ્દોમાં કહીએ તો "લોકસભાના અધ્યક્ષ સભાગૃહની શાન છે; અને સભાગૃહ રાષ્ટ્ર સમસ્તનું પ્રતિનિધિત્વ ધરાવે છે.તેથી અધ્યક્ષ રાષ્ટ્રની સ્વતંત્રતાના પ્રતિક સમાન બની રહે છે.પરિણામે તેમનું સ્થાન અત્યંત યોગ્ય અને નિષ્પક્ષ વ્યક્તિએ જ શોભાવવું જોઈએ."*

*લોકસભાના પ્રથમ અધ્યક્ષ ગણશે વાસુદેવ માવલંકર હતા. આમ, લોકસભાની રચના અને અધ્યક્ષનાં કાર્યોની આપણે ચર્ચા કરી.*

**8.3.7 લોકસભાના ઉપાધ્યક્ષ (ડેપ્યુટી સ્પીકર)**

*અધ્યક્ષની જેમ જ ઉપાધ્યક્ષની ચૂંટણી કરવામાં આવે છે અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ ગૃહની કાર્યવાહી સંભાળે છે.અધ્યક્ષની જેમ તેમને 'સંચિત નિધિ' માંથી પગાર અને ભથ્થાં પ્રાપ્ત થાય છે. લોકસભાનાં અધ્યક્ષનું સ્થાન ખાલી પડે ત્યારે ઉપાધ્યક્ષની ભૂમિકા અગત્યની બને છે. ઉપાધ્યક્ષ ગૃહનાં સભ્ય હોય ત્યાં સુધી પોતાના સ્થાન ઉપર ચાલું રહે છે.તેઓ પોતાનું રાજીનામું અધ્યક્ષને આપી શકે છે. અધ્યક્ષનું સ્થાન કયારે ખાલી થયેલું ગણાય ? આ મુદ્દામાં ચર્ચા કરવામાં આવેલા મુદ્દાઓ ઉપાધ્યક્ષ માટે પણ લાગુ પડતા હોવાથી અહિ તે મુદ્દાઓનું પુનરાવર્તન કરેલ નથી. જ્યારે તેમને હોદ્દા ઉપરથી દૂર કરવાના ઠરાવ ઉપર ગૃહમાં વિચારણા ચાલતી હોય ત્યારે ત્યારે તેઓ અધ્યક્ષીય સ્થાન લઈ શકતા નથી.ત્યારે તેમને બેઠકમાં બોલાવવાનો, કાર્યવાહીમાં ભાગ લેવાનો હક હોય છે. આ પ્રકારના ઠરાવ અથવા એવી કાર્યવાહી દરમિયાન બીજી કોઈ બાબતમાં તેમને પ્રથમવાર મત આપવાનો હક હોય છે પરંતુ સરખા મત પડે ત્યારે તેઓ મત આપી શકવાનો હક ધરાવતાં નથી.*

*આમ, આપણે લોકસભા વિશે વિસ્તૃત સમજૂતી મેળવી. લોકસભામાં પ્રજા દ્વારા પ્રત્યેક્ષ રીતે ચૂંટાયેલા સભ્યો સ્થાન પામતાં હોવાથી લોકસભા લોકોનું પ્રતિનિધિત્વ કરતું ગૃહ બને છે. આ પ્રતિનિધિઓ લોકોની ઈચ્છા અને આકાંક્ષાઓનો પડઘો પાડે છે. પ્રજાના પ્રશ્નોને વાંચા આપવાનું કાર્ય કરે છે. પ્રજાલક્ષી વિકાસના કાર્યો આગળ વધારવાનું અને કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ કરવાનું કાર્ય લોકસભા કરે છે.લોકસભાનો પ્રત્યેક સદસ્ય ચોક્કસ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતો હોવાથી તે વિસ્તારના લોકોનાં પ્રશ્નોને દૂર કરી વિકાસના કાર્યોને વેગ મળે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. સામાન્ય રીતે વર્ષમાં ઓછામાં ઓછો બે વખત લોકસભાની બેઠક મળે છે. જેમાં એક બેઠક માટે છ માસથી વધુ સમય ન થવો જોઈએ. રાષ્ટ્રપતિ ઈચ્છે તો ગૃહની બેઠક આકસ્મિક બોલાવી શકે છે.*

## 8.4 રાજ્યસભા : રચના અને કામગીરી

*વિદ્યાર્થી,અત્યાર સુધી તમે લોકસભા વિશે માહિતી પ્રાપ્ત કરી છે. હવે, સંસદનું બીજુ અને ઉપલું ગૃહ રાજ્યસભા વિશે અભ્યાસ કરશો. રાજ્યસભાની રચના અંતર્ગત ગૃહની ચૂંટણી પ્રક્રિયા,સભ્ય બનવા માટેની લાયકાતો, સભ્યોના વેતન અને ભથ્થાં,સભાપતિ અને ઉપસભાપતિની ભૂમિકા તેની કામગીરી આ સમગ્રની ચર્ચા આ મુદ્દા અંતર્ગત આવરી લેવામાં આવી છે.*

### 8.4.1 રાજ્યસભાના સભ્ય બનવા માટેની લાયકાતો :

**I** *તે વ્યક્તિ ભારતના નાગરિક હોવાં જોઈએ.*

II *તેની ઉંમર ઓછામાં ઓછી* 30 *વર્ષની હોવી જોઈએ.*

III *તે સંઘ કે રાજ્ય સરકારનો સવેતન લાભકારક હોદ્દો ધરાવતાં ન હોવાં જોઈએ.*

IV *અદાલત દ્વારા તે માનસિક રીતે અસ્થિર મગજની પુરવાર થયેલી ન હોવી જોઈએ.*

*રાજ્યસભાના સભ્ય બનવા માટે સંસદે ઘડેલા કાયદા અનુસારની લાયકાતો હોવી જોઈએ.*

### 8.4.2 ચૂંટણી પ્રક્રિયા

*ભારતીય સંસદનું આ ગૃહ ઉપલાગૃહ તરીકે ઓળખાય છે. રાજ્યસભા રાજ્યો કે એકમ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. રાજ્યસભાના સભ્યોની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે.રાજ્યસભાના* 250 *કુલ સભ્યો પૈકી* 238 *સભ્યોની ચૂંટણી થાય છે. રાજ્યસભામાં દરેક રાજ્યનાં પ્રતિનિધિઓની ચૂંટણી જે તે રાજ્યની ધારાસભા દ્વારા નક્કી કરેલ પ્રતિનિધિત્વની પ્રથા દ્વારા થાય છે અને આ પ્રમાણસર પ્રતિનિધિત્વ પ્રથા દ્વારા એકમત પરિવર્તનીય દ્વારા થાય છે. કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રતિનિધિઓ સંસદ દ્વારા બનાવેલા કાયદાઓના આધારે ચુંટવામાં આવે છે.બાકીનાં* 12 *સભ્યોની નિયુક્તિ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. આ* 12 *સભ્યો જુદા-જુદા ક્ષેત્રો જેમ કે કલા,વિજ્ઞાન,સાહિત્ય,શિક્ષણ,સમાજ-સેવા,રમત-ગમત વગેરે ક્ષેત્રમાંઆગળ પડતા આગ્રણીઓમાંથી પસંદ કરવામાં આવે છે.*

### 8.4.3 રાજ્યસભાની મુદ્દત

*રાજ્યસભા કાયમી ગૃહ છે.તે સંપૂર્ણ રીતે બરખાસ્ત થતું નથી કે વિસર્જિત થતુ નથી. દર બે વર્ષે રાજ્યસભાના $^1/_3$ (એક તૃતીયાંશ) ભાગનાં સભ્યો નિવૃત્ત થાય છે. તેની જગ્યાએ નવા સભ્યોની ચૂંટણી કરીને ઉમેરાતા જાય છે. રાજ્યસભાના સભ્યોની સમય મર્યાદા કુલ છ વર્ષની રાખવામાં આવી છે.*

### 8.4.4 સભ્યોના પગાર અને ભથ્થાં

*સંસદ દ્વારા વખતો વખત પસાર કરેલાં કાયદા અનુસાર સભ્યોને પગાર અને ભથ્થાં આપવામાં આવે છે. જેમાં સમયાંતરે વધારો થયેલો જણાય છે.*

### 8.4.5 શપથવિધિ

*રાજ્યસભાના સભ્યોએ પોતાની બેઠક સંભાળતા પહેલા શપથ લેવાની હોય છે. રાષ્ટ્રપતિ અથવા તેમણે નીમેલી કોઈ વ્યક્તિની સમક્ષ પ્રતિજ્ઞા કરીને પોતાની સહી પ્રતિજ્ઞાપત્ર ઉપર કરે છે.*

### 8.4.6 રાજ્યસભાનાં સભાપતિ

*ભારતનાં ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂ એ રાજ્યસભાના સભાપતિ હોય છે. જો તેઓ રાષ્ટ્રપતિ તરીકેની ફરજો બજાવી રહ્યાં હોય તો રાજ્યસભાના સભાપતિ તરીકેની ફરજ બજાવી શકતા નથી. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સંસદના બન્ને ગૃહોની સયુંક્ત બેઠકમાં પ્રમાણસર પ્રતિનિધિત્વ પ્રથાથી પરિવર્તનીય મત દ્વારા કરવામાં આવે છે. આ મતદાન ગુપ્ત મતપત્રકથી થાય છે . ઉપરાષ્ટ્રપતિના હોદ્દાની મુદ્દત પોતાનો હોદ્દો ધારણ કર્યાની તારીખથી પાંચ વર્ષની હોય છે. તેઓ પોતાનું રાજીનામુ રાષ્ટ્રપતિને આપી શકે છે. જો રાજ્યસભામાં તેમને દૂર કરવાની દરખાસ્ત બહુમતીથી પસાર થાય તો પોતાના હોદ્દા પરથી તેમણે દૂર થવું પડે છે. લોકસભા આ ઠરાવને મંજૂરી આપે તો ઠરાવ પસાર થયેલો ગણાય છે. સંસદે નક્કી કરેલાં કાયદા અનુસાર તેમને વેતન અને ભથ્થાં મળે છે. લોકસભાનાં અધ્યક્ષના જે કાર્યો અને ફરજો છે, તે રાજ્યસભાના સભાપતિને પણ લાગુ પડે છે.*

### 8.4.7 રાજ્યસભાના ઉપસભાપતિ

*ઉપસભાપતિની ચૂંટણી રાજ્યસભાના સભ્યોમાંથી જ કરવામાં આવે છે. રાજ્યસભાનાં સભાપતિનો હોદ્દો ખાલી હોય ત્યારે અથવા ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરતાં હોય ત્યારે તેમના કાર્યો અને ફરજો બજાવવા ઉપસભાપતિ હોય છે. રાજ્યસભાના સભ્ય તરીકે ન રહે તો તેમણે પોતાનું સ્થાન ખાલી કરવું પડે છે. તેઓ*

*પોતાનું રાજીનામુ સભાપતિને આપી શકે છે રાજ્યસભા બહુમતીથી ઠરાવ પસાર કરે તો તેમના હોદ્દા ઉપરથી દૂર કરી શકાય છે. તે માટે ઓછામાં ઓછી 14 દિવસની નોટિસ આપવાની હોય છે. સંસદનાં વખતોવખતના કાયદા અનુસાર તેમને પગાર અને ભથ્થાં મળે છે. સભાપતિ કે ઉપસભાપતિને તેમના હોદ્દા ઉપરથી દૂર કરવાના ઠરાવ ઉપર વિચારણા ચાલતી હોય ત્યારે તેઓ અધ્યક્ષ સ્થાન લઈ શકતાં નથી. જો કે આ ઠરાવ ઉપર ચર્ચા ચાલતી હોય ત્યારે તેઓ હાજર રહી શકે છે.*


*આમ,રાજ્યસભાની રચના અંતર્ગત રાજ્યસભાનાં સભ્ય બનવા માટેની લાયકાતો,ચૂંટણી પ્રક્રિયા, રાજ્યસભાની મુદ્દત,સભ્યોના પગાર અને ભથ્થાં,શપથવિધિ,રાજ્યસભાનાં સભાપતિ અને ઉપસભાપતિની સમજૂતી તેમ પ્રાપ્ત કરી છે.*

*લોકસભાની જેમ રાજ્યસભાની બેઠક પણ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત મળે છે. આ બેઠકો વચ્ચેનો સમયગાળો છ માસથી વધુ ન હોવો જોઈએ. જો રાષ્ટ્રપતિને જરૂર લાગેતો તેઓ આકસ્મિક બેઠક બોલાવી શકે છે. રાજ્યસભાનું મુખ્ય કાર્ય પ્રથમ ગૃહે એટલે કે લોકસભાએ પસાર કરેલ ખરડાઓની સમીક્ષા કરવાનું છે. જ્યારે જરૂર પડે ત્યારે તેમાં ફેરફાર પણ કરી શકે છે. રાજ્યસભા એકમ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમની ઈચ્છાને વ્યક્ત કરે છે. રાજ્યસભાના સભ્યો પાસે ઘણી અપેક્ષાઓ રાખવામાં આવે છે. અમેરિકાની જેમ ઉપલાગૃહની ચૂંટણી માટે રાજ્યોને અસમાનતાના ધોરણે પ્રતિનિધિત્વ ભારતમાં નથી આપવામાં આવતું પરંતુ એકમ રાજ્યોને તેમના ક્ષેત્રફળ અને વસતિને ધ્યાને રાખી પ્રતિનિધિત્વ આપવામાં આવે છે. આ બાબતે કેટલાક ટીકાકારોએ તેની ટીકા પણ કરી છે.*


*રાજ્યસભા કેટલાંક વિશિષ્ટ કાર્યો કરે છે. જે માત્ર તેના દ્વારા કરવામાં આવે છે. રાજ્યસભાને અનુચ્છેદ 249 દ્વારા સમવાયી કાર્ય સોંપવામાં આવ્યું છે. તેનાં દ્વારા રાજ્યસભા રાજ્યયાદીનાં કોઈપણ વિષયને રાષ્ટ્રીય મહત્ત્વ જાહેર કરીને સંસદને તે વિષયને પોતાને હસ્તક લેવાની સત્તા આપી શકે છે. સામાન્ય સંજોગોમાં સંસદ રાજ્યયાદીની કોઈ બાબતમાં દખલગીરી કરતી નથી. રાજ્યોની પ્રતિનિધિ-સભાનાં નાતે રાજ્યસભાને એક બીજો વિશેષાધિકાર આપવામાં આવ્યો છે. જો ગૃહમાં હાજર અને મતદાન કરનાર સભ્યોની બે તૃતીયાંશ બહુમતીથી ઠરાવ પસાર કરીને એવું જાહેર કરવામાં આવે કે રાષ્ટ્રીય હિતમાં એક કે એકથી વધારે અખિલ ભારતીય સેવા શરૂ કરવાની જરૂર છે, જે કેન્દ્ર અને રાજ્યો બન્નેમાં અમલમાં હોય, તો સંસદ કાયદા દ્વારા તેવી સેવાઓ શરૂ કરી શકે છે. કટોકટી જાહેર કરવાની બાબતમાં રાજ્યસભાને ખાસ સત્તા આપવામાં આવી છે. કટોકટીની જાહેરાત સમયે જો લોકસભા વિસર્જિત હોય અથવા એક મહિનાની અંદર વિસર્જન થઈ જાય છે તો આ ઠરાવ રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવે છે.*

## 8.5 સંસદની સત્તાઓ અને કાર્યો

*વિદ્યાર્થીઓ હવે, તમે ભારતીય સંસદ વિશે પરિચિત બન્યા છે. જે નીચેના ચાર્ટ દ્વારા એક નજરે જોઈ લઈએ.*




*ભરતીય સંસદના કાર્યોને અને ખાસ કરીને તેની સત્તાઓને નીચેના ચાર્ટ દ્વારા સમજીએ.*




*ઉપરોક્ત ચાર્ટમાં દર્શાવેલ સંસદની સત્તાઓની વિગતવાર સમજૂતી મેળવીએ.*

### 8.5.1 ધારાકીય સત્તાઓ

- *ભારતીય સંસદને સંઘયાદીમાં જણાવેલ વિષયો તેમજ સંયુક્ત યાદીમાં જણાવેલ વિષયો ઉપર કાયદા ઘડવાની સત્તા છે.*
- *અમુક આવશ્યક પરિસ્થિતિમાં રાજ્યયાદીનાં વિષયો ઉપર પણ કાયદા ઘડવાની સત્તા તે ધરાવે છે.*
- *જેમ કે રાજ્યસભામાં બે તૃતીયાંશ સભ્યોની બહુમતી ઠરાવ પસાર કરે તો રાષ્ટ્રપતિમાં રાજ્યયાદીની બાબત ઉપર સંસદને કાયદો ઘડવાનું જણાવે તો તે કાયદો ઘડવાની સત્તા ધરાવે છે.*
- *કટોકટીનાં સમયમાં કાયદો ઘડી શકે છે.*
- *બે કે તેથી વધુ રાજ્યોની ધારાસભાઓ રાજ્યયાદીની કોઈ બાબત ઉપર કાયદો ઘડવા ઠરાવ કરી સંસદને વિનંતી કરે તો સંસદ કાયદો ઘડવાની સત્તા ધરાવે છે.*
- *બાકી રહેલી શેષસત્તાઓ ઉપર કે વિષયો ઉપર સંસદ કાયદો ઘડવાની સત્તા ધરાવે છે.*

### 8.5.2 કારોબારી સત્તાઓ

- *સંસદ સભ્યો ગૃહમાં પ્રધાનોને તેમના ખાતાના વહીવટ અંગે ચર્ચા વિચારણા કરી શકે છે.*
- *પ્રધાનોને પ્રશ્નો પૂછવાની,ઠપકાની દરખાસ્ત રજૂ કરવાની,સભા મોકૂફીની દરખાસ્ત રજૂ કરવાની અને તાકીદનાં કે અગત્યનાં પ્રશ્નો ઉપર સરકારની નિષ્ફળતા ઉપર પ્રકાશ ફેંકવાની સત્તા સંસદને છે.*
- *લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તો પ્રધાનમંડળે રાજીનામું આપવું પડે છે.*
- *અંદાજપત્રની બેઠક વખતે દરેક પ્રધાનના ખાતાની માંગણીઓ મંજૂર કરતા પહેલા લોકસભાના વિરોધપક્ષોના સભ્યો તેની કામગીરીની ચર્ચા કે ટીકા કરે છે.*
- *કારોબારી ઉપર અંકુશ રાખવાની સત્તા તે ધરાવે છે.*

### 8.5.3 નાણાકીય સત્તાઓ

- *કોઈપણ નાણાકીય ખરડો સૌ પ્રથમ લોકસભામાં જ રજૂ કરવામાં આવે છે. લોકસભા તે ખરડો પસાર કરે પછી તે રાજ્યસભામાં મોકલવામાં આવે છે. રાજ્યસભાએ વધુમાં વધુ ૧૪ દિવસમાં લોકસભાને તે પરત કરવો પડે છે.*
- *ઓડિટર જનરલે તૈયાર કરેલો અહેવાલ સંસદમાં રજૂ થાય ત્યારે પ્રધાનના વહીવટ પર ટીકા કરવાની તક લોકસભા અને રાજ્યસભાના સભ્યોને પ્રાપ્ત થાય છે.*
- *લોકસભામાં અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે ત્યારે સંસદની નાણાકીય સત્તાઓનો સાચો પરિચય મળે છે.*

### 8.5.4 ન્યાયવિષયક સત્તાઓ

- *સંસદરાષ્ટ્રપતિ,ઉપરાષ્ટ્રપતિ,સર્વોચ્ચ અદાલત અને વડીઅદાલતનાં ન્યાયાધીશો,ઓડિટર જનરલ,ચૂંટણીપંચના અધિકારીઓને સંસદના બન્ને ગૃહો બે તૃતીયાંશ બહુમતીથી ઠરાવ કરીને હોદ્દા પરથી દૂર કરવાની સત્તા ધરાવે છે.*
- *લોકસભાના સ્પીકર અને ડેપ્યુટી સ્પીકર તથા રાજ્યસભાના ઉપસભાપતિને ઠરાવ દ્વારા હોદ્દા પરથી દૂર કરી શકે છે.*
- *આ ઉપરાંત ઘણી જાહેર અને અર્ધ સરકારી સંસ્થાઓમાં ગેરરીતિઓ માટે સંસદ સમિતિની નિમણૂંક કરીને તપાસ ચલાવી શકે છે.*

*આમ,સંસદ દેશ માટે કાયદા ઘડવાનું કાર્ય કરે છે.દેશની આવક-જાવક ઉપર અંકુશ રાખવાનું કાર્ય પણ તે કરે છે. કયાં હેતુ માટે કેટલો ખર્ચ કરવામાં આવશે તે અધિકાર સંસદને છે.જુદાં-જુદાં ખર્ચ માટે મહેસૂલી ફંડ કેવી રીતે વસૂલ કરવું તે નક્કી કરવાની સત્તા સંસદની છે. વહીવટ ઉપર કડક અંકુશ રાખવાનું તે કાર્ય કરે છે. પ્રશ્નોત્તરી કરીને,બજેટ*

*પર ચર્ચા કરીને, દરખાસ્તો તથા જુદી-જુદી સમિતિઓનાં માધ્યમથી તે પોતાનું કાર્ય કરે છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી વખતે મતદારમંડળ તરીકેનું કાર્ય પણ તે કરે છે.*

## 8.6 સંસદના વિશેષાધિકારો

*સંસદને સોંપવામાં આવેલ કાર્યો અને ફરજો તે યોગ્ય રીતે કરી શકે તે માટે બંધારણ દ્વારા તેને કેટલાંકવિશેષાધિકારો આપવામાં આવ્યા છે. જેથી સંસદનાં સભ્યો પોતાના કાર્યોને સારી રીતે અમલમાં મૂકી શકે અને નાગરિકો પ્રત્યે વધુ જવાબદાર બની કાર્ય કરી શકે. તેમના વિશેષાધિકારો નીચે મુજબ છે.*

### 8.6.1 ગૃહમાં વાણી સ્વાતંત્ર્ય

*બંધારણનાં આર્ટિકલ* 105 (1) *અનુસાર સાંસદો ગૃહમાં ચાલતી ચર્ચા દરમિયાન પોતાનો વિચારો મુક્ત રીતે કહેવાની સંપૂર્ણ વાણી સ્વતંત્રતા ધરાવે છે. જો કે તેમણે અશિષ્ટ ભાષા કે વર્તન કરવાનું હોતું નથી. તેઓ સર્વોચ્ચ અદાલત કે વડી અદાલતના ન્યાયાધીશો વિશે ચર્ચા કરી શકતાં નથી.*

### 8.6.2 કાર્યવાહીની નોંધ પ્રગટ કરવાનો અધિકાર

*સંસદનાં કોઈપણ ગૃહમાં ભાષણો કે કાર્યવાહીની નોંધ થઈ હોય તેનું પ્રકાશન અધિકૃત રીતે કરી શકાય છે. ભારતની સંસદે* 1956*માં પાર્લામેન્ટરી પ્રોસિડિંગ્સ (પ્રોટેક્શન એન્ડ પબ્લિકેશન) એક્ટ પસાર કર્યો છે. જેના દ્વારા ગૃહની કાર્યવાહીનું તટસ્થ અને માહિતી ફેલાવવાના ઈરાદાથી પ્રકાશન થાય તેને રક્ષણ આપેલ છે.*

### 8.6.3 અન્ય

*બન્ને ગૃહોને સામૂહિક રીતે કેટલાક અધિકારો આપવામાં આવ્યા છે. જેમકે_*

- *ગૃહના અધ્યક્ષને જરૂરી લાગે તો ગૃહની બેઠક દરમિયાન અજાણી કે બિન સભ્ય હોય તેવી વ્યકિતને ગૃહમાંથી બહાર જવાનો હૂકમ કરી શકે છે.*
- *ગૃહની કાર્યવાહી સુચારૂ રીતે શિસ્તબધ્ધ અને ગૌરવપૂર્ણ રીતે થાય તે માટે કાયદો ઘડવાનો ગૃહને હક છે. ગૃહની આંતરિક શિસ્ત જળવાય તે માટે તેને સત્તા આપેલી છે. આ ઉપરાંત ધરપકડમાંથી મુક્તિ સબંધિત કેટલાક હક તેમને છે.*

## 8.7 સંસદની કાર્યવાહી

### 8.7.1 સંસદની શરૂઆત

*નવી સંસદની શરૂઆત દરેક લોકસભાની ચૂંટણી પછી રાષ્ટ્રપતિ બન્ને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધે છે કોઈ એક ગૃહની બેઠકને સંબોધન પણ રાષ્ટ્રપતિ કરી શકે છે.*

*કોઈ એક અથવા બન્ને ગૃહોની સત્રસમાપ્તિ સમયે પણ તેઓ સંબોધન કરી શકે છે. આમ,સત્રારંભ થાય છે.*

#### 8.7.2 આવશ્યક કોરમ (Quoram)

*ગૃહમાં કામકાજ માટે આવશ્યક ગણાતી સભ્યોની સંખ્યા કરોમ તરીકે ઓળખાય છે. ગૃહના કામકાજ માટે કોરમ થાય તે આવશ્યક છે. જો ન થાય તો સભા મોકૂફ પણ રાખી શકાય છે.*

#### 8.7.3 પ્રશ્નકાળ (Question Hour)

*ગૃહની બેઠક શરૂ થાય ત્યારે એક કલાક પ્રશ્નત્તરી માટે રાખવામાં આવે છે.પ્રધાનોને પ્રશ્ન પુછી શકાય છે. જુદાં-જુદાં ખાતાના પ્રધાનો સભ્યોએ પૂછેલા પ્રશ્નોનાં જવાબ આપે છે.*

#### 8.7.4 ધારાકીય પ્રક્રિયા

*ખરડાઓના બે પ્રકાર છે. સામાન્ય ખરડાઓ અને નાણાકીય ખરડાઓ. સંસદનો મોટાભાગનો સમય કાયદા ઘડતરની પ્રક્રિયામાં પસાર થાય છે.કોઈપણ સામાન્ય ખરડો ગમે તે ગૃહમાં રજૂ થઈ શકે છે. જ્યારે નાણાકીય ખરડો સૌ પ્રથમ લોકસભામાં જ રજૂ થાય છે. નાણાકીય ખરડાની બાબતમાં લોકસભાનું વર્ચસ્વ વધુ જોવા મળે છે.*
*સામાન્ય ખરડાઓ પણ બે પ્રકારના હોય છે. પ્રધાનો તરફથી રજૂ થતાં ખરડાઓ સરકારી ખરડા તરીકે ઓળખાય છે,અન્ય સભ્યો તરફથી રજૂ થતા ખરડાઓ બિન સરકારી ખરડા તરીકે ઓળખાય છે.*

*ખરડો દાખલ કરનાર પ્રધાન કે સભ્ય તે ખરડાના હેતુઓ સમજાવે છે. ખરડો કાયદો બનતાં પહેલાં પ્રથમ વાંચન,બીજુ વાંચન અને ત્રીજુ વાંચનની પ્રક્રિયામાંથી પસાર થાય છે. બન્ને ગૃહો વચ્ચે અસંમતિ હોય તો તેનો ચોક્કસ પ્રક્રિયા દ્વારા ઉકેલ લાવવામાં આવે છે. ત્યાર બાદ ખરડો રાષ્ટ્રપતિની મંજૂરી માટે સહી અર્થે મોકલવામાં આવે છે. અને રાષ્ટ્રપતિની સહી પછી જ કોઈપણ ખરડો કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે.*
*સંસદ પોતાનું કાર્ય બરાબર રીતે કરી શકે તે માટે વિવિધ સમિતિઓની રચના કરે છે. જેમ કે અંદાજ સમિતિ,જાહેર હિસાબ સમિતિ,પ્રવર સમિતિઓ,વગેરે…*

### 8.8 સંસદનું મૂલ્યાંકન

*ભારતીય શાસનવ્યવસ્થા સંસદીય પ્રકારની હોવાથી સંસદ ઘણું મહત્ત્વ ધરાવે છે. જવાહરલાલ નહેરૂ જણાવે છે કે "સરકાર પ્રજાની પ્રતિનિધિ છે અને આથી પાર્લામેન્ટ દ્વારા તે પ્રજાને જવાબદાર છે, કારણ કે તેની સત્તા પ્રજા પાસેથી આવે છે. રાજ્યરૂપી નૌકાનું*

*સુકાન પ્રધાનમંડળ છે અને સુકાની વડાપ્રધાન છે, છતાં એ સુકાન કઈ દિશામાં વાળવું તે પાર્લામેન્ટ બતાવે છે."*

*એચ.એમ.ધારેખાનના મત અનુસાર "રાષ્ટ્રની શાસન વ્યવસ્થાની સર્વ પ્રવૃત્તિઓનું કેન્દ્ર પાર્લામેન્ટ હોય છે. પ્રજાની દ્રષ્ટીએ તેનું મહત્ત્વ પ્રધાનમંડળ કે રાષ્ટ્રપ્રમુખ કરતા વધુ હોય છે."*

*ભારતમાં બદલાતી જતી રાજકીય અને નૈતિક પરિસ્થિતિઓને કારણે સંસદના સ્તરનું અને ગૌરવનું ધોવણ થઈ રહ્યું હોય તેવો મત પણ કેટલાક વિવેચકો રજૂ કરે છે.સંસદના સભ્યોની વિશ્વસનીયતા,પ્રમાણિકતા અને નિષ્પક્ષતામાં ખામી તેનાં ગૌરવને ઝાંખું પાડે છે. સંસદની કાર્યવાહી માટે 'કોરમ' નો અભાવ સામાન્ય ઘટના બનતી જાય છે. સંસદમાં પ્રશ્નોત્તરીકાળ અને ઝીરો અવર્સ પછી ખાસ આકર્ષણ રહેતું નથી, તેવું પણ માનવામાં આવે છે. જો કે ભારતીય સંસદની ભૂમિકા માત્ર કાયદા ઘડતર પૂરતી સીમિત નથી પરંતુ તે જટિલ અને બહુ આયામી છે. સંસદ પાસે દેશનાં લોકોને ઘણી અપેક્ષા હોય છે. સંસદ એવો રાષ્ટ્રમંચ છે જેમાં લોકમતનો પડઘો પડે છે. તેનું મહત્ત્વ અદ્વિતીય છે.*

## 8.9 સારાંશ

*આ એકમનાં ચાર બિંદુઓ નીચે મુજબ છે.*

- *ભારતીય સંસદ અંતર્ગત રાષ્ટ્રપતિના પદ માટેની લાયકાતો તેમની ચૂંટણી પદ્ધતિ,તેમને હોદ્દા પરથી દૂર કરવાની રીત, રાષ્ટ્રપતિની સત્તાઓ અને કાર્યો, રાષ્ટ્રપતિનું સ્થાન વગેરે વિશે તમે સમજૂતી મેળવી. રાષ્ટ્રપતિ નામની કારોબારી છે.તેમની સત્તાઓ અને કાર્યોમાં કારોબારી સત્તા જેમાં વહીવટી અને લશ્કરી બાબતોનો અભ્યાસ તમે કર્યો. આ ઉપરાંત ધારાકીય સત્તાઓ, નાણાકીય સત્તાઓ, ન્યાયવિષયક સત્તાઓ, કટોકટી વિષયક સત્તાઓનો અભ્યાસ પણ તમે કર્યો કટોકટી વિષયક સત્તાઓ અંતર્ગત ત્રણ પ્રકારની કટોકટીનો અભ્યાસ કરવાની સાથે તમે સ્પષ્ટ સમજ મેળવી.*
- *સંસદનું નીચલું ગૃહ લોકસભા છે. લોકસભા લોકોનું પ્રતિનિધિત્વ કરતું ગૃહ છે.તેની ચૂંટણી સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનાં ધોરણે પ્રજા દ્વારા પ્રત્યક્ષ રીતે થાય છે. લોકસભાની રચના અંતર્ગત લોકસભાનાં સભ્ય બનવા માટેની લાયકાતો,ચૂંટણી પ્રક્રિયા,તેની મુદ્દત,લોકસભાની કામગીરીની સમજ તમે મેળવી.*
- *લોકસભાનાં અધ્યક્ષની ભૂમિકા અને સ્થાન અગત્યનું હોવાથી તેનો પણ આપણે અભ્યાસ કર્યો છે. જે તમને યાદ હશે.*
- *લોકસભાના ઉપાધ્યક્ષ વિશે પણ થોડી ચર્ચા આ એકમમાં કરેલી છે.*

- *સંસદનું ઉપલું ગૃહ રાજ્ય સભા છે. રાજ્યસભામાં રાજ્યોનુ પ્રતિનિધિત્વ થાય છે. રાજ્યસભાના સભ્ય બનવા માટેની લાયકાતો,તેની ચૂંટણી પ્રક્રિયા,મુદ્દત,કામગીરી વગેરેનો અભ્યાસ તમે કર્યો છે.*
- *રાજ્યસભાનાં સભાપતિ હોદ્દાની રૂએ ઉપરાષ્ટ્રપતિ છે.ઉપસભાપતિ સભાપતિની ગેરહાજરીમાં કાર્ય સંભાળે છે. જેનો પરિચય તમે કેળવ્યો.*
- *સંસદની ધારાકીય,કારોબારી,નાણાકીય,ન્યાયવિષયક સત્તાઓ અને કામગીરી તમે ભણ્યા.આ સાથે સંસદનાં વિશેષાધિકારો અને સંસદની કાર્યવાહીની સમજૂતી પણ મેળવી.*

## 8.10 ચાવીરૂપ શબ્દો

**વીટો (નિષેધાધિકાર)** *અસ્વીકાર કરવો અથવા નિષેધ કરવો.*

**સત્ર સમાપ્તિ** *સંસદને બરખાસ્ત કર્યા વિના તેને પૂરું થયેલું જાહેર કરવું. સત્ર સમાપ્તિ એ ગૃહનાં સત્રને સમાપ્ત કરવાની કાર્યવાહી છે. સત્ર સમાપ્તિ રાષ્ટ્રપતિ દ્વારા કરી શકાય છે.*

**સભા મોકૂફ** *સત્ર સમાપ્તિ અને સત્ર મોકૂફી વચ્ચે તફાવત છે. સત્ર મોકૂફીમાં સત્રની કામગીરી થોડા સમય માટે મોકૂફ રહે છે. સભા મોકૂફીએ ગૃહની સત્તા છે.*

**સત્રારંભ** *રાષ્ટ્રપતિ જરૂર જણાય ત્યારે સંસદનાં ગૃહોની બેઠકો બોલાવે છે. રાષ્ટ્રપતિ ગૃહની બેઠક બોલાવે તે દિવસથી ગૃહનાં સત્રની શરૂઆત થઈ ગણાય છે.જેને સત્રારંભ કહે છે.*

**વિસર્જન** *લોકસભા વિસર્જન એક એવી ઘટના છે કે જે દ્વારા વિદ્યમાન લોકસભાનાં જીવનકાળનો અંત આવે છે અને ત્યાર બાદ નવી લોકસભાની રચના સામાન્ય ચૂંટણી બાદ કરવાની રહે છે. લોકસભાના વિસર્જનનો નિર્ણય વડાપ્રધાનની સલાહથી રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવે છે.*

**સંસદની સમિતિઓ** *સંસદે પોતાનું કાર્ય બરાબર રીતે કરી શકે તે માટે કેટલીક સમિતિઓની રચના કરી છે. જેના માધ્યમથી તે વહીવટીતંત્ર ઉપર અંકુશ રાખી શકે છે. જેમ કે અંદાજ સમિતિ જાહેર હિસાબ સમિતિ વગેરે.*

**કોરમ** *કોરમ એટલે કાર્ય સાધક સંખ્યા. લોકસભામાં કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા $^1/_{10}$ ભાગના સભ્યો હાજર હોય તો જ સભામાં કામકાજ થઈ શકે છે.*

**નિર્ણાયક મત** *ગૃહમાં જ્યારે સરખા મત પડે ત્યારે અધ્યક્ષ પોતાનો 'નિર્ણાયક મત' (કાસ્ટિંગ વોટ) આપે છે.*

**સ્પીકર્સ પેનલ** *લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં ગૃહનાં સંચાલન માટે વિવિધ પક્ષોનાં પીઢ, અનુભવી તથા સંસદીય પ્રક્રિયાનાં તજજ્ઞોની એક પેનલ જેને 'સ્પીકર્સ પેનલ' કહે છે.*

**ખરડો** *ધારાસભામાં રજૂ થયેલ ખરડો કાયદાનું સ્વરૂપ ધારણ કરે તે પહેલા ચોક્કસ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.સંસદમાં રજૂ કરવામાં આવતા ખરડાઓ બે પ્રકારનાં હોય છે. સામાન્ય ખરડાઓ અને બીજા છે નાણાકીય ખરડાઓ.*

## 8.11 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ આપો.**

1. *ભારતની સંસદ એટલે*____

*અ. રાજ્યસભા, લોકસભા, રાષ્ટ્રપતિ*

*બ. રાજ્યસભા અને લોકસભા*

*ક. લોકસભા અને રાષ્ટ્રપતિ*

*ડ. રાષ્ટ્રપતિ અને રાજ્યસભા*

2. *ભારતમાં સંસદીય સરકારમાં નામની કારોબારી કોણ છે ?*

*અ. રાષ્ટ્રપતિ*

*બ. પ્રધાનમંડળ*

*ક. પ્રધાનમંત્રી*

*ડ. ત્રણ પૈકી એકપણ નહિ*

3. *ભારતનાં રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો કઈ છે ?*

*અ. ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.*

*બ. તેની ઉંમર ૩૫ વર્ષથી વધુ હોવી જોઈએ*

*ક. તે પગારદાર સવેતન હોદ્દો ધરાવતો હોવો જોઈએ.*

4. *ભારતીય બંધારણના કયાં અનુચ્છેદમાં રાષ્ટ્રપતિની ચૂંટણી સબંધિત બાબતોનો ઉલ્લેખ છે ?*

*અ. અનુચ્છેદ* 54 *અને* 55

*બ. અનુચ્છેદ* 20 *અને* 21

*ક. અનુચ્છેદ* 25 *અને* 26

*ડ. અનુચ્છેદ* 35 *થી* 37

5. *રાષ્ટ્રપતિનાં હોદ્દાની મુદ્દત કેટલી હોય છે ?*

અ. પાંચ વર્ષની

બ. છ વર્ષની

ક. સાત વર્ષની

ડ. દશ વર્ષની

6. રાષ્ટ્રપતિની ચૂંટણી સંબંધિત હકીકત એ છે કે૦

અ. રાષ્ટ્રપતિની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે.

બ. મતદાન ગુપ્ત રીતે કરવામાં આવે છે.

ક. ઉપરોક્ત બન્ને

ડ. લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટણી થાય છે.

7. રાષ્ટ્રપતિને શપથ કોણ લેવડાવે છે ?

અ. ભારતનાં મુખ્ય ન્યાયાધીશ

બ. વડાપ્રધાન

ક. રાજ્યપાલ

ડ. ઉપરાષ્ટ્રપતિ

8. રાષ્ટ્રપતિને હોદ્દા ઉપરથી કઈ રીતે દૂર કરી શકાય છે ?

અ. અનુચ્છેદ ૬૧ અનુસાર મહાભિયોગ દ્વારા

બ. તેમને હોદ્દો ઉપરથી દૂર કરી જ ન શકાય.

ક. પ્રધાનમંડળ દ્વારા

ડ. વડાપ્રધાન દ્વારા

9. ભારતનાં રાષ્ટ્રપતિ કારોબારી સત્તાઓ અંતર્ગત કઈ સત્તા ધરાવે છે ?

અ. વહીવટી

બ. લશ્કરી

ક. ઉપરોક્ત બન્ને

ડ. કટોકટીની

10. ભારતનાં રાષ્ટ્રપતિની સત્તાઓ કઈ-કઈ છે ?

અ. ધારાકીય સત્તાઓ

બ. નાણાકીય સત્તાઓ

ક. કટોકટી વિષયક સત્તાઓ

ડ. ઉપરોક્ત ત્રણેય

11. ભારતમાં બંધારણીય વડા કોણ છે ?
અ. રાષ્ટ્રપતિ
બ. વડાપ્રધાન
ક. પ્રધાનમંડળ
ડ. લોકસભાના સભ્યો

12. રાષ્ટ્રપતિ એંગ્લો ઈન્ડિયન સમૂહનાં કેટલા સભ્યોની લોકસભામાં નિમણૂંક કરી શકે છે ?
અ. એક સભ્ય
બ. બે સભ્યો
ક. ત્રણ સભ્યો
ડ.ચાર સભ્યો

13. કોઈપણ ખરડો કાયદો કયારે બને છે ?
અ. લોકસભામાંથી પસાર થઈ જાય ત્યારે
બ. રાજ્યસભામાંથી પસાર થઈ જાય ત્યારે
ક. પ્રધાનમંડળ મંજૂરી આપે ત્યારે
ડ. રાષ્ટ્રપતિની મંજૂરી પછી જ

14. "રાષ્ટ્રપ્રમુખ ઈંગ્લેન્ડનાં બંધારણમાંના રાજા જેવું જ સ્થાન ધરાવે છે. તે રાજ્યનાં વડા છે,કારોબારીનાં નહિ,તેઓ રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ ધરાવે છે પણ રાષ્ટ્ર પર શાસન નથી કરતા.તેઓ રાષ્ટ્રનું પ્રતિક છે." આ વિધાન કોનું છે ?
અ. ડૉ.ભીમરાવ આંબેડકર
બ. ડૉ.રાજેન્દ્ર પ્રસાદ
ક. કે.એમ.મુનશી
ડ. બી.એમ.રાવ

15. ભારતમાં લોકસભા બીજા ક્યાં નામે ઓળખાય છે ?
અ. નીચલું ગૃહ
બ. ઉપલું ગૃહ
ક. ઉમરાવસભા
ડ. આમસભા

16. સામાન્ય રીતે ભારતમાં લોકસભાની મુદ્દત કેટલાં વર્ષની હોય છે ?
અ. પાંચ વર્ષ
બ. સાત વર્ષ

ક. આઠ વર્ષ

ડ. દશ વર્ષ

17. 'નિર્ણાયક મત' આપવાની સત્તાકોણ ધરાવે છે ?

અ. વડાપ્રધાન

બ. પ્રધાનમંડળ

ક. રાષ્ટ્રપતિ

ડ. લોકસભાનાં અધ્યક્ષ

18.ભારતીય સંસદનું ઉપલું ગૃહ એટલે ◦

અ. રાજ્યસભા

બ. લોકસભા

ક. સંસદ

ડ. રાષ્ટ્રપતિ

19. રાજ્યસભાનાં કેટલાં સભ્યોની નિયુક્તી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે ?

અ. 12

બ. 13

ક. 14

ડ. 15

20. ભારતીય સંસદનું કયું ગૃહ 'કાયમી ગૃહ' હોય છે ?

અ. લોકસભા

બ. વિધાનસભા

ક. રાજ્યસભા

ડ. વિધાન પરિષદ

21. હોદ્દાની રૂ એ રાજ્યસભાનાં સભાપતિ કોણ હોય છે ?

અ. ઉપરાષ્ટ્રપતિ

બ. રાષ્ટ્રપતિ

ક. નીતિ આયોગના અધ્યક્ષ

ડ. લોકસભાનાં અધ્યક્ષ

22. લોકસભાના અધ્યક્ષની ગેરહાજરીમાં ગૃહનું કાર્ય કોણ સંભાળે છે ?

અ. ઉપાધ્યક્ષ

બ. ઉપરાષ્ટ્રપતિ

ક. રાષ્ટ્રપતિ
ડ. રાજ્યપાલ

23. સંસદની સત્તાઓ કઈ-કઈ છે ?
અ. ધારાકીય સત્તાઓ
બ. કારોબારી સત્તાઓ
ક. નાણાકીય સત્તાઓ
ડ. ઉપરોક્ત ત્રણેય

24. સંસદનાં વિશેષાધિકારોમાં શેનો સમાવેશ થાય છે ?
અ. ગૃહમાં વાણી સ્વાતંત્ર્ય
બ. કાર્યવાહીની નોંધ પ્રગટ કરવાનો અધિકાર
ક. ઉપરોક્ત બન્ને
ડ. એક પણ નહિ

25. "સરકાર પ્રજાની પ્રતિનિધિ છે અને આથી પાર્લામેન્ટ દ્વારા તે પ્રજાને જવાબદાર છે, કારણ કે તેની સત્તા પ્રજા પાસેથી આવે છે. રાજ્યરૂપી નૌકાનું સુકાન પ્રધાનમંડળ છે અને સુકાની વડાપ્રધાન છે, છતાં એ સુકાન કઈ દિશામાં વાળવું તે પાર્લામેન્ટ બતાવે છે." આ મંતવ્ય કોનું છે.?
અ. જવાહરલાલ નેહરૂ
બ. ઈન્દિરા ગાંધી
ક. અટલ બિહારી વાજપેયી
ડ. એચ.એમ.ધારેખાન

**(ખ) નીચે આપેલ પ્રશ્નનાં ટૂંકમાં જવાબ આપો.**

1. રાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતોનું વર્ણન કરો.

....................................................................
....................................................................
....................................................................
....................................................................
.................................................................

2. રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા સમજાવો.

....................................................................
....................................................................

...................................................................
...................................................................
.................................................................

3. રાષ્ટ્રપતિને હોદ્દા પરથી દૂર કરવાની રીત જણાવો.

...................................................................
...................................................................
...................................................................
...................................................................
.................................................................

4. રાષ્ટ્રપતિની કારોબારી સત્તાઓ સમજાવો.

...................................................................
...................................................................
...................................................................
...................................................................
.................................................................

5. રાષ્ટ્રપતિની ધારાકીય સત્તાઓનું વર્ણન કરો.

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

6. રાષ્ટ્રપતિની નાણાકીય સત્તાઓ વર્ણવો.

...................................................................
...................................................................
...................................................................
...................................................................
.................................................................

7. રાષ્ટ્રપતિની ન્યાયવિષયક સત્તાઓ જણાવો.

...................................................................
...................................................................
...................................................................
...................................................................
.................................................................

8. લોકસભાના સભ્ય બનવા માટેની લાયકાતો જણાવો.

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
………………………………………………………………

9. *લોકસભાની ચૂંટણી પ્રક્રિયા જણાવો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
………………………………………………………………

10. *લોકસભાના ઉપાધ્યક્ષ વિશે લખો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
………………………………………………………………

11. *રાજ્યસભાના સભ્ય બનવા માટેની લાયકાતો જણાવો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
………………………………………………………………

12. *રાજ્યસભાની ચૂંટણી પ્રક્રિયા સમજાવો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
………………………………………………………………

13.*સંસદની ધારાકીય સત્તાઓ જણાવો.*

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

...................................................................
...................................................................
.................................................................
14. *સંસદની કારોબારી સત્તાઓ જણાવો.*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
..................................................................

15. *સંસદની નાણાકીય સત્તાઓ જણાવો.*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...........................................
16. *સંસદની ન્યાયવિષયક સત્તાઓ જણાવો.*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................
17. *કોરમ એટલે શું ?*

...................................................................
...................................................................
...................................................................
...................................................................
...................................................................

**(ગ) નીચે આપેલ ટૂંકનોંધ તૈયાર કરો.**

1. *રાષ્ટ્રપતિની કટોકટીની સત્તાઓ જણાવો.*

...................................................................
................................................................
...................................................................
...................................................................

.................................................................................
.................................................................................
...........................................................................

2. *રાષ્ટ્રપતિનું સ્થાન વર્ણવો.*

.................................................................................
...............................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
...............................................................................

3. *લોકસભાનાં અધ્યક્ષ*

.................................................................................
..............................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
................................................................................

4. *રાજ્યસભાનાં સભાપતિ*

.................................................................................
...............................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
................................................................................

5. *રાજ્યસભાનાં ઉપસભાપતિ*

.................................................................................
...............................................................................
.................................................................................
.................................................................................

.................................................................
.................................................................
..............................................................

6. *સંસદનાં વિશેષાધિકારો*

.................................................................
.............................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

7. *સંસદની કાર્યવાહી*

.................................................................
................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
..............................................................

**(ઘ) નીચે આપેલ પ્રશ્નના વિગતવાર જવાબ આપો.**

1. *રાષ્ટ્રપતિની રચના જણાવી તેની સત્તાઓ અને કાર્યોનું વર્ણન કરો.*

.................................................................
...............................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

2. *લોકસભાની રચના અને કામગીરી સમજાવો.*

.................................................................
..............................................................

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

3. *રાજ્યસભાની રચના અને કામગીરી વિગતવાર સમજાવો.*

.......................................................................
....................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

4. *સંસદની સત્તાઓ અને કાર્યોનું વર્ણન કરો.*

.......................................................................
.....................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

**જવાબો**

- *બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ*

1. *રાજ્યસભા, લોકસભા, રાષ્ટ્રપતિ*
2. *રાષ્ટ્રપતિ*
3. *ઉપરોક્ત બન્ને*

4. અનુચ્છેદ 54 અને 55
5. પાંચ વર્ષની
6. ઉપરોક્ત બન્ને
7. ભારતનાં મુખ્ય ન્યાયાધીશ
8. અનુચ્છેદ 61 અનુસાર મહાભિયોગ દ્વારા
9. ઉપરોક્ત બન્ને
10. ઉપરોક્ત ત્રણેય
11. રાષ્ટ્રપતિ
12. બે સભ્યોની
13. રાષ્ટ્રપતિની મંજૂરી પછી જ
14. ડૉ.ભીમરાવ આંબેડકર
15. નીચલું ગૃહ
16. પાંચ વર્ષની
17. લોકસભાનાં અધ્યક્ષ
18. રાજ્યસભા
19. 12 (બાર)
20. રાજ્યસભા
21. ઉપરાષ્ટ્રપતિ
22. ઉપાધ્યક્ષ
23. ઉપરોક્ત ત્રણેય
24. ઉપરોક્ત બન્ને
25. જવાહરલાલ નેહરૂ

## 8.12 સંદર્ભ સૂચિ


1. The Constitution of India : Government of India Ministry of Law and Justice Legislative Department,New Delhi, April, 2019.
2. Jayapalan N.: Constitutional History of India, Atlantic Publishers and Distributors, New Delhi, 1998.
3. Basu Durga Das : Introduction to the Constitution of India, Prentice Hall of India, New Delhi, seventh Edition, 1978.
4. કાશ્યપ સુભાષ : ભારતીય સંવિધાન વિશ્વકોશ, વિબન બુક્સ પ્રાઈવેટ લિમીટેડ, નઈ દિલ્લી, ભારત, પ્રથમ હિન્દી સંસ્કરણ, 2011.
5. દેસાઈ વિપુલ આર. : ભારતનું સંવિધાન, બુક શેલ્ફ, નવભારત સાહિત્ય
6. મંદિર,મુંબઈ,તૃતીય આવૃત્તિ, 2019.
7. ધારૈયા આર.કે અને અન્યો : ભારતનો બંધારણીય ઈતિહાસ, સી. જમનાદાસ કંપની,

8. *અમદાવાદ,ચોથી આવૃત્તિ,*1990-91.
9. *શેઠ પ્રવીણ ન.,દેસાઈ કે.સી. : ભારતનો બંધારણીય વિકાસ* (1950-1978), *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાતરાજ્ય,અમદાવાદ, સંશોધિત આવૃત્તિ,* 1978.
10. EPS 02 : *વિભાગ,*03 *રાજકીય માળખુ, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.*

# એકમ : 9 ભારતીય કારોબારી

## રૂપરેખા


9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 વડાપ્રધાન : રચના અને કામગીરી

9.2.1 વડાપ્રધાનની રચના

9.2.1.1 ચુંટણીની પ્રક્રિયા

9.2.1.2 લાયકાત

9.2.1.3 સમય અવધિ

9.2.2 વડાપ્રધાનના કાર્યો

(I) પ્રધાનમંડળની રચના અને સુચારુ સંચાલન કરવાનું કાર્ય

(II) ધારાકીય કાર્યો

(III) વહીવટી કાર્યો

(IV) નાણાકીય કાર્યો

(V) અન્ય કાર્યો

9.3 વડાપ્રધાનના સ્થાનનું મહત્વ

9.4 નાયબ વડાપ્રધાન

9.5 પ્રધાન મંડળ : રચના અને કામગીરી.

9.5.1 પ્રધાનમંડળની રચના

9.5.1.1 પ્રધાન પદ / મંત્રી પદ માટેની લાયકાતો

9.5.1.2 પ્રધાનમંડળનું કદ અને સંખ્યા

9.5.1.3 પ્રધાનોની મુદત

9.5.1.4 વિવિધ કક્ષાના પ્રધાનો

(I)કેબિનેટ કક્ષાના પ્રધાનો

(II) રાજ્ય કક્ષાના પ્રધાનો

(III) નાયબ પ્રધાનો

9.5.2 પ્રધાનમંડળના કાર્યો

9.5.2.1 વિવિધ સમિતિઓનું ગઠન

9.5.2.2 સંયુક્ત જવાબદારીનો સિધ્ધાંત અમલમાં મૂકવાનું કાર્ય
9.6 સારાંશ
9.7 ચાવીરૂપ શબ્દો
9.8 તમારી પ્રગતિ ચકાસો
9.9 સંદર્ભ સૂચિ


## 9.0 ઉદ્દેશો

**આ એકમના અભ્યાસથી તમે નીચેની બાબતોથી માહિતગાર બનશો.**

- *ભારતમાં કેન્દ્રીય કારોબારીમાં વાસ્તવિક કારોબારી એટલે કે વડાપ્રધાનની રચનાના સંદર્ભે તેમની ચુંટણીની પ્રક્રિયાની રીત, પ્રધાનમંત્રી/ વડાપ્રધાન પદ માટેની લાયકાતો, તેમની સમય અવધિની વિગતોથી પરિચિત થશો.*
- *વડાપ્રધાનના પ્રધાનમંડળ સંબંધિત, ધારાકીય વહીવટી, નાણાકીય વગેરે કાર્યોની સમજૂતી પ્રાપ્ત કરશો.*
- *ભારતીય સંસદીય વ્યવસ્થામાં વડાપ્રધાનના સ્થાનનું મહત્વ સમજશો.*
- *નાયબ વડાપ્રધાનના ખ્યાલથી વાકેફ બનશો.*
- *પ્રધાનમંડળ/ મંત્રીમંડળની રચના જાણશો.*
- *તે સંદર્ભે પ્રધાનમંડળના પ્રધાન/ મંત્રી પદની લાયકાતો, પ્રધાનમંડળનું કદ, પ્રધાનોની મુદત, પ્રધાનોની કક્ષા વિષે સમજૂતી મેળવશો.*
- *પ્રધાનમંડળનાં વિવિધ કાર્યો અંગેની જાણકારી પ્રાપ્ત કરશો.*

## 9.1 પ્રસ્તાવના

*વિદ્યાર્થીઓ, આ એકમમાં તમે ભારતીય કારોબારી અંતર્ગત ખાસ કરીને વડાપ્રધાન અને પ્રધાનમંડળ વિષે અભ્યાસ કરવાના છો. તેનો વિગતવાર અભ્યાસ કરીએ એ પહેલા ભારતીય સંસદીય સરકારનું માળખું સ્પષ્ટ રીતે સમજીએ. જેથી સમગ્ર એકમ તમે સરળતાથી સમજી શકો.*





*ભારતે સંસદીય પ્રથાનો સ્વીકાર કર્યો છે.જેમાં કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ નામની કારોબારી અને વાસ્તવિક કારોબારી અલગ – અલગ છે. કેન્દ્રીય કારોબારીમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને પ્રધાનમંડળનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ અંગેનો અભ્યાસ તમે એકમ 08 માં કર્યો છે જે તમને યાદ હશે. આ એકમમાં ભારતીય કેન્દ્રીય કારોબારી તરીકે વાસ્તવિક કારોબારી એવા વડાપ્રધાન અને પ્રધાનમંડળ જેને અનુક્રમે પ્રધાનમંત્રી અને મંત્રી મંડળ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેનો વિગતવાર અભ્યાસ કરશો.તમે વડાપ્રધાન અને પ્રધાનમંડળની રચના અને કામગીરીની સમજૂતી પ્રાપ્ત કરશો. ભારતીય સંસદીય વ્યવસ્થામાં વડાપ્રધાનનાં સ્થાનનું મહત્વ પણ તમે સમજશો. ભારતીય રાજકારણ અને સરકારને સમજવા આ એકમ અગત્યનું અને આધારરૂપ બની રહેશે.*

## 9.2 વડાપ્રધાન : રચના અને કામગીરી

### 9.2.1 વડાપ્રધાનની રચના


*નીચેના ચાર્ટનો અભ્યાસ કરો.*




9.2.1.1 *ચુંટણી ની પ્રક્રિયા*

*સામાન્ય ચુંટણીઓનું આયોજન દર પાંચ વર્ષે સામાન્ય સંજોગોમાં થતું હોય છે. લોકસભાની ચુંટણીમાં બહુમતિ મેળવનાર પક્ષના નેતા વડાપ્રધાન બને છે. રાજ્યોને તેમની વસતિ અને વિસ્તારના આધારે લોકસભાની બેઠકો ફાળવવામાં આવે છે. તે અનુસાર ચુંટણીપંચ દ્વારા મતદાર વિભાગોની આકારણી કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે ગુજરાતમાં લોકસભાની 26 બેઠકો ફાળવવામાં આવી છે. ચુંટણીપંચ દ્વારા નિર્ધારિત કરેલ તારીખ અને સમય અનુસાર દરેક રાજ્યોમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકારના ધોરણે નાગરિકો પ્રત્યક્ષ રીતે મતદાન કરે છે. ભારતમાં અત્યારે 18 વર્ષે મતાધિકાર પ્રાપ્ત થાય છે. જે પહેલા 21 વર્ષે મળતો હતો. તમામ તબક્કાઓમાં ચુંટણીઓ*

*યોજાયા બાદ મતગણતરી કરવામાં આવે છે. મતગણતરીનાં અંતે પરિણામો જાહેર થાય છે. સૌથી વધુ મતદાન મેળવનાર વિજેતાપક્ષ બને છે. અન્ય વિરોધ પક્ષ તરીકે ઓળખાય છે. બહુમતિ મેળવનાર પક્ષના નેતાને રાષ્ટ્રપતિ દ્વારા સરકાર બનાવવાનું આમંત્રણ આપવામાં આવે છે. અને રાષ્ટ્રપતિ વડાપ્રધાનની નિમણૂંક કરે છે. ઘણીવાર કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતિ મળી ન હોય તો એક થી વધુ પક્ષો મળીને ગઠબંધનવાળી 'મિશ્ર સરકાર' ની રચના કરે છે. રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહથી પ્રધાનમંડળની રચના કરે છે. વધુ સ્પષ્ટ કરતું બીજું ચિત્ર પણ જુઓ.*




*સંસદીય સરકારમાં વડાપ્રધાન કેન્દ્રબિંદુમાં છે. બંધારણના આર્ટીકલ 74 અનુસાર રાષ્ટ્રપતિને મદદ કરવા અને સલાહ આપવા પ્રધાનમંત્રી (વડાપ્રધાન) અને મંત્રીમંડળ રહેશે. રાષ્ટ્રપતિ પ્રધાનમંડળની સલાહ અનુસાર વડાપ્રધાનની નિયુક્તિ કરે તેવો અપવાદ પણ ભારતીય રાજકીય ઈતિહાસમાં બનેલો છે. ઉદાહરણ તરીકે 1982માં શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યા બાદ તત્કાલિન રાષ્ટ્રપતિ ઝૈલસિંગે પ્રધાનમંડળની સલાહ અનુસાર રાજીવ ગાંધીને કાયમી વડાપ્રધાન તરીકે નિયુક્ત કર્યા હતા. જો કે રાષ્ટ્રપતિના આ નિર્ણયને કોંગ્રેસ પક્ષના સાંસદોએ અનુમોદન આપ્યું હતું. અહીં ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યાના સમયે તેનાં પ્રધાનમંડળનું વિસર્જન થયું ન હતું તેથી તે રાષ્ટ્રપતિને સલાહ આપવા સક્ષમ હતું. (આર્ટીકલ 74,75 અનુસાર) જેનાં અનુસંધાને રાષ્ટ્રપતિએ રાજીવ ગાંધીને પ્રધાનમંત્રી તરીકે નિયુક્ત કર્યા હતા.*

*આકસ્મિક અનિવાર્ય સંજોગોમાં કામચલાઉ વડાપ્રધાન પણ નિમવામાં આવે છે. ઉદાહરણ તરીકે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂના અવસાન બાદ શ્રી ગુલઝારીલાલ નંદા કામચલાઉ રીતે ભારતના વડાપ્રધાન બન્યા હતા. ત્યારબાદ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું તાસ્કંદ ખાતે મૃત્યુ થતા ફરી એકવાર શ્રી ગુલઝારીલાલ નંદા ભારતના કામચલાઉ વડાપ્રધાન બન્યા હતા.*

9.2.1.2 *લાયકાત*

*વડાપ્રધાન લોકસભાનો સભ્ય હોવો જ જોઈએ એવું જરૂરી નથી. તે લોકસભા અથવા રાજ્ય સભાનો સભ્ય હોય તો રાષ્ટ્રપતિ તેને વડાપ્રધાન તરીકે નિયુક્ત કરી શકે*

*છે.જો કે બંધારણમાં આ અંગે સ્પષ્ટતા નથી. વડાપ્રધાન સંસદનો સભ્ય હોય જ તેવું પણ જરૂરી નથી. આવી સ્થિતિમાં પોતાની નિમણુંકના છ માસની અંદર તેણે સંસદનું સભ્યપદ પ્રાપ્ત કરવાનું હોય છે.*

9.2.1.3 *સમય અવધિ*

*વડાપ્રધાનનો સીધો સંબંધ બહુમતિ સમર્થન સાથે છે. જે વડાપ્રધાનને લોકસભામાં પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે લોકસભાની અવધિ પાંચ વર્ષની હોય છે. જે વડાપ્રધાનની સમય અવધિને લાગુ પડે છે. આમ છતાં વડાપ્રધાન પોતાના પદ ઉપર ઈચ્છાથી રહે છે. ભૂતકાળમાં લોકસભાનું સત્ર શરૂ થાય તે પહેલા ચૌધરી ચરણસિંહે વડાપ્રધાન પદેથી રાજીનામુ આપ્યુ હતું. વિશ્વાસનો મત ન મેળવી શકવાને કારણે અવિશ્વાસની દરખાસ્ત પસાર થતા અટલ બિહારી વાજપેયી સહિત પ્રધાનમંડળે રાજીનામુ આપવાની ફરજ પડી હતી.*

*આમ, સામાન્ય રીતે વડાપ્રધાન અને પ્રધાનમંડળ લોકસભાની મુદત પાંચ વર્ષની હોય ત્યાં સુધી સત્તામાં રહે છે. પરંતુ લોકસભાનો વિશ્વાસ ગુમાવે તો વડાપ્રધાન સહિત પ્રધાનમંડળે રાજીનામુ આપવું પડે છે.*

**9.2.2 વડાપ્રધાનના કાર્યો**

*સમગ્ર વ્યવસ્થામાં વડાપ્રધાનનું પદ મોખરાનું અને મહત્વનું છે. તેમના કાર્યોને નીચેના ચાર્ટ દ્વારા સમજીએ.*

**વડાપ્રધાનના કાર્યો**

↓ **પ્રધાનમંડળની રચના અને સુચારૂ સંચાલન**
↓ **ધારાકીય કાર્યો**
↓ **વહીવટી કાર્યો**
↓ **નાણાકીય કાર્યો**
↓ **અન્ય કાર્યો**

*ઉપરોક્ત દર્શાવેલ ચાર્ટ અનુસાર વડાપ્રધાનના દરેક કાર્યને નીચે મુજબ વિગતવાર સમજીએ.*

(I) *પ્રધાનમંડળની રચના અને સુચારૂ સંચાલન કરવાનું કાર્ય*

*સંસદીય પ્રથામાં વડાપ્રધાનનું સ્થાન કેન્દ્રવર્તી છે. તેઓ સંસદમાં બહુમતિ ધરાવતા પક્ષના નેતા હોય છે. તેઓ પ્રધાનમંડળના પણ નેતા છે. રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહને અનુસરીને પ્રધાનમંડળની રચના કરે છે. પ્રધાનમંડળમાં સભ્યોની લાયકાત અને*

*ક્ષમતાઓને જાણીને, પારખીને તેઓ પ્રધાનમંડળની રચના કરે છે. વ્યક્તિગત પ્રતિભાની સાથે સમાજના તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ જળવાય તેનું પણ તેઓ ધ્યાન રાખે છે. તેઓ પ્રધાનોને ખાતાઓની ફાળવણી કરવાનું કાર્ય કરે છે. તેનું સુચારુ સંચાલન થાય તેનું પણ ધ્યાન રાખે છે. તેઓ આવશ્યકતા અનુસાર મંત્રીઓને ઠપકો આપવાનું કે પ્રોત્સાહન આપવાનું કાર્ય પણ કરે છે. તેઓ પ્રધાનોને સોંપવામાં આવેલ ખાતા સંબંધિત તમામ બાબતોની જાણકારી રાખીને તેમને માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે.*

(II) *ધારાકીય કાર્યો*

*રાષ્ટ્રપતિ પોતાના ધારાકીય કાર્યો કે ધારાકીય સત્તાઓનો ઉપયોગ વડાપ્રધાનની સાથે ચર્ચા અને સલાહ બાદ કરતા હોય છે. તેઓ લોકસભાના અધ્યક્ષની સાથે જીવંત સંપર્ક રાખીને લોકસભાને બોલાવવી, સમય અને તારીખ નક્કી કરવી, બેઠકના એજન્ડા વિષયક બાબતમાં ચર્ચા કરે છે. રાષ્ટ્રપતિ તેમની સલાહને અનુસરે છે. કારણ કે સંસદીય સરકારમાં રાષ્ટ્રપતિ નામની કારોબારી છે. જ્યારે વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી છે. ધારા ઘડતરમાં તેઓ અગત્યની ભૂમિકા ભજવે છે. સંસદમાં રજૂ થતા ખરડાઓ મોટાભાગે તેમની સંમતિથી જ મૂકવામાં આવે છે.*

(III) *વહીવટી કાર્યો*

*વડાપ્રધાન વહીવટીતંત્ર ઉપર ખૂબ જ પ્રભાવ ધરાવે છે. તેઓ દેશના વહીવટીતંત્રને વધુ ગતિશીલ કરવા પ્રયત્ન કરે છે.રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવતી વહીવટી નિમણૂંકોમાં વડાપ્રધાનની સલાહ લેવામાં આવે છે. તેઓ દેશની આંતરિક અને બાહ્ય વ્યવસ્થાનાં સંદર્ભે નીતિ – વિષયક નિર્ણયોમાં અગત્યની ભૂમિકા ભજવે છે. વહીવટ અને નીતિ સંબંધિત ચર્ચામાં તેઓ પોતાની અસર ઉપજાવવાનું કાર્ય કરે છે. નીતિ ઘડતરની સાથે નીતિ – વિશ્લેષણ, નીતિનું અમલીકરણ બાબતે પણ તેઓ સક્રિય ભૂમિકા ભજવવાનું કાર્ય કરે છે.*

(IV) *નાણાકીય કાર્યો*

*વડાપ્રધાન દેશની નાણાકીય વ્યવસ્થા ન ખોરવાય તેનું પણ ધ્યાન રાખે છે. વડાપ્રધાનના માર્ગદર્શનથી જ નાણાપ્રધાન અંદાજપત્ર, ખર્ચની પૂરક માંગણીઓ સંસદમાં રજૂ કરે છે. દેશના આર્થિક વિકાસમાં આર્થિક નીતિઓ અગત્યની ભૂમિકા ભજવે છે. જેમાં વડાપ્રધાનનો ફાળો અગત્યનો છે. દેશની અર્થવ્યવસ્થા સંબંધિત બાબતોમાં નીતિ ઘડતર કરાવીને તેનું અમલીકરણ કરાવે છે.*

(V)*અન્ય કાર્યો*

*આ ઉપરાંત વડાપ્રધાન નીચે મુજબના કાર્યો કરે છે.*

- *વિદેશનીતિને લગતા કાર્યો કરે છે.*


- દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષાને લગતા કાર્યો.
- પ્રધાનોને ખાતાની ફાળવણી કર્યા બાદ પ્રધાન મંડળમાં એકરૂપતા જાળવવાનું કાર્ય.
- આંતરરાષ્ટ્રીય મંચ ઉપર દેશનું પ્રતિનિધિત્વ કરવાની જવાબદારી તેમના શિરે છે.
- તેઓ તમામ અગત્યની બાબતોથી રાષ્ટ્રપતિને વાકેફ રાખે છે.

આમ, વડાપ્રધાનધારાકીય, વહીવટી, નાણાકીય, નીતિ- વિષયકકાર્યોકરેછે. દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા જળવાય તે માટે પ્રયત્નશીલ રહે છે.

## 9.3 વડાપ્રધાનના સ્થાનનું મહત્વ

સંસદીય વ્યવસ્થામાં વડાપ્રધાન રાષ્ટ્રપતિ અને પ્રધાનમંડળને જોડતી કડી સમાન છે. તેઓ માત્ર સરકારનું જ નહીં પરંતુ સમગ્ર દેશનું નેતૃત્વ સંભાળે છે. તેઓ કારોબારીના વાસ્તવિક વડા હોવાથી પ્રધાનમંડળ અને સંસદમાં તેઓનું સ્થાન અગત્યનું બની રહે છે. સંસદીય સરકાર હવે ‘ વડાપ્રધાનકીય સરકાર’ બનતી જાય છે. પ્રધાનમંડળમાં તેમનું સ્થાન ‘સમાનોમાં અગ્રણી’ જેવું છે. વડાપ્રધાન ‘કેરિસ્મા’ વ્યક્તિત્વ ધરાવતા હોય તો અપ્રિતમ લોકચાહના પ્રાપ્ત કરે છે. કેબીનેટ રૂપી જહાજના સુકાની વડાપ્રધાન છે. જેવી રીતે નભોમંડળમાં સૂર્યનું સ્થાન છે, તેમ પ્રધાનમંડળમાં સૂર્ય સમાન વડાપ્રધાન છે.

સંસદીય સરકારમાં વડાપ્રધાનનું સ્થાન નીચેના ચાર્ટ દ્વારા સમજવાનો પ્રાપ્ત કરીએ.




ત્રિકોણમાં કડીરૂપ સ્થાન વડાપ્રધાન ધરાવે છે.લોકશાહી સત્તાસ્ત્રોતનું મધ્ય બિંદુ પણ તેઓ જ છે. પ્રધાનમંડળ અને રાષ્ટ્રપ્રમુખ વચ્ચેની કડી પણ તેઓજ છે. વડાપ્રધાન

*પ્રધાનમંડળ રૂપી કમાનની આધારશીલારૂપ છે.વડાપ્રધાન દેશની એકતાના પ્રતીક સમાન છે. દેશને આંતરરાષ્ટ્રીય મંચ ઉપર પ્રખ્યાત કરી વ્યવસ્થા જાળવવાનું કાર્ય તેઓ કરતા હોવાથી તેમની પ્રતિભા અને નિર્ણયોની અસર લાંબાગાળા સુધી લોકો ઉપર પડે છે. વડાપ્રધાનની દોરવણીથી જ સમગ્રતંત્ર કાર્યશીલ અને ગતિશીલ બને છે. વડાપ્રધાનની સ્વતંત્ર વિચારધારા અને આગવી કાર્યશૈલી તેમના સ્થાનનું મહત્વ પ્રસ્થાપિત કરવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. સર આઈવર જેનિંગ્સ જણાવે છે કે " તે પ્રધાનમંડળમાં અને તેથી પણ વિશેષ તો પ્રધાનમંડળની બહાર સૌથી વધુ મહત્વનીવ્યક્તિ છે. પ્રધાનમંડળની રચના, પ્રધાનમંડળનાં કાર્યો, પ્રધાનમંડળ અને (સંઘ) પાર્લામેન્ટ, પ્રધાનમંડળ અને રાષ્ટ્રપ્રમુખ તથા રાજ્ય વહીવટ અંગેના તંત્ર સાથે વડાપ્રધાનને ગાઢ સંબંધ હોય છે……… પ્રધાનમંડળમાં અને તેથી પણ વિશેષ પ્રમાણમાં પ્રધાનમંડળની બહાર વડાપ્રધાન સૌથી વધુ મહત્વની વ્યક્તિ છે. તેઓ પ્રધાનમંડળરૂપી કમાનની આધારશીલા છે."*

*વડાપ્રધાન પ્રધાનમંડળના નેતા છે. દેશનું ભાવિ નક્કી કરવામાં તેમની ભૂમિકા ઘણી જ અગત્યની બની રહે છે. તેઓ પોતાની વિચારધારા, પક્ષની વિચારધારા, દેશની પરિસ્થિતિઓ અને દેશ બહારની પરિસ્થિતિઓ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવાનું કાર્ય કરે છે. જે તેમના સ્થાનને વધુ મહત્વનું બનાવે છે. આંતરરાષ્ટ્રીય મંચ ઉપર દેશનું હિત જળવાય તેનું પણ તેઓ ધ્યાન રાખે છે.*

*અભ્યાસુઓ આથી જ વડાપ્રધાનને 'કેબિનેટ કમાનનું મધ્ય બિંદુ' ગણે છે. મેરિયેટ જણાવે છે કે " વડાપ્રધાન કારોબારી મંડળનો વડો છે, ધારાસભાનો નેતા છે, મતદારોએ તેની ચૂંટણી કરી હોય છે. તે રાષ્ટ્રપતિ અને પ્રધાનમંડળ વચ્ચે સંપર્ક સાધતી કડીરૂપ છે."*

*ટૂંકમાં ◦*

- *વડાપ્રધાન સાથેના રાષ્ટ્રપતિના સંબંધોની બાબતમાં*
- *અન્ય પ્રધાનો સાથેના વડાપ્રધાનના સંબંધોમાં*
- *વિરોધ પક્ષ ઉપર પ્રભાવ પાડવામાં*
- *પોતાના પક્ષના નેતા તરીકે અસરકારકતા જાળવી રાખવામાં*
- *સંસદીય જવાબદાર નેતા તરીકે*

*ઉપરોક્ત બાબતોમાં તેમનું સ્થાન સવિશેષ છે. જે તેમના મહત્વને પ્રસ્થાપિત કરે છે. જવાહરલાલ નેહરૂ જણાવેછે કે "રાજ્યરૂપી નૌકાનું સુકાન પ્રધાનમંડળ છે, અને સુકાની વડાપ્રધાન છે."*

## 9.4 નાયબ વડાપ્રધાન

*ભારતીય બંધારણમાં નાયબ વડાપ્રધાન પદની જોગવાઈ કરવામાં આવી નથી. આમ છતાં આ પદની વ્યવસ્થા થતી આવી છે. સરદાર પટેલ, જગજીવનરામ લાલકૃષ્ણ અડવાણી, મોરારજી દેસાઈ, ચૌધરી ચરણસિંહ અત્યાર સુધી આ પદ ભોગવી ચૂક્યા છે. જો કે તેમને નાયબ વડાપ્રધાન બનાવવાનું મુખ્ય કારણ રાજકીય ઔચીત્યનું હતું. અત્યાર સુધીમાં કોઈ નાયબ વડાપ્રધાને વડાપ્રધાનના સ્વરૂપમાં કાર્ય કર્યું હોય તેવો પ્રસંગ બન્યો નથી. પરંતુ ક્યારેક – ક્યારેક તેમણે વડાપ્રધાનની ગેરહાજરીમાં મંત્રી પરિષદની બેઠકની અધ્યક્ષતા કરી છે.*

## 9.5 પ્રધાન મંડળ : રચના અને કામગીરી

*વિદ્યાર્થી મિત્રો, અત્યાર સુધી તમે વડાપ્રધાનની રચના, કામગીરી અને તેમના સ્થાન અંગેનો અભ્યાસ કર્યો છે. હવે, આગળ આપણે પ્રધાનમંડળ, તેની રચના અને કામગીરીની ચર્ચા કરીશું.*

### 9.5.1 પ્રધાનમંડળની રચના

*બંધારણમાં જણાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિને તેમના કાર્યોમાં મદદ કરવા, સલાહ આપવા માટે મંત્રીમંડળ રહેશે. પ્રધાનમંત્રીની નિમણુંક રાષ્ટ્રપતિ કરે પછી તેમની સલાહથી અન્ય મંત્રીઓની પ્રધાનમંડળ માટે નિયુક્તિ કરવામાં આવે છે.*

9.5.1.1 *પ્રધાન પદ/મંત્રી પદ માટેની લાયકાતો*

*પ્રધાનપદ મેળવવા માટે વિશિષ્ટ લાયકાતોની જોગવાઈ બંધારણમાં કરવામાં આવી નથી. વ્યક્તિગત પ્રતિભા, નિપુણતા, સક્રિયતા જેવા ગુણો ધ્યાને લેવામાં આવે છે. સામાન્ય રીતે* __

- *તે વ્યક્તિ સંસદના કોઈપણ એક ગૃહનો સભ્ય હોવો જોઈએ.*
- *જો ન હોય તો છ માસની અંદર તેણે ચુંટણી દ્વારા ચુંટાવું પડે છે.*
- *જો તેમ ન કરી શકે તો પ્રધાનપદનો ત્યાગ કરવો પડે છે.*

9.5.1.2 *પ્રધાનમંડળનું કદ અને સંખ્યા*

*બંધારણમાં શરૂઆતમાં પ્રધાનમંડળની સંખ્યા કેટલી હોવી જોઈએ ? તે અંગે ચોક્કસ ઉલ્લેખ ન હતો. વડાપ્રધાન પોતાની વહીવટી જરૂરિયાત અનુસાર પોતાને યોગ્ય લાગે તેટલી સંખ્યામાં પ્રધાનોની નિમણૂંક કરી શકતા હતા. પ્રધાનમંડળનું વિસ્તરણ સમયની માંગ અને જરૂરિયાત અનુસાર કરવામાં આવતું હતું. પરંતુ સંવિધાન (*91*માં સુધારા) અધિનિયમ,* 2003 *ની કલમ* 02 *અનુસાર મંત્રીમંડળમાં વડાપ્રધાન સહિત*

*મંત્રીઓની સંખ્યા લોકસભાની કુલ સભ્ય સંખ્યાના પંદર ટકાથી વધશે નહી તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.*

**9.5.1.3 પ્રધાનોની મુદત**

*સામાન્ય રીતે કોઈપણ મંત્રી રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી મંત્રી તરીકે ચાલુ રહી શકે છે. રાષ્ટ્રપતિની મરજીમાં વડાપ્રધાનની મરજી સામાન્ય રીતે સામેલ હોય છે. ઘણીવાર પ્રધાન સામેથી રાજીનામુ આપે તેવું પણ બને છે. ભૂતકાળમાં શ્યામપ્રસાદ મુખરજી, મહાવીર ત્યાગી વગેરેએ મતભેદોને કારણે રાજીનામું આપ્યું હોય તેવા દાખલાઓ પણ બનેલા છે. તાજેતરમાં કૃષિ - વિષયક બીલ,* **2020***નાં અનુસંધાને મતભેદ સર્જાતા કેબીનેટ મંત્રી હરસિમરત કૌર બાદલે કેબિનેટમાંથી રાજીનામુ આપી દીધુ હતું.*

*સામાન્ય સંજોગોમાં લોકસભાની મુદત પાંચ વર્ષની હોવાથી પ્રધાનમંડળ લોકસભાનો વિશ્વાસ જાળવી રાખે તો પાંચ વર્ષ સુધી ટકી રહે છે. લોકસભાનું વિસર્જન થાય તો પ્રધાનમંડળે પણ રાજીનામુ આપવું પડે છે.* 1990 *માં શ્રી વી.પી. સિંહની સરકારે રાજીનામુ આપ્યું હતું.*

9.5.1.4 *વિવિધ કક્ષાના પ્રધાનો*

*પ્રધાનમંડળમાં નીચે મુજબના ત્રણ સ્તરના પ્રધાનો હોય છે.*

(I) **કેબિનેટ કક્ષાના પ્રધાનો**

*આ પ્રધાનો ઘણા સિનિયર હોય છે. તેમના ખાતાને સ્પર્શતા મહત્વના નીતિ વિષયક નિર્ણયો સ્વતંત્ર રીતે લે છે.*

(II) **રાજ્યકક્ષાના પ્રધાનો**

*રાજ્યકક્ષાના પ્રધાનો કેબિનેટ કક્ષાના પ્રધાનોથી જુનિયર ગણાય છે. છતાં તેમના ખાતાનો હવાલો સંભાળે છે.*

(III) **નાયબ પ્રધાનો**

*નાયબ પ્રધાનો ઉપરોક્ત બન્ને કક્ષાના પ્રધાનોના સહાયકો તરીકે કામ કરે છે. તેમને કોઈ સ્વતંત્ર ખાતું સોંપવામાં આવતું નથી.*

**9.5.2 પ્રધાનમંડળના કાર્યો**

*રાષ્ટ્રપતિ નામની કારોબારી છે. વાસ્તવિક સત્તા વડાપ્રધાન અને પ્રધાનમંડળ પાસે છે. જેની ચર્ચા અગાઉ કરી છે. જે તમને યાદ પણ હશે. રાષ્ટ્રપતિની બધી જ કારોબારી અને વહીવટી સત્તાઓનો ઉપયોગ પ્રધાનમંડળ કરે છે. કેબિનેટની બેઠક સામાન્ય રીતે દર અઠવાડિયે મળે છે. જે મુખ્યત્વે ચાર પ્રકારનાં કાર્યો કરે છે.*

(I) *સરકારની નીતિઓનો અમલ કરવા માટે ધારા અંગેના સૂચનો કરવા*

(II) *બધી જ અગત્યની નિમણૂંકો કરવી*

(III) *બધા જ આંતર ખાતાકીય ઝઘડાઓનો નિકાલ કરવો.*

(IV) *સરકારની બધી જ પ્રવૃત્તિઓનું સંકલન કરવું અને નીતિના થયેલા અમલનું મૂલ્યાંકન કરવું.*

*આ ઉપરાંત પ્રધાનમંડળના કાર્યો નીચે મુજબ છે.*

- *આંતરિક તેમજ વિદેશીનીતિને લગતી બાબતો અંગે નીતિ નક્કી કરવી.*
- *શાસનતંત્રને વહીવટી વિભાગો કે ખાતાઓમાં વહેંચવું. દરેક ખાતાનાં કે વિભાગના સચિવ, ઉપસચિવ, નિયામકો તથા અન્ય વહીવટી અધિકારીઓ હોય છે. તેમની નિમણુંક કાયમી હોય છે. તેમણે પ્રધાનોના માર્ગદર્શન અનુસાર વહીવટનું સંચાલન કરવાનું હોય છે.*
- *ખરડાઓ રજૂ કરવાનું કાર્ય કરે છે. પ્રધાનમંડળના પ્રધાનો સંસદમાં બહુમતી પક્ષના જ સભ્યો હોવાથી સામાન્ય રીતે તેમના ખરડાઓ કાયદાનું સ્વરૂપ મેળવી લેતા હોય છે.*
- *આર્થિક વ્યવસ્થાને લગતા કાર્યો કરવાની જવાબદારી પણ તેમની છે.*
- *રાજકીય સંધિ, વેપાર, યુધ્ધ, શાંતિની ઘોષણા વગેરે રાષ્ટ્રપતિની કામગીરી હોવા છતાં વ્યવહારમાં પ્રધાનમંડળ જ આ કાર્યો કરે છે.*

9.5.2.1 *વિવિધ સમિતિઓનું ગઠન*

*પ્રધાનમંડળ પોતાની મદદ માટે વિવિધ સમિતિઓની મદદ લે છે. મહત્વના પ્રશ્નો ઉપર છણાવટ કરવા માટે કેબિનેટ કાયમી અને કામચલાઉ સમિતિઓ નીમે છે. સમિતિઓએ આપેલ અહેવાલના આધારે કેબિનેટ નિર્ણય લે છે.* 1962 *માં ચીનના આક્રમણ સમયે નીમવામાં આવેલ કટોકટી સમિતિએ એટલું બધુ મહત્વ પ્રાપ્ત કર્યું હતું કે તેને 'આંતરિક કેબિનેટ' તરીકેનું બિરૂદ મળ્યું હતું.*

### 9.5.2.2 સંયુક્ત જવાબદારીનો સિધ્ધાંત અમલમાં મૂકવાનું કાર્ય

*પ્રધાનમંડળે સંયુક્ત જવાબદારીથી વર્તવાનું હોય છે. મંત્રીમંડળના દરેક સભ્યના નિર્ણયો માટે સમગ્ર મંત્રીમંડળની જવાબદારી રહે છે. મંત્રીમંડળ વ્યક્તિગત તેમજ સામુહિક રીતે સંસદને જવાબદાર છે. સંયુક્ત જવાબદારીના સિધ્ધાંતનો હેતુ મંત્રીમંડળનાં સભ્યોની એકસુત્રતા જાળવી રાખવાનો છે. પરસ્પરના નિર્ણયો માટે પ્રતિનિયુક્તિની જવાબદારી સ્થાપિત કરવાનો છે.*

## 9.6 સારાંશ

આ સમગ્ર એકમના સાર બિંદુઓ નીચે મુજબ છે. સૌ પ્રથમ તમે આ એકમના અભ્યાસ દ્વારા મેળવેલી સમજના આધારે આ એકમના મુખ્ય મુદ્દાઓ અને હાર્દરૂપ બાબતો અલગ તારવીને લખો. ત્યાર બાદ અહી આપેલ સાર બિંદુઓનો અભ્યાસ કરો. જ્યાં ન સમજાય ત્યાં ફરી પુનઃ વાંચન કરી સમજ કેળવો.

- આ એકમમાં તમે વડાપ્રધાનની રચના કઈ રીતે થાય છે ? તેનો અભ્યાસ કર્યો. 18 વર્ષે સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનો ઉપયોગ કરીને નાગરિક પ્રત્યક્ષ મતદાન કરીને લોકસભાની કે સામાન્ય ચુંટણીમાં સહભાગીતા કરે છે. ચુંટણીની પ્રક્રિયા, વડાપ્રધાન પદ માટેની લાયકાતો, તેમની સમય અવધિ (સામાન્ય રીતે પાંચ વર્ષની) વગેરેની સમજૂતિ તમે મેળવી હશે.
- વડાપ્રધાનના કાર્યોની જાણકારી પણ તમે પ્રાપ્ત કરી છે. ફરી એક વાર તેને યાદ કરીએ તો પ્રધાનમંડળની રચના કરવાનું, અગત્યની નીતિ સંબંધિત બાબતોથી રાષ્ટ્રપતિને માહિતગાર રાખવાનું તથા આ ઉપરાંત ધારાકીય, વહીવટી, નાણાકીય અને અન્ય કામગીરીની ચર્ચા આપણે કરી.
- સંસદીય વ્યવસ્થામાં વડાપ્રધાનનાં સ્થાનનું મહત્વ તમે સારી રીતે સમજી શકયા છો. દેશની આંતરિક અને બાહ્ય વ્યવસ્થાના સંદર્ભે, નીતિ-વિષયક બાબતોનું આયોજન અને અમલીકરણના સંદર્ભે, સામાજિક,આર્થિક,શૈક્ષણિક, વિદેશનીતિ, યુધ્ધ,સંધિ, શાંતિનાં સંદર્ભે તેમની વિચારધારા અને અભિગમ ઘણા અગત્યના છે. જેનો પ્રભાવ તેમના કાર્યો અને નિર્ણયો ઉપર પડે છે. સંસદીય પ્રથામાં વડાપ્રધાન અદ્વિતીય સ્થાન ધરાવે છે.
- નાયબ વડાપ્રધાન વિષે તમે થોડીક જાણકારી મેળવી છે.
- પ્રધાનમંડળની રચના, મંત્રી પદ માટેની લાયકાતો, પ્રધાનમંડળનું કદ,પ્રધાનોની કક્ષા વગેરેની સમજૂતિ તમે વિગતવાર પ્રાપ્ત કરી છે.
- ટૂંકમાં સંસદીય પ્રથામાં કેન્દ્ર કક્ષાએ વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી તરીકે કાર્ય કરીને સત્તા ધરાવે છે.
- જે – તે સમયના વડાપ્રધાન અને પ્રધાનમંડળનાં શાસનકાળ દરમિયાન લેવાયેલ અગત્યના નિર્ણયોની અસર લાંબાગાળા સુધી સમગ્ર દેશ ઉપર પડે છે. જેના સારા કે નરસા પરિણામોની અસરો લોકો ભોગવે છે.

## 9.7 ચાવીરૂપ શબ્દો

**મિશ્ર સરકાર** ચુંટણીમાં કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતિ ન મળે તો એકથી વધુ પક્ષો ગઠ બંધન કરીને સંયુક્ત રીતે 'મિશ્ર સરકાર' ની રચના કરે છે. જેને સાદી ભાષામાં ટેકાવાળી સરકાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

**અવિશ્વાસની** લોકસભામાં કેન્દ્ર સરકાર અને વિધાનસભામાં રાજ્ય સરકાર

| | |
|---|---|
| **દરખાસ્ત** | *વિરુધ્ધ અવિશ્વાસની દરખાસ્ત વિરોધ પક્ષ રજૂ કરતો હોય છે. આ દરખાસ્ત માટે નિર્ધારિત સંખ્યા મુજબ સભ્યોનો ટેકો મળવો જરૂરી છે. જો અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય તો વડાપ્રધાન સહિત પ્રધાનમંડળે રાજીનામું આપવું પડે છે. ભારતીય સંસદમાં સૌ પ્રથમ આ દરખાસ્ત જે.બી. કૃપલાણીએ તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરૂની સરકાર સામે રજૂ કરી હરી.* |
| **સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર** | *દેશમાં મિલકત, શિક્ષણ, લિંગ કે જાતિ, ધર્મ વગેરેના માપદંડો વગર માત્ર નિર્ધારિત કરેલ ઉંમરના માપદંડને આધારે દરેકને આપવામા આવતો મતાધિકાર. એટલે સાર્વત્રિક ભારતમાં પુખ્તવય મતાધિકાર. પહેલા 21 વર્ષે નાગરિકોને આપવામાં આવતો હતો. જે પછીથી 18 વર્ષ થયાં.* |

## 9.8 તમારી પ્રગતિ ચકાસો

**(અ) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

1. *ભારતમાં નામની કારોબારી કોણ છે ?*
   - અ વડાપ્રધાન
   - બ પ્રધાનમંડળ
   - ક મુખ્યમંત્રી
   - ડ રાષ્ટ્રપતિ

2. *ભારતમાં હાલમાં પુખ્તવય મતાધિકાર કેટલા વર્ષે પ્રાપ્ત થાય છે ?*
   - અ **18** વર્ષે
   - બ **19** વર્ષે
   - ક **20** વર્ષે
   - ડ **21** વર્ષે

3. *ગુજરાતમાં લોકસભાની કેટલી બેઠકો ફાળવવામાં આવી છે ?*
   - અ **26**
   - બ **27**
   - ક **28**
   - ડ **29**

4. *નીચે પૈકી કોણ 'કામચલાઉ વડાપ્રધાન' હતા ?*

*અ જવાહરલાલ નેહરૂ*

*બ સરદાર વલ્લભભાઈ પટેલ*

*ક ગુલઝારીલાલ નંદા*

*ડ રાહુલ ગાંધી*

5. *વડાપ્રધાનનું કાર્ય છે* __

*અ પ્રધાનમંડળની રચના અને સુચારૂ સંચાલન કરવાનું કાર્ય*

*બ ધારાકીય કાર્ય*

*ક વહીવટી કાર્ય*

*ડ ઉપરોક્ત ત્રણેય*

**(બ) નીચે આપેલ પ્રશ્નના વિગતવાર જવાબ તૈયાર કરો.**

1. *વડાપ્રધાનની રચના અને કામગીરી સમજાવો.*

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.....................................................................................

2. *પ્રધાનમંડળની રચના કઈ રીતે થાય છે ? તેના કાર્યોનું વર્ણન કરો.*

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.....................................................................................

**(ક) ટૂંકનોંધ લખો.**

1 *વડાપ્રધાનના સ્થાનનું મહત્વ*

.........................................................................................

.........................................................................................

.........................................................................................

......................................................................................................

......................................................................................................

- **જવાબો**

1.*રાષ્ટ્રપતિ* 2. **18** *વર્ષે* 3. **26** **4.** *ગુલઝારીલાલ નંદા* 5. *ઉપરોક્ત ત્રણેય*

## 9.9 સંદર્ભ સૂચિ


1. रजनी कोठारी, संपादन अभय कुमार दुबे : भारतमे राजनीति, कल और आज, वाणी प्रकाशन, दिल्ली, तीसरा संस्करण, 2010.
2. जोशी आर. पी, आढा आर. एस.: भारतीय राजनीतिक व्यवस्था, पुनर्रचना के विविध आयाम, रावत पब्लिकेशन, जयपुर एवम नई दिल्ली, प्रथम संस्करण, 2000.
3. त्रिवेदी आर.एन. : भारतीय संविधान, कोलेज बुक डीपो,राय एम .पी. जयपुर, 2013
4. जसवेन्द्र सिंह: भारतीय राजनीति और प्रशासन, आमेगा पब्लिकेशन, नई दिल्ली, प्रथम संस्करण, 2019
5. *દેસાઈ વિપુલ આર. : ભારતનું સંવિધાન, બુક શેલ્ફ, અમદાવાદ, તૃતીય આવૃત્તિ,* 2019.
6. *શેઠ પ્રવીણ ન. : ભારતનો બંધારણીય વિકાસ (*1950-1978*) યુનિવર્સિટી દેસાઈ કે.સી,. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, સંશોધિત આવૃત્તિ,* 1978.
7. *ધારૈયા આર.કે. અને અન્યો : ભારતનો બંધારણીય ઈતિહાસ, સી.જમનાદાસ કંપની, ચોથી આવૃત્તિ,* 1990 – 91
8. *શુક્લ દિનેશ મૂ., : ભારતીય રાજકારણની રૂપરેખા, અમીન હસમુખ એમ., યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1972.
9. *બારોટ કે.સી.: ભારતનું બંધારણ સંક્ષિપ્તમાં, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2011.
10. *બિશ્વાસ સી.આર. : ભારતનું બંધારણ એક રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2015
11. EPS 02 : *ભારતમાં સરકાર અને રાજકારણ,બ્લોક* 03*, રાજકીય માળખુ, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ,* 1991.

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**
**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ
(મુખ્ય તથા ગૌણ)



# ન્યાયતંત્રનું માળખું

# 4

## સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

*અસ્તુ !*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

**સંપાદન :**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ* | *નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા.* |
| *ડૉ. મુકેશ ખટીક* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સલાહકાર સમિતિ ( PAC) :**

| | |
|---|---|
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |
| *ડૉ. ડી. ડી. ઝાલા* | *નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર.* |
| *ડૉ. પુષ્પાબહેન મોતિયાની* | *નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ* | *નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા.* |
| *ડૉ. પુષ્પાબહેન મોતિયાની* | *નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.* |

**લેખન :**

| | |
|---|---|
| *ડૉ. અર્પિત પાટડિયા* | *આસીસ્ટન્ટ પ્રોફેસર , રાજ્યશાસ્ત્ર વિભાગ, એસ. પી. યુનિવર્સિટી , વલ્લભ વિદ્યાનગર.* |
| *ડૉ. ગણેશ પ્રજાપતિ* | *ભૂતપૂર્વ આસિસ્ટન્ટ પ્રોફેસર , રાજ્યશાસ્ત્ર , સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ. અજય રાવલ* | *એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટસ કોલેજ , અમદાવાદ.* |
| *શ્રી ઘનશ્યામ ગઢવી* | *નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા.* |

**પ્રકાશન વર્ષઃ પ્રથમ આવૃત્તિ, 2021**
ISBN: 978-93-91468-98-9

978-93-91468-98-9

**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**

**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ

(મુખ્ય તથા ગૌણ)

## વિભાગ - 04 : ન્યાયતંત્રનું માળખું


**એકમ : 10** **01**

સર્વોચ્ચ અદાલત

**એકમ : 11** **18**

વડી અદાલત

**એકમ : 12** **28**

ન્યાયતંત્ર

# વિભાગ- 04

# ન્યાયતંત્રનું માળખું

---

**પેપર નંબર 03** *ભારતીય સરકાર અને રાજકારણમાં વિભાગ* 04 *ને કુલ ત્રણ એકમોમાં વહેંચવામાં આવ્યો છે.*

**એકમ : 10** **સર્વોચ્ચ અદાલત** *વિષે છે. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની લાયકાત, નિમણૂંક, શપથ, કાર્યકાળ, પગાર ભથ્થા, પદ પરથી હટાવવાની પ્રક્રિયા સમજાવવામાં આવી છે. ત્યાર બાદ કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ, તદર્થ(એડ હોક)ન્યાયાધીશ અને નિવૃત ન્યાયાધીશ વિષે જાણકારી મેળવશો. સર્વોચ્ચ અદાલતના કાર્યો અને શક્તિઓ અંતર્ગત મૂળ ક્ષેત્રાધિકાર, ન્યાયાદેશ અથવા રિટ અધિકાર ક્ષેત્ર, અપીલીય અધિકાર, સલાહકારી ક્ષેત્રાધિકાર, ન્યાયિક સમીક્ષા ક્ષેત્રાધિકાર, કેસ ટ્રાન્સફર કરવાની સત્તા, અભિલેખ ન્યાયાલય/ નઝીરી અદાલત, અન્ય સત્તાઓ, સર્વોચ્ચ અદાલતની કેટલીક સંલગ્ન સત્તાઓ, અદાલતની અવમાનના, સર્વોચ્ચ અદાલતના વકીલો વિષે સમજુતિ મેળવશો.*

**એકમ : 11** **વડી અદાલત** *વિષે છે. જેમાં વડી/ ઉચ્ચ અદાલતની સંરચના, વડી / ઉચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ બનવાની લાયકાત, નિમણૂંક, શપથ, કાર્યકાળ, પગાર ભથ્થા, પદ પરથી હટાવવાની પ્રક્રિયા, વડી/ઉચ્ચ અદાલતના ન્યાયાધિશોની બદલી, કાર્યકારી ન્યાયાધીશ, વધારાના ન્યાયાધીશ, નિવૃત્ત ન્યાયાધીશ વિષે સમજુતિ આપવામાં આવી છે. ત્યાર બાદ વડી અદાલતના ક્ષેત્રાધિકાર અને શક્તિઓ અંતર્ગત મૂળ ક્ષેત્રાધિકાર, અપીલીય અધિકાર, વિવાદ અધિકાર ક્ષેત્ર, નિરીક્ષણ સંબંધિ અધિકાર ક્ષેત્ર, અભિલેખ અદાલત / નઝીરી અદાલત, ન્યાયિક સમીક્ષાનો અધિકાર, તાબા હેઠળના ન્યાયાલયો પર નિયંત્રણ વિષે ચર્ચા કરવામાં આવી છે.*

*એકમ :* 12 **ન્યાયતંત્ર** *વિષે છે. જેમાં અદાલતી સમીક્ષા અંતર્ગત અદાલતી સમીક્ષાની ટીકા અને સૂચનો કરવામાં આવેલ છે. ત્યાર બાદ ન્યાયિક સક્રિયતા અંતર્ગત ન્યાયિક સક્રિયતાના વિકાસના પરિબળો, ન્યાયિક સક્રિયતાનું સ્વરૂપ, ન્યાયિક પુનરાવલોકનની સત્તાની સમજુતિ આપવામાં આવી છે. એકમના અંત ભાગમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા વિષે ચર્ચા કરી છે.*

# એકમ : 10 સર્વોચ્ચ અદાલત

રૂપરેખા

10.0 ઉદ્દેશો
10.1 પ્રસ્તાવના
10.2 સર્વોચ્ચ અદાલત
10.3 લાયકાત
10.4 નિમણૂક
10.5 શપથ
10.6 કાર્યકાળ
10.7 પગાર ભથ્થાં
10.8 પદ પરથી હટાવવાની પ્રક્રિયા
10.9 કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ, તદર્થ(એડહોક) ન્યાયાધીશ અને નિવૃત્ત ન્યાયાધીશ
10.9.1 કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ
10.9.2 તદર્થ ન્યાયાધીશ (એડહોક) ન્યાયાધીશ
10.9.3 નિવૃત્ત ન્યાયાધીશ
10.10 સર્વોચ્ચ અદાલતના કાર્યો અને શક્તિઓ
10.10.1 મૂળ ક્ષેત્રાધિકાર
10.10.2 ન્યાયાદેશ અથવા રિટ અધિકાર ક્ષેત્ર
10.10.3 અપીલીય અધિકાર
10.10.4 સલાહકારી ક્ષેત્રાધિકાર
10.10.5 ન્યાયિક સમીક્ષા ક્ષેત્રાધિકાર
10.10.6 કેસ ટ્રાન્સફર કરવાની સત્તા
10.10.7 અભિલેખ ન્યાયાલય/ નઝીરી અદાલત
10.10.8 અન્ય સત્તાઓ
10.10.9 સર્વોચ્ચ અદાલતની કેટલીક સંલગ્ન સત્તાઓ
10.10.10 અદાલતની અવમાનના
10.11 સર્વોચ્ચ અદાલતના વકીલો
10.12 સારાંશ
10.13 ચાવીરૂપ શબ્દો
10.14 ઉપયોગી પુસ્તકો
10.15 તમારી પ્રગતિ ચકાસો

## 10.0 ઉદ્દેશો

*પ્રસ્તુત એકમમાં ભારતીય સર્વોચ્ચ અદાલતની ઉત્પત્તિ, વિકાસ તેનું ગઠન, તેના વિવિધ ક્ષેત્રાધિકારો અને કાર્યો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. આ એકમના અભ્યાસ બાદ તમે નીચેની બાબતો સમજી શકશો અને તેની ચર્ચા કરી શકશો. :*

- *આ એકમનો અભ્યાસ કરી તમે સર્વોચ્ચ અદાલતની ઉત્પત્તિ અને વિકાસ સમજી શકશો.*
- *સર્વોચ્ચ અદાલતનું બંધારણીય સ્થાન સમજી શકશો.*
- *સર્વોચ્ચ અદાલતના અધિકાર ક્ષેત્રો સમજાવી શકશો.*
- *સર્વોચ્ચ ન્યાયાલયના કાર્યો અને સત્તાઓ વિશે વિગતે સમજાવી શકશો.*

## 10.1 પ્રસ્તાવના

*ભારતીય બંધારણના ઘડવૈયાઓએ જ્યારે ન્યાયતંત્ર વિશે વિચાર કર્યો ત્યારે ન્યાયપાલિકાને ધારાસભા અને કારોબારીના પ્રભાવથી અલગ રાખી સ્વતંત્ર રાખવા ભાર મુક્યો હતો. અમેરિકી બંધારણની વિરુદ્ધ ભારતીય બંધારણમાં એકીકૃત/સુગ્રથિત* (Integrated) *ન્યાયતંત્રની વ્યવસ્થા કરવામાં આવી છે. સુગ્રથિત ન્યાયતંત્રના માળખાના ટોચ પર સર્વોચ્ચ ન્યાયાલય બિરાજમાન છે. તેની નીચે રાજ્ય કક્ષાએ ઉચ્ચ ન્યાયાલયો છે. ઉચ્ચ ન્યાયાલયની નીચે હરોળમાં રાજ્યના જિલ્લા ન્યાયાલયોનો સમાવેશ થાય છે.*

*ભારતીય બંધારણમાં ન્યાયપાલિકાઓને વ્યક્તિના મૌલિક અધિકારોના રક્ષક તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ એકમમાં આપણે ભારતના બંધારણમાં સમાવિષ્ટ ન્યાયતંત્રમાં સર્વોચ્ચ અદાલતના ઉદ્ભવ, વિકાસ, લાયકાત, નિમણૂક, શપથ, કાર્યકાળ, પગાર ભથ્થાં વિગેરે વિષયો પર ચર્ચા કરીશું. આપણે સર્વોચ્ચ ન્યાયાલયના કાર્યો અને સત્તાઓ પર પણ વિગતે ચર્ચા કરીશું.*

## 10.2 સર્વોચ્ચ અદાલત

*ભારતમાં સૌપ્રથમ ભારતીય ઉચ્ચ ન્યાયાલય અધિનિયમ,* 1862 *મુજબ ઈ.સ.* 1862*માં કલકત્તા, મુંબઈ અને મદ્રાસ ખાતે અદાલતની સ્થાપના થઈ હતી. ભારતમાં ભારત સરકાર અધિનિયમ,* 1935 *હેઠળ ભારતમાં ફેડરલ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી. આ જ ફેડરલ કોર્ટની અનુગામી તરીકે આજની સર્વોચ્ચ અદાલત છે. વર્ષ* 1937 *થી* 1950 *ના મધ્ય સુધી ફેડરલ કોર્ટ ઓફ ઈન્ડિયાની બેઠક ચેમ્બર ઓફ પ્રિન્સીસમાં ભરાતી હતી. ભારત સરકાર અધિનિયમ* 1935 *અંતર્ગત જ કેન્દ્ર માટે સર્વોચ્ચ ન્યાયાલય અને રાજ્યો માટે ઉચ્ચ ન્યાયલય કે વડી અદાલતની જોગવાઈ કરવામાં આવી હતી.*

26*મી જાન્યુઆરી,* 1950 *ના રોજ ભારત દેશ એક સાર્વભોમ લોકશાહી ગણતંત્ર બન્યુ તેના બે દિવસ બાદ* 28*મી જાન્યુઆરી* 1950*ના રોજ તેના કામકાજનો પ્રારંભ થયો*

*હતો. સર્વોચ્ચ ન્યાયાલયનું ઉદ્‌ઘાટન સંસદભવનમાં ચેમ્બર ઓફ પ્રિન્સીસમાં કરવામાં આવ્યુ હતું.*

*ચેમ્બર ઓફ પ્રિન્સીસ અગાઉ* 1937 *થી* 1950 *મધ્ય સુધી,* 12 *વર્ષ સુધી ફેડરલ કોર્ટ ઓફ ઈન્ડિયાની બેઠક રહી હતી. અને જ્યાં સુધી સુપ્રીમ કોર્ટે તેની હાલની ઈમારત* 1958*માં નહોતી ખરીદી ત્યાં સુધી સુપ્રીમ કોર્ટની બેઠક રહી હતી.*

*સુપ્રીમ કોર્ટની ઈમારતનો આકાર ન્યાયની ત્રાજવાઓની છબિ દર્શાવતો બનાવવામાં આવ્યો છે. જેમાં ઈમારતની કેન્દ્રીય વિંગ ત્રાજવાના પલ્લાના કેન્દ્રીય બીમને મળતી આવે છે.* 1979*માં, સંકુલમાં બે નવા ભાગો- પૂર્વ ભાગ અને પશ્ચિમ ભાગનો ઉમેરો કરવામાં આવ્યો હતો. તેમાં ઈમારતના વિવિધ ભાગોમાં* 15 *કોર્ટ ખંડો છે. મુખ્ય ન્યાયમૂર્તિની કોર્ટ તમામ કોર્ટોમાં સૌથી મોટી છે, જે મધ્ય વિંગના કેન્દ્રમાં આવેલી છે. સુપ્રીમ કોર્ટનો મુખ્ય બ્લોક* 22 *એકરના ચોરસ આકારના પ્લોટમાં બાંધવામાં આવ્યો છે અને ઈમારતની ડિઝાઈન મુખ્ય સ્વપતિ ગણેશ ભીકાજી ડિયોલાલીકર દ્વારા કરવામાં આવી હતી. તેમણે સુપ્રીમ કોર્ટની ઈમારતની ઈન્ડો-બ્રિટિશ શૈલીમાં ડિઝાઈન કરી હતી.*

*અનુચ્છેદ* 124 *થી* 147*માં સર્વોચ્ચ અદાલતનું ગઠન, સ્વતંત્રતા, ન્યાયક્ષેત્ર, શક્તિઓ, પ્રક્રિયાઓ અંગેની જોગવાઈઓ અપાયેલી છે. અનુચ્છેદ* 124(1) *માં સર્વોચ્ચ અદાલતની સ્થાપનાની જોગવાઈઓ અપાયેલી છે, અને સંસદને ન્યાયાધીશોની સંખ્યા વધારવાની કે ઘટાડવાની શક્તિ આપેલી છે. દેશના ન્યાયતંત્રમાં સૌથી ઉચ્ચ સ્થાને સર્વોચ્ચ અદાલત* (Supreme Court) *છે. સર્વોચ્ચ અદાલત અભિલેખ (નઝીરી) અદાલત* (Court of Records) *તરીકે પણ છે. સર્વોચ્ચ અદાલત દ્વારા જાહેર કરાયેલ કાયદો દેશની તમામ અદાલતો માટે બંધનકર્તા છે. ઉપરાંત અપીલ માટે પણ સર્વોચ્ચ અદાલત અંતિમ અદાલત છે.*

*સર્વોચ્ચ ન્યાયાલયમાં મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશોની સન્* 1950*માં નક્કી કરવામાં આવ્યા પ્રમાણે ન્યાયાધીશો હોય છે. ભારતીય બંધારણ જ્યારે અમલમાં આવ્યું ત્યારે એક મુખ્ય ન્યાયાધીશ સાથે* 7 *અન્ય ન્યાયાધીશો માટે જોગવાઈ હતી. ન્યાયાધીશોની સંખ્યા વધારવાનો નિર્ણય સંસદ પર છોડવામાં આવ્યો હતો. પ્રારંભિક વર્ષોમાં સુપ્રીમ કોર્ટની સંપૂર્ણ ન્યાયપીઠ તેમની સમક્ષ રજૂ કરવામાં આવતાં કેસોની સુનાવણી કરવા એકસાથે બેસતી હતી. જેમ જેમ કોર્ટનું કામ વધતું ગયું અને કેસોનો ભરાવો થતો ગયો તેમ સંસદે* 1950*માં જ્યાં ન્યાયમૂર્તિઓની સંખ્યા* 8 *ની હતી તે વધારીને* 1956*માં* 11, 1960*માં* 14, 1978*માં* 18, 1986*માં* 26, 2008*માં* 31 *અને* 2019*માં* 34*ની કરી હતી.*

## 10.3 લાયકાત (Qualification)

*ભારતના બંધારણના અનુચ્છેદ-124(3) મુજબ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ માટે ન્યૂનતમ ઉચ્ચ યોગ્યતાઓ નિર્ધારિત કરવામાં આવી છે. આ યોગ્યતા ન્યાયાધીશોની નિયુક્તિમાં રાજનીતિક હસ્તક્ષેપ રોકવા માટે નક્કી કરવામાં આવી છે. જે મુજબ (અ) જે તે વ્યક્તિ ભારતના નાગરિક હોવા જોઈએ. (બ) સંબંધિત વ્યક્તિ 5 વર્ષથી વડી અદાલતના ન્યાયાધીશ હોવા જોઈએ અથવા 10 વર્ષથી વડી અદાલતના વકીલ હોવા જોઈએ અથવા ભારતના રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ. જોકે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ બનવા માટે નિમ્નતમ વય નક્કી કરવામાં આવી નથી.*

## 10.4 નિમણૂક

*સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની નિમણૂક કાનૂન દ્વારા નક્કી કરાયેલી સંખ્યા અનુસાર (મુખ્ય ન્યાયાધીશ તથા અન્ય ન્યાયાધીશોની) થાય છે. વર્ષ 2019માં થયેલા સુધારા મુજબ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની કુલ સંખ્યા 34 જેટલી છે. જેમાં 1 મુખ્ય ન્યાયાધીશ તથા 33 અન્ય ન્યાયાધીશોનો સમાવેશ થાય છે. સર્વોચ્ચ અદાલતમાં મુખ્ય ન્યાયાધીશની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિએ ન્યાયાધીશો સાથે મંત્રણા કરીને કરવાની રહે છે. ઉચ્ચ ન્યાયાલયમાં અન્ય ન્યાયાધીશોની નિમણૂક માટે રાષ્ટ્રપતિ મુખ્ય ન્યાયાધીશ સાથે મંત્રણા કરીને કરતા હોય છે. ભારતીય બંધારણના અનુચ્છેદ 124(2) અનુસાર સર્વોચ્ચ ન્યાયાલયોના ન્યાયાધીશોની નિમણૂક થતી હોય છે. ન્યાયાધીશોની નિમણૂક માટે કૉલેજીયમ પદ્ધતિ બનાવવામાં આવી છે.*

*આ પદ્ધતિમાં સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને બીજા ચાર વરિષ્ઠ ન્યાયાધીશ મળીને કુલ પાંચ ન્યાયાધીશ હોય છે.*

*કૉલેજીયમ પદ્ધતિની શરૂઆત ન્યાયાલયોના નિર્ણય બાદ કરવામાં આવી હતી. આ પદ્ધતિનો ઉલ્લેખ ભારતીય બંધારણમાં જોવા મળતો નથી. કૉલેજીયમની પ્રક્રિયામાં ભારતના મુખ્ય ન્યાયાધીશ કૉલેજીયમની સલાહ પરથી ન્યાયાધીશોની એક યાદી કેન્દ્ર સરકારના કાયદા મંત્રાલયને મોકલી આપે છે. કાયદા મંત્રાલય આ યાદી રાષ્ટ્રપતિને આપે છે તથા રાષ્ટ્રપતિને મંજૂરી આપવા માટે કહે છે. રાષ્ટ્રપતિ આજ યાદીના આધાર પર નવા ન્યાયાધીશની નિમણૂક કરે છે. તથા ભારતના રાજપત્ર દ્વારા રાષ્ટ્રપતિ નિમણૂકની સૂચના બહાર પાડે છે. કૉલેજીયમનું મુખ્ય કાર્ય સર્વોચ્ચ અદાલત તથા વડી અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કરવાનું તથા ન્યાયાધીશોની ફેરબદલીને લઈને ચર્ચા વિચારણા કરવાનું છે. પરંતુ આ કૉલેજીયમ પ્રણાલીનું સ્થાન 99માં બંધારણીય સુધારા, 2014 અને રાષ્ટ્રીય ન્યાયીક નિયુક્તિ પંચ, 2014ના સુધારા બાદ રાષ્ટ્રીય ન્યાયીક નિયુક્તિ પંચ*

(National Judicial Appointment Commission –njac) એ લીધું. જે અનુસાર અનુચ્છેદ 124 અને 217માં સુધારો કરવામાં આવ્યો હતો. જે મુજબ રાષ્ટ્રપતિ najcની ભલામણ દ્વારા ન્યાયાધીશોની નિમણૂક તથા બદલી કરશે. ન્યાયીક નિયુક્તિ આયોગ અધિનિયમ 2014 મુજબ najcમાં છ સભ્યો રહશે. જેમાં 1 મુખ્ય ન્યાયાધીશ (તે આયોગના અધ્યક્ષ રહશે), 1 કેન્દ્રીય કાયદા મંત્રી, 2 સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ નયયાધીશ અને 2 નૉમિનેટેડ કરેલ સભ્યો હશે. આ નૉમિનેટેડ સભ્યો એક સમિતિ દ્વારા નૉમિનેટ કરવામાં આવશે. આ સમિતિમાં કૂલ 3 સભ્યો – વડાપ્રધાન, સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ, લોકસભાના વિરોધ પક્ષના નેતા હશે. જો વિરોધ પક્ષના નેતા ન હોય તો સૌથી મોટા વિપક્ષી પક્ષના કોઈપણ નેતા આ સમિતિમાં રહેશે. અને 2 નૉમિનેટેડ સભ્યોમાં sc, st, તથા લઘુમતી કે મહિલાઓમાંથી પસંદ કરવામાં આવશે. પરંતુ વર્ષ 2015માં સર્વોચ્ચ ન્યાયાલય 99માં બંધારણીય સુધારા અધિનિયમ 2014 અને રાષ્ટ્રીય ન્યાયીક નિયુક્તિ પંચને ગેરબંધારણીય જાહેર કર્યું. તેથી જૂની કૉલેજીયમ પદ્ધતિ કાર્યરત થઈ. સર્વોચ્ચ ન્યાયાલયના મંતવ્ય મુજબ ન્યાયાધીશની નિમણૂક માટે njac ની પ્રણાલી, ન્યાયતંત્રની સ્વતંત્રતાને પ્રભાવિત કરતી હતી. જો કે આપણે જાણીએ છીએ કે પરંપરા અનુસાર મુખ્ય ન્યાયાધીશ તરીકે સર્વોચ્ચ અદાલતના સૌથી વરિષ્ઠ ન્યાયધીશની નિમણૂક કરવામાં આવે છે. પરંતુ આ પરંપરાનો વર્ષ 1973 અને 1977 માં ઉલંઘન થયું હતું. વર્ષ 1973માં ઈન્દિરાગાંધીની અધ્યક્ષતામાં કોંગ્રેસ સરકારે ત્રણ વરિષ્ઠ ન્યાયાધીશને છોડીને એ. એન. રે ની મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. એ જ રીતે વર્ષ 1977માં તત્કાલીન વરિષ્ઠ ન્યાયાધીશની નિમણૂક કરતાં એમ. એચ. બેગની મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

## 10.5 શપથ

ભારતીય બંધારણના અનુચ્છેદ 124(6) અનુસાર સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમાયેલી દરેક વ્યક્તિને રાષ્ટ્રપતિ અથવા તે અર્થે રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલી વ્યક્તિ સમક્ષ બંધારણની ત્રીજી અનુસૂચિમાં આપેલા નમૂના અનુસાર શપથ લેવડાવે છે.

## 10.6 કાર્યકાળ (Tenure)

સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ નિયુક્ત પછી 65 વર્ષની ઉમર સુધી પોતાના પદ પર રહી શકે છે. તેઓ રાષ્ટ્રપતિને સંબોધીને પોતાના પદ પરથી રાજીનામું આપી શકે છે. બંધારણના અનુચ્છેદ 124(2)માં સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ અને તેમના રાજીનામા અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

## 10.7 પગાર ભથ્થાં (Salary Allowance)

*ભારતીય રાજ્યવ્યવસ્થામાં ન્યાયાલય વિશેષ દરજ્જો ધરાવે છે. ન્યાયીક વ્યવસ્થા અને ન્યાયાધીશો પર લોકોનો ભરોસો ખૂબ રહ્યો છે. તેથી જ ન્યાયાધીશો કોઈ પણ પ્રકારના બહારના પ્રલોભનોમાં ન આવે અને પોતાની નિષ્પક્ષતા જાળવી રાખે તે માટે તેઓના પગાર-ભથ્થાં ઊંચા રાખવામાં આવે છે. બંધારણના અનુચ્છેદ-125 અને બીજી અનુસૂચિ મુજબ સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ તથા અન્ય ન્યાયાધીશોને પગાર-ભથ્થાં આપવામાં આવે છે, જે વખતોવખત સંસદ દ્વારા નિર્ધારિત થાય છે. 2018 થી સર્વોચ્ચ ન્યાયલયના મુખ્ય ન્યાયાધીશને 2,80,000 તથા અન્ય ન્યાયાધીશોને 2,50,000 પગાર અને અન્ય ભથ્થાંઓ પણ આપવામાં આવે છે.*

*સર્વોચ્ચ ન્યાયલયનો પ્રશાસનિક ખર્ચ, વેતન ભથ્થું વગેરેની ભરપાઈ સંચિત નિધિ (સ્થાયી ભંડોળ) માંથી કરવામાં આવે છે.*

## 10.8 પદ પરથી હટાવવાની પ્રક્રિયા (Removal of Judges)

*ભારતીય બંધારણમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને પદ પરથી દૂર કરવા માટે નિશ્ચિત પ્રક્રિયાની જોગવાઈ કરવામાં આવી છે.*

*સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને માત્ર બે આધારે (અ) સાબિત દુર્વ્યવહાર અથવા (બ) અસમર્થતાના આધાર પર રાષ્ટ્રપતિના આદેશ દ્વારા તેમાં પદ પરથી હટાવી શકાય છે. આ માટે*

1. *લોકસભામાં ઓછામાં ઓછા 100 અથવા રાજ્યસભાના ઓછામાં ઓછા 50 સભ્યો દ્વારા સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની વિરુદ્ધ રાષ્ટ્રપતિને સંબોધીને પ્રસ્તાવ લોકસભાના અધ્યક્ષ અથવા રાજ્યસભાના ચેરમેનને આપવામાં આવે છે.*
2. *ભારતીય બંધારણના અનુચ્છેદ 124(4) અંતર્ગત લોકસભાના અધ્યક્ષ અથવા રાજ્યસભાના સભાપતિ આ પ્રસ્તાવનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે.*
3. *જો પ્રસ્તાવ સ્વીકાર થાય તો ન્યાયાધીશ તપાસ અધિનિયમ 1968 અંતર્ગત તપાસ સમિતિ રચવામાં આવે છે.*
4. *આ પ્રસ્તાવની તપાસ ત્રણ સભ્યોની બનેલી સમિતિ દ્વારા કરવામાં આવે છે. જેમાં એક સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ અથવા ગૌણ ન્યાયાધીશ બીજા કોઈ પણ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ અને ત્રીજા કોઈ પ્રખ્યાત કાયદાશાસ્ત્રીનો સમાવેશ કરવામાં આવે છે.*
5. *સમિતિની તપાસમાં ન્યાયાધીશ દોષી ઠરે અને આ પ્રસ્તાવ સંસદના બંને ગૃહોમાં તેના કુલ સભ્યોની બહુમતીથી તથા હાજર અને મત આપનારા સભ્યોની $^{2}/_{3}$ બહુમતીથી પસાર થાય તો તે પ્રસ્તાવ રાષ્ટ્રપતિને મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિ*

*દ્વારા હુકમ કરવામાં આવે તો તે ન્યાયાધીશને પદ પરથી હટાવી દેવામાં આવે છે. પણ સંમતિ સંસદના એકજ સત્રમાં પ્રસ્તાવિત અને સ્વીકૃત કરવાની રહેશે.*

## 10.9 કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ, તદર્થ (ઍડહોક) ન્યાયાધીશ અને નિવૃત્ત ન્યાયાધીશ

### 10.9.1 કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ :

*કાર્યકારીમુખ્ય ન્યાયાધીશની નિમણૂકની જોગવાઈ અનુચ્છેદ* 126 *માં કરવામાં આવી છે. જેમાં* (1) *મુખ્ય ન્યાયાધીશનું પદ ખાલી હોય* (2) *અસ્થાયી રૂપથી મુખ્ય ન્યાયાધીશ ગેરહાજર હોય* (3) *મુખ્ય ન્યાયાધીશ પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવામાં અસમર્થ હોય.*

*ત્યારે રાષ્ટ્રપતિ કોઈ ન્યાયાધીશને ભારતના સર્વોચ્ચ અદાલતના કાર્યકારી ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરી શકે છે.*

### 10.9.2 તદર્થ ન્યાયાધીશ (ઍડહોક) ન્યાયાધીશ :

*એડ હોક ન્યાયાધીશની નિમણૂક કરવાની જોગવાઈ અનુચ્છેદ* 127 *અંતર્ગત કરવામાં આવી છે. તે મુજબ જે વ્યક્તિ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ રહી ચૂક્યા હોય અને સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશ બનવાની યોગ્યતા ધરાવતા હોય તેને ઍડહોક ન્યાયાધીશ બનાવવામાં આવશે. ઍડહોક પદ પર નિયુક્ત થનાર વ્યક્તિની અન્ય જવાબદારીઓની તુલનામાં સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની જવાબદારીને વધારે મહત્ત્વ આપવામાં આવશે.*

### 10.9.3 નિવૃત્ત ન્યાયાધીશ :

*નિવૃત્ત ન્યાયાધીશની નિમણૂકની જોગવાઈ અનુચ્છેદ* 128*માં કરવામાં આવી છે. તે મુજબ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ કોઈપણ સમયે રાષ્ટ્રપતિની પૂર્વ સંમતિ લઈને સર્વોચ્ચ અદાલતના અથવા ફેડરલ કોર્ટના ન્યાયાધીશનો હોદ્દો ધરાવ્યો હોય તેવી અથવા વડી અદાલતના ન્યાયાધીશનો હોદ્દો ધરાવ્યો હોય અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિમાવવાની નિયમાનુસાર લાયકાત ધરાવતી વ્યક્તિને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે બેસવાની અને કાર્ય કરવાની વિનંતી કરી શકશે. જેની વિનંતી કરવામાં આવી હોય તેવી દરેક વ્યક્તિને તે એ રીતે બેસીને કાર્ય કરતી હોય ત્યાં સુધી રાષ્ટ્રપતિ હુકમ કરીને નક્કી કરે તે પગાર ભથ્થાંનો હક્ક રહેશે. તેમજ તેમને તે ન્યાયાલયના ન્યાયાધીશના તમામ ક્ષેત્રાધિકાર, સત્તા અને વિશેષ અધિકારો રહેશે. પણ બીજી રીતે તો એ ન્યાયાલયના ન્યાયાધીશ ગણાશે નહી. પરંતુ ઉપર જણાવેલ વ્યક્તિ તે ન્યાયાલયના*

*ન્યાયાધીશ તરીકે બેસવા અને કાર્ય કરવા સંમત ન થાય તો તેને તેમ કરવાનું ફરજરૂપ ગણાશે નહિ.*

## 10.10 સર્વોચ્ચ અદાલતના કાર્યો અને સત્તાઓ (Powers and functions of Supreme Court of India)

*સર્વોચ્ચ અદાલતનાંકાર્યો અને સત્તાઓ ક્ષેત્રાધિકાર વિશે વિસ્તૃત ચર્ચા કરીશું. આપણને ખબર છે કે ભારતમાં એકીકૃત ન્યાયિક વ્યવસ્થા છે જેમાં સર્વોચ્ચ અદાલત સૌથી ઉપરનું સ્થાન ધરાવે છે. સર્વોચ્ચ અદાલત દ્વારા લેવાયેલાં નિર્ણયો અને નક્કી કરાયેલા સિદ્ધાંતો ભારતમાં આવેલા તમામ ન્યાયાલયો પર લાગુ પડે છે, એમ ભારતના બંધારણના અનુચ્છેદ* 141 *માં કહેવામાં આવ્યું છે.*

### 10.10.1 મૂળ ક્ષેત્રાધિકાર/આરંભિક અધિકાર ક્ષેત્ર (Original Jurisdiction):

*મૂળભૂત રીતે જ્યારે કેસ સીધો જ સર્વોચ્ચ અદાલત પાસે જાય તે તેનું મૂળ ક્ષેત્રાધિકાર/આરંભિક અધિકાર ક્ષેત્ર છે. આરંભિક અધિકાર ક્ષેત્રનો અર્થ એમ પણ થાય કે વિવાદિત કેસની શરુઆત સર્વોચ્ચ અદાલતમાં જ થાય અન્ય કોઈ પણ ન્યાયાલયમાં થતી નથી. મૂળ અધિકાર ક્ષેત્ર અંતર્ગત (અ) કેન્દ્ર અને એક કે એક થી વધુ રાજ્યો વચ્ચેનો વિવાદ (બ) એવો વિવાદ કે જેમાં એક તરફ કેન્દ્ર અને એક કે એકથી વધુ રાજ્યો હોય તો બીજી તરફ એક કે એકથી વધુ રાજ્યો હોય (ક) બે કે બેથી વધુ રાજ્યો વચ્ચેનો વિવાદ*

*મૂળ અથવા આરંભિક ક્ષેત્રાધિકાર સર્વોચ્ચ ન્યાયલયનો અનન્ય અધિકાર છે, એટલે કે અન્ય ન્યાયાલય તેનો ઉપયોગ નહી કરે.*

*જો કે નીચેની બાબતોમાં ઉત્પન્ન થયેલા વિવાદોમાં સર્વોચ્ચ અદાલત મૂળ ક્ષેત્રાધિકારનો ઉપયોગ કરતું નથી. જેમકે,*

*(અ) બંધારણ લાગુ થયા પહેલાની સંધિ, કબૂલાતનામું, કરારનામું, સમજૂતી, સનદ અથવા અન્ય લિખિત બાબતોથી ઉત્પન્ન થયેલ વિવાદ(બ) આંતર રાજ્ય નદી જળ વિવાદ જેવાં કે નર્મદા, સતલજ, કાવેરી(ક) કેન્દ્ર અને રાજ્ય વચ્ચે વાણિજ્યિક વિવાદ (ડ) કેન્દ્ર અને રાજ્ય વચ્ચે અમુક ખર્ચાઓ અને પેન્શનની બાબતો અને (ઈ) કેન્દ્ર વિરુદ્ધ રાજ્યો દ્વારા ખોટની ભરપાઈ વિગેરે અપવાદ છે.*

### 10.10.2 ન્યાયાદેશ અથવા રિટ અધિકાર ક્ષેત્ર :

*નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે સર્વોચ્ચ ન્યાયાલયને અમુક રિટો જાહેર કરવાનો અધિકાર છે. જેમ કે,*

(1) *બંદી પ્રત્યક્ષીકરણ* (Habeas Corpus)

(2) *પરમાદેશ* (Mandamus)

(3) *પ્રતિષેધ* (Prohibition)
(4) *અધિકાર પૃચ્છા* (Quo-warranto)
(5) *ઉત્પ્રેષણ* (Certiorari)

*હવે આપણે આ દરેક રિટ વિષે વિગતે અભ્યાસ કરીશું.*

1. **બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus):**

*આ શબ્દ મૂળ લેટિન ભાષામાંથી લેવામાં આવ્યો છે. જેનો શાબ્દિક અર્થ "શરીરને હાજર કરો"* (to have body of). *જો કોઈ વ્યક્તિને બીજાએ પોતાના કબજામાં રાખ્યો હોય તેવા કિસ્સામાં ન્યાયાલય દ્વારા આ રિટ જાહેર કરવામાં આવે છે અને જે તે વ્યક્તિને અદાલત સમક્ષ* 24 *કલાકમાં હાજર કરવો પડે. વ્યક્તિ હાજર થાય બાદ ન્યાયાલય એ બાબતની તપાસ કરશે કે કબજામાં લેવામાં આવેલ વ્યક્તિની બાબત કાયદાકીય રીતે યોગ્ય છે કે નહી. તપાસ કરતાં માલૂમ પડે કે તેને ખોટી રીતે બંદી બનાવવામાં આવ્યો છે તો તેને મુક્ત કરી દેવામાં આવે છે. આ રીતે આ રિટ કોઈ વ્યક્તિને બળજબરીપૂર્વક કબજામાં રાખવાના વિરુદ્ધ છે.આ રિટ સામાન્ય રીતે સામૂહિક અને વ્યક્તિગત અટકાયત વિરુદ્ધ જાહેર કરી શકાય.*

**2. પરમાદેશ (Mandamus):**

*આ શબ્દનો શાબ્દિક મતલબ થાય જે "અમે આદેશ આપીએ છીએ"* (We command).*પરમાદેશ એટલે જ્યારે જાહેરક્ષેત્રનો અધિકારી પોતાની ફરજ બજાવવાનોઈનકાર કરે ત્યારે તેને ફરજનું પાલન કરાવવા માટે કોર્ટ દ્વારા આપવામાં આવતો આદેશ.આ રિટ કોઈ પણ જાહેર સાહસો, પરિષદો, નિગમ, આધીન ન્યાયાલયો કે સરકાર વિરુધ્ધ જારી કરી શકાય. આ રિટનો ઉપયોગ ખાનગી વ્યક્તિ કે સંસ્થા વિરુધ્ધ ન થઈ શકે તેમજ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ વિરુદ્ધ પણ આ રિટ જારી કરી શકાય નહી.*

**3. પ્રતિષેધ (prohibition):**

*પ્રતિષેધનો શાબ્દિક અર્થ થાય છે કે અટકાવવું. આ આજ્ઞાપત્ર સર્વોચ્ચ ન્યાયાલય અને વડી અદાલત દ્વારા નિમ્ન અદાલતો અથવા અર્ધન્યાયિક સત્તાઓ ને જારી કરી આદેશ આપવામાં આવે છે કે જે તે મામલામાં કાર્યવાહી ન કરે કારણ કે તે તેના અધિકાર ના ક્ષેત્ર માં નથી. આ રિટ વહીવટી સત્તાઓ, ધારાકીય સંસ્થાઓ કે ખાનગી વ્યક્તિ વિરુદ્ધ જારી કરી શકાતી નથી. જેના પર ન્યાયીક કાર્યની જવાબદારી ન હોય તે કોઈ સાર્વજનિક અધિકારી વિરુદ્ધ લાગુ કરી શકાય નહી.*

**4. ઉત્પ્રેષણ (Certiorari):**

*ઉત્પ્રેષણમાં ઉત્ એટલે ઉપર અને પ્રેષણ એટલે મોકલવાની ક્રિયા એટલે ઉપરી અદાલત દ્વારા તેની નિમ્ન અદાલતો ને કેસ-નિર્ણય માટે ઉપરી અદાલત ને મોકલી આપવા*

*માટે જારી કરવામાં આવતો આજ્ઞાપત્ર* (Tobe Inform). *ઉત્પ્રેષણ એવી આજ્ઞા છે જે અંતર્ગત ઉપલી અદાલત નીચેની અદાલત અથવા ન્યાયપંચને કોઈ એક નિર્દિષ્ટ કેસના કાગળિયા મોકલવાનું કહી શકે છે, જેથી વરિષ્ઠ અદાલત તે સંબંધમાં કાર્યવાહી કરી શકે છે. આ આજ્ઞાપત્ર જે કિસ્સામાં કુદરતી ન્યાયના સિદ્ધાંતનો ભંગ થતો હોય તેવા કિસ્સામા જ મળી શકે છે, વહીવટી વ્યવસ્થાપન વિરુદ્ધ નહી.*

**5. અધિકાર પૃચ્છા (Quo –Warranto):**

*આ રિટ ન્યાયાલય જાહેર સાહસોમાં કોઈ પણ પદ ઉપર કામ કરતાં વ્યક્તિને તેના પદ ઉપરના દાવાની ચકાસણી કે પૂછપરછ કરવાની સત્તા આપે છે.* (by what authorityor warrant).

**10.10.3 અપીલીય અધિકાર ક્ષેત્ર (Appellate Jurisdiction):**

*સર્વોચ્ચ અદાલતને ઉચ્ચ ન્યાયાલયોનાવિરુધ્ધ અપીલ સાંભળવાનો અધિકાર છે. ઉચ્ચ ન્યાયાલયોમાં આવી અપીલ ત્રણ બાબતોમાં થઈ શકે છે.*

**(1) સંવૈધાનિક બાબતોઃ- અનુચ્છેદ 132**

*જો ઉચ્ચ ન્યાયાલયએવુ પ્રમાણપત્ર આપે કે જે તે કેસ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરવા લાયક છે તો કોઈપણ વ્યક્તિ ઉચ્ચ ન્યાયાલયની વિરુદ્ધ સર્વોચ્ચ ન્યાયાલયમાં અપીલ કરી શકે. સામાન્ય રીતે આવી બાબતોમાં ઉચ્ચ ન્યાયાલય દ્વારા બિન બંધારણીય જોગવાઈ કે ચુકાદો આપવામાં આવેલો હોય અથવા બંધારણની ખોટી વ્યાખ્યા આપવામાં આવી હોય.*

**(2) દિવાની બાબતો (Civil Matters): અનુચ્છેદ 133**

*જો ઉચ્ચ ન્યાયાલય પ્રમાણિત કરે કે નીચે મુજબની બંધારણીય બાબતો માટે સર્વોચ્ચ ન્યાયાલયમાં જઈ શકાય છે.*

(*અ) તે લોકહિત માટે કોઈ મહત્ત્વનો યોગ્ય વિષય હોય.*

(*બ) તેવો પ્રશ્ન હોય કે જેનો નિર્ણય સર્વોચ્ચ અદાલત દ્વારા જ કરવો અનિવાર્ય હોય.*

**(3) ફોજદારી બાબતો (Criminal Matters): અનુચ્છેદ 134**

*ભારતીય સંવિધાનના અનુચ્છેદ* **134** *અંતર્ગત ફોજદારી વિષયોમાં ઉચ્ચ ન્યાયાલયના નિર્ણય, અંતિમ આદેશ કે દંડની વિરુદ્ધ સર્વોચ્ચ ન્યાયાલયમાં અપીલ કરી શકાય છે. આ ક્ષેત્રાધિકારમાં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.*

(1) *કોઈ અપરાધીને છોડી મૂકવાનો આદેશ વિરુદ્ધ ઉચ્ચ ન્યાયાલય દ્વારા નિર્ણય આપવામાં આવે અને તેને મૃત્યુદંડની સજા આપે.*

(2) *કોઈ બાબતે ઉચ્ચ ન્યાયાલય અપીલીય ન્યાયાલય પાસેથી કોઈ વિષય પોતાની પાસે હસ્તાંતરીત કર્યો હોય તથા અપરાધીને મૃત્યુદંડ આપ્યો હોય.*

(3) *ઉચ્ચ ન્યાયાલય દ્વારા કોઈ વિષયની સર્વોચ્ચ અદાલતમાં અપીલની ભલામણ કરવામાં આવે.*

**10.10.4 સલાહકારી ક્ષેત્રાધિકાર (Advisory Jurisdiction) : અનુચ્છેદ 143**

*ભારતીય બંધારણના અનુચ્છેદ* 143 *મુજબ સર્વોચ્ચ ન્યાયાલયને સલાહ આપવા સંબંધી ક્ષેત્રાધિકાર આપવામાં આવ્યો છે. ભારતના રાષ્ટ્રપતિ કોઈ અગત્યના કાનૂની અથવા લોકહિતના વિષયમાં સર્વોચ્ચ ન્યાયાલય પાસે સલાહ માંગે છે. સર્વોચ્ચ ન્યાયાલય પોતાની સલાહ આપે છે અને ક્યારેક આપવાની ના પણ પાડી શકે છે. વળી, રાષ્ટ્રપતિ સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા આપવામાં આવેલ સલાહ માનવા બંધાયેલા પણ નથી. પરંતુ સર્વોચ્ચ અદાલતે અત્યાર સુધી આપેલી સલાહ ભારત સરકાર અને રાજ્ય સરકારોએ માન્ય રાખી તેનું સન્માન કર્યું છે. અનુચ્છેદ* 143 *મુજબ ભારતના રાષ્ટ્રપતિને સલાહ આપવા માટે સર્વોચ્ચ અદાલતના ઓછામાં ઓછા પાંચ ન્યાયાધીશોની પેનલ હોવી જોઈએ.*

*બંધારણીય રીતે રાષ્ટ્રપતિ નીચેની બે બાબતો પર સર્વોચ્ચ ન્યાયલયની સલાહ લઈ શકે છે.*

1. *સાર્વજનિક મહત્ત્વની કોઈ બાબત પર કાયદાકીય પ્રશ્ન ઉદ્ભવતા*
2. *પૂર્વ થયેલ બંધારણીય સંધિઓ સુલેહ કે સનદી કરારોમાં ઉદ્ભવેલ વિવાદ પર*

*સંવિધાનના અસ્તિત્વથી અત્યાર સુધી છેલ્લા સાત દાયકા દરમિયાન સર્વોચ્ચ અદાલત દ્વારા નીચે મુજબના મહત્ત્વના નિર્ણયો ઉપર સલાહ આપવામાં આવી છે.*

1. *દિલ્હી કાયદો અધિનિયમ,* 1951
2. *કેરળ શિક્ષણ ખરડો,* 1958
3. *બેરુબારી સંઘ,* 1960
4. *દરિયાઈ સીમા કર અધિનિયમ,* 1963
5. *વિધાનસભાના વિશેષાધિકારના સંદર્ભમાં કેશવસિંહ વિવાદ,* 1964
6. *રાષ્ટ્રપતિ ચૂંટણી,* 1974
7. *વિશેષ અદાલત ખરડો,* 1978
8. *જમ્મુ અને કશ્મીર પુનઃ રચના અધિનિયમ,* 1982
9. *કાવેરી જળ વિવાદ,* 1992
10. *રાજ જન્મ જન્મભૂમિ,* 1993
11. *ભારતના મુખ્ય ન્યાયાધીશ દ્વારા સ્વીકારવામાં આવેલ મંત્રણા પ્રક્રિયા,* 1998

12. *પ્રાકૃતિક ગેસ તથા પ્રવાહી પ્રાકૃતિક ગેસથી સંબંધિત વિષયો પર કેન્દ્રો અને રાજ્યોની બંધારણીય સત્તા,* 2001
13. *ગુજરાત વિધાનસભાની ચૂંટણીને સ્થગિત માટે કરેલા ચૂંટણી આયોગના નિર્ણયની બંધારણીય માન્યતા,* 2002
14. *પંજાબ કરારને સમાપ્ત કરવા માટેનો અધિનિયમ,* 2004
15. 2G *સ્પેક્ટ્રમ બાબતમાં આપેલ નિર્ણય તથા પ્રાકૃતિક સંસાધનોની બાબતોમાં હરાજીને ફરજીયાત,* 2012

### 10.10.5 ન્યાયીક સમીક્ષાનો અધિકાર : અનુચ્છેદ 137

*ભારતીય બંધારણના એક વિશિષ્ટ લક્ષણ તરીકે ન્યાયીક સમીક્ષાને પણ મૂલવી શકાય. ભારતીય સંસદ દ્વારા બનાવવામાં આવેલ કાયદા, રાજ્યો દ્વારા બનાવવામાં આવેલ કાયદા, ઉપરાંત કેન્દ્રિય તથા રાજ્ય કક્ષાની કારોબારી દ્વારા જાહેર કરવામાં આવેલ આદેશો, સર્વોચ્ચ અદાલત તથા રાજ્યના ઉચ્ચ ન્યાયાલયો દ્વારા આપવામાં આવેલ ચૂકાદાઓ, ઉપરાંત ભારતીય બંધારણમાં કરવામાં આવેલ વિવિધ સુધારાને સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા ફરીથી તપાસવાની પ્રક્રિયાને ન્યાયીક સમીક્ષા કહેવામાં આવે છે. ન્યાયીક સમીક્ષા અંતર્ગત કોઈપણ કાયદો કે આદેશ ભારતીય બંધારણના મૂળભૂત સિદ્ધાંતો અને જોગવાઈઓ સાથે સુસંગત છે કે નહી તે જોવાની પ્રક્રિયા કરવામાં આવે છે. અને જો જે-તે કાયદો કે આદેશ ગેરબંધારણીય જણાય તો તેને રદબાતલ પણ કરી શકાય છે. ટૂંકમાં, ન્યાયિક સમીક્ષા દ્વારા લોકશાહીના મહત્ત્વના અંગ ધારાસભા અને કારોબારી બંધારણથી પર થઈ શકતા નથી. ભારતના બંધારણમાં જાપાનના બંધારણ પ્રમાણે 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા'* (Procedure established by Law) *નો સિદ્ધાંત સ્વીકારાયો છે.*

*દા. ત. નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે સર્વોચ્ચ અદાલત ન્યાયીક સમીક્ષાની શક્તિનો મહત્ત્વનો ઉપયોગ ગોલકનાથ બાબત* 1967, *બેંકોનું રાષ્ટ્રીયકારણ બાબત* 1969 *અને કેશવાનંદ ભરતી બાબત* 1973 *પર કર્યો હતો.*

### 10.10.6 કેસ ટ્રાન્સફર કરવાની સત્તા :- અનુચ્છેદ 139

*સર્વોચ્ચ અદાલત કોઈ એવા કેસ જે કોઈ પણ રાજ્યોની વડી અદાલતોમાં લાંબા સમયથી પડેલા છે તથા અદાલતે પોતાની પ્રેરણાથી તથા એટર્ની જનરલ દ્વારા અથવા પક્ષકાર દ્વારા કરાયેલી અપિલથી એવું નિશ્ચિત થઈ જાય છે કે તેમ વ્યાપક પ્રમાણમાં મહત્ત્વ પૂર્ણ અર્થ ઘટનનો પ્રશ્ન સામેલ છે તો તેને પોતાની પાસે મંગાવીને ફેસલો કરી શકે છે. અનુચ્છેદ* 139 **(***અ) અનુસાર સર્વોચ્ચ અદાલતને જો યોગ્ય અને ઉચિત લાગે તો તે કોઈ પણ કેસને અન્ય કોઈ પણ વડી અદાલતને સોંપી શકે છે.*

### 10.10.7 અભિલેખ ન્યાયાલય/ નઝીરી અદાલત (Court of Records): અનુચ્છેદ 129

*ભારતીય બંધારણના અનુચ્છેદ 129 મુજબ સર્વોચ્ચ ન્યાયાલય એ નઝીરી અદાલત પણ છે. એટલે કે સર્વોચ્ચ અદાલત દ્વારા લેવાયેલ દરેક નિર્ણયને પ્રકાશિત કરવામાં આવે છે. આનો ઉપયોગ ભવિષ્યમાં કોઈપણ અદાલતની સમક્ષ પુરાવાના રૂપમાં રજૂ કરવામાં આવે તો કોઈપણ ન્યાયાલયમાં આને પડકારી શકાતાં નથી. સર્વોચ્ચ અદાલત દ્વારા થયેલ કાર્યવાહી અને અપાયેલ ચૂકાદાઓને અભિલેખ રુપે સાચવવામાં આવે છે. અને તેને કાયદાકીય સંદર્ભમાં સ્વીકારવામાં પણ આવે છે. આ રીતે સર્વોચ્ચ ન્યાયાલય સંવિધાનના સંરક્ષકના રુપમાં કાર્ય કરે છે.*

### 10.10.8 અન્ય સત્તાઓ :

*સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સંબંધિત વિવાદોનો ઉકેલ લાવવામાં આવે છે તેમ તેમનો નિર્ણય અંતિમ માનવામાં આવે છે.*

*સર્વોચ્ચ અદાલત સંઘલોક સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યનો વ્યવહાર અને આચરણની તપાસ કરે છે. જો અદાલતને તે ગેરવર્તણૂકના દોશી તરીકે જણાય તો તે રાષ્ટ્રપતિને જે તે વ્યક્તિને તેમના પદ પરથી હટાવવાની ભલામણ કરી શકે છે. સર્વોચ્ચ અદાલત દ્વારા કરવામાં આવેલ આ ભલામણ માનવામાં રાષ્ટ્રપતિ બંધાયેલા છે.*

*રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ એમ બંને હોદ્દા ખાલી હોય ત્યારે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરે છે.*

### 10.10.9 સર્વોચ્ચ અદાલતની કેટલીક સંલગ્ન સત્તાઓઃ

*સંસદ કાયદા દ્વારા અનુચ્છેદ 140 અનુસાર સર્વોચ્ચ અદાલતને કેટલીક એવી સત્તા આપી શકે છે જે યોગ્ય હોય અને બંધારણની જોગવાઈ થી કોઈ પણ રીતે અયોગ્ય ન હોય*

*અનુચ્છેદ 141 અનુસાર સર્વોચ્ચ અદાલત દ્વારા જાહેર કરાયેલ કાયદો ભારતના રાજ્ય ક્ષેત્રમાં તમામ અદાલતો પર લાગુ પડશે.*

*અનુચ્છેદ 142 અનુસાર સર્વોચ્ચ અદાલતના હુકમનામાં અને આદેશોનું અમલીકરણ તથા જાહેર કરવા બાબતોમાં આદેશ- 1. સર્વોચ્ચ અદાલત કોઈ પણ કેસમાં અથવા લાંબા સમય સુધી પડી રહેલા વાદ વિવાદમાં સંપૂર્ણ ન્યાય માટે જરૂરી પોતાની હકૂમતનો ઉપયોગ કરીને હુકમ અથવા આદેશ આપી શકે છે. 2. સંસદે બનાવેલાં કાયદાને આધીન સર્વોચ્ચ અદાલતને કોઈ પણ વ્યક્તિને હાજર કરાવવા કોઈ દસ્તાવેજ રજૂ કરાવવા પોતાની કોઈ ઉપેક્ષાની તપાસ કરવા અથવા દંડ આપવાની બાબતે આદેશ આપવાની સત્તા રહે છે.*

**10.10.10 અદાલતની અવમાનના:**

*ભારતીય બંધારણમાં સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતની અવમાનના વિષે અનુચ્છેદ* 129 *અને* 215 *હેઠળ ક્રમશઃ જોગવાઈ કરવામાં આવી છે. અદાલતી અવમાનનાને બે રીતે વિભાજિત કરી શકાય છે. જેમાં પ્રથમ દિવાની બાબત છે જે અંતર્ગત અદાલતના દ્વારા આપવામાં આવેલાં કોઈ ચુકાદાનો તિરસ્કાર કરવો અથવા અદાલતમાં આપેલ સોગંદનમાંનો ઉલંઘન કરવો અને બીજું ફોજદારી અવમાનના છે. જે અંતર્ગત કોઈ ન્યાયીક પ્રક્રિયા ચાલતી હોય અને તેમાં સભાન રીતે અડચણ પહોંચાડવા બદલ અથવા ન્યાયાલયનો તિરસ્કાર એ ફોજદારી અવમાનના ગણાય છે.*

*અદાલત દિવાની કે ફોજદારી અવમાનના બદલ દંડ કે જેલવાસ સાથેનો દંડ કરી શકે છે.*

*ઉદાહરણઃ સુપ્રીમ કોર્ટ દ્વારા જાણીતા વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા કરવામાં આવેલ બે ટ્વીટની બાબતમાં એક પિટિશનના આધારે કોર્ટની અવમાનના અંગે ચુકાદો આપવામાં આવ્યો હતો. આ ચુકાદા અનુસાર સુપ્રીમ કોર્ટે પ્રશાંત ભૂષણને ફોજદારી પ્રકારની અવમાનના માટે દોષી જાહેર કર્યા અને* 15 *દિવસમાં* 1 *રૂ. દંડ અને જો દંડ ન ભરે તો ત્રણ મહિનાની જેલ ભોગવવી પડશે એવી સજા ઘોષિત કરી.*

*આ ટ્વીટમાં પ્રશાંત ભૂષણે ભારતના સર્વોચ્ચ મુખ્ય ન્યાયધીશ એસ.એ. બોબડે વિરુદ્ધ અને સુપ્રીમ કોર્ટના કેટલાક વરિષ્ઠ ન્યાયધીશ તેમજ તેમની કાર્યપ્રણાલી વિષે ટિપ્પણી કરી હતી.*

*ઉપરોક્ત આક્ષેપની બાબતમાં સુપ્રીમ કોર્ટે પ્રશાંત ભૂષણને* prima facie *દ્રષ્ટિએ દોષી જાહેર કર્યા હતા.*

## 10.11 સર્વોચ્ચ અદાલતના વકીલો

*સર્વોચ્ચ અદાલતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના વકીલો કાર્યરત હોય છે. જેમાં પ્રથમ હરોળમાં એવા વકીલો હોય છે જે પ્રખ્યાત ન્યાયશાસ્ત્રી હોય, કાયદાની બાબતમાં પારંગત હોય અને બંધારણનું બહુલ જ્ઞાન ધરાવતાં હોય તેવા વકીલને સહમતિથી સર્વોચ્ચ ન્યાયાલયના વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત કરી શકે છે.*

*બીજા એવા વકીલ જેને ઍડવોકેટ ઑન રેકોર્ડ કહેવાય છે જે સર્વોચ્ચ અદાલત નિયમ-*1966 *અંતર્ગત કોઈપણ પક્ષ તરફથી અરજી દાખલ કરવાની લાયકાત ધરાવે છે અને આજ પ્રકારના વકીલ સર્વોચ્ચ અદાલતની સામે રેકોર્ડ રજૂ કરી શકે છે ઉપરાંત અપીલની અરજી કરી શકે છે.*

*ત્રીજા એવા પ્રકારના વકીલો જેમનું નામ વકીલ અધિનિયમ* 1961 *અંતર્ગત રાજ્યની રાજ્ય બાર કાઉન્સિલમાં નોંધાયેલ હોય. આવા વકીલોને અન્ય વકીલો કહેવાય છે જે સર્વોચ્ચ ન્યાયાલયમાં કોઈ પણ પક્ષ તરફથી હાજર રહી શકે છે પરંતુ તેઓ કોઈ દસ્તાવેજ કે કેસ દાખલ કરી શકતાં નથી.*

## 10.12 સારાંશ

*ન્યાયપાલિકાની અંદર ભ્રષ્ટાચાર, ન્યાયાધીશોની નિમણૂક, ન્યાયાધીશોની વર્તણૂંક જેવા મુદ્દાઓ સમાજમાં જાહેરજીવનમાં આવતા થયા છે. જેમ કે સર્વોચ્ચ ન્યાયાલયના ચાર ન્યાયાધીશ જસ્ટિસ જે. ચેલમેશ્વર, જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ મદન ભીમરાવ લોકુ, જસ્ટિસ કુરિયન જૉસેફ દ્વારા જાન્યુઆરી* 2018*માં પત્રકાર પરિષદ યોજી સર્વોચ્ચ અદાલતમાં ચાલતી રોસ્ટર પદ્ધતિ પર વિવાદ સર્જ્યો હતો અને મુખ્ય ન્યાયાધીશ પર કેસોની વહેંચણી માટે પક્ષપાતનો આરોપ મૂક્યો હતો. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ રોસ્ટર તૈયાર કરાવે છે. તેથી તેને માસ્ટર ઓફ રોસ્ટર કહેવામાં આવે છે. કોઈપણ ન્યાયાધીશની બેચ કોઈપણ કેસની સુનાવણી ત્યાં સુધી ન કરી શકે જય સુધી મુખ્ય ન્યાયાધીશ તેમેને કેસ આ આપે. આ રોસ્ટર મુખ્ય ન્યાયાધીશના આદેશ અનુસાર રોસ્ટર સર્વોચ્ચ અદાલતના રજિસ્ટ્રાર દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ ઉપરાંત સર્વોચ્ચ અદાલતમાં પરંપરા અનુસાર સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશ જ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ બનતા હોય છે, પરતું તેમ પણ વર્ષ* 1973 *અને* 1977*માં તત્કાલીન વડાપ્રધાને આ પરંપરાનો ઉલંઘન કર્યું હતું.*

*આમ છતાં ભારતીય લોકશાહીમાં ન્યાયાલયો પ્રત્યે લોકોનો વિશ્વાસ અકબંધ રહ્યો છે. આજે પણ સામાન્ય માણસને ન્યાયાલયો પાસે પોતાના માટે સાચો ન્યાય મેળવવાની અપેક્ષા રહી છે.*

## 10.13 ચાવીરૂપ શબ્દો

**ન્યાયિક સક્રિયતા :** *ન્યાયિક સક્રિયતાનો મૂળભૂત હેતુ નાગરિકોના અધિકારોનું રક્ષણ કરી સમાજમાં ન્યાયને પ્રોત્સાહન આપવા માટે ભૂમિકા ભજવવાનો છે. જાહેરહીતની અરજી એ ન્યાયિક સક્રિયતાનો ભાગ જ છે.*

## 10.14 ઉપયોગી પુસ્તકો

1. *ડી.ડી. બાશુ, ઈન્ડિયન કોસ્ટિટ્યુશન.*
2. *એમ. લક્ષ્મીકાન્ત, ઈન્ડિયન પોલિટી.*
3. *અજય પટેલ, ભારતીય બંધારણ અને રાજ્ય વ્યવસ્થા.*

## 10.15 તમારી પ્રગતિ ચકાસો- 1

*પ્રશ્ન-1 સર્વોચ્ચ અદાલતમાં નિવૃત્ત ન્યાયાધીશની નિમણૂક વિશે ચર્ચા કરો.*

*જવાબઃ- નિવૃત્ત ન્યાયાધીશની નિમણૂકની જોગવાઈ અનુચ્છેદ 128માં કરવામાં આવી છે. તે મુજબ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ કોઈપણ સમયે રાષ્ટ્રપતિની પૂર્વ સંમતિ લઈને સર્વોચ્ચ અદાલતના અથવા ફેડરલ કોર્ટના ન્યાયાધીશનો હોદ્દો ધરાવ્યો હોય તેવી અથવા વડી અદાલતના ન્યાયાધીશનો હોદ્દો ધરાવ્યો હોય અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિમાવવાની નિયમાનુસાર લાયકાત ધરાવતી વ્યક્તિને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે બેસવાની અને કાર્ય કરવાની વિનંતી કરી શકશે. જેની વિનંતી કરવામાં આવી હોય તેવી દરેક વ્યક્તિને તે એ રીતે બેસીને કાર્ય કરતી હોય ત્યાં સુધી રાષ્ટ્રપતિ હુકમ કરીને નક્કી કરે તે પગાર ભથ્થાંનો હક્ક રહેશે. તેમજ તેમને તે ન્યાયાલયના ન્યાયાધીશના તમામ ક્ષેત્રાધિકાર, સત્તા અને વિશેષ અધિકારો રહેશે. પણ બીજી રીતે તો એ ન્યાયાલયના ન્યાયાધીશ ગણાશે નહી. પરંતુ ઉપર જણાવેલ વ્યક્તિ તે ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે બેસવા અને કાર્ય કરવા સંમત ન થાય તો તેને તેમ કરવાનું ફરજરૂપ ગણાશે નથી.*

*પ્રશ્ન-2 સર્વોચ્ચ અદાલતને કેમ અભિલેખ ન્યાયાલય કહેવામાં આવે છે?*

*જવાબઃ- ભારતીય બંધારણના અનુચ્છેદ 129 મુજબ સર્વોચ્ચ ન્યાયાલય એ નઝીરી અદાલત પણ છે. એટલે કે સર્વોચ્ચ અદાલત દ્વારા લેવાયેલ દરેક નિર્ણયને પ્રકાશિત કરવામાં આવે છે. આનો ઉપયોગ ભવિષ્યમાં કોઈપણ અદાલતની સમક્ષ પુરાવાનારુપમાં રજૂ કરવામાં આવે તો કોઈપણ ન્યાયાલયમાં આને પડકારીશકાતા નથી. સર્વોચ્ચ અદાલત દ્વારા થયેલ કાર્યવાહી અને અપાયેલ ચૂકાદાઓને અભિલેખ રુપે સાચવવામાં આવે છે. અને તેને કાયદાકીય સંદર્ભમાં સ્વીકારવામાં પણ આવે છે. આ રીતે સર્વોચ્ચ ન્યાયાલય સંવિધાનના સંરક્ષકના રુપમાં કાર્ય કરે છે.*

*પ્રશ્ન-3 સર્વોચ્ચ અદાલતની કેસ ટ્રાન્સફર કરવાની સત્તા વિષે વિગતે સમજાવો.*

*સર્વોચ્ચ અદાલત કોઈ એવા કેસ જે કોઈ પણ રાજ્યોની વડી અદાલતોમાં લાંબા સમયથી પડેલા છે તથા અદાલતે પોતાની પ્રેરણાથી તથા એટર્ની જનરલ દ્વારા અથવા પક્ષકાર દ્વારા કરાયેલી અપીલથી એવું નિશ્ચિત થઈ જાય છે કે તેમ વ્યાપક પ્રમાણમાં મહત્ત્વ પૂર્ણ અર્થઘટનનો પ્રશ્ન સામેલ છે તો તેને પોતાની પાસે મંગાવીને ફેસલો કરી શકે છે. અનુચ્છેદ 139 (અ) અનુસાર સર્વોચ્ચ અદાલતને જો યોગ્ય અને ઉચિત લાગે તો તે કોઈ પણ કેસને અન્ય કોઈ પણ વડી અદાલતને સોંપી શકે છે.*

*પ્રશ્ન-4 સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની નિમણૂકની લાયકાત જણાવો.*

*જવાબઃ- ભારતના બંધારણના અનુચ્છેદ-124(3) મુજબ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ માટે ન્યૂનતમ ઉચ્ચ યોગ્યતાઓ નિર્ધારિત કરવામાં આવી છે. આ યોગ્યતા ન્યાયાધીશોની નિયુક્તિમાં રાજનીતિક હસ્તક્ષેપ રોકવા માટે નક્કી કરવામાં આવી છે. જે મુજબ (અ) જે તે વ્યક્તિ ભારતના નાગરિક હોવા જોઈએ. (બ) સંબંધિત વ્યક્તિને 5 વર્ષથી વડી અદાલતના ન્યાયાધીશ હોવા જોઈએ અથવા 10 વર્ષથી વડી અદાલતના વકીલ હોવા જોઈએ અથવા ભારતના રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવાં જોઈએ. જોકે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ બનવા માટે નિમ્નતન વય નક્કી કરવામાં આવી.*

*પ્રશ્ન-5 સર્વોચ્ચ અદાલતની અવમાનના કઈ રીતે થાય છે?*

*જવાબઃ- ભારતીય બંધારણમાં સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતની અવમાનના વિષે અનુચ્છેદ 129 અને 215 હેઠળ ક્રમશઃ જોગવાઈ કરવામાં આવી છે. અદાલતી અવમાનનાને બે રીતે વિભાજિત કરી શકાય છે. જેમાં પ્રથમ દિવાની બાબત છે જે અંતર્ગત અદાલતના દ્વારા આપવામાં આવેલાં કોઈ ચુકાદાનો તિરસ્કાર કરવો અથવા અદાલતમાં આપેલ સોગંદનામાનો ઉલંઘન કરવો અને બીજું ફોજદારી અવમાનના છે. જે અંતર્ગત કોઈ ન્યાયીક પ્રક્રિયા ચાલતી હોય અને તેમાં સભાન રીતે અડચણ પહોંચાડવા બદલ અથવા ન્યાયાલયનો તિરસ્કાર એ ફોજદારી અવમાનના ગણાય છે.અદાલત દિવાની કે ફોજદારી અવમાનના બદલ દંડ કે જેલવાસ સાથેનો દંડ કરી શકે છે.*

**પ્રગતિ ચકાસો- 2**

1. *ભારતીય બંધારણમાં____________ ન્યાયતંત્રની વ્યવસ્થા કરવામાં આવી છે.*
2. *આઝાદી બાદ ______________ના રોજ તેના કામકાજનો પ્રારંભ થયો હતો.*
3. *વર્ષ 2019 બાદ સર્વોચ્ચ અદાલતમાં કુલ ન્યાયાધીશ _________ હોય છે.*
4. *સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ નિયુક્ત પછી ______વર્ષની ઉંમર સુધી પોતાના પદ પર રહી શકે છે.*
5. *ભારતીય બંધારણના અનુચ્છેદ ______ મુજબ સર્વોચ્ચ ન્યાયાલયના સલાહ આપવા સંબંધી ક્ષેત્રાધિકાર આપવામાં આવ્યો છે.*

**જવાબઃ**

1. *એકીકૃત/સુગ્રથિત* (Integrated)
2. 28*મી જાન્યુઆરી* 1950
3. 34
4. 65
5. 143

# એકમ : 11 વડી અદાલત

## રૂપરેખા

**11.0** ઉદ્દેશો
**11.1** પ્રસ્તાવના
**11.2** વડી / ઊચ્ચ અદાલત
**11.2.1** વડી/ ઉચ્ચ અદાલતની સંરચના
**11.3** વડી / ઉચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ
**11.3.1** લાયકાત
**11.3.2** નિમણૂક
**11.3.3** શપથ
**11.3.4** કાર્યકાળ
**11.3.5** પગાર ભથ્થા
**11.3.6** પદ પરથી હટાવવાની પ્રક્રિયા
**11.3.7** વડી/ઉચ્ચ અદાલતના ન્યાયાધીશોની બદલી
**11.3.8** કાર્યકારી ન્યાયાધીશ (અનુચ્છેદ **224**)
**11.3.9** વધારાના ન્યાયાધીશ (અનુચ્છેદ **224**)
**11.3.10** નિવૃત્ત ન્યાયાધીશ (અનુચ્છેદ **224 A**)
**11.4** વડી/ ઉચ્ચ અદાલતના ક્ષેત્રાધિકાર અને શક્તિઓ
**11.4.1** મૂળ ક્ષેત્રાધિકાર
**11.4.2** અપીલીય અધિકાર
**11.4.3** વિવાદ અધિકાર ક્ષેત્ર
**11.4.4** નિરીક્ષણ સંબંધિ અધિકાર ક્ષેત્ર
**11.4.5** અભિલેખ અદાલત / નઝીરી અદાલત
**11.4.6** ન્યાયિક સમીક્ષાનો અધિકાર
**11.4.7** તાબા હેઠળના ન્યાયાલયો પર નિયંત્રણ
**11.5** સારાંશ
**11.6** વિશેષ વાંચન માટે સંદર્ભ સાહિત્ય
**11.7** તમારી પ્રગતિ ચકાસો

## 11.0 ઉદ્દેશો

*પ્રસ્તુત એકમમાં ભારતીય વડી અદાલતની ઉત્પત્તિ, વિકાસ તેનું ગઠન, તેના વિવિધ ક્ષેત્રાધિકારો અને કાર્યો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. આ એકમના અભ્યાસ બાદ આપ:*

- *ભારતમાં વડી અદાલતની બંધારણીય ઉત્પત્તિ અને વિકાસ વિશે સમજાવી શકશો.*
- *વડીઅદાલતના અધિકાર ક્ષેત્રો વિશે વિવેચન કરી શકશો.*
- *વડીઅદાલતના કાર્યો અને શક્તિ વિશે વિગતે સમજાવી શકશો.*

## 11.1 પ્રસ્તાવના

*ભારતીય સંવિધાન મુજબ રાજ્યોમાં ઉચ્ચ ન્યાયાલયની જોગવાઈ કરવામાં આવી છે. ભારતમાં ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના 1862માં કલકત્તા, મુંબઈ અને મદ્રાસ પ્રેસિડેન્સી તરીકે ઓળખાતા પ્રદેશોમાં કરવામાં આવી હતી. 1866માં અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના થઈ હતી.*

## 11.2 વડી અદાલત

*ભારતીય બંધારણના ભાગ 6 માં અનુચ્છેદ 214 થી 231 સુધી ઉચ્ચ ન્યાયાલયની વિવિધ વિગતો વિશે ચર્ચા કરવામાં આવી છે. દેશમાં હાલ કુલ 25 ન્યાયાલયો છે. જેમાં 4 ઉચ્ચ ન્યાયાલયોના અધિકાર ક્ષેત્રો એક કરતા વધારે રાજ્યો પર છે. ભારતમાં કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વડી અદાલતો દિલ્હી સિવાય કોઈ કેન્દ્રશાસિત પ્રદેશમાં અસ્તિત્વ ધરાવતી નથી. વડી અદાલત જે તે રાજ્યની સૌથી મોટુ ન્યાયાલય ગણાય છે. રાજ્યના અન્ય ન્યાયાલયો તેને આધિન હોય છે.*

### 11.2.1 *વડી અદાલતની સંરચના*

*ભારતીય બંધારણના અનુચ્છેદ 216 અંતર્ગત નક્કી કરવામાં આવ્યુ છે કે રાજ્યના ઉચ્ચ ન્યાયાલયમાં એક મુખ્ય ન્યાયાધીશ તથા અન્ય ન્યાયાધીશો હોય છે. વડી અદાલતના ન્યાયાધીશોની સંખ્યા વખતોવખત ભારતના રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવે છે. વડી અદાલતમાં મુખ્ય ન્યાયાધીશ સિવાય અન્ય બીજા ન્યાયાધીશોની સંખ્યા હજી સુધી નક્કી કરવામાં આવી નથી.*

## 11.3 વડી/ ઉચ્ચ ન્યાયલના મુખ્ય ન્યાયાધીશ

11.3.1 *લાયકાત*

*સર્વોચ્ચ અદાલતની જેમ વડી અદાલતમાં પણ ન્યાયાધીશોની લાયકાત નક્કી કરવામાં આવી છે. તે અંતર્ગત તે વ્યક્તિ ભારતનો નાગરિક હોવો જોઈએ તથા ઓછામાં ઓછા 10 વર્ષ સુધી ન્યાયિક પદ પર કામ કરવાનો અનુભવ અથવા ઓછામાં ઓછો 10 વર્ષ સુધી ઉચ્ચ ન્યાયાલયમાં વકીલ તરીકે કામ કરવાની અનુભવ હોવો જોઈએ.*

*બંધારણમાં ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની નિયુક્તિ માટેની કોઈ ઉંમર નક્કી કરવામાં આવી નથી.*

**11.3.2 નિમણૂક**

*ભારતીય બંધારણના અનુચ્છેદ 217 અંતર્ગત ન્યાયાધીશોની નિમણૂક અને તેના હોદ્દા માટેની જોગવાઈ કરવામાં આવી છે. અનુચ્છેદ 217 મુજબ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ તથા જે-તે રાજ્યના રાજ્યપાલની સલાહથી કરવામાં આવે છે. પરંતુ અન્ય ન્યાયાધીશોની નિયુક્તિ રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયાધીશ (ભારતના મુખ્ય ન્યાયાધીશની પણ* 2 *વરિષ્ઠ ન્યાયાધીશોની સાથે ચર્ચા વિચારણા કરવી જરૂરી છે.) સંબંધિત રાજ્યના રાજ્યપાલ અને સાથે સાથે તે રાજ્યના ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશની પણ સલાહ લેવામાં આવે છે. જો બે કે વધુ રાજ્યો માટે એક જ વડી અદાલત હોય તો રાષ્ટ્રપતિ બધા રાજ્યોના રાજ્યપાલ સાથે મંત્રણા કરવાની રહેશે.*

11.3.3 *શપથ*

*ભારતીય બંધારણના અનુચ્છેદ 219 મુજબ વડી અદાલતના પ્રત્યેક ન્યાયાધીશને રાજ્યના રાજ્યપાલ અથવા તેમના દ્વારા નિયુક્ત કરેલ અન્ય વ્યક્તિ દ્વારા હોદ્દાના શપથ લેવડાવવામાં આવે છે. આ વિધિ બાદ જ ન્યાયાધીશ પોતાનુ પદ ગ્રહણ કરે છે.*

11.3.4 *કાર્યકાળ*

*વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સહિત અન્ય ન્યાયાધીશો 62 વર્ષની ઉંમર સુધી પોતાના પદ પર નિયુક્ત રહી શકે છે. તેઓ રાષ્ટ્રપતિને સંબોધીને પોતાના પદ પરથી રાજીનામું આપી શકે છે. ભારતીય બંધારણના અનુચ્છેદ 220 મુજબ વડી અદાલતના સ્થાયી ન્યાયાધીશ સેવા નિવૃત્તિ બાદ સુપ્રીમ કોર્ટ કે અન્ય વડી અદાલત સીવાય ભારતના કોઈપણ ન્યાયાલય કે સંસ્થામાં વકીલાત કરી શકે નહી.*

*ઉચ્ચ ન્યાયાલયના કોઈ પણ ન્યાયાધીશની ઉંમર બાબતે કોઈ વિવાદ થાય તો રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે ચર્ચા કરી ને નિર્ણય લેવામાં આવે છે તથા તે નિર્ણય અંતિમ હોય છે.*

### 11.3.5 **પગાર ભથ્થા**

*ભારતીય બંધારણના અનુચ્છેદ 221માં ન્યાયાધીશોના પગાર અને ભથ્થાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશનો પગાર 2 લાખ 50 હજાર અને અન્ય ન્યાયાધીશોનો પગાર 2 લાખ 25 હજાર વર્ષ 2018થી કરવામાં આવ્યો છે. આ તમામ ખર્ચ જે તે રાજ્યની સંચિત નિધિમાંથી કરવામાં આવે છે.*

*ઉચ્ચ ન્યાયલના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશોને તેમના પગારના 50% જેટલું પેન્શન આપવામાં આવે છે. આ પેન્શન ભારત સરકારની સંચિત નિધિમાંથી આપવામાં આવે છે.*

### 11.3.6 **પદ પરથી હટાવવાની પ્રક્રિયા**

*ભારતીય બંધારણ અનુસાર સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ન્યાયાધીશોને પદ પરથી હટાવવાની પ્રક્રિયા એક સરખી છે. બંધારણના અનુચ્છેદ 217(ખ) મુજબ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને હટાવવા માટે અનુચ્છેદ 124(4) મા દર્શાવેલ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને હટાવવા માટેની પ્રક્રિયા મુજબ રાષ્ટ્રપતિ દ્વારા હટાવી શકાય છે.*

*ન્યાયાધીશ તપાસ અધિનિયમ (1968) મુજબ જો સંસદના બંને ગૃહો તેના કુલ સભ્યોની બહુમતથી અને હજાર રહેલા સભ્યોની $^{2}/_{3}$ બહુમતથી પ્રસ્તાવ પસાર કરી રાષ્ટ્રપતિને મોકલે તો રાષ્ટ્રપતિ ન્યાયાધીશને હટાવવા માટે આદેશ આપે છે.*

### 11.3.7 *વડી અદાલતના ન્યાયાધીશોની બદલી*

*ભારતના બંધારણના અનુચ્છેદ 222 મુજબ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશની સલાહ અનુસાર ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની બદલી વર્તમાન ઉચ્ચ ન્યાયાલયમાંથી બીજા ઉચ્ચ ન્યાયાલયમાં ભારતના રાષ્ટ્રપતિ કરી શકે છે.*

### 11.3.8 *કાર્યકારી ન્યાયાધીશ (અનુચ્છેદ 224)*

*વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સિવાયના કોઈ ન્યાયાધીશ જ્યારે ગેરહાજર હોય કે અન્ય કોઈ કારણસર પોતાની ફરજ બજાવવા સક્ષમ ન હોય અથવા કામચલાઉ ધોરણે તેમણે વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરાયા હોય ત્યારે રાષ્ટ્રપતિ યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિને કાર્યકારી ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરી શકે. આવા કાર્યકારી ન્યાયાધીશ જ્યાં સુધી કાયમી ન્યાયાધીશ પોતાનો હોદ્દો ફરી ના સંભાળે ત્યાં સુધી કાર્યરત રહેશે.*

*જ્યાં સુધી સ્થાઈ ન્યાયાધીશ પોતાનો પદભાર ન સાંભળે ત્યાં સુધી કાર્યકારી ન્યાયાધીશ કાર્ય કરે છે પરંતુ કાર્યકારી ન્યાયાધીશ અથવા વધારાના ન્યાયાધીશ 62 વર્ષની ઉંમર પછી પદ પર રહિ શકતા નથી.*

11.3.9 *વધારાના ન્યાયાધીશ (અનુચ્છેદ 224)*

*જ્યારે વડી અદાલતમાં કામકાજનો ભારણ વધારે હોય ત્યારે યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિને રાષ્ટ્રપતિ વડી અદાલતના વધારાના ન્યાયાધીશ તરીકે કામચલાઉ ધોરણે વધુમાં વધુ 2 વર્ષ માટે નિયુક્તિ કરી શકે છે.*

11.3.10 *નિવૃત્ત ન્યાયાધીશ (અનુચ્છેદ 224 A )*

*વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ કોઈ પણ સમયે કોઈ વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશને કામચલાઉ સમય માટે વડી અદાલતના ન્યાયધીશ તરીકે કાર્ય કરવા માટે અનુરોધ કરી શકે પરંતુ આ માટે તેમણે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી લેવી પડે. આવા ન્યાયાધીશ રાષ્ટ્રપતિ નક્કી કરે તે રીતે વેતન ભથ્થાં મેળવશે. તેમણે તે વડી અદાલતમાં બધા ન્યાયીક ક્ષેત્ર, શક્તિઓ તથા સુવિધાઓ અને વિશેષ અધિકાર પ્રાપ્ત થાય છે.*

## 11.4 **વડી અદાલતના ક્ષેત્રાધિકાર અને શક્તિઓ**

*ભારતનુ બંધારણ અમલમાં આવ્યુ તે પહેલાથી જ ઉચ્ચ ન્યાયાલય વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. આથી ઉચ્ચ ન્યાયાલયોએ પોતાના પહેલાના ક્ષેત્રાધિકારને જાળવી રાખ્યો છે. આ અધિકારક્ષેત્રમાં બંધારણીય જોગવાઈઓનું જરુર મુજબ પરિવર્તન કરવામાં આવ્યુ છે.*

11.4.1 *મૂળ ક્ષેત્રાધિકાર*

*વડી અદાલતના મૂળ ક્ષેત્રાધિકારમાં સંસદ અને રાજ્ય વિધાન મંડળના સભ્યોની ચૂંટણી સંબંધિત વિવાદ, મહેસૂલ સંબંધિ બાબતો, છૂટાછેડા, વસીયત, જળ, ન્યાયાલયનું અપમાન, કંપની કાયદા સંબંધિત કેસો, ઉપરાંત બંધારણની વ્યાખ્યાના સંબંધમાં તાબા હેઠળના ન્યાયાલયો દ્વારા સ્થળાંતરિત બાબતો તેમજ મૂળભૂત અધિકારોનું રક્ષણ જેવી બાબતોનો સમાવેશ થાય છે.*

11.4.2 *અપીલીય અધિકાર*

*ભારતીય બંધારણના અનુચ્છેદ 226 અંતર્ગત વડી અદાલતને રીટ બહાર પાડવાની શક્તિ છે. નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષણ માટે વડી અદાલત પાંચ પ્રકારની રિટ બહાર પડી શકે છે. જેનો ઉલ્લેખ બંધારણના ભાગ 3 ના અનુચ્છેદ 32 માં કરેલો છે. રિટ એટલે ન્યાયાલય દ્વારા ન્યાયિક કે કાનૂની આજ્ઞા અથવા હુકમ કે તે મેળવવા માટે નાગરિક દ્વારા કરવામાં આવતી અરજી. રિટ મુખ્ય રીતે 5 પ્રકારની હોય છે. 1)બંદી પ્રત્યક્ષિકરણ, 2)પરમાદેશ, 3)પ્રતિશેદ, 4) ઉત્પ્રેક્ષણ અને 5) અધિકાર પૃચ્છા. (વધુ વિગત માટે જોવો સર્વોચ્ચ અદાલત)*

11.4.3 *વિવાદ અધિકાર ક્ષેત્ર*

*વડી અદાલતમાં રાજ્ય અંતર્ગત આવતા વિવિધ અન્ય ન્યાયાલયોના ચૂકાદા સામે અપીલ કરી શકાય છે. દીવાની તથા ફોજદારી બંને પ્રકારના વિષયોની અપીલ અહી થઈ શકે છે.* 500 *અથવા તેથી વધુ રકમ કે તેટલી સંપતિના મૂલ્યની બાબત દીવાની બાબત હોય છે અને તાબા હેઠળની ન્યાયાલય દ્વારા* 4 *વર્ષ અથવા તેનાથી વધુ સામે માટે કેદની સજા કરી હોય તેવી ફોજદારી બાબત હોય છે. જિલ્લા તથા સેસન્સ જજ હત્યા બદલ અપરાધીને મૃત્યુ દંડ આપી શકે છે. પરંતુ જજ દ્વારા આપવામાં આવેલ મૃત્યુ દંડની સજાની સહમતી વડી ન્યાયાલય દ્વારા જરૂરી છે. વડી અદાલતની પરવાનગી વગર કોઈ પણ અપરાધીને  ફાંસી થઈ શકે નહી. વડી ન્યાયાલયનું અપેક્ષિત અધિકાર ક્ષેત્ર તેના મૂળ અધિકાર ક્ષેત્ર કરતાં વધુ છે. સર્વોચ્ચ અદાલતની માફક વડી અદાલત પણ ન્યાયિક સમીક્ષાની સત્તા ધરાવે છે.*

11.4.4 *નિરીક્ષણ સંબંધિ અધિકાર ક્ષેત્ર*

*રાજ્યની વડી અદાલત પોતાના અધિકારક્ષેત્રમાં આવતા બધા ન્યાયાલયો પર નિયંત્રણ રાખી શકે છે. સિવાય કે મિલીટરી અને ટ્રીબ્યુનલ. તે પોતાના તાબા હેઠળના ન્યાયાલયોની કાર્યવાહીની માહિતી માંગી શકે છે. ઉપરાંત પોતાના અધિકાર ક્ષેત્ર અંતર્ગત આવતી ન્યાયાલયોના કાર્યપ્રણાલીના રેકોર્ડ તથા હિસાબ સંબંધે નિયમ બનાવી શકે છે. વડી અદાલત તાબા હેઠળના ન્યાયાલયોના કર્મચારીઓના વેતન, ભથ્થાં તથા સેવા વિગેરે અંગે નિયમ નક્કી કરી શકે છે.*

11.4.5 *અભિલેખ ન્યાયાલય / નઝીરી અદાલત*

*ભારતીય બંધારણના અનુચ્છેદ* 215 *મુજબ પ્રત્યેક રાજ્યના ઉચ્ચ ન્યાયાલયને અભિલેખ ન્યાયાલયના સ્વરુપમાં સ્વીકારવામાં આવ્યું છે. વડી અદાલતના બધા નિર્ણયો અને કાર્યવાહીઓને દ્રષ્ટાંત રુપે પ્રકાશિત કરી તેના નિર્ણયોને રાજ્યના બધા ન્યાયાલયો દ્વારા આખરી માનવામાં આવે છે. તેના દ્વારા લેવાયેલ નિર્ણયો અન્ય ઉચ્ચ ન્યાયાલયોમાં પણ દ્રષ્ટાંત તરીકે રજૂ કરવામાં આવે છે. આમ, તેનુ કામ અભિલેખ ન્યાયાલય તરીકે પણ છે. કોઈપણ વ્યક્તિ ન્યાયાલયના કાર્યોની અવગણના કે તિરસ્કાર કરી શકે નહી. જો તે વિરોધ કે તિરસ્કાર કરે તો ન્યાયાલય તેને દંડ અથવા સજા કરી શકે છે.*

**11.4.6 ન્યાયિક સમીક્ષાનો અધિકાર**

*વડી અદાલતને પણ સર્વોચ્ચ અદાલતની જેમ ન્યાયિક પુનઃ અવલોકનનો અધિકાર આપવામાં આવ્યો છે. ન્યાયિક પુનઃ અવલોકન એ વડી અદાલતની એવી સત્તા છે કે જેમાં અદાલત કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલ કાયદાઓ અથવા બહાર પાડવામાં આવેલ ઓર્ડરને બંધારણીય રીતે ચકાસી શકે છે. જો તેઓ બંધારણનું ઉલ્લંઘન કરતા જણાય તો તેને વડી અદાલત ગેરબંધારણીય જાહેર કરી શકે છે.*

*1976 માં કરવામાં આવેલા 42 માં બંધારણીય સુધારા મુજબ વડી અદાલતની ન્યાયિક સમીક્ષા શક્તિને ઘટાડી દેવામાં આવી હતી. કોઈ પણ કેન્દ્રીય કાયદાની બંધારણીય જોગવાઈ ઉપર વડી અદાલત દ્વારા તેની સમીક્ષા કરવાની મનાઈ જાહેર કરી દેવાઈ હતી, પરંતુ 1977માં કરવામાં આવેલ 43માં બંધારણીય સુધારા દ્વારા સુધારો કરી મૂળ સ્થિતિનું અમલીકરણ કરવામાં આવ્યું હતું.*

11.4.7 *તાબા હેઠળના ન્યાયાલયો પર નિયંત્રણ*

*અપીલીય અધિકાર ક્ષેત્ર ઉપરાંત વડી અદાલત પાસે નીચલી અદાલતો પર વહીવટીય અંકુશ પણ છે. વડી અદાલત જિલ્લામાં આવેલ ન્યાયાલયોમાં ન્યાયાધીશોની નિયુક્તિ, બઢતી અને બદલી જેવી બાબતોમાં રાજ્યના રાજ્યપાલને ભલામણ કરી શકે છે. જો વડી અદાલતને ધ્યાનમાં આવે કે તેના તાબા હેઠળના કોઈ ન્યાયાલયમાં કોઈ કેસ ગંભીર પ્રશ્નો સાથે સંબંધિત છે તો તેને પોતાની પાસે હસ્તાંતરીત કરી તેનો નિકાલ સ્વયં લાવી શકે છે અથવા તે બાબતનો કાયદાકીય ઉકેલ લાવીને તેને તાબા હેઠળના ન્યાયાલયમાં પાછો મોકલી શકે છે.*

## 11.5 સારાંશ

*ભારતીય લોકશાહીમાં ન્યાયાલયોને સ્વતંત્રતા બક્ષી છે. દેશની સુપ્રીમ કોર્ટ હોય કે રાજ્યની વડી અદાલતો તેઓ પોતાનુ કાર્ય ખૂબ જ ધ્યાનથી અને ન્યાયિક રીતે કરે છે. ન્યાયાલયોમાં રહેલો લોક વિશ્વાસ અને ન્યાય પ્રત્યેની લોકોની અપેક્ષાને પુરી કરવામાં ન્યાયાધીશો અને ન્યાયાલયો પોતાની સંપૂર્ણ કાર્યદક્ષતા દાખવી કોઈને પણ અન્યાય ન થાય તેનુ સંપૂર્ણ ધ્યાન રાખે છે. વર્ષ 2020માં સંસદમાં કાયદા અને ન્યાય મંત્રાલયે રજૂ કરેલા લેખિત જવાબો મુજબ, ભારતમાં સુપ્રીમ કોર્ટ, વિવિધ ઉચ્ચ અદાલતો અને અસંખ્ય જિલ્લા અને ગૌણ અદાલતોમાં લગભગ 4 કરોડ જેટલા કેસ બાકી છે. જેના મુખ્ય કારણોમાં ન્યાયાધીશોની અપૂરતી સંખ્યા, અપૂરતી અદાલતની સંખ્યા, વધતાં કેસો વિગેરે છે. આગામી સમયમાં ભારતમાં ન્યાય વહેલો અને સમયસર નાગરિકોને મળી રહે તે સુનિશ્ચિત કરવું પડશે.*

## 11.6 વિશેષ વાંચન માટે સંદર્ભ સાહિત્ય


1. *પટેલ અજય, ભારતીય બંધારણ અને રાજવ્યવસ્થા, યુવા ઉપનિષદ પ્રકાશન,* 2020 *પાંચમી આવૃતિ, પૃ.* 838
2. *ચલાળીયા ઋષિ, ભારતનું બંધારણ, વર્લ્ડ ઈનબોક્સ પ્રકાશન,* 2019*, પૃ.* 250
3. Laxmikanth M, Indian Polity, Mac Grow Hill Publisher, 2020 (fifth edition), page 800

## 11.7 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

1. *ભારતમાં હાલ કુલ* ________ *વડી અદાલતો છે.*
2. *વડી અદાલતના ન્યાયાધીશને* ________ *હોદ્દાના શપથ લેવડાવે છે.*
3. *વડી અદાલતના ન્યાયાધીશ* ________ *વર્ષ સુધી પોતાના હોદ્દા પર રહી શકે છે.*
4. *ભારતીય બંધારણના અનુચ્છેદ* _______*માં ન્યાયાધીશોના પગાર અને ભથ્થાંનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.*
5. *ભારતીય બંધારણના* ______________*અનુચ્છેદ અંતર્ગત વડી અદાલતને રિટ બહાર પાડવાની શક્તિ છે.*

- **જવાબ** (1) 25
  (2) *રાજ્યપાલ*
  (3) 62 *વર્ષ*
  (4) *અનુચ્છેદ* 221
  (5) *અનુચ્છેદ* 226

**(ખ) નીચે આપેલ પ્રશ્નોના જવાબ તૈયાર કરો.**

**1. વડી અદાલતના ન્યાયાધીશની લાયકાત જણાવો**

*જવાબ: સર્વોચ્ચ અદાલતની જેમ વડી અદાલતમાં પણ ન્યાયાધીશોની લાયકાત નક્કી કરવામાં આવી છે. તે અંતર્ગત તે વ્યક્તિ ભારતનો નાગરિક હોવો જોઈએ તથા ઓછામાં ઓછા* 10 *વર્ષ સુધી ન્યાયિક પદ પર કામ કરવાનો અનુભવ અથવા ઓછામાં ઓછો* 10 *વર્ષ સુધી ઉચ્ચ ન્યાયાલયમાં વકીલ તરીકે કામ કરવાની અનુભવ હોવો જોઈએ.*

**2. વડી અદાલતના ન્યાયાધીશને પદ પરથી હટાવવાની પ્રક્રિયા જણાવો.**

*જવાબ: ભારતીય બંધારણ અનુસાર સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ન્યાયાધીશોને પદ પરથી હટાવવાની પ્રક્રિયા એક સરખી છે. બંધારણના અનુચ્છેદ* 217 *(ખ) મુજબ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને હટાવવા માટે અનુચ્છેદ* 124(4) *મા દર્શાવેલ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશને હટાવવા માટેની પ્રક્રિયા મુજબ રાષ્ટ્રપતિ દ્વારા હટાવી શકાય છે.*

*ન્યાયાધીશ તપાસ અધિનિયમ* (1968) *મુજબ જો સંસદના બંને ગૃહો તેના કુલ સભ્યોની બહુમતથી અને હાજર રહેલા સભ્યોની* $^{2}/_{3}$ *બહુમતથી પ્રસ્તાવ પસાર કરી રાષ્ટ્રપતિને મોકલે તો રાષ્ટ્રપતિ ન્યાયાધીશને હટાવવા માટે આદેશ આપે છે.*

**3. વડી અદાલત કેટલા પ્રકારની રિટ બહાર પાડી શકે છે.**

*જવાબ: રિટ મુખ્ય રીતે 5 પ્રકારની હોય છે.*

*1) બંદી પ્રત્યક્ષિકરણ, 2) પરમાદેશ, 3) પ્રતિશેદ, 4) ઉત્પ્રેક્ષણ અને 5) અધિકાર પૃચ્છા.*

**4. વડી અદાલતના ન્યાયાધીશોને કુલ કેટલો પગાર ચૂકવવામાં આવે છે.**

*જવાબ: ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશનો પગાર 2 લાખ 50 હજાર અને અન્ય ન્યાયાધીશોનો પગાર 2 લાખ 25 હજાર વર્ષ 2018થી કરવામાં આવ્યો છે. આ તમામ ખર્ચ જે તે રાજ્યની સંચિત નીધિમાંથી કરવામાં આવે છે.*

*ઉચ્ચ ન્યાયલના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશોને તેમના પગારના 50% જેટલું પેન્શન આપવામાં આવે છે. આ પેન્શન ભારત સરકારની સંચિત નિધિમાંથી આપવામાં આવે છે.*

**5. વડી અદાલતના ન્યાયીક સમીક્ષાના અધિકાર વિષે સમજાવો.**

*જવાબ: વડી અદાલતને પણ સર્વોચ્ચ અદાલતની જેમ ન્યાયીક પુનઃ અવલોકનનો અધિકાર આપવામાં આવ્યો છે. ન્યાયીક પુનઃ અવલોકન એ વડી અદાલતની એવી સત્તા છે કે જેમાં અદાલત કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલ કાયદાઓ અથવા બહાર પાડવામાં આવેલ ઓર્ડરને બંધારણીય રીતે ચકાસી શકે છે. જો તેઓ બંધારણનું ઉલ્લંઘન કરતા જણાય તો તેને વડી અદાલત ગેરબંધારણીય જાહેર કરી શકે છે. 1976 માં કરવામાં આવેલા 42 માં બંધારણીય સુધારા મુજબ વડી અદાલતની ન્યાયિક સમીક્ષા શક્તિને ઘટાડી દેવામાં આવી હતી. કોઈ પણ કેન્દ્રીય કાયદાની બંધારણીય જોગવાઈ ઉપર વડી અદાલત દ્વારા તેની સમીક્ષા કરવાની મનાઈ જાહેર કરી દેવાઈ હતી, પરંતુ 1977માં કરવામાં આવેલ 43માં બંધારણીય સુધારા દ્વારા સુધારો કરી મૂળ સ્થિતિનું અમલીકરણ કરવામાં આવ્યું હતું.*

**કોઠો 1: વડી અદાલતો અને તેમના ક્ષેત્રાધિકાર તથા બેઠક**

| ક્રમ | નામ | સ્થાપના | ક્ષેત્રાધિકાર | બેઠક |
|---|---|---|---|---|
| 1 | મુંબઈ | 1862 | મહારાષ્ટ્ર, દાદરા અને નગર હવેલી, ગોવા, દમણ અને દીવ | મુંબઈ, નાગપુર, પણજી, ઔરંગાબાદ |
| 2 | કલકત્તા | 1862 | પશ્ચિમ બંગાળ, અંદામાન અને નિકોબારના ટાપુઓ | કલકત્તા, પોર્ટબ્લેર |
| 3 | ચેન્નઈ | 1862 | તમિલનાડુ, પુડુચેરી | ચેન્નાઈ, મદુરાઈ |
| 4 | અલાહાબાદ | 1866 | ઉત્તરપ્રદેશ | અલાહાબાદ (પ્રયાગરાજ), લખનઉ |
| 5 | કર્ણાટક | 1884 | કર્ણાટક | બેગાલુરુ, ધારવાડ, ગુલબર્ગ |
| 6 | પટણા | 1916 | બિહાર | પટણા |
| 7 | મધ્યપ્રદેશ | 1936 | મધ્યપ્રદેશ | જબલપુર, ગ્વાલિયર, ઈન્દોર |
| 8 | જમ્મુ-કાશ્મીર | 1943 | જમ્મુ-કાશ્મીર, લદ્દાખ | શ્રીનગર/જમ્મુ |
| 9 | પંજાબ અને હરિયાણા | 1947 | પંજાબ, હરિયાણા, ચંદીગઢ | ચંદીગઢ |
| 10 | ગુવાહાટી | 1948 | અસમ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ | ગુવાહાટી, આઈઝોલ, ઈટાનગર, કોહીમા |
| 11 | ઓડિશા | 1948 | ઓડિશા | કટક |
| 12 | રાજસ્થાન | 1949 | રાજસ્થાન | જોધપુર, જયપુર |
| 13 | તેલંગણા | 1954 | તેલંગણા | હૈદરાબાદ |
| 14 | કેરળ | 1956 | કેરળ, લક્ષદ્વીપ | કોચી, એર્નાકુલમ |
| 15 | ગુજરાત | 1960 | ગુજરાત | અમદાવાદ |
| 16 | દિલ્હી | 1966 | દિલ્હી | નવી દિલ્હી |
| 17 | હિમાચલ પ્રદેશ | 1971 | હિમાચલ પ્રદેશ | શિમલા |
| 18 | સિક્કિમ | 1975 | સિક્કિમ | ગંગટોક |
| 19 | ઉત્તરાખંડ | 2000 | ઉત્તરાખંડ | નૈનીતાલ |
| 20 | છત્તીસગઢ | 2000 | છત્તીસગઢ | બિલાસપુર |
| 21 | ઝારખંડ | 2000 | ઝારખંડ | રાંચી |
| 22 | મણિપુર | 2013 | મણિપુર | ઈમ્ફાલ |
| 23 | મેઘાલય | 2013 | મેઘાલય | શિલોંગ |
| 24 | ત્રિપુરા | 2013 | ત્રિપુરા | અગરતલા |
| 25 | આંધ્રપ્રદેશ | 2019 | આંધ્રપ્રદેશ | અમરાવતી |

**સ્રોતઃ ભારતીય બંધારણ અને રાજવ્યવસ્થા, અજય પટેલ, યુવા ઉપનિષદ પ્રકાશન, સુરત**

*નોંધ : સામાન્ય રીતે વડી અદાલતની બેઠક જે તે રાજ્યના પાટનગરમાં હોય છે પરતું અમુક રાજ્યમાં તે પોતાના પાટનગરમાં ન હોય રાજ્યના મુખ્ય શહેરોમાં છે. દા. ત., ગુજરાતની વડી અદાલત ગાંધીનગરની બદલે અમદાવાદમાં છે, એવી જ રીતે ઉત્તરપ્રદેશની વડી અદાલત અલ્હાબાદમાં છે.*

# એકમ-12 ન્યાયતંત્ર

રૂપરેખા

**12.0 ઉદ્દેશો**
**12.1 પ્રસ્તાવના**
**12.2 અદાલતી સમીક્ષા**
**12.2.1 અદાલતી સમીક્ષાની ટીકા**
**12.2.2 અદાલતી સમીક્ષાના સૂચનો**
**12.3 ન્યાયિક સક્રિયતા**
**12.3.1 ન્યાયિક સક્રિયતાના વિકાસના પરિબળો**
**12.3.2 ન્યાયિક સક્રિયતાનું સ્વરૂપ**
**12.3.3 ન્યાયિક પુનરાવલોકનની સત્તા**
**12.4 ન્યાયતંત્રની સ્વતંત્રતા**
**12.5 સારાંશ**
**12.6 ચાવીરૂપ શબ્દો**
**12.7 સંદર્ભ સૂચિ**
**12.8 તમારી પ્રગતિ ચકાસો**

## 12.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસમાં નીચેના ઉદ્દેશ્યો દ્વારા સમગ્ર માહિતી મેળવી શકશો.*

- *અદાલતી સમીક્ષા અને ટીકા સૂચનો વિશે માહિતી મેળવી શકશો.*
- *ન્યાયિક સક્રિયતા અને તેના પ્રેરક પરિબળો વિશે માહિતગાર થશો.*
- *ન્યાયિક સક્રિયતાનું સ્વરૂપ અને ન્યાયતંત્રની સ્વતંત્રતા વિશે માહિતી મેળવી શકશો.*

## 12.1 પ્રસ્તાવના

*સરકારની ત્રણ શાખાઓમાં ન્યાયતંત્રનું મુખ્ય કાર્ય કાયદાઓનું અર્થઘટન કરવાનું અને ન્યાય આપવાનું હોય છે. આ શાખા મનુષ્યના જીવનમાં ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. ન્યાયતંત્રની રચના પછી તેની અદાલતી સમીક્ષા અને સંસ્થાકીય વ્યવસ્થા*

*છે. તે અમેરિકાની વિશ્વને ભેટ છે. મોન્તેસ્ક્યુના સત્તા વિશ્લેષણના સિદ્ધાંતનો અમેરિકામાં વધુમાં વધુ અમલ થયો છે તેથી બંધારણને સર્વોપરી ગણાયું છે. અમેરિકાનું બંધારણ ખૂબ જ નાનું છે તેથી કેન્દ્ર અને રાજ્યોના સંબંધોના સ્પષ્ટીકરણ માટે અદાલતી સમીક્ષાની જરૂર પડી છે તે સાથે જ ન્યાયિક સક્રિયતામાં ન્યાયતંત્ર કંઈક અંશે સામાન્ય જનસમુદાયથી દૂર જણાય છે. ન્યાયતંત્ર તરફ પરંપરાગત ખ્યાલ એવો છે કે જેને અન્યાય થયેલો જણાય તો નાગરિક અદાલતમાં અપીલ કરે છે. ન્યાયાધીશ વાદી અને પ્રતિવાદી બંનેને સાંભળે છે.તેઓ બંધારણના અને સંસદના કાયદાને ધ્યાનમાં લઈને ન્યાય આપે છે.*

## 12.2 અદાલતી સમીક્ષા

*જ્યારે સમવાયતંત્રનો સ્વીકાર કરવામાં આવે છે ત્યારે સમવાય અને એકમ સરકારો વચ્ચે કાર્યોનું વિભાજન કરવામાં આવે છે તથા બંને સરકારોએ બંધારણે નક્કી કરેલ મર્યાદામાં રહીને જ વર્તવાનું હોય છે. બંધારણ સર્વોપરી સત્તા ધરાવતું હોવાથી જ્યારે બંને સરકારો વચ્ચે મતભેદ ઉત્પન્ન થાય છે ત્યારે સર્વોપરી અદાલત તે અંગે છેવટનો નિર્ણય આપે છે. આ પ્રમાણે સમવાયતંત્રમાં સર્વોપરી અદાલત બંધારણનું અર્થઘટન કરવાનું કાર્ય કરે છે તેમજ ધારાસભાએ જો પોતાના ક્ષેત્રની બહારના કાર્ય ઉપર કાયદો ઘડ્યો હોય તો તેને અદાલતમાં પડકારવામાં આવતાં તે તેને ગેરબંધારણીય કે રદબાતલ જાહેર કરે છે. સર્વોચ્ચ અદાલતના આ કાર્યને અદાલતી સમીક્ષા* (Judicial Review) *તરીકે ઓળખવામાં આવે છે.*

*ભારતમાં કલમ* 131 *અને* 132 *ના* 42*માં તથા* 43*માં બંધારણીય સુધારા દ્વારા અદાલતી સમીક્ષામાં સર્વોચ્ચ અદાલતની સત્તા નામશેષ કરાઈ હતી. જો કે* 44*માં બંધારણીય સુધારાએ* 1978*માં ન્યાયતંત્રની સ્વતંત્રતા પુનઃ સ્થાપિત કરાઈ હતી. ઉપરાંત સર્વોચ્ચ અદાલતે સમયાંતરે આપેલા ચુકાદા જણાવે છે કે તેની પાસે હજી આ સત્તા છે. ન્યાયાધીશ બી.કે. મુખર્જીએ કહ્યું છે કે, ભારતમાં બંધારણ જ સર્વોચ્ચ છે અને સંસદ તથા રાજ્યોની ધારાસભાઓને કેવળ બંધારણની સાતમી અનુસૂચિ દ્વારા સીમાંકિત પોતપોતાના ક્ષેત્રોમાં રહીને કામ કરવાનું રહેશે. બંધારણના ભાગ-*3*માં નાગરિકોના મૂળભૂત હક્કોની બાંહેધરી અપાઈ છે. ધારાસભા તેનું ઉલ્લંઘન કોઈ પરિસ્થિતિમાં કરી શકતી નથી. કોઈ અધિનિયમ કાયદેસર છે કે કેમ તે બંધારણીય છે કે નહીં એ નિર્ણય કરવાનું કામ અદાલતનું છે.*

*અમેરિકાની સર્વોચ્ચ અદાલતના પ્રમાણમાં ભારતની સર્વોચ્ચ અદાલતની સમીક્ષાને મર્યાદિત બનાવવા પ્રથમ દાયકાથી પ્રયત્ન થયો છે.* 1955*માં બંધારણમાં મૂકાયેલ નવમી અનુસૂચિમાં મૂકાતા કાયદાઓને અદાલતી સમીક્ષાથી પર બનાવાયા છે.*

*ભારતની સર્વોચ્ચ અદાલતે બંધારણના રક્ષણ માટે કાર્યવાહી તથા સંસદ તથા ધારાસભાઓના કાયદાઓની સમીક્ષા કરી છે તથા જરૂર જણાતા તેને ગેરબંધારણીય ઠરાવેલ છે.* 1967*માં ગોલકનાથના સંતાનોએ પંજાબ વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ*

*કરી હતી કે તેમને ચૂકવાયેલ વળતર બરાબર નથી. સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપતા જણાવ્યું હતું કે, મિલકતના હક્કનો ભંગ થયો છે. યોગ્ય વળતર ચૂકવાયું નથી. અદાલતે જણાવ્યું કે સંસદને બંધારણના ત્રીજા ભાગમાં ફેરફાર કરવાની એટલે કે મૂળભૂત હક્ક છીનવી લેવાની સત્તા નથી. ત્યારબાદ 1969માં 14 બેંકોના રાષ્ટ્રીયકરણ અને 1970માં રાજવીઓના સાલીયાણા નાબૂદ કરતા રાષ્ટ્રપતિના વટહુકમને ગેરકાયદેસર ઠેરવ્યા હતા.*

*સર્વોચ્ચઅદાલતના આ ચુકાદાઓને સંસદે 24, 25 અને 26માં બંધારણીય સુધારાથી મૂળભૂત હક્કોમાં ફેરફાર કરી શકાય તે બાબતો ઠરાવી. આ સાથે માર્ગદર્શક સિદ્ધાંતોને પ્રાથમિકતા આપવામાં આવી. 25માં સુધારા વડે 'વળતર' શબ્દને સ્થાને 'રકમ' શબ્દ ઉમેરવામાં આવ્યો. 1980માં મિનરવા મિલ્સ કેસમાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે બંધારણીય સુધારાઓ અદાલતી સમીક્ષાને આધીન છે. આવા સુધારા બંધારણના મૂળભૂત માળખાને અનુરૂપ ન હોય તો તે રદબાતલ કરી શકશે. ન્યાયાધીશ જગમોહન રેડ્ડીએ જણાવ્યું કે આમુખ દ્વારા બંધારણનું મૂળભૂત માળખું વ્યક્ત થાય છે. 2007માં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સભરવાલની અધ્યક્ષતાવાળી બેન્ચે તેના એક ચુકાદામાં સર્વસંમતિથી જણાવ્યું કે નવમી અનુસૂચિમાં મૂકાતા સંસદના કાયદાઓ પણ અદાલતી સમીક્ષાથી પર નથી.*

12.2.1 *અદાલતી સમીક્ષાની ટીકા*

*અદાલતી સમીક્ષાને લીધે જે અનુભવ થયા તે તેમને લક્ષમાં રાખીને અદાલતી સમીક્ષાની ટીકામાં જોઈએ તો,*

1. *અદાલતી સમીક્ષા દ્વારા સર્વોપરી અદાલતના ન્યાયાધીશો કાયદાનું ઘડતર કરવાનું કાર્ય કરે છે. અમેરિકામાં ન્યાયતંત્રે અદાલતી સમીક્ષાને લીધે જ ખૂબ જ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેના ચુકાદાઓથી ઘણી વખત નવા કાયદાઓ અસ્તિત્વમાં આવેલ છે અને તેથી એવું કહી શકાય કે અમેરિકામાં કૉંગ્રેસ નહિ, પરંતુ ન્યાયાધીશો કાયદાઓ તૈયાર કરે છે.*
2. *અદાલતી સમીક્ષા દ્વારા લેવાયેલ નિર્ણય બહુમતીથી લેવાય છે. પરંતુ ઘણી વખત આ બહુમતી માત્ર એકની જ હોય છે. એટલે કે નિર્ણયની તરફેણમાં પાંચ ન્યાયાધીશોએ મત આપ્યો હોય અને નિર્ણયની વિરુદ્ધમાં ચાર ન્યાયાધીશોએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હોય. આમ, માત્ર એક જ ન્યાયાધીશનું વલણ પ્રજાના પ્રતિનિધિઓએ તે બાબત પરત્વે લીધેલ નિર્ણયને ફગાવી દે છે. એટલું જ નહીં પરંતુ આ પ્રક્રિયા એક મનુષ્યની સરમુખત્યારશાહીસ્થાપે છે.*
3. *અદાલતી સમીક્ષાની એવી પણ ટીકા કરવામાં આવે છે કે આ સત્તા દ્વારા સર્વોપરી અદાલત પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા ઘડાયેલા કાયદાને રદબાતલ જાહેર કરી પ્રજાની ઈચ્છાને અવગણે છે.*

4. અમેરિકામાં પ્રમુખ ન્યાયાધીશોની નિમણૂક કરે છે. જો કે આ માટે સેનેટની મંજૂરી અનિવાર્ય છે. જે મેળવવી સામાન્ય રીતે સરળ નથી. તો પણ જ્યારે પ્રમુખ અને સેનેટની બહુમતીના સભ્યો એક જ રાજકીય પક્ષના હોય છે. ત્યારે ઘણુંખરું પ્રમુખે કરેલી નિમણૂકને સ્વીકારવામાં આવે છે. આ રીતે પ્રમુખ પોતાના તરફી હોય ત્યારે વ્યક્તિઓની ન્યાયાધીશો તરીકે નિમણૂક કરી શકે છે. જ્યારે સમવાય સરકાર અને એકમ સરકાર વચ્ચે મતભેદ ઉત્પન્ન થાય ત્યારે તેઓ સમવાય સરકારની તરફેણમાં ચુકાદો આપીને તેના સત્તાક્ષેત્રમાં વધારો કરે છે. ઘણી વખત આ કરતાં જુદી જ પરિસ્થિતિ સર્જાય છે અને ન્યાયાધીશો પ્રમુખની વિચારસરણી સાથે સંમત થતા ન હોય તો તેઓ અગત્યના કાયદાઓ અંગે ઉપસ્થિત થયેલ મતભેદમાં તેની વિરુદ્ધમાં ચુકાદો આપે છે. જેથી સમવાયી રાજ્યના હિતને નુકસાન થાય છે. આ વલણનો સમર્થન માટે અમેરિકન પ્રમુખ ફ્રેંકલિન રૂઝવેલ્ટે નવવિધાન (New Deal) ના કાર્યક્રમના અમલ માટે રજૂ કરેલ ઘણા કાયદાને સર્વોપરી અદાલતના ન્યાયધીશોએ ગેરબંધારણીય જાહેર કરી આ કાર્યક્રમને અવરોધ્યો હતો.
5. અમેરિકામાં સર્વોપરી અદાલતે અદાલતી સમીક્ષા દ્વારા જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તેનો વિચાર કરતાં જણાય છે કે તેનું વર્ચસ્વ ખૂબ જ વધી ગયું છે. માજી ન્યાયમૂર્તિ ફ્રેંકફર્ટરે આ સંબંધે આ બાબતનું સમર્થન કરેલ છે. તેમણે કહ્યું સર્વોપરી અદાલત એ બંધારણ છે. એવો વિચાર પણ રજૂ થયો છે કે અમેરિકામાં "સર્વોપરી અદાલત કહે તે બંધારણ." આમ બંધારણનું અર્થઘટન કરીને સર્વોપરી અદાલતે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.
6. સમાજવાદી ચિંતનના સમર્થકોની એવી ટીકા છે કે સર્વોચ્ચ અદાલતમાં મોટી ઉંમરના ન્યાયાધીશો બેસે છે જે રૂઢિવાદી વલણવાળા હોવાની શક્યતા રહે છે તેથી તે સંસદના પ્રગતિશીલ કાયદા અને કારોબારીના પ્રગતિશીલ પગલાંને નકામા બનાવે છે જે બરાબર નથી.

12.2.2 અદાલતી સમીક્ષાના સૂચનો

અદાલતી સમીક્ષાના કારણે કેટલીક પરિસ્થિતિ ઊભી થતી હોવાથી આ પરિસ્થિતિને દૂર કરવા માટે કેટલાક સૂચનો કરવામાં આવેલ છે. જે આ પ્રમાણે છે.

1. બંધારણમાં ફેરફાર કરીને સર્વોપરી અદાલતની અદાલતી સમીક્ષાની સત્તા દૂર કરવી. કેમ કે સમવાયતંત્રમાં બંધારણના તેમજ એકમ રાજ્યોનાં હિતોનાં રક્ષણ માટે અદાલતી સમીક્ષા જરૂરી ગણાય છે.

2. કોઈપણ કાયદાને જો સર્વોપરી અદાલતે રદબાતલ જાહેર કર્યો હોય અને તે જ કાયદાને કૉંગ્રેસ ફરીથી મૂળ સ્વરૂપે પસાર કરે તો તેના પર ફરીથી અદાલતી સમીક્ષા થવી જોઈએ નહિ. આ સૂચન વધુ યોગ્ય લાગે છે. કેમ કે પ્રજાના પ્રતિનિધિઓની ઈચ્છા તે કાયદાને અમલમાં મૂકવાની હોય તો તેનો અમલ થવો જોઈએ. જો કે

*આમાં ભયસ્થાનો તો રહેલા જ છે. કૉંગ્રેસમાં રાજકીય પક્ષો રાજકારણના લીધે અદાલતી સમીક્ષા દ્વારા ન્યાયની સ્થાપના ન પણ થવા દે.*

3. *નિર્ણય આપતી વખતે સર્વોપરી અદાલતમાં નવ ન્યાયાધીશોમાંથી જો પાંચ તરફેણમાં અને ચાર વિરુદ્ધમાં હોય તો પણ આવી એકની બહુમતીથી નિર્ણય લેવાય છે. આ પદ્ધતિને બદલે એવો ફેરફાર સૂચવવામાં આવ્યો છે કે જ્યારે નવ ન્યાયાધીશોમાંથી સાત તરફેણ કરે તો જ નિર્ણયનો અમલ થઈ શકે.*

*આ પ્રમાણે અદાલતી સમીક્ષામાં ફેરફાર કરવા માટે વારંવાર સૂચનો કરવામાં આવ્યાં હોવા છતાં પણ તેમનો અમલ કરવામાં આવ્યો નથી. અદાલતી સમીક્ષા ઉપર ટીકાઓ થતી હોવા છતાં પણ તે સમવાયતંત્રમાં અનિવાર્ય હોવાથી તેનો બંધારણીય રીતે અથવા તો ન્યાયાધીશોના ચુકાદા દ્વારા સ્વીકાર કરવામાં આવે છે.*

## 12.3 ન્યાયિક સક્રિયતા

*અમેરિકા તથા ભારત જેવા સમવાયતંત્રી દેશોમાં લેખિત અને દસ્તાવેજી બંધારણ હોવાથી કેન્દ્ર અને એકમ રાજ્ય સરકારોની સત્તાના ક્ષેત્ર વહેંચાયેલા હોય છે. તેવી રીતે કારોબારી તથા ધારાસભા પણ બંધારણમાંથી સત્તા મેળવે છે. આ સરકારના બે અંગો નાગરિકોના મૂળભૂત હક્કો ઉપર તરાપ ન મારે તે માટે ન્યાયતંત્ર પાસે અદાલતી સમીક્ષાની સત્તા હોય છે. અદાલતી સમીક્ષા ધારાસભાને અયોગ્ય કાયદા ઘડતા અને કારોબારીને અયોગ્ય પગલા ભરતા રોકે છે. અદાલતી આ સત્તામાંથી એક નવી સત્તા વિકસી છે તે અદાલતી સક્રિયતા અદાલતી સમીક્ષામાં ન્યાયતંત્ર નકારાત્મક આદેશ આપે છે તો અદાલતી સક્રિયતામાં વિધેયાત્મક સૂચન કરે છે તો ક્યારેક આદેશ પણ આપે છે. ન્યાયતંત્રે માત્ર કાનૂની દૃષ્ટિએ ન્યાય અપાવનાર તંત્રનું સ્વરૂપ પણ ધારણ કર્યું છે. ન્યાયિક સક્રિયતા પણ અમેરિકાની વિશ્વને ભેટ છે. તે ભારત જેવા સમવાયતંત્રી અને સંસદીય લોકશાહીવાળા દેશમાં પણ આવી ચૂકી છે.*

12.3.1 *ન્યાયિક સક્રિયતાના વિકાસના પરિબળો*

*ન્યાયિક સક્રિયતાના વિકાસમાં નીચેની બાબતો પ્રેરક બની રહે છે.*

### 1. જાહેર હિતની અરજી

*લોકશાહી દેશોમાં માનવ અધિકારના સમર્થકો જાહેર હિત માટે ન્યાયતંત્રના દ્વાર ખટખટાવા માંડ્યા. તે માટે તેમણે જાહેર હિતની અરજીઓ કરી. અમેરિકા આ બાબતમાં નિમિત્ત બન્યું. ભારતમાં પણ આવી જાહેર હિતની અરજી થવા માંડી.*

### 2. મૂળભૂત હક્કોનું વિસ્તરણ

*પરંપરાગત રીતે ન્યાયતંત્ર તેની સમક્ષ મૂળભૂત હક્કના ભંગની અરજી થતા નાગરિકોનું રક્ષણ આપતું હતું. હવે તેનાથી આગળ વધી અદાલત પોતે નાગરિકોના હક્કોની ચિંતા કરતું થયું છે.*

**3. રાજકીય પક્ષો અને નેતાઓના ચારિત્ર્યમાં પડતી**

*સ્વતંત્રતા સમયે ભારતમાં રાજકીય પક્ષો ઊંચા આદર્શ રાખતા હતા. નેતાઓ પણ સાદું જીવન અને ઉચ્ચ આદર્શોને અનુસરતા હતા. હવે આ બાબત ભૂતકાળની બની છે. અત્યારે સામાન્ય લોકો મોંઘવારી, લાગવગ, ભ્રષ્ટાચારનો ભોગ બને છે. તેમની ગરીબાઈ અને બેકારી માટે માત્ર નારાબાજીથી કામ થતું જણાય છે.*

**4. સત્તાપ્રાપ્તિ અને સત્તા જાળવવી એ જ ધ્યેય**

*ધારાસભ્યો કોઈપણ રીતે ચૂંટણીઓ જીતવા માટે પેંતરાબાજી કરતા જણાય છે. બહુમતી પક્ષ યેનકેન પ્રકારે સત્તા ટકાવી રાખવા પ્રયત્નો કરતા હોય છે. વિરોધ પક્ષો સત્તા મેળવવા વિરોધ કરવા ખાતર વિરોધ કરતા જણાય ત્યારે સામાન્ય લોકોના દુઃખને વાસ્તવમાં દૂર કરવાના પ્રયત્નો તે દેખાવ પૂરતા થતા હોય ત્યારે ન્યાયતંત્ર લોકશાહીનો રક્ષક બની શકે કેમ તેમાંથી ચિંતન ન્યાયિક સક્રિયતાનો ખ્યાલ વિકસ્યો.*

**12.3.2 ન્યાયિક સક્રિયતાનું સ્વરૂપ**

**1. જાહેર હિત કે જનહિતની અરજી સ્વરૂપે**

*જાહેર હિતની અરજીનો પ્રારંભ પણ અમેરિકામાં પ્રથમ થયો. ભારતમાં સૌ પ્રથમ બિહારના ભાગલપુરની જેલના કેદીઓ જેમનો કેસ વરસોથી ચાલતો હતો. તેમના અંગે પોલીસ પંચના સભ્ય કે.એફ. રૂસ્તમજીએ લેખ લખ્યો તથા એડવોકેટ શ્રીમતી હિંગુરાનીએ કલમ 32 નીચે સર્વોચ્ચ અદાલતમાં પ્રશ્ન ઉઠાવ્યો. સર્વોચ્ચ અદાલતે આ જાહેર હિતની અરજીના સંદર્ભે વિચાર કરી ચુકાદો આપ્યો કે 18 માસથી વધુ સમયથી જેલમાં રખાયેલા કેદીઓ કે જેમના અંગે હજી અદાલતમાં કાર્યવાહી પૂરી થઈ નથી. તેમને જામીન ઉપર છોડવામાં આવે.*

*આમ સર્વોચ્ચ અદાલતે ગરીબ અને અસહાય લોકો વતી જનહિત માટે કેસ લડવાનો પ્રત્યેક વ્યક્તિને હક્ક આપ્યો છે તે પછી જનહિતમાં ઘણી અરજીઓ થઈ અને કેસ ચાલ્યા તથા ન્યાય પણ મળ્યો. જેમાં મુંબઈ ફૂટપાથ વાસીઓનો પ્રશ્ન, ઉત્તર પ્રદેશના ચમારોનો પ્રશ્ન, એશિયા શ્રમિક કેસ, 29 સપ્ટેમ્બર, 2009માં બોફોર્સ દલાલીના મામલે ક્વોટ્રોસીના પ્રત્યાર્પણ માટેની જાહેર હિતની અરજી ઉપર સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી આપી. જે જનહિતની અરજીના સંદર્ભમાં ન્યાયતંત્ર પોતે સક્રિય થયું નથી. તેને સામાજિક કાર્યકરોએ સક્રિય બનાવ્યું છે.*

**2. કાનૂની ન્યાયની સાથે આર્થિક-સામાજિક ન્યાય**

*ન્યાયતંત્ર પરંપરાગત રીતે કાયદાના ભંગ બદલ સજા કરવાનું કામ કરતું હતું. પરંતુ ન્યાયિક સક્રિયતા દ્વારા ન્યાયતંત્રે લોકોને આર્થિક તથા સામાજિક ક્ષેત્રે ન્યાય અપાવવાનું શરૂ કર્યું. સર્વોચ્ચ અદાલતે બંધુઆ મોર્ચા વિરુદ્ધ ભારત સરકાર કેસમાં બંધુઆ મુક્તિ મોર્ચા સંસ્થાના પત્રને અરજી ગણીને હરિયાણાના ફરિદકોટ જિલ્લાની પથ્થરની ખાણમાં કામ કરનારા શ્રમિકોની સ્થિતિની તપાસ કરવા પંચ નીમ્યું હતું. પંચે આ શ્રમિકો*

*અમાનવીય સ્થિતિમાં રખાતા હોવાનું જણાવતા સર્વોચ્ચ અદાલતે તેમને મુક્ત કરવા આદેશ આપ્યો. એટલું જ નહિ રૂપિયા 20 હજારનો દંડ બાળમજૂરી રાખનાર માલિકને કર્યો. આપણે ત્યાં પ્રદૂષણ, બાળમજૂરી, મહિલાઓની છેડતી, જાહેર આરોગ્ય, ભ્રષ્ટાચાર, જોહુકમી, સત્તાના અતિરેક અંગે કાયદા વરસોથી ઘડ્યા છે. આ કાયદાઓથી ત્વરિતપણે કડક હાથે કામ લેવાનો આગ્રહ સર્વોચ્ચ અદાલતે કર્યો. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ વર્માએ જણાવ્યું કે, "કોઈપણ માણસ કાયદાને અતિક્રમી શકે નહિ. તમે ગમે તેટલા મોટા હોદ્દા ઉપર હોવ પણ કાયદો તમારાથી વધારે મહાન છે."*

**3. વહીવટીતંત્રના આપખુદ પગલા ઉપર નિયંત્રણ**

*રાજકીય કારોબારીએ તથા જાહેર વહીવટમાં કામ કરતા સિવિલ સેવકોએ કેટલીક આચાર સંહિતાનું પાલન કરવાનું હોય છે. અદાલતે ન્યાયિક સક્રિયતા નીચે પ્રધાનો અને સિવિલ સેવકોના આપખુદ પગલા અને ભ્રષ્ટાચારને રોકવાનું શરૂ કર્યું છે. જેમ કે, દિલ્હીમાં સરકારી આવાસો અને દુકાનોની ગેરવ્યાજબી ફાળવણી માટે તે ખાતાના પ્રધાન શીલા કૌલને રૂ.50 લાખનો અને પેટ્રોલપંપની ઠેકેદારીના વિતરણ માટે લાગવગ ચલાવવા બદલ સતીશ શર્માને રૂ.8 લાખનો દંડ કર્યો. ન્યાયતંત્રના જુદા જુદા ચુકાદામાં બતાવાયેલી ન્યાયિક સક્રિયતાને સમજાવતાં 1996માં ન્યાયિક સક્રિયતાની જાહેર હિતની બાબત એક મોટી લોકશાહી તરીકે ઓળખાઈ છે. ચીફ જ્યુડિસિયલ મેજિસ્ટ્રેટથી માંડીને વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સુધીની ન્યાયિક સક્રિયતાએ ભૂમિકા ભજવી છે.*

**12.3.3 ન્યાયિક પુનરાવલોકનની સત્તા**

*લેખિત બંધારણમાં સરકારનાં વિધાનમંડળ, વહીવટીતંત્ર તથા ન્યાયતંત્ર જેવા ત્રણે અંગેની સત્તા અને મર્યાદાઓ નિશ્ચિત થતી હોય છે. તેમજ સમવાયતંત્રી રાજ્યવ્યવસ્થા હોય ત્યારે કેન્દ્ર તેમજ રાજ્યકક્ષાની સરકારો વચ્ચે પણ સત્તાની વહેંચણી બંધારણ દ્વારા જ થતી હોય છે. આવી નિશ્ચિત મર્યાદાઓ છતાં અસરકારક કૃત્યોથી ક્યારેક અન્યતંત્રના સત્તાક્ષેત્રમાં હસ્તક્ષેપ થાય અથવા અતિક્રમણ થાય એવા પ્રસંગો પણ બનતા રહે છે એ અંગેના વિવાદમાં તટસ્થ ભાવે નિર્ણય આપવાનું કામ સામાન્ય રીતે સર્વોચ્ચ અદાલતને જ બંધારણ દ્વારા સોંપાયેલું છે. હસ્તક્ષેપ કે અતિક્રમણ અંગેની ફરિયાદ થાય અથવા કોર્ટમાં ઉભેલા કેસોમાં એવો મુદ્દો ઉપસ્થિત થાય ત્યારે એ બાબતમાં પક્ષકારોની રજૂઆત સાંભળી. એવાં કૃત્યની વૈધતાની કોર્ટે ચકાસણી કરવાની હોય છે.*

*સરકારનાં તંત્રોનાં કૃત્યોને અવૈદ્ય કે બંધારણ બાહ્ય જાહેર કરવાની કોર્ટની સત્તા ન્યાયિક પુનરાવલોકન કહેવાય છે. આનો ઈતિહાસ અમેરિકન સુપ્રીમ કોર્ટના મારબરી વિ. મેડિસનના ચુકાદાથી ઈ.સ.1804 થી શરૂ થાય છે. અમેરિકન બંધારણમાં એ અંગેની સ્પષ્ટ સત્તા કોર્ટને આપવામાં આવી ન હતી છતાં મુખ્ય ન્યાયમૂર્તિ માર્શલની બેંચે ઠરાવ્યું કે*

*બંને કક્ષાની સરકારો તેઓનાં વૈધાનિક, વહીવટી કે ન્યાયતંત્રે બંધારણે નક્કી કરેલી મર્યાદામાં જ સત્તાનો ઉપયોગ કરવાનો હોય છે એવું કોઈ કૃત્ય સત્તા ઉપરવટનું છે એવી ફરિયાદ થાય તો કોર્ટ તેની બંધારણીય કે કાનૂની વૈધતા ચકાસી શકે છે. પુનરાવલોકનની આ સત્તાનો વ્યાપ એટલો વિસ્તરેલો છે કે મજાકમાં અમેરિકન રાજ્યવ્યવસ્થાને ન્યાયાધીશોની સરકાર તરીકે ઓળખવામાં આવે છે. ચાર્લ્સ ઈવાન્સ હિલ્સને તો જણાવ્યું છે કે આપણે સૌ બંધારણની સત્તાને આધીન છીએ પરંતુ બંધારણ શું છે તે ન્યાયાધીશ કહે તે મુજબનું છે. આ સત્તા સીધા ઉપયોગ દ્વારા ત્યાંની સુપ્રીમ કોર્ટે વિધાનમંડળના કાયદાઓને યોગ્ય સંજોગોમાં સત્તાબાહ્ય જાહેર કરેલી છે જ્યારે એના પરોક્ષ ઉપયોગ દ્વારા એ કાયદાના શબ્દોને યોગ્ય અર્થઘટન દ્વારા બંધારણીય ભાવના સાથે સુસંગત તેમજ વૈદ્ય જાહેર કરેલા છે.*

*મુખ્ય ન્યાયમૂર્તિ પતંજલિશાસ્ત્રીએ જણાવ્યું હતું કે આપણા બંધારણનાં વિધાનમંડળના કાયદાઓની બંધારણીયતા ચકાસવા માટેની સત્તા સ્પષ્ટ રીતે સુપ્રીમ કોર્ટને આપવામાં આવી છે. અમેરિકામાં પાંચમા અને ચૌદમા સુધારાથી અપનાવાયેલા કાયદાની યોગ્ય પ્રક્રિયા શબ્દના ન્યાયિક અર્થઘટન દ્વારા વિધાનમંડળના કાયદાઓની વૈધતા ચકાસવાની સત્તા સુપ્રીમ કોર્ટે પોતે જ ધારણ કરી લીધેલી છે. આપણા બંધારણમાં એ સત્તા સ્પષ્ટ જોગવાઈઓથી સુપ્રીમ કોર્ટને અપાયેલી છે. ઉપસ્થિત થતા એવા સંજોગોમાં વિધાનમંડળોના કાર્યોને અતિ ઉત્સાહથી નહીં, પરંતુ પોતાની બંધારણીય ફરજના એક ભાગરૂપે ચકાસવાના હોય છે.*

## 12.4 ન્યાયતંત્રની સ્વતંત્રતા

*નિષ્પક્ષ કે તટસ્થ ન્યાયતંત્ર લોકશાહી રાજ્યવ્યવસ્થા માટેની અનિવાર્યતા છે. પ્રજાના અધિકારોનું રક્ષણ નિષ્પક્ષ ન્યાયતંત્ર જ યોગ્ય રીતે કરી શકે. ભારતના ન્યાયતંત્રને એ રીતે તટસ્થ રાખવા માટે કેટલીક જોગવાઈઓ બંધારણમાં છે.*

- *ન્યાયાધીશોની નિમણૂક કેવળ વહીવટીતંત્રને આધીન નથી, પરંતુ ન્યાયતંત્ર સાથે એ અંગે અસરકારક વિચાર, વિનિમય કરવાની બંધારણીય આવશ્યકતા છે.*
- *ન્યાયધીશોનાં વેતન સંચિત નિધિમાંથી બારોબાર ચૂકવાય છે અને તેમના કાર્યકાળ દરમ્યાન તેમાં ઘટાડો થઈ શકે નહીં.*
- *ન્યાયાધીશોની ફરજ બાબત કે ચુકાદાઓ બાબતની કોઈ ચર્ચા સંસદમાં થઈ શકતી નથી.*
- *ન્યાયાધીશો તથા અદાલતોની દ્વેષયુક્ત ટીકા કે અવમાનના કરવા માટે સજા કરવાની સત્તા બંધારણે જ આપેલી છે.*

  *ન્યાયાધીશો નિશ્ચિત સમયમર્યાદા સુધી નિશ્ચિત રીતે ફરજ બજાવી શકે છે. તેમને પદભ્રષ્ટ કરી શકાય નહીં. એ સત્તા કેવળ સંસદને જ છે. જે માટે બંને ગૃહોમાં 2/3 બહુમતી જરૂરી છે.*

## 12.5 સારાંશ

*અદાલતી સમીક્ષા અને ન્યાયતંત્રની સક્રિયતાનો અભ્યાસ કરતાં અદાલતી સમીક્ષા દ્વારા સર્વોપરી અદાલત ધારાસભા તથા કારોબારી દ્વારા સત્તાનો દુરુપયોગ થવા પર અંકુશ મૂકે છે. તેની ઉપયોગિતાને લક્ષમાં લઈને જ વુડ્રો વિલ્સને કહ્યું છે કે વ્યક્તિના અધિકારો અને સરકારની ખાસ સત્તાઓની છેવટની રક્ષક અદાલતોની સત્તાઓ ગણાય છે. આમ ન્યાયતંત્ર એ સમગ્ર પદ્ધતિને સમતુલ રાખનારું પરિબળ છે. પ્રવર્તતા સંજોગોમાં ન્યાયતંત્રની સક્રિયતા એ જરૂરી બની છે. પરંતુ તેનો અતિરેક ન થાય તેમજ સરકારની ત્રણેય શાખાઓ વચ્ચેની સમતુલા જળવાઈ રહે તે પ્રત્યે ઉદાસીનતા દર્શાવાય નહીં તેની તકેદારી રાખવી જરૂરી બની જાય છે. કેટલાંક વર્ષોથી ન્યાયતંત્રને સક્રિયતાના કારણે જે ચુકાદા અપાય છે અને અપાશે તે પરથી લાગે છે કે દેશમાં ભ્રષ્ટાચાર, કૌભાંડો, સત્તાનો દુરુપયોગ, કાયદાના અમલ પાછળ નિષ્ઠાનો અભાવ વગેરેના કારણે અદાલતીય સક્રિયતા આવકાર્ય બની રહે છે.*

## 12.6 ચાવીરૂપ શબ્દો

**ન્યાયિક પુનરાવલોકન** *સરકારનાં તંત્રોનાં કૃત્યોને અવૈદ્ય કે બંધારણ બાહ્ય જાહેર કરવાની કોર્ટની સત્તા ન્યાયિક પુનરાવલોકન કહે છે.*

**સામાજિક ન્યાય** *દરેક વ્યક્તિ સાથે રંગ, ધર્મ, લીંગ, જન્મસ્થાન વગેરેના આધારે ભેદભાવ વિના કરવામાં આવતો સમાન વ્યવહાર.*

**આર્થિક ન્યાય** *આર્થિક કારણોને આધારે કોઈપણ વ્યક્તિ સાથે ભેદભાવ કરવામાં આવશે નહિ, તેમજ આવક અને સંપત્તિની અસમાનતાને દૂર કરવામાં આવશે.*

## 12.7 સંદર્ભ સૂચિ

1. *પંડ્યા હસમુખ : સરકારી તંત્રનો પરિચય, અનડા બુક ડેપો, અમદાવાદ,* 2011

2. *શુક્લ ગજેન્દ્ર બી. : ભારતીય રાજકારણ, ન્યુ પોપ્યુલર પ્રકાશન સુરત,* 2010-11

3. *નાયક દોલતભાઈ બી. : ભારતનો બંધારણીય કાયદો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ,* 2017.

## 12.8 તમારી પ્રગતિ ચકાસો

**(ક) સવિસ્તર પ્રશ્નોના જવાબ આપો.**

1. *અદાલતી સમીક્ષા વિશે સમજાવો.*

.............................................................................................
.............................................................................................

.............................................................................
.............................................................................
.............................................................................

2. *ન્યાયિક સક્રિયતા વિશે સમજાવો.*

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

**(ખ) ટૂંકમાં જવાબ આપો.**

1. *અદાલતી સમીક્ષાની ટીકાને વર્ણવો.*

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

2. *અદાલતી સમીક્ષાની ટીકારૂપે તેના સૂચનો જણાવો.*

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

3. *ન્યાયિક સક્રિયતાનું સ્વરૂપ સમજાવો.*

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

4. *ન્યાયતંત્રની સ્વતંત્રતા સમજાવો.*

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................

**(ગ) ખરાં કે ખોટાં જણાવો.**

1. *સરકારના બે અંગો છે.*
2. *અદાલતી સમીક્ષા એ સંસ્થાકીય વ્યવસ્થા છે.*
3. *મોન્તેસ્ક્યુએ સત્તા વિશ્લેષણનો સિદ્ધાંત આપ્યો.*

4. *અમેરિકાનું બંધારણ લિખિત છે.*
5. *ભારત અર્ધ સમવાયતંત્રી છે.*
6. *અદાલતી સમીક્ષાની શરૂઆત અમેરિકાથી થઈ.*

- **જવાબો :**

(1) *ખોટું*
(2) *ખરું*
(3) *ખરું*
(4) *ખરું*
(5) *ખરું*
(6) *ખરું*

******

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**
**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ
(મુખ્ય તથા ગૌણ)



# ભારતીય ચુંટણીપંચ અને રાજકીય પક્ષો

# 5

BAOU
Education
for all

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

*અસ્તુ !*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

*પેપર 03 ભારતીય સરકાર અને રાજકારણ,*
*વિભાગ -05-ભારતીય ચુંટણીપંચ અને રાજકીય પક્ષો*


**સંપાદન :**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ* | *નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા.* |
| *ડૉ. મુકેશ ખટીક* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સલાહકાર સમિતિ ( PAC) :**

| | |
|---|---|
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. ડી. ડી. ઝાલા* | *નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર.* |
| *ડૉ. પુષ્પાબહેન મોતિયાની* | *નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *ડૉ. ગજેન્દ્ર શુક્લ,* | *નિવૃત્ત પ્રિન્સીપાલ, મહિલા આર્ટસ કોલેજ, નવસારી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.* |

**લેખન :**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ* | *નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા.* |
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ. અજય રાવલ* | *એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટસ કોલેજ , અમદાવાદ.* |



**પ્રકાશન વર્ષઃ પ્રથમ આવૃત્તિ, 2021**
**ISBN:** 978-93-91468-20-0

978-93-91468-20-0

**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**

**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ

(મુખ્ય તથા ગૌણ)

## વિભાગ : 05 ભારતીય ચુંટણીપંચ અને રાજકીય પક્ષો


| | |
|---|---|
| **એકમ : 13** ચુંટણીપંચ | **01** |
| **એકમ : 14** રાજકીય પક્ષો | **15** |

## વિભાગ : 05 ભારતીય ચુંટણીપંચ અને રાજકીય પક્ષો

**પેપર નંબર 03** *ભારતીય સરકાર અને રાજકારણમાં વિભાગ* 05 *ને કુલ બે એકમોમાં વહેંચવામાં આવ્યો છે.*

**એકમ : 13** **ચુંટણીપંચ** *વિષે છે. આ એકમમાં સૌ પ્રથમ ચુંટણીપંચની રચના સમજાવવામાં આવી છે. જે અંતર્ગત ભારતનાં બંધારણમાં ચુંટણીપંચની જોગવાઈ, પગાર અને સવલતો, સમયગાળો, હોદ્દા પરથી દુર કરવાની રીત, પ્રાદેશિક ચુંટણી કમિશનરોની નિયુકતી અંગેની સમજુતી મેળવશો. ત્યાર બાદ ચુંટણીપંચની કામગીરીની ચર્ચા કરવામાં આવી છે. ચુંટણીપંચના વિવિધ કાર્યો જેમ કે મતદારયાદી અને ઓળખપત્ર તૈયાર કરવાનું કાર્ય, મતદાર ક્ષેત્રોની આકારણી કરવાનું કાર્ય, રાજકીય પક્ષોને માન્યતા આપવાનું અને પ્રતિક ફાળવવાનું કાર્ય, સભ્યોની લાયકાત બાબતે સલાહ આપવાનું કાર્ય, ચુંટણીલક્ષી આયોજન અને અમલીકરણનું કાર્ય, આનુષંગિક અન્ય કાર્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એકમના બીજા ચરણમાં ચુંટણીલક્ષી સુધારાઓ સંદર્ભે ચુંટણીલક્ષી સુધારાઓની આવશ્યકતા, ચુંટણીલક્ષી સુધારા માટે વિવિધ પંચો કે સમિતિઓની મુખ્ય ભલામણો, ચુંટણી સુધારવા લેવાયેલા પગલાઓ, ચુંટણી પદ્ધતિમાં સુધારો કરવા માટેનાં સૂચનો આપવામાં આવ્યા છે.*

**એકમ : 14** **રાજકીય પક્ષો** *અંતર્ગત ઊંડાણપૂર્વક સમજુતિ આપવામાં આવી છે. આ એકમની શરૂઆતમાં તમે રાજકીય પક્ષો સંબંધિત ખ્યાલાત્મક બાબતોનો સંક્ષિપ્ત પરિચય મેળવશો. જેમ કે રાજકીય પક્ષનો અર્થ અને વ્યાખ્યા, ઉપયોગિતા અને મહત્ત્વ, કાર્યો અને પડકારો વિષે જાણશો. ત્યાર બાદ પક્ષ પ્રથાના પ્રકારો અંતર્ગત મુખ્ય પ્રકારોની સમજ મેળવીને ભારતીય પક્ષ પ્રથાનું સ્વરૂપ અને વિકાસની સમજુતિ મેળવશો. પક્ષ પ્રથાના વિકાસના વિવિધ તબકકાઓ અંતર્ગત* 1947-1967 *'એક પક્ષ પ્રભાવ' પ્રથાનો તબક્કો,* 1967-1975 *બહુ પક્ષ પ્રથાનો પ્રારંભિક તબક્કો,* 1975-1977 *કટોકટીનો કપરો અલ્પકાળ,* 1977-1980 *મિશ્ર પક્ષોની જનતા સરકારનો અસ્થિર તબક્કો,* 1980-1989 *કોંગ્રેસની ભવ્ય વાપસી પરંતુ વિખરાવ અને પ્રાદેશિક પક્ષો સાથે ટકરાવનો તબક્કો,* 1990-1998 *એક પક્ષની બહુમતિ સરકારનો અંત અને કાચા જોડાણોની સરકારોનો અસ્થિર દશક,* 1999-2014 *એન.ડી.એ. તથા યુ.પી.એ.ની સ્થિર જોડાણવાદી સરકારોનો તબક્કો,* 2014-2020 *બિન કોંગ્રેસી 'એક પક્ષ પ્રભાવ' પ્રથાના પુનઃ આગમન તથા દૃઢિકરણનો તબક્કા વિષે વિગતવાર સમજુતિ મેળવશો. આગળ જતા મુખ્ય રાજકીય પક્ષો અંતર્ગત રાજકીય પક્ષોના કેટલાક વર્ગીકરણ જેમ કે ચૂંટણીપંચની માન્યતા આધારિત વર્ગીકરણ, વિચારસરણી આધારીત વર્ગીકરણ, એ.એસ. નારંગનું ચાર શ્રેણીનું વર્ગીકરણની માહિતી પ્રાપ્ત કરશો. રાજકીય પક્ષોના અભ્યાસ માટે પાંચ મુદ્દાનું સૈદ્ધાંતિક માળખું, ઉદ્‌ભવ, વિચારસરણી, સંગઠન, સામાજિક આધારો અને ચૂંટણી તથા શાસનલક્ષી કામગીરી વિષે ચર્ચા કરવામાં આવી છે. ત્યાર બાદ ભારતના મુખ્ય રાજકીય પક્ષોની*

ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા જાણ્યા બાદ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC: Indian National Congress) નો ઉદ્ભવ, વિચારસરણી, સંગઠન, સામાજિક આધારો, કામગીરી (Performance) વિષે વિસ્તૃત જાણકારી મેળવશો. ત્યાર બાદ ભારતીય સામ્યવાદી પક્ષો (સી.પી.આઈ. અને સી.પી.એમ.- CPI & CPM) નો ઉદ્ભવ, વિચારસરણી, સંગઠન, સામાજિક આધારો, કામગીરી જાણશો. આગળ જતા ભારતીય જનતા પક્ષ ( ભાજપ - BJP) નો ઉદ્ભવ, વિચારસરણી, સંગઠન, સામાજિક આધારો, કામગીરી વિષે ચર્ચા થઈ છે. બહૂજન સમાજ પક્ષ (બસપા- BSP) નો ઉદ્ભવ, વિચારસરણી, સંગઠન, સામાજિક આધારો અને કામગીરી દર્શાવવામાં આવેલ છે. તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી- All India Trinmool Congress –TMC) નો ઉદ્ભવ, વિચારસરણી, સંગઠન અને સામાજિક આધારો, કામગીરીની છણાવટ કરવામાં આવી છે. આ એકમમાં આગળના ચરણમાં મુખ્ય પ્રાદેશિક પક્ષો અંતર્ગત પ્રાદેશિક પક્ષનો અર્થ, વ્યાખ્યા, ઉદ્દેશો, પ્રાદેશિકતાનો ઐતિહાસિક સંદર્ભ અને વિકાસ, પ્રાદેશિક પક્ષોના સમાન લક્ષણોની પ્રાથમિક સમજુતિનો ખ્યાલ મેળવ્યા બાદ મુખ્ય પ્રાદેશિક પક્ષો જેમ કે ડીએમકે અને એઆઈએડીએમકે- તામિલનાડું (DMK: Dravid Munnetra Kazhagam and AIADMK : All India Anna DMK), શિરોમણી અકાલી દળ- પંજાબ, નેશનલ કોન્ફરન્સ-જમ્મુ અને કાશ્મીર (NC-All Jammu & Kashmir National Conference), તેલુગુ દેશમ પક્ષ- આંધ્ર પ્રદેશ (ટીડીપી- TDP), અસમ ગણ પરીષદ- આસામ (એજીપી- AGP: Asom Gana Parishad), ઝારખંડ પક્ષ – ઝારખંડ, અને એકમના અંત ભાગમાં શિવસેના – મહારાષ્ટ્ર વિષે ઊંડાણપૂર્વક અભ્યાસ કરશો. ભારતીય રાજકારણને સમજવા માટે રાજકીય પક્ષોનું આ એકમ અત્યંત મહત્વનું આધારરૂપ બની રેહશે.

…

# એકમ : 13 ચૂંટણીપંચ

## રૂપરેખા

13.0 ઉદ્દેશો
13.1 પ્રસ્તાવના
13.2 ચૂંટણીપંચ : રચના અને કામગીરી
    13.2.1 રચના
        13.2.1.1 ભારતનાં બંધારણમાં ચૂંટણીપંચની જોગવાઈ
        13.2.1.2 પગાર અને સવલતો
        13.2.1.3 સમયગાળો
        13.2.1.4 હોદ્દા પરથી દુર કરવાની રીત
        13.2.1.5 પ્રાદેશિક ચૂંટણી કમિશનરોની નિયુકતી
    13.2.2 કામગીરી
        13.2.2.1 મતદારયાદી અને ઓળખપત્ર તૈયાર કરવાનું કાર્ય
        13.2.2.2 મતદાર ક્ષેત્રોની આકારણી કરવાનું કાર્ય
        13.2.2.3 રાજકીય પક્ષોને માન્યતા આપવાનું અને પ્રતીક ફાળવવાનું કાર્ય
        13.2.2.4 સભ્યોની લાયકાત બાબતે સલાહ આપવાનું કાર્ય
        13.2.2.5 ચૂંટણીલક્ષી આયોજન અને અમલીકરણનું કાર્ય
        13.2.2.6 આનુષંગિક અન્ય કાર્યો
13.3 ચૂંટણીલક્ષી સુધારાઓ
    13.3.1 ચૂંટણીલક્ષી સુધારાઓની આવશ્યકતા
    13.3.2 ચૂંટણીલક્ષી સુધારા માટે વિવિધ પંચો કે સમિતિઓની મુખ્ય ભલામણો
    13.3.3 ચૂંટણી સુધારવા લેવાયેલા પગલાઓ
    13.3.4 ચૂંટણી પધ્ધતિમાં સુધારો કરવા માટેનાં સૂચનો
13.4 સારાંશ

**13.5 ચાવીરૂપ શબ્દો**
**13.6 તમારી પ્રગતિ ચકાસો**
**13.7 સંદર્ભ સૂચિ**

## 13.0 ઉદ્દેશો

*આ એકમનાં અભ્યાસથી તમે ભારતના ચૂંટણીપંચ વિશે નીચેની વિગતોથી માહિતગાર બનશો.*

- *ચૂંટણીપંચની રચના જાણશો.*
- *ચૂંટણીપંચની કામગીરી સમજશો.*
- *ચૂંટણીઓનું મહત્ત્વ સમજી શકશો.*
- *ચૂંટણીલક્ષી સુધારાઓની આવશ્ક્યતા જાણીને ચૂંટણીનું મહત્ત્વ સમજશો.*

## 13.1 પ્રસ્તાવના

*વિદ્યાર્થી મિત્રો, અગાઉનાં એકમ* 12 *માં તમે ન્યાયતંત્ર અંગેનો વિગતવાર અભ્યાસ કર્યો છે. આ એકમમાં ચૂંટણીપંચની રચના, કામગીરી, મહત્ત્વ અને તેનાં સંદર્ભે ચૂંટણીલક્ષી સુધારા વિશેનો વિગતવાર અભ્યાસ કરશો. લોકશાહી શાસન વ્યવસ્થામાં ચૂંટણી ખુબ મહત્ત્વની છે. ચૂંટણીને લોકશાહીની પારાશીશી કહેવામાં આવે છે. સામાન્ય રીતે ચૂંટણીનાં મુખ્ય બે પ્રકારો સ્વીકારવામાં આવ્યા છે. એક પ્રત્યક્ષ ચૂંટણી અને બીજુ પરોક્ષ ચૂંટણી. જયારે મતદાતાઓ પોતે પ્રત્યક્ષ રીતે મત આપીને પોતાના પ્રતિનિધિઓને ચુંટવાની પ્રક્રિયામાં ભાગ લે છે તેને પ્રત્યક્ષ ચૂંટણી પધ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. જયારે મતદાતાઓ પોતાના પ્રતિનિધિઓનેપ્રત્યક્ષ રીતે ચુંટતા નથી પરંતુ મતદારમંડળનાં સભ્યોને ચૂંટે છે, ત્યારે તેને પરોક્ષ ચૂંટણી તરીકે ઓળખવામાં આવે છે. ઉદાહરણ તરીકે ભારતનાં સંદર્ભેમાં જોઈએ અને સમજીએ તો લોકસભાની ચૂંટણીમાં મતદારો પ્રત્યક્ષ ચૂંટણી પધ્ધતિનો ઉપયોગ કરીને પ્રતિનિધિને ચૂંટે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી અને રાજ્યસભાના સભ્યોની ચૂંટણીમાં મતદારો પરોક્ષ રીતે ભાગ લઈને ચૂંટણી કરે છે.*

## 13.2 ચૂંટણીપંચ : રચના અને કામગીરી

### 13.2.1 રચના

13.2.1.1 *ભારતનાં બંધારણમાં ચૂંટણીપંચની જોગવાઈ*

*ભારતનાં બંધારણમાં જ ચૂંટણીપંચની જોગવાઈ સ્પષ્ટ રીતે કરવામાં આવેલી છે. બંધારણની કલમ* 324 *થી* 329 *સુધી ચૂંટણીપંચ અને તેને લગતી આનુષંગિક બાબતોની જોગવાઈ આપવામાં આવેલી છે. બંધારણનાં પંદરમાં ભાગમાં તેની સ્પષ્ટતા કરવામાં*

*આવી છે. ચૂંટણીને લગતી અગત્યની બંધારણીય જોગવાઈઓનો ઉલ્લેખ ભારતીય ચૂંટણીપંચની વિશિષ્ટતા છે.*

*ભારતમાં રાષ્ટ્રપતિ દ્વારા ચૂંટણીપંચની રચના થાય છે. ચૂંટણીપંચના એક મુખ્ય ચૂંટણી કમિશનર અને બીજા બે ચૂંટણી કમિશનરોની નિમણુક રાષ્ટ્રપતિ કરે છે. અગાઉ એક મુખ્ય ચૂંટણી કમિશનરનું ચૂંટણીપંચ બનેલું હતું. ત્યાર બાદ* 1993*થી ત્રણ ચૂંટણી કમિશનરની જોગવાઈ કરવામાં આવી છે. આ ત્રણેય ચૂંટણી કમિશનરનો હોદ્દો સમાન છે. આમ છતાં અગ્રતાક્રમ અનુસાર હોય તે મુખ્ય ચૂંટણી કમિશનર ગણાય છે.*

13.2.1.2 *પગાર અને સવલતો*

*ચૂંટણી પંચના હોદ્દેદારોનું સ્થાન, પગાર, મોભો અને સલામતી ભારતની સર્વોચ્ચ અદાલતનાં ન્યાયધીશોની સમકક્ષ હોય છે.*

13.2.1.3 *સમયગાળો*

*ચૂંટણી કમિશનરોની નિમણુંકનો સમયગાળો છ વર્ષનો રાખવામાં આવ્યો છે. અથવા* 65 *વર્ષ નિવૃત્તિની વયમર્યાદા રાખવામાં આવી છે. જે પહેલા આવે તે પ્રમાણે લાગુ કરવામાં આવે છે.*

13.2.1.4 *હોદ્દા પરથી દુર કરવાની રીત*

*સામાન્ય રીતે તેમને પોતાનાં હોદ્દા પરથી દુર કરી શકાતા નથી. પરંતુ અતિ આવશ્યક સંજોગો હોય તો સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને હોદ્દા પરથી દુર કરવાની જે કાર્યવાહી કરવામાં આવે છે તે કાર્યવાહીથી તેમને દુર કરી શકાય છે. સંસદનું કોઈપણ ગૃહ તેમના ઉપર મહાભિયોગ મુકે તો ત્યાર બાદ સંસદના હાજર સભ્યોની* 2/3 *બહુમતીથી મહાભિયોગ પુરવાર થાય તો તેણે રાજીનામું આપવું પડે છે.*

13.2.1.5 *પ્રાદેશિક ચૂંટણી કમિશનરોની નિયુક્તી*

*ભારત વિશાળ વિસ્તાર ધરાવતો દેશ છે. ભારતમાં સંસદીય પ્રથા અને સમવાયતંત્રનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પ્રાદેશિક ચૂંટણી કમિશનરોની નિમણુંક આવશ્યક છે. રાષ્ટ્રપતિ ચૂંટણીપંચ સાથે પરામર્શ કરીને તેમની સહાય અને મદદ માટે પ્રાદેશિક ચૂંટણી કમિશનરોની નિમણુંક કરે છે. પ્રાદેશિક ચૂંટણી કમિશનરને તેમના હોદ્દા ઉપરથી દુર કરવા મુખ્ય ચૂંટણી કમિશનરની ભલામણ લેવામાં આવે છે.*

**13.2.2 કામગીરી**

*ચૂંટણીપંચ સંસદની તથા રાજ્યની ચૂંટણી સંબંધિત સમગ્ર વ્યવસ્થા કરવાનું કાર્ય કરે છે. ચૂંટણીપંચના કાર્યો વિગતવાર નીચે મુજબ સમજીએ.*

13.2.2.1 *મતદારયાદી અને ઓળખપત્ર તૈયાર કરવાનું કાર્ય*

*લોકસભા અને વિધાનસભાની દરેક ચૂંટણીમાં કે મધ્યસત્ર ચૂંટણીઓ પહેલા મતદાર યાદી તૈયાર કરાવવાનું કાર્ય કરે છે. કોઈપણ વ્યક્તિ પોતાનાં મતાધિકારથી વંચિત ન રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. અહી એ ઉલ્લેખનીય છે કે ભારતમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકારની ઉંમર પહેલા* 21 *વર્ષ રાખવામાં આવી હતી. જેમાં સુધારો કરીને હવે* 18 *વર્ષની કરવામાં આવી છે. મતદારયાદી તૈયાર કરીને સમયાંતરે તેને સુધારતા રહેવી પડે છે. નવા નામ ઉમેરવા, અમૂક મતદાતાઓના નામ કમી કરવાનું કાર્ય કરે છે. મતદાતા મૃત્યુ પામે તો તેનું નામ મતદારયાદીમાંથી દુર કરવું પડે છે. આ સાથે દરેક મતદાતાને પોતાનું ઓળખપત્ર આપવામાં આવે છે.*

13.2.2.2 *મતદારક્ષેત્રોની આકારણી કરવાનું કાર્ય*

*ચૂંટણીપંચનું અગત્યનું કાર્ય મતદારક્ષેત્રોની આકારણી કરવાનું છે.* 1952 *નાં સંસદનાં અધિનિયમ અનુસાર દર* 10 *વર્ષે વસતિ ગણતરી મુજબ એક સીમાંકન પંચની રચના કરવામાં આવે છે. આ પંચની રચના મુખ્ય ચૂંટણી કમિશનરની અધ્યક્ષતામાં કરવામાં આવે છે. સર્વોચ્ચ અદાલત કે વડી અદાલતના બે નિવૃત ન્યાયાધીશ તેનાં સભ્યો હોય છે. પંચનાં કેટલાક મદદરૂપ સભ્યો પણ રાખવામાં આવે છે. જેની સંખ્યા દરેક રાજ્ય માટે* 2 *થી* 7 *હોય છે. વ્યક્તિગત કે સામુહિક રીતે સૂચનો કે ફરિયાદોનો સ્વીકાર ખુલ્લી બેઠકમાં પંચ દ્વારા કરવામાં આવે છે. આકારણી પંચ કે સીમાંકન પંચ મતદાર ક્ષેત્ર માટે જે નિર્ણય લે તે આખરી હોવાથી તેને અદાલતમાં પડકારી શકાતો નથી.*

13.2.2.3 *રાજકીય પક્ષોને માન્યતા આપવાનું અને પ્રતીક ફાળવવાનું કાર્ય*

*ચૂંટણીપંચ રાજકીય પક્ષોને માન્યતા આપવાનું કાર્ય કરે છે. રાજકીય પક્ષોની માન્યતા માટેના માપદંડો તૈયાર કરે છે અને સમયાંતરે તેમાં આવશ્યક ફેરફાર પણ કરે છે. આ ઉપરાંત રાજકીય પક્ષોને પ્રતીક ફાળવવાનું કાર્ય પણ કરે છે. ચૂંટણી પ્રતીક ફાળવવા બાબતે કોઈ રાજકીય પક્ષોમાં વિવાદ થાય તો પંચ તેનો નિર્ણય પણ કરે છે. ચૂંટણી પંચે ફાળવેલા પ્રતીકનાં સંદર્ભે તેણે આપેલ નિર્ણય વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકાય છે.*

13.2.2.4 *સભ્યોની લાયકાત બાબતે સલાહ આપવાનું કાર્ય*

*બંધારણ દ્વારા ચૂંટણીપંચને અમુક અર્ધ ન્યાયિક કાર્ય* (Quasi-Judicial functions) *સોંપવામાં આવ્યા છે. જેમ કે સંસદનાં સભ્યપદની લાયકાત માટે તે વ્યક્તિ યોગ્ય છે કે નહી તે બાબતે પંચ રાષ્ટ્રપતિને સલાહ આપવાનું કાર્ય કરે છે. એવી જ રીતે રાજ્ય વિધાનમંડળ માટે કોઈ સભ્ય પોતાનાં સભ્યપદ માટે યોગ્ય છે કે નહી તે બાબતે રાજ્યપાલને સલાહ આપે છે. જેનાં આધારે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ નિર્ણય કરે છે.*

13.2.2.5 *ચૂંટણીલક્ષી આયોજન અને અમલીકરણનું કાર્ય*

*ચૂંટણીપંચ ચૂંટણીનું સમગ્ર આયોજન અને તેનું અમલીકરણ કરાવવાનું ભગીરથ કાર્ય કરે છે. ભારત જેવા વિશાળ વિસ્તાર અને વસ્તી ધરાવતા સંસદીય પ્રથાવાળા દેશમાં આ કાર્ય ઘણું મુશ્કેલ છે. આમ છતાં ચૂંટણીપંચ સમયાંતરે આવતી ચૂંટણીઓનું સુચારુ સંચાલન કરે છે.* 1951*ના લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ* 14 *અનુસાર રાષ્ટ્રપતિ દ્વારા ચૂંટણીની જાહેરાત થતાં ચૂંટણી પ્રક્રિયાની શરૂઆત પંચ કરે છે. ચૂંટણીપંચ_*

- *ચૂંટણીઓની તારીખ નક્કી કરે છે.*
- *ઉમેદવારી ફોર્મ ભરવાની, ફોર્મની ચકાસણીની તથા ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ નક્કી કરી જાહેર કરે છે.*
- *ચૂંટણીલક્ષી વ્યવસ્થા માટે જરૂરી આદેશ આપે છે.*

13.2.2.6 *આનુષંગિક અન્ય કાર્યો*

*ચૂંટણીપંચ આ ઉપરાંત નીચેના કાર્યો કરે છે.*

- *આચારસંહિતાનું પાલન કરાવવાનું કાર્ય કરે છે.*
- *ઉમેદવારોને પોત-પોતાના પ્રચાર માટે નિયમોનું ઘડતરનું કાર્ય કરે છે.*
- *ઉમેદવારો દ્વારા ચૂંટણીમાં ખર્ચ કરવાની રકમની સીમા નિર્ધારિત કરવાનું કાર્ય કરે છે.*
- *મતદાતાઓને મતદાન અંગેનું પ્રશિક્ષણ આપવાનું કાર્ય કરે છે.*
- *રાજકીય પક્ષોને પોતાના ચૂંટણીલક્ષી પ્રચાર માટે આકાશવાણી, દુરદર્શન વગરે જેવી યોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે.*
- *ચૂંટણીલક્ષી અરજીનાં સંબંધમાં સરકારને સલાહ આપવાનું કાર્ય કરે છે.*
- *નિષ્પક્ષ, ન્યાયી ચૂંટણી થાય માટે સુપરવાઈઝરની નિયુક્ત કરે છે.*
- *ચૂંટણી સંબંધિત ગેરરીતિઓ અટકાવવાનું કાર્ય*
- *આવશ્યકતા હોય તો પુનઃચૂંટણી યોજવાનું કાર્ય*
- *પુનઃ મતદાન કે પુનઃ મત ગણતરી કરાવવાનું કાર્ય*
- *મતદાન કેન્દ્રોની યાદી તૈયાર કરવાનું કાર્ય*
- *ઉમેદવારો પાસે ચૂંટણીખર્ચનો હિસાબ માંગવાનું કાર્ય*
- *રાજકીય પક્ષો પાસે ચૂંટણીખર્ચનો હિસાબ માગવાનું કાર્ય.*

*ભારતમાં સંસદીય સરકારનો સ્વીકાર કર્યો હોવાથી તેમજ સમવાયીમાળખું સ્વીકાર્યું હોવાથી ચૂંટણીનું આયોજન અને અમલીકરણ ભારે જહેમત માગી લે છે. ભારતનું ચૂંટણીપંચ પોતાની બહુવિધ ભૂમિકા ભજવી રહ્યું છે. તેનું મહત્ત્વ નિર્વિવાદ છે.*

## 13.3 ચૂંટણીલક્ષી સુધારાઓ

*ભારતમાં ચૂંટણી પ્રથાનાં દોષોને નિવારવા માટે ચૂંટણીલક્ષી સુધારાઓની આવશ્યકતા શા માટે છે? તેનો અભ્યાસ કરવો જરૂરી છે. જે સમજ્યા બાદ તમે ચૂંટણીલક્ષી સુધારાઓ સરળતાથી સમજી શકશો.*

### 13.3.1 ચૂંટણીલક્ષી સુધારાઓની આવશ્યકતા

13.3.1.1 *પક્ષો અને ઉમેદવારોની સંખ્યામાં વૃદ્ધિ થઈ પરંતુ ગુણવત્તાનું ધોરણ ઘટ્યું છે. જે સુધારવાની આવશ્યકતા છે.*
13.3.1.2 *રાજકારણનું અપરાધીકરણ વધતું જાય છે.*
13.3.1.3 *જ્ઞાતિ, ભાષા, ધર્મ, જાતિ, પ્રદેશનાં આધારે વોટબેંકનું રાજકરણ અટકાવવા.*
13.3.1.4 *ભ્રષ્ટાચારને અટકાવવા.*
13.3.1.5 *મત પ્રાપ્તિ અને બેઠકોની વિસંગતતા દુર કરવા*
13.3.1.6 *મતદાન મથકો પર હિંસા કે બળપ્રયોજનને દૂર કરવા*

### 13.3.2 ચૂંટણીલક્ષી સુધારા માટે વિવિધ પંચો કે સમિતિઓની મુખ્ય ભલામણો

**ચૂંટણીલક્ષી સુધારા માટેની વિવિધ સમિતિઓની મુખ્ય ભલામણ દર્શાવતું ટેબલ**

| ક્રમ | સમિતિનું નામ | મુખ્ય ભલામણ |
|---|---|---|
| 1 | *જગન્નાથ રાવ સમિતિ* | *ચૂંટણીમાં થતાં ભ્રષ્ટાચારને રોકવા ઉપર ખાસ ભાર* |
| 2 | *વી.એમ.તારકુન્ડે સમિતિ* | *નાણાશક્તિ અંગે સરકારી તંત્રનાં દુર ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવા ખાસ ભાર* |
| 3 | *મોહન ધારિયા સમિતિ* | *ચૂંટણીમાં થતાં નાણાનાં દુર ઉપયોગને રોકવા તથા ચૂંટણી અંગેના વિવાદોને ઉકેલવાના સૂચનો* |
| 4 | *સ્વર્ણસિંઘ સમિતિ* | *ધારાસભ્યો તથા સભ્યોની લાયકાત માટે આચાર સંહિતા ઘડવા ઉપર ભાર* |
| 5 | *સમ્પતકુમાર સમિતિ* | *ચૂંટણીતંત્રને સુદઢ કરવા ઉપર ભાર* |
| 6 | *રવિન્દ્ર વર્મા સમિતિ* | *ચૂંટણીનો સમગ્ર ખર્ચ સરકાર ભોગવે તે બાબત ઉપર ભાર* |
| 7 | *દિનેશ ગોસ્વામી સમિતિ* | *મતદાન મથકે મતદારોને લઈ જવા અને મૂકી જવાની વ્યવસ્થા બાબતે તથા પક્ષ પર પગલાં લેવા બાબતે ભાર આપ્યો.* |
| 8 | *ઈન્દ્રજીત સમિતિ* | *ઉમેદવારોની ડીપોઝીટ વધારવા તથા ચૂંટણી ગુનાઓ માટે કરવામાં આવતી દંડની રકમ વધારવાનું સૂચન કર્યું હતું.* |
| 9 | *બોહરા સમિતિ* | *આ સમિતિએ મતદાતાઓને ડરાવતા, ધમકાવતા, મતદાનનો કબજો કરતાં તત્વોને રોકવા ખાસ ભલામણ કરી હતી.* |

*ઉપરોક્ત સમિતિઓ પૈકી ચૂંટણી પ્રક્રિયાનાં સંદર્ભે સૂચવેલ સુધારાઓ બાબતે અગત્યની સમિતિઓની વિગતવાર ભલામણોનો અભ્યાસ જરૂરી બને છે. જે નીચે મુજબ જોઈએ.*

13.3.2.1 *વી.એમ.તારકુન્ડે સમિતિ*

*આ સમિતિની ભલામણો નીચે મુજબ હતી.*

- *ચૂંટણીપંચ એક સભ્યને બદલે ત્રણ સભ્યોવાળું હોવું જોઈએ.*
- *ચૂંટણી કમિશનરોની નિયુક્તી મંત્રીમંડળની સલાહ અનુસાર નહી પરંતુ રાષ્ટ્રપતિ દ્વારા પ્રધાનમંત્રી, વિરોધ પક્ષના નેતા અને સર્વોચ્ચ અદાલતનાં ન્યાયાધીશ સાથે સલાહ અને વિમર્શ પછી કરવી જોઈએ.*
- *સરકારનાં કોઈપણ સભ્યને, મંત્રીને કે સત્તાધારી પક્ષના નેતાને રેડિયો, ટેલીવિઝન પર અલગથી સમય ફાળવવામાં ન આવે.*
- *ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા ચૂંટણી પ્રચારની મોકળાશ તમામ રાજકીય પક્ષોને સમાનરૂપે આપવામાં આવે.*
- *ચૂંટણી ખર્ચની મર્યાદા વધારીને ડબલ કરવામાં આવે.*
- *પુખ્યવય મતાધિકારની ઉંમર ઓછામાં ઓછી* 21 *વર્ષની બદલે* 18 *વર્ષની કરવામાં આવે.*
- *ચૂંટણી અરજીઓ ઉપર તાત્કાલિક નિર્ણય લેવો.*
- *આ સમિતિની ભલામણો વ્યવહારિક હતી. આ સુચનાનો ભલે તાત્કાલિક અમલ કરવામાં આવ્યો ન હતોઃ પરંતુ સમયાંતરે ઘણા સૂચનોનો સ્વીકાર સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો.*

13.3.2.2 *મોહન ધારિયા સમિતિ*

*સમાજવાદી નેતા મોહન ધારિયાના નેતૃત્વમાં સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. આ સમિતિની ચૂંટણીલક્ષી સુધારાઓ બાબતે નીચેની ભલામણો હતી.*

- *મુખ્ય રાજકીય પક્ષોનો ચૂંટણી ખર્ચ સરકારે ઉપાડવો જોઈએ.*
- *પુખ્તવય મતાધિકારની ઉંમર ઓછામાં ઓછી* 21 *વર્ષની દુર કરીને* 18 *વર્ષની કરવામાં આવે.*
- *નિવૃત્ત સરકારી અધિકારીની ચૂંટણીપંચમાં નિયુક્તી ન કરવી જોઈએ.*
- *બધા જ રાજકીય પક્ષોને વારંવાર રેડિયો, ટેલીવિઝન ઉપર ચૂંટણી પ્રચાર કરવાનો અધિકાર આપવામાં આવે.*
- *બધા જ સાંસદો અને ધારાસભ્યોને દર વર્ષે પોતાની સંપત્તિની વિગતો આપવી જરૂરી કરવામાં આવે.*

### 13.3.3 ચૂંટણી સુધારવા લેવાયેલા પગલાંઓ

- *ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનનો ઉપયોગ.*
- *રાજ્ય કે કેન્દ્ર સરકારનાં મંત્રીઓને ચૂંટણીના સમયે સરકારી પ્રવાસ કરવા ઉપર નિયંત્રણ મુકવામાં આવ્યું છે.*
- *ધાર્મિક સ્થળોને ચૂંટણીપંચ બનાવવા ઉપર પ્રતિબંધ.*
- *લાઉડ સ્પીકરોનાં ઉપયોગનો સમયગાળો નિશ્ચિત કરવામાં આવ્યો છે.*
- 1971 *નાં પ્રતિબંધક ધારા અનુસાર રાષ્ટ્ર ધ્વજ, રાષ્ટ્રગીત અને બંધારણનું અપમાન કરવા માટે ગુનેગાર પુરવાર થનાર વ્યક્તિ ગુનો સાબિત થયાની તારીખથી* 6 *વર્ષ સુધી સંસદ કે રાજ્ય ધારાસભાની ચૂંટણીઓ નહિ લડી શકે.*
- *સંસદ કે ધારાસભાની ચૂંટણીમાં વધુમાં વધુ બે બેઠક ઉપર ઉમેદવાર લડી શકે છે.*
- *મતદાનના દિવસે ખાનગી કંપની કે સંસ્થાના કર્મચારીને સવેતન રજા આપવી ફરજિયાત છે. તેનો ભંગ કરનારને દંડની જોગવાઈ કરવામાં આવી છે.*
- *મતદાન ચાલુ હોય ત્યાં સુધી મતદાન વિસ્તારની નજીક દારૂબંધી અમલી રાખવામાં આવે છે.*
- *લોક પ્રતિનિધિત્વ અધિનિયમ* 1951 *અને ભારતીય દંડ સંહિતા અનુસાર નીચે મુજબનાં આચરણોને ચૂંટણી અપરાધ ગણવામાં આવે છે. જેમકે_*
- *ચૂંટણી અધિકારીઓ ઉપર દબાણ કરવું.*
- *ચૂંટણી અધિકારીઓ કે મતદાતાઓને લાંચ આપવી.*
- *ધર્મ, જાતિ, ભાષા, વગેરેનાં આધાર પર મતદાતાઓ વચ્ચે પરસ્પર વૈમનસ્ય ઊભું કરવું.*
- *ચૂંટણી પ્રચારમાં ધાર્મિક ચિહ્નો અને ધર્મ ગુરુઓનો ઉપયોગ કરવો.*

V. *ચૂંટણી પ્રચાર દરમિયાન કોઈપણ રાષ્ટ્રીય ચિહ્નોનો ઉપયોગ કરવો.*

VI. *મતદાનની ગોપનીયતાનું ઉલ્લંઘન કરવું.*

VII. *મતદાન માટેની મતદાર યાદીમાં છેડછાડ કરવી.*

VIII. *મતદાન પેટીને નુકશાન પહોચાડવું વગરે…*

IX. *ઉમેદવાર અને મતદાતાઓને ધમકાવવા કે ડરાવવા.*

### 13.3.4 ચૂંટણી પધ્ધતિમાં સુધારો કરવા માટેનાં અન્ય સૂચનો

*સમયાંતરે ચૂંટણી પંચ અને વિવિધ સમિતિઓ દ્વારા ચૂંટણીલક્ષી સુધારાઓ સૂચવવામાં આવ્યા છે. સાંપ્રત સમયમાં ચૂંટણીપ્રથામાં સુધારાઓ કરવા માટેનાં અન્ય સૂચનો નીચે મુજબ છે.*

I. *ચૂંટણીપંચની નિષ્પક્ષતા અને સ્વતંત્રતા ખુબ જરૂરી છે.*

II. *આદર્શ ચૂંટણીલક્ષી આચાર સંહિતાનું પાલન અસરકારક રીતે કરાવવું.*

III. *અપરાધી તત્વો ઉપર યોગ્ય નિયંત્રણ મુકાવું જોઈએ.*

IV. *સરકારી તંત્રનાં અયોગ્ય કે દુર ઉપયોગ પર કડક પ્રતિબંધ મુકવામાં આવે.*

V. *બોગસ મતદાન અટકાવવામાં આવે. તે માટે કડક વ્યવસ્થા ગોઠવવામાં આવે.*

VI. *નિષ્પક્ષ અને વ્યાજબી રીતે ચૂંટણી યોજાવી જોઈએ.*

## 13.4 સારાંશ

*આ એકમનાં સાર બિંદુઓ નીચે મુજબ છે.*

- *ચૂંટણીઓ લોકમતની પારાશીશી છે.*
- *લોકશાહીમાં શાસનકર્તાઓની પસંદગી કે સત્તા પરિવર્તન કરવાની બંધારણીય પ્રક્રિયા ચૂંટણીનાં માધ્યમ દ્વારા શક્ય બને છે.*
- *ચૂંટણીઓ આમ જનતાનું સત્તા પરિવર્તનનું અહિંસક હથિયાર છે.*
- *તટસ્થ, નિષ્પક્ષ રીતે યોજાતી ચૂંટણીઓ લોકશાહીનું હાર્દ છે.*
- *ભારતનાં બંધારણમાં ચૂંટણીપંચની જોગવાઈનો અભ્યાસ તમે કર્યો.*
- *ચૂંટણીપંચની રચના અંતર્ગત ચૂંટણી કમિશનરની નિમણુક, પગાર અને સવલતો, હોદ્દા પરથી દુર કરવાની રીત, આ સમગ્રનો અભ્યાસ કર્યો.*
- *પ્રાદેશિક ચૂંટણી કમિશનરોની નિયુક્તી અંગેની જાણકારી પણ મેળવી.*
- *ચૂંટણીપંચની કામગીરી અંગે તમે સમજ મેળવી, ચૂંટણીપંચ વિવિધ પ્રકારનાં કાર્યો કરે છે. જેમ કે મતદારયાદી અને ઓળખપત્ર તૈયાર કરવાનું કાર્ય, મતદાર ક્ષેત્રોની આકારણી કરવાનું કાર્ય, રાજકીય પક્ષોને માન્યતા આપવાનું કાર્ય, રાજકીય પક્ષોને પ્રતીક કે ચિહ્નો ફાળવવાનું કાર્ય, સભ્યોની લાયકાત બાબતે સલાહ આપવાનું કાર્ય,ચૂંટણીનું સમગ્રલક્ષી આયોજન અને અમલીકરણનું અતિ મહત્ત્વનું કાર્ય તેમજ આનુષંગિક અન્ય કાર્યો વિશે તમે ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો.*
- *આ એકમમાં ચૂંટણીલક્ષી સુધારાઓ અંતર્ગત તેનાં વિવિધ પેટા મુદ્દાઓમાં આનુષંગિક બાબતો સમજાવવામાં આવી છે. જેમ કે ચૂંટણીલક્ષી સુધારાઓની આવશ્યકતા શું છે ? તે સમજાવવામાં આવી છે.*
- *ચૂંટણીલક્ષી સુધારાઓની આવશ્યકતાઓની સમજૂતી મેળવ્યા બાદ તમે ચૂંટણીલક્ષી સુધારાઓ માટે વિવિધ સમિતિઓની ભલામણોનો પણ અભ્યાસ કર્યો છે.*
- *આ વિવિધ સમિતિઓ અને તેની મુખ્ય ભલામણોનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરતુ ટેબલ મુકવામાં આવ્યું છે. જેનાથી તમે માહિતગર બન્યા છો.*
- *ખાસ કરીને ચૂંટણીલક્ષી સુધારાઓ અંતર્ગત વી.એમ.તારકુન્ડે સમિતિ, અને મોહન ધારિયા સમિતિની ભલામણો વિસ્તૃત રીતે સમજાવવામાં આવી છે.*
- *ભારતમાં ચૂંટણી પ્રક્રિયા સુધારવા માટે લેવામાં આવેલા પગલાઓનો અભ્યાસ તમે કર્યો.*
- *સાંપ્રત સમયમાં ચૂંટણી પધ્ધતિમાં હજી પણ ક્યાં સુધારા લાવી શકાય? તેની ચર્ચા કરીને સૂચનો આપવામાં આવ્યા છે જે તમને યાદ હશે.*

- *ટૂંકમાં ચૂંટણીઓ લોકશાહીનું હાર્દ છે. ભારત જેવા વિશાળ વિસ્તાર અને વસતિ ધરાવતા દેશમાં ચૂંટણી પ્રક્રિયાનું આયોજન સરળ નથી. આમ છતાં ચૂંટણીપંચ પોતાની કામગીરી સુપેરે બજાવી રહી છે. કેટલીક મર્યાદાઓ હોવા છતાં ભારતમાં સફળતાપૂર્વક ચૂંટણીઓનું આયોજન થાય છે તે નિર્વિવાદ છે.*

## 13.5 ચાવીરૂપ શબ્દો

● **પરોક્ષ ચૂંટણી :** *જ્યારે મતદાતાઓ પોતાના પ્રતિનિધીને પ્રત્યક્ષ રીતે ચૂંટતા નથી પરંતુ મતદારમંડળનાં સભ્યોને ચૂંટે છે અને આ સભ્યો પ્રતિનિધીઓ કે હોદ્દેદારોને ચૂંટે છે તેને પરોક્ષ ચૂંટણી તરીકે ઓળખવામાં આવે છે. પરોક્ષ ચૂંટણીમાં વારસાગત પધ્ધતિ કે નિમણુંકની પધ્ધતિનો પણ સમાવેશ થાય છે.*

● **સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર :** *સમાનતાના ધોરણે દેશનાં નાગરિકોને નક્કી થયેલ તમામ માપદંડો અનુસાર દરેકને આપવામાં આવતો મતનો અધિકાર. જેની વયમર્યાદા ભારતમાં પહેલા 21 વર્ષની હતી જે પછીથી 18 વર્ષની કરવામાં આવી છે. અહી એ નોંધનીય છે કે ભારતમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર આપવા માટે મિલકત, જાતિ કે અન્ય કોઈ માપદંડો ધ્યાને લેવામાં આવતા નથી. માત્ર એવી ઉંમર નક્કી કરવામાં આવે જયારે વ્યક્તિ સાચા ખોટાનો નિર્ણય સ્વવિવેકથી કરી શકે.*

● **પ્રત્યક્ષ ચૂંટણી :** *જયારે મતદાતાઓ સાર્વત્રિક પુખ્તવય મતાધિકારના ધોરણે પ્રત્યક્ષ રીતે પોતાના પ્રતિનિધીને ચુંટે છે ત્યારે તેને પ્રત્યક્ષ ચૂંટણી તરીકે ઓળખવામાં આવે છે.*

● **આચારસંહિતા :** *ચૂંટણીલક્ષી આચાર સંહિતાની નિયમાવલી કે બાબતોનો અમલ દરેક સરકાર, રાજકીય પક્ષો અને સામાન્ય લોકોએ કરવાનો હોય છે. જે ચૂંટણી સંબંધિત શું કરવું જોઈએ? શું નથી કરવાનું તેનું માર્ગદર્શન કરે છે. બીજા અર્થમાં કહીએ તો ચૂંટણી સંબંધિત કરવાનાં આચરણ બાબતની માર્ગદર્શિકા એટલે આચાર સંહિતા.*

## 13.6 તમારી પ્રગતિ ચકાશો

**(ક) નીચે આપેલા પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો.**

1. *પ્રત્યક્ષ ચૂંટણી એટલે શું ?*

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

2. *પરોક્ષ ચૂંટણી એટલે શું ?*

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

3. *ચૂંટણીલક્ષી સુધારાઓની આવશ્યકતાઓ કઈ કઈ છે.*

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

**(ખ) નીચે આપેલ ટૂંકનોંધ તૈયાર કરો.**

1. *ચૂંટણીલક્ષી સુધારાઓ માટે વિવિધ સમિતિઓની ભલામણો જણાવો.*

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

2. *ચૂંટણી સુધારવા લેવાયેલા પગલાંઓની છણાવટ કરો.*

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

3. *ચૂંટણી પધ્ધતિમાં સુધારો કરવા માટેના સૂચનો જણાવો.*

........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................

**(ગ) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ તૈયાર કરો.**

1. *ભારતમાં ચૂંટણીપંચની રચના અને કામગીરી વિગતવાર સમજાવો.*

........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................
........................................................................................................................

**(ઘ) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

1. *બંધારણની કઈ કલમમાં ચૂંટણીપંચ અને તેને લગતી આનુષંગિક બાબતોની જોગવાઈ કરવામાં આવી છે?*
   *અ. કલમ* 324 *થી* 329
   *બ. કલમ* 35 *થી* 40
   *ક. કલમ* 270 *થી* 275
   *ડ. કલમ* 329 *થી* 340

2. *ચૂંટણીપંચની રચના મુખ્યત્વે કોના દ્વારા થાય છે?*

*અ. રાષ્ટ્રપતિ*

*બ. સંસદ*

*ક. લોકસભા*

*ડ. રાજ્યસભા*

3. *ચૂંટણીપંચનું કાર્ય છે.*

*અ. મતદારયાદી અને ઓળખપત્ર તૈયાર કરવાનું કાર્ય*

*બ. મતદારક્ષેત્રોની આકારણી કરવાનું કાર્ય*

*ક. સભ્યોની લાયકાત બાબતે સલાહ આપવાનું કાર્ય*

*ડ. ઉપરોક્ત ત્રણેય*

4. *ચૂંટણીલક્ષી સુધારાઓ માટેની ભલામણો કરનાર વિવિધ સમિતિઓ પૈકી નીચેની સમિતિ પણ હતી.*

*અ. જગન્નાથરાવ સમિતિ*

*બ. સ્વર્ણસિંઘ સમિતિ*

*ક. સમ્પતકુમાર સમિતિ*

*ડ. ઉપરોક્ત ત્રણેય*

**(ચ) નીચે આપેલ ખરાં-ખોટાં વિધાનો જણાવો.**

1. *ભારતમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકારની ઉંમર પહેલા* 21 *વર્ષની રાખવામાં આવી હતી.*
2. *ભારતમાં વર્તમાન સમયમાં પુખ્તવય મતાધિકારની ઉંમર* 18 *વર્ષની રાખવામાં આવેલી છે.*
3. *ચૂંટણીપંચ રાજકીયપક્ષોને માન્યતા આપવાનું કાર્ય કરે છે.*
4. *ચૂંટણીપંચ રાજકીય પક્ષોને પ્રતીક ફાળવવાનું કાર્ય કરે છે.*
5. *મોહન ધારિયાનાં નેતૃત્વમાં મોહન ધારિયા સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું.*

**(ઘ) બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ.**

1. *કલમ* 324 *થી* 329
2. *રાષ્ટ્રપતિ*
3. *ઉપરોકત ત્રણેય*
4. *ઉપરોકત ત્રણેય*

**(ચ) ખરાં-ખોટાંના જવાબો**

1. *ખરું*
2. *ખરું*
3. *ખરું*
4. *ખરું*
5. *ખરું*

## 13.7 સંદર્ભ સૂચી


1) त्रिवेदी आर. एन., राय एम.पी., :भारतीय सरकार एवं राजनीति, कॉलेज बुक डिपो, जयपुर, 2017.
2) त्रिपाठी विनायक, त्रिपाठी पतंजलि : लोकतंत्र और चुनाव सुधार, ओमेगा पब्लिकेशन्स, नई दिल्ली, प्रथम संस्करण, 2014.
3) मिश्रा वेदकुमारी : भारतीय संविधान : एक झलक, अनु बुकस, मेरठ, 1889-90.
4) **શુક્લ ગજેન્દ્ર બી. : ભારતીય રાજકારણ, ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત, ચોથી આવૃત્તિ,** 2015-16.
5) **શુક્લ ગજેન્દ્ર બી. : ચૂંટણીપ્રથા, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ,** 2009.

# એકમ :14 રાજકીય પક્ષો

રૂપરેખા

**14.0 ઉદ્દેશો**

**14.1 પ્રસ્તાવના**

**14.2 રાજકીય પક્ષોનો સંક્ષિપ્ત પરિચય**

**14.2.1 અર્થ અને વ્યાખ્યા**

**14.2.2 ઉપયોગીતા અને મહત્ત્વ**

**14.2.3 કાર્યો**

**14.2.4 પડકારો**

**14.3 પક્ષ પ્રથાના પ્રકારો**

**14.3.1 મુખ્ય પ્રકારો**

**14.3.2 ભારતીય પક્ષ પ્રથાનું સ્વરૂપ અને વિકાસ**

**14.3.3 પક્ષ પ્રથાના વિકાસના વિવિધ તબકકાઓ (1947-2020)**

**14.3.3.1 1947-1967 :'એક પક્ષ પ્રભાવ' પ્રથાનો તબક્કો**

**14.3.3.2 1967-1975 : બહુ પક્ષ પ્રથાનો પ્રારંભિક તબક્કો**

**14.3.3.3 1975-1977 : કટોકટીનો કપરો અલ્પકાળ**

**14.3.3.4 1977-1980 : મિશ્ર પક્ષોની જનતા સરકારનો અસ્થિર તબક્કો**

**14.3.3.5 1980-1989 : કોંગ્રેસની ભવ્ય વાપસી પરંતુ વિખરાવ અને પ્રાદેશિક પક્ષો સાથે ટકરાવનો તબક્કો**

**14.3.3.6 1990-1998 : એકપક્ષની બહુમતિ સરકારનો અંત અને કાચા જોડાણોની સરકારોનો અસ્થિર દશક.**

**14.3.3.7 1999-2014 : એન.ડી.એ.તથા યુ.પી.એ.ની સ્થિર જોડાણવાદી સરકારોનો તબક્કો**

**14.3.3.8 2014-2020 :બિન કોંગ્રેસી 'એક પક્ષ પ્રભાવ' પ્રથાના પુનઃ આગમન તથા દૃઢિકરણનો તબક્કો**

**14.4 મુખ્ય રાજકીય પક્ષો**

**14.4.1 રાજકીય પક્ષોના કેટલાક વર્ગીકરણ**

**14.4.1.1 ચૂંટણીપંચની માન્યતા આધારિત વર્ગીકરણ**
**14.4.1.2 વિચારસરણી આધારીત વર્ગીકરણ**
**14.4.1.3 એ.એસ. નારંગનું ચાર શ્રેણીનું વર્ગીકરણ**
**14.4.2 રાજકીય પક્ષોના અભ્યાસ માટે પાંચ મુદ્દાનું સૈદ્ધાંતિક માળખું**
**14.4.2.1 ઉદ્‌ભવ, વિચારસરણી, સંગઠન, સામાજિક આધારો અને ચૂંટણી તથા શાસનલક્ષી કામગીરી.**
**14.4.3 ભારતના મુખ્ય રાજકીય પક્ષો**
**14.4.3.1 ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા**
**14.4.3.2 ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC: Indian National Congress)**
**14.4.3.2.1 ઉદ્‌ભવ**
**14.4.3.2.2 વિચારસરણી**
**14.4.3.2.3 સંગઠન**
**14.4.3.2.4 સામાજિક આધારો**
**14.4.3.2.5 કામગીરી (Performance)**
**14.4.3.3 ભારતીય સામ્યવાદી પક્ષો (સી.પી.આઈ. અને સી.પી.એમ.- CPI & CPM)**
**14.4.3.3.1 ઉદ્‌ભવ**
**14.4.3.3.2 વિચારસરણી**
**14.4.3.3.3 સંગઠન**
**14.4.3.3.4 સામાજિક આધારો**
**14.4.3.3.5 કામગીરી**
**14.4.3.4 ભારતીય જનતા પક્ષ ( ભાજપ - BJP)**
**14.4.3.4.1 ઉદ્‌ભવ**
**14.4.3.4.2 વિચારસરણી**
**14.4.3.4.3 સંગઠન**
**14.4.3.4.4 સામાજિક આધારો**
**14.4.3.4.5 કામગીરી**
**14.4.3.5 બહુજન સમાજ પક્ષ (બસપા- BSP)**
**14.4.3.5.1 ઉદ્‌ભવ**
**14.4.3.5.2 વિચારસરણી**
**14.4.3.5.3 સંગઠન અને સામાજિક આધારો**

**14.4.3.5.4 કામગીરી**

**14.4.3.6 તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી- All India Trinmool Congress –TMC)**

**14.4.3.6.1 ઉદ્ભવ**

**14.4.3.6.2 વિચારસરણી**

**14.4.3.6.3 સંગઠન**

**14.4.3.6.4 સામાજિક આધારો**

**14.4.3.6.5 કામગીરી**

**14.5 મુખ્ય પ્રાદેશિક પક્ષો**

**14.5.1 પ્રાદેશિક પક્ષઃ અર્થ, વ્યાખ્યા, ઉદ્દેશો**

**14.5.2 પ્રાદેશિકતાનો ઐતિહાસિક સંદર્ભ અને વિકાસ**

**14.5.3 પ્રાદેશિક પક્ષોના સમાન લક્ષણો**

**14.5.4 મુખ્ય પ્રાદેશિક પક્ષો**

**14.5.4.1 ડીએમકે અને એઆઈએડીએમકે- તામિલનાડુ (DMK: Dravid Munnetra Kazhagam and AIADMK : All India Anna DMK)**

**14.5.4.2 શિરોમણી અકાલીદળ- પંજાબ**

**14.5.4.3 નેશનલ કોન્ફરન્સ-જમ્મુ અને કાશ્મીર (NC-All Jammu & Kashmir National Conference)**

**14.5.4.4 તેલુગુ દેશમ પક્ષ- આંધ્રપ્રદેશ (ટીડીપી-TDP)**

**14.5.4.5 અસમ ગણ પરીષદ- આસામ (એજીપી-AGP: Asom Gana Parishad)**

**14.5.4.6 ઝારખંડ પક્ષ – ઝારખંડ**

**14.5.4.7 શિવસેના – મહારાષ્ટ્ર**

**14.6 સારાંશ**

**14.7 ચાવીરૂપ શબ્દો**

**14.8 ઉપયોગી સંદર્ભ ગ્રંથો**

**14.9 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો.**

## 14.0 ઉદ્દેશો

*ભારતીય પ્રજાસત્તાક રાજ્યના નાગરિક તરીકે રાજકીય પક્ષો વિષે આછી-પાતળી જાણકારી હોવી શકય છે. પરંતુ આ એકમના અભ્યાસ પછી નીચેના ઉદ્દેશો વિષે તથ્ય આધારીત, વિશ્લેષણાત્મક તથા પદ્ધતિસરની માહિતી-જાણકારી મેળવશો.*

- *રાજકીય પક્ષોનો સંક્ષિપ્ત પરિચય એના અર્થ, વ્યાખ્યા, મહત્ત્વ, ઉપયોગીતા, કાર્યો તથા પડકારોની જાણકારી મળશે.*
- *રાજકીય પક્ષ પ્રથાના પ્રકારો તથા ભારતીય પક્ષ પ્રથાના ઐતહાસિક વિકાસ તથા બદલાવના વિવિધ તબક્કાઓની* (1947-2020) *સમજુતિ મળશે.*
- *રાજકીય પક્ષોના કેટલાક પ્રચલિત વર્ગીકરણની જાણકારી મળશે.*
- *કોઈપણ દેશના મોટા કેનાના,જૂના કે નવા રાજકીય પક્ષોના વિશ્લેષણાત્મક અભ્યાસ માટે જરૂરી તથા ઉપયોગી પાંચ મુદ્દાના સૈદ્ધાંતિક માળખાની સમજ મળશે.*
- *ભારતના પાંચ મુખ્ય રાષ્ટ્રીય રાજકીય પક્ષો તથા સાત મહત્ત્વના પ્રાદેશિક રાજકીય પક્ષોની તમામ જરૂરી જાણકારી મળશે.*

## 14.1 પ્રસ્તાવના

*આધુનિક યુગમાં રાજકીય પક્ષ એક અગત્યની રાજકીય સંસ્થા તથા સંગઠન તરીકે ઉદ્ભવ્યો છે. વિશ્વમાં ઘણા એવા દેશો છે જ્યાં એકજ રાજકીય પક્ષ હોય અને એનું સર્વેસર્વા વર્ચસ્વવાળું શાસન ચાલતું હોય. પરંતુ લોકશાહી પ્રથામાં પક્ષની ભૂમિકા, મહત્તા, કામગીરી તદ્દન જુદા પ્રકારની હોય છે, જ્યાં સરકારનું ગઠન તથા રવાનગી મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી દ્વારા થતું હોય છે. એવી રાજકીય પ્રથામાં પક્ષનો દરજ્જો વધુ મહત્ત્વનો બને છે. પક્ષ રાજ્ય અને સમાજ વચ્ચે મહત્ત્વની કડી છે. પક્ષ સત્તાની બહાર હોય કે સત્તામાં હોય, એની પ્રસ્તુતતા અને ઉપયોગીતા અકબંધ રહે છે. જે કોઈ પક્ષે તે દેશની સ્વતંત્રતા માટે આંદોલન કર્યુ હોય તે પક્ષ સ્વતંત્ર થયા પછી તે દેશનો શાસક બન્યાના ઘણા ઉદાહરણો છે, જેવા કે : ભારત, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા વિગેરે. ફર્ક એટલોજ છે કે જયારે દેશની આઝાદી માટે સંઘર્ષ, લડત ચાલતા હોય ત્યારે સ્વતંત્રતા મેળવવાનો ધ્યેય દીવા જેવો સ્પષ્ટ હોય છે. પરંતુ સ્વતંત્ર થયા પછી, જે તે દેશમાં કેવા પ્રકારના રાજકીય સમૂહનું* (Political Community) *નિર્માણ કરવું તે બાબત એક નવા પડકારરૂપે સામે આવે છે. દેશ જો લેખીત બંધારણથી શાષિત હોય તો સમસ્યા ઓછી વિકટ બને છે. બંધારણમાં સ્પષ્ટ જોગવાઈઓ અને દિશા નિર્દેશ થયેલા હોય છે. બંધારણિય રાજકીય વ્યવસ્થા કાયદાના શાસન, સમાન મતાધિકાર, સ્વતંત્ર ન્યાયતંત્ર, અખબારી સ્વતંત્રતા જેવા લોકશાહીના સિદ્ધાંતો અને મૂલ્યોથી સુશોભિત હોય છે તેથી સ્થિરતા બની રહે છે. મતભેદ તથા મત-મતાંતર તંદૂરસ્ત લોકશાહીનું વિરલ લક્ષણ છે. રાષ્ટ્રનિર્માણ અને રાષ્ટ્ર ઘડતર કેવી રીતે કરવું એ મૂળતઃ વિવાદાસ્પદ વિષય છે. દેશના આર્થિક વિકાસ માટે મૂડીવાદી મુક્ત બજારવાળું અર્થતંત્ર સારું કે સમાજવાદી સિદ્ધાંતને વરેલું રાજ્ય અને ખાનગી ક્ષેત્રનું બનેલું મિશ્રિત અર્થતંત્ર સારું ? ધર્મ નિસ્પક્ષતા સારી કે બહુમતિવાદ* ( Majoritarianism ) *સારો ? કરવેરા આકરા કે હળવા હોવા જોઈએ ? વૈશ્વિક નિર્ભરતા સારી કે આત્મનિર્ભરતા સારી ? વિકાસ ગ્રામ્યલક્ષી કે શહેરલક્ષી હોવો*

*જોઈએ ? નાગરિક રાષ્ટ્રવાદ સારો કે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ સારો ? નોકરી કે કામ આપવાની જવાબદારી કોની-રાજ્ય, બજાર કે સમાજની ? જેવા અસંખ્ય મુદ્દા ઉપર ચર્ચાઓ દ્વારા મતભેદોનું નિવારણ અને સમાધાન થતા હોય છે. રાજકીય પક્ષો આવા અનેક મુદ્દાઓના ચિંતન અને ચિંતામાંથી ઉદ્‌ભવે છે.*

*ભારતમાં જે પ્રકારની પક્ષપ્રથા ઉદ્‌ભવી, વિકસી, બદલાઈ તથા ટકી એણે ભારતીય લોકશાહીના પાયા મજબૂત કરવામાં અત્યંત મહત્ત્વની કામગીરી કરી છે. ભારતમાં સંસદીય લોકશાહીનાં મંડાણ* 1952 *ની પ્રથમ સામાન્ય ચૂંટણીથી થયા.* 2019 *ની ચૂંટણી સમેત કુલ* 17 *વાર લોકસભાની ચૂંટણીઓ યોજાઈ છે. સંઘના* 28 *રાજ્યો અને* 3 *સંઘ પ્રદેશમાં રાજ્યદીઠ વિધાનસભાના ગઠન માટે અસંખ્ય ચૂંટણીઓ નિયમિત રીતે યોજાઈ છે. અનેક પ્રકારની ઉણપો, નબળાઈઓ તથા પડકારો હોવા છતાંય ભારતમાં સંસદીય લોકશાહીના મૂળ ઊંડે સુધી ગયા એના યશનો મોટો ફાળો રાજકીય પક્ષોને જાય છે. મતદાનની ટકાવારીમાં વધ-ઘટ થયા કરી છે. આ એકમમાં રાજકીય પક્ષોનો સંક્ષિપ્ત પરિચય મેળવ્યા પછી, ભારતમં વિકસેલી પક્ષ પ્રથાની વિસ્તૃત અને ઊંડી જાણકારી મેળવીશું. રાજ્યશાસ્ત્ર વિષયના અન્ય અભ્યાસક્રમમાં રાજકીય પક્ષની જાણકારી મળી હોવા છતાંય વિષયની જરૂરી માંડણી અને માવજત માટે અહીં એનું સંદર્ભિય પરંતુ સંક્ષિપ્ત પુનરાવર્તન કર્યું છે. કોઈપણ દેશના રાજકીય પક્ષ કે પક્ષોનો અભ્યાસ કરવો હોય તો ચોક્કસ સૈદ્ધાંતિક માળખું કે રૂપરેખાનો ઉપયોગ કરવો જોઈએ. આ એકમમાં* 5 *રાષ્ટ્રીયપક્ષો અને* 7 *પ્રાદેશિક પક્ષોનો વિગતવાર અભ્યાસ કરીશું.*

## 14. 2 રાજયકીય પક્ષોનો સંક્ષિપ્ત પરિચય

*આ વિષયની વ્યાપક તથા ઉપયોગી ચર્ચા માટે રાજકીય પક્ષનો અર્થ, વ્યાખ્યા, ઉપયોગીતા, મહત્ત્વ, મુખ્ય કાર્યો તથા પડકારોની વિભાવનાત્મક ચર્ચા કરીશું.*

### 14.2.1 અર્થ અને વ્યાખ્યા

*રાજકીય પક્ષ શું છે એની લોકસ્તરે આછી-પાતળી કે સઘન જાણકારી હોવા છતાંય પદ્ધતિસર રીતે એનો અર્થ અને વ્યાખ્યા કરવા ઈચ્છનિય છે. વિષયના અભ્યાસ સાહિત્યમાં સર્વમાન્ય અને પ્રચલિત પ્રણાલી મુજબ પક્ષને સમજીએ જેથી કોઈ એક રાજકીય પક્ષને સમજવામાં ભૂલ કે અન્યાય ના થાય. રાજકીય પક્ષનો સૌથી સરળ અને સાદો અર્થ એક એવા 'સંગઠિત સમૂહ'તરીકે થાય છે જે 'રાજકીય સત્તા મેળવવામાં, ટકાવવામાં અને નિયંત્રણ કરવામાં રચ્યો-પચ્યો રહેતો હોય.' બ્રિટનના રાજકીય ચિંતક એડમંડ બર્કે* (Edmund Burke) *સન્* 1770 *માં પક્ષની વ્યાખ્યા કરતાં કહ્યું હતું કે : ' પક્ષ એ એવા વ્યક્તિઓનો સમૂહ છે જે સંકળાયેલા તમામની સંમત્તિ ધરાવતા કેટલાક સિદ્ધાંતોને આધારે તથા સહિયારા પ્રયાસો દ્વારા રાષ્ટ્રહિતને પ્રોત્સાહિત કરે.' ઝોયા હસનના મતાનુંસાર પક્ષ એ 'પ્રતિનિધિત્વવાળી રાજ્ય શાસનની પદ્ધતિમાં એક*

*આધારશીલારૂપ રાજકીય સંસ્થા છે.' ગિયોવાની સારતોરી* (Giovanni Sartori) *રાજકીય પક્ષનો અર્થ કરતા જણાવે છે કે : ' પક્ષ એ લોકો અને સરકારને જોડનારી મહત્ત્વની કડી છે.'આ તમામ વ્યાખ્યાઓનો સારાંશ જોતા જણાય છે કે રાજકીય પક્ષોચૂંટણી દ્વારા ગઠિત સંસદીય શાસન પ્રથામાં મહત્ત્વની આધારશીલારૂપ સંસ્થા છે. કેવા પ્રકારના રાજકીય સમૂહ દ્વારા કેવા રાષ્ટ્રનું નિર્માણ કરવું છે તે માટેના સ્વપ્નો* (Vision) *વિચારો, નીતિઓ તથા કાર્યક્રમો રજૂ કરી, નાગરિકોને સભ્ય બનાવી, સત્તા મેળવવા તરફ વિચરતું એક મહત્ત્વનું રાજકીય એકમ છે. રાજકીય પક્ષ બંધારણના આદર્શોરૂપી આત્માથી સંચાલિત લોકશાહીના શરીરનું મહત્ત્વનું અંગ છે.*

### 14.2.2 ઉપયોગીતા અને મહત્ત્વ

*એક વિશિષ્ટ દ્દષ્ટિકોણથી જોઈએ તો પક્ષો વિના ચૂંટણીઓ યોજી લોકશાહી શાસન પદ્ધતિને કાર્યાન્વિત કરવી લગભગ અશકય છે. પક્ષો લોકશાહીના તમામ ઉમદા આદર્શોને મૂર્ત કરવાનું શ્રેષ્ઠ સાધન છે. સત્તામાં બેઠેલો રાજકીય પક્ષ આ મૂલ્યોને અવગણે, પથચલિત થાય તો વિરોધમાં બેઠેલા પક્ષો એનો વિરોધ કરવાની મહત્ત્વની ફરજ બજાવે છે. સત્તા વિષે આપણે જાણીએ છીએ કે જો તે એક વ્યક્તિ, માય-મંડળી, એક પક્ષ કે એક સંસ્થામાં કેન્દ્રિત થાય તો સત્તાનો દૂરઉપયોગ થઈ શકે છે. લોકશાહી શાસન પ્રથામાં આ જોખમ કાયમ રહેલું છે. આવા જોખમોને અટકાવવામાં રાજકીય પક્ષોની આગવી ભૂમિકા રહેલી છે. રાજકીય પક્ષની સૌથી મોટી ઉપયોગીતા અને મહત્તા નાગરિકોને બેકાબૂ, આંધળા, ઝનૂની ટોળા બનતા અટકાવવામાં રહેલી છે. એક મુક્ત, જવાબદાર અને તંદૂરસ્ત લોકશાહી સમાજમાં અનિયંત્રિત અંધભક્ત જેવા ટોળા કરતા સમજદારી અને જાણકારી ધરાવતા સાચા રાષ્ટ્રહિતની નિસ્બતવાળા તથા સમતોલિત વ્યવહાર-વર્તનવાળા નાગરિકોનો સમૂહ વધારે મહત્ત્વનો છે. રાજકીય પક્ષોએ આ એક જાહેર શિક્ષણ* (Public Education) *નું કાર્ય કરવાનું છે. લોકોની અપેક્ષાઓ, માગણીઓ, જરૂરિયાતો, લાગણીઓનું સમજદારીપૂર્વક આંક્લન કરી, યોગ્ય સ્તરે નિકાલ માટે રજૂઆત કરવાનું છે. વિચારોની પરસ્પર આપ-લે, નીતિઓની નિર્ભય, ખુલ્લી ચર્ચા તથા બાંધ-છોડના અવકાશવાળું વાતાવરણ તૈયાર કરવામાં રાજકીય પક્ષો મહત્ત્વનું પ્રદાન કરી શકે છે. ચોક્કસ કાર્ય કે ઉદ્દેશ માટે લોકશક્તિને સંચિત અને સિચિંત કરવાનું ભગીરથ કાર્ય રાજકીય પક્ષો કરે છે.વ્યવહારમાં જોઈએ તો કેટલાક અણઘડ, ઉતાવળિયા નેતાઓ, કાર્યકરો,  સભ્યો, હોદ્દેદારો તથા પક્ષોનું વર્તન શાસન પ્રથાને નુકશાનકર્તા નીવડે છે. લોકશાહી શાસન પ્રથાનું માળખું ઘડવું સહેલું છે પરંતુ એને આદર્શોને અનુરૂપ ચલાવવું અત્યંત પડકારમય છે. આ બાબતે રાજકીય પક્ષોના માથે મોટી જવાબદારી રહેલી છે.*

### 14.2.3 કાર્યો

*કોઈપણ રાજકીય પક્ષના કાર્યો નીચે મુજબ છે :* (1) *પક્ષનો ઠીક-ઠીક ઉદભવ-સ્થાપના થયા પછી અને કાચું-પાકું સંગઠન તથા વિચારસરણી બન્યા પછી સૌથી મહત્ત્વનું કાર્ય ચૂંટણી લડવાનું છે. ચૂંટણી એ પક્ષના દેખાવ તથા કામગીરી માપવાની પારાશીશી છે, માપકયંત્ર છે.* (2) *ચૂંટણીમાં મતદારો કોને મત આપે એનો આધાર પક્ષો દ્વારા જાહેર કરાતા 'ચૂંટણી ઢંઢેરા' ઉપર છે. આથી પક્ષ આકર્ષક કાર્યક્રમો આપવાનું, પ્રચારતંત્ર ગોઠવવાનું તથા નીતિઓ બનાવવાનું અગત્યનું કાર્ય કરે છે. સમાજમાં પ્રવર્તમાન તમામ વિવિધ વલણો, વિચારો, દષ્ટિકોણો મુજબ કોઈપણ સરકાર સંતોષકારક કામ કરી શકે નહિ. રાજકીય પક્ષ આ કામને સરળ બનાવે છે. મુદ્દાઓ, માગણીઓને બરાબર ગાળીને સ્વીકારે છે. મુદ્દાઓ-માગણીઓ-જરૂરિયાતોને ચઢતા-ઉતરતા ક્રમમાં અગ્રિમતાના ધોરણે ગોઠવે છે.* (3) *દેશ માટે કાયદા ઘડવાનું કાર્ય સત્તાપક્ષ કરે છે.* (4) *તંદૂરસ્ત લોકશાહી શાસન પ્રથામાં વિરોધપક્ષ તરીકે પણ મહત્ત્વનું કાર્ય કરે છે. વિરોધપક્ષ સરકારની ખોટી નીતિઓ, ભૂલો, ઢાંકપિછોડા, નિષ્ફળતાઓની આકરી ટીકા કરે છે. આ એક જાગૃત સંત્રી જેવું કાર્ય છે.* (5) *પક્ષ એક વિશાળ સભ્ય સંખ્યા અને જનાધાર ધરાવતું સંગઠન છે. એનું સંગઠનીય માળખું સમગ્ર રાજ્ય કે દેશમાં પથરાયેલું હોય છે. સક્રિય પક્ષ એક અત્યંત જીવંત, જાગૃત તથા સંવેદનશીલ રાજકીય સંગઠન છે. સરકારની ખોટી નીતિઓ સામે પ્રચંડ વિરોધ વંટોળ પેદા કરવાનું યંત્ર છે. ઉદાહરણ તરીકે, ભાજપ વિરોધપક્ષ હોવા છતાં, પક્ષ પ્રમુખ એલ. કે. અડવાણીના નેતૃત્વમાં રામ જન્મભૂમિ મુક્તિ આંદોલન ચલાવીને* 10,000 *કિ.મી. લાંબી રથયાત્રા* (1990 *માં) કાઢીને દેશભરમાં એક વ્યાપક લોક જુવાળ પેદા કર્યો હતો, જેનો મબલખ ફાયદો પક્ષને આવનારી બહુ-સ્તરિય ચૂંટણીઓમાં થયો.* (6) *પક્ષ સરકાર અને લોકો વચ્ચે સેતુનું કાર્ય કરે છે. સરકારની અસંખ્ય કલ્યાણ યોજનાઓનો સરકારી મશીનરી બરાબર અમલ કરે છે કે નહિ તેનું ધ્યાન રાખે છે.* (7) *સતત સ્વચાલન માટે પક્ષ 'રોપા –ઉછેર' કેન્દ્ર જેવું કાર્ય કરે છે. સક્ષમ નેતૃત્વ દરેક પક્ષની બાંધી મૂડી છે. એને પાંગરતા વાર લાગે છે. રાજકીય પક્ષ પણ ગામડાના નીચલા સ્તરથી તો છેક ઉપર સુધી સતત જરૂર પડતા કાર્યકરો, ચુનંદા નેતાઓ, કાબેલ મંત્રીઓ તૈયાર કરવાની 'રોપા- ઉછેર' કેન્દ્ર જેવી જ કામગીરી કરી લોકશાહી શાસન પ્રથાને મજબૂત કરે છે.*

### 14.2.4 પડકારો

*દરેક સંગઠનની જેમ, પક્ષો પણ રાજકીય સંગઠન તરીકે પડકારોની સમસ્યાઓથી મુક્ત નથી. મુખ્ય પડકારો જોઈએ :* (1) *સૌથી મોટો પડકાર પક્ષમાં 'આંતરિક લોકશાહી' નો અભાવ છે. પક્ષની સર્વોચ્ચ સત્તા કોઈ એક વ્યક્તિ, પરિવાર, મંડળી કે જૂથમાં કેન્દ્રિત થાય તે મોટી સમસ્યા છે. અમુકને બાદ કરતા, મોટા ભાગના પક્ષો સભ્ય યાદી, મીટીંગોના એજન્ડા, ઠરાવો, નિર્ણયોની નોંધ નથી રાખતા. પક્ષની અંદરપણ ચૂંટણીઓ નથી થતી. એકલ-દોકલ શીર્ષ નેતૃત્વ જે નક્કી કરે તે પ્રમાણે પક્ષોમાં નિમણૂકો થતી હોય*

*છે. આથી વ્યક્તિ-ભક્તિ ફુલેફાલે છે અને સંગઠનને નબળું બનાવે છે.પક્ષોમાંથી વારંવાર થતા વિભાજનો અંદરની ગૂંગળામણ દર્શાવે છે.* (2) *બીજા પડકારના મૂળ પહેલાં પડકારમાં છે. 'પરિવારવાદી રાજકારણ' એટલે કે 'ડાયનેસ્ટીક પોલિટીક્સ'* (Dynastic Politics) *રાજકારણનો જૂનો અને ઊંડો ઉતરેલો રોગ છે. પક્ષોએ ખુલ્લી અને પારદર્શી કાર્ય વ્યવસ્થા નથી વિકસાવી તેથી સામાન્ય કાર્યકર માટે પક્ષમાં પ્રગતિના સોપાન સર કરવા મુશ્કેલ બન્યા છે. પરિવારવાદી રાજનીતિ પક્ષના સામાન્ય સભ્યોને નુકશાન કરે છે. પક્ષના હોદ્દા પરિવારમાંજ વહેંચાય છે. (જેમ કે શિવસેના, ડીએમકે, ટીઆરએસ, નેશનલ કોન્ફરન્સ, અકાલી દળ, સમાજવાદી પક્ષ, ટીડીપી વગેરે)* (3) *રાજકીય પક્ષોમાં નાણા શક્તિ અને બાવડા શક્તિનો ઉપયોગ મોટો પડકાર છે. પક્ષોનું અસ્તિત્વ તદ્દન ચૂંટણીલક્ષી બની ગયું છે. ચૂંટણીના રાજકારણમાં ગુનેગારોની ભૂમિકાનો મોટો પડકાર છે. પક્ષો ગુનેગારોને ટીકીટ આપી પ્રોત્સાહિત કરે છે. ગુનેગારોને સજા ને ભોગ બનેલાઓને ન્યાય અપાવવામાં રાજકીય પક્ષો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બાધક બને છે.* (4)*રાજકીય પક્ષો (મતદારોને) ચૂંટણીઓમાં વૈકલ્પિક પસંદગીનો અવકાશ આપવામાં પાછા પડી રહ્યા છે. મૂળભૂત આર્થિક નીતિઓ બાબતે પક્ષો વચ્ચે ભાગ્યેજ મતભેદ હોય છે. આવી સ્થિતિમાં એક કરતા વધારે પક્ષો સ્પર્ધામાં હોય તોય વિકલ્પ નથી હોતો.*

*આ ખંડમાં આપણે રાજકીય પક્ષનો અર્થ, વ્યાખ્યા, કાર્યો, ઉપયોગીતા, મહત્ત્વ તથા પડકારો વિશે વ્યાખ્યાત્મક, તથા આલોચનાત્મક સમજ મેળવી.*

- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

**(અ) નીચે આપેલા વિધાનો ખરા છે કે ખોટાં તે જણાવો.**

1. *રાજકીય પક્ષ સત્તામાં હોય કે વિરોધ પક્ષ તરીકે હોય, પરંતુ લોકશાહી શાષન પ્રથામાં એનું મહત્ત્વ અને ઉપયોગીતા જળવાઈ રહે છે.*
2. *રાજકીય પક્ષો એ સરકાર અને નાગરિકોને જોડનારી મહત્ત્વની કડી છે.*
3. *બ્રિટનના રાજકીય ચિંતક એડમંડ બર્કે* 1870 *માં રાજકીય પક્ષની વ્યાખ્યા આપી.*
4. *ગિયોવાની સારતોરીના મત અનુસાર 'પક્ષ એ એક આધારશીલારૂપ રાજકીય સંસ્થા છે.'*

*(બ) તમારી પસંદગીની વ્યાખ્યા દ્વારા રાજકીય પક્ષનો અર્થ સમજાવો.*

*(ક) રાજકીય પક્ષની ઉપયોગીતા અને મહત્ત્વની આલોચનાત્મક ચર્ચા કરો.*

*(ડ) રાજકીય પક્ષોના કાર્યો સંક્ષિપ્તમાં જણાવી એના મહત્ત્વના બે કે ત્રણ પડકારોની ચર્ચા કરો.*

## 14.3 પક્ષ પ્રથાના પ્રકારો

### 14.3.1 મુખ્ય પ્રકારો

*સંખ્યાત્મક દષ્ટિકોણથી મુખ્યત્વે ત્રણ પ્રકારની પક્ષ પ્રથા વર્ગીકૃત થઈ છે – એક પક્ષ પ્રથા, દ્વિ પક્ષ પ્રથા અને બહુપક્ષ પ્રથા. એક પક્ષ પ્રથામાં મતદારોને વૈકલ્પિક પસંદગીની તક મળતી નથી પરંતુ દ્વિપક્ષ અને બહુપક્ષ પ્રથામાં મળે છે.*

### 14.3.2 ભારતીય પક્ષ પ્રથાનું સ્વરૂપ અને વિકાસ

*ભારત ઉપખંડિય કદ ધરાવતો દેશ છે. એમાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતી લોકજીવન શૈલીની સમૃદ્ધિ ભરપૂર છે. ભારતીય પક્ષ પ્રથાના સ્વરૂપ પર રાજ્યોના લક્ષણો, પ્રાદેશિક-સાંસ્કૃતિક વિભિન્નતાઓ, ભૌગોલિક વિશાળતા, સામાજિક પરિવર્તનનો પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. ભારતમાં પક્ષ પ્રથાના પ્રારંભનો યશ કોંગ્રેસને જાય છે જેની સ્થાપના* 1885 *માં થઈ હતી.* 1947 *સુધીની* 63 *વર્ષની લાંબી યાત્રામાં અન્ય પક્ષો પણ ઉદ્‌ભવતા ગયા. કેટલાક સાંસ્કૃતિક, સામાજિક તથા ધાર્મિક આંદોલનો પણ થયા, જેમાંથી અમુક કિસ્સામાં પછીથી રાજકીય પક્ષો જન્મ્યા, જેમની વિગતો નીચે મુજબ છે :*

1. *મુસ્લીમ લીગ, વર્ષ-* 1906*, સ્થાપક : ખ્વાજા અલીમુલ્લા.*
2. *દક્ષિણ ભારતમાં જસ્ટીસ પાર્ટી, વર્ષ-* 1916*, સ્થાપક : ડૉ. સી. નટેસા મુદાલિયર (જેમાં સાઉથ ઈન્ડિયન લીબરલ ફેડરેશન વિલિન થયું હતું) તામિલનાડુમાં.*
3. *કેન્દ્રિય શીખ લીગ, વર્ષ :* 1920*, પંજાબમાં.*
4. *ભારતીય સામ્યવાદી પક્ષ, વર્ષ :* 1924-25*, સ્થાપક : સત્યભક્ત તથા એમ. એસ. ચેટ્ટીઆર. કાનપુર- ઉત્તરપ્રદેશ.*
5. *બ્રાહ્મણ વિરોધી સ્વમાન આંદોલન, વર્ષ :* 1926*, સ્થાપક : ઈ.વી. રામાસામી પેરિયાર.*
6. *આર. એસ. એસ.* (*રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ*-RSS)*, વર્ષ :* 1925*, સ્થાપક : કેશવ બી. હેડગેવાર.*
7. *હિંદુ મહાસભા, વર્ષ :* 1933; *સ્થાપક વિનાયક સાવરકર – મદનમોહન માલવિયા.*
8. *અંજુમન – એ – ઈસ્લામિયા, વર્ષ :* 1921*; કાશ્મીરમાં એની સ્થાપના થઈ.*

    *આ ઐતિહાસિક વિગતો દર્શાવે છે કે આજે જે કેટલાક રાજકીય પક્ષો પ્રદેશ, રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે સક્રિય છે એમનો ઉદભવ* 1947 *પહેલાં જે તે આંદોલનના ભાગરૂપે થયો હતો. રાજકીય સ્વતંત્રતાનું આંદોલન કોંગ્રેસ પક્ષના નેતૃત્વ અને સંગઠને સંભાળ્યું હતું. એનો વિકાસ ત્રણ તબક્કામાં થયો.* (1) 1885–1904 *ના તબક્કામાં કોંગ્રેસે શિક્ષિત મધ્યમ વર્ગ, પશ્ચિમી સભ્યતાના પ્રભાવથી અંજાયેલા વેપારી વર્ગ, જમીનદારો અને વકીલોને મંચ પુરો પાડયો.*

*ધારાકિય સમિતિઓમાં પ્રતિનિધિત્વની માગણી કરી.* (2) 1905–1918 *ના બીજા તબક્કામાં કોંગ્રેસે રાષ્ટ્રવાદી વિચારધારા અપનાવી. 'સવિનય મવાળો' અને 'લડાયક જહાલો'વચ્ચેના વૈચારિક સંઘર્ષને કોંગ્રેસે સમાધાનકારી મંચ પુરો પાડયો.* (3) 1919–1947 *ના ત્રીજા તબક્કામાં ગાંધીજીએ નેતૃત્વ સંભાળ્યું. આંદોલન વિશાળ જનસંઘર્ષ બન્યું. મવાળપંથી, ઉદ્દામપંથી, ઉદારમતવાદી, ક્રાંતિકારી, વૈચારિક, વર્ગીય અને પ્રાદેશિક હિતો ધરાવતા તમામ કોંગ્રેસના સંગઠનિય નેતૃત્વમાં સ્વતંત્રતા માટે જોડાયા.*

*ભારતીય પક્ષ પ્રથાને સમજવા માટે એના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ચાર લક્ષણો નીચે મુજબ છે :*

1) *ભારત જેવા ઉપખંડિય ભૌગોલિક એકમમાં જુદી જુદી જ્ઞાતિઓ, સમુદાયો, જનજાતિઓ, તથા ભાષાકિય, સાંસ્કૃતિક એકમોનો ક્રમશઃ સમન્વય થયો તે એક વિરલ અને અજોડ ઐતિહાસિક ઘટના બની.*
2) *ગરીબ અને અલ્પવિકસિત દેશના લોકોના જીવન સ્તરમાં સુધારો લાવવા આર્થિક વિકાસની તાતી જરૂરિયાત સમજાઈ અને પ્રયાસો થયા.*
3) *સદીઓથી ચાલી આવતા જ્ઞાતિ દમનને કારણે ઉદ્ભવેલી સામાજિક વિષમતાઓને દૂર કરવા માટે તથા સમાનતાના મૂલ્યનું સંવર્ધન કરવા માટે થયેલા સમાજ સુધારાના કાર્યો.*
4) *સામાજિક–આર્થિક અસમાનતાઓને નિભાવનારા તથા પોષનારા સામંતવાદી સંસ્કૃતિવાળા પરંપરાગત ભારતીય સામાજિક માળખામાં સમાનતા, બંધુતા અને સ્વતંત્રતા જેવા લોકશાહીના શાશ્વત મૂલ્યોવાળા વ્યક્તિવાદી અને ઉદારમતવાદી વિચારોની વાવણી અને લણણી શરૂથી મુશ્કેલ ખેતી હતી. પરંતુ સ્વતંત્રતાના સંઘર્ષ દરમ્યાન નવો પવન ફુંકાયો અને લોકશાહી સંસ્કૃતિનું નિર્માણ આરંભાયું.સામંતવાદી વિચારધારા ક્રમશઃ અપ્રસ્તુત બની એ આંદોલનમાંથી નિપજેલી સૌથી મોટી રાજકીય વારસાઈ છે.*

*સમાજના તમામ પરસ્પર વિરોધી હિત અને વિચાર ધરાવતા ઘટકોને ગાંધી-નેહરુ- સરદારના નેતૃત્વ હેઠળ કોંગ્રેસ પક્ષમાં વિશ્વાસ બન્યો તે ઐતિહાસિક ઉપલબ્ધી હતી. આંદોલનના મહત્ત્વના નિર્ણયો મહદ્ અંશે સર્વસંમતિથી* (Consensus) *લેવાની જે કાર્યપ્રણાલી વિકસી એણે કોંગ્રેસની રાજકીય પક્ષ તરીકેની શાખ, સ્વીકૃતિ વધારી. રાષ્ટ્રીય સ્વતંત્ર આંદોલનનો બીજો મહત્ત્વનો લાભ બંધારણ ઘડતર વખતે થયો. અમૂલ્ય વારસારૂપ મળેલા રાજકીય મૂલ્યોનું સમયાંતરે કેવું ધોવાણ થયું તથા સ્વતંત્રતા પછીના પક્ષોના ઉદ્ભવ અને પક્ષીય રાજકારણ કેવું રહ્યું તે હવે* 1947 *થી* 2020 *દરમ્યાન તબક્કાવાર જાણીશું.*

### 14.3.3 પક્ષપ્રથાના વિકાસના વિવિધ તબક્કાઓ (1947 – 2020)

14.3.3.1 1947 – 1967 : *'એક પક્ષ પ્રભાવ' પ્રથાનો તબક્કો*

*1947 માં સ્વતંત્ર થયા પછી, રાજકીય શાસન દ્વારા રાષ્ટ્ર ઘડતરનો તબક્કો શરૂ થયો. સ્વાતંત્ર્ય આંદોલનના કેટલાક મૂલ્યો, આદર્શો, ઉપલબ્ધીઓ વિસરાવા લાગી. 1952 ની પ્રથમ ચૂંટણીમાં કોંગ્રેસ કેન્દ્ર અને રાજયોમાં સત્તામાં આવ્યો. આ ક્રમ નહેરુ કાળ સુધી ચાલ્યો. ચૂંટણીઓમાં કોંગ્રેસના પ્રભાવ અને વર્ચસ્વને કોઈ સક્ષમ પડકાર નહિ હોવાથી, આ તબક્કો 'એક પક્ષ પ્રભાવ' પ્રથા તરીકે ઓળખાયો. વિરોધપક્ષની ભૂમિકા પણ કોંગ્રેસ પક્ષની અંદરથી જ નિભાવાઈ. નાના પક્ષો દેશ કે રાજયોમાં કોંગ્રેસનો વિકલ્પના બની શકયા. વિરોધ પક્ષો વેર વિખેર હોવાથી કોંગ્રેસ વિરૂદ્ધના મતો વહેંચાઈ જઈ વિભાજીત થઈ જતા હતા. માટે કોંગ્રેસને 40–45 ટકાની આસપાસ મત મળે તો પણ બહુમતિ બેઠકો મળી જતી હતી. કોંગ્રેસનું વિચારધારા – વર્તુળ મોટું હતું. એમાં અન્ય તમામ વિચારધારા સરળતાથી હળી ભળી જતી. સરદાર પટેલના નેતૃત્વમાં ઘડાયેલું પક્ષનું સંગઠન પણ સશકત હતું, જેનો લાભ આ બે દાયકા સુધી કોંગ્રેસને મળ્યો.*

14.3.3.2 1967 – 1975:*બહુપક્ષ પ્રથાનો પ્રારંભિક તબક્કો*

*કોંગ્રેસની સમાજવાદી નીતિઓથી અસંતોષ અને વિરોધનો ચરું ઉકળવાનું ગયા તબક્કાથી શરૂ થઈ ગયું હતું. ઉધોગપતિઓ, જમીનદારો, ધનિકો, પૂર્વ-રાજવીઓ 'લાયસંસ – ક્વૉટા' રાજથી ત્રાસવા લાગ્યા હતા. મહત્ત્વના 6 રાજયમાં કોંગ્રેસની હાર થઈ. નહેરુના અવસાન પછી અમુક રાજયોમાં વિરોધપક્ષોનો પ્રભાવ વધ્યો. ડાબેરી અને જમણેરી પક્ષો (સીપીઆઈ, સીપીએમ અને જનસંઘની સાથે કોંગ્રેસની સીધી સ્પર્ધા થવા લાગી. 1969 માં કોંગ્રેસનું વિભાજન થયું. વિરોધપક્ષોની એકતા સામે કોંગ્રેસનો પડકાર વધ્યો. છતાંય 1971 માં પક્ષને 520 માંથી 350 બેઠકો મળી તથા 43.5 ટકા મત મળ્યા.લોકસભા અને વિધાન સભાની ચૂંટણીઓ અલગથી યોજી વિરોધ પક્ષોનો વધતો પ્રભાવ અટકાવ્યો. 'ગરીબી હટાવો' અને વિદેશ નીતિના રાષ્ટ્રીય મુદ્દા આગળ કરી કેન્દ્રમાં સત્તા ટકાવી રાજકીય પ્રક્રિયામાં નવા સમૂહો અને વર્ગો પ્રવેશ્યા જેથી સ્પર્ધા વધી. રાજયોમાં મિશ્ર પક્ષ સરકારોના ગઠન થયા. કેન્દ્રમાં સત્તાના એકહથ્થું ઉપયોગ વધ્યા. કોંગ્રેસ સરકાર અને સંગઠનનો ઢાંચો વ્યક્તિ કેન્દ્રી બન્યો. ચૂંટણીઓના બદલે નેતાઓની નિમણૂકો થવા લાગી. રાજકીય સંસ્થાઓ પાંગળી બની. બંધારણના શિરમોર રત્ન જેવા સમવાયતંત્રના ઢાંચા પર સંકટ ઘેરાવા લાગ્યું. કેન્દ્ર અને રાજય વચ્ચેના સબંધો બગડયા. પ્રાદેશિક કક્ષાએ લોકસ્વીકૃતિ પામેલા પક્ષના નેતૃત્વની ઉપેક્ષાથી પક્ષ પ્રથા દબાણમાં આવી.*

*વિરોધપક્ષોને કોંગ્રેસને ભીસમાં લેવાના નવા મુદ્દા મળ્યા. આથી રાજયોમાં પક્ષના સરકતા જનાધારને બચાવવા તથા મજબૂત કરવા કોંગ્રેસે લોકરંજક નીતિઓ અપનાવી. બેંકોનું રાષ્ટ્રીયકરણ, સાલિયાણા નાબૂદી, ગરીબી નિવારણ યોજનાઓ બનાવી, જેનો ચૂંટણીઓમાં કંઈક લાભ મળ્યો. કથળતી આર્થિક સ્થિતિ જેવી કે વિદેશી હુંડિયામણની અછત, ભાવ વધારો, બેકારી, ભૂખમરાએ કોંગ્રેસના પડકારો વધાર્યા. સરકાર વિરોધી આંદોલનનો ઉગ્ર બન્યા. વિરોધપક્ષોનો જનાધાર વધ્યો.*

14.3.3.3 1975 – 1977*:કટોકટીનો કપરો અલ્પકાળ*

*આ તબક્કો ખૂબ ટૂંકો છે પરંતુ એનું મહત્ત્વ ઘણું છે.* 1975*માં અંગત સ્વાર્થમાં ઈન્દિરા ગાંધીએ કટોકટીની ઘોષણા કરી તમામ રાજકીય વિરોધીઓને જેલમાં પુર્યા.* 19 *મહિના સુધી મૂળભૂત અધિકારો સમેત બંધારણ, સંસદ, માધ્યમો પ્રતિબંધિત રહ્યા. કોંગ્રેસની અંદર પણ કટોકટી સર્જાઈ. પીએમઓ* (Prime Minister's Office) *માં સત્તા કેન્દ્રિત થઈ. કેબિનેટ નબળી પડી. વિરોધનો સુર ગેરશિસ્ત બન્યો. લોકશાહી મૂલ્યો અને સંસ્થાઓ નબળી પડી. વિરોધપક્ષોને એકતા સાધવાની તક મળી. કટોકટી દૂર થતાં, સખત વિરોધ જાગ્યો.* 1977 *ની ચૂંટણીમાં કોંગ્રેસ ખરાબ રીતે હારી. નાગરિકોને લોકશાહી મૂલ્યોનું મહત્ત્વ સવિશેષ સમજાયું.*

14.3.3.4 1977 – 1980*:મિશ્ર પક્ષોની જનતા સરકારનો અસ્થિર તબક્કો*

*આ તબક્કામાં કોંગ્રેસની હાર થઈ, જનતા પક્ષની સરકાર રચાઈ જે ત્રણ વર્ષ જ ચાલી અને* 1980 *ની ચૂંટણીમાં ઈન્દિરા ગાંધી એ કોંગ્રેસને જીતાડી સત્તા પુનઃ પ્રાપ્ત કરી. જનતા સરકાર એકતા અને સ્થિરતાની દૃષ્ટિએ " દેડકાંની પાંન્શેરી " જેવી રહી. આંતર- ઘટકપક્ષ વિખવાદ, વ્યક્તિત્વના ઘમંડભર્યા ટકરાવ, સતત તણાવ અને સત્તાની ખેંચતાણે અસ્થિરતા સર્જી. સામ્યવાદી પક્ષો જનતા પક્ષમાં જોડાયા ન હતા. જનતાપક્ષે* 55 *ટકા બેઠકો અને* 43 *ટકા મતો મેળવી મોટો વિજય મેળવ્યો હતો, પરંતુ એને પચાવવામાં અસમર્થ રહ્યો.* 1978*ની* 17 *રાજયની વિધાનસભાની ચૂંટણીઓમાંથી* 7 *માં સરકાર બનાવી. એકપક્ષ પ્રભાવ પ્રથાનો અંત થયો. પાંચ પક્ષો (કોંગ્રેસ – સંગઠન, જનસંઘ, સમાજવાદી પક્ષ, લોકદળ, કોંગ્રેસ ફોર ડેમાક્રસી) ની બનેલી જનતા પક્ષ સરકારે કટોકટીમાં નુકશાન પામેલી મહત્ત્વની બંધારણિય અને રાજકીય સંસ્થાઓની ગરીમા પુનઃસ્થાપી. વિકેન્દ્રીકરણની દિશામાં નોંધપાત્ર યોગદાન કર્યુ.*

14.3.3.5 1980 – 1989:*કોંગ્રેસની ભવ્ય વાપસી પરંતુ વિખરાવ અને પ્રાદેશિક પક્ષો સાથે ટકરાવનો તબક્કો*

*જનતા પક્ષના સાથી પક્ષો વિખેરાઈ જતાં તથા પક્ષ પ્રથામાં નાના પક્ષો ઉમેરાતા વિસ્તાર થયો. 'સ્થિર સરકાર'આપવાના વચનથી* 1980*ની ચૂંટણીમાં કોંગ્રેસની જીત થઈ.* 1984*માં ઈન્દિરા ગાંધીની હત્યા પછી યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો ઐતિહાસિક ભવ્ય વિજય થયો. કોંગ્રેસને* 415 *બેઠકો અને* 48 *ટકા મત મળ્યા. હારમાંથી પાઠ ભણી ભાજપ અને સામ્યવાદી પક્ષો વિચારસરણી અને સંગઠનની દૃષ્ટિએ વધારે દૃઢ થયા. ભાજપને ફક્ત* 2 *બેઠકો અને* 7.4 *ટકા મત મળ્યા. બંને સામ્યવાદી પક્ષોને* 28 *બેઠકો અને* 8.4 *ટકા મત મળ્યા. ઉત્તર ભારતમાં હિંદીભાષી રાજ્યોમાં ભારતીય લોકદળે* (BLD)*રાજ્યોની વિધાનસભા અને લોકસભાની બેઠકો ઉપર પકડ સાચવી રાખી હતી. હરિયાણા, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા, ત્રિપુરા, કેરળ જેવા રાજ્યોમાં બિન-કોંગ્રેસ પક્ષોનો દબદબો દેખાવા લાગ્યો હતો. કોંગ્રેસનો જનાધાર ફરીથી સરકયો. રાજ્યોમાં કોંગ્રેસે સત્તા ગુમાવી. કોઠા*-1 *માં* 1984 *અને* 1989 *ની ચૂંટણીના આંશિક પરિણામોની તુલનાત્મક ઝાંખી મળશે.*

**કોઠો-1: 1984 અને 1989 ની ચૂંટણીના આંશિક પરિણામો**

| *ક્રમ* | *રાજકીય પક્ષ* | 1984 | | 1989 | |
|---|---|---|---|---|---|
| | | *કુલ બેઠકો જીત્યા* | *કુલ મત મળ્યા* (%) | *કુલ બેઠકો જીત્યા* | *કુલ મત મળ્યા* (%) |
| 1 | *કોંગ્રેસ* | 415 | 48.1 | 197 | 39.5 |
| 2 | *ભારતીય જનતા પક્ષ* | 02 | 7.4 | 86 | 11.5 |
| 3 | *જનતા દળ* | - | - | 142 | 17.7 |
| 4 | *સી.પી.આઈ.* | 06 | 2.7 | 12 | 2.6 |
| 5 | *સી.પી.એમ.* | 22 | 5.7 | 33 | 6.5 |
| 6 | *અપક્ષ* | 05 | 8.1 | 12 | 5.2 |
| 7 | *અન્ય* | 44 | 10.0 | 44 | 12.2 |

*સ્રોત :* **રોબર્ટ એલ. હાર્ડગ્રેવ, જુ.(2000), ઈન્ડિયા : ગવર્મેન્ટ એન્ડ પોલિટીકસ ઈન એ ડેવલપીંગ નેશન, pp. 352 – 353.**

1989 *ની ચૂંટણીના પરિણામે પક્ષ પ્રથામાં ફરી મોટો ફેરફાર કર્યો. કોંગ્રેસે ફક્ત* 8.6 *ટકા મત ગુમાવતા,* 218 *બેઠકો ગુમાવી. ભાજપે* 1984 *ની* 2 *બેઠકોથી વધીને* 86 *બેઠકો મેળવી. બંને સામ્યવાદી પક્ષોએ* 28 *થી આગળ વધીને* 45 *બેઠકો જીતી. મતની ટકાવારીમાં નાનો ફેરફાર બેઠકોનું ચિત્ર ગુણાત્મક રીતે*

*બદલી નાંખે છે. ભાજપનો જનાધાર* 4.1 *ટકા જેટલો વધ્યો તેથી* 86 *બેઠકો મળી. આ તબક્કો બિન-કોંગ્રેસ પક્ષોના પુનઃ ઉદયનો તબક્કો રહ્યો.*

14.3.3.6 1990 – 1998 :*એકપક્ષની બહુમતિ સરકારનો અંત અને કાચા જોડાણોની સરકારોનો અસ્થિર દશક*

1990 *માં થયેલી વિધાનસભાની ચૂંટણીઓમાં બિન-કોંગ્રેસી પક્ષોએ સ્થિતિ સુધારી. સરકારિયા પંચની ભલામણો એ રાજ્યોની સ્થિતિમાં ઠીક-ઠીક સુધારો કર્યો હતો. મંડળ પંચની ભલામણોથી પછાત જ્ઞાતિઓ માટે* (OBC) *ની અનામત વધી.* 1989-90 *માં ભાજપ દ્વારા આયોજિત રથયાત્રાએ સંગઠન અને રાજકીય સ્પર્ધામાં નવી શક્તિનો સંચાર કર્યો. ભાજપનો જનાધાર વધ્યો.* 1989 *ની ચૂંટણી પછી* 1991 *ની ચૂંટણીમાં જનાધાર* 8.6 *ટકા વધ્યો.*1989 *માં વી.વી.સિંહે કોંગ્રેસ છોડી બોફોર્સ તોપ ભ્રષ્ટાચાર મુદ્દે જન આંદોલન છેડીને વૈકલ્પિક જનાધાર ઉભો કર્યો. એમના જનતા પક્ષને* 1989 *ની ચૂંટણીમાં* 142 *બેઠકો મળી. પક્ષ પ્રથાના આ તબક્કામાં કોંગ્રેસનો પ્રભાવ ઓસર્યો અને જનાધાર ગુમાવ્યો. કોઠા-*2 *ની આંકડાકિય માહિતી પક્ષ પ્રથામાં થયેલા બદલાવને સ્પષ્ટ કરે છે.* 1991 *ની લોકસભા ચૂંટણીમાં એકેય પક્ષને સ્પષ્ટ બહુમતિ ના મળી. પરંતુ કોઠા-* 2 *માં દેખાય છે કે બેઠક અને મત ના બંને મોરચે બિન-કોંગ્રેસી પક્ષોનો દેખાવ સુધર્યો છે. કોંગ્રેસના મત ઘટયા છે પણ બેઠકો વધી છે. જયારે ભાજપના મત અને બેઠક બંને વધ્યા છે.* 1998 *સુધી કોઈપણ પક્ષને લોકસભામાં બહુમતિ માટે જરૂરી એવી* 272 *બેઠકો ના મળી.*

**કોઠો-2 : 1991 માં યોજાયેલી લોકસભાની ચૂંટણીનું આંશિક પરિણામ**

| *ક્રમ* | *રાજકીય પક્ષ* | *કુલ બેઠક જીત્યા* | *કુલ મત મળ્યા* (%) |
|---|---|---|---|
| 1 | *કોંગ્રેસ* | 232 | 36.5 |
| 2 | *ભાજપ* | 120 | 20.1 |
| 3 | *જનતાદળ* | 59 | 11.8 |
| 4 | *સી.પી.આઈ.* | 14 | 2.5 |
| 5 | *સી.પી.એમ.* | 35 | 6.2 |
| 6 | *ટીડીપી (તેલુગુદેશમ પાર્ટી)* | 13 | 3.0 |
| 7 | *સમાજવાદી જનતા પાર્ટી* | 05 | 3.4 |
| 8 | *અન્ય પક્ષો* | 41 | 12.1 |
| 9 | *અપક્ષ* | 01 | 3.9 |

**સ્રોત :** *ડેવિડ બટલર તથા અન્ય* (1995), *ઈન્ડિયા ડીસાઈડ્ઝ : ઈલેકશન્સ* 1952–1995. P.67.

1990 ના દાયકામાં કુલ ચારવાર લોકસભાની ચૂંટણીઓ યોજવી પડી તે દર્શાવે છે કે પક્ષ પ્રથા ઝડપથી બદલાઈ હતી. ચૂંટણીઓની સ્પર્ધાનું કેન્દ્ર રાષ્ટ્રીય કક્ષા મટીને રાજયોમાં સ્થિર થયું હતું. રાજયોમાં પ્રાદેશિક પક્ષોનો જનાધાર વધ્યો હતો. આથી સંસદમાં નાની સંખ્યામાં બેઠકો ધરાવતા હોવા છતાંય સંઘ સરકારની સત્તા, નીતિઓ, નેતૃત્વમાં પ્રાદેશિક પક્ષોનો પ્રભાવ વધ્યો હતો. આ ઘટના ક્રમે રાષ્ટ્રીય પક્ષના નેતૃત્વમાં બહુપક્ષ પ્રથા અને જોડાણવાદી સરકારના યુગના મંડાણ કર્યા. પરંતુ 1999 માં સ્થિરતા આવી તે પહેલાની અસ્થિરતાનો સહેજ ખ્યાલ મેળવી લઈએ. 1991 માં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતિ ના મળ્યા છતાંય સદનનો સૌથી મોટો પક્ષ હોવાને લીધે સરકાર બનાવવાની તક મળી. હાલક-ડોલક અસ્થિર સ્થિતિમાં પરાણે કાર્યકાળ પુરો કર્યો. 1996-98 નો સમય સંપૂર્ણ રીતે અસ્થિરતા અને અરાજકતાનો રહ્યો. વિવિધ સત્તા—ગરજાઉ પ્રાદેશિક પક્ષોના બનેલા સગવડિયા જોડાણો (Alliances) નબળા અને અલ્પજીવી નીવડયા. 1996 માં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભર્યો પરંતુ સ્પષ્ટ બહુમતિ ના મળી. અટલ બિહારી બાજપાઈ 13 દિવસથી વધારે સરકાર ના ચલાવી શકયા. 14 પક્ષોનો બનેલો જનતાપક્ષનો સંયુક્ત મોરચો દેવગૌડાના નેતૃત્વમાં સરકાર બનાવવામાં સફળ રહ્યો. પરંતુ એક વર્ષ જ ટકયો. ત્યારબાદ કોંગ્રેસના બાહ્ય ટેકાથી 16 પક્ષોની બીજી એક જોડાણવાદી સરકાર આઈ.કે. ગુજરાલના વડાપ્રધાન પદ હેઠળ બની, જે 8 મહિના જ ટકી. 1998 માં દશકની ત્રીજી ચૂંટણી યોજાઈ જેમાં ભાજપને 182 બેઠકો મળી પરંતુ સ્પષ્ટ બહુમતિ ના મળી. બાજપાઈના નેતૃત્વમાં બીજીવાર જોડાણવાદી સરકાર બની જે 11 મહિના જ ચાલી અને અન્નાડીએમકેના જયલલિતાએ ટેકો ખેંચી લેંતા તૂટી ગઈ.

### 14.3.3.7 1999–2014 : એનડીએ તથા યુપીએની સ્થિર જોડાણવાદી સરકારોનો તબક્કો

1999 માં નેવુના દશકની ચોથી ચૂંટણી યોજાઈ. ત્રણ—ચાર વર્ષના ટૂંકા ગાળામાં બાજપાઈ ત્રીજીવાર વડાપ્રધાન બન્યા.ભાજપના નેતૃત્વ હેઠળ ચૂંટણી પહેલાં જ 22 પક્ષો 'રાષ્ટ્રીય લોકતાંત્રિક જોડાણ' (NDA : National Democratic Alliance) માં સામેલ થયા અને 'કોમન મિનિમમ પ્રોગ્રામ' બનાવ્યો. એનડીએ સરકારે પક્ષ પ્રથાને સ્થિર કરી. પક્ષો અને એમના જનાધારો જુદા હોઈ શકે પરંતુ સર્વસંમતિ સાધી દેશને સ્થિર જોડાણવાળી સરકાર આપી શકાય છે તે સિદ્ધ કર્યુ. આ સરકારે સરળતાથી પાંચ વર્ષની મુદત પુરી કરી હોત પરંતુ ભાજપના 'ભારત ઉદય' અને 'ઈન્ડિયા શાઈનીંગ' ની ઉતાવળી તરજ પર 2004 ની ચૂંટણી 8 મહિના વ્હેલી યોજી જેમાં એનડીએની હાર થઈ. કોંગ્રેસના નેતૃત્વ હેઠળ ગઠિત 'સંયુક્ત પ્રગતિશીલ જોડાણ' (UPA : United Progressive Alliance) વિજયી થયું. કોઠા-3 માં દર્શાવાયું છે કે બંને

*જોડાણોને મળેલા મતોની ટકાવારીમાં બહું ફર્ક નથી પરંતુ બેઠકોમાં ફર્ક પડયો છે. એનું કારણ ચૂંટણી વ્યવસ્થાની 'પહેલો પહોચ્યો પહેલો પામ્યો'* (FPTP : First Past The Post) *ના સિદ્ધાંતમાં તથા મત ગણતરીની પદ્ધતિમાં રહેલું છે.*

**કોઠો-3 : 2004 ની લોકસભાની ચૂંટણીનું આંશિક પરિણામ**

| *ક્રમ* | *રાજકીય જોડાણ / પક્ષ* | *કુલ બેઠક લડયા* | *કુલ બેઠક જીત્યા* | *કુલ મત મળ્યા* (%) |
|---|---|---|---|---|
| 1 | *એનડીએ* | 543 | 189 | 35.9 |
| 2 | *ભાજપ* | 364 | 138 | 22.2 |
| 3 | *ભાજપના સાથી પક્ષો* | 179 | 51 | 13.7 |
| 4 | *યુપીએ* | 533 | 221 | 35.8 |
| 5 | *કોંગ્રેસ* | 413 | 145 | 26.4 |
| 6 | *કોંગ્રેસના સાથી પક્ષો* | 120 | 76 | 9.4 |
| 7 | *ડાબેરી પક્ષો (સીપીઆઈ-સીપીએમ)* | 112 | 62 | 8.1 |
| 8 | *બહુજન સમાજ પક્ષ* | 435 | 19 | 5.3 |
| 9 | *સમાજવાદી પાર્ટી* | 247 | 39 | 4.9 |

**સ્રોત :** *સીએસડીએસ ડેટા યુનીટ* (As in: Sandeep Shastri, K.C. Suri, and Yogendra Yadav ed. (2004), *Electoral Politics in Indian States*. New Delhi : OUP, p.4.)

*આ તબકકાની પક્ષ પ્રથાની બારીક સમજ માટે* 2004*માં ચૂંટણી લડેલા 'એનડીએ' અને 'યુપીએ'ના જોડાણોના ઘટક પક્ષોને જાણવા જોઈએ. 'એનડીએ'માં કુલ* 13 *પક્ષો હતા, જેવા કેઃ ભાજપ, ટીડીપી, જેડીયુ, આઈએફડીપી, શિવસેના, બીજેડી, અકાલીદળ, ટીએમસી, અન્નાડીએમકે, એમએનએફ, એસડીએફ, એનપીએફ, એક અપક્ષ સભ્ય. એવી જ રીતે 'યુપીએ' માં કુલ* 18 *પક્ષ હતા – જેવા કે : કોંગ્રેસ, ટીઆરએસ, આરજેડી, એલજેએનએસપી, એનસીપી, જેએમએમ, પીડીપી, એમયુએલ, કેસીએમ, જેડીએસ, આરપીઆઈ, આરપીઆઈ (આંબેડકર), પીઆરપીબી, ડીએમકે, એમડીએમકે, પીએમકે, પીડીએસ, અરુણાચલ કોંગ્રેસ અને* 6 *અપક્ષ સભ્યો. મહત્ત્વનો મુદ્દો એ છે કે આ જોડાણો પણ ટકાઉ ન હતા. નીતિ વિષયક મતભેદ થાય એટલે જોડાણવાળી સરકાર છોડી દેવાના અથવા છોડવાની ધમકી આપવાના કિસ્સા બન્યા. આ તબક્કામાં 'રિસામણા-મનામણા' ની અસંખ્ય ઘટનાઓ બનતી રહી અને કુનેહપૂર્વક ઉકેલાતી પણ રહી. જોડાણવાદી પક્ષ પ્રથાએ સ્થિર અને અસરકારક સરકાર આપી. બંને યુતિ સરકારોએ પોતાની મુદત પુરી કરી તે તમામ નાના-મોટા પક્ષો દ્વારા જવાબદાર, પુખ્ત અને સંયમી રાજકીય વર્તનનો તબકકો ગણી*

*શકાય.* 2009*ની* 15*મી લોકસભાની ચૂંટણીમાં જૂજ ફેરફારો સાથે બંને જોડાણો અકબંધ રહીને ચૂંટણી લડયા.*

*સાતમા તબક્કાની પક્ષ પ્રથા દર્શાવે છે કે કોઈપણ એક પક્ષને સ્પષ્ટ બહુમતિ નહિ મળવાની ભાત* (Pattern) *ચાલુ રહી. 'યુપીએ' સરકારે ગરીબલક્ષી 'મનરેગા'* (MNREGA: *મહાત્મા ગાંધી નેશનલ રુરલ એમ્પલોયમેન્ટ ગારંટી એક્ટ,* 2005 *અને 'નરેગા'* (NREGA) *યોજનાઓ શરૂ કરી જનાધાર મજબુત કર્યો. કર્મચારીઓના વેતનોમાં ભારે મોટો વધારો કર્યો. આથી આ સરકારને મુદત પુરી થયે* 2009*ની ચૂંટણીમાં બીજો કાર્યકાળ મળ્યો. જોકે રાજયોમાં કોંગ્રેસના મત પ્રાદેશિક પક્ષમાં જતા રહ્યા.* 2004*માં કોંગ્રેસને મળેલી* 145 *બેઠકોથી વધીને* 2009 *માં કોંગ્રેસને* 206 *બેઠકો મળી. સોળ રાજયોમાં કોંગ્રેસની સ્થિતિ સુધરી. નહેરૂં પછી મનમોહનસિંહને સતત બીજો કાર્યકાળ મળ્યો. વિકાસ અને ગરીબલક્ષી કામોથી જનાધાર ટકાઉ બન્યો તેવું રાજયોમાં પણ થયું. દિલ્હીમાં શિલા દિક્ષિત, ગુજરાતમાં નરેન્દ્ર મોદી, ઓડિસામાં નવીન પટનાયક બબ્બે - ત્રણ ત્રણ મુદત માટે ચૂંટાયા.* 2011– 2013*દરમ્યાન 'યુપીએ' સામે ભ્રષ્ટાચાર અને નબળા શાસનના બેશુમાર આરોપો થયા. અન્ના હજારેના ભ્રષ્ટાચાર વિરોધી ધરણા, અનશનને ખૂબ પ્રતિસાદ મળ્યો. 'યુપીએ' અને કોંગ્રેસ પ્રત્યે અસંતોષ વધ્યો. ભાજપે નરેન્દ્ર મોદીને* 2014 *ની ચૂંટણી માટે પ્રધાનમંત્રીના ઉમેદવાર જાહેર કર્યા. જોડાણવાદી વ્યૂહરચનાઓ ચાલુ રહી.*

14.3.3.8 2014 – 2020 : *બિન કોંગ્રેસી 'એક પક્ષ પ્રભાવ' પ્રથાના પુનઃ આગમનનો તબક્કા*

*પક્ષ પ્રથાનો વર્તમાન તબકકો ઐતિહાસિક અને અજોડ છે. નરેન્દ્ર મોદી પ્રથમ બિન- કોંગ્રેસી વડાપ્રધાન બન્યા જેમણે લોકસભામાં સ્પષ્ટ બહુમતિ મેળવી અને પાંચ વર્ષની મુદત પુરી કરી, બીજી મુદત પણ વધારે સારા દેખાવથી મેળવી. 'એનડીએ' ની જોડાણવાદી સરકાર હોવા છતાંય, સત્તાનું કેન્દ્ર પીએમઓ અને ભાજપમાં છે તે સુવિદિત છે. વડાપ્રધાન મોદીનું પ્રભાવક નેતૃત્વ અને અમીત શાહનું સુચારૂં, સશકત સંગઠનિય સંચાલન બેનમૂન છે. વિશ્વમાં ભાજપને સૌથી મોટી સભ્ય સંખ્યા ધરાવતો પક્ષ બનાવ્યો. અપાર નાણા શક્તિ વધારી. બીજે છેડે કોંગ્રેસની સતત બે ચૂંટણીઓમાં કમરતોડ હારથી પક્ષ વેરવિખેર અવસ્થામાંથી ગુજરી રહ્યો છે. કોઠા-*4 *માં આપેલા પરિણામો જોઈએ તો મતોની ટકાવારીની દૃષ્ટિએ જુદુ જ ચિત્ર ઉપસે છે. બેઠકોની દૃષ્ટિએ મજબૂત લાગતો પક્ષ, મતોની ટકાવારીની દૃષ્ટિએ એટલો મજબૂત નથી લાગતો.* 2019*માં ભાજપને મળેલી* 303 *બેઠકો અજય લાગે છે. પરંતુ એના* 37.36 *ટકા મતમાંથી* 6-7 *ટકા મત ખસે, તો બેઠકોમાં મોટું ગાબડું પડી શકે છે. એની સામે કોંગ્રેસ* 2019 *માં* 52 *બેઠકો સાથે અત્યંત નબળી અને પાયમાલ સ્થિતિમાં હોવાનું લાગે છે. પરંતુ એના* 19.49 *ટકા મતમાં* 6-7 *ટકાનો ઉમેરો*

થાય તો બેઠકોનું ચિત્ર બેવડાઈ કે ત્રેવડાઈ જઈ શકે છે. આ પરિબળને લઈને ચૂંટણીઓના પરિણામના દિવસે બધાના શ્વાસ અદ્ધર હોય છે.

**કોઠો-4 : લોકસભાની 2014 અને 2019 ની ચૂંટણીઓના આંશિક પરિણામો.**

| ક્રમ | રાજકીય જોડાણ / પક્ષ | 2014 | | 2019 | |
|---|---|---|---|---|---|
| | | કુલ બેઠક જીત્યા | કુલ મત મળ્યા (%) | કુલ બેઠક જીત્યા | કુલ મત મળ્યા (%) |
| 1 | એનડીએ | 336 | 38.3 | 353 | 44.2 |
| 2 | ભાજપ | 282 | 31.1 | 303 | 37.36 |
| 3 | ભાજપના સાથી પક્ષો | 54 | 7.2 | 50 | 6.56 |
| 4 | યુપીએ | 59 | 23.3 | 91 | 25.6 |
| 5 | કોંગ્રેસ | 44 | 19.5 | 52 | 19.49 |
| 6 | કોંગ્રેસના સાથી પક્ષો | 15 | 3.7 | 39 | 5.02 |
| 7 | બસપા | 00 | 4.1 | 10 | 3.7 |
| 8 | ડાબેરી પક્ષો | 12 | 4.8 | 5 | 2.4 |
| 9 | અન્ય | 136 | 29.8 | 99 | 30.2 |

સ્રોત : ચૂંટણી પંચની વેબસાઈટ**eci.gov.in** તથા **results.eci.gov.in** પરથી સારવેલા પરિણામો.

રાષ્ટ્રીય સ્તરે નવી બિન કોંગ્રેસી એક પક્ષ પ્રભાવ પ્રથા વિકસી છે એવું કહી શકાય પરંતુ રાજ્યમાં ગંઠબંધનના સાથી પક્ષો એક બીજા વિરૂદ્ધ સ્પર્ધા કરતા જણાયા છે. બિહાર, મહારાષ્ટ્ર, ઓડિસા જેવા રાજ્યોમાં જોડાણના પક્ષો રાષ્ટ્રીય સ્તર જેવી જ તરજ પર ચૂંટણી જોડાણો કરી સત્તામાં આવે છે. અમુક રાજ્યોમાં પણ સ્પષ્ટ બહુમતિ નથી મળતી માટે પક્ષોએ જોડાણ કરવા પડે છે. કોઠા-3 અને 4 જોતાં જણાય છે કે પક્ષ પ્રથામાં થતા ચઢાવ-ઉતારના બદલાવો ચૂંટણી પદ્ધતિ (FPTP) ની ખામી કે ઉણપને લઈને હોઈ શકે. પક્ષ પ્રથાના આ તબક્કામાં એક નવું પરિમાણ ઉમેરાયું છે તે યેન, કેન, પ્રકારેણકેન્દ્રમાં અને તે માટે અમુક રાજ્યોમાં ચુનાવી વર્ચસ્વ જાળવી રાખવાના સંઘર્ષની તીવ્રતાનું છે. પ્રતિસ્પર્ધી પક્ષની ચૂંટાયેલી સરકારને અસ્થિર કરી, રાજ્યપાલની સત્તાનો દૂરઉપયોગ કરી, શંકાશીલ નાણા શક્તિ કે 'ઈડી-આઈટીડી' ની ધાક ધમકીથી ગબડાવી રાજ્યસભામાં બહૂમતિ મેળવવાના શાસક પક્ષના પ્રયાસો ચિંતાજનક છે.

સમાપન અને સારાંશની દૃષ્ટિએ જોઈએ તો જણાય છે કે 1947 થી 2020 સુધીના આઠ તબક્કામાંથી પસાર થયેલી 'ભારતીય પક્ષ પ્રથા' ની લાંબી વિકાસ યાત્રામાંથી કેટલાક મહત્ત્વના સૂચિતાર્થો ઉપલબ્ધ થાય છે. કટોકટી જેવા અપવાદને બાદ કરતા ભારતીય પક્ષ પ્રથાએ લોકશાહી મૂલ્યો અને બંધારણિય જોગવાઈઓ તેમજ ચૂંટણી પંચના આદેશોનો સન્માનપૂર્વક સ્વીકાર કરી પોતાના જે તે પક્ષની કામગીરી કરી છે. પક્ષોમાં

*આંતરીક લોકશાહીની વિકટ સમસ્યઓ છે પરંતુ ભારતીય સમાજમાં ઊંડે ઉતરતી લોકશાહી અને બંધારણની પ્રણાલીકા અને પરંપરાની મર્યાદામાં રહીને જન અભિલાષાઓ અભિવ્યકત થાય છે તે મહત્ત્વની ઉપલબ્ધી છે. સામંતવાદી મૂલ્યો અને માનસિકતાને બદલે આધુનિક લોકશાહી મૂલ્યો પ્રસ્થાપિત થઈ રહ્યા છે તે સારા રાજકીય ભવિષ્યનો સંકેત છે.*

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

**(અ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે જણાવો.**

1. *સંખ્યાત્મક દ્દષ્ટિકોણથી જોતાં મુખ્યત્વે બે પ્રકારની પક્ષ પ્રથા વર્ગીકૃત થઈ છે.*
2. *મુસ્લીમ લીગની સ્થાપના મહમદઅલી જિન્નાએ કરી હતી.*
3. *હિંદુ મહાસભાની સ્થાપના કેશવ બી. હેડગેવારે કરી હતી.*
4. *તામિલનાડુમાં થયેલા બ્રાહ્મણવાદ વિરોધી આંદોલનનું નેતૃત્વ ઈ.વી.રામાસામીએ કર્યુ.*
5. *'સવિનય મવાળો' અને 'લડાયક જહાલો' એ ભારતીય સામ્યવાદી પક્ષના આંતરિક જૂથો હતા.*
6. *પક્ષ પ્રથાના પ્રથમ તબક્કામાં એકજ પક્ષનો પ્રભાવ અને વર્ચસ્વ રહ્યા.*
7. 1980 *માં પ્રથમવાર કેન્દ્રમાં મિશ્ર પક્ષોની બનેલી સરકાર અસ્તિત્વમાં આવી.*
8. 1984 *ની લોકસભાની ચૂંટણીમાં ભાજપને ફકત બે બેઠકોજ મળી.*

*(બ) આંદોલનમાંથી જન્મેલા રાજકીય પક્ષોની સંક્ષિપ્ત ચર્ચા કરો.*

.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.........................................................................
.......................................................................

*(ક)* 1967 *થી* 1980 *ના તબક્કાઓની પક્ષ પ્રથાનું ટૂંકમાં વર્ણન કરો.*

..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................

*(ડ)* 2014- 2020 *ના તબક્કાની પક્ષ પ્રથામાં થયેલા ઐતિહાસિક બદલાવની ચર્ચા કરો.*

..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................

.........................................................................................................

.........................................................................................................

## 14.4 મુખ્ય રાજકીય પક્ષો

*મુખ્ય કે ગૌણ તથા રાષ્ટ્રીય કે પ્રાદેશિક પક્ષોનો વિગતવાર અભ્યાસ કરીએ તે પહેલાં પક્ષોના પ્રચલિત વર્ગીકરણોનો પરિચય મેળવીએ. ત્યારબાદ જે તે રાજકીય પક્ષનો પદ્ધતિસરનો અભ્યાસ કરવો હોય તો તે માટે જરૂરી સૈદ્ધાંતિક માળખાને સંક્ષિપ્તમાં સમજી લઈએ.*

### 14.4.1 રાજકીય પક્ષોના કેટલાક વર્ગીકરણ

*આ ખંડમાં ત્રણ પ્રકારના વર્ગીકરણ તપાસીસું.*

14.4.1.1 *ચૂંટણીપંચની માન્યતા આધારીત વર્ગીકરણ*

*ભારતમાં ચૂંટણી પંચ રાજકીય પક્ષોને ત્રણ પ્રકારની માન્યતા આપે છે.* 2019 *ની સામાન્ય ચૂંટણી વખતે ચૂંટણી પંચમાં કુલ* 2598 *રાજકીય પક્ષોની અધિકૃત નોંધણી હતી. ચૂંટણી પંચે જ એના માપદંડો મુજબ આ તમામ પક્ષોનું ત્રણ પ્રકારમાં વર્ગીકરણ કર્યું છે :* (1) *'રાષ્ટ્રીય પક્ષ' નો દરજ્જો પામેલા કુલ* 8 *પક્ષો છે. જેવા કે કોંગ્રેસ, સીપીઆઈ, સીપીએમ, ભાજપ, બસપા, ટીએમસી, એનસીપી, નેશનલ પીપલ્સ પાર્ટી.* (2)*'રાજ્ય કક્ષાના પક્ષો'* (State Parties)*નામની બીજી શ્રેણિમાં કુલ* 52 *રાજકીય પક્ષો છે, જેવા કે : ડીએમકે, બીજેડી, જેકેપીડીપી, અકાલીદળ, એનસી, ઝારખંડ પાર્ટી, ટીડીપી, શિવસેના વિગેરે.*

14.4.1.2 *વિચારસરણી આધારીત વર્ગીકરણ*

*રાજકીય પક્ષોને મોટે ભાગે ત્રણ વિચારસરણી-આધારીત પ્રકારમાં વહેચાય છે : (અ) ડાબેરી કે વામપંથી* (Leftist) *(બ) જમણેરી* (Rightist) *અને (ક) મધ્યમમાર્ગી અથવા કેન્દ્રવર્તી* (Centrist).*રાજકારણની લેખીત કે મૌખિક ચર્ચામાં આપણને જે શબ્દો વારંવાર સાંભળવા – વાંચવા મળે છે તે છે : ઉદારમતવાદી, મવાળ, ઉદ્દામમતવાદી* (Radical) , *રૂઢિવાદી અને પ્રત્યાઘાતી* (Reactionary).*જે તે વિચારધારાને અભિવ્યક્ત કરતા આ ખાસ શબ્દોનો અર્થ સમજીએ. રાજકીય પક્ષો મતદારોને સમાજમાં પરિવર્તનના વચન આપે છે. પરંતુ એ પરિવર્તનની ગતિ કેવી હશે, પદ્ધતિ કે સાધન કેવા હશે, કેવી નીતિઓ, કાર્યક્રમો દ્વારા પરિવર્તન લાવશે એની સ્પષ્ટતાથી જે તે રાજકીય પક્ષનું આપણે વિચારધારાકીય ચરિત્રણ, આલેખન અથવા વર્ણન કરી શકીએ છીએ. આપણે જાણીએ છીએ કે સમાજમાં અમુક વર્ગો પોતાના સ્થાપિત હિતોને લીધે આમૂલ*

*પરિવર્તનના વિરોધમાં હોય છે. આવા મતદારો રૂઢિવાદી અને પ્રત્યાઘાતી વિચારસરણીવાળા પક્ષને મત આપશે, જે જમણેરી પક્ષો તરીકે ઓળખાય છે. બીજા છેડે, સમાજમાં અમુક વર્ગો એમની સામાજિક- આર્થિક બેહાલી, ગરીબી, વંચિતતાને લઈને ઝડપી પરિવર્તન લાવી શકે તેવા પક્ષને પસંદ કરે છે. ઝડપી અને આમૂલ પરિવર્તન લાવવા ઈચ્છતા પક્ષોને ડાબેરી, ક્રાંતિકારી, ઉદ્દામમતવાદી તરીકે ઓળખાય છે. ડાબેરી અને જમણેરી વિચારધારાઓની વચ્ચેની સ્થિતિમાં રહીને જે પક્ષો લાંબાગાળે ક્રમશઃ પરિવર્તન લાવવા ઈચ્છતા હોય એમને મવાળ, ઉદારમતવાદી, નરમપંથી કે મધ્યમમાર્ગી તરીકે ઓળખાય છે.*

### 14.4.1.3 એ.એસ.નારંગનું ચાર શ્રેણીનું વર્ગીકરણ

*આ વર્ગીકરણ મુખ્યત્ત્વે ઉપરના બે મૂળ વર્ગીકરણોમાંથી તારવેલું વર્ગીકરણ છે. આ વર્ગીકરણ મુજબ રાજકીય પક્ષો ચાર પ્રકારના હોય છે :* (1) *અખિલ ભારતીય પક્ષો,* (2) *પ્રાદેશિક પક્ષો* (3) *સ્થાનિક પક્ષો, અને* (4) *વ્યક્તિગત માલિકી પક્ષો.પહેલાં અને બીજા પ્રકાર વિશે આપણે ખંડ* 14.4.1.1, 14.4.3.1 *અને* 14.5.1 *માંથી જાણકારી મેળવીશું.અહીં ત્રીજા અને ચોથા પ્રકારની ચર્ચા કરીએ. સ્થાનિકપક્ષોનો પ્રભાવ રાજ્યની કેટલીક બેઠકો પુરતો સિમીત હોય છે. આ પ્રકારના પક્ષો જડ વિચારધારાના મુદ્દા ઉગ્ર રીતે ઉછાળે છે. બંગાળમાં સોશ્યાલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા* (SUCI) *ફોરવર્ડ બ્લોક, સીપીઆઈ-એમએલ; મહારાષ્ટ્રમાં એકિકરણ સમિતિ, તેલંગાણા પ્રજા સમિતિ તથા હરિયાણામાં 'વિશાલ હરિયાણા પરિષદ' ત્રીજા પ્રકારના પક્ષો છે. નારંગનો ચોથો પ્રકાર પણ (અમુક અપવાદ બાદ કરતાં) ઓછા આવરદાવાળો છે. ફિલ્મ ઉધોગ સાથે સંકળાયેલા અને પડદા પરથી જનાધાર ઉભો કરી રાજકારણમાં પર્દાપણ કરે છે. તામિલનાડુમાં એમ.કરુણાનીધિ, એમ.જી. રામચંદ્રન, જયલલિતા, રજનીકાન્ત, કમલહસન જેવાઓએ આ પ્રકારના પક્ષો સ્થાપ્યા, હોદ્દા મેળવ્યા અને ખાનગી મિલકતની જેમ ચલાવ્યા. આંધ્રપ્રદેશમાં એન.ટી. રામારાવ, ચિરંજીવીએ પક્ષો સ્થાપ્યા. હિંદી ફિલ્મ ઉધોગે પક્ષો સ્થાપ્યા નહીં પણ સ્થાપિત પક્ષોમાં લોકપ્રિયતા વટાવી (જેવા કે હેમામાલિની, દિપિકા ચિખલિયા, સ્મૃતિ ઈરાની, રૂપા ગાંગૂલી, જયાપ્રદા, ધર્મેન્દ્ર, સની દેઓલ, ગોવિંદા વિગેરે). ફિલ્મો સિવાય, રાજકીય ક્ષેત્રમાં પણ અસંખ્ય વ્યક્તિકેન્દ્રી* (Personalistic) *પક્ષો ઉદ્ભવ્યા અને આથમ્યા. આમ, રાજકીય પક્ષોને ચૂંટણી પંચના નિયમો, વિચારસરણી, પ્રાદેશિકતા, પરિવારવાદ, મોહક-પ્રભાવી વ્યક્તિતત્વકેન્દ્રી દષ્ટિકોણોથી ખાસ સંદર્ભને અનુરૂપ વર્ગીકૃત કરાય છે.*

### 14.4.2 રાજકીય પક્ષોના અભ્યાસ માટે પાંચ મુદ્દાનું સૈદ્ધાંતિક માળખું

*કોઈપણ પ્રકારના, કોઈપણ રીતે વર્ગીકૃત થયેલા રાજકીય પક્ષનો પદ્ધતિસરનો સઘન અભ્યાસ કરવો હોય તો તે માટે રાજ્યશાસ્ત્રના વિધ્વાનોએ એક સૈદ્ધાંતિક માળખું ઉપલબ્ધ કર્યુ છે જે નીચે મુજબ પાંચ ભાગમાં છે.*

14.4.2.1 *ઉદ્ભવ, વિચારસરણી, સંગઠન, સામાજિક આધારો અને ચૂંટણી તથા શાસનલક્ષી કામગીરી*

*પ્રથમ મુદ્દો અભ્યાસ હેઠળના જે તે પક્ષના ઉદ્ભવ, સ્થાપનાની ચર્ચા કરે છે. ઉદ્ભવના સંજોગો, કારણો, સંદર્ભોનું વિશ્લેષણ કરે છે.*136 *વર્ષ જૂના કોંગ્રેસ પક્ષનો ઉદ્ભવ ખુબ જૂનો છે જયારે આજના સત્તાધીશ પક્ષ ભાજપનો ઉદ્ભવ* 40 *વર્ષ પહેલાં થયો હતો. બીજો મુદ્દો વિચારધારાનો છે. સમાજમાં વિવિધ સમૂહો, ખેમા, જૂથો, મંડળો, રાજકારણ વિશે તથા સામાજિક – આર્થિક પરિવર્તન વિશે જુદા જુદા વિચારો ધરાવતા હોય છે. વિચારકોના વિચારો વિચારધારાનું મૂળ ઉદ્ભવ સ્થાન છે. એના સિમાડા નથી હોતા પરંતુ કયારેક રાષ્ટ્રીયતા કે પ્રાદેશિકતાના સંકુચિત અતિરેકમાં કૃત્રિમ સિમાડા ઉભા થતા ઈતિહાસમાં નોંધાયા છે. સામ્યવાદી ડાબેરી વિચારધારા કાર્લ માર્કસ, લેનિન, માઓના વિચારો-ચિંતનથી ઘડાઈ છે પરંતુ દુનિયાના ઘણા દેશોમાં આકર્ષક નીવડી હતી. ભારતીયતા અને પશ્ચિમી મૂલ્યો, પરંપરાની પસંદગીના મુદ્દે રાજકારણમાં ઉગ્ર ચર્ચાઓ થતી રહે છે. ઉદાહરણ તરીકે ભાજપની વિચારસરણી ચાર મુદ્દાઓમાં વિકસી છે : સુરક્ષા, સૂચિતા* (Purity), *સ્વદેશી અને સમરસતા.*

*ત્રીજો મુદ્દો સંગઠન વિષે છે. પક્ષના આદર્શો, સ્વપ્નો, ઉદ્દેશો તથા કાર્યક્રમોને આગળ ધપાવવાનું મહત્ત્વનું વાહન છે. સંગઠન દરેક પક્ષનું કરોડરજ્જુ, ચાલકબળ તથા શક્તિ કેન્દ્ર છે. પક્ષના તમામ ચઢાવ-ઉતાર સંગઠનની ગુણવત્તા ઉપર આધારિત છે. ચૂંટણી અંગેની તમામ કામગીરી સંગઠન હસ્તક હોય છે. ચોથો મુદ્દો પણ અત્યંત મહત્ત્વનો છે. સામાજિક આધાર કે જન આધાર વિનાનો પક્ષ કાગળિયા અસ્તિત્વમાં ધકેલાય છે. સમાજ, અર્થકારણ, રાજકારણ તથા સાંસ્કૃતિક પરિપાટી પર થતાં સુક્ષ્મ ફેરફારો સમજવામાં ભૂલ થાય તો પક્ષો ચૂંટણીમાં ભારે કિંમત ચૂકવ્યાના અસંખ્ય કિસ્સા નોંધાયા છે. કાબેલ નેતા તથા સંગઠનના પગ અને કાન ભૂમિ પર હોય એજ મતદારોના મૂડને સમજી શકે અને એ રીતે પક્ષનો જનાધાર જાળવી રાખે. કોંગ્રેસે ભૂમિ સંપર્ક અને તેથી મતો અનેબેઠકો ગુમાવી દીધા છે. તેથી વિપરીત, ભાજપમાં મોદી-શાહની બેલડીએ* 2014 *અને* 2019 *ની ચૂંટણીઓ જીતીને ઈતિહાસ રચ્યો છે. પાંચમો મુદ્દો જે તે પક્ષની ચૂંટણીમાં કેવી કામગીરી અને દેખાવ છે એના વિશ્લેષણ કરવાનો છે. જો સત્તામાં હોય તો કેવી નીતિઓ, કાર્યો, યોજનાઓ, સિદ્ધિઓ હાંસલ કરી તે તપાસવાનો છે. વિરોધપક્ષમાં કેવી કામગીરી કરી તે પણ એક માપદંડ છે.*

*ચૂંટણીઓમાં સ્પષ્ટ બહુમતિના અભાવે કેન્દ્ર કે રાજયોમાં સરકાર રચવામાં કેવી કુનેહ, દૂરંદેશી દાખવે છે તે પણ આ મુદ્દામાં આવરી લેવાય.*

*આ પાંચ મુદ્દાના સૈદ્ધાંતિક માળખાથી કોઈપણ પ્રકારના રાજકીય પક્ષનો વિશ્લેષણાત્મક, આલોચનાત્મક, પદ્ધતિસરનો અભ્યાસ કરી શકાય છે.*

### 14.4.3 ભારતના મુખ્ય રાજકીય પક્ષો

*કુલ* 8 *રાષ્ટ્રીયપક્ષોમાંથી આ ખંડમાં* 5 *વિષે સંક્ષિપ્ત વિશ્લેષણ કરવા પાંચ મુદ્દાના સૈદ્ધાંતિક માળખાનો ઉપયોગ કર્યો છે :* (1) *કોંગ્રેસ* (2) *સીપીઆઈ, સીપીએમ* (3) *ભાજપ* (4) *બસપા, અને* (5) *ટીએમસી.*

14.4.3.1 *ઐતિહાસિક પૃષ્ઠ ભૂમિકા*

*ખંડ* 14.3.2 *અને* 14.3.3 *માં રાજકીય પક્ષ પ્રથાના ઉદ્ભવ અને વિકાસની ચર્ચામાં આપણે નોંધ્યુ કે કેવી રીતે ભારતમાં સ્વતંત્રતા પહેલાં અને પછી રાજકીય પક્ષોની સ્થાપના થઈ. સ્વતંત્રતા માટેની લાંબી લડાઈમાં સમગ્ર દેશમાંથી ભારતીય જનસમુદાય સામેલ થયો. વિચાર, પદ્ધતિ, આયોજન, સંગઠન, કાર્યક્રમ, હોદ્દાઓની ફાળવણી, વ્યૂહરચના જેવા આંદોલનને સ્પર્શતા અનેક મુદ્દાઓ ઉપર તીવ્ર અને વેધક ચર્ચાઓ થઈ. સર્વસંમત્તિથી નિર્ણયો લેવાની પદ્ધતિ વિકસી. કોંગ્રેસ જ આંદોલનમાં મોખરે હોવાથી મતભેદો હોવા છતાંય સ્વતંત્રતા માટે તમામ જોડાયા. કેટલાક સમાજોએ સમાજ સુધારણાના મુદ્દાઓ પણ હાથ ધર્યા. ઘણા બિંદુઓ પર રાષ્ટ્રીયતા- પ્રાદેશિકતાઓ ટકરાઈ, પરસ્પર સંશયી બની,ફંટાઈ, વિભાજીત- સમાજીત પણ થઈ. સ્વતંત્રતાના આંદોલનના ઐતિહાસિક સમયમાં તમામ ફાંટાઓ, વાડાબંધીઓને અભિવ્યક્તિની મોકળાશ મળી. પક્ષની સ્થાપના થાય તે પહેલાં કેટલાય સામાજિક-સાંસ્કૃતિક સંગઠનો સ્થપાયા, કાર્યાન્વિત થયા. અમુક રાજકીય પક્ષોને ઈતિહાસમાંથી ખૂબ સમુદ્ધ વારસો અને ભાથું બંધાયું. સ્વતંત્રતા પછી એમાં કેવા ફેરફાર થયા તે દરેક પક્ષના અભ્યાસથી સ્વયં સ્પષ્ટ થશે.*

14.4.3.2 *ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ* (INC: Indian National Congress)

14.4.3.2.1 *ઉદ્ભવ*

*કોંગ્રેસની સ્થાપના* 1885*માં મુંબઈમાં એ.ઓ. હયૂમ, સુરેન્દ્રનાથ બેનર્જી, બદરુદ્દિન તૈયબજી, દાદાભાઈ નવરોજી, ફિરોઝશાહ મહેતા, મહાદેવ રાનડે, અને દિનશા વાચ્છા દ્વારા થઈ હતી. સ્થાપના સમયથીજ સર્વસમાવેશી સંગઠન હતું. વિભિન્ન વિચારો ધરાવતા તમામ આવકાર્ય હતા. કોંગ્રેસનો ઉદ્દેશ અંગ્રેજ સરકાર સાથે સાથ-સહકાર ભર્યું વલણનો હતો. સવિનય આવેદનો,*

*નિવેદનોનો સમય હતો. મહાત્મા ગાંધી આવ્યા ત્યાં સુધી અગ્ર વર્ગની કલબ (મંડળી) જેવો કોંગ્રેસનો દિદાર હતો.* 1919 *પછી સ્વતંત્રતા માટેના જન આંદોલનમાં એનું પરિવર્તન થયું. આજે એના અસ્તિત્વના* 136 *વર્ષ થયા. કોંગ્રેસને એશિયાનો પ્રથમ આધુનિક રાજકીય પક્ષ હોવાનું ગૌરવ પ્રાપ્ત થયું. પરંતુ પરિવાર કેન્દ્રી અંકુશ અને વર્ચસ્વએ પક્ષને નબળો પાડયો છે. આજે* 2014 *અને* 2019*ની ચૂંટણીઓ પછી, પક્ષ તરીકેનું અસ્તિત્વ ટકાવી રાખવાના સંઘર્ષમાં કોંગ્રેસ વ્યસ્ત છે.*

14.4.3.2.2 *વિચારસરણી*

*કોંગ્રેસ સ્વાતંત્ર્ય આંદોલનની નીપજ હોવાથી એની વિચારધારા એ સમયની માંગ મુજબ ઘડાઈ. એના મુખ્ય મુદ્દા હતા : સામ્રાજ્યવાદનો વિરોધ, તમામ ઘટકો, વર્ગો, તપકા, વિચારધારાનો સમાવેશ અને અહિંસક આંદોલન. કોંગ્રેસમાં ભૂમિહીન ખેતમજૂર, ખેડુતો, જમીનદારો, આદિવાસીઓ, ઉદ્યૌગપતિઓ, હરિજનો, શિક્ષિત વર્ગો, શહેરી મધ્યમ વર્ગ તથા ક્રાંતિકારીઓ જોડાયો. એની વિચારસરણી મુખ્યત્વે ચાર મુદ્દાની રહી :* (1) *સમાવેશી રાષ્ટ્રવાદ* (2) *ધર્મનિરપેક્ષતા* (3) *સમાજવાદ, અને,* (4) *સંસદીય લોકશાહી.* 1999 *ની ચૂંટણીમાં એના મુદ્દા હતાઃ* (1) *રાજકીય સ્થિરતા* (2) *ધર્મ નિરપેક્ષતા* (3) *સમાજિક સુમેળ* (4) *વિભિન્નતામાં એકતા* (5) *રાજનીતિથી લોકનીતિ, અને,* (6) *આત્મનિર્ભરતા. આ વિચારસરણી મુજબ એણે લાંબા શાસનકાળમાં અનેક ગરીબલક્ષી તથા સમાજવાદી પગલાં ભર્યા જેવા કે પૂર્વ રાજવીઓના સાલિયાણા નાબૂદી, બેંકોનું રાષ્ટ્રીયકરણ, રાજ્ય હસ્તક પાયાના મોટા ઉદ્યોગોની સ્થાપના, વિમા ક્ષેત્રોનો વિકાસ, ગ્રામીણ કર્જ માફી, ન્યૂનતમ વેતન, વેઠ પ્રથાનો અંત, કામદારોને શોષણ વિરુદ્ધ રક્ષણ, મધ્યમ અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન, મોટી ઈજારાશાહીનો ખાત્મો, નાગરિકોને માહિતી અધિકાર, ફરજિયાત શિક્ષણનો અધિકાર વગેરે.*1991*ની નવી આર્થિક નીતિએ દેશના અર્થતંત્રમાં આમૂલ પરિવર્તન કર્યા. મુખ્યત્વે કોંગ્રેસ મધ્યમમાર્ગી વિચારસરણીનો પક્ષ બની રહ્યો.*

14.4.3.2.3 *સંગઠન*

*ડાબેરી અને જમણેરી પક્ષોની તુલનામાં કોંગ્રેસનું સંગઠન ઐતિહાસિક રીતે જ નબળું રહ્યું. ચૂંટણી સમયે પ્રવૃત્ત થાય અને પછી સુસ્તીમાં સરી પડે એવો એનો સંગઠનિય ઢાંચો છે. નહેરુકાળથી મોટા ભાગે સત્તામાં રહ્યો હોવાથી પક્ષની સત્તા પાંખ સંગઠન પાંખ કરતા વધારે મજબૂત રહી. સંગઠન સત્તા પાંખના સંપૂર્ણ અંકુશમાં રહ્યું. સંગઠનિય નિમણૂકો પણ સત્તા પાંખની મરજી મુજબ થતી. આંતરિક લોકશાહીનો સંપૂર્ણ અભાવ રહ્યો. છેલ્લા* 29*વર્ષથી સીડબલ્યુસી* (Congress Working Committec)*ના ગઠન માટે ચૂંટણી નથી યોજાઈ. સર્વોચ્ચ નિર્ણયકર્તા સમિતિની રચના પરિવારની મરજી મુજબ થતી હોય તો પક્ષે નવ-સામંતવાદ પેદા કર્યાના આક્ષેપ વ્યાજબી લાગે તેવી કોંગ્રેસની સ્થિતિ છે. કોંગ્રેસના બંધારણમાં સંગઠનની રચના માટે નીચે મુજબ ચાર સ્તરિય જોગવાઈ છે :* (1)

*કોંગ્રેસ પક્ષના પ્રમુખની નિમણૂક : તમામ પ્રતિનિધિઓ દ્વારા બે વર્ષની મુદત માટે ચૂંટણી દ્વારા પસંદગી* (2) *કાર્યકારી સમિતિ : કોંગ્રેસના પક્ષ પ્રમુખ તથા* 20 *સભ્યોની બનેલી હોય છે, જે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ દ્વારા ચૂંટાય છે. અન્ય* 13 *સભ્યોને પક્ષ પ્રમુખ મનોનીત કરે છે.* (3) *અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ : જે તે પ્રદેશના પ્રતિનિધિઓ દ્વારા ચૂંટાયેલા* $^1/_8$ *મા ભાગના ને પ્રદેશના પ્રતિનિધિઓ બનાવાય છે.* (4) *વાર્ષિક કોંગ્રેસ અધિવેશન : પ્રમુખ, પૂર્વ પ્રમુખો તથા બધી પ્રદેશ સમિતિઓના પ્રતિનિધિઓ હાજરી આપે છે.*

*આવી જ રીતે દરેક રાજયમાં પીસીસી (પ્રદેશ કોંગ્રેસ સમિતિ) નું સંગઠનિય માળખું હોય છે જે તાલુકા અને જિલ્લા સુધી વિસ્તરે છે. સંગઠનિય દષ્ટિએ જોતા ગાંધી-નહેરુ-સરદારના ઐતિહાસિક વારસો ધરાવતા પક્ષનું તાંજેતરમાં સંપૂર્ણ અધઃપતન થયું છે. આજે પક્ષનું સંગઠન જૂના, ઘરડા અને નવા, યુવા નેતાઓ વચ્ચેના વર્ચસ્વ માટેની લડાઈના દોરમાંથી ગુજરી રહ્યું છે.*

14.4.3.2.4 *સામાજિક આધારો*

*અન્ય ખંડમાં નોધ્યું તેમ કોંગ્રેસને શરૂઆતથી જ સમાજના તમામ વયજૂથ, આવક વર્ગો, શિક્ષણના વિવિધ સ્તરો, ગ્રામીણ-શહેરી વિસ્તારો, દેશભરના વિવિધ સાંસ્કૃતિક-ભાષાકિય-પ્રાદેશિકતાના વિસ્તારો, વિવિધ વ્યવસાયોમાંથી જનાધાર મળ્યો. પરંતુ જેમ જેમ શાસકીય કામગીરી થઈ એમાં અમુક વર્ગોમાં અસંતોષ તથા મનદુઃખ થયા. જમીન માલિકી મર્યાદાએ ભૂમિહિનોને ખુશ કર્યા તો જમીનદારોને નાખુશ કર્યા. અનામત નીતિએ નબળી, પછાત, અનુસૂચિત જાતિઓ તથા જનજાતિઓને ખુશ કર્યા તો શહેરી-ગ્રામીણ શિક્ષિત મધ્યમ વર્ગો, વેપારી-વ્યવસાયિક વર્ગોને નાખુશ કર્યા. ક્રમશઃ કોંગ્રેસના જનાધારમાં ફેરફાર થયા, ઓછા થયા જે ચૂંટણીના પરિણામોમાં આબેહૂબ ઝિલાયા.* 2019 *ની ચૂંટણીમાં એનો જનાધાર આગલા દશકોની તુલનામાં* 20-22 *ટકા જેટલો ઘટયો છે. જેથી પક્ષમાં કટોકટી સર્જાઈ છે.*

14.4.3.2.5 *કામગીરી* (Performance)

*કોંગ્રેસ રાજયો અને કેન્દ્રમાં બંને સ્તરે લાંબા સમય માટે સત્તા-શાસનમાં રહ્યો હોવાથી એની કામગીરીનો ફલક ખૂબ વ્યાપક છે. કેન્દ્રમાં એની સત્તા ઓસરે તે પહેલાં રાજ્યોમાં એની કામગીરીમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યા હતા.* 1967*ની વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસે* 8 *રાજ્યોમાં સત્તા ગુમાવી હતી. પક્ષની અંદર સત્તા અને વર્ચસ્વની સાઠમારીને લઈને ઉગ્ર મતભેદો થતા પક્ષાંતરો થયા. તેથી હરિયાણા, ઉત્તરપ્રદેશ, અને મધ્યપ્રદેશમાં સંયુક્ત મોરચા સરકારો અસ્તિત્વમાં આવ્યા.* 1992 *ગુમાવેલો જનાધાર પાછો મેળવી રાજ્યોમાં સત્તા મેળવી. કોંગ્રેસની શાસકીય-વહીવટીય કામગીરી સુપેરે સુવિદિત છે પરંતુ વિરોધ પક્ષ તરીકેની કામગીરી અત્યંત ટીકા પાત્ર રહી છે. જોડાણવાદી સરકારોને બહારથી ટેકો આપીને પછીથી અસ્થિર કરી ગબડાવી છે. જવાબદાર*

*વિરોધપક્ષને બદલે સત્તા લાલચુ, લોકશાહી નીતિમત્તા વિનાના પક્ષ બનીને એની છબી બગાડી છે. રાજ્યોમાં એની કામગીરી 'હાઈ-કમાન્ડ કલ્ચર' (શિર્ષ આદેશ સંસ્કૃતિ) ને લીધે નામોશીભરી રહી. આંધ્રપ્રદેશમાં એન.ટી. રામારાવના ઉદ્‌ભવ પાછળ આંધ્રપ્રદેશના કોંગ્રેસ પક્ષને જે રીતે દિલ્હીથી હૂકમો છોડી પાંગળો, અપમાનીત કર્યો હતો એ મુદ્દો ઉછાળી 'તેલુગું સ્વમાન' પાછુ મેળવવા ટીડીપીનો ઉદ્‌ભવ થયો. મહત્ત્વના કેટલાય મોટા રાજયોમાં બે-ત્રણ દાયકાથી સત્તા બહાર છે એ દર્શાવે છે કે* 1984 *ની સર્વોચ્ચ સફળતા પછી પક્ષ સ્વબળે બહૂમતિ મેળવી નથી શકયો. જો કે રાજ્યોમાં એની ચૂંટણીલક્ષી કામગીરી મિશ્ર પ્રકારની રહી છે. જૂના સામાજિક આધારો જેવા કે હરિજનો, આદિવાસીઓ, મુસલમાનો, બ્રાહ્મણો, રાજપૂતોને પક્ષમાં પાછા લાવવામાં પક્ષ અસમર્થ રહ્યો છે. શહેરી અને યુવા મતદારોને આકર્ષી શકાયા નથી. કોંગ્રેસ ખૂબ લાંબી ચડતી-પડતી-ચડતીનો ઈતિહાસ ધરાવતો પક્ષ હોવાથી અન્ય પક્ષોની તુલનામાં વિશિષ્ટ અભ્યાસીય મહત્ત્વ ધરાવે છે. પરંતુ એના સારા-નરસા તથા જમા—ઉધાર એવા તમામ પાસાની વિગતો અહીં સંક્ષિપ્તમાં સમાવી છે.*

### 14.4.3.3 **ભારતીય સામ્યવાદી પક્ષો (સીપીઆઈ- CPI : Communist Party of India yLku MkeÃkeyu{ - CPI (M) Communist Party of India Marxist)**

#### 14.4.3.3.1 *ઉદ્‌ભવ*

*'સત્ય ભક્ત'નામના પત્રકાર અને કોંગ્રેસી કાર્યકર્તાએ* 1924-25 *માં કાનપુરમાં ભારતીય સામ્યવાદી પક્ષની સ્થાપના કરી હતી. પક્ષના કાર્યકારો અખિલ ભારતીય ટ્રેડ યુનિયન કોંગ્રેસ* (AITUC) *અને કિસાન સભામાં પ્રવૃત્ત રહ્યા. રશિયા તરફી હોવાથી બીજા વિશ્વ યુદ્ધમાં બ્રિટનને ટેકો ના કર્યો. આથી કોંગ્રેસ હસ્તક સ્વતંત્રતા આંદોલનથી દૂર રહ્યા. બ્રિટીશ સરકાર સામ્યવાદીઓને રશિયાના એજન્ટ અને ભાંગફોડીયા તત્વો તરીકે ઓળખીને કેદ કરતી હતી. આથી તેઓ* 1930 *ના દશકમાં કોંગ્રેસની રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા. પરંતુ બેવડા સભ્યપદના મુદ્દે* 1939*માં સામ્યવાદીઓને કોંગ્રેસે પક્ષમાંથી કાઢી મૂકયા. ભારતમાં રશિયા જેવી ક્રાંતિ કરવાના ઈરાદા રાખતા હોવાથી સામ્યવાદીઓ સ્વતંત્રતાના આંદોલનમાં ખાસ પ્રદાન કરી શકયા નહિ. એમની નીસ્બત રાષ્ટ્રીય સ્વતંત્રતા કરતા શોષિત વર્ગોની સ્વતંત્રતા અને મુક્તિ માટે વધારે અગત્યની હતી.* 1962*ના ભારત-ચીન યુદ્ધ મુદ્દે આંતરિક મતભેદોને લઈને* 1964*માં પક્ષનું વિભાજન થયું. નવા પક્ષે એનું નામ ભારતીય સામ્યવાદી પક્ષ (માર્કસીસ્ટ) રાખ્યું જેને ટૂંકા નામ 'સીપીએમ' થી ઓળખવામાં આવે છે. સીપીએમનું પણ* 1968*માં વિભાજન થયું. એનું નામ ભારતીય સામ્યવાદી પક્ષ (માર્કસવાદી-લેનિનવાદી) રાખવામાં આવ્યું, જે અલ્પજીવી નિવડયો. એમાં* 40 *જેટલા નવા ફાંટા ફુટી નિકળ્યા. છેવટે* 1975 *સીપીઆઈ-*

*એમ એલને ગેરકાયદે જાહેર કરાયું. પરંતુ આજે એ અવૈધ નકસલવાદના સ્વરૂપે દેશના અમુક રાજ્યોના છૂટપૂટ વિસ્તારોમાં સક્રિય છે.*

14.4.3.3.2 *વિચારસરણી*

*સીપીઆઈ* 1919*ની રશિયાની ક્રાંતિથી અત્યંત પ્રભાવી હતો.એનો ધ્યેય એની આયાતી વિચારસરણી મુજબ સામ્રાજ્યવાદ, મૂડીવાદ અને ફાસીવાદનો જડમૂડથી વિરોધ કરવામાં, સમર્પિત રહેવામાં હતો. સીપીઆઈએ માર્ક્સ, લેનિન, સ્ટાલિન, માઓ જેવા સામ્યવાદી વિચારકો અને નેતાઓની કેડીએ ચાલીને મોટી ભૂલ કરી હોય એવું આજે લાગે છે. ભારતના કામદારો, ખેતમજૂરો, સિમાંત ખેડૂતો અને અન્ય શ્રમજીવીઓને સંગઠિત કરી એમના હિતોના રક્ષક બનવા માટેના પ્રયાસો ટાંચા પડયા. સામ્યવાદી વિચારધારા મુજબ રાજ્યની સંસ્થા ઉપર અંકુશ મેળવી ભારતીય સમાજનું સામ્યવાદ-સમાજવાદમાં પરિવર્તન કરવું હતું પરંતુ તેમ થઈ શકયુ નહિ. સંસદીય પ્રતિનિધિત્વ દ્વારા આ વર્ગોને ખૂબ મર્યાદિત રીતે સાંકળી શકાયા. અસમાનતા, અજ્ઞાનતા, વંચિતતા, ગરીબી, ભૂખમરો દૂર કરી સમાન સમાજ રચવાના પ્રયત્નો નિષ્ટાપૂર્વક કર્યા પરંતુ ખાસ સફળતા મળી નહિ. સમાજવાદી લોકશાહી* (Socialist Democracy) *સ્થાપવા અને મૂડીવાદને અંકુશિત કરવા તથા રાષ્ટ્ર સત્તા મહેનકશ શ્રમિકોને મળે તે માટે પક્ષ પ્રતિબદ્ધ રહ્યો. જ્ઞાતિવાદ, અસ્પૃશ્યતા, ધાર્મિક-કોમી હિંસા જેવા દૂષણો વિરુદ્ધ તથા મહિલાઓના સમાન અધિકાર માટે પ્રસંશનીય લડત આપી, સંઘર્ષ કર્યા. વિચારધારાના (ભારતીય સંદર્ભમાં) મુખ્ય લક્ષણો છે : ધર્મ નિરપેક્ષતા, સ્વતંત્રતા, તકની સમાનતા, પછાત વંચિત વર્ગોની પ્રગતિ, ભારતની તમામ ભાષાઓ અને ઉપ-સંસ્કૃતિઓનો સમાન વિકાસ અને પ્રગતિ.* 1989 *ના ચૂંટણી- ઢંઢેરામાં પક્ષે એની વૈચારિક સ્થિતિ* 33 *મુદ્દાઓ દ્વારા સ્પષ્ટ કરી હતી. સીપીએમ મજબૂત કેન્દ્ર અને મજબૂત રાજ્યોનો હિમાયતી રહ્યો છે.* 1989*માં સોવિયેટ રશિયાનાવિભાજન અને વિખરાવ પછી તથા ચીનમાં રાજ્ય અંકુશીત મૂડીવાદી બજાર વ્યવસ્થાના ઉદ્‌ભવને લીધે બંને ભારતીય સામ્યવાદી પક્ષો વૈશ્વિકરણ અને મુકત વેપારના સમયમાં વૈચારિક ગૂંચવણ અને પડતીની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે.* (*જુઓ કોઠો*-4 *ખંડ:* 14.3.3.8)

14.4.3.3.3 *સંગઠન*

*એમ. એન. રૉય રશિયાની ક્રાંતિથી અત્યંત પ્રભાવી થયા હતા. પરંતુ ભારતીય સામ્યવાદના સ્વદેશી ચિંતક અને કાર્યકર હતા. તેઓ ઉતાવળે ક્રાંતિ કરવાની તરફેણમાં ન હતા. અત્યંત પછાત સામંતવાદી, મૂડીવાદી ભારતીય સમાજને ક્રાંતિ માટે પહેલા તૈયાર કરવા જરૂરી ચેતના પ્રદિપ્ત કરવાના પક્ષમાં હતા. રૉયના સંસ્કરણ પામી સીપીઆઈ શાંતિ પૂર્વક, લાંબાગાળે, અહિંસક પરિવર્તન લાવવા માગતી હતી. પરંતુ* 1964 *માં વિભાજીત થઈ નવા પક્ષ તરીકે સ્થપાયેલી સીપીએમ ઝડપી અને જરૂર પડે સશસ્ત્ર પરિવર્તન ઝંખતી હતી.*

*બંને સામ્યવાદી પક્ષોનું સંગઠન 'લોકશાહીય કેન્દ્રિકરણ'* (Democratic Centralism) *ના સિદ્ધાંતથી સંચાલિત છે. પક્ષનું શિર્ષ નેતૃત્વ પક્ષની અંદરથી જ સંપૂર્ણ લોકશાહી પદ્ધતિથી ઉદ્ભવે અને પક્ષના માર્ગદર્શન હેઠળ કાર્યરત રહે. પક્ષ પહેલેથી જ વફાદાર, શિસ્તબદ્ધ અને મજબૂત 'કેડર'* (Cadre= *હરોળ, પંક્તિ, કતાર) પ્રકારના કાર્યકરોથી સંચાલિત હોવાથી, એની તમામ સંગઠનિય કામગીરી પદ્ધતિસરથી થાય છે. પક્ષનું આ મોટું જમા પાસું છે. પક્ષના સંગઠનના માળખાની રચના ચાર સિદ્ધાંતોના માર્ગદર્શનથી થાય છેઃ* (1) *તમામ આંતરિક નિમણૂકો, સંસ્થાઓ ચૂંટણીથી રચાશે.* (2) *નિર્ણયો બહુમતિથી લેવાશે જે સમગ્ર સંગઠનને બાધક રહેશે.* (3) *સંપૂર્ણ આંતરિક લોકશાહીથી તમામ કામગીરી થશે. પરંતુ વ્યક્તિએ 'સમૂહ' ની ઈચ્છાને સમર્પિત રહેવું પડશે.* (4) *પક્ષ સર્વસંમત્તિ માટે પુરા પ્રયાસ કરશે, પરંતુ ગંભીર મતભેદો ઉકલેવા બહુમતિથી નિર્ણય લેવાશે. બંને પક્ષોના સંગઠન જુદા નામથી ઓળખાય છે પરંતુ કામગીરી સમાન રહે છે. ઉદાહરણ તરીકે, સીપીઆઈ સર્વોચ્ચ ઘટકને 'રાષ્ટ્રીય સમિતિ' કહે છે તો સીપીએમ 'કેન્દ્રિય સમિતિ' કહે છે. સચિવાલય'* (Secretariat) *અને 'પોલિટ બ્યૂરો'* (Polit Bureau) *એમના મહત્ત્વના સંગઠનિય અંગો છે. બંને પક્ષોએ સમાજના વિભિન્ન સમૂહોને સંગઠન સાથે સાંકળ્યા છે, જેવા કે : પ્રગતિશીલ લેખક મંડળ, ભારતીય કિસાન સભા વિદ્યાર્થી પાંખો, મહિલા પાંખ, જનવાદી લેખક સંઘ, વકિલો, દાક્તરો, ફિલ્મ કલાકારો વિગેરે. સંગઠનાત્મક દૃષ્ટિએ જોઈએ તો અન્ય કોઈ પક્ષ પાસે આટલું સશકત, સુચારુ, શિસ્તબદ્ધ, સમર્પિત સમાજના તમામ સમૂહોને આંદોલિત કરી શકે એવું સંગઠન નથી.*

14.4.3.3.4 *સામાજિક આધારો*

*બંને સામ્યવાદી પક્ષોના ટેકેદારોમાં* 25 *ટકા જેટલા યુવાનો છે, જે બહુ મોટી સંખ્યા છે. માર્કસવાદી વિચારસરણીએ વિશ્વભરના યુવાનોને આકર્ષિત કર્યા છે. પરંતુ યુવાકાળ મર્યાદિત સમયનો હોવાથી, નોકરી-રોજગારના આકરા સંઘર્ષ બાદ મેળવેલી નોકરી ટકાવવાના ઉધામાને લીધે સમાજવાદી વિચારધારા મૂડીવાદમાં ફેરવાઈ જાય છે. જ્યાં જમીનદારી પ્રથા હતી તેવા ગ્રામીણ વિસ્તારોમાં સીપીએમને જનાધાર મળ્યો હતો. શિક્ષિત યુવાનો પણ આકર્ષાયા હતા. ઔદ્યોગિક કામદારો, સરકારી કર્મચારીઓ તથા વ્યવસાયિકો તરફથી બંને પક્ષોને સારો ટેકો મળ્યો હતો. ખેતિ સાથે સંકળાયેલા તમામ, જેવા કે સિમાંત ખેડૂતો, ખેત મજૂરો, ભૂમિહીનો તરફથી ટેકો મળ્યો. શહેરોમાંથી શિક્ષિત મધ્યમ વર્ગો, સામજિક- આર્થિક રીતે નબળા વર્ગોનો આધાર પણ મળ્યો.*

14.4.3.3.5 *કામગીરી*

*આશરે* 95*વર્ષથી સ્થપાયા હોવા છતાંય સામ્યવાદી પક્ષો ખાસ નોંધપાત્ર સફળતા મેળવી શકયા નથી. ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, કેરલા, બિહાર, આંધ્રપ્રદેશ, ઝારખંડ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ જેવા રાજ્યોમાં એની હાજરી હતી પરંતુ સત્તામાં તો બે-ત્રણ રાજયમાં જ આવ્યો. એની સફળતાઓ જોઈએ તો, પશ્ચિમ બંગાળમાં* 32 *વર્ષ શાષન કર્યું.*

*તે પહેલાં* 1957 *માં કેરળની ચૂંટણીમાં સીપીઆઈ વિજયી બની ચૂંટણી દ્વારા વિશ્વની પહેલી સામ્યવાદી સરકાર બનાવી.* 1952*માં સામાન્ય ચૂંટણીમાં* 3.30 *ટકા મત મળ્યા હતા જે* 1962*માં વધીને* 10 *ટકા થયા.* 1964*ના ભાગલા પછી બંને પક્ષો અલગથી ચૂંટણી લડતા મતાધાર વહેચાયો. ભારતમાં થયેલી* 17 *સામાન્ય ચૂંટણીઓમાં એક-બે વાર જ* 10 *ટકા મત મળ્યા છે. મહદ અંશે આ પક્ષ* 2-3 *કે* 5-6 *ટકાથી આગળના વધી શકયો. સીપીઆઈને* 1991, 1996 *અને* 1998 *માં અનુક્રમે અઢી, બે અને પોણા બે ટકા મત મળ્યા. જ્યોતિ બાસુ જેવા લોકપ્રિય અને સમર્પિત નેતાને લઈને પશ્ચિમ બંગાળમાં સફળ શાસન કર્યું. ત્રિપુરામાં પણ માણિક સરકારના નેતૃત્વ હેઠળ* 20 *વર્ષ શાસન કર્યું. કેરળમાં* 1957 *થી* 2020 *દરમ્યાન સીપીએમ અવારનવાર સત્તામાં અને સત્તાની બહાર રહ્યો. બંને પક્ષોના કાર્યકાળમાં મહત્ત્વના જમીન સુધારા થયા, ગરીબલક્ષી કાર્યક્રમો અને યોજનાઓ બની, ભ્રષ્ટાચાર ના થયો તથા હિંદુ-મુસ્લીમ કોમી હિંસાના થઈ. વિદેશ નીતિમાં ચીન અને રશિયાના પ્રભાવને લીધે ભારતલક્ષી નીતિઓ ઘડવામાં નિષ્ફળ રહ્યો. વૈશ્વિકરણ, ખાનગીકરણ અને ઉદારીકરણની મુકત બજારલક્ષી મૂડીવાદી નીતિઓના અમલથી સામ્યવાદી વિચારધારા ઓંસરવા લાગી અને પક્ષોનો પ્રભાવ ઘટયો.* 2011*ની વિધાનસભાની ચૂંટણીઓમાં મમતા બેનર્જીના ટીએમસીએ પશ્ચિમ બંગાળમાં સીપીએમને સખત પરાજય આપ્યો. સામ્યવાદી પક્ષોએ કેન્દ્ર અને રાજયોમાં વિરોધપક્ષની ભૂમિકાઓ બખૂબી નિભાવી.*

### 14.4.3.4 ભારતીય જનતા પક્ષ (ભાજપ-BJP)

14.4.3.4.1 *ઉદ્ભવ*

*ભાજપના નવા નામથી આ પક્ષની સ્થાપના એપ્રિલ* 1980 *માં થઈ. ભારતીય જનસંઘે એનું જુનું નામ બદલી નવું નામ અપનાવ્યું. જનસંઘની સ્થાપના* 1951 *માં શ્યામા પ્રસાદ મુખર્જીએ કરી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સ્થાપના* 1925 *માં થઈ હતી. ત્યારથી જમણેરી વિચારધારાના પક્ષની ઉણપ વર્તાતી હોવાથી જનસંઘની સ્થાપના થઈ. એનો ઉદ્દેશ ભારતને ધાર્મિક મૂલ્યોના આધારે આધુનિક, લોકશાહી સમાજ બનાવવાનો હતો. એના ચાર મૂળભૂત મંત્રો હતાઃ 'એક દેશ, એક રાષ્ટ્ર, એક સંસ્કૃતિ અને એક કાનૂની શાસન.' પરંપરા અને આધુનિકતાના મિશ્રણ માટે પક્ષ ઉદ્ભવ્યો હતો.* 1975-77 *ના કટોકટીના કાળ દરમ્યાન અને* 1977-80 *માં જનતા પક્ષના સાથી ઘટક-પક્ષ તરીકેની એની કામગીરીને લઈને રાજકીય પ્રાધાન્ય પ્રાપ્ત થયું. પરંતુ કોમવાદી સંગઠન આર.એસ.એસ સાથેના એના સબંધોને લઈને જનસંઘની 'કોમી' 'રૂઢિવાદી' 'બિન પ્રગતિશીલ' અનેરાજકીય અસ્પૃશ્ય તરીકે ટીકા થઈ.* 1980 *માં જનતા સરકારની હાર પછી જનસંઘને ભાજપના નવા અવતારમાં ઢાળ્યો. કોંગ્રેસ, સામ્યવાદી પક્ષ, અકાલી દળ, ડીએમકે, એનસીની જેમ રાષ્ટ્રીય તથા રાજ્ય સ્તરે ઐતિહાસિક વારસો ધરાવતો ભાજપ વધુ એક પક્ષ છે. ભાજપને*

*બે અન્ય વારસા મળ્યા છે. એક જનસંઘ- આર.એસ.એસનો અને બીજો જનતા પક્ષનો.*

14.4.3.4.2 *વિચારસરણી*

*નવા પક્ષના પ્રથમ પક્ષ પ્રમુખ તરીકે અટલ બિહારી બાજપાઈએ મુંબઈ અધિવેશનમાં કહ્યું હતું કે ભાજપનો ઉદ્‌ભવ જયપ્રકાશ નારાયણના સ્વપ્નને સાકાર કરવા થયો છે. ભાજપની વિચારસરણી 'અમારી પાંચ પ્રતિબદ્ધતા' સ્વરૂપે આકાર પામી :* (1) *રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતા* (2) *લોકશાહી* (3) *વિધેયાત્મક બિન સાંપ્રદાયિકતા* (Positive Secularism) *જે ભારતીય ઐતિહાસિક, સાંસ્કૃતિક, ધાર્મિક મૂલ્યોમાંથી સારવી હોય* (4) *ગાંધીવાદી સમાજવાદના માર્ગે વિકાસને પ્રોત્સાહન, તથા* (5) *મૂલ્ય આધારિત રાજકારણનું નિર્માણ અને જાહેર જીવનમાંથી ભ્રષ્ટાચાર જેવી ગંદકીની સફાઈ.*

1984 *ની સામાન્ય ચૂંટણીમાં ભાજપનો મોટો પરાજય થયો જેમાં બાજપાઈ હાર્યા અને ફક્ત બે બેઠકો જ મળી. આથી આંતરિક મથામણને અંતે,* 1985 *ની પક્ષની રાષ્ટ્રીય કારોબારી અને રાષ્ટ્રીય પરિષદમાં જનસંઘના 'એકાત્મ માનવવાદ' ને પક્ષની વિચારધારામાં સામેલ કરી પક્ષના કાર્યકરોને પ્રોત્સાહિત કરવાનું નક્કી કર્યુ. ગાંધીવાદ, આર.એસ.એસ અને જનસંઘના મિશ્રણની નવી વિચારધારા ઘડાઈ. ભાજપે મૂડીવાદ અને સામ્યવાદને નકાર્યા. એના મત મુજબ બંને વિકલ્પો ભારતીય જનમાનસને અનૂરૂપ નથી. તેથી આર્થિક વિકેન્દ્રીકરણની તરફેણ કરી.*

1991 *માં કોંગ્રેસે દાખલ કરેલી નવી આર્થિક નીતિની સખત ટીકા કરી વિરોધ કર્યો. પરંતુ* 1999 *થી* 2004 *અને* 2014-2020 *દરમ્યાન કેન્દ્રમાં સત્તા મેળવ્યા પછી એજ આર્થિક નીતિઓને અપનાવી વ્યાપક અમલ કર્યો. વિકાસ અને રાષ્ટ્રવાદના મુદ્દે પક્ષ અનેકવિધ કામગીરી કરી મજબૂત દઢીકરણ કરી રહ્યો છે.*

14.4.3.4.3 *સંગઠન*

*પક્ષના બંધારણની સાતમી કલમ* (VII) *સંગઠનની જોગવાઈઓ સ્પષ્ટ કરે છે. રાષ્ટ્રીયકક્ષાએ સંગઠનના ત્રણ અંગો છે :* (1) *ખુલ્લું અધિવેશન (પ્લેનરી સેશન) જેમાં બધાજ સભ્યો હોય* (2) *રાષ્ટ્રીય પરિષદ, અને* (3) *રાષ્ટ્રીય કારોબારી. રાજયકક્ષાએ બે સંસ્થાઓ છે :* (1) *રાજયની પરિષદ* (State Council) *અને* (2) *રાજય કારોબારી. આ બે મહત્ત્વના સંગઠનિય સ્તરો નીચે અન્ય સંગઠનિય એકમો ઉતરતા ક્રમે રચાય છે, જેવા કે :* (1) *પ્રાદેશિક સમિતિઓ* (2) *જિલ્લા સમિતિઓ* (3) *મંડલ/તાલુકા સમિતિઓ, અને* (4)

*સ્થાનિક સમિતિઓ. આ ત્રિ-સ્તરીય સંગઠનિય માળખામાં ઉપરથી નીચે સુધીના સ્તરોમાં આવતા તમામ એકમો વહીવટ અને સંકલનની એક સાંકળમાં કડીબદ્ધ થયેલા છે.*

*ભારતીય જનતા યુવા મોરચો અને મહિલા મોરચો જેવા પેટા સંગઠનો પણ રચ્યા છે. તદ્- ઉપરાંત કિસાન, મજદૂર, સાંસ્કૃતિક પાંખો જેવી અનેકવિધ સંસ્થા પણ કાર્યરત છે. વિદ્યાર્થીઓ માટે એબીવીપી, કામદારો માટે ભારતીય મજદૂર સંઘ અને આદિવાસીઓમાં સંઘ પરિવારની અનેક સંસ્થાઓ સક્રિય છે. ભાજપને જરૂર પડે આ તમામ એકમો, પાંખોનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંગઠનિય લાભ અને ટેકો મળે છે. ભાજપે વ્યવસાયો, ધર્મ અને શિક્ષણમાં કામ કરતા મંડળો પણ સ્થાપ્યા છે. ભાજપના સંગઠનના વ્યાપક, કાર્યરત, સુસંચાલિત એકમોની તુલનામાં આવે એવો કોઈ રાજકીય પક્ષ (સામ્યવાદીઓ સિવાય) દૂર-દૂર સુધી સ્પર્ધામાં નથી. પક્ષની અંદર આંતરિક લોકશાહી મુજબ નિયમિતરૂપે સંગઠનિય ચૂંટણીઓ દ્વારા નિમણૂકો કરવીએ પક્ષનું ઉજળું પાસું છે.*

14.4.3.4.4 *સામાજિક આધારો*

*જનસંઘના જનાધારો ભાજપને વારસામાં મળ્યા. પરંતુ પક્ષ આજે દેશભરમાં પ્રસારના નવા શિખરો સર કરી રહ્યો છે. નવા સમૂહો, વર્ગો, પ્રદેશો, સભ્યો એમાં સતત ભળતા- ઉમેરાતા જાય છે. જે રાજ્યોમાં આરએસએસ સશક્ત છે ત્યાં ભાજપ પણ ખૂબ મજબૂત બન્યો છે. ભાજપને આજે યુવાનો, મહિલાઓ, શહેરી-ગ્રામિણ મધ્યમ અને ઉચ્ચ જ્ઞાતિઓ તથા વર્ગો,* 26 *થી* 45 *નું વયજૂથ, નોકરિયાતો, દુકાનદારો, વ્યવસાયકો, ઉદ્યોગો, નિવૃત વય જૂથોમાંથી મજબૂત સમર્થન મળી રહ્યું છે.* 1984 *ની બે બેઠકોમાંથી* 2014 *માં* 282 *અને* 2019 *માં* 303 *બેઠકો સ્વબળે મેળવી સ્પષ્ટ બહૂમતિ હાંસલ કરી એ અતુલ્ય સિદ્ધિ છે. છતાંય મતની ટકાવારી જોતા રાષ્ટ્રીય કક્ષાએ* 2014 31.1 *અને* 2019 *માં* 37.36 *ટકા મત મળ્યા તે દર્શાવે છે કે* 62 *ટકા જેટલા બહું મોટાજનસમુદાયનો સંપર્ક, સમર્થન બાકી છે. અમુક મધ્યમ જ્ઞાતિના સમૂહો, હરિજનો, આદિવાસીઓનો, મુસ્લીમોનો ટેકો નહિવત મળ્યો છે.*

14.4.3.4.5 *કામગીરી*

*આ પક્ષે મજબૂત સંગઠન, સ્પષ્ટ વિચારધારા, સક્ષમ નાણા શક્તિ તથા વ્યવહારું ઘોષણાપત્રોની તાકાતે ચૂંટણીઓમાં અદ્ભૂત સફળતાઓ હાંસલ કરી છે. દેશનીસામાન્ય ચૂંટણીઓમાં ભાજપના દેખાવોની પુરતી નોંધ લેવાઈ છે પરંતુ ત્યાર પછીના  સ્તરો, જેવા કે રાજ્યો, શહેરો, જિલ્લા, તાલુકા, નગરપાલિકા કક્ષાએ પક્ષની કામગીરી કેવી રહી એની ચર્ચા નથી થઈ. પશ્ચિમ અને ઉત્તર ભારતથી આગળ વધીને દક્ષિણ તથા પૂર્વના રાજ્યોમાં પક્ષનું સંગઠન મજબૂત*

*થઈ રહ્યું છે. કર્ણાટક, કેરલા, તેલંગાણા, આંધ્રપ્રદેશમાં ધીમી ગતિએ પ્રસાર થઈ રહ્યો છે. ચૂંટણીઓમાં જો સ્પષ્ટ બહુમતિ ના મળે તો ભાજપે પોતાના કટ્ટર રાજકીય તથા વિચારધારાકિય હરીફ સાથે પણ સંયુક્ત સરકાર બનાવવામાં સંકોચ નથી રાખ્યો. જમ્મુ અને કાશ્મીરમાં 2011 ની ચૂંટણી પછી, મહેબૂબા મુફ્તીના પીડીપી પક્ષ સાથે પણ સરકાર બનાવી.એવી જ રીતે ઉત્તર પૂર્વના રાજ્યોમાં અન્ય સ્થાનિક પક્ષો સાથે સમજુતિ સાધી મણિપુર, આસામ, ત્રિપુરા, નાગાલેન્ડ, મેઘાલય, અરુણાચલ પ્રદેશમાં સરકારો બનાવી. ભાજપની આ રાજકીય – શાસકીય તીવ્ર જીજીવિષા અતુલ્ય છે. 2020 સુધી રાજ્યસભામાં ભાજપને હજુ બહુમતિ નથી મળી એ ચૂંટણી વ્યવસ્થાની માળખાગત મર્યાદાને લીધે સવિશેષ રીતે કારણભૂત છે. 2020 માં ભાજપ સંઘના 16 રાજયમાં શાસન કરે છે તે પક્ષ માટે નોંધપાત્ર સિદ્ધિ છે.*

*વિકાસ અને હિંદુત્વની કામગીરી જે રીતે રાજ્યો અને કેન્દ્રમાં ચાલી રહી છે એની રાજતંત્ર, નાગરિક સમાજ અને અર્થતંત્ર પર માઠી અસર થઈ છે. રાજકીય અને બંધારણિય સંસ્થાઓનું શાસક પક્ષની સરકાર તરફથી રાજકીયકરણ થઈ રહ્યું છે એની ટીકા ચોતરફથી ઊઠી છે. નોકરીઓની 45 વર્ષમાં સૌથી વિકરાળ તંગી ઊભી થઈ છે. વિદેશી હૂંડિયામણની સ્થિતિ ખુબ સારી અને મજબૂત છે પરંતુ એનો અર્થતંત્રને સુધારવામાં કોઈ ઉપયોગ નથી થતો. કોરોનાએ પડતા અર્થતંત્રના પેટ પર લાત મારી છે. નોટબંધી, જીએસટીનો અમલ, 2020માં લાંબો ચાલી રહેલો તાળા બંધી અને ઉઘાડ-બંધના ખેલથી બજાર, સમાજ, જન સમુદાયો, વેપારો, વ્યવસાયો, ઉદ્યોગો, ધંધા ઠપ થઈને પડયા છે. જીડીપીનો દર ઘટીને માયનસ 23.6 ટકાએ ઉતરી ગયો.ઉતાવળે કરેલા ખેતી સુધારાનો સખત વિરોધ થયો છે.વિદેશ નીતિ ક્ષેત્રે પણ ચીને કબ્જે લીધેલા પ્રદેશોને લઈને ભારતની નબળાઈ છતી થઈ છે. સરકારી માલિકીના ઉદ્યોગો-સેવાઓના ખાનગીકરણથી અસંતોષ ઉભો થયો છે.*

*ગરીબલક્ષી ગ્રામિણ વિકાસના કેટલાક પ્રસંશનિય કામો થયા છે – જેવા કે, જનધન યોજના, રસોઈ ગેસ, શૌચાલય, વિજળી, સસ્તા એલઈડી બલ્બ, સ્વચ્છતા અભિયાન વગેરે. ગરીબલક્ષી તથા હિંદુત્વલક્ષી કાર્યો થયા તેથી 2019 માં ભાજપનો મતાધાર વધ્યો, બેઠકો વધી અને જનાધાર વધ્યો. વિવાદાસ્પદ રહેલી કલમ- 370 નો અંત આણી, લડાખને અલગ સંઘ પ્રદેશ બનાવ્યો, રામમંદિર નિર્માણની શરૂઆત કરી ભાજપે હિંદુત્વલક્ષી જનાધારને મજબૂત કર્યો છે. જે રાજ્યોની હાલની ચૂંટણીઓમાં ભાજપે સત્તા ગુમાવી છે તે પણ જે તે રાજ્યોમાં કામગીરીના એક નબળા પાસા તરીકે લેખાયું છે.*

### 14.4.3.5 બહુજન સમાજ પક્ષ (બસપા - BSP)

14.4.3.5.1 *ઉદ્ભવ*

*બસપાનો ઉદ્ભવ પણ સામાજિક ન્યાય અને અધિકારોના રક્ષણની માગણીઓ માટેના આંદોલનોમાંથી થયો છે. પક્ષના નામમાં 'ભારતીય' શબ્દ નથી પરંતુ 'બહુજન' શબ્દ પાલીભાષામાં અપાયેલા ભગવાન બુદ્ધના ઉપદેશોમાંથી લેવાયો છે, જે બિનબ્રાહ્મણવાદી વૈકલ્પિક રાજકીય ધ્રુવીકરણનો સૂચક છે. બસપાની સ્થાપના* 1984 *માં એના પ્રણેતા-સ્થાપક કાંન્શીરામે કરી. સરકારી કર્મચારી હતા ત્યારે તેઓ આંબેડકરના વિચારોથી પ્રભાવિત થયા હતા. અસ્પૃશ્ય ગણાતા હરિજનો- દલિતોની અમાનવીય કફોડી સ્થિતિ વિષે ઉગ્ર આંદોલનો, સંઘર્ષો, સહાનુભૂતિ પૂર્વકની ચિંતા અને ચિંતન થયા હતા. બંધારણીય જોગવાઈઓ મુજબ અનુસૂચિત જાતિઓ માટે શિક્ષણ, સરકારી નોકરીઓ અને રાજકીય પ્રતિનિધત્વમાં અનામતનીતિના ઉત્તરોત્તર થયેલા અમલથી અધિકારો માટે જાગૃત યુવા વર્ગ ઉભર્યો. કાંન્શીરામ એક એવા યુવાન હતા. બસપાની સ્થાપના પહેલા સિત્તેરીના દશકમાં કાંન્શીરામે જ સ્થાપેલા 'બામસેફ'* (BAMCEF) *નામના પછાત અને લઘુમતિ સમૂહોના સરકારી કર્મચારીઓના આ સંગઠને દેશ વ્યાપી આંદોલનો કર્યા અને અધિકારોના રક્ષણ માટે અસરકારક સંગઠિત લડતો આપી. 'બામસેફ' ને સંગઠનિય આધાર બનાવી, કાંન્શીરામે* 1981 *માં 'ડીએસ-ફોર'* (DS-4 : Dalit Soshit Sangarsh Samiti) *ની સ્થાપના કરી. આ બિનરાજકીય વિરોધમંચ જેવા દલિત સંગઠનમાં પછાત જ્ઞાતિઓના વિદ્યાર્થીઓ, વ્યવસાયિકો અને બેકાર યુવાનો જોડાયા. ઉત્તર ભારતના અતિ જ્ઞાતિવાદી રાજકારણમાં એક સશક્ત વૈકલ્પિક રાજકીય બળ તરીકે બસપા ઉદ્ભવ્યો.*

14.4.3.5.2 *વિચારસરણી*

*પક્ષની વિચારસરણી દલિત, મુસ્લીમ તથા અન્ય તમામ શોષિત-વંચિત પછાત સમૂહો માટેના આર્થિક-સામાજિક ઉત્થાન તથા વિકાસને સમર્પિત છે. બહુજનને જાગૃત કરવા તથા દબાયેલી – કચડાયેલી જ્ઞાતિઓમાં રાજકીય શક્તિ અને સામાજિક સન્માન, આત્મગૌરવ વધારવા જનાધાર વધારવા બસપાએ રસપ્રદ પ્રચાર-પ્રસારના સુત્રો આપ્યો, જેવા કે :* (1) *'તિલક, તરાજૂ ઔર તલવાર, ઈન્કો મારો જૂતે ચાર'.* (2) *'બ્રાહ્મણ શંખ બજાયેગા, હાથી બઢતા જાયેગા' (પક્ષનું ચિન્હ હાથી છે).* (3)*'હાથી નહિ ગણેશ હૈ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ હૈ.' આ સુત્રોનું વિશ્લેષણ કરી પક્ષની વિચારસરણીને વધારે સુક્ષ્મ રીતે સમજીએ. પ્રથમ સુત્ર સદીઓથી ભોગવેલી પીડાની વેદના અને આક્રોશ વ્યકત કરે છે. ધર્મ, વેપાર અને રક્ષણના ત્રણેવ મોરચે હતાશા વ્યાપેલી વ્યકત થાય છે.*

*સદીઓથી પીડિત સમૂહની 'ચાર જૂતે' મારવાની વાતને લોકશાહીની નીતિમત્તા મુજબ સહાનુભૂતિપૂર્વક મૂલવવી જોઈએ. મતની શક્તિ હાથ લાગવાથી, આવી મનમાની કરી નથી શકાતી એવું તરત સમજાતા સીમિત જનાધારને વધારવા 'હાથી' એ 'બ્રાહ્મણ' (ઉપલી અન્ય જ્ઞાતિઓના પ્રતિકરૂપ) પાસે જવું પડ્યું. લોકશાહીએ સમાજના ખાડા-ટેકરા સમતળ કરી સન્માનપૂર્વક, અધિકારપૂર્વક, સહઅસ્તિત્વમાં જીવવાની સર્વોત્તમ વ્યવસ્થા છે એવું ફલિત કરનારી વિચારસરણી છે. બીજા અને ત્રીજા સુત્રોમાં સમાવેશી વિચારધારા ઈંગિત થઈ છે. ભારતના ઐતિહાસિક રીતે પરસ્પર કડવાશ, આક્રોશ, અંતરવાળા તમામ (અથવા બહુમતિ સિદ્ધ થાય તેટલા) જ્ઞાતિ સમૂહો પૂર્વાગ્રહો ભૂલીને સત્તા પ્રાપ્ત કરવા એકતા સાધે તે અહિંસક બદલાવના ઉચ્ચ વિચારનો પુરાવો છે. બસપા એવી વિચારધારા ઘડવા માગે છે જેમાં દલિતો, મુસલમાનો, શીખો, ખ્રિસ્તીઓ, આદિવાસીઓ, ઓબીસી જ્ઞાતિઓ તમામ એક મંચ પર એકત્રિત થાય અને પોતાનું ઘટક દીઠ તથા સામૂહિક સશક્તિકરણ કરી આર્થિક-સામાજિક સ્થિતિઓમાં પરિવર્તન કરે. પક્ષની વિચારધારાના ઘડતરમાં ગૌતમ બુદ્ધ, આંબેડકર, જોતિબા ફુલે, નારાયણ ગુરૂ, પેરિયાર, છત્રપતિ શાહુજી મહરાજ તથા કાંન્શીરામ જેવા વિચારકો, સમાજ સુધારકો તથા રાજકીય કર્મશીલનું વિશિષ્ટ પ્રદાન છે. એની વિચારસરણીને ડાબેરી ઝોંક ધરાવતી કેન્દ્રવર્તી હોવાનું મનાય છે.*

14.4.3.5.3 *સંગઠન અને સામાજિક આધારો*

*આંદોલનિય સંઘર્ષોમાંથી ઉદ્ભવેલા પક્ષોના સંગઠનોમાં તમામ સત્તા એક હથ્થું અને વ્યક્તિ કેન્દ્રી બને છે. કાંન્શીરામ તથા એમની રાજકીય શોધ, શિષ્યા અને વારસાઈ અનુગામી માયાવતીએ પક્ષને આંતરિક લોકશાહીથી વંચિત રાખ્યો. સંગઠનનું એની બંધારણ મુજબ સંચાલન અને સંસ્થીકરણ ના થાય તો નાણાકિય ભ્રષ્ટાચાર વિકરાળ બની એને નબળો પાડે છે. દાયકા કે દોઢ દાયકાનું આયખું ભોગવી આવા પક્ષો મૃતપ્રાય અવસ્થામાં જીવે છે. દલિતો એ બસપાને 'પોતાના' પક્ષ તરીકે જોયો અને પક્ષમાં સત્તાનું કેન્દ્રિકરણ સ્વીકાર્યુ તેમજ વારંવાર વફાદાર મતાધાર બનીને મતો આપ્યા. પરંતુ અન્ય સમૂહોએ તેમ ના કર્યુ. જમીન પરનો અસંતોષ પક્ષના ઉચ્ચ નેતૃત્વ સુધી પહોચ્યો નહિ. પરિણામે ચૂંટણીઓમાં પરાજયો અને પડતી શરૂ થયા. બસપાનું સંગઠન અત્યંત પાંખુ છે. બસપા* 50 *ટકા યુવા મતદારોનો ટેકો ધરાવે છે પરંતુ યુવા પાંખ નથી સ્થાપી. પક્ષની 'સોશ્યલ મિડિયા' તથા 'વેબસાઈટ' નથી. પક્ષના એકમાત્ર અધિકૃત પ્રવકતા છે. 'ભાઈચારા સમિતિઓ' એના સંગઠનની વિશિષ્ટ વ્યવસ્થા છે*

*જેનાથી તે અન્ય જ્ઞાતિ-સમૂહો સાથે સંપર્ક, સબંધ અને સંકલન વિકસાવે છે. બસપાના અંદાજ મુજબ 'બહુજન' શ્રેણિમાં સમાવાય એવી* 6000 *જ્ઞાતિઓ છે. જે ભારતની કુલ વસ્તીના* 85 *ટકા થવા જાય છે. પક્ષને મૂળ સંગઠનિય શક્તિ, જનાધાર, સ્થિરતા તથા સત્તા ફકત ઉત્તરપ્રદેશમાંથી જ મળ્યો છે. અન્ય રાજ્યો જેવા કે પંજાબ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાતમાં ચૂંટણીઓ લડી પણ ખાસ સફળતા નથી મળી. સામાજિક આધારોના વિસ્તરણ માટે અન્ય પક્ષો સાથે જોડાણો કર્યો પરંતુ આંતર- જ્ઞાતિય વિરોધાભાસો અને ટકરાવને લીધે ટકયા નહિ.*

14.4.3.5.4 **કામગીરી**

*બસપાની (ચૂંટણી સિવાયની) સૌથી મહત્ત્વની કામગીરી લાંબાગાળા માટે વૈકલ્પિક બિન-મનુવાદી સાંસ્કૃતિક અને બૌધિક ભૂમિ તૈયાર કરવામાં રહેલી છે. સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લઈ પ્રદાન કરી ચૂકેલા પરંતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા વિચારકો, સ્વતંત્ર સેનાનીઓ, જેવા કે, અવંતિબાઈ, ઉદાદેવી, મહાવીરી દેવી, ઝલકારીબાઈ, માતાદીન ભંગી, બલ્લુ મહેતર, વિરાપસી, બાંકે ચમાર, ચેતરામ જાતવ વિગેરેને નવા દલિત-બહુજન સ્મૃતિ ચિન્હો અને પ્રેરક સ્મારકો* (Icons) *રૂપે પુનઃ જીવિત કર્યા. બસપાના બૌધિક અને સમાજવિજ્ઞાની બદરી નારાયણ તીવારી નોંધે છે કે : ''ઉત્તરપ્રદેશમાં ભૂમિસ્તરે દલિતોને એકજૂટ કરવાના પ્રયાસો કરતાં,* 1857 *ના એટલા બધા પરાક્રમી, વીર પુરુષો, મહિલાઓ, ખોવાયેલો ઈતિહાસ, દંતકથાઓ, લોકવાયકાઓ મળ્યા જેનું દસ્તાવેજીકરણ ન હતું થયું. ખોવાયેલા, ભૂલાયેલા ઈતિહાસને ફરી લોકવારસારૂપે લોક સ્મૃતિમાં જાળવવા લખનૌમાં અસંખ્ય મોટા સ્મારકોનું નિર્માણ કર્યુ.''*

*ચૂંટણીઓમાં બસપાએ નોંધપાત્ર કીર્તિમાનો અંકે કર્યા.* 1993*માં ઉત્તરપ્રદેશની વિધાનસભામાં* 12 *ટકા મત સાથે* 67 *બેઠકો જીતી. સમાજવાદી પક્ષ ભાજપના ટેકાથી માયાવતીએ સરકાર બનાવી બીજીવાર મુખ્યમંત્રી બન્યા.* 1996 *ની લોકસભાની ચુંટણીમાં* 10 *બેઠકો જીતી.* 1997*ની વિધાનસભાની ચૂંટણીમાં પણ* 67 *બેઠકો મળી અને ભાજપ સાથે ચૂંટણી અને સત્તાની ભાગીદારીની સમજુતિ કરી, જે લાંબી ચાલી નહિ.*1998 *ની લોકસભાની ચૂંટણીમાં બસપાની પીછેહઠ થઈ.* 2007 *માં એણે શ્રેષ્ઠ દેખાવ કર્યો. સ્વબળે બસપાએ સ્પષ્ટ બહુમતિ મેળવી, સરકાર બનાવી અને પૂર્ણ મુદત સુધી ચલાવી.* 25 *વર્ષના અસ્તિત્વમાં બસપા દેશનો ત્રીજો મોટો રાજકીય પક્ષ બન્યો. પરંતુ* 2007 *માં મળેલ* 206 *બેઠકો ઘટીને* 2012 *માં* 80 *થઈ ગઈ.* 2014 *માં લોકસભાની એકપણ બેઠક ના જીતી.* 2019*ની ચૂંટણીમાં પણ ત્રણ પક્ષો (બસપા, સપા અને કોંગ્રેસ) નું જોડાણ હોવા છતાંય* 80 *માંથી ફકત* 15 *બેઠકો મળી. જેમાંથી બસપાની* 10 *બેઠકો હતી. માયાવતી ઉપર ભ્રષ્ટાચારના અસંખ્ય*

*આક્ષેપો અને કોર્ટ કેસ થયા. સંગઠન પણ નબળું પડ્યું, સામંતવાદી કાર્ય પદ્ધતિની પણ ટીકા થઈ અને જનાધાર ગુમાવ્યો.*

### 14.4.3.6 તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી- TMC: All India Trinmool Congress)

14.4.3.6.1 *ઉદ્ભવ*

*કોંગ્રેસ માંથી* 1998*માં છૂટા પડી મમતા બેનર્જીએ ટીએમસીની સ્થાપના કરી હતી. એના અસ્તિત્વનો ઈતિહાસ ટૂકો છે.* 2016*માં ચૂંટણી પંચે એને રાષ્ટ્રીય પક્ષ તરીકેની માન્યતા આપી. આ પક્ષનો જન્મ પણ આંદોલનમાંથી થયો છે.* 2006*માં પશ્ચિમ બંગાળમાં નંદિગ્રામના* 70000 *સ્થાનિકોને ઘર-જમીન છોડી જવાના ડાબેરી રાજય સરકારના નિષ્કાસન હૂકમને પડકારવા વિરોધ આંદોલન કર્યુ. ત્યારબાદ સિંગૂર ગામે ટાટાની નેનો કાર માટે અપાયેલી જમીન વિરોધ આંદોલન કર્યુ. મમતા બેનર્જી* 25 *દિવસની ભૂખ હડતાળ પર પણ ઉતર્યા. આ તમામ જન આંદોલનો એટીએમસીનો જનાધાર વધાર્યો.*

14.4.3.6.2 *વિચારસરણી*

*મમતા બેનર્જી મૂળ કોંગ્રેસી હોવાથી એમની વિચારધારા કોંગ્રેસના જેવી જ છે. કોમવાદનો વિરોધ, ધર્મનિરપેક્ષતા, લોકરંજક રાજકારણ, બંગાળી રાષ્ટ્રવાદ, સામ્યવાદનો સંપૂર્ણ વિરોધ એની વિચારધારાના મુદ્દા છે. આંદોલનનોમાં એમનું ખૂબ ગાજેલું સુત્ર 'મા, માટી, માનુષ' (મા, માતૃભૂમિ, જનસમૂદાય) ગ્રામ્યલક્ષી વિચારધારાને સ્પષ્ટ કરે છે. આ સુત્ર ખૂબ લોકપ્રિય બન્યું.* 2011 *ના વર્ષના* 6 *સૌથી લોકપ્રિય રાજકીય સુત્રોમાંથી એક હતું. એણે બંગાળની રાજકીય તાશીર બદલી નાખી. મમતા બેનર્જીએ એ સુત્ર ઉપર ગીત પણ લખ્યું અને એ જ નામનું પુસ્તક પણ.*

14.4.3.6.3 *સંગઠન*

*કેન્દ્રિય સમિતિ* (Core Committee) *એ ટીએમસીની સર્વોચ્ચ નિર્ણયકર્તા અંગ છે. મમતા બેનર્જી પક્ષના સ્થાપક તથા અધ્યક્ષ હોવાથી સંગઠન પર સંપૂર્ણ વર્ચસ્વ ધરાવતા સર્વેસર્વા નેતા છે. વ્યક્તિ કેન્દ્રી નેતૃત્વની જે ઉણપો અને મર્યાદાઓ અન્ય પક્ષોનેનડી છે તે ટીએમસીને પણ કનડી રહી છે. કેટલાક મહત્ત્વના સાથી નેતાઓ પક્ષ છોડીને જતા રહ્યા છે. પક્ષ મહત્ત્વકાંક્ષી હોવાથી એણે સંગઠનિય પાંખોનું વિસ્તરણ કર્યુ છે, જેમ કેઃ તૃણમૂલ યુથ કોંગ્રેસ, તૃણમૂલ મહિલા કોંગ્રેસ, ટ્રેડ યુનિયન, કિસાન કોંગ્રેસ વગેરે. આંતરિક લોકશાહીનો અભાવ, ભ્રષ્ટાચારના આરોપો, હિસાખોરીનું વર્તન તથા કેન્દ્ર સાથેના બગડતા જતા સબંધોના દોરમાંથી પક્ષ પસાર થઈ રહ્યો છે.*

14.4.3.6.4 *સામાજિક આધારો*

*નીચલી અને પછાત જ્ઞાતિઓની 'ઓળખ' ને જનાધાર ઉભો કરવાનો મુદ્દો અને શક્તિ બનાવી. ટીએમસીએ સામ્યવાદીઓની હરોળ શક્તિ* (Cadre Strength) *ને હંફાવી બંગાળમાં ધ્વસ્ત કરી. 'નામશુદ્ર' નામના દલિતોનું મોટું સમર્થન ધરાવતા વિશાળ 'મતુઆ પંથ' તથા બંગાળી મુસ્લીમોનો સંયુક્ત જનાધાર બનાવ્યો. નંદિગ્રામ કાંડથી નાખુશ ગ્રામીણ બંગાળી મુસ્લીમ ખેડૂતો પણ ટીએમસી તરફ વળ્યા. પરંતુ* 2014 *પછી ભાજપના હિંદુત્વ અને વિદેશી નાગરિકો તથા ઘૂસણખોરીના મુદ્દે મળી રહેલા પ્રતિસાદથી ટીએમસીનો જનાધાર દબાણમાં આવ્યો છે. શહેરી મધ્યમ વર્ગને પણ ઠીક-ઠીક સાચવ્યો હોવાથી આ પક્ષ ચૂંટણીઓમાં સારો દેખાવ કરી શકયો (જૂઓ કોઠો-5). નક્સલવાદી રાજકીય હિંસાથી નારાજ થઈને સીપીએમનો જનાધાર ઘટીને ટીએમસીમાં કંઈક અંશે તબદિલ થયો.*

14.4.3.6.5 **કામગીરી**

*ચૂંટણીમાં દેખાવની કામગીરી તપાસતા જણાય છે કે* 2010 *માં પક્ષને કોલકત્તાના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં* 141 *માંથી* 97 *બેઠકોની માતબર બહુમતિ મળી હતી.* 2014 *અને* 2019 *માં એનો લોકસભામાં અને રાજયસભામાં દેખાવ ખૂબ ઉત્કૃષ્ટ રહ્યો. રાજયસભામાં* 13 *બેઠકો છે અને લોકસભામાં* 22*બેઠકો સાથે સૌથી મોટો પક્ષ છે. કોઠો-5 એના કેટલીક ચૂંટણીઓના દેખાવોની ઝાંખી કરાવે છે.* 2016 *માં વિધાનસભાની ચૂંટણીમાં* 293*માંથી* 211 *બેઠકો અને* 42 *ટકા મત મેળવી સૌથી સારો દેખાવ નોંધાવ્યો.*

**કોઠો-5 : પશ્ચિમ બંગાળમાં 1998-2016 દરમ્યાન યોજાયેલી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં ટીએમસીના પરિણામ.**

| ક્રમ | ચૂંટણીનું સ્તર અને વર્ષ | કુલ બેઠકો પર ચૂંટણી લડયા | કુલ બેઠકો જીત્યા | કુલ મત મળ્યા (%) |
|---|---|---|---|---|
| *(અ)* | *લોકસભા* | | | |
| 1 | 1998 | 29 | 7 | 2.42 |
| 2 | 1999 | 29 | 8 | 2.57 |
| 3 | 2004 | 33 | 2 | 2.07 |
| 4 | 2009 | 26 | 19 | 3.20 |
| 5 | 2014 | 42 | 34 | 3.84 |
| 6 | 2019 | 42 | 22 | 4.07 |
| *(બ)* | *વિધાનસભા* | | | |
| 1 | 2001 | 216 | 60 | 30.66 |
| 2 | 2006 | 257 | 30 | 26.64 |
| 3 | 2011 | 226 | 184 | 38.93 |
| 4 | 2016 | 293 | 211 | 41.91 |

**સ્રોત : ચૂંટણી પંચની વેબસાઈટ : eci.gov.in તથા results.eci.gov.in પરથી લીધેલા પરિણામો.**

*પરિણામોથી પ્રોત્સાહિત થઈને ટીએમસીએ રાષ્ટ્રીય પક્ષ બન્યા પછી ત્રિપુરા, આસામ, મણિપુર, ઓડિસા, કેરળ, તામિલનાડુ, સિક્કિમ, હરિયાણામાં જનાધાર વધારવાનો અને સંગઠનને મજબુત કરવાના પ્રયાસ કર્યા.* 2011 *ની વિધાનસભાની ચૂંટણીમાં ટીએમસીએ કોંગ્રેસ અને* 'SUCI' (Socialist Unity Centre of India) *નામના ડાબેરી પક્ષ સાથે જોડાણ કરી ચૂંટણી લડી. આ જોડાણને કુલ* 294 *માંથી* 227 *બેઠકો મળી, જેમાં ટીએમસીની* 184 *હતી.*

*આ પક્ષની શાસકિય કામગીરી મિશ્ર ભાતની રહી છે.* 2014 *થી કેન્દ્ર સરકાર સાથે સતત લડાયક મિજાજથી કામ કરતાં સબંધો ખૂબ બગડયા છે. શારદા ચીટફંડ ભ્રષ્ટાચારમાં સરકાર પીછેહઠની સ્થિતિમાં આવી છે. ભાજપની વધતી જતી સંગઠનિય શક્તિ, રાજકીય પ્રભાવ અને જનાધારમાં ઈજાફાથી પક્ષ ઉચાટ અને ચિંતામાં છે. ટીએમસીએ ગ્રામીણ વિકાસના પ્રસંશનિય કામો કર્યા છે. 'સબુજ સાથી', 'કન્યાશ્રી' જેવી કલ્યાણ યોજનાઓથી જનાધાર ટકાવ્યો છે.આથી* 2020-21 *માં થનારી વિધાનસભાની ચૂંટણી મહત્ત્વની બની છે.*

- **તમારી પ્રગતિ ચકાસો (ગ)**

**(અ) નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટા તે જણાવો.**

1. *આર્થિક નીતિઓની બાબતમાં ભારતીય રાજકીય પક્ષો મહદ અંશે એક સરખી વિચારધારા ધરાવે છે.*
2. *ભારતીય રાજકારણ અને હિંદી તથા પ્રાદેશિક ફિલ્મ ઉધોગ ઘનીષ્ટ સબંધ ધરાવે છે.*
3. *આર એસ એસની સ્થાપના* 1951 *માં થઈ હતી.*
4. *ભારતીય ચૂંટણી પંચે વર્ષ* 2019 *માં ફકત* 8 *રાજકીય પક્ષોને રાષ્ટ્રીયપક્ષ તરીકે માન્યતા આપી છે.*
5. *કોંગ્રેસનું સૌથી પહેલું વિભાજન* 1967 *માં થયું.*
6. 1984 *માં કોંગ્રેસને મળેલો અભૂતપૂર્વ વિજય સહાનુભુતિના પ્રચંડ મોંજાને પ્રતાપે હતો.*
7. *ભારતીય સામ્યવાદી પક્ષની સ્થાપના ચીનમાં થયેલી ક્રાંતિથી પ્રેરાઈને થઈ હતી.*
8. *ભારતીય સામ્યવાદી પક્ષો સીધી ક્રાંતિને લઈને હમેશાં દ્વિધામાં રહ્યા.*
9. *ભારતીય જનતા પક્ષની સ્થાપના* 1977 *માં થઈ હતી.*
10. *ભારતીય જનતા પક્ષે નવા ઉદ્‌ભવ પછી " પાંચ પ્રતિબદ્ધતાઓનો " સંકલ્પ જાહેર કર્યો.*

**(બ) ટૂંક નોંધ લખો.**

1. *એ.એસ. નારંગે કરેલા રાજકીય પક્ષોના વર્ગીકરણની સદષ્ટાંત ચર્ચા કરો.*
2. *રાજકીય પક્ષોના વિચારધારાકીય વર્ગીકરણનું ઉદાહરણ આપી વર્ણન કરો.*
3. *ભારતીય કોંગ્રેસ પક્ષના ઉદ્ભવ તથા વિચારસરણી વિષે આલોચનાત્મક નોંધ લખો.*
4. *વિભાજીત સામ્યવાદી પક્ષોના સંગઠનની ચર્ચા કરો.*
5. *ભારતીય જનતા પક્ષની વિવિધ કામગીરીના સરવૈયાની ચર્ચા કરો.*
6. *બહુજન સમાજ પક્ષના ઉદ્ભવ તથા વિચારસરણીના મુખ્ય મુદ્દાઓની ચર્ચા કરો.*

*(ક) રાજકીય પક્ષોના અભ્યાસ માટે ઉપલબ્ધ પ્રચલિત પાંચ મુદ્દાના સૈદ્ધાંતિક રૂપરેખાનું વર્ણન કરો.*

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

*(ડ) ભારતીય જનતા પક્ષની સ્થાપના, વિચારસરણી અને સંગઠનની આલોચનાત્મક ચર્ચા કરો.*

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

## 14.5 મુખ્ય પ્રાદેશિક પક્ષો

*રાષ્ટ્રીય પક્ષોની ચર્ચા પછી એટલાજ મહત્ત્વના એવા પ્રાદેશિક પક્ષોના ઉદ્ભવ અને રાજકીય ઉતાર-ચઢાવ સાથે ટકી રહેવાની ઘટનાને બારીકાઈ અને વિશ્લેષણાત્મક રીતે સમજવાનો આ ખંડમાં સંક્ષિપ્ત પ્રયાસ થયો છે. તે અન્વયે ચાર ભાગમાં ચર્ચા કરી છે :* (1) *પ્રાદેશિક પક્ષ : અર્થ, વ્યાખ્યા, ઉદ્દેશો.* (2) *પ્રાદેશિકતાનો ઐતિહાસિક સંદર્ભ અને વિકાસ.* (3) *સમાન લક્ષણો, અને* (4) *મુખ્ય સાત પ્રાદેશિક પક્ષોની સઘન ચર્ચા (જેવા કે: તમિલનાડુના ડીએમકે - અન્નાડીએમકે, શિરોમણી અકાલીદળ-પંજાબ, નેશનલ કોન્ફરન્સ-જમ્મુ અને કાશ્મીર, તેલુગુ દેશમ પક્ષ- આંધ્રપ્રદેશ, અસમગણ પરિષદ, ઝારખંડ પક્ષ અને શિવસેના - મહારાષ્ટ્ર). કેટલાક અન્ય પક્ષો જેમનો અસ્ત થયો છે અથવા સત્તામાં છે એમનો અભ્યાસની સ્તર મર્યાદા અને સ્થળ સંકોચને લીધે સમાવેશ થયો નથી.*

### 14.5.1 પ્રાદેશિક પક્ષ : અર્થ, વ્યાખ્યા, ઉદ્દેશો

*કોઈ ચોક્કસ રાજકીય મુદ્દે રાષ્ટ્રની તુલનામાં પ્રદેશને પ્રાધાન્ય આપવાના વલણ તથા ઝંખનાને સામાન્ય રીતે પ્રદેશવાદ તરીકે સમજાય છે. આવી પ્રાદેશિકતા સાંસ્કૃતિક, ભૌગોલિક, ભાષાકીય, આર્થિક અને રાજકીય સંદર્ભમાં અભિવ્યકત થાય છે. કોઈપણ રાષ્ટ્રની પ્રાદેશિક વિભિન્નતાઓને રાષ્ટ્રીય એકતાના તાંતણે વણી લેવાની સમગ્ર પ્રક્રિયા બે દિશામાં જાય છે :* (1) *રાષ્ટ્રીય એકતાને વધુ પડતું મહત્ત્વ આપી આગવું વૈવિધ્ય, ઓળખ ધરાવતા ઘણા અસમાન વસ્તી જૂથોને એકચક્રી કેન્દ્રિય શાષણ હેઠળ લાવવાના બિનલોકશાહીય પ્રયાસ અને પ્રક્રિયા. આથી પ્રાદેશિકતાની લાગણી દુભાય છે અને પ્રાદેશિક પક્ષની સ્થાપનાના સ્વરૂપે વ્યક્ત થાય છે.* (2) *સમવાયતંત્રી વ્યવસ્થામાં જો સત્તાની વહેંચણી સમાન, ન્યાયી અને સમતોલિત ના હોય તો અતિશય કેન્દ્રિકરણમાં પરિણામે છે. કેટલાક પક્ષો સ્વાયત્તતા, વિકેન્દ્રીકરણની માગણીને લઈને અસ્તિત્વમાં આવે છે. કયારેક આ લાગણી અંતિમવાદી સ્વરૂપ ધારણ કરે છે (જેમ કે નાગાલેન્ડ, ખાલિસ્તાન, નક્ષલવાદ, કાશ્મીરમાં અલગાવવાદ), હિંસક બને છે અને હતાશ થઈને સંઘથી અલગ થવાની માગણી કરે છે.*

*પ્રદેશની વ્યાખ્યા સરળ છે.એનો અર્થ પણ તરત સમજાય તેવો છે. એસ.આર. મહેશ્વરી પ્રદેશની વ્યાખ્યા કરતા જણાવે છે કે જયારે કોઈ ચોક્કસ વિસ્તાર કે પ્રદેશને લાંબા સમયથી અલગ માનવામાં આવે ત્યારે જુદા જુદા પરિબળો જુદી જુદી માત્રામાં પ્રભાવક બને છે. આ પરિબળો ભૌગોલિક, ધાર્મિક, ભાષાકીય, સાંસ્કૃતિક, સામાજિક-આર્થિક, સહિયારી ઐતિહાસિક પરંપરા, રાજકીય વિકાસના તબક્કા, સમાન જીવનશૈલી અને 'આપણાપણા'* (we-ness) *ની લાગણી જેવા કોઈપણ એક કે એક કરતા વધારે હોઈ શકે છે. આ પ્રકારની ઓળખવાળું પ્રાદેશિક અસ્તિત્વ કોઈ રાજયની સરહદમાં સમાયેલું હોઈ શકે પરંતુ એ જરૂરી નથી. કોઈ એક રાજયની અંદર પણ આવા પ્રાદેશિક એકમો/સમૂહો આગવી ઓળખ અને અસ્તિત્વ ધરાવતા હોય છે, જેમ કે, આંધ્રપ્રદેશના વિભાજન પહેલાંનું તેલંગાણા, મહારાષ્ટ્રમાં વિદર્ભ, પશ્ચિમ બંગાળમાં દાર્જીલીંગ જયાંથી અલગ ગુરખાલેન્ડ રાજયની માગણી ઉઠી હતી. કયારેક એક સામાજિક-વંશીય ઓળખ એક કરતાં વધારે રાજયોમાં વિભાજીત હોય છે, જેમ કે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના સરહદી વિસ્તારમાં આદિવાસીઓ દ્વારા ભિલિસ્તાનની મોળી અને અહિંસક માગણી. તથા રાજયનો દરજ્જો મળ્યો તે પહેલાંનું ઝારખંડ રાજય પડોશના* 3-4 *રાજયોમાં વિભાજીત હતું (જેવા કે બિહાર, ઓડિસા, પશ્ચિમ બંગાળ તથા મધ્યપ્રદેશ).*

*પ્રાદેશિકતાના મૂળ ઉદ્દેશ :* (1) *રાષ્ટ્રની ઉચ્ચ સ્તરિય ઓળખ હેઠળ ઉપ-સાંસ્કૃતિક કે વંશીય ઓળખના રક્ષણ માટે પ્રાદેશિક ઓળખ બનાવવી.* (2) *સત્તાનું વહીવટીય અને રાજકીય વિકેન્દ્રીકરણ* (3) *કેન્દ્ર-રાજયના સબંધોની માવજત માટે સિદ્ધાંત-આધારીત વ્યવસ્થા* (4) *કેન્દ્ર –રાજય વચ્ચે રાષ્ટ્રીયતા અને પ્રાદેશિકતાની લાગણી, ભાવના તથા મહત્ત્વકાંક્ષા વચ્ચે વ્યવહારું સમતોલન જાળવવું જેથી બિનજરૂરી ઘર્ષણ, મનદુઃખ અને ટકરાવ ના થાય.*

### 14.5.2 પ્રાદેશિકતાનો ઐતિહાસિક સંદર્ભ અને વિકાસ

*રાષ્ટ્ર અને પ્રદેશ વચ્ચેની રેખા ખુબ પાતળી છે. પાકિસ્તાન જે પ્રદેશોથી રાષ્ટ્ર બન્યું તે અખંડ ભારતનો જ ભાગ હતો. પરંતુ* 1947 *માં ભાગલા પડયા અને કેટલાક પ્રદેશો પાકિસ્તાનના રૂપમાં નવો રાષ્ટ્ર બન્યો. અને પાકિસ્તાનમાં 'પૂર્વ પાકિસ્તાન' તરીકે જાણીતો પ્રદેશ,* 1971 *માં બાંગ્લાદેશના નામે જુદો દેશ બન્યા. આ ઐતિહાસિક હકિકત ઉપરથી ધ્યાન હટાવાય નહિ. સ્વતંત્ર પહેલાના અખંડ ભારતમાં રાષ્ટ્રીયતાનો પ્રશ્ન જટીલ હતો.* 562 *રજવાડા હતા. ધાર્મિક, વંશીય, ભાષાકીય સમૂહોની 'પ્રાદેશિકતા-રાષ્ટ્રીયતા' ના મિશ્રણો જાહેરમાં પ્રગટ થતા રહેતાં હતા.*

*સ્વતંત્રતા મળ્યા બાદ કેટલાક ધાર્મિક, લઘુમતિ, વંશીય, ભાષાકીય સમૂહોમાં અલગાવવાદી તંગદીલી વિકરાળ બનતી હતી. કોંગ્રેસનું શિર્ષ નેતૃત્વ આથી ચિંતિંત હતું. નહેરુએ 'વિવિધતામાં એકતા'* (Unity in Diversity) *નું સુત્ર આપ્યુ. રાષ્ટ્રીય એકતા ઉપર ભાર મૂકયો. ભાગલાવાદી વલણો, માગણીઓ, વિચારધારાઓ ઉપર કેન્દ્રની તિક્ષ્ણ નજર રહી. જયારે ભાષાના આધારે રાજયોના ગઠનની માગણી થઈ ત્યારે બળપૂર્વક દબાવી દેવાઈ.* 1956 *પછી એનો આંશિક સ્વીકાર થયો. ભાષા-રાજયો બનાવવાથી દેશની એકતા જોખમાઈ નથી બલ્કે મજબૂત થઈ છે. હિંદી ભાષાને લઈને દક્ષિણના પાંચ રાજયો હજુ પણ બહું સંશયી તથા ભાવુક છે એ રાષ્ટ્રીય હિતમાંજ વિવેક અને સમજપૂર્વક સ્વીકારવું જોઈએ. ઈતિહાસ સાક્ષી છે કે જો કેન્દ્ર સત્તા જડ અને અસહિષ્ણું બને અને પ્રાદેશિકતાને અવગણે તો ઘર્ષણ થાય છે, આંદોલન થાય છે, હિંસા થાય છે.* 1969 *થી* 1999 *માં પ્રાદેશિક પક્ષો જે રીતે ઉદ્‌ભવ્યા એની વિસ્તૃત ચર્ચા માટે જૂઓ ખંડ :* 14.3.3.2 *થી* 14.3.3.6.

*અસમાન આર્થિક વિકાસ અને પ્રાદેશિક અસમતુલાઓ તથા વિષમતાઓએ આંતર-વંશીય અને આંતર-સાંસ્કૃતિક વિખવાદને ઉશ્કેર્યો હતો. પરંતુ* 21*મી સદીમાં રાષ્ટ્રકાજ માટે રાષ્ટ્રીય પક્ષની સરકાર બને અને રાજય કે પ્રદેશના હિત માટે સ્થાનિક - પ્રાદેશિક પક્ષની સરકાર બને એવી પરંપરા વિક્સી રહી છે.*

### 14.5.3 પ્રાદેશિક પક્ષોના સમાન લક્ષણો

*મોરિસ ડુવર્જરના* (Maurice Duverger) *મત મુજબ પ્રાદેશિક પક્ષો કેટલાક સમાન લક્ષણો ધરાવે છે, જેવા કે :* (1) *એક રાષ્ટ્ર કે રાજયમાં સીમિત ભૌગોલિક વિસ્તારમાંજ કાર્યરત હોય* (2)*જેના સભ્યો વિધાનસભાના એક જ મતવિસ્તાર જેવા નાનકડા વિસ્તારમાં વસતા હોય* (3) *સમગ્ર રાજયકે રાજયથી ઉપરવટ જતા પ્રદેશમાં વસતી વિશાળ પ્રજાના ભાષાકિય, ધાર્મિક, વંશીય કે સાંસ્કૃતિક જૂથોના ખાસ હિતોનું પ્રતિનિધિત્વ કરતો હોય. ભારતીય પ્રાદેશિક પક્ષોના સમાન લક્ષણો નોંધતા જણાય છે કે તે મૂળભૂત રીતે બે પ્રકારના ઘટક સમૂહોમાં જોવા મળે છે- એક આત્મલક્ષી અને બીજુ વસ્તુલક્ષી. આત્મલક્ષી એટલે જીવનશૈલી, રૂઢિરિવાજો, પરંપરાઓ ભાષા, સાંસ્કૃતિક*

*વારસો અને પ્રાદેશિક જૂથ તરીકેના મૂલ્યોને સમર્પિત. વસ્તુલક્ષી પ્રકાર પ્રાદેશિક પક્ષે ભૂમિક્ષેત્રિય* (Territorial) *પ્રદેશો અને પર્યાવરણમાં અસ્તિત્વ ધરાવે છે. ભારતના પ્રાદેશિક પક્ષોને ઓળખવા હોય તો આ સમાન લક્ષણોથી ઓળખાય :* (1) *એકજ રાજયમાં ઉદ્ભવ અને સીમિતતા* (2) *રાજય કે પ્રદેશની રાજકીય ફિલસુફી અને કાર્યક્રમોમાં એજ પ્રદેશના લોકોનો વિકાસ કરતા અને ઐકય સાધતા સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય મૂલ્યોનું પ્રતિષ્ઠાન અને રક્ષણ* (3) *પરિણામ સ્વરૂપ સામાજિક આધાર અને મતદાનીય ટેકો મર્યાદિત રહે છે. ભારતના ચૂંટણી પંચે* 2019 *ની ચૂંટણી વખતની યાદીમાં કુલ* 2538 *પક્ષોને ત્રીજી શ્રેણી* (Registered Parties) *માં નોંધ્યા છે. આ પક્ષીય બહુલતા અને વિવિધતા રાષ્ટ્રીય એકતા માટે પડકાર અને તક બંને છે.*

### 14.5.4 મુખ્ય પ્રાદેશિક પક્ષો

*પ્રદેશવાદ, પ્રાદેશિક ચેતના અને પ્રાદેશિક પક્ષો ભારતના રાજકારણનું મહત્ત્વનું લક્ષણ રહ્યા છે. પ્રાદેશિકતા વિશાળ પટલ પર વિકસી છે, વધી છે. આ ખંડમાં પ્રાદેશિકતાના જુદાજુદા પાસાને સ્પષ્ટ કરતા* 7 *પક્ષોને વિસ્તૃત ચર્ચા માટે પસંદ કર્યા છે :* (1) *તામિલનાડુ-ડીએમકે અને અન્નાડીએમકે* (2) *પંજાબ-અકાલીદળ* (3) *જમ્મુ અને કાશ્મીર-નેશનલ કોન્ફરન્સ* (4) *આંધ્રપ્રદેશ – તેલુગુ દેશમ પક્ષ* (5) *અસમ ગણ પરિષદ* (6) *ઝારખંડ પક્ષ, અને,* (7) *મહારાષ્ટ્ર-શિવસેના.*

#### 14.5.4.1 *ડીએમકે અને અન્નાડીએમકે – તામિલનાડુ.*(DMK: Dravid Munnetra Kazhagam and All India Anna DMK)

*ડીએમકેની સ્થાપના* 1949 *થઈ હતી. પરંતુ એ પહેલાંની ઘટનાઓનો આ પક્ષ વૈચારિક વારસદાર છે. તામિલ રાષ્ટ્રવાદ અને બ્રાહ્મણ વિરોધી વિચારસરણી આ વારસાની દેણગી છે. તે વખતની મદ્રાસ પ્રેસીડન્સીમાં* 1910 *માં બ્રાહ્મણોના વર્ચસ્વવાળા કોંગ્રેસ પક્ષ પ્રત્યે સખત અગણમો હતો. કોંગ્રેસને બ્રાહ્મણોનું સર્જન અને રાજકીય સાધન માનવામાં આવતો હતો. દ્રવિડીયનોનો વિકાસ કરવો હોય તો બ્રાહમણોનું વર્ચસ્વ ઘટાડવું પડે એવી માન્યતા બની હતી.* 1916*માં 'બિન – બ્રાહ્મણ ઘોષણા'* (Non- Brahmin Manifesto) *તથા* 1916-17 *માં 'દક્ષિણ ભારત લોક મંડળ'* (South India People's Assocition) *ની સ્થાપના થઈ. આ બંને સંસ્થાઓ બ્રાહ્મણોની કોંગ્રેસ પાર્ટીનો સામનો કરવા 'જસ્ટીસ પાર્ટી '* (Justice Party) *માં પરિવર્તીત થઈ ગઈ.* 1923-24 *ની પ્રાંતિય ચૂંટણીમાં આ પક્ષ વિજેતા બન્યો. એના નેતા ઈ.વી.આર. નાયકરે બ્રાહ્મણોના વર્ચસ્વવાળા ક્રિયાકાંડી હિંદુ ધર્મથી દ્રવિડીયનોને છૂટા પાડવા 'આત્મ ગૌરવ અભિયાન'* (Self Respect Movement) *ચલાવ્યું. સુધારાવાદી વિચારસરણીના પ્રસાર માટે 'દ્રવિડ કઝગમ ' નામનો નવો પક્ષ સ્થાપવા બંને સંસ્થાઓને નાયકરે એમાં વિલિન કરી.નાયકરનો કોંગ્રેસ, બ્રાહ્મણવાદ અને ઉત્તર ભારતનો ત્રિપાંખીયો વિરોધ એટલો તીવ્ર બન્યો કે* 1947 *ના*

સ્વાતંત્ર દિનને 'શોક દિવસ' તરીકે ઉજવ્યો.આથી નારાજ થઈ યુવા વર્ગ અને એના નેતા સી.એન. અન્નાદોરાઈ પક્ષમાંથી અલગ થઈ, 1949 માં એમણે ડીએમકેની સ્થાપના કરી.

ડીએમકેએ એના જનાધાર નીચલી જ્ઞાતિઓ અને વર્ગોમાંથી મેળવ્યો. દ્રવિડીયન તથા તામિલ પ્રજાના સ્વાભિમાનના પુનઃ જાગરણ માટે તામિલ સીનેમા અને સાહિત્યનો અપાર ઉપયોગ કર્યો. તામિલ પ્રજાની ગરીબી માટે ઔદ્યોગિકરણના અભાવને જવાબદાર ઠેરવ્યો અને એનો દોષ ઉત્તરભારતના આર્યો પર થોપ્યો. હિંદી ભાષા પ્રત્યે સખત નારાજગી અને અણગમો નોંધાવ્યો (જે આજ દિન સુધી ચાલું છે). 1957- 1967 દરમ્યાન સી.એન.અન્નાદોરાઈના નેતૃત્વમાં પક્ષે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ લડી. 1957ની ચૂંટણીમાં ડીએમકે એ પ્રથમવાર ચૂંટણી લડી 41 માંથી 8 બેઠક જીતી. 1967ની લોકસભા અને વિધાનસભાની સાથે યોજાયેલી ચૂંટણીમાં ડીએમકેને 39 માંથી 36 બેઠકો મળી, જ્યારે વિધાનસભામાં 234 માંથી 179 બેઠકો મળી. 1969માં અન્નાદોરાઈના અવસાન પછી પક્ષના બે સરખે સરખા બળિયા અને પ્રભાવી નેતાઓ- એમ. કરુણાનીધિ અને એમ. જી રામચંદ્રન (MGR) વચ્ચે પરસ્પર આક્ષેપો અને વિવાદ થતા એમજીઆરને ડીએમકેમાંથી હાંકી કાઢયા. 1972માં એમણે અન્નાદોરાઈની યાદમાં 'અન્નાડીએમકે' પક્ષની સ્થાપના કરી. વિભાજીત થયેલા બંને પક્ષોએ 1977ની લોકસભાની અને વિધાનસભાની ચૂંટણી અલગ-અલગ પક્ષ તરીકે લડી (જૂઓ કોઠો-6).

બંને પક્ષો તામિલનાડુમાં વારા ફરતી સત્તામાં આવે છે. રાષ્ટ્રીય પક્ષોની રાજ્યમાં લગભગ પ્રવેશબંધી જેવી સ્થિતિ છે. બંને પક્ષો રાષ્ટ્રીય પક્ષ કોંગ્રેસ, જનતા કે ભાજપના નેતૃત્વ હેઠળની જોડાણવાદી સરકારોમાં જોડાય છે અને નારાજગી વધતા અચાનક નિકળી પણ જાય છે. વિધાનસભાની ચૂંટણીઓમાં હિંદી ભાષા, હિંદી પ્રદેશ અને ઉત્તરની આર્ય સંસ્કૃતિની ખૂબ ટીકા કરે છે છતાંય રાષ્ટ્રીય મુદ્દે એક યા બીજા પક્ષને કે જોડાણ (મોરચા સરકાર, એનડીએ અથવા યુપીએ)ને ટેકો કરી રાજ્ય માટે કેન્દ્રમાંથી લાભ મેળવે છે. 1962ના ચીની આક્રમણનો ડીએમકેએ વિરોધ કરી રાષ્ટ્ર સાથે એક જૂટ થઈ ઉભો રહ્યો.1963ના ભાગલાવાદ વિરુદ્ધના બંધારણીય સુધારાને ટેકો આપી 'સ્વતંત્ર તામિલનાડુ' ની માગણી પડતી મૂકી. રાજ્ય બહાર આ બંને પક્ષોનો પ્રભાવ નથી. શહેરોમાંથી ક્રમશઃ રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં પ્રસર્યો છે.બ્રાહ્મણ અને બિન-બ્રાહ્મણ જ્ઞાતિઓને જનાધાર વધારવા, 'તામિલીયન' તરીકેની લાગણી બળવત્તર કરવા અને ઉત્તરનું વર્ચસ્વ ઘટાડવા તથા રાજ્યની સ્વાયત્તતા વધારવાના પ્રયાસ કર્યા. કેન્દ્ર સરકારે પણ તામિલ પ્રાદેશિકતાને બેકાબૂ બનવા નથી દીધી. 1989ની વિધાનસભાની ચૂંટણીમાં ડીએમકે સ્વબળે સ્પષ્ટ

*બહુમતિથી ચૂંટાઈ પરંતુ વરસ એક પછી શ્રીલંકાના તામિલનાડુથી સક્રિય ગેરીલાઓને કાબૂમાં રાખવામાં નિષ્ફળ જવાથી કેન્દ્રએ સરકાર બરખાસ્ત કરી અને રાષ્ટ્રપતિ શાસન લાદયું.* 1991*માં તામિલનાડુમાં બંન્ને ચૂંટણીઓ સાથે યોજાઈ જેમાં કોંગ્રેસે જયલલિતાના અન્નાડીએમકે સાથે જોડાણ કરી સારો દેખાવ કર્યો. રાજીવગાંધીની હત્યાની સહાનુભૂતિએ મોટો જનાધાર બનાવ્યો. પરંતુ* 1995*માં જયલલિતાની સરકાર પર ભ્રષ્ટાચારના ખૂબ આક્ષેપો થયા. જયલલિતાના હૈદરાબાદ અને ચેન્નાઈના આવાસોમાંથી એ વખતના રૂા.*75 *કરોડની મિલ્કતો,* 10,000 *સાડીઓ અને* 250 *જોડ આયાતી પગરખાં મળ્યા હતા. રાજયની તીજોરીમાંથી પાલક દિકરાના લગ્ન માટે બેફામ ખર્ચા કર્યાના આક્ષેપો થયા. ભ્રષ્ટાચારના આરોપોને લીધે જેલવાસ થયો. તોય તામિલ પ્રાદેશિકતાએ આંખ આડા કાન કરી અન્નાડીએમકેને* 1998*માં લોકસભાની ચૂંટણીમાં* 23*માંથી* 18 *બેઠકો જીતાડી. જયલલિતાએ ભાજપના એનડીએને ટેકો કરી* 18 *સભ્યોના જોરે કેન્દ્ર સરકારને બાનમાં લીધી એમકહીએ તો અતિશયોક્તિ નથી. ગેરવ્યાજબી માગણીઓના સ્વિકારાતાં એપ્રિલ* 1999*માં પક્ષનો ટેકો પાછો ખેંચી લઈ ભાજપની એનડીએ સરકારને પાડી. પ્રાદેશિકતાને આવી રીતે કોરા રાજકીય ચેકની માફક વટાવામાં મર્યાદાના જળવાતા, જાણે-અજાણે રાજકીય અસ્થિરતા સર્જવામાં આવા પક્ષો નિમિત્ત બને છે. કોઠા-*6 *ના પરિણામોમાંથી કેટલીક રસપ્રદ ભાત* (Pattern) *તથા તારણ કાઢી શકાય છે. જેમ કે બંને પક્ષો વ્યક્તિકેન્દ્રી નેતૃત્વ તથા એકહથ્થુ સત્તા અને પારિવારિક અંકુશ રાખે છે.*

**કોઠો - 6: 1977-2019દરમ્યાન તામિલનાડુમાં યોજાયેલ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં ડીએમકે અને અન્નાડીએમકેનો દેખાવ.**

| ક્રમ | ચૂંટણીનું સ્તર અને વર્ષ | ડીએમકે | | | | અન્નાડીએમકે | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નેતૃત્વ | કુલ બેઠકો લડ્યા | બેઠકો જીત્યા | કુલ મત (%) | નેતૃત્વ | કુલ બેઠકો લડ્યા | બેઠકો જીત્યા | કુલ મત (%) |
| (અ) | લોકસભા | | | | | | | | |
| 1 | 1977 | એમ. કરુણાનિધી | 39 | 5 | 37.84 | એમ.જી. રામચંદ્રન | 20 | 17 | 30.4 |
| 2 | 1980 | -u- | 39 | 37 | 55.89 | -u- | 24 | 2 | 25.38 |
| 3 | 1984 | -u- | 39 | 2 | 37.4 | -u- | 12 | 12 | 18.36 |
| 4 | 1989 | -u- | 39 | 1 | 33.78 | જયલલિતા | 11 | 11 | 17.12 |
| 5 | 1991 | -u- | 39 | 0 | 27.64 | -u- | 11 | 11 | 18.1 |
| 6 | 1996 | -u- | 39 | 39 | 54.96 | -u- | 10 | 0 | 7.8 |
| 7 | 1998 | -u- | 39 | 9 | 42.72 | -u- | 23 | 18 | 26.3 |
| 8 | 1999 | -u- | 39 | 26 | 46.41 | -u- | 23 | 10 | 25.7 |
| 9 | 2004 | -u- | 39 | 39 | 57.40 | -u- | 33 | 0 | 29.8 |
| 10 | 2009 | -u- | 39 | 27 | 42.54 | -u- | 23 | 9 | 22.9 |
| 11 | 2014 | -u- | 39 | 0 | 26.8 | -u- | 39 | 37 | 44.3 |
| 12 | 2019 | એમ.કે સ્ટાલિન | 39 | 38 | 52.00 | ઈ.કે. પાલની-સ્વામી | 20 | 1 | 18.48 |
| (બ) | **વિધાનસભા** | | | | | | | | |
| 1 | 1977 | એમ. કરુણાનિધી | 234 | 48 | 24.89 | એમ.જી. રામચંદ્રન | 200 | 130 | 30.36 |
| 2 | 1980 | -u- | 234 | 69 | 44.43 | -u- | 177 | 129 | 38.75 |
| 3 | 1984 | -u- | 234 | 34 | 37.00 | -u- | 155 | 132 | 37.03 |
| 4 | 1989 | -u- | 234 | 150 | 37.89 | જયલલિતા | 198 | 27 | 21.15 |
| 5 | 1991 | -u- | 234 | 7 | 30.5 | -u- | 168 | 164 | 44.39 |
| 6 | 1996 | -u- | 234 | 221 | 53.77 | -u- | 168 | 4 | 27.47 |
| 7 | 2001 | -u- | 234 | 37 | 38.67 | -u- | 141 | 132 | 31.44 |
| 8 | 2006 | -u- | 234 | 163 | 26.5 | -u- | 188 | 61 | 32.64 |
| 9 | 2011 | -u- | 234 | 31 | 39.5 | -u- | 165 | 150 | 38.40 |
| 10 | 2016 | -u- | 234 | 89 | 40.0 | -u- | 234 | 136 | 41.14 |

**સ્રોત : ચૂંટણી પંચની વેબસાઈટ : eci.gov.in અને results.eci.gov.in પરથી લીધેલા પરિણામો.**

*તામિલનાડુમાં બે પ્રભાવી પક્ષો હોવાથી ચૂંટણીઓમાં મળેલી બેઠકો અને મતોની ટકાવારીમાં અન્ય રાજ્ય કરતા જુદી ભાત જોવા મળે છે. મતની ટકાવારી જોતા જણાય છે કે ઓછા મતે વધુ બેઠકો પણ મળી છે અને અમુક ચૂંટણીઓમાં વધુ મતે ઓછી બેઠકો પણ મળી છે. તામિલ સિનેમા સાથે શરૂથી જ બંને પક્ષોને ગાઢ સબંધ રહ્યો હોવાથી, ચિત્રપટની ભૂમિકાઓ, સંવાદો, પાત્રોને ચૂંટણી પ્રચારમાં વણી લઈ તથા ખૂબ લોકરંજક યોજનાઓ દ્વારા વારાફરતી મતો મળે એવો જનાધાર નિર્માણ પામ્યો.* 40-45 *વર્ષના સમયમાં બંને પક્ષોના થઈને ત્રણ-ચાર નેતાઓ એજ પક્ષોના સંગઠન – સત્તા શાસન ચલાવ્યા એ અજોડ ઘટના છે. પ્રાદેશિકતા-રાષ્ટ્રીયતા વચ્ચેના સબંધનું આ એક વરવું રાજકારણ જોવા મળ્યું.*

14.5.4.2 *શિરોમણી અકાલી દળ- પંજાબ*

*આ પક્ષનો ઉદ્ભવ પ્રાદેશિકતા અને કોમવાદથી થયો છે. આમ, એ પંજાબ અને શીખો માટે ઉદ્ભવ્યો છે. એનો મૂળ અવતાર સુધારાવાદી સંગઠન તરીકે હતો. ગુરૂદ્વારાઓના વહીવટને શીખોના હસ્તક લાવવા રૂઢિવાદી શીખ જૂથોએ આંદોલન કર્યું હતું.* 1925*માં તમામ ગુરૂદ્વારાઓનો વહીવટ ચૂંટાયેલી સમિતિ હેઠળ લવાયો. 'શીરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ'* (SGPC) *નું 'શીખ ગુરૂદ્વારા એક્ટ' દ્વારા નિયમન કરવામાં આવ્યું.અકાલીઓએ ગુરૂદ્વારાને રાજકારણમાં જકડી રાખ્યો. ગુરૂદ્વારાની મિલકતો, આવકો, જમીનો, લંગર-દાન જેવી અઢળક સંપત્તિ એસજીપીસી હસ્તક રહી. અકાલી દળ એક માત્ર શીખહિત રક્ષક દળ તરીકે નિર્વિઘ્ન ટકી રહ્યું. સ્વતંત્રતા પછી અલગ શીખીસ્તાનની માંગણી થઈ હતી. પરંતુ અલગ 'ભાષા – રાજ્ય' ના દરજ્જા સુધી મર્યાદિત બની રહી.* 1965 *માં માસ્ટર તારાસિંહે આંદોલન કર્યું.* 1966 *માં હરિયાણાને છૂટું પાડી માગણી સ્વીકારાઈ હતી. અકાલી દળનો શીખ જનાધાર મજબૂત થયો. શીખોની માગણીઓ વધી – શીખો માટે આર્થિક લાભો, નદીઓના પાણીની સવિશેષ ફાળવણી, અમૃતસરને પવિત્ર શહેર જાહેર કરવું; ભાખરા- બિયાસ નદીના પાણી બોર્ડનો વહીવટ પંજાબને સોંપવો, વગેરે. આમ, રાજકીય-ધાર્મિક મુદ્દે ઉદ્ભવી અકાલી રાજકારણ આર્થિક-ધાર્મિક મુદ્દામાં બદલાયું.* 1973 *માં 'આનંદપુર સાહેબ ઘોષણા' અન્વયે પંજાબે વધારે સ્વાયત્તતા માટે મુશ્કેલ માગણીઓ કરી.*

*વિચારધારાની દષ્ટિએ જોઈએ તો 'પંજાબિયત', પંજાબવાદ અથવા 'પંજાબી પ્રદેશવાદ' ને અકાલીદળનોમુખ્ય મુદ્દો કહી શકાય. અકાલી દળ મજબૂત સમવાયતંત્ર, રૂઢિવાદ અને મધ્યવર્તી જમણેરી વિચાર-ધારા ધરાવે છે.* 1967 *માં અકાલી દળને ફક્ત* 25 *ટકા મત મળ્યા; પરંતુ અન્ય પક્ષો (જનસંઘ, સામ્યવાદી, કોંગ્રેસના અસંતુષ્ટો) સાથે જોડાણ કરી સરકાર બનાવી.* 1977*માં અકાલીદળ ફરીથી સીપીએમ અને જનતા પક્ષના ટેકાથી સત્તામાં આવ્યું. પરંતુ* 1980*માં ઈન્દિરા ગાંધી સત્તામાં આવ્યા ત્યારે રાજ્ય સરકારને બરખાસ્ત કરી, નવી ચૂંટણી કરી એમાં કોંગ્રેસ જીતી અને અકાલી દળ હાર્યું. વધતા શીખ ઉગ્રવાદની સ્થિતિમાં અકાલી દળમાં પાંચ ફાંટા પડ્યા. ઈન્દિરા ગાંધીની શીખ અંગ રક્ષક દ્વારા હત્યા, ત્યારબાદ* 1984 *ની શીખ કત્લેઆમ જેવી ઘટનાઓને લીધે શીખ*

*મત કોંગ્રેસ વિરોધી બન્યો. પ્રકાશસિંઘ બાદલ નરમપંથી નેતા તરીકે ઉભર્યા અને પક્ષને ફરીથી સશકત અને સ્થિર કર્યો.* 1996 *માં બસપા અને ભાજપ સાથે જોડાણ કરી લોકસભાની* 13 *માંથી* 8 *બેઠક જીત્યા. ભાજપ સાથેના જોડાણે* 1997 *ની વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય અપાવ્યો.* 1998 *માં પણ* 13 *માંથી* 8 *બેઠક જીત્યા, જે* 1999 *માં વધીને* 10 *થઈ.* 2004 *ની લોકસભાની ચૂંટણીથી બેઠકો ઘટતી ગઈ.* 2004 *માં* 8 *મળી,* 2009 *માં* 4,2014 *માં* 4 *અને* 2019 *માં* 2 *બેઠકો મળી. એનો જનાધાર પણ ઘટયો.* 2004 *માં* 34.28 *ટકા હતો તે* 2019 *માં* 10 *ટકા થયો.*

*મહત્ત્વનું તારણ એ છે કે જે પક્ષનો ઈતિહાસ* 95-100 *વર્ષ જેટલો જૂનો હોય અને શીખ ધર્મ તથા શીખોના પ્રતિનિધિત્વના મુદ્દે રાજકારણમાં સક્રિય હોય એ* 2020 *સુધીમાં ઉગ્રવાદમાંથી નરમ પડી, એનો જનાધાર અને તેથી સત્તા ગુમાવતો જાય છે. શીખીસ્તાન અને ખાલીસ્તાનની માંગણીમાં ખુવાર થયેલું રાજ્ય અને પક્ષ ભારતીય સંઘ શક્તિ સામે છેવટે ઝૂકયાં. આજે અકાલી દળ સંગઠન તથા ચૂંટણીની કામગીરીમાં બંધારણિય માન-મર્યાદામાં રહીને સક્રિય છે. પ્રાદેશિકતા તથા કોમહિતની અંતરંગ લાગણી ભાવનાત્મક સ્તરે ઉદ્‌ભવી શકે છે. પરંતુ સહઅસ્તિત્વના વ્યવહારું સ્તરે ખાસ ટકતી નથી. શીખો દેશના તમામ મહત્ત્વના હોદ્દા અને ક્ષેત્રોમાં જેવા કે વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, રાજ્યપાલ, ન્યાયાધીશ, લશ્કર, મંત્રાલયો, ચૂંટણીપંચ, ખેલકૂદ, શિક્ષણ, વ્યવસાયમાં પ્રસંશનિય કામગીરી કરી લોકપ્રિયતા અને સ્વીકૃતિ પામ્યા છે. રાષ્ટ્રીયતા અને પ્રાદેશિકતા વચ્ચે જરૂરી આપ-લે અને બાંધ છોડની ભાવનાનો આ રસપ્રદ દાખલો છે.પરંતુ, સાડા ત્રણ મહિનાથી દિલ્હીની સરહદે ચાલતા ઉગ્ર, મચક ના આપે તેવા ખેતિ સુધાર ત્રણ કાયદાઓના વિરોધી આંદોલને પંજાબની પ્રાદેશિકતાને છતી કરી છે.*

### 14.5.4.3 નેશનલ કોન્ફરન્સ – જમ્મુ અને કાશ્મીર (એન. સી. :NC : All Jammu and Kashmir National Conference)

*દૂર્ભાગ્યવશઆ પ્રદેશ* 1921 *થી* 2020 *સુધીના લાંબા, વિશિષ્ટ ઐતિહાસિક, શાસકીય, રાજકીય, વહીવટીય, કોમી-ધાર્મિક, ઉગ્રવાદ, આંતકવાદ જેવા પરિબળો, ઘટનાઓ અને સંજોગોનું ભોગ બન્યું. નેશનલ કોન્ફરન્સ (એનસી) પણ આ ઘટનાક્રમનું કયાંક, કયારેક ચાલકબળ તો કયારેક ભોગ બન્યું.* 1921*માં'અંજુમન – એ – ઈસ્લામિયા' નામની સંસ્થા મુસલમાનોના સામાજિક-શૈક્ષણિક કલ્યાણની કામગીરી માટે સ્થપાઈ.* 1931 *સુધીમાં હિંદુ ડોગરા કૂળના મહારાજાના દમનકારી શાષન સામે 'જેહાદ' અર્થાત વિરોધ કરવા'ઑલ જમ્મુ એન્ડ કાશ્મીર મુસ્લીમ કોન્ફરન્સ' ની સ્થાપના થઈ. મહારાજાના શાસનથી નાખુશ એવા કેટલાક હિંદુઓ અને શીખો પણ આ નવી સંસ્થામાં જોડાયા.* 1938*માં 'એનસી' એ જાહેર કર્યુ કે મહારાજાની રહેમ નજર હેઠળ એનો ઉદ્દેશ પ્રદેશમાં લોકશાહી શાસન શરૂ કરવાનો છે.* 1938*માં જ 'મુસ્લીમ કોન્ફરન્સ' નું શ્રીનગરમાં અધિવેશન ભરાયું જેમાં લાંબી ચર્ચાને અંતે પક્ષના નામમાંથી 'મુસ્લીમ' શબ્દ કાઢી નાખી 'નેશનલ' ઉમેર્યો. આ અત્યંત મહત્ત્વની ઐતિહાસિક ઘટના હતી. મુસ્લીમ*

*બહુમતિ ધરાવતો પ્રદેશ હોવા છતાંય બિન સાંપ્રાદાયિક નામ રાખ્યું, જે* 2020 *સુધી અકબંધ છે.*

1939 *માં એનસીએ એના પક્ષ તરીકેના પ્રથમ સત્રમાં મહારાજાના દરબારમાં પ્રતિનધિત્વ માટે માગણી કરી જે મરજી વિરૂદ્ધ મહારાજાએ સ્વીકારી. શેખ મહોમ્મદ અબ્દુલ્લા પક્ષના મહત્ત્વના નેતા તરીકે સ્થાન પામ્યા.* 1946-47 *માં પાકિસ્તાની આદિવાસીઓના કાશ્મીર પરના હૂમલાને લડત આપી રોકયો.* 1948 *માં કાશ્મીરમાં લોકપ્રિય સરકાર સ્થાપી તથા ભારત સાથે જોડાણ કર્યુ. પ્રદેશની આગવી બંધારણિય ઓળખ, ઉપ-સંસ્કૃતિ તથા અર્ધ-સ્વાયત્તતા માટે ઘણા લાંબા સંઘર્ષ પછી ભારતના બંધારણમાં કલમ-* 370 *દાખલ કરાવી.* 1951*ની વિધાનસભાની ચૂંટણીમાંએનસીએ તમામ* 75 *બેઠકો જીતી લીધી. પરંતુ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓને લીધે* 1953 *માં શેખ અબ્દુલ્લાને પદ ભ્રષ્ટ કરી કેદ કર્યા. એમના સ્થાને બક્ષી ગુલામમોહમ્મદ નિમાયા.એનસીએ જમ્મુ- કાશ્મીરની બંધારણ સભામાં રાજયને ભારતીય સંઘમાં જોડવાનો પ્રસ્તાવ પસાર કર્યો. પરંતુ 'પ્લેબિસીટ ફ્રંટ'* (Plebiscite Front =*જનમત સંગ્રહ મોરચો) નામના પક્ષે પ્રસ્તાવ ફગાવ્યો અને જનમત સંગ્રહની માગણી કરી. બક્ષી સરકાર મક્કમ રહી અને એ માગણી ફગાવી દીધી.* 1957 *ની વિધાનસભાની ચૂંટણીમાં એનસીને* 75 *માંથી* 68 *બેઠકો મળી.* 1965*માં કોંગ્રેસ પક્ષ રાજયમાં સક્રિય થયો અને એનસીને એમાં વિલિન કરી, પરંતુ એક વર્ષમાં એનસી એમાંથી છૂટો થયો.* 1972 *માં ફરી એનસીકોંગ્રેસમાં વિલિન થઈ.* 1975 *માં'નવી દિલ્હી સમજુતિ'* (New Delhi Accord) *થઈ. શેખ અબ્દુલ્લા મુખ્ય પ્રધાન બન્યા અને કાશ્મીરનું ભારતીય સંઘમાં અંતિમ જોડાણ થયું. એમના અવસાન પછી* 1982*માં એમના પુત્ર ફારૂખ અબ્દુલ્લા મુખ્યપ્રધાન બન્યા. પરંતુ પારિવારિક ઝઘડાને લઈ* 1984 *માં પક્ષનું વિભાજન થયું અને સરકારનો અંત થયો.* 1987 *ની વિધાનસભાની ચૂંટણીમાં એનસીએ કોંગ્રેસ સાથે જોડાણ કરી, જીત મેળવી સરકાર રચી. પરંતુ ફારૂખની કૃપા દૃષ્ટિ હેઠળ રાજયમાં હિંસક આંતકવાદી ભાંગફોડ બેકાબૂ થતા* 1990 *માં સરકારને બરખાસ્ત કરી રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું. અબ્દુલ્લા* 1996*ની ચૂંટણીમાં ઘાલમેલના આરોપો સાથે* 87 *માંથી* 57 *બેઠકો જીતી સત્તામાં આવ્યા. ફારૂખે* 2000 *માં પુત્ર ઓમર અબ્દુલ્લાને એનસી નું સુકાન સોપ્યું. એનસીની ત્રીજી પેઢીનું નેતૃત્વ નબળું પડ્યું.* 2002 *ની ચૂંટણીમાં ઓમરને ફકત* 28 *બેઠકો જ મળી.* 2008 *માં પણ ફકત* 28 *બેઠકો જ મળી. આ દરમ્યાન* 1998 *માં મોહમ્મદ સૈઈદ મુફતીએ પીડીપી* (People's Democratic Party) *નામનો નવો પક્ષ સ્થાપ્યો હતો. તેણે મજબૂત થઈ એનસીને ટકકર આપી.* 2010 *માં રાજયની શાંતિ ડહોળાઈ અને સ્થિતિ બગડી. ભારત સાથેના જોડાણનો મુદ્દો ફરી ઉછળ્યો.* 2014 *ની લોકસભાની ચૂંટણીમાં એનસીને* 6 *માંથી એક પણ બેઠક ના મળી. ભાજપ- પીડીપીને ત્રણ-ત્રણ બેઠક મળી. પાંચ તબક્કામાં થયેલી ડીસેમ્બર* 2014 *ની વિધાનસભાની ચૂંટણીમાં એનસીએ કોંગ્રેસ સાથેનું જોડાણ તોડ્યું તો પણ ફકત* 15 *બેઠકો જ મળી (મત :* 20.8 *ટકા) પીડીપીને* 28 *(મતઃ* 22.7 *ટકા)*

અને ભાજપને 25 મળી (મતઃ 23 ટકા). 2016 માં પીડીપીના સ્થાપક મુફતી મહોમ્મદનું અવસાન થતા પાર્ટીનું નેતૃત્વ એમની દિકરી મહેબૂબા મુફતીને મળ્યું જે મુખ્યમંત્રી બન્યા. ત્રિશંકુ વિધાનસભાનું કોકડું ગુંચવાયેલુ હતું એટલે સરકાર ના બની શકી. પરંતુ ખૂબ વિચારણા – ચર્ચાના અંતે પીડીપી-ભાજપની સરકાર બની, જે જુન 2018 માં ભાજપે ટેકો ખેંચી લેંતા તુટી. રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું. અને 5મી ઓગસ્ટ, 2019 ના રોજ સંસદે કલમ 370 રદ્દ કરી. રાજયના બે ભાગ કર્યા. જમ્મુ-કાશ્મીર અને લડાખને નવો સંઘ પ્રદેશ બનાવ્યો.

1920- 21 થી 2019-20 સુધીના 100 વર્ષનો ઈતિહાસ તપાસતા જણાય છે કે અમુક પ્રકારના રાજકીય, વિચારસરણિય અને ઐતિહાસિક મિશ્રણવાળી પ્રાદેશિકતા કેવા પક્ષો અને રાજકારણને જન્મ આપે છે. કાશ્મીરનો મુદ્દો માધ્યમોમાં ગાજે છે એના કરતાં કેટલાય ઘણો વધારે જટીલ હતો અને હજુ છે. બબ્બે - ત્રણત્રણ પેઢી સુધી પક્ષોમાં ચાલતા પરિવારવાદી રાજકારણે પ્રાદેશિકતાના ઉપયોગમાં કોઈ વિવેક કે કસર ન હતા રાખ્યા. કેન્દ્ર સરકારે વર્ષો સુધી રાજયમાં અઢળક નાણા ઠાલવ્યા તોય વિકાસ, શાંતિ અને સ્થિરતા જોવા ના મળ્યા. કલમ 370 ની નાબૂદી પછી રાજકીય પ્રક્રિયા વિલંબિત છે અને સ્થિતિ પ્રવાહી છે. કેન્દ્ર શાસનની સખ્તીને લીધે વિરોધના સૂર દબાયા છે પણ મોકળાશ- અવકાશ મળતા ઊઠી શકે છે.

14.5.4.4 તેલુગુ દેશમ પક્ષ – આંધ્રપ્રદેશ (ટીડીપી- TDP)

આ પ્રાદેશિક પક્ષની ખાસિયત એ છે કે એની સ્થાપના 1947 પછી થઈ. ફિલ્મ કલાકાર એન.ટી. રામારાવે 1982 માં ટીડીપીની સ્થાપના કરી. ખૂબ અલ્પકાળમાં લોકપ્રિયતા તથા જનાધાર મેળવી કોંગ્રેસના 35 વર્ષના શાસનનો રાજયમાં અંત આણ્યો. 1970 ના દશકમાં કોંગ્રેસ પક્ષની અંદર એકહથ્થુ સત્તાની ભાત વિકસી એના પરિપાક રૂપે જે 'મોડલ' વિકસ્યુ એણે રાજયોની પોતાના પક્ષની સરકારોને લગભગ પાંગળી બનાવી મૂકી. રામારાવે 'તેલુગુ સ્વમાન' અને ગૌરવના મુદ્દે કોંગ્રેસ થકી થતા કેન્દ્ર સરકારના ઓરમાયા વર્તનનો વિરોધ કર્યો. પક્ષના નામમાં પણ 'તેલુગુ દેશમ્' શબ્દ વાપરીને સંઘીય રાષ્ટ્રીયતાને પડકારી હતી. આ પ્રાદેશિકતા નક્કરને બદલે ભાવાત્મક વધારે હતી. ઓછો રાજકીય અનુભવ તથા અશક્ત સંગઠનને લઈને ટીડીપી અંધારામાં આગિયાની માફક ઝબકીને હાલ હોલવાઈ રહી છે. રામારાવે એમના અલ્પ શાષનકાળમાં રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસ વિરૂદ્ધ મોરચો ખોલી ઠીકઠીક પડકાર ફેકયો હતો. પરંતુ સ્વગૃહે એમનો પક્ષ શાસન તથા વહીવટમાં નબળો પડતો હોવાથી, 1985 માં મેળવો જવલંત વિજય ટકાવી ના શક્યા અને 1989ની ચૂંટણીમાં કોંગ્રેસ સામે કારમી હાર થઈ. એમણે આપેલું 'સમવાયી સમતોલન' નું (ફેડરલ બેલેન્સ-Federal Balance) સુત્ર પ્રચલિત થયું. 1994ની રાજયની ચૂંટણીમાં ટીડીપી ફરી સત્તાધીન થયો. પક્ષ અને સંગઠનમાં પરિવારવાદી વિખવાદ વધતા રામારાવના જમાઈ ચંદ્રબાબુ નાયડુંએ 1995 માં રામારાવને સત્તામાંથી દૂર કર્યા. 1996 માં એમના અવસાન બાદ તથા ક્ષણિક વિખવાદ બાદ ટીડીપીનું નેતૃત્વ

*અને વહીવટ નાયડુંને મળ્યા. 1996 ની સામાન્ય ચૂંટણીમાં 16 બેઠક મળી. 1998 માં 12 અને 1999 ની વિધાનસભા ચૂંટણીમાં 180 બેઠકો મળી. સંયુક્ત મોરચામાંથી નીકળીને ભાજપના એનડીએમાં જોડાયા. રાજ્યના વિભાજન પછી, 2019ની વિધાનસભાની ચૂંટણીમાં ટીડીપીને ફક્ત 23 બેઠકોજ મળી. રામારાવની વિચારસરણી ભાવનાત્મક પ્રકારની હતી. જ્યારે નાયડું મુક્ત બજારની આર્થિક નીતિઓના સમર્થક રહ્યા. રાજ્યનું આર્થિક ભારણ ઓછું કરી ખાનગીકરણના પ્રણેતા બન્યા.*

**14.5.4.5 અસમ ગણ પરિષદ (એજીપી - AGP)**

*આ પક્ષનો ઉદ્ભવ 1970 ના દાયકાના વિદ્યાર્થી વિરોધ આંદોલનમાંથી થયો હતો. મુદ્દો હતો વિદેશી નાગરિકોનો. આંદોલનને ખૂબ મોટું જન સમર્થન મળ્યું હતું. આસામ બહારથી આવીને વસેલા તમામને 'વિદેશી' તરીકે ઓળખી વિરોધ થયો હતો. આ સ્થળાંતર અને વસવાટનો ઈતિહાસ અમુક અંશે 1947 ના ભાગલા સાથે જોડાયેલો છે. બાંગ્લાદેશથી ઘણા બંગાળી હિંદુ અને મુસલમાનો સતત આવતા રહ્યા અને આસામમાં વસતા ગયા. આવી રીતે આવીને વસેલા લોકોએ નબળી, છિદ્રાળુ મતદાર યાદીમાં નામો દાખલ કરી, બિન- આસામી પક્ષોના ટેકેદાર બની રાજકીય રક્ષણ મેળવ્યું. 1979 ના એક અંદાજ મુજબ આસામના 13માંથી 7 જિલ્લામાં આવા સ્થળાંતરીત વસવાટીઓની બહુમતિ બની. આથી સ્થાનિક આસામી પ્રજા અસુરક્ષિત બની. 1985 માં વિદ્યાર્થી આંદોલનને વિધિવત રાજકીય પક્ષમાં પરિવર્તીત કર્યું. એજીપી એ આસામી ભાષા અને સંસ્કૃતિના રક્ષણની જવાબદારી લઈ જન સમર્થન માટે હાકલ કરી. 1985 ની ચૂંટણીમાં પક્ષે રાજ્યમાં સત્તા મેળવી. (126 માંથી 67 બેઠકો મેળવીને). પરંતુ રાજકીય કૂનેહ અને શાસનના અનુભવ-આવડતના અભાવે પક્ષ અને રાજ્યમાં ભ્રષ્ટાચાર વધ્યો, કાયદો-વ્યવસ્થા બગડયા, બોડોલેન્ડ અને આસોમ મુક્તિ મોરચાના હિંસક આંદોલનોએ સ્થિતિ બગાડી. આથી કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને બરખાસ્ત કરી. 1991 ની રાજ્યની ચૂંટણીમાં એજીપીની કારમી હાર થઈ. લોકપ્રિયતા અને જનાધાર ગુમાવ્યો. પક્ષમાં ફાટફૂટ અને વિખવાદ થયા. 2008 માં તમામ તડાં સાથે સમાધાન થવાથી પ્રદેશ હિતમાં વિભાજીત જૂથો પિતૃપક્ષ એજીપીમાં પાછા જોડાયા. પરંતુ 2011 માં સર્વાનંદ સોનોવાલ ભાજપમાં જોડાયા. 2013 માં અતુલ બોરા જેવા વરિષ્ઠ નેતા પણ એજીપી ત્યજી ભાજપમાં જોડાયા. ભાજપે 'ઉત્તર-પૂર્વ લોકશાહી જોડાણ'* (North – East Democratic Alliance)*ની રચના કરી જેમાં સિક્કિમ, આસામ અને નાગાલેન્ડના મુખ્યમંત્રી પણ જોડાયા. છેવટે એજીપી પણ 'નેડા'* (NEDA) *માં જોડાઈ ગઈ. 2019 માં આ જોડાણ નાગરિક સુધારા ખરડા, 2016 ના મુદ્દે વિખેરાયું પરંતુ 2-3 મહિનામાં પાછું સંધાઈ ગયું. 2019 ની ચૂંટણીમાં 'નેડા' જોડાણે સમજુતિ મુજબ એજીપી 3 બેઠક ઉપર, બોડોલેન્ડ પક્ષ 1 ઉપર અને ભાજપ 10 બેઠકો પર ચૂંટણી લડયા. આ પ્રકારના પ્રાદેશિક પક્ષના અભ્યાસમાંથી જણાયું કે આંદોલનમાંથી પક્ષમાં પરિવર્તીત થયેલા રાજકીય પક્ષો ઝાઝું ટકતા નથી. સંગઠન નબળું રહે છે.જનાધારમાં વધ-ઘટ થાય છે. વ્યક્તિકેન્દ્રી નેતૃત્વને લીધે આવા પક્ષો*

*'વિભાજન- જોડાણ – વિભાજન- પુનઃ જોડાણો' ની શૃંખલામાં અટવાયેલા રહે છે, તથા અસરકારકતા ગુમાવે છે.*

14.5.4.6 **ઝારખંડ પક્ષ (The Jharkhand Party)**

*સ્વતંત્રતા પહેલા અને પછી આદિવાસી કલ્યાણ, અધિકારો, શોષણ વિરૂદ્ધ સશક્તિકરણ, જંગલ હકકો, વિકાસ, સાંસ્કૃતિક રક્ષણ, સન્માન જેવા મુદ્દા અવારનવાર ઉઠતા રહ્યા છે.* 1991 *ના આંકડા મુજબ ભારતની કુલ વસ્તીના* 8 *ટકા આદિવાસી વસ્તી છે. સંખ્યાની દૃષ્ટિએ નાની લઘુમતિ છે પણ આ ઉપખંડના મૂળ રહેવાશી હોવાના કારણે બંધારણમાં એમના રક્ષણ માટે ખાસ જોગવાઈઓ થઈ છે. વળી લોકશાહી સમાજમાં લઘુમતિઓની ખાસ દરકાર રાખવાના મૂલ્યોં સ્પષ્ટ હોવાથી આદિવાસી વિસ્તાર, પ્રદેશ અને વસ્તી વિશિષ્ટ મહત્ત્વના બને છે. ઝારખંડ આદિવાસી રાજય છે જેની સ્થાપના વર્ષ* 2000 *માં એનડીએ ગઠબંધન સરકારે કરી. ઝારખંડ વન ઉપજ અને કુદરતી ખનીજોથી અતિ સમુદ્ધ પ્રદેશ છે. શોષણ અને પછાતપણાનો લાંબો ઈતિહાસ છે. સ્વતંત્રતા પહેલા 'આદિવાસી મહાસભા'નામની સંસ્થા બે વિચારધારામાં વિભાજીત હતી- એક, અંગ્રેજી શાષન તરફી અને બીજી ગાંધી તરફી. ખ્રિસ્તી આદિવાસીઓ કોંગ્રેસની વિરૂદ્ધ હતા. સ્વતંત્રતા પછી આ નામ બદલીને 'ઝારખંડ પક્ષ' રાખ્યું.* 1952 *અને* 1957 *ની બિહારની ચૂંટણીઓમાં એણે નોંધપાત્ર સફળતા મેળવી હતી.* 352 *માંથી* 32 *બેઠકો મેળવી મુખ્ય વિરોધ પક્ષ બન્યો.* 1962 *માં ફકત* 20 *બેઠકો મળી. ભાષાના આધારે રાજયના દરજ્જાની એની માગણી રાજયોના પુર્નગઠન પંચે નકારી. પક્ષના નેતા જયપાલસિંગે નિરાશ થઈ* 1963 *માં પક્ષને કોંગ્રેસમાં વિલિન કર્યો. પક્ષમાં આનો ખૂબ વિરોધ થયો. પક્ષના ચાર ટુકડા થયા. જેમાંથી ઝારખંડ પક્ષ સૌથી મોટું જૂથ હતો. ઝારખંડ એક એવું રાજય છે જયાં બે રાષ્ટ્રીય પક્ષો (ભાજપ અને કોંગ્રેસ) અને નવ ગૌણ કક્ષાના રાષ્ટ્રીય પક્ષો (જેડીયુ, રાજદ, ટીએમસી, એનસીપી, સીપીઆઈ, સીપીએમ તથા અન્ય) છે. તથા* 8 *પ્રાદેશિક પક્ષો છે (જેવા કે : ઝારખંડ મુક્તિ મોરચા, ઝારખંડ વિદ્યાર્થી સંઘ, ઝારખંડ લોક પક્ષ, યુનાઈટેડ ઝારખંડ પક્ષ, બિરસા સેવા દળ વગેરે). ભારતીય સંઘના તમામ રાજયોમાંથી ઝારખંડ જ એક એવું રાજય લાગે છે જયાં આટલા બધા રાજકીય પક્ષો સક્રિય છે. ગરીબ રાજયના પછાત, શોષિત, પીડિત, નિરક્ષર આદિવાસીઓના ઉત્થાન, વિકાસ, પ્રતિનિધિત્વ માટે આટલો બધો રાજકીય ઉત્સાહ આશ્ચર્યજનક છે. પરંતુ અઢળક ખનીજ અને વન સંપત્તિથી સમૃદ્ધ રાજયમાં લાભવાની દૃષ્ટિથી આટલી વ્યાપક રાજકીય નિસ્બત હોઈ શકે છે.*

14.5.4.7 **શિવસેના (Army of Shivaji)- મહારાષ્ટ્ર**

*મહારાષ્ટ્રમાં છેલ્લા* 5-6 *દશકથી શિવસેના એક મજબૂત પ્રાદેશિક પક્ષ તરીકે વિકસ્યો છે. વ્યંગ ચિત્રકાર બાલ ઠાકરેએ* 1964 *માં એની સ્થાપના મરાઠી ગૌરવ જાળવવા બિનરાજકીય સંસ્થા તરીકે કરી હતી. ઠાકરેએ ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે શિવસેના સેવા સંસ્થા તરીકે કામ કરશે અને રાજકારણથી દૂર રહેશે. પરંતુ એથી વિપરીત, પગભર થતાં*

*જ 1967 માં મુંબઈની સ્થાનિક ચૂંટણીમાં ઝંપલાવ્યું. એમના 'માર્મિક' નામના સાપ્તાહિક પ્રકાશનમાં બહારથી આવીને મુંબઈમાં વસેલા દક્ષિણ ભારતીયો, ઉત્તર ભારતીયો અને ગુજરાતીઓની વ્યંગ દ્વારા ટીકા કરી મરાઠી ભાષી જનમાનસને એક જનાધાર માટે તૈયાર કર્યું. બાલ ઠાકરે આજીવન એના પ્રમુખ રહ્યા અને કડક હિંસક વલણ અને એકાધિકારી વર્ચસ્વ ધરાવતા નેતાની છાપ ઊભી કરી. પક્ષનો તમામ કારભાર-વહીવટ એમના નિવાસ 'માતોશ્રી' થી થતો. મુંબઈના મધ્યમવર્ગી મરાઠી રહેવાસીઓને શહેરમાં નોકરી મળી રહે તે માટે હિંસક દેખાવો, તોફાનો કર્યા. મુંબઈ-થાણે પછી કોંકણમાં પક્ષનો પ્રસાર કર્યો.ગ્રામીણ મહારાષ્ટ્રમાં પણ સંગઠનનો પ્રસાર કર્યો. સંગઠન આપખુદશાહીથી ચલાવ્યું. વફાદાર અને સમર્પિત કાર્યકારોનું મજબૂત પીઠબળ ઉભું કર્યુ. ઠાકરે દ્વારા પક્ષની તમામ નિમણૂકો અને હકાલપટ્ટીઓ પોતાની મનમાનીથી થતી. આંતરિક લોકશાહીનો પક્ષમાં સદંતર અભાવ હતો.*

*વિચારસરણીની દષ્ટિએ જોઈએ તો પક્ષની શરૂઆત 'મરાઠીવાદ' ના સંકુચિત મુદ્દાથી થઈ. મરાઠી માનુષ, મરાઠી અસ્મિતા, જય મહારાષ્ટ્ર, છત્રપતિ શિવાજી મહારાજના હિંદુ રાષ્ટ્રની કલ્પના મુજબ હિંદુ એકતા, હિંદુ હિતો જેવા મુદ્દાઓ ઉછળતા અને છવાયેલા રહ્યા. લાંબા સમય સુધી પક્ષનો જનાધાર મરાઠી મતદારો સુધી સિમિત રહ્યો. પરંતુ હિંદુ રાષ્ટ્રના મુદ્દાથી વિસ્તર્યો. 1970 માં વિધાનસભાની ચૂંટણીમાં એક બેઠક જીતી. ત્યાર પછી પક્ષની વિચારધારાના મુખ્ય મુદ્દા રહ્યા- (1) રૂઢિચુસ્તવાદ (2) હિંદુત્વ તથા હિંદુ રાષ્ટ્રવાદી (4) આર્થિક રાષ્ટ્રવાદ (5) ઉદ્દામવાદી રાષ્ટ્રવાદ (6)જમણેરી લોકરંજકવાદ (7) મરાઠીવાદ. બ્રાહ્મણ, સીકેપી, પઠારેપ્રભુ જેવી ઉપલી મહારાષ્ટ્રીયન જ્ઞાતિઓ શિવસેનાના મંચ ઉપર એકત્ર થઈ. 1975 ની કાર્યકરીને ટેકો આપ્યો. 70 ટકા જેટલા શિવ સૈનિકો ઓબીસી જ્ઞાતિના હોવા છતાંય મંડળ ભલામણોનો વિરોધ કર્યો. સંગઠનમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ રહ્યું, જેની સામે વિરોધ થયો. મરાઠા, શિમ્પી, અગરી, માળી, દલિતોએ પણ ટેકો કર્યો. મરાઠી ભાષાવાદ અને પ્રદેશવાદના મુદ્દા આગળ કરી જ્ઞાતિ ભેદભાવોને સમતળ કરવામાં પક્ષ સફળ રહ્યો હતો. મરાઠા જનાધારને કોંગ્રેસ પાસેથી છિનવ્યો.*

*ચૂંટણીની કામગીરી જોઈએ તો 1989 ની લોકસભાની ચૂંટણીમાં 42 માંથી એક બેઠક મળી, 1991 માં 4 મળી, 1996 માં 5, 1998 માં 6, 1999 માં 15, 2004 માં 12, 2009 માં 11 અને 2014 તથા 2019 ની બંને ચૂંટણીમાં 18-18 બેઠકો મળી. પ્રાદેશિકતાના મુદ્દાને લઈને વિધાનસભાની ચૂંટણીમાં પણ દેખાવ ઉત્તરોત્તર સારો થયો. રાજયની કુલ 286 બેઠકો માંથી 1990 માં 52 બેઠક મળી, 1995 માં 73, 1999 માં 69,2004 માં 62, 2009 માં 45 અને 2014 માં 63 બેઠકો મળી. 2019 ની ચૂંટણીમાં ભાજપ સાથેનું જોડાણ તોડ્યુ અને એનસીપી તથા કોંગ્રેસ સાથે જોડાણ કરી સરકાર બનાવી. 2012 માં બાલ ઠાકરેના અવસાન પછી પક્ષનો વારસો પુત્ર ઉદ્ધવ ઠાકરે અને પૌત્ર આદિત્ય ઠાકરેને મળ્યો. ઠાકરેના ભત્રીજા રાજ ઠાકરેએ આથી નારાજ અને જુદા થઈ*

*મહારાષ્ટ્ર નવનિર્માણ સેના* (MNS) *ની સ્થાપના કરી. વિભાજન પછી ટકી રહેવા અને ઉત્તર ભારતીયોમાં જનાધાર વિસ્તારવા ઉદ્ધવે છઠ પૂજાનું આયોજન કર્યું, ગુજરાતીઓને હોદ્દા આપ્યા, વેલેન્ટીનડેની તોડફોડ બંધ કરી, અને મુસલમાનોને પણ ઉમેદવાર બનાવ્યા. શિવસેનાની પ્રાદેશિક પક્ષ તરીકેની કામગીરીમાંથી જે મુદ્દો તરી આવે છે તે છે પ્રાદેશિકતાની આક્રમકતા અને ઉગ્રતામાં ઘટાડો. ભાજપ તરફથી પક્ષને જોરદાર સ્પર્ધા છે.બંને હિંદુત્વ-હિંદુ રાષ્ટ્રનાટેકેદાર હોવાથી રાજ્યમાં જનાધાર ટકાવી રાખવામથી રહ્યા છે. લોકશાહીયકરણ મજબૂત શક્તિ છે. તમામ પ્રકારની પ્રાદેશિકતાની ઉગ્રતાને ગાળી નાખી વાણી, વિચાર અને વર્તનને શુદ્ધ કરે છે. શિવસેનાના સુપ્રિમો બાલ ઠાકરે લોકશાહીને ઠોકશાહી કહેતા અને પક્ષના સંચાલન માટે બંધારણ ન હતું બનાવ્યું. ચૂંટણી પંચની પક્ષની માન્યતા રદ કરવાની કડક આંખ થતાં બંધારણ બનાવવું પડયું. આમ 'બાળાસાહેબ બોલે તે બંધારણ' ના તબકકામાંથી પક્ષ પસાર થઈ લોકશાહીના અન્ય આદર્શો તરફ વળતો દેખાઈ રહ્યો છે જે સૌના રાજકીય હિતમાં છે.*

- **તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

**(અ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે જણાવો.**

1. *રાષ્ટ્રની તુલનામાં પ્રદેશને પ્રાધાન્ય આપવાની ઝંખનાને પ્રદેશવાદ કહી શકાય.*
2. *સમવાયતંત્રી શાસન વ્યવસ્થામાં સત્તાની વહેંચણી સમતોલિત ના હોય તો સત્તાનું કેન્દ્રિકરણ થાય છે.*
3. *ઈવીઆર નાયકરે* 1947*માં ભારતના સ્વતંત્ર દિવસને 'શોક દિવસ' તરીકે ઉજવ્યો.*
4. *એમ. કરુણાનિધીએ 'દક્ષિણ ભારત લોક મંડળ' ની સ્થાપના કરી હતી.*
5. *જયલલિતા* 6 *વાર તામિલનાડુના મુખ્યમંત્રી બન્યા હતા.*
6. *અકાલીદળની સ્થાપના આશરે* 100 *વર્ષ પહેલાં* 1920 *માં 'કેન્દ્રિય શીખ લીગ' તરીકે થઈ હતી.*
7. *ડીએમકે તથા નેશનલ કોન્ફરન્સ જેવા પ્રાદેશિક પક્ષો પરિવારવાદને લઈને ટીકા પાત્ર બન્યા.*
8. 1983-84 *માં વિરોધ પક્ષોની એકતા તથા 'સમવાયી સમતોલન' સ્થાપવા ચંદ્રબાબુ નાયડુએ પ્રયાસ કર્યા.*
9. *રાજ્ય બહારથી આવીને વસેલા સ્થળાંતરીઓના લીધે આસામના* 13 *માંથી* 7 *જિલ્લાઓમાં એમની બહુમતિ થઈ.*
10. *પ્રદેશવાદી રાજકારણમાં ઉદ્ભવી, શિવસેનાએ હિંદુત્વવાદી પરંતુ સમાવેશી રાજકારણ તરફ પ્રયાણ આદર્યું છે.*

*(બ) પ્રાદેશિક પક્ષોનો અર્થ, વ્યાખ્યા એ ઉદ્દેશોની વર્ણનાત્મક ચર્ચા કરો.*

.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................

…………………………………………………………………………
……………………………………………………………………..

(ક) ઉદ્‌ભવ અને અસ્તિત્વના એક સદી જેટલો ઈતિહાસ ધરાવતા તમારી પસંદગીના કોઈપણ એક પ્રાદેશિક પક્ષની વિચારસરણી અને કામગીરીની આલોચનાત્મક ચર્ચા કરો.

…………………………………………………………………………
…………………………………………………………………………
…………………………………………………………………………
…………………………………………………………………………
…………………………………………………………………………
……………………………………………………………………...

## 14.6 સારાંશ

આ એકમમાં આપણે ખૂબ વિશાળ અને મહત્ત્વના વિષય એવા રાજકીય પક્ષ ની ચર્ચા કરી. રાજકીય પક્ષોનો સંક્ષિપ્ત પરિચય મેળવ્યો, જેમાં એનો અર્થ, વ્યાખ્યા, ઉપયોગીતા અને મહત્ત્વ કાર્યો તથા પડકારોની સમજ મેળવી. પક્ષ પ્રથાના પ્રકારોની સમજ મેળવી.ભારતમાં પક્ષ પ્રથા કેવી રીતે વિકસી, કેવા સ્વરૂપમાં વિકસી એની જાણકારી મેળવી. ભારતના ઘણા રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષોની સ્થાપના 1947 પહેલાના સમયમાં થયેલા કેટલાક આંદોલનમાં જોવા મળી. ભારતીય પક્ષ પ્રથાના વિકાસને અપણે 1947 થી 2020 સુધીના 8 તબક્કામાં તપાસ્યો.

આ એકમમાં આપણે મુખ્યત્વે રાષ્ટ્રીય રાજકીય પક્ષો અને પ્રાદેશિક પક્ષો વિષે અભ્યાસ કર્યો. રાજકીય પક્ષોના પ્રકાર શા આધારે થાય છે, એના કેવા વર્ગીકરણ હોય છે તે જાણ્યું. કોઈપણ રાજકીય પક્ષનો પદ્ધતિસરનો અભ્યાસ કરવો હોય તો કેવી રીતે કરાય એની ચર્ચા કરી. પક્ષની સ્થાપના, ઉદ્‌ભવ, વિચારસરણી, સંગઠન, સામાજિક આધારો અને ચૂંટણીમાં કામગીરી તપાસો, એનું વિશ્લેષણ કરો તો તે પક્ષની સંપૂર્ણ જાણકારી મેળવી શકાય છે. એની આપણે પાંચ મુદ્દાના સૈદ્ધાંતિક માળખા તરીકે ચર્ચા કરી. ભારતના મુખ્ય રાજકીય પક્ષોની ચર્ચા કરતાં પહેલાં ઐતિહાસિક પૃષ્ઠભૂમિ તપાસી. ત્યારબાદ, 8 માંથી 5 રાષ્ટ્રીય પક્ષોનું સૈદ્ધાંતિક માળખાની મદદથી વિશ્લેષણ કર્યું. એવી જ રીતે ચૂંટણી પંચે માન્યતા આપેલા 52 પ્રાદેશિક અથવા રાજ્ય કક્ષાના પક્ષોમાંથી મુખ્ય 7 પ્રાદેશિક પક્ષોનો ખૂબ સંક્ષિપ્તમાં અભ્યાસ કર્યો. પાંચ મુદ્દાના સૈદ્ધાંતિક માળખાનો ઉપયોગ કરી ખૂબ વિગતે અભ્યાસના કરી શકાયો પરંતુ રાષ્ટ્રીયતા અને પ્રાદેશિકતાના ટકરાવ પેદા કરે એવા સંજોગો પરિબળોની વિસ્તૃત ચર્ચા કરી. સમગ્ર એકમના અભ્યાસમાંથી નીચે મુજબ કેટલાક તારણો તારવ્યા છે :

1. ઉપખંડિય વિશાળતા અને ભાતીગળ સંસ્કૃતિઓનું વૈવિધ્ય ધરાવતા ભારત જેવા દેશમાં બંધારણિય જોગવાઈઓ, વ્યવસ્થાઓ, સંસ્થાઓ અને કાયદાના શાષનને

*સમર્પિત બની રાષ્ટ્રીય એકતાની ભાવનાને અકબંધ રાખી* 17 *સામાન્ય ચૂંટણીઓ યોજી એ અજોડ ઉપલબ્ધી તો છે જ પરંતુ એનો મોટો યશ ચૂંટણી પંચ, મતદારો અને રાજકીય પક્ષોને ફાળે જાય છે.*

2. *ચૂંટણીઓમાં કેટલાય વિવાદસ્પદ મુદ્દા ઉઠયા, તીવ્ર સ્પર્ધા થઈ, પરંતુ ચૂંટણીઓના જે તે પરિણામો પક્ષ, ઉમેદવાર અને મતદારોએ ખેલદિલીપૂર્વક સ્વીકાર્યા એ ભારતીય સમાજના વધતા જતા લોકશાહીયીકરણનું સૂચક છે.*
3. *આટલી મોટી પક્ષોની સંખ્યા પક્ષ પ્રથા ઉપર ભારણ છે કે ઉપયોગી સંપત્તિ એ ચર્ચાસ્પદ મુદ્દો છે. પરંતુ વસ્તીમાં નાના, સાંસ્કૃતિક સામાજિક વૈવિધ્યમાં ઓછા તથા આર્થિક-સામાજિક વિકાસની દૃષ્ટિએ શિક્ષિત, જવાબદાર, જાગૃત નાગરિકોના બનેલા વિકસીત રાજકીય સમૂહમાં ઓછા પક્ષો હોવા શકય છે. પરંતુ ભારત જેવા એક કરતાં વધારે ઓળખો (જ્ઞાતિ, ધર્મ, વંશ, આવક, પ્રાદેશિકતા, ભાષા) ધરાવતા ઉપખંડિય દેશ માટે રાજકારણ દ્વારા અભિવ્યક્તિ, હિતરક્ષણ, અસ્મિતા, પ્રતિનિધિત્વના જેટલા વિકલ્પો ઉપલબ્ધ થાય તેટલા લોકશાહીના દૃઢિકરણ માટે જરૂરી છે. કોઠાઓમાં ચૂંટણી પરિણામોની આંશિક માહિતી અપાઈ છે. પરંતુ સમગ્ર પરિણામો જોઈએ તો જણાય છે કે ઘણા પક્ષો એટલા નાના છે કે* 2-3 *ટકાથી ઓછાં મતો મેળવે છે. જેમ પક્ષ પ્રથા પુખ્ત, પરિપકવ બનશે તેમ પક્ષોની સમાવેશી હોવાની વિશ્વસનીયતા વધશે. નાના પક્ષો મોટા રાષ્ટ્રીય કે પ્રાદેશિક પક્ષોમાં ભળશે. હજુ તો આપણે પક્ષોના જોડાણવાદી તબક્કા સુધી જ પહોંચ્યા છે. ચોથા તથા પાંચમા તબક્કાની મિશ્ર પક્ષ પ્રકારની સરકારો અલ્પજીવી રહી, એ સંકુચિત માનસિકતાવાળા પક્ષોમાં દૂરંદેશી, પુખ્તતા અને બાંધછોડના વલણનો અભાવ દર્શાવે છે.*
4. *પક્ષોના સતત થતાં વિભાજનો, સંયોજનો, નામફેર જેવી ઘટનાઓ તંદૂરસ્ત લોકશાહી પ્રણાલીના ભાગરૂપે જોઈ શકાય પરંતુ પરિવારવાદી વલણો તથા વૈચારિક મતભેદની તીવ્રતા પક્ષોના વિભાજન કરે છે તે ચિંતાજનક છે.*
5. *પક્ષ પ્રથાના વિકાસનો સાંપ્રત તબક્કો* (2014- 2020) *અભૂતપૂર્વ દૂરોગામી ફેરફારોના સંકેત આપે છે. બંધારણની કલમ* 370 *નો અંત, લડાખનું સંઘ પ્રદેશમાં રૂપાંતર, નાગરિક નોંધણી ધારો, ખાનગીકરણ, કૃષિનીતિમાં આમૂલ પરિવર્તનો આવનારા પરિવર્તનના મિશ્ર સંકેત આપે છે. પડકારો પણ ઓછા નથી. વ્યક્તિકેન્દ્રી નેતૃત્વના જોખમો અને અતિરેકો, કસોટીએ ચઢેલી વિદેશ નીતિ, વિકરાળ બેકારી, નોટબંધી, તાળાબંધી જેવી સમસ્યાઓ પક્ષ પ્રથામાં પરિવર્તન લાવશે કે કેમ તે વિવાદાસ્પદ મુદ્દો છે. વિરોધપક્ષોની સ્થિતિ દયનીય અને નિષ્ક્રિયતા ચિંતાજનક છે. બહુમતિવાદની વૃદ્ધિ બંધારણિય લોકશાહીની આકરી કસોટી કરશે એવું ફલિત થાય છે. આ તબક્કાના સત્તા પક્ષનો પહેલી*

*હરોળના નેતૃત્વ ઉપર અતિશય અવલંબન જોખમી બની શકે છે. દરેક પક્ષે તંદૂરસ્ત પક્ષ પ્રથાના અપેક્ષિત વિકાસ માટે બીજી હરોળનું નેતૃત્વ વિકસાવવું જોઈએ તથા આંતરીક લોકશાહી પક્ષમાં લાગૂ કરવી જોઈએ. પક્ષની અંદરની લોકશાહી અને બાહ્ય બંધારણિય લોકશાહી એક બીજાના પરસ્પર પૂરક અને પોષક છે. એકની ઉણપ બીજાને પરસ્પર નુકસાન કરી શકે છે એવી સૈદ્ધાંતિક શકયતા તો સ્પષ્ટ દેખાય છે.*

## 14.7 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **ઈડી-આઈટીડી:** (Enforcement Directorate–Income Tax Department) | *આર્થિક ગુનાઓની તપાસ કરતાં કેન્દ્ર સરકારના બે મહત્ત્વના વિભાગો, જેમનો રાજકીય ઉપયોગ ટીકા પાત્ર બન્યો છે.* |
| **ઉદ્દામવાદી - જહાલવાદી** | *સત્તાધીશો સામે કરેલી માગણી તર્ત સ્વીકારવાનો તથા જરૂર પડે હિંસક આગ્રહ રાખતા જૂથો. ત્વરીત ફેરફારની ઈચ્છા- આગ્રહ રાખતી વિચારધારા.* |
| **ઓબીસી** (OBC : Other Backward Castes) | *સામાજિક-આર્થિક લાભ માટે અન્ય પછાત જાતિઓનો સમૂહ.* |
| **એફપીટીપી : (FPTP: First Past The Post)** | *'પહેલો પહોચ્યો, પહેલો પામ્યો.'કોઈપણ બેઠક પર થયેલી ચૂંટણીમાં* 8-10 *ઉમેદવારોમાંથી જે ઉમેદવાર સૌથી વધારે મત મેળવે તે જીતે. સૌથી વધારે મતો મેળવવામાં પહેલો પહોચે તેજીત્યો કહેવાય - ભલે ને એને કુલ મતના* 25,35 *કે* 45 *ટકા મત મળે. બહુમતિથી ઓછા મત હોયતોય જીત્યો કહેવાય.* |
| **જોડાણવાદ (Coalition, Alliance)** | *જ્યારે કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતિ ના મળે તેવા સંજોગોમાં ચૂંટણી પહેલા કે પછી સરખી વિચારસરણી અથવા જરૂરિયાત ધરાવતો પક્ષો ભેગા થાય એને જોડાણવાદ તરીકે ઓળખાય છે.* |
| **બાવડા શક્તિ બાહુબલીઓનો ઉપયોગ) (Muscle Power)** | *રાજકારણમાં તથા ચૂંટણીઓમાં ધાકધમકી માટે વપરાતી ગુંડા શક્તિ.* |
| **લંગર** | *શીખોના ધર્મ સ્થળ ગુરૂદ્વારામાં સૌને મફત* |

| | |
|---|---|
| | *ભોજન પિરસતું સ્વસેવા સંચાલિત રસોડું.* |
| **લાયસન્સ-ક્વોટારાજ (License –Quota)** | *સરકાર દ્વારા સંપૂર્ણ રીતે અંકુશિત અર્થતંત્ર જેમાં કયા ઉદ્યોગે કેટલો માલ પેદા કરવો તેના પરવાના અને જથ્થાની મંજૂરી માટેની વ્યવસ્થા.* |
| **સર્વસંમત્તિ** (Consensus) | *કોઈપણ મુદ્દે નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ તમામ સભ્યોની મંજૂરીથી લેવાતો સહિયારો સર્વમાન્ય નિર્ણય.* |

## 14.8 ઉપયોગી સંદર્ભ ગ્રંથો


1. Awasthy, S.S. (2013),*Indian Government and Politics.*New Delhi : Har Anand Publications.(Ch. XVII, PP. 348-381).
2. Hardgrave, R.L.& Kochanek, S.A. (2000),*India : Government and Politics in a Developing Nation.* New York : Harcourt (Ch.6).
3. Hasan, Zoya (2010), ‘Political Parties’ in Jayal, N.G. & Mehta, Pratap Bhanu, (ed.) *The Oxford Companion of Politics in India.* New Delhi: Oxford University Press (Ch. 16, pp. 241-253).
4. Johri, J.C. (2007), *Indian PoliticalSystem*. New Delhi: Anmol Publishers (Chapter : 19). Third Revised Edition.
5. Morris – Jones, W.H. (1971), *The Government and Politics of India.*London : H.University Library (Ch.5, pp. 166-229)
6. Narang, A.S. (2010). *Indian Government and Politics.* New Delhi: Gitanjali Publishers. (Chapters : 18,19,20,21,22,23 & 24). 7th Revised Edition.
7. Palshikar, Suhas, et al, ed. (2014),*Party Competition in Indian States.* New Delhi :OUP. (Ch.1 For advance reading).
8. *શુક્લા, દિનેશ મૂ. અને અમીન, હસમુખ* (1978), *ભારતીય રાજકારણની રૂપરેખા. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.* (*પ્રકરણ-* 8 -9. *છેલ્લા* 40-42 *વર્ષમાં થયેલા ફેરફારો નથી ઉમેરાયા એટલે આ પુસ્તક આંશિક રૂપે ઉપયોગી છે.)*
9. *શુક્લા, ગજેન્દ્ર બી.* (2016) ,*ભારતીય રાજકારણ. સુરત : પોપ્યુલર પ્રકાશન. ચોથી આવૃત્તિ.*


## 14.9 ‘તમારી પ્રગતિ ચકાસો’ ના જવાબો.

- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

**(અ) વિધાનો ખરા છે કે ખોટા એના જવાબો.**

*(૧) ખરું (૨) ખરું (૩) ખોટું (૪) ખોટું.*

*(બ) જવાબ માટે જૂઓ : ખંડ-* 14.2.1

*(ક) જવાબ માટે જૂઓ : ખંડ* – 14.2.2

*(ડ)* *જવાબ માટે જૂઓ : ખંડ* – 14.2.3 *અને* 14.2.4.

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

*(અ)* **વિધાનો ખરાં છે કે ખોટા એના જવાબો.**

(1) *ખોટું* (2) *ખોટું* (3) *ખોટું* (4) *ખરું*
(5) *ખોટું* (6) *ખરું* (7) *ખરું* (8) *ખરું*

*(બ)* *જવાબ માટે જૂઓ : ખંડ*- 14.3.2 *(પ્રથમ ત્રણ ફકરા).*

*(ક)* *જવાબ માટે જૂઓ : ખંડ*- 14.3.3.2, 14.3.3.3, 14.3.3.4

*(ડ)* *જવાબ માટે જૂઓ : ખંડ*- 14.3.3.8

- **તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(અ) **વિધાનો ખરાં છે કે ખોટા એના જવાબો.**

(1) *ખરું* (2) *ખરું* (3) *ખોટું* (4) *ખરું*
(5) *ખોટું* (6) *ખરું* (7) *ખોટું* (8) *ખરું* (9) *ખોટું* (10) *ખરું*

(બ) **ટૂંક નોંધના જવાબ.**

1. *જવાબ માટે જૂઓ : ખંડ*-14.4.1.3
2. *જવાબ માટે જૂઓ : ખંડ*- 14.4.1.2
3. *જવાબ માટે જૂઓ :ખંડ*- 14.4.3.2.1 *(ઉદ્ભવ માટે),* 14.4.3.2.2 *(વિચારસરણી માટે)*
4. *જવાબ માટે જૂઓ : ખંડ*- 14.4.3.3.3
5. *જવાબ માટે જૂઓ : ખંડ* – 14.4.3.4.5
6. *જવાબ માટે જૂઓ : ખંડ*- 14.4.3.5.1 *અને* 14.4.3.5.2

*(ક)* *જવાબ માટે જૂઓ : ખંડ*- 14.4.2

*(ડ)* *જવાબ માટે જૂઓ : ખંડ*- 14.4.3.4.1, 14.4.3.4.2 *અને* 14.4.3.4.3

- **તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

(અ) **વિધાનો ખરાં છે કે ખોટાં એના જવાબો.**

(1) *ખરું* (2) *ખરું* (3) *ખરું* (4) *ખોટું*
(5) *ખરું* (6) *ખરું* (7) *ખરું* (8) *ખોટું* (9) *ખરું* (10) *ખરું*

*(બ)* *જવાબ માટે જૂઓ : ખંડ*- 14.5.1

*(ક)* *જવાબ માટે જૂઓ : ખંડ- (ત્રણમાંથી કોઈપણ એક તમારી પસંદગીનો જવાબ)*

(1) 14.5.4.1 (2) 14.5.4.2 *અથવા* (3) 14.5.4.3

*(ડ)* *જવાબ માટે જૂઓ : ખંડ- (ત્રણમાંથી કોઈપણ એક પસંદગીનો જવાબ)*

(1) 14.5.4.4 (2) 14.5.4.5 *અથવા* (3) 14.5.4.7.

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**

**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ

(મુખ્ય તથા ગૌણ)



# ભારતીય સમવાયતંત્ર : માળખું અને સંબંધો

# 6

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેની શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્ર બિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા  હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

*અસ્તુ !*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે છારોડી, અમદાવાદ.**

**સંપાદન :**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ* | *નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા.* |
| *ડૉ. મુકેશ ખટીક* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગાધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સલાહકાર સમિતિ ( PAC) :**

| | |
|---|---|
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ.* |
| *ડૉ. ડી. ડી. ઝાલા* | *નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર.* |
| *ડૉ. પુષ્પાબહેન મોતિયાની* | *નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *ડૉ. ડી. ડી. ઝાલા* | *નિવૃત્ત અધ્યક્ષ અને પ્રિન્સીપાલ, શામળદાસ આર્ટસ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર.* |
| *પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ* | *નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ , રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી,વડોદરા.* |
| *ડૉ. પુષ્પાબહેન મોતિયાની* | *નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.* |

**લેખન :**

| | |
|---|---|
| *ડૉ. દીપ્તિબા કે. ગોહિલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ,અમદાવાદ.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *શ્રી ઘનશ્યામ ગઢવી* | *નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા.* |

**પ્રકાશન વર્ષઃ** *પ્રથમ આવૃત્તિ,* 2021
**ISBN:** 978-93-91468-67-5

978-93-91468-67-5

**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - રાજ્યશાસ્ત્ર

**PSCM 203 / PSCS 203**
**PSCMJ 201 / PSCMN 401**

ભારતીય સરકાર અને રાજકારણ

(મુખ્ય તથા ગૌણ)

# વિભાગ - 06 : ભારતીય સમવાયતંત્ર : માળખું અને સંબંધો


**એકમ : 15** **01**
**ભારતીય સમવાયતંત્રનું માળખું**

*એકમ :* **16** **14**
*કેન્દ્ર અને રાજ્યના સંબંધો*

**એકમ : 17** **36**
**ભારતીય રાજકારણના પ્રશ્નો**

## વિભાગ- 06 : ભારતીય સમવાયતંત્ર : માળખું અને સંબંધો

**પેપર નંબર 03** *ભારતીય સરકાર અને રાજકારણમાં વિભાગ 06 ને કુલ ત્રણ એકમોમાં વહેંચવામાં આવ્યો છે.*

**એકમ : 15** **ભારતીય સમવાયતંત્રનું માળખું** *વિષે સમજુતી આપે છે. આ એકમ અંતર્ગત સમવાયતંત્રની વિભાવના, ભારતીય સમવાયતંત્રનું સ્વરૂપ અંતર્ગત પ્રાચીન ભારતમાં સમવાયી વ્યવસ્થા, 1935નો અધિનિયમ, સ્વતંત્ર ભારતમાં સમવાયતંત્ર સ્વીકારવા માટેનાં ઉદ્દેશોની ચર્ચા કરવામાં આવી છે. ભારતીય સમવાયતંત્રનાં લક્ષણોમાં મુખ્યત્વે લિખિત અને સર્વોપરિ બંધારણ, સત્તાનું સ્પષ્ટ વિભાજન, સર્વોચ્ચ અદાલતની અગત્યની ભૂમિકા, કેન્દ્ર-રાજ્ય સરકારોનો સમાન દરજ્જો છતાં શક્તિશાળી કેન્દ્ર સરકાર, કાયમી જોડાણ, એકતંત્રી સરકારોનાં અમુક લક્ષણોનો સ્વીકાર વગેરેનો સમાવેશ થાય છે. જેની વિગતવાર સમજૂતી તમે પ્રાપ્ત કરશો. આ એકમના અંત ભાગમાં ભારતીય સમવાયતંત્રની સમીક્ષા કરીને ભારતીય સમવાયતંત્ર અંગે વિદ્વાનોના અભિપ્રાય તમે જાણશો.*

**એકમ : 16** **કેન્દ્ર અને રાજ્યના સંબંધો** *અંતર્ગત બંને વચ્ચેનાં સંબંધોની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. જેમાં કેન્દ્ર – રાજ્ય વચ્ચેના ધારાકીય સંબંધો અંતર્ગત બંધારણમાં સત્તાઓની વહેંચણી અંતર્ગત સંઘ યાદીના વિષયો, રાજ્ય યાદીના વિષય, સંયુક્ત યાદીના વિષયોનો ખ્યાલ આપવામાં આવ્યો છે. ઉપરાંત રાજ્યો પર સંઘનું વર્ચસ્વ, કટોકટીના સમયગાળામાં સંઘ સરકારનું વર્ચસ્વ, આંતરરાષ્ટ્રીય બાબતોમાં સંઘ સંસદની સત્તા, ધારાકીય સંબંધોનું વિવેચન રજુ કરવામાં આવ્યું છે. કેન્દ્ર – રાજ્ય વચ્ચેના વહીવટી સંબંધો અંતર્ગત ખાસ બાબતોમાં રાજ્ય સરકારને આદેશ આપવાની સત્તા, અમલદારશાહી સંદર્ભે, વહીવટી સંબંધોનુ વિવેચન રજુ કરેલ છે. આ એકમમાં આગળના ચરણમાં કેન્દ્ર – રાજ્ય વચ્ચેના નાણાકીય સંબંધો વિષે તમે અભ્યાસ કરશો. જેમાં  આવકના સાધનો, અનુદાનની જોગવાઈઓ, અન્ય નાણાકીય જોગવાઈઓ, નાણાકીય સંબંધોનું વિવેચન તમે જાણશો. એકમનાં અંતમાં કેન્દ્ર – રાજ્ય વચ્ચેના સંબંધોમાં સંઘર્ષના મુદ્દાઓ/કારણોની સમજૂતી પણ તમે પ્રાપ્ત કરશો. કેન્દ્ર-રાજ્ય વચ્ચેના સંબંધો વિષે વિવિધ પંચો કે સમિતિઓની ભલામણોનો ટૂંકમાં પરિચય મેળવશો.*

**એકમ 17** **ભારતીય રાજકારણના પ્રશ્નો** *વિષે સમજુતી આપતું આ એકમ , આ પેપરનું અંતિમ એકમ છે. જેમાં ભારતીય સંદર્ભમાં ધર્મ, જ્ઞાતિવાદ, પ્રદેશવાદની વિભાવના, ભારતમાં પ્રદેશવાદનાં ઉદ્દભવના કારણો, પ્રદેશવાદની અસરો સમજાવવામાં આવી છે. આ ઉપરાંત ભાષાવાદનો અર્થ, આઝાદી પેહલાં ભારતમાં ભાષા આધારિત પ્રાંત રચનાનો ઈતિહાસની ઝાંખી આપી આઝાદી બાદ ભાષા આધારિત રાજ્ય પુનઃરચના વિષે સમજાવવામાં આવ્યું છે. જે સંદર્ભે ધાર કમિશન, જે.વી.પી. કમિશન, રાજ્ય પુનઃરચના કમિશનની ભલામણોનો અભ્યાસ તમે કરશો. રાષ્ટ્રભાષાનો પ્રશ્ન અને ભાષાવાદ, ત્રિભાષી ફોર્મ્યુલા, ભાષા સંદર્ભે  પ્રાદેશિક આંદોલનો વિષે પણ ટૂંકમાં સમજાવવામાં આવ્યું છે.*

# એકમ : 15 ભારતીય સમવાયતંત્રનું માળખું

રૂપરેખા


**15.0 ઉદ્દેશો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 સમવાયતંત્રની વિભાવના**

**15.3 ભારતીય સમવાયતંત્રનું સ્વરૂપ**

**15.3.1 પ્રાચીન ભારતમાં સમવાયી વ્યવસ્થા**

**15.3.2 1935નો અધિનિયમ**

**15.3.3 સ્વતંત્ર ભારતમાં સમવાયતંત્ર સ્વીકારવા માટેનાં ઉદ્દેશો**

**15.4 ભારતીય સમવાયતંત્રનાં લક્ષણો.**

**15.4.1 લિખિત અને સર્વોપરી બંધારણ**

**15.4.2 સત્તાનું સ્પષ્ટ વિભાજન**

**15.4.3 સર્વોચ્ચ અદાલતની અગત્યની ભૂમિકા**

**15.4.4 કેન્દ્ર અને રાજ્ય સરકારનો સમાન દરજ્જો છતાં શક્તિશાળી કેન્દ્ર સરકાર**

**15.4.5 કાયમી જોડાણ**

**15.4.6 એકતંત્રી સરકારનાં અમુક લક્ષણોનો સ્વીકાર**

**15.5 ભારતીય સમવાયતંત્રની સમીક્ષા**

**15.5.1 ભારતીય સમવાયતંત્ર અંગે વિદ્વાનોના અભિપ્રાય**

**15.6 સારાંશ**

**15.7 ચાવીરૂપ શબ્દો**

**15.8 તમારી પ્રગતિ ચકાસો**

**15.9 સદર્ભ સૂચિ**


## 15.0 ઉદ્દેશો

*આ એકમનાં અભ્યાસથી તમે ભારતનાં સંદર્ભમાં સમવાયતંત્રનાં ખ્યાલને સમજીને નીચેની બાબતોથી માહિતગાર થશો.*

- *સમવાયતંત્રનો અર્થ જાણશો.*

- *ભારતીય સમવાયતંત્રનાં લક્ષણોનો વિગતવાર પરિચય મેળવશો.*
- *ભારતીય સમવાયતંત્રનું સ્વરૂપ જાણશો.*
- *ભારતીય સમવાયતંત્રની સમીક્ષા સમજશો.*

## 15.1 પ્રસ્તાવના

*ભારતીય સમવાયતંત્ર વિશિષ્ટ લાક્ષણિકતાઓ ધરાવે છે.વિશ્વમાં કોઈપણ લોકશાહી દેશમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચેનાં સંબંધો કેવા કેન્દ્ર પ્રકારનાં છે ? તેનાં આધારે તેનું સ્વરૂપ નક્કી કરવામાં આવે છે. કેન્દ્ર રાજ્ય વચ્ચેનાં પરસ્પરનાં સબંધોને આધારે નક્કી થાય છે કે એકતંત્રી સ્વરૂપ છે કે સમવાયતંત્રી સ્વરૂપ. વિશ્વમાં સ્વિટ્ઝરલેન્ડ, કૅનેડા, ઓસ્ટ્રેલિયા, જર્મની, દક્ષિણ આફ્રિકા, યુગોસ્લાવિયા તથા ભારતે સમવાયતંત્રનો સ્વીકાર કર્યો છે. ભારતનું સમવાયતંત્રી માળખું સંપૂર્ણ સમવાયતંત્રી નથી. ભારતીય સમવાયતંત્રમાં એકતંત્રી સરકારનાં અમુક લક્ષણો પણ જોવા મળે છે. આ એકમમાં તેની વિગતવાર માહિતી આપવામાં આવી છે.*

## 15.2 સમવાયતંત્રની વિભાવના

*સમવાયતંત્ર માટે અંગ્રેજીમાં ફેડરેશન શબ્દ વાપરવામાં આવે છે. ફેડરાલિઝમ* (Federalism)*શબ્દ લૅટીન શબ્દ ફોડસ* (foedus) *ઉપરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ 'સંધિ' અથવા 'કરાર' થાય સમવાયતંત્રી વ્યવસ્થામાં બે કે તેથી વધુ રાજ્યો અમુક કારણોસર એકત્ર થઈ પોતાની સાર્વભૌમ સત્તાનો ત્યાગ કરીને સંધિ કે કરાર દ્વારા કાયમી જોડાણ કરીને નવા જ રાજ્યની કાયમી રચના કરે છે.ઉદાહરણ તરીકે ભારત.*

- **વ્યાખ્યા**
- **ડૉ.હર્મન ફાઈનર**

*"સમવાયતંત્ર એવું રાજ્ય છેજેમાં અધિકાર અને સત્તાનો અમુક અંશ સ્થાનિક વિસ્તાર પાસે હોય છે.જ્યારે બાકીનો ભાગ સ્થાનિક વિસ્તારોના જોડાણથી હેતુપૂર્વક વિચારીને રચવામાં આવેલ મધ્યસ્થ સંસ્થાને સોંપવામાં આવે છે.આ બંનેમાંથી કોઈને બીજાનો અધિકાર અને સત્તા લઈ લેવાનો હક નથી."*

*ઉપરોક્ત વ્યાખ્યાના આધારે નીચેનાં મુદ્દાઓ તારવીએ.*

I. *મધ્યસ્થ સરકાર એટલે કેન્દ્ર સરકાર.*

II. *એકમ સરકાર એટલે રાજ્ય સરકાર.*

III. *એકમ રાજ્યો પોતાનાં સાર્વભૌમત્વનો ત્યાગકરીને કાયમી જોડાણ કરે છે.*

IV. *કેંન્દ્ર સરકાર અને એકમ સરકાર વચ્ચે આ જોડાણ કાયમી હોવાથી બંધારણ સર્વોપરી બને છે.*

V.*સમવાયી રાજ્યોમાં વૈવિધ્ય હોવા છતાં બાહ્ય આક્રમણ સમયે એકતાનું દ્રઢ ચિત્ર ઉપસી આવે છે.*

VI. *આ બંને સરકારો સમોવડી હોવાથી એકબીજાનાં સ્થાનની કક્ષાનો અથવા એકબીજાનાં અધિકાર પર તરાપ મુકવાનો પ્રશ્ન રેહતો નથી.*

VII. *સમવાયતંત્રમાં શ્રેણીસ્તૂપ આકારની રચના હોય છે.જેમાં સત્તા અને કામગીરી ઉપરથી નીચે સુધી વહેંચાયેલી છે.*

VIII. *સત્તાનું વિભાજન એ સમવાયતંત્રના હાર્દરૂપની બાબત છે.*

## 15.3 ભારતીય સમવાયતંત્રનું સ્વરૂપ

### 15.3.1 પ્રાચીન ભારતમાં સમવાયી વ્યવસ્થા

*ભારતમાં પ્રાચીન સમયમાં સમવાયી વ્યવસ્થા કાર્યરત હતી. સમય, સંજોગ અનુસાર તેનું નામ અને સ્વરૂપ બદલાયું છે.પરસ્પર સહકાર અને સુરક્ષાનાં હેતુથી આ વ્યવસ્થા અમલમાં હતી. મહાભારતમાં* **'સંઘ'** *નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનો અર્થ છે* **'સમૂહ'**.*આ ઉપરાંત મનુસ્મૃતિ, જાતક કથાઓ અને સાહિત્યમાં* **'સંઘ'** *નો અર્થ એવા વ્યક્તિઓનાં સમૂહ માટે કરવામાં આવતો જેમનું લક્ષ્ય એક જ હોય. પ્રાચીન ભારતીય ગ્રંથોમાં* **'ગણ'** *શબ્દનો ઉલ્લેખ જોવાં મળે છે.જેનો અર્થ* **'સમૂહ'** *થાય છે.* **ડી.સી.પાન્ડેનાં** *મત મુજબ "પ્રાચીન ભારતમાં સમવાયી વ્યવસ્થા પ્રવર્તમાન હતી."* **ગોવિન્દ પ્રસાદે પોતાનાં** *લેખ 'પ્રાચીન ભારતની સંઘવાદની વિચારધારા'માં લખ્યું છે કે "ભારત જેવાં વિશાળ ક્ષેત્રફળવાળા રાષ્ટ્રમાં સંઘીય(સમવાયી)તત્ત્વોવાળી વ્યવસ્થા અતિ પ્રાચીન છે."* **બી.ડી. ત્યાગી** *પોતાનો એક લેખમાં જણાવે છે કે "ભારતમાં વૈદિકકાળથી જ સંઘવાદી (સમવાયી)વિચારધારા હતી. જેનું સમવાયી સ્વરૂપ અથર્વવેદની* **'સમિતિ'** *અને* **'સભા'** *માં જોવા મળે છે. મહાભારતના સમયથી લઈને કૌટિલ્યના સમયગાળા સુધી સ્પષ્ટ રીતે સંઘ રાજ્યોનો ઉલ્લેખ જોવા મળે છે. બૌદ્ધ સાહિત્યમાં બોદ્ધ ભિક્ષુ સંઘની વ્યવસ્થા આ સમયની સંઘવાદી વિચારધારાનું વ્યાપક સ્વરૂપ દર્શાવે છે. કૌટિલ્યએ બૌદ્ધકાલીન સંઘ રાજ્યોને 'રાજશબ્દોપજીવીસંઘ'કહીને રાજ્યોનું સમવાયી સ્વરૂપ પ્રસ્તુત કર્યું છે."*

*પ્રાચીન ભારતમાં આ પ્રકારની સમવાય વ્યવસ્થા પાછળનો હેતુ નાના-નાના ગણ રાજ્યોની સુરક્ષા તથા બાહ્ય આક્રમણોથી રક્ષણ મેળવવાનો હતો.સત્તાનું વિકેન્દ્રીકરણ તેમજ સંઘનું પોતાનું બંધારણ હતું. કેન્દ્ર-રાજ્ય સંબંધોની પ્રાચીન ઝલક મૌર્ય સામ્રાજ્યમાં જોવા મળે છે. પાટલીપુત્ર નન્દવંશના શાસનનું સ્વરૂપ સમવાયી હતું. પ્રાચીન ભારતમાં કાળક્રમે આ વ્યવસ્થાનું પતન થયું હતું. તેની માટે ઘણા કારણો જવાબદારો હતા. જેમ કે આંતરિક વિગ્રહ, સંઘર્ષ, પારસ્પરિક અવિશ્વાસ યુદ્ધની સ્થિતિ બળવત્તર વગેરે જેવાં કારણોસર આ વ્યવસ્થાનું પતન થયું હતું.*

### 15.3.2. 1935નો અધિનિયમ

*ભારતમાં 1935નાં અધિનિયમ મુજબ પ્રાંતીય સ્વાયતત્તાના સ્વીકારની સાથે સમવાયતંત્રની પણ પરિકલ્પના કરવામાં આવી હતી. ભારતમાં સમવાયત માળખું સ્વીકારવાનું સુચન કરવામાં આવ્યું હતું. 1935ના કાયદા પ્રમાણે બધા દેશી રાજ્યો અને બ્રિટીશ પ્રાંતોનું એક સમવાયતંત્ર રચવાની દરખાસ્ત રજૂ કરવા આવી હતી. સૂચિત સમવાયતંત્રના માળખામાં લિખિત બંધારણ, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાનું વિભાજન, સમવાયી અદાલત વગેરે નોંધપાત્ર લક્ષણોના સ્વીકારની બાબતનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો હતો. જો કે આ સૂચિત સમવાયતંત્રની કેટલી ખામીઓ અને મર્યાદાઓ પણ હતી. સામાન્ય રીતે સમવાયતંત્ર સ્વૈચ્છિક રીતે રચવામાં આવતું હોય છે પરંતુ બ્રિટીશરો દ્વારા તે ભારત પર લાદવામાં આવ્યું હતું. જેથી ભારતભરમાં તેની ટીકા થઈ હતી. બ્રિટીશરોની અખંડ ભારતને વિભાજીત કરીને વહીવટી એકમોમાં વિભાજીત કરવાની સમવાયી યોજના લોકપ્રિય બની હતી નહી. તેની માટે કેટલાક કારણો જવાબદાર હતાં. જેમ કે પ્રજાના સાચા પ્રતિનિધીઓનો આ વ્યવસ્થાને આકાર આપવામાં કોઈ ફાળો ન હતો. ગવર્નર જનરલને વધુ પ્રમાણમાં આપવામાં આવેલ સત્તા, ધારાસભા ઉપર અનેક અંકુશો, વગેરે કારણો જવાબદાર હતાં. આ સમવાયી તંત્રમાં બધાનો વિરોધ થતાં અંતમાં આ યોજના રદબાતલ જાહેર થઈ હતી.*

*પંડિત જવાહરલાલ નહેરુએ* **'ડિસ્કવર ઑફ ઇન્ડિયા'** *માં લખ્યું છે કે "આ સમવાયી માળખું એવી રીતે ઘડવામાં આવ્યું હતું કે કોઈપણ જાતની સાચી પ્રગતિ તેમાં અશક્ય હતી. સમગ્ર માળખું પ્રત્યાઘાતી હોવાને લીધે સ્વયં વિકાસના કોઈ બીજ પણ તેમાં ન હતા, સિવાય કે થોડાક પ્રમાણમાં ક્રાંતિકારી પ્રત્યાઘાત" જો કે આઝાદી બાદ ભારતે સમવાયતંત્રનો સ્વીકાર કર્યો તેની પૂર્વ ભૂમિકા સ્વરૂપે 1935નો આ અધિનિયમ ચોક્કસપણે મહત્ત્વ ધરાવે છે.*

### 15.3.3 સ્વતંત્ર ભારતમાં સમવાયતંત્ર સ્વીકારવા માટેનાં ઉદ્દેશો

*સ્વતંત્ર ભારત સમક્ષ અનેક પ્રશ્નો અને પડકારો હતાં.દેશના ભાગલા, દેશી રાજ્યોના વિલીનીકરણનો પ્રશ્ન, કોમી રમખાણો, વગેરે પ્રશ્નો પાયાનાં હતાં.આઝાદ ભારતમાં બંધારણના ઘડવૈયાઓ સમક્ષએ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો કે ભારતે સમવાયતંત્રનો સ્વીકાર કરવો કે એકતંત્રી વ્યવસ્થાનો ભારતમાં ભાષા, ધર્મ, પ્રાદેશિક સંસ્કૃતિમાં વૈવિધ્ય જોવા મળે છે. બંધારણ સભાનાં સભ્ય બી.એન.રાવે 'સમવાયતંત્રના મુસદ્દા ' ને રજૂ કર્યો. બંધારણમાં એકપણ જગ્યાએ 'સમવાયતંત્ર' શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો નથી. ભારત 'રાજ્યોનો સંઘ' શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. એકતંત્રી અને ભારતમાં સમાવાયતંત્રી વ્યવસ્થાનું મિશ્રણ સ્વીકારીને વિશિષ્ટ સમવાયપ્રથાનું મૉડેલ સ્વીકાર્યુ છે. ભારતમાં સમવાયતંત્ર સ્વીકારવા માટેનાં ઉદ્દેશો જોઈએ તો……*

I. *પ્રાદેશિક વિવિધતા અને અસમાનતા*
II. *વિશાળ વિસ્તાર*
III. *ભૌગોલિક નજદીકતા અને લશ્કરી સમાનતા*
IV. *એકતા અને અખંડિતતા*
V. *રાષ્ટ્રની પ્રગતિ*
VI. *સંરક્ષણ અને સુરક્ષાની ભાવના*
VII. *એકમ રાજ્યોની સ્વતંત્રતાનો પણ ખ્યાલ*
VIII. *મજબૂત કેન્દ્ર સરકારની આવશ્યકતા*

## 15.4 ભારતીય સમવાયતંત્રનાં લક્ષણો

### 15.4.1 લિખિત અને સર્વોપરી બંધારણ

*ભારતીય સમવાયતંત્રની અગત્યની લાક્ષણિકતા  લિખિત અને સર્વોપરી બંધારણની બાબતો  છે. જેમાં તમામ બાબતે જોગવાઈઓ સ્પષ્ટ કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની રચના, કામગીરી, સત્તાઓ સ્પષ્ટ જણાવવામાં આવી છે. બંધારણમાં સંઘયાદીનાં વિષયો, રાજ્યયાદીનાં વિષયો અને સંયુક્ત યાદીનાં વિષયો સ્પષ્ટ કરીને કાર્યો અને સત્તાનું સ્પષ્ટ વિભાજન કરવામાં આવ્યું છે. બંધારણ અનુસાર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ કાર્ય કરવાનું છે.*

### 15.4.2 સત્તાનું સ્પષ્ટ વિભાજન

*કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે સત્તાનું સ્પષ્ટ વિભાજન કરવામાં આવ્યું છે. સંઘયાદી, રાજ્યયાદી અને સંયુક્તયાદી તૈયાર કરવામાં આવી છે. બાકી રહેતી હોય તેવી શેષ સત્તાઓ કેન્દ્રને આપવામાં આવેલ છે. કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ધારાકીય બાબતોમાં અને વહીવટી બાબતોમાં કાર્ય વિભાજનની સ્પષ્ટતા કરવામાં આવી છે. સમવાય પ્રથાને અનુરૂપ સંઘયાદીમાં સમગ્ર દેશને સ્પર્શતી બાબતો સમાવવામાં આવી છે. રાજ્યયાદીના વિષયો પર કાયદો સામાન્ય સંજોગોમાં રાજ્ય સરકાર  ઘડે છે. પરંતુ કટોકટી કે અન્ય પરિસ્થિતિમાં રાજ્ય યાદીના વિષયો પર કાયદો ઘડવાની સત્તા કેન્દ્ર સરકારને આપવામાં આવી છે. જ્યારે સયુંક્ત યાદીનાં વિષયો ઉપર કેન્દ્ર અને રાજ્ય એકમો બંને કાયદો ઘડી શકે છે. એકમ 16 કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેનાં સંબંધોમાં વિગતવાર સમજૂતી તમે પ્રાપ્ત કરશો.*

### 15.4.3 સર્વોચ્ચ અદાલતની અગત્યની ભૂમિકા

*સમવાયતંત્રી વ્યવસ્થામાં બંધારણ લિખિત હોય છે.કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે કાર્યોનું સ્પષ્ટ વિભાજન થયેલું હોવા છતાં પણ કેન્દ્ર અને રાજ્ય વચ્ચે અથવા કેન્દ્ર અને અમુક રાજ્યો વચ્ચે અથવા રાજ્યો-રાજ્યો વચ્ચે કોઈ બાબતમાં પ્રશ્ન ઉપસ્થિત*

*થાય કે મતભેદ થાય તો તેનું નિરાકરણ સર્વોપરી અદાલત દ્વારા લાવવામાં આવે છે. આંતર-રાજ્ય ઝઘડાઓનો ઉકેલ સર્વોપરી અદાલતનાં માધ્યમ દ્વારા લાવવામાં આવે છે. બંને પ્રકારની સરકારો પોતપોતાનાં કાર્યક્ષેત્રની મર્યાદામાં રહીને પોતાનું કાર્ય કરે અને બંધારણ અનુસાર વર્તન કરે, અને જો તેમ ન થાય તો સર્વોચ્ચ અદાલત તેમને તેમ કરવા જણાવે છે.*

**15.4.4 કેન્દ્ર અને રાજ્ય સરકારનો સમાન દરજ્જો છતાં શક્તિશાળી**

*ભારતીય સમવાયતંત્રમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સમાન સરકારનો દરજ્જો ધરાવતા હોવા છતાં પણ કેન્દ્ર સરકારને વધુ સત્તા આપીને શક્તિશાળી બનાવવામાં આવી છે. ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં મજબૂત કેન્દ્ર સરકાર હોય તો દેશની એકતા અને અખંડિતતા જળવાય રહે તે ભાવના સાથે કેન્દ્રને વધુ મહત્ત્વ આપીને શક્તિશાળી બનાવાઈ છે. ખાસ કરીને આઝાદી પછી રાજકીય અસ્થિરતાનું પ્રમાણ વધુ હતું. જેથી દેશને મજબૂત અને શક્તિશાળી સરકારની આવશ્યકતા હતી. જે કારણથી કેન્દ્રને વધુ સત્તા આપવામાં આવી છે.*

**15.4.5 કાયમી જોડાણ**

*ભારતીય સમવાયતંત્રની આ અગત્યની લાક્ષણિકતા છે. તે એક કાયમી જોડાણ છે. સમવાયતંત્રમાં એક વખત જોડાયા બાદ તેનાથી અલગ થઈ શકાતું નથી તેમજ કોઈ ઘટક એકમને સમવાયતંત્રનાં જોડાણમાંથી દૂર કરી શકાતું નથી. ભારતીય સંઘ આ પ્રકારનું એક કાયમી જોડાણ છે. એકમ રાજ્યો પોતાનાં સાર્વભૌમત્વનો ત્યાગ કરીને સંઘમાં જોડાયા છે.*

**15.4.6 એકતંત્રી સરકારનાં અમુક લક્ષણોનો સ્વીકાર**

*ભારતીય સમવાયતંત્રની આ અગત્યની લાક્ષણિકતા છે કે તેમાં અમુક લાક્ષણિકતાઓ એક્તંત્રની જોવા મળે છે.જેમ કે એક જ નાગરિકતાનો સ્વીકાર. ભારતમાં સમવાયતંત્રી માળખા અનુસાર બે નાગરિકત્વનો સ્વીકાર કરવામાં આવ્યો નથી પરંતુ એક્તંત્રી વ્યવસ્થાની માફક એક જ નાગરિકત્વનો સ્વીકાર કરવામાં આવ્યોછે.ઉદાહરણ તરીકે ભારતીય તરીકેની રાષ્ટ્રીયતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જે-તે ઘટક કે એકમ સરકાર કે પ્રદેશનું નાગરિકત્વ આપવામાં આવ્યું નથી.*

*સુગ્રથિત એવું એકસૂત્રી અને સળંગ ન્યાયતંત્રનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમાં સર્વોચ્ચ અદાલત સમગ્ર દેશ માટે એક જ છે.રાજ્યને પોતાની અલગથી સર્વોચ્ચ અદાલત નથી.રાજ્યમાં વડી અદાલત હોય છે. નીચલી અદાલતોનો સ્વીકાર પણ થયો છે.*

- **તમારી પ્રગતિ ચકાસો.(અ)**

**(ક) નીચે આપેલ વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. *ભારતે એકતંત્રી માળખાનો સ્વીકાર સંપૂર્ણ રીતે કર્યો છે.*
2. Federalism *શબ્દ લૅટિન શબ્દ* foedus-*ફોડ્સ ઉપરથી ઉતરી આવ્યો છે.*
3. *સમવાયતંત્રના સંદર્ભમાં મધ્યસ્થ સરકાર એટલે કેન્દ્ર સરકાર.*
4. *સમવાયતંત્રનાં સંદર્ભમાં એકમ સરકારો અને રાજ્ય સરકારો.*
5. *સમવાયતંત્રમાં શ્રેણીસ્તૂપ આકારની રચના હોય છે. જેમાં સત્તા અને કામગીરી ઉપરથી નીચે સુધી વહેંચાયેલી હોય છે.*

- **જવાબો**

1. *ખોટું*
2. *ખરું*
3. *ખરું*
4. *ખરું*
5. *ખરું*

**(ખ) નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

1. *ડિસ્કવરી ઑફ ઇન્ડિયા પુસ્તકના રચયિતા* _____*છે.*

**(ગ) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

1. *ભારતીય સમવાયતંત્રની લાક્ષણિકતા છે કે*___

*અ. બે નાગરિકત્વ*

*બ. બે સર્વોચ્ચ અદાલત*

*ક. લિખિત અને સર્વોપરી બંધારણ*

*ડ. બંધારણનો અસ્વીકાર*

2. *ભારતીય સમવાયતંત્રની કઈ લાક્ષણિકતા એકતંત્રી સરકારની છે?*

*અ. એક જ નાગરિકત્વનો સ્વીકાર*

*બ. બે નાગરિકત્વનો સ્વીકાર*

*ક. ઉપરોક્ત બન્ને*

*ડ. ત્રણ પૈકી એકપણ નહિ*

*જવાબો* 1. *લિખિત અને સર્વોપરી બંધારણ* 2. *એક જ નાગરિકત્વનો સ્વીકાર*

**(ઘ) નીચે આપેલ પ્રશ્નનો ટૂંકમાં જવાબ તૈયાર કરો.**

1. *સમવાયતંત્ર એટલે શું? સમજાવો.*

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

**(ચ) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ આપો.**

1. *સમવાયતંત્રની વ્યાખ્યા આપી ભારતીય સમવાયતંત્રનાં લક્ષણો વિગતવાર સમજાવો.*

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

## 15.5 ભારતીય સમવાયતંત્રની સમીક્ષા

*વિધાર્થીઓ આ એકમની શરૂઆતમાં તમે સમવાયતંત્રની વિભાવના જાણી. ભારતીય સમવાયતંત્રનાં વિગતવાર લક્ષણોનો પણ તમે ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. હવે ભારતીય સમવાયતંત્રી માળખાની સમીક્ષાના માધ્યમથી તમે પરિચિત થશો. ભારતીય સમવાયતંત્રનું સ્વરૂપ કેવાં પ્રકારનું છે ? તેમાં ક્યાં લક્ષણો એકતંત્રી સરકારનાં છે ? આ વિગતથી તમે પરિચિત બન્યા છો. જેથી સમીક્ષા સારી રીતે સમજી શકશો. જે નીચેનાં મુદ્દાઓ દ્વારા સમજીએ.*

- *સૌ પ્રથમ તો એ બાબત નોંધપાત્ર છે કે ભારતીય બંધારણમાં એક પણ જગ્યાએ 'સમવાયતંત્ર' શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો નથી.પરંતુ ભારત 'રાજ્યોનો સંઘ' શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે.*

- ભારતીય સમવાયતંત્રી માળખામાં એકતંત્રી સરકારના અમુક લક્ષણો સ્વીકારવામાં આવ્યાં છે. જેની ચર્ચા 15.4.6 માં કરવામાં આવી છે.
- સામાન્ય રીતે સમવાયતંત્રી માળખામાં એકમ રાજ્યોનું પણ પોતાનું બંધારણ હોય છે. જયારે ભારતમાં સમગ્ર દેશ માટે એક જ સર્વોપરી બંધારણ સ્વીકારવામાં આવ્યું છે.
- ભારત જેવાં વિશાળ વિસ્તાર ધરાવતાં દેશ માટે એક જ સર્વોચ્ચ અદાલતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. વડીઅદાલતો, એકમ રાજ્યોમાં હોય છે, પરંતુ તેનાથી ઉપરી સર્વોચ્ચ અદાલત છે. જે સમગ્ર દેશ માટે એક છે. જેનાં કારણે ન્યાય માંગવાની અને ન્યાય આપવાની પ્રક્રિયા ઘણી ધીમી પડે છે.
- સંઘ સરકાર અને એકમ સરકારોનો સમાન દરજ્જો હોવાં છતાં પણ અગત્યની બાબતોમાં કેન્દ્ર સરકારને મજબુત અને શક્તિશાળી બનાવતી જોગવાઈઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જે એકમ સરકારોની  સત્તા પર નિયંત્રણ મુકે છે. ઉદાહરણ તરીકે બંધારણમાં સુધારો કરવાની પ્રક્રિયામાં સંઘ સરકારની ભૂમિકા વિશેષ છે. કેન્દ્ર સરકારને 'શેષ સત્તાઓ' પણ આપવામાં આવી છે. સંયુક્ત યાદીના કે રાજ્યની યાદીના વિષયોમાં પણ કેન્દ્ર સરકારને મહત્ત્વ આપવામાં આવ્યું છે.
- રાજ્યપાલની નિમણૂંક,બદલીમાં કેન્દ્ર સરકારને સત્તા આપવામાં આવી છે.
- નોકરશાહીનાં સંદર્ભે કેન્દ્રીય અમલદારો ઉપર કેન્દ્ર સરકારનું નિયંત્રણ અને સત્તા.
- સમવાયતંત્રી વ્યવસ્થા અનુસાર સંસદનાં ઉપલા ગૃહમાં રાજ્યોનાં સભ્યોનું સમાન પ્રતિનિધિત્વ હોય છે. ઉદાહરણ તરીકે અમેરિકામાં ઉપલું ગૃહ સેનેટમાં દરેક રાજ્યનું સમાન પ્રતિનિધિત્વ કરતાં પ્રતિનિધિ સ્થાન પામે છે. જયારે ભારતમાં ઉપલું ગૃહ એટલે રાજ્યસભા છે. ભારતમાં રાજ્યસભામાં સભ્યોનું અસમાન પ્રતિનિધિત્વ જોવા મળે છે. ભારતમાં જે તે રાજ્યની વસતી પ્રમાણે રાજ્યસભાનાં સભ્યોનું પ્રતિનિધિત્વ હોય છે.
- રાજ્યોની વડીઅદાલતોનાં ન્યાયાધીશની નિમણૂંક અને બદલી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. રાજ્ય સરકાર તેને દૂર કરી શકતી નથી.
- નાણાકીય બાબતોમાં આવકનાં અગત્યનાં સાધનો કેન્દ્ર સરકાર હસ્તક હોવાથી એકમ સરકારોએ અનુદાન માટે તેની ઉપર આધાર રાખવો પડે છે.
- કટોકટીના સમયમાં ભારતનું બંધારણ એકતંત્રી બની જાય તેવી સમવાયી વ્યવસ્થા સ્વીકારવામાં આવી છે. કટોકટીનાં સંજોગોમાં રાજ્યયાદીનાં વિષયો ઉપર પણ કેન્દ્ર સરકાર કાયદાઓ ઘડી શકે છે. જે કેન્દ્રને વધુ મજબૂત અને શક્તિશાળી બનાવે છે.
- રાજ્યયાદીનાં અમુક વિષયોનાં ખરડાઓ રજૂ કરતાં પહેલાં રાષ્ટ્રપતિની મંજૂરી લેવી પડે છે. પરિણામે એકમ રાજ્યોની ધારાકીય સત્તા નિયંત્રિત બને છે.
- કેન્દ્ર રાજ્યો વચ્ચે સમન્વય જળવાય અને પ્રશ્નોનું નિરાકરણ યોગ્ય રીતે લાવી શકાય તે માટે ક્ષેત્રીય પરિષદોની રચના કરવામાં આવે છે. પરંતુ આ પરિષદોનું નિર્માણ રાષ્ટ્રપતિ દ્વારા થાય છે. જે કેન્દ્રીય કારોબારી છે.

- *આઝાદી બાદ ભાષા, પ્રદેશ, કોમવાદ કે પ્રાંતિક સમસ્યાઓ વગેરે પ્રશ્નોને કારણે એકતા અને અખંડિતતા જળવાય રહે, દેશ બાહ્ય આક્રમણો સામે એક થઈને સામનો કરી શકે તે માટે, તેવી ભાવનાથી કેન્દ્રને વધુ સત્તા આપીને શક્તિશાળી અને અને મજબૂત બનાવવામાં આવેલ છે.*
- *બંધારણમાં ધારાકીય,વહીવટી અને નાણાકીય બાબતોમાં વિશાળ સત્તાઓ કેન્દ્ર સરકારને આપવામાં આવી છે. જેનો વિસ્તૃત અભ્યાસ તમે એકમ 16 કેન્દ્ર અને રાજ્ય વચ્ચેનાં સંબંધો અંતર્ગત કરશો.*
- *સમવાયતંત્રની સમીક્ષા કરતી વખતે સૈદ્ધાંતિક તથ્યોને ધ્યાનમાં લઈને વાસ્તવિકતા તરફ નજર કરીએ તો ભારતીય રાજકારણ અને સમવાયતંત્રી વ્યવસ્થાનો વિસ્તૃત ખ્યાલ આવે છે. ભારતમાં કઈ રીતે સમવાયતંત્ર વ્યવસ્થા કાર્યરત રહી છે? તેનો અભ્યાસ પણ જરૂરી છે.*

*ભારતને આઝાદી મળી ત્યારથી લઈને વર્ષો સુધી કોંગ્રેસનું એક ચક્રીય શાસન અથવા એક હથ્થુ શાસન અમલમાં રહ્યું હતું. ત્યાર બાદ કોંગ્રેસમાં ભંગાણ અને ગઠબંધનની રાજનીતિ શરૂ થઈ તો બીજી તરફ ઘણા રાજ્યોમાં વિરોધ પક્ષની સરકારો અસ્તિવમાં આવી. જેના કારણે ખરા અર્થમાં સમવાયી વ્યવસ્થાનો અમલ શરૂ થયો. કેન્દ્ર અને રાજ્યોમાં વિરોધી પક્ષોની સરકારોનો દોર પછીથી શરુ થયો હતો. ભારતીય રાજકારણમાં મિશ્ર સરકારોની શરૂઆત થઈ. ગઠબંધનની રાજનીતિ પણ શરૂ થઈ.*

*ભારતીય સમવાયી વ્યવસ્થામાં કેન્દ્ર-રાજ્ય સંબંધોમાં સંઘર્ષની બાબતોમાં સીમા વિવાદ અને આંતર-રાજ્ય જળ વિવાદ મહત્વના બન્યા છે.*

### 15.5.1.ભારતીય સમવાયતંત્ર અંગે વિદ્વાનોના અભિપ્રાય

*ભારતે વિશિષ્ટ સમવાય માળખું સ્વીકાર્યું છે. તે અંગે વિદ્વાનોના અભિપ્રાય અને મતનો અભ્યાસ રસપ્રદ અને અગત્યનો બને છે. કેટલાક વિદ્વાનો જેમ કે કે.સી.વ્હીયર, બી.એન.જોષી, ડી.એન.બેનર્જી વગેરે ભારતીય સમવાયપ્રથાને સંપૂર્ણ સમવાયતંત્રી માનતા નથી. અલગ-અલગ નિષ્ણાતોના અભિપ્રાયો નીચે અનુસાર છે.*

- *કે.સી.વ્હીયર*

*"ભારતીય સમવાયતંત્ર વધુને વધુ અર્ધ સમવાયી છે" તેમણે ભારતીય સમવાયતંત્રને "ગૌણ એકતંત્રીય લક્ષણોવાળા સમવાયી રાજ્યને બદલે ગૌણ સમવાયી લક્ષણોવાળા એકતંત્રી રાજ્ય" તરીકે વર્ણવ્યું છે.*

- *ડી.એન.બેનર્જી*

*"ભારતીય બંધારણનું માળખું સંઘીય (સમવાયી) છે, પરંતુ તેનો ઝુકાવ એકતંત્રી તરફ છે"*

- *ડી.એન.જોષી*

*"ભારતીય સમવાય નહિ પરંતુ અર્ધ સમવાય છે. તેમાં એકતંત્રીનાં લક્ષણો પણ જોવા મળે છે."*

- *ડૉ.બી.આર.આંબેડકર*

*"સમવાયી રાજ્યતંત્રોમાં સર્વત્ર નજરે ચડતી જડતા અને કાયદાબાજીનો પરાભવ કરવાં માટે અભિનવ માર્ગોનો વિનિયોગ એ તો ભારતનાં સમવાયતંત્રની વિશિષ્ટતા છે."*

*"ભારતીય બંધારણે બીબાંઢાળ અમેરિકાનું સમવાયતંત્રી બંધારણ જ માત્ર નથી બન્યું. સમય અને સંજોગોની જરૂરિયાત પ્રમાણે તે એકતંત્રી કે સમવાયતંત્રી બની શકે છે."*

## 15.6 સારાંશ

*ભારતીય સમવાયતંત્રી વ્યવસ્થાનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ નીચેનાં સાર બિંદુઓ તારવી શકાય.*

- *ભારતે અમેરિકા જેવા સમવાયી મૉડેલનો સ્વીકાર કર્યો નથી, પરંતુ પોતાને અનુકૂળ આવે તેવા વિશિષ્ટ સમવાયી માળખાને સ્વીકાર્યું છે.*
- *ભારતમાં પ્રાચીન સમયમાં પણ સમવાયી વ્યવસ્થાને અનુકૂળ આવે તેવી વ્યવસ્થા કાર્યરત હતી.*
- *આઝાદી બાદ ભારતે સમવાયી માળખાનો સ્વીકાર કર્યો તેમાં* 1935*નો અધિનિયમ ચોક્કસપણે પૂર્વભૂમિકા સ્વરૂપે મહત્ત્વ ધરાવે છે.*
- *ભારતીય સમવાયતંત્રનાં લક્ષણોમાં લિખિત અને સર્વોપરી બંધારણનો સ્વીકાર,સત્તાનું સ્પષ્ટ વિભાજનસર્વોચ્ચ અદાલતની ભૂમિકા, કેન્દ્ર અને રાજ્ય સરકારોનો સમાન દરજ્જો છતાં મજબૂત અને શક્તિશાળી એવી કેન્દ્ર સરકારનો સ્વીકાર, કાયમી જોડાણ, વગેરેનો સમાવેશ થાય છે.*
- *ભારતીય સમવાયતંત્રી માળખામાં એકતંત્રી પ્રથાના કેટલાંક લક્ષણો સ્વીકારવામાં આવ્યા છે. જેમ કે એક જ નાગરિકત્વનો સ્વીકાર, સળંગ એકસૂત્રી ન્યાયતંત્ર.*
- *કેટલાંક વિદ્વવાનો ભારતનાં સમવાયતંત્રી માળખાને સંપૂર્ણ સમવાયતંત્રી માનતા નથી.પરંતુ અર્ધસમવાયી ગણે છે.*
- *જેમાં એકમ સરકારોની સ્વાયતત્તા સંપૂર્ણ જળવાતી નથી. સામાન્ય સંજોગોમાં અર્ધ સમવાયતંત્રી અને કટોકટીના સમયે લગભગ એકતંત્રી લાગે છે.*
- *ટૂંકમાં ભારતે વિશિષ્ટ સમવાયી માળખાનો સ્વીકાર કર્યો છે.*

## 15.7 ચાવીરૂપ શબ્દો

**અર્ધ સમવાયતંત્ર** *એવું સમવાયતંત્રી માળખું જેમા અમુક લાક્ષણિકતાઓ એકતંત્રની પણ હોય.માટે તેની માટે અર્ધ સમવાયતંત્ર શબ્દ પ્રયોગ થાય છે. કારણ કે સંપૂર્ણ સમવાયતંત્રી મૉડેલ હોય તેની*

| | |
|---|---|
| | *માટે આ શબ્દ પ્રયોગ થાય છે. ઉદાહરણ તરીકે ભારતીય સમવાયતંત્ર માટે ઘણાં વિદ્વાનોએ આ શબ્દ પ્રયોગ કરેલ છે.* |
| **અનુદાનઃ** | *એક સરકારી એકમ તરફથી બીજા સરકારી એકમને આપવામાં આવતા નાંણા.* |
| **સ્વાયત્તતા** | *આ એકમમાં સ્વાયત્તતા શબ્દ પ્રયોગ સ્વ-સરકારના અધિકાર અંતર્ગત વાપરવામાં આવ્યો છે. સમવાયીવ્યવસ્થામાં કેન્દ્ર સરકારની દખલગીરી વગર પોતાને સ્પર્શતી બાબતો વિષે પ્રબંધ કરવાનો પ્રત્યેક રાજ્યનો અધિકાર.* |

## 15.8 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલ ટૂંકનોંધ તૈયાર કરો.**

1. *ભારતીય સમાવાયતંત્રી માળખાની સમીક્ષા કરો.*

……………………………………………………………………………………

……………………………………………………………………………………

……………………………………………………………………………………

……………………………………………………………………………………

……………………………………………………………………………………

……………………………………………………………………………………

……………………………………………………………………………………

**(ખ) નીચે આપેલ વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો.**

1. *ભારતીય સમવાયતંત્રી માળખામાં બેવડું નાગરિકત્વ આપવામાં આવ્યું છે.*
2. *"ભારતીય સમવાયતંત્ર વધુને વધુ અર્ધ સમવાયી છે." આ વિધાન કે.સી. વ્હીયરનું છે.*

**• જવાબો**

1. *ખોટું* 2. *ખરું*

**(ગ) નીચે આપેલાં બહુ વૈકલ્પિક પ્રશ્નોના જવાબ તૈયાર કરો.**

1. *"ભારતીય સમવાયતંત્ર વધુને વધુ અર્ધસમવાયી છે."આ વિધાન કોનું છે?*

*(અ) કે.સી. વ્હીઅર*

*(બ) ડૉ.બી.આર.આંબેડકર*

*(ક) ડી.એન.બેનર્જી*

*(ડ) ત્રણ પૈકી એક પણ નહિ*

2. *"ભારતીય બંધારણનું માળખું સંઘીય (સમવાયી) છે, પરંતુ તેનો ઝુકાવ એકતંત્રી તરફ છે."*

*આ વિધાન કોનું છે?*

*(અ) ડી.એન.બેનર્જી*

*(બ) ડૉ.બી.આર.આંબેડકર*

*(ક) ડી.એન.જોષી*

*(ડ) કે.સી.વ્હીઅર*

3. *"સમવાયી રાજ્યતંત્રોમાં સર્વત્ર નજરે ચડતી જડતાં અને કાયદાબાજીનો પરાભવ કરવા માટે અભિનવ માર્ગોનો વિનિયોગ એ તો ભારતનાં સમવાયતંત્રીની વિશિષ્ટતા છે."*
*આ વિધાન કોનું છે?*

*(અ) ડૉ.બી.આર.આંબેડકર*

*(બ) કે.સી.વ્હીઅર*

*(ક) રજની કોઠારી*

*(ડ) હર્મન ફાઈનર*

- **જવાબો**

1. *કે.સી.વ્હીઅર*
2. *ડી.એન.બેનર્જી*
3. *ડૉ.બી.આર.આંબેડકર*

## 15.9 સદર્ભ સૂચિ


1. के मैथ्यू कुरियन, : केन्द्र-राज्य संबंध, मेकमिलन कंपनी, प्रथम पी.एन.वर्गीस, संस्करण– 1980
2. धर्मेन्द्र जैन भारत में संघ व्यवस्था एक विकासात्मक अध्ययन :, श्याम प्रकाशन, जयपुर, प्रथम संस्करण – 1999.
3. रूपा मंगलानी : भारतीय शासन एव राजनीति, राजस्थान हिन्दी ग्रंथ अकादमी, जयपुर, चतुर्थ संस्करण– 2011
4. *હસમુખ એમ. અમીન : સમવાયતંત્રી- ભારતીય મોડેલ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ* 1979.
5. *આર. કે.ધારૈયા અને અન્યો : ભારતનો બંધારણીય ઈતિહાસ, સી. જમનાદાસ કંપની અમદાવાદ. ચોથી આવૃત્તિ,* 1990-91.
6. *ગજેન્દ્ર શુક્લ : ભારતીય રાજકારણ, ન્યુપોપ્યુલર પ્રકાશન, સુરત, બીજી આવૃત્તિ,* 2011-12.

# એકમ 16 કેન્દ્ર અને રાજ્યના સંબંધો

## રૂપરેખા


**16.0** ઉદ્દેશો

**16.1** પ્રસ્તાવના

**16.2** કેન્દ્ર – રાજ્યના સંબંધો

**16.2.1** કેન્દ્ર – રાજ્ય વચ્ચેના ધારાકીય સંબંધો

**16.2.1.1** બંધારણમાં સત્તાઓની વહેંચણી :

(અ) સંઘયાદીના વિષયો

(બ) રાજ્યયાદીના વિષયો

(ક) સંયુક્તયાદીના વિષયો

**16.2.1.2** રાજ્યો પર સંઘનું વર્ચસ્વ

**16.2.1.3** કટોકટીના સમયગાળામાં સંઘ સરકારનું વર્ચસ્વ

**16.2.1.4** આંતરરાષ્ટ્રીય બાબતોમાં સંઘ સંસદની સત્તા

**16.2.1.5** ધારાકીય સંબંધોનું વિવેચન

**16.2.2** કેન્દ્ર – રાજ્ય વચ્ચેના વહીવટી સંબંધો

**16.2.2.1** ખાસ બાબતોમાં રાજ્ય સરકારને આદેશ આપવાની સત્તા

**16.2.2.2** અમલદારશાહી સંદર્ભે

**16.2.2.3** સંઘ અને રાજ્યોની કામગીરી તથા અદાલતી ચુકાદાઓને માન

**16.2.2.4** વહીવટી સંબંધોનુ વિવેચન

**16.2.3** કેન્દ્ર – રાજ્ય વચ્ચેના નાણાકીય સંબંધો

**16.2.3.1** આવકના સાધનો

**16.2.3.2** અનુદાનની જોગવાઈઓ

**16.2.3.3** જાહેર દેવાઓ

**16.2.3.4** અન્ય નાણાકીય જોગવાઈઓ

**16.2.3.5** નાણાકીય સંબંધોનું વિવેચન

**16.3** કેન્દ્ર – રાજ્ય વચ્ચેના સંબંધોમાં સંઘર્ષના મુદ્દાઓ/કારણો

**16.4** વિવિધ પંચો કે સમિતિઓની ભલામણો

**16.5 સારાંશ**
**16.6 ચાવીરૂપ શબ્દો**
**16.7 તમારી પ્રગતિ ચકાસો**
**16.8 સંદર્ભ સૂચિ**

## 16.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસથી તમે નીચેની વિગતોથી માહિતગાર થશો.*

- *કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના ધારાકીય સંબંધોથી માહિતગાર બનશે.*
- *કેન્દ્ર અને રાજ્યનાં વહીવટી સંબંધોથી માહિતગાર બનશો.*
- *કેન્દ્ર અને રાજ્યનાં નાણાકીય સંબંધોથી માહિતગાર બનશો.*
- *કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સંઘર્ષ અને તનાવના મુદ્દાઓ જાણશો.*
- *કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના સંઘર્ષને દૂર કરવા કેટલીક સમિતિઓના પ્રયાસો અને સૂચિત ઉપાયો સમજશો.*

## 16.1 પ્રસ્તાવના

*વિદ્યાર્થી મિત્રો, અગાઉ એકમ ૧૫ માં તમે ભારતીય સમવાયતંત્ર તેની લાક્ષણિકતાઓ અને સ્વરૂપ વિષે વિગતવાર ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. હવે આ એકમમાં તમે કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના ધારાકીય, વહીવટી, નાણાકીય સંબંધોનો વિગતવાર અભ્યાસ કરશો.*

*સમવાયતંત્રી માળખામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોનું મહત્ત્વ સમાન હોય છે. આ બન્ને સરકારો વચ્ચે સત્તા અને કાર્યોનું વિભાજન કરવામાંઆવે છે. ભારતે સમવાયતંત્રી માળખું સ્વીકાર્યું હોવા છતાં અમુક લાક્ષણિકતાઓ એકતંત્રી સરકારની છે. આ બંને વચ્ચેનાં આંતરસંબંધો અને ઉદ્‌ભવતા પ્રશ્નોનો અભ્યાસ આ એકમમાં કરવામાં આવ્યો છે.*

## 16.2 કેન્દ્ર – રાજ્ય વચ્ચેનાં સંબંધો

*ભારતના બંધારણમાં કેન્દ્ર (સંઘ) અને રાજ્ય વચ્ચેનાં સંબંધો ભાગ-11માં દર્શાવવામાં આવ્યા છે.*

### 16.2.1 કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના ધારાકીય સંબંધો

*ભારતનાં બંધારણમાં કેન્દ્ર (સંઘ) અને રાજ્ય વચ્ચે ધારાકીય એટલે કે કાયદો ઘડવાની સત્તાઓની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી છે. બંધારણના ભાગ 11, પ્રકરણ 01 માં ધારાકીય સંબંધો અંતર્ગત ધારાકીય સત્તાઓની વહેંચણી થઈ છે. સંસદ ભારતના સમગ્ર રાજ્ય કે તેના કોઈ ભાગ માટે કાયદા ઘડવાની સત્તાઓ ધરાવે છે. અમુક વધારાનાં ન્યાયાલયોની સ્થાપના પણ તે કરી શકે છે. સમવર્તી યાદી અથવા રાજ્યયાદીમાં ન હોય*

*તેવા વિષયો પર પણ કોઈપણ બાબત અંગે તે કાયદો ઘડી શકે છે. કાયદો ઘડવાની સત્તાઓની વિગતવાર સમજૂતી મેળવીએ.*

16.2.1.1 *બંધારણમાં સત્તાઓની વહેંચણી*

**(અ) સંઘયાદીનાં વિષયો પર કાયદા ઘડવાની સત્તા**

*સંઘયાદીનાં વિષયો પર સંઘ (કેન્દ્ર) ને સત્તા આપવામાં આવી છે કે તે કાયદાઓ ઘડી શકે છે. સંઘયાદીના વિષયોમાં સંરક્ષણ અને સંલગ્ન બાબતો, અણુશક્તિ, વિદેશનીતિ, આક્રમણ, શાંતિના અનેક પ્રશ્નો, સંદેશા વ્યવહાર, આંતર રાજ્ય વ્યાપાર, ચલણ, વિદેશ વ્યાપાર, આવકવેરો, મિલકત, ખનીજ સંપતિ, રાષ્ટ્રીય મ્યુઝિયમો, પુરાતત્વ – મોજણી, વસતિ ગણતરી, ચૂંટણી, સર્વોચ્ચ અદાલત, વડી અદાલતો, સંઘના જાહેર સેવા પંચ, નિકાસવેરો, હવાઈ માર્ગો, એલચી ખાતાઓ, રેલ્વે, તાર-ટપાલ, ટેલીફોન, વગેરે વિષયોનો સમાવેશ થાય છે. આ તમામ વિષયો પર કાયદા ઘડવાની સત્તા સંસદ ધરાવે છે.*

**(બ) રાજ્યયાદીના વિષયો**

*રાજ્યયાદીનાં વિષયોમાં જાહેર વ્યવસ્થા પોલીસ, સ્થાનિક સરકારો, જાહેર આરોગ્ય, ખેતીવાડી, જમીન મહેસૂલ, વ્યાપાર ધંધાને લગતી બાબતો, માદક પીણા, સ્મશાન ભૂમિ, મ્યુઝિયમ, કેળવણી, જાહેર પુસ્તકાલયો, આંતર રાજ્ય વ્યવહારો, પશુપાલન, પાણી, સિંચાઈ, જંગલો, મત્સ્ય ઉદ્યોગો, મનોરંજન ગૃહો, બજારો, ગેસ, રાજ્ય સેવાપંચ, જમીન મહેસૂલ, મકાન, જમીન, વીજળી, રસ્તા, કરવેરા, ઉદ્યોગો વગેરેનો સમાવેશ થાય છે.*

**(ક) સંયુક્ત યાદીના વિષયો**

*સંયુક્ત યાદીનાં વિષયોમાં રાજ્યની સલામતી માટે અટકાયતો, લગ્ન-છૂટાછેડા, ખેતજમીન સિવાયની મિલ્કતની ફેરબદલી, કરારો, અદાલતનો તિરસ્કાર, ખોરાકમાં ભેળસેળ દવા, સામાજિક તથા આર્થિક આયોજનો, મજૂરસંઘો, સામાજિક સલામતિ, મજૂર કલ્યાણ, ભાવનિયમન, કારખાના, વીજળી, છાપકામ, વર્તમાનપત્રો, સ્ટેમ્પ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.*

*સમયાંતરે જરૂરિયાતોને અનુરૂપ બંધારણીય સુધારા દ્વારા આ યાદીમાં આવશ્યક ઉમેરો અને ફેરફાર કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે બેતાલીશમાં બંધારણીય સુધારા દ્વારા શિક્ષણ અને જંગલને સંયુક્ત યાદીમાં મુકવામાં આવ્યું હતું.*

*જે વિષયો સંયુક્ત યાદીમાં મુકવામાં આવ્યા હોય તેની પર સંઘ-સંસદ તથા રાજ્યની ધારાસભાઓ બંને કાયદા કરી શકે છે. સંઘને રાજ્યયાદીના વિષયો ઉપર કાયદા ઘડવાની સત્તા પણ છે. આમ ત્રણ પ્રકારની યાદીઓનો અભ્યાસ આપણે કર્યો. બંધારણની સાતમી અનુસૂચિ માટે પ્રથમ કેન્દ્ર યાદીના* 100 *વિષયો, દ્વિતીય રાજ્ય યાદીના* 52 *વિષયો અને તૃતીય સંયુક્ત કે સહવર્તી યાદીમાં* 61 *વિષયો દર્શાવેલ છે.*

16.2.1.2 *રાજ્યો પર સંઘનું વર્ચસ્વ*

*ધારાકીય સત્તાઓમાં રાજ્યો પર સંઘનું વર્ચસ્વ જોવા મળે છે. સંયુક્ત યાદીના વિષયો પર જ્યાં સુધી કોઈ એક વિષય પર સંઘ-સંસદે કાયદો ન કર્યો હોય ત્યાં સુધી રાજ્યની ધારાસભાઓ પોતાને યોગ્ય લાગે તે પ્રકારનો કાયદો ઘડી શકે છે. પરંતુ જો સંઘ સરકાર તેના ઉપર કોઈ કાયદો તૈયાર કરે તો સંસદે ઘડેલો કાયદો માન્ય રાખવામાં આવે છે. અને રાજ્યની વિધાનસભાનો કાયદો રદબાતલ થાય છે. જો કે કેન્દ્ર અને રાજ્યએ ઘડેલા કાયદામાં વિરોધાભાસ હોય તો જ એવું થાય છે. અહીં એ નોંધનીય બાબત છે કે જો રાજ્યની ધારસભાએ આવો વિરોધાભાસી કાયદો બનાવતા પહેલા રાષ્ટ્રપતિની પૂર્વસંમતિ લીધી હોય તો પછી તે રદબાતલ ગણાતો નથી. આ એક એવું મૌલિક તત્ત્વ છે તેના લીધે રાજ્યની ધારાસભા સંસદીય કાયદા કરતા પણ વધારે પ્રગતિશીલ કાયદો કરી શકે છે. જો કે આ પ્રકારના કાયદાને પણ સંસદ ધારે તો નવો કાયદો કરીને રદબાતલ ઠરાવી શકે છે જે તેની સર્વોપરિતા અને વર્ચસ્વ દર્શાવે છે.*

*રાજ્ય યાદીના અમુક વિષય પર જેમકે રાષ્ટ્રીય હિત માટે સંઘ સરકાર કાયદો ઘડવાની સત્તા ધરાવે છે. બંધારણની કલમ* 249 *મુજબ જ્યારે સંસદનું ઉપલુંગૃહ એટલે કે રાજ્યસભા હાજર અને મત આપનાર* $^2/_3$ *સભ્યોની બહુમતીથી ઠરાવ કરે તો આ શક્ય બને છે. જ્યાં સુધી આ ઠરાવની મુદ્દત અમલમાં હોય ત્યાં સુધી સંઘ-સંસદ તે ઠરાવમાં જણાવેલાં વિષય પર સમગ્ર દેશ માટે કે દેશના કોઈ ચોક્કસ ભાગને લાગુ પાડતા કાયદા બનાવી શકે છે. આ પ્રકારના કાયદાના અમલની મુદ્દત સામાન્ય રીતે એક વર્ષની હોય છે. મુદ્દત લંબાવવી હોય તો નવો ઠરાવ પસાર કરવો પડે છે. ઠરાવમાં દર્શાવેલી મુદ્દત પૂર્ણ થયાના છ માસ પછી તે કાયદાનો અમલ બંધ થયેલો ગણવામાં આવે છે.*

16.2.1.3 *કટોકટીના સમયગાળામાં સંઘ સરકારનું વર્ચસ્વ*

*કટોકટીમાં રાજ્યોની ધારાકીય સત્તા નહિવત બનતી હોય છે. કેન્દ્ર સરકારે આપેલાં માર્ગદર્શન અને સૂચના તથા આદેશ અનુસાર રાજ્ય સરકારોએ કાર્ય કરીને ફરજ બજાવવાની હોય છે. બંધારણ અનુસાર રાજ્યમાં વહીવટ ન ચાલે તો ત્યાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે છે. આ પ્રકારની પરિસ્થિતિ અને સંજોગોમાં રાષ્ટ્રપતિ રાજ્ય સરકારના તમામ કાર્યો હાથમાં લે છે.*

16.2.1.4 *આંતરરાષ્ટ્રીય બાબતોમાં સંઘ-સંસદની સત્તા*

*આંતરરાષ્ટ્રીય સંમેલનો, સંસ્થા કે મંડળમાં કરેલા નિર્ણયોના પાલન અને અમલીકરણ માટે ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર કે તેના કોઈ ભાગ માટે સંસદને કોઈપણ કાયદો ઘડવાની સત્તા છે.*

*કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના ધારાકીય સંબંધોના અભ્યાસ દ્વારા સંઘ (કેન્દ્ર) સરકાર અને સંસદની સર્વોપરિતાનો ખ્યાલ આવે છે.*

16.2.1.5 *ધારાકીય સંબંધોનું વિવેચન*

*કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના ધારાકીય સંબધો અને તેમની સત્તાઓનું વિવેચન અને વિશ્લેષણ કરીએ તો જણાય છે કે ભારતીય બંધારણમાં નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે.*

I. *ધારાકીય સત્તાની સ્પષ્ટ, ચોક્કસ અને ઝીણવટપૂર્વક વહેંચણી કરવામાં આવી છે.*

II. *સંઘના વિષયોની યાદી, રાજ્યના વિષયોની યાદી, સંયુક્ત યાદી વિવિધ સ્તરના શાસનની જટિલતાઓને સમજીને બુદ્ધિપૂર્વક, લાંબાગાળાનો વિચાર કરીને તૈયાર કરવામાં આવી છે.*

III. *જો કે આ યાદીમાં સમયાંતરે બધારણીય સુધારાઓ દ્વારા ફેરફારોનો અવકાશ રાખવામાં આવ્યો છે.*

IV. *સંઘની-સંસદની સર્વોપરિતા હોવાં છતાં રાજ્ય સરકારોની ગરિમા સ્વાયત્તતા અને અસ્મિતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.*

V. *ભારતની એકતા અને અખંડિતતા માટે તથા બાહ્ય રક્ષણ માટે મજબૂત અને શક્તિશાળી કેન્દ્ર સરકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તેને વિશાલ સત્તા આપવામાં આવી છે.*

VI. *કેન્દ્ર-રાજ્યના પરસ્પર સંબંધો જાળવવામાં ભારતનાં બંધારણના ઘડવૈયાઓની દીર્ઘદ્રષ્ટિ જોવા મળે છે.*

- **તમારી પ્રગતિ ચકાસો (અ)**
  **(ક) નીચેની ખાલી જગ્યા પૂરો.**

1) *બંધારણના* __________ *ભાગમાં કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં ધારાકીય સંબંધો અંતર્ગત સત્તાઓની જોગવાઈ કરેલી છે.*
2) *કેન્દ્ર અને રાજ્ય વચ્ચે મુખ્યત્વે* __________ *પ્રકારની વિષયોની યાદી આપવામાં આવેલી છે.*
3) *રાજ્ય યાદીના વિષયો, સંયુક્ત યાદીના વિષયો અને* __________ *યાદીના વિષયો.*

**જવાબો.**

1) *અગિયારમા* 2) *ત્રણ* 3) *સંઘ*

**(ખ) નીચે આપેલ વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો.**

1) *રાજ્યો પર સંઘનું કોઈ વર્ચસ્વ નથી.*
2) *કટોકટીના સમયગાળામાં રાજ્યોની સરકારો વધુ સત્તા ધરાવે છે.*
3) *આંતરરાષ્ટ્રીય બાબતોમાં સંઘ-સંસદની સત્તા વિશાળ છે.*

4) *બંધારણમાં જણાવેલ કેન્દ્ર-રાજ્યના કાર્યો અને વિષયોની યાદીમાં કોઈ જ બંધારણીય સુધારાને અવકાશ નથી.*

**જવાબ.**

1) *ખોટું* 2) *ખોટું* 3) *ખરું* 4) *ખોટું*

**(ગ) ટૂંકનોંધ લખો.**

**1. કેન્દ્ર-રાજ્યના ધારાકીય સંબંધોનું વિવેચન**

………………………………………………………………………
………………………………………………………………………
……………………………………………………………………..
………………………………………………………………………
………………………………………………………………………
……………………………………………………………...................

### 16.2.2 કેન્દ્ર-રાજ્ય વચ્ચેના વહીવટી સંબંધો

*ભારતીય બંધારણના ભાગ 11, પ્રકરણ 02માં કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં વહીવટી સંબંધોની જોગવાઈ કરવામાં આવી છે.*

16.2.2.1 *ખાસ બાબતોમાં રાજ્ય સરકારોને આદેશ આપવાની સત્તા*

*કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં વહીવટી સંબંધોનો અભ્યાસ કરતાં જણાય છે કે કેન્દ્ર પાસે ઘણી વિશાળ સત્તાઓ છે. અમુક સંજોગોમાં આવશ્યકતા અનુસાર કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને ખાસ આદેશ આપવાની સત્તા ધરાવે છે. રાજ્ય સરકારોએ તેનું ચુસ્તપણે પાલન કરવાનું હોય છે. આ ખાસ બાબતોમાં નીચેની વિગતોનો સમાવેશ થાય છે.*

I. *રાષ્ટ્રીય કે લશ્કરી મહત્ત્વનાં જાહેર થયેલા સંદેશા વ્યવહારના સાધનોની સ્થાપના અને તેની જાળવણી કરવા માટે આદેશ આપી શકે છે.*

II. *રાજ્યની સીમામાં આવેલ રેલવેના માર્ગોનું રક્ષણ કરવા આદેશ આપી શકે છે.*

III. *જ્યારે રાજ્ય સરકારોને ઉપરોક્ત બાબતો પૈકી સામાન્ય કરતા વધુ ખર્ચ કરવો પડે તેવા સંજોગોમાં આંતરિક પરસ્પર*

*સમજૂતીથી કેન્દ્ર અને રાજ્ય સરકાર નિર્ણય કરે છે. જો બંને વચ્ચે મતભેદ થાય તો સર્વોચ્ચ અદાલત દ્વારા નીમવામાં આવેલ લવાદની મદદથી તેનો ઉકેલ લાવવામાં આવે છે.*

16.2.2.2 *અમલદારશાહીના સંદર્ભે*

*જો કેન્દ્ર સરકારને કોઈ આવશ્યકતા જણાય તો જે-તે રાજ્યની સંમતિ લઈને તે રાજ્યનાં અમલદારો કે સનદી સેવકોને શરતી કે બિનશરતી કામગીરી સોંપી શકે છે. ભારતના બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે કે સંઘ સરકારની યાદીમાં આવતાં*

*વિષયોનાં અમલ માટે કેન્દ્ર સરકાર આ નિર્ણય લઈ શકે છે. અમલદારોએ પોતાની કામગીરી સંઘ સરકારના પ્રતિનિધિ તરીકે બજાવવાની હોય છે. પ્રતિનિધિને લગતો ખર્ચ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર નક્કી કરે તે અનુસારનો રહે છે. જો આ બાબતે બન્ને વચ્ચે કોઈ મતભેદ ઉપસ્થિત થાય તો સર્વોચ્ચ અદાલતનો આશ્રય લેવામાં આવે છે.*

*રાજ્ય સરકારો પણ સનદી અમલદારોને પોતાના વિભાગ ઉપરાંતની અન્ય વિભાગની કામગીરી સોંપી શકે છે. ઉદાહરણ તરીકે ગુજરાતમાં કોવિડ* 19 *કોરોનાની મહામારીને નિયંત્રણમાં લાવવા માટે ખાસ કરીને અમદાવાદ જીલ્લામાં અધિકારીને આ રીતે મુકવામાં આવ્યા હતા. ડૉ. સંજીવકુમાર ગુપ્તા જે અધિક મુખ્ય સચિવ તરીકે વનવિભાગના અધિકારી હતા. તેમને અમદાવાદ શહેરને કોવિડ* 19 *કોરોનાની મહામારીથી ઉગારવાની કામગીરી સોંપવામાં આવેલ હતી.*

*ગુજરાત સરકારના નોટિફિકેશન અનુસાર મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારને પણ ગુજરાતનાં આરોગ્ય વિભાગની કોવિડ-* 19 *(કોરોના) સંબંધિત પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપવાનું અને સુપરવિઝન કરવાની કામગીરી સોંપવામાં આવી હતી.*

16.2.2.3 *સંઘ-રાજ્યોની કામગીરી અને અદાલતી ચુકાદાઓને માન*

*બંધારણની કલમ* 261*માં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે "ભારતમાં સંઘ તથા બધા જ રાજ્યોના સરકારી કાર્યો, દસ્તાવેજો અને અદાલતી કાર્યવાહીઓ પર સંપૂર્ણ વિશ્વાસ તથા સન્માન રાખવામાં આવશે."*

*ભારતનાં કોઈપણ પ્રદેશમાં દીવાની અદાલતોએ આપેલા આખરી ચુકાદાઓ કે આદેશોનો અમલ સમગ્ર ભારતમાં ગમે ત્યાં થઈ શકશે.*

*કલમ* 262 *અનુસાર નદીઓના પાણી અને તે અંગે રાજ્યો વચ્ચેથતા ઝઘડાઓનાં નિવારણ માટેની જોગવાઈ કરવામાં આવી છે. એક કરતા વધારે રાજ્યોમાંથી પસાર થતી નદીનાં પાણીનાં ઉપયોગ માટે, વહેંચણીકે અંકુશ માટેનાં થતા વિવાદો કે ઝઘડાઓના ઉકેલ લવાદી દ્વારા લાવવા માટે સંઘ સરકાર કાયદો ઘડી શકે છે.*

*જ્યારે રાજ્યનું શાસન બંધારણ અનુસાર કાર્ય કરવામાં, નિષ્ફળ જાય એવો રાજ્યપાલનો અહેવાલ મળે ત્યારે અથવા રાષ્ટ્રીય અસ્થિરતા કે રાષ્ટ્ર વ્યાપી કટોકટી હોય ત્યારે રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રપતિનું શાસન લાદવામાં આવે છે. ભારતના બંધારણમાં આ પ્રકારની પરિસ્થિતિઓને પહોંચી વળવા આવી જોગવાઈ કરવામાં આવેલી છે.*

16.2.2.4 *વહીવટી સંબંધોનું વિવેચન*

**1.** *નદીઓના પાણી, ઉપયોગ વહેંચણી તથા નિયંત્રણ અંગેના રાજ્ય-રાજ્ય વચ્ચે કે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ઝઘડાઓ, પ્રશ્નો કે તકરારો ઉપસ્થિત થાય તો તેના ઉકેલ માટે સંઘ*

*સરકારે કાનૂની જોગવાઈ કરી છે. રાષ્ટ્રપતિને જરૂર લાગે તો તેઓ કેન્દ્ર-રાજ્ય વચ્ચેના પ્રશ્નોનાં નિરાકરણ માટે આંતર – રાજ્ય પરિષદની રચના કરી શકે છે.*

*આ પરિષદ મુખ્યત્વે ત્રણ પ્રકારની ફરજો બજાવે છે.*

*(અ) રાજ્ય-એકમો વચ્ચે ઉપસ્થિત થયેલ મતભેદમાં તપાસ કરીને સલાહ આપી શકે છે.*

*(બ) સંઘ અને રાજ્ય એકમ અથવા રાજ્ય-એકમોને જેમાં સમાન હિત તેવી બાબતો પર તપાસ અને વિચાર વિમર્શ કરી શકે છે.*

*(ક) નીતિ અને પ્રવૃત્તિઓનાં યોગ્ય સંકલન માટે ભલામણો કરી શકે છે.*

2. 1955*માં તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ વિભાગીય પરિષદોનો વિચાર કર્યો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ રાજ્યો પોતાના આંતર-રાજ્યનાં પ્રશ્નોની ચર્ચા કરી ઉકેલ લાવી શકે તે હતો. જો કે આ માત્ર એક સલાહકાર સંસ્થા હોય છે.*
3. *નદી, રેલવેનો ઉપયોગ અને સંવર્ધન કેન્દ્ર-રાજ્યની સહિયારી જવાબદારી બને છે.*
4. *બંધારણની જોગવાઈ અનુસાર રાજ્યોએ પોતાની કારોબારી વિષયક સત્તાઓનો ઉપયોગ કેન્દ્ર કે સંઘ સરકારની કારોબારી સત્તાને અવરોધક બને તે મુજબ કરવાનો હોતો નથી.*
5. *કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય અને સત્તાઓ કેન્દ્રના હસ્તક વધુ જણાય છે.*
6. IAS *અને* IPS *જેવી અખિલ ભારતીય સનદી સેવાઓ દ્વારા કેન્દ્ર સરકાર રાજ્યોની સરકાર પર અંકુશ અને નિયંત્રણ રાખે છે.*
7. *જાહેર સેવાપંચના સભ્યોની નિમણૂક રાજ્ય કરે છે, પરંતુ અમુક કિસ્સામાં સર્વોચ્ચ અદાલત દ્વારા જરૂરી તપાસ કરાવ્યા પછી પ્રમુખ એ સભ્યોને કાઢી શકે છે.*

**તમારી પ્રગતી ચકાસો (બ)**

**(ક) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો.**

1. *ભારતીય બંધારણના ભાગ* ___________ *માં કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં વહીવટી સંબંધોની જોગવાઈ કરવામાં આવી છે.*
2. *ભારતીય બંધારણની ભાગ* 11 *અને પ્રકરણ નંબર* ___________ *માં કેન્દ્ર રાજ્ય વચ્ચેનાં વહીવટી સંબંધોની જોગવાઈ છે.*
3. *કેન્દ્ર કે સંઘ સરકાર ખાસ બાબતોમાં રાજ્ય સરકારોને આદેશ આપવાની સત્તા ધરાવે છે.*
4. *રાજ્યની સીમામાં આવેલ રેલવેના માર્ગોનું રક્ષણ કરવા કેન્દ્ર સરકાર રાજ્ય સરકારને આદેશ આપી શકતી નથી.*
5. *કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે કોઈ બાબતે મતભેદ કે પ્રશ્ન ઉપસ્થિત થતા જ નથી.*
6. *કેન્દ્ર સરકાર આવશ્યકતા પડે તો રાજ્યના સનદી સેવકો કે અમલદારોને શરતી કે બિનશરતી કામગીરી સોંપી શકે છે.*

7. *કેન્દ્ર સરકાર વહીવટી સત્તાઓ મર્યાદિત ધરાવે છે.*
8. *બંધારણની કલમ* 262 *નદીઓના પાણી તથા તે અંગે થતા ઝઘડાઓના નિવારણ અંગેની છે.*
9. *ભારતીય બંધારણમાં રાષ્ટ્રપતિ શાસનની કોઈ જોગવાઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.*
10. 1955*માં તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ વિભાગીય પરિષદોનો વિચાર કર્યો હતો.*
11. *રાષ્ટ્રપતિને જરૂર લાગે તો આંતર-રાજ્ય પરિષદની રચના કરી શકે છે.*
12. IAS *અને* IPS *જેવી અખિલ ભારતીય સનદી સેવાઓ દ્વારા કેન્દ્ર સરકાર રાજ્યોની સરકારો પર અંકુશ અને નિયંત્રણ રાખે છે.*

**જવાબો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1. | 11 *માં* | 2. | 02 *માં* | 3. | *ખરું* | 4. | *ખોટું* |
| 5. | *ખોટું* | 6. | *ખરું* | 7. | *ખોટું* | 8. | *ખરું* |
| 9. | *ખોટું* | 10. | *ખરું* | 11. | *ખરું* | 12. | *ખરું* |

**(ખ) ટૂંકનોંધ તૈયાર કરો.**

1. *કેન્દ્ર – રાજ્ય વચ્ચેના વહીવટી સંબંધોનું વિવેચન કરો.*

____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________

### 16.2.3 કેન્દ્ર – રાજ્ય વચ્ચેનાં નાણાકીય સંબંધો

*બંધારણના ભાગ* 12, *પ્રકરણ* 01 *માં સંઘ-રાજ્યો વચ્ચેની નાણાકીય બાબતો અંગેની જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાં સંઘ અને રાજ્યો વચ્ચે આવકની વહેંચણી અને અન્ય નાણાકીય જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.*

16.2.3.1 *આવકના સાધનો*

*કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના નાણાકીય સંબંધોમાં નાણાકીય બાબતોની સ્પષ્ટ જોગવાઈઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સમવાયતંત્રમાં તે જરૂરી છે. બંને સરકારોની આવકની વહેંચણી નક્કી કરવામાં આવી છે. ભારતમાં વિવિધ પ્રકારના કરો કે કરવેરાઓ*

*સરકારની આવકનું મુખ્ય સાધન છે. આ કરોની મુખ્યત્વે બે વિભાગમાં વહેંચણી કરી શકાય.*

1. *કેન્દ્ર સરકારની આવકના સાધનો.*
   *કેન્દ્ર સરકારના આવકના સાધનોમાં રેલ્વે, તાર-ટપાલ, ટેલીફોન, સંઘ સરકાર દ્વારા સંચાલિત ઉદ્યોગો, બેંક વગેરે બાબતોનો સમાવેશ થાય છે.*
2. *રાજ્ય સરકારની આવકનાં સાધનો*
   *રાજ્ય સરકાર હસ્તક કારખાના, ઉદ્યોગો, બસ સેવાઓ, સંઘ સરકાર તરફથી મળતી ગ્રાન્ટ, જમીન મહેસુલ, ખાણો પરના અધિકારો પરનો વેરા, વીજળી, વાહન વેરો, મનોરંજન કર, વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત.___*

1. *કેટલાક કરો કેન્દ્ર સરકાર દ્વારા નાંખવામાં આવે છે અને રાજ્ય સરકાર દ્વારા વસુલ કરવામાં આવે છે.*
2. *કેટલાક કરો કેન્દ્ર સરકાર નાંખે છે, વસુલ કરે છે અને રાજ્યોની સાથે વહેંચણી કરે છે.*
3. *અમુક કરો કેન્દ્ર સરકાર નાંખે છે, વસુલ પણ કરે છે અને પછી રાજ્યોને સોંપી દે છે.*
4. *કેલાક કરો કેન્દ્ર સરકાર નાંખે છે અને રાજ્ય તથા કેન્દ્ર વચ્ચે તેની વહેંચણી કરવામાં આવે છે.*

16.2.3.2 *અનુદાનની જોગવાઈઓ*

*આવકનાં સાધનોની વહેંચણી કરવામાં આવેલી છે. આ ઉપરાંત પણ રાજ્યોને કેન્દ્ર તરફથી વિકાસના કાર્યો કરવા માટે નાણાકીય મદદની આવશ્યકતા અનુસાર તેમને અનુદાન (ગ્રાન્ટ) ફાળવે છે. સંઘ-સંસદ કાયદા દ્વારા ઠરાવી શકે છે. વળી, જુદાં-જુદાં રાજ્યો માટે આ અનુદાનની રકમ વત્તા-ઓછી હોય છે. દરેક પ્રદેશ કે રાજ્યની જરૂરિયાતને ધ્યાને રાખી અનુદાનની રકમ નક્કી કરવામાં આવે છે. સંઘ સરકાર દ્વારા રાજ્ય સરકારોને આપવામાં આવતી અનુદાનની રકમ તેનીવહેંચણીને લગતી બાબતોની સત્તા ભારતનાં રાષ્ટ્રપતિ દ્વારા નીમાયેલાં નાણાકીય પંચને આપવામાં આવી છે.*

16.2.3.3 *જાહેર દેવાઓ*

*કોઈપણ રાજ્ય સંઘસરકાર અથવા તે પહેલાંની ભારત સરકાર પાસેથી લોન લઈને દેવું કર્યું હોય અથવા તો તે રાજ્યની એવા કોઈ લોનના સ્વરૂપે દેવાને સંઘ-સરકાર કે તે પહેલાની સરકારે બાંયધરી આપી હોય તો તે રાજ્ય સરકારે નવી લોનો ઊભી કરતાં પહેલાં સંઘ-સરકારની પરવાનગી લેવી પડે છે.*

*સંઘસરકાર પરવાનગી આપતી વખતે આવશ્યક શરતો મૂકી શકે છે. સંઘ સરકાર વિદેશોમાંથી લોન લઈ શકે છે.*

16.2.3.4 *અન્ય નાણાકીય જોગવાઈઓ*

I. *સંઘ સરકારની મિલકત પર રાજ્ય સરકાર કરવેરા નાખી શકતી નથી.*

II. *અમુક પ્રકારનાખરડાઓ રજૂ કરતાં પહેલાં સંઘ સરકારે રાષ્ટ્રપતિની પૂર્વસંમતિ લેવી જરૂરી છે. તેનો ઉદ્દેશ એ છે કે રાજ્યોનું હિત ન જોખમાય.*

III. *આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે 'સંકટ નિધિ'ની જોગવાઈ કરવામાં આવી છે. જો કે આ સંકટ નિધિમાંથી જરૂરિયાત હોય તો તાત્કાલિક ખર્ચ કરવાની સત્તા છે. પરંતુ ચોક્કસ મંજૂરીની પ્રક્રિયામાંથી પસાર કરીને તે કરવામાં આવે છે.*

16.2.3.5 *નાણાકીય સંબંધોનું વિવેચન*

I. *કરને લગતા વિશેષાધિકારો કેન્દ્રને સોંપવામાં આવ્યા છે.*

II. *આવકની સમાન વહેંચણી માટે નાણાપંચની રચના કરવામાં આવે છે. નાણાપંચ કેન્દ્ર-રાજ્યો વચ્ચેના કરની વહેંચણીનો આંક નક્કી કરે છે અને તેમાં સુધારો પણ કરી શકે છે.*

III. *સરકારી તિજોરીના નિયંત્રક એવા ઑડીટર જનરલની નિમણૂકની જોગવાઈ ભારતીય બંધારણમાં કરવામાં આવી છે.*

IV. *ભારતનાં આર્થિક માળખામાં નાણાપંચનું ઘણું મહત્ત્વ છે.*

V. *કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને ઉછીનું ઋણ લેવાની સત્તા છે. જો કે રાજ્યોએ આ માટે કેન્દ્રની સંમતિ લેવી પડે છે. ઉદાહરણ તરીકે રાજ્યો કરોડો રૂપિયા ઉધાર સ્વરૂપે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી લે છે.*

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

**(ક) નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

1. *બંધારણના ભાગ _________ માં કેન્દ્ર – રાજ્ય વચ્ચેની નાણાકીય બાબતોની જોગવાઈ કરવામાં આવી છે.*
2. *નાણાપંચની રચના _________ દ્વારા કરવામાં આવે છે.*
3. *કરને લગતા શેષાધિકારો _________ ને સોંપવામાં આવ્યા છે.*
4. *સરકારી તિજોરીના નિયંત્રક_________ છે.*

**(ખ) નીચે આપેલ વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો.**

1. *ભારતમાં વિવિધ પ્રકારનાં કરવેરા દ્વારા સરકાર આવકના સ્રોતો ઊભા કરે છે.*
2. *ભારતનાં આર્થિક માળખામાં નાણાપંચનું કોઈ મહત્ત્વ નથી.*
3. *કેન્દ્ર સરકારને ઉછીનું ઋણ લેવાની સત્તા છે.*
4. *રાજ્યોની સરકારોને લોન લેવાની સત્તા નથી.*
5. *રાજ્યો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી જરૂર પડે રૂપિયાની લોન લઈ શકે છે.*

**(ગ) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ આપો.**

1. *બંધારણના ભાગ 12 નાં ક્યા પ્રકરણમાં કેન્દ્ર – રાજ્યના નાણાકીય વ્યવહારો અંગેની જોગવાઈ કરવામાં આવી છે?*

*અ. પ્રકરણ 01 માં*

*બ. પ્રકરણ 02 માં*

*ક. પ્રકરણ 03 માં*

*ડ. પ્રકરણ 04 માં*

2. *કેન્દ્ર – રાજ્ય વચ્ચેના નાણાકીય સંબંધો અંતર્ગત નીચેની વિગતનો સમાવેશ થાય છે.*

   *અ. સંઘ સરકારની મિલકત પર રાજ્ય સરકાર કરવેરા નાંખી શકતી નથી.*

   *બ. કેન્દ્ર સરકાર નાણાકીય સત્તા ધરાવતી નથી.*

   *ક. રાજ્ય સરકારો નાણાકીય બાબતમાં સર્વોપરી છે.*

   *ડ. ઉપરોક્ત ત્રણ પૈકી એકપણ નહિ*

3. *કેન્દ્ર-રાજ્ય વચ્ચેના નાણાકીય સંબંધોનાં સંદર્ભે જાહેર દેવાઓને લગતી બાબતમાં હકીકત એ છે કે .*

   *અ. સંઘ સરકાર વિદેશોમાંથી લોન લઈ શકે છે.*

   *બ. રાજ્ય સરકાર વિદેશોમાંથી લોન લઈ શકે છે.*

   *ક. સ્થાનિક સરકાર વિદેશોમાંથી લોન લઈ શકે છે.*

   *ડ. ઉપરોક્ત પૈકી એકપણ નહિ.*

4. *કેન્દ્ર સરકારની આવકનાં સાધનોમાં નીચેનો સમાવેશ થાય છે.*

   *અ. તાર-ટપાલ*

   *બ. ટેલીફોન*

   *ક. ઉપરોક્ત અ અને બ બંને*

   *ડ. ત્રણ પૈકી એક પણ નહિ.*

5. *રાજ્ય સરકારની આવકનાં સાધનોમાં નીચેની બાબતનો સમાવેશ થાય છે.*

   *અ. વાહન વેરો*

   *બ. મનોરંજન કર*

   *ક. અ અને બ બંને*

   *ડ. ઉપરોક્ત ત્રણ પૈકી એક પણ નહિ*

6. *નાણાપંચનાં સંદર્ભે નીચેનું વિધાન સાચું છે.*

   *અ. કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં કરની વહેંચણીનો આંક નક્કી કરે છે.*

   *બ. કરની વહેંચણીનો આંક નક્કી કરી શકતું નથી.*

ક. ચૂંટણીઓનું આયોજન કરે છે.
ડ. કેન્દ્ર રાજ્ય વચ્ચે સમસ્યાનું સમાધન કરે છે.

7. કેન્દ્ર – રાજ્ય વચ્ચેની નાણાકીય સંબંધો અંગેની જોગવાઈઓમાં નીચેના વિધાન સત્ય છે કે ..

અ. કેટલાંક કરો કેન્દ્ર સરકાર નાંખે છે અને રાજ્ય સરકાર વસુલે છે.
બ. કેટલાંક કરો કેન્દ્ર સરકાર નાંખે છે અને વસૂલ કરે છે અને રાજ્યોની સાથે સમાન વહેંચણી કરે છે.
ક. અમૂક કરો કેન્દ્ર સરકાર નાંખે છે, વસૂલ કરે છે અને રાજ્યોને સોંપી દે છે.
ડ. ઉપરોક્ત ત્રણેય

8. આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે ‘સંકટનિધિ’ ની જોગવાઈ કરવામાં આવી છે.

અ. હા
બ. ના
ક. તટસ્થ
ડ. કહી ન શકાય

**જવાબો**

**(ક) ખાલી જગ્યાનાં જવાબો.**

1. માં  2. રાષ્ટ્રપતિ  3. કેન્દ્ર  4. ઑડિટર જનરલ

**(ખ) ખરાં – ખોટાંના જવાબો**

1. ખરું  2. ખોટું  3. ખરું  4. ખોટું
5. ખરું

**(ગ) બહુ વૈકલ્પિક પ્રશ્નોનાં જવાબો**

1. પ્રકરણ 1 માં
2. સંઘ સરકારની મિલકત પર રાજ્ય સરકાર કરવેરા નાંખી શકતી નથી.
3. સંઘ સરકાર વિદેશોમાંથી લોન લઈ શકે છે.
4. અ અને બ બંને
5. અ અને બ બંને
6. કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના કરની વહેંચણીનો આંક નક્કી કરે છે.
7. (ડ) ઉપરોક્ત ત્રણેય
8. (અ) હા

**(ઘ) નીચે આપેલ પ્રશ્નનો ટૂંકમાં જવાબ આપો.**

**1. કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં નાણાકીય સંબંધોનું વિવેચન કરો.**

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 16.3 કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં સબંધોમાં સંઘર્ષના મુદ્દાઓ/કારણો

### 16.3.1 ભારતીય બંધારણમાં સત્તાઓનું વિતરણ કેન્દ્રનાં પક્ષમાં વધુ છે

*કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેના વહીવટી, ધારાકીય અને નાણાકીય સંબંધોના અભ્યાસ પરથી કહી શકાય કે ભારતીય બંધારણમાં કેન્દ્ર – રાજ્ય વચ્ચે સત્તાઓનું સ્પષ્ટ વિભાજન છે. આ વિભાજનમાં સત્તાનું વિતરણ કેન્દ્રનાં પક્ષમાં વધુ છે. જે કેન્દ્રને વધુ શક્તિશાળી બનાવે છે અને રાજ્યની સ્વાયતતા પર નિયંત્રણ મુકે છે. સંઘ યાદીના વિષયો, રાજ્ય યાદીના વિષયો અને સંયુક્ત યાદીના વિષયોમાં કેન્દ્રને વધુ સત્તા આપવામાં આવી છે. જે બંને વચ્ચેના સંઘર્ષનું કારણ બને છે.*

### 16.3.2 રાજ્યપાલની નિમણૂક અને ભૂમિકા સંદર્ભે

*રાજ્યપાલ સામાન્ય રીતે જે-તે રાજ્યનાં વ્યક્તિ હોતાં નથી. અન્ય રાજ્યનાં વ્યક્તિની નિમણૂક રાજ્યપાલ તરીકે કરવામાં આવે છે. રાજ્યપાલ જે રાજ્યમાં ફરજ બજાવે છે ત્યાના રાજકીય વાતાવરણ, ભાષા, ભૂગોળ અને પર્યાવરણથી બહુ પરિચિત હોતાં નથી. બંધારણની જોગવાઈઓ અને કેન્દ્રની સૂચના અનુસાર તેઓ ભૂમિકા ભજવતાં હોય છે. ક્યારેક રાજ્યોના મંત્રી મંડળોની નિમણૂક કરવામાં કે તેમને બરખાસ્ત કરવામાં રાજ્યપાલની પક્ષપાતભરી ભૂમિકા જોવા મળે છે. રાજ્યપાલની નિમણૂકમાં રાજ્યોના મુખ્ય પ્રધાનોની સલાહ પણ લેવામાં આવતી નથી. રાજ્યપાલને એ સત્તા આપવામાં આવેલી છે કે તે રાજ્યનાં અમુક ખરડાઓ રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખી શકે છે. જેના કારણે કેન્દ્રનું વર્ચસ્વ વધે છે અને રાજ્ય માટે તે ઘર્ષણનું કારણ બને છે.*

### 16.3.3 રાષ્ટ્રપતિ શાસન

*રાજ્યપાલોની પક્ષપાતિ વલણની નીતિને કારણે સત્તાનો દુરઉપયોગ થવાની શકયતા રહે છે. રાષ્ટ્રપતિ રાજ્યપાલના અહેવાલનાં આધારે અથવા તેને આવશ્યકતા*

*લાગે કે બંધારણ તંત્ર અનુસાર કાર્ય કરવામાં સરકાર નિષ્ફળ છે તો તે પોતાનું રાષ્ટ્રપતિ શાસન લાદી શકે છે. ઘણીવાર વ્યવહારમાં એવું પણ બનતું હોય કે રાજ્ય સરકારો પાસે આવશ્યક જરૂરી બહુમતી પણ હોય વિધાનસભામાં તે સાબિત કરવા માટે જે તે રાજ્ય સરકાર તૈયાર પણ હોય આમ છતાં તેને બરખાસ્ત કરવામાં આવતી હોય છે. કેન્દ્રમાં રહેલ સત્તાધારી પક્ષનું વર્ચસ્વ અને હિત પ્રસ્થાપિત કરવા આ પ્રકારના પગલાં લેવામાં આવતા હોય છે. આમ આ પગલાઓ દ્વારા બંધારણીય વ્યવસ્થાની નિષ્ફળતા જાહેર કરવાનાં આધિકાર અને સત્તાનો ઘણીવાર દૂર ઉપયોગિતા રાષ્ટ્રપતિ શાસન થકી કરવામાં આવે છે. જે સંઘર્ષની કારણ બને છે.*

### 16.3.4 આયોજન અને અમલીકરણનાં સંદર્ભે વ્યવહારિક ઉદ્ભવતા પ્રશ્નો અને ઘર્ષણો

*કેન્દ્ર અને રાજ્ય વચ્ચેનાં નાણાકીય સંબંધોનો અભ્યાસ આપણે કર્યો છે. કેન્દ્ર-રાજ્ય વચ્ચે આવકનાં સાધનોની વહેંચણીમાં લવચીક સાધનો કેન્દ્રને આપવામાં આવ્યા છે. રાજ્યો પોતાના વિકાસના કાર્યક્રમો અને આયોજનો તૈયાર કરે છે. જેના અમલીકરણ માટે નાણાકીય બાબત પર આધાર રાખવો પડે છે. રાજ્ય સરકારના આવકના સ્ત્રોતો આ કાર્યો કરવા માટે અપૂરતા હોવાથી તેને કેન્દ્ર સરકાર દવારા મળતી અનુદાન કે ગ્રાન્ટ પર આધાર રાખવો પડે છે. કેન્દ્ર સરકાર આ અનુદાન ફાળવવામાં વહાલા દવલાની નીતિ કે પક્ષપાતભારી નીતિ અખત્યાર કરે તે સંભાવના રહેલી છે. કારણ કે જો કેન્દ્ર અને રાજ્યમાં અલગ રાજકીય વિચારસરણી ધરાવતા રાજકીય પક્ષોની સરકાર અમલમાં હોય તો આવું બનવું સંભવિત છે. જે બંને વચ્ચે સંઘર્ષ અને તનાવનું કારણ બને છે. ઘણીવાર રાજ્ય સરકારોનો આક્ષેપ હોય છે કે કેન્દ્ર તરફથી જોઈતું અનુદાન પૂરતા પ્રમાણમાં, યોગ્ય સમયે પ્રાપ્ત થતું નથી. કેન્દ્ર સરકારની આવી પક્ષપાતભરી નીતિને લીધે જે તે રાજ્ય સરકારના પોતાના આયોજન અને યોજનાઓના  અમલીકરણમાં મુશ્કેલી ઊભી કરે છે.*

### 16.3.5 જળવિવાદ કે સીમા વિવાદ બાબતે સંઘર્ષ

*ઘણીવાર નદીઓનાં પાણીનો ઉપયોગ, વહેંચણી અને નિયંત્રણ બાબતે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે તથા રાજ્ય-રાજ્ય વચ્ચે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. નવા રાજ્યોની સીમા કે નામકરણ બાબતે પણ ઘર્ષણની સંભાવનાહોય છે.*

### 16.3.6 અન્ય કારણો

I. *પક્ષપાત આધારિત વિધાનસભાની ચૂંટણીઓની મોકૂફી*
II. *કેન્દ્ર સરકારને અનુકૂળ ન હોય તેવા રાજ્યનાં મુખ્ય પ્રધાન વિરુદ્ધ તપાસ પંચની નિમણૂક*

III. *રાજ્યપાલના માધ્યમ દ્વારા કેન્દ્રની દરમિયાનગીરી અને હસ્તક્ષેપ*
IV. *નોકરશાહી કે અમલદારો પર કેન્દ્રનું વર્ચસ્વ*
V. *પક્ષપાતી વલણને કારણે આકસ્મિક મુલાકાતો*
VI. *ઘણીવાર રાજ્યોમાં કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ઘર્ષણનો મુદ્દો બને છે.*
VII. *વીજળી, સિંચાઈ, નવા ઉદ્યોગોનું સર્જન વગેરે બાબતોમાં પણ તનાવ અને સંઘર્ષ ઉપસ્થિત થાય છે.*

*ભારતે સમવાયતંત્રનો સ્વીકાર કર્યો હોવા છતાં તેમાં અમુક લાક્ષણિકતાઓએકતંત્ર સરકારની જોવા મળે છે. ભારતમાં કેન્દ્ર – રાજ્ય વચ્ચેનાં સંબંધોમાં કેન્દ્રની સર્વોપરીતા અને વર્ચસ્વ સવિશેષ જોવા મળે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો સમાન અને સમકક્ષ દરજ્જો પ્રાપ્ત કરતી હોવા છતાં ઉપરોક્ત દર્શાવેલ વિવિધ કારણોસર આ બંનેમાં સંઘર્ષ ઉભો થાય છે. અહી એ પણ સમજવું જરૂરી છે કે કેટલીક વાર કેન્દ્ર અને રાજ્ય સરકાર સહકારયુક્ત વાતાવરણમાં પણ સાથે મળી વિકાસલક્ષી કાર્યોને વેગ આપતી હોય છે.*

## 16.4 વિવિધ પંચો કે સમિતિઓની ભલામણો

*કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં સંબધોમાં ઉદ્ભવતા પ્રશ્નો કે સંઘર્ષોના નિવારણ માટે સમયાંતરે વિવિધ પંચ કે સમિતિ દ્વારા ભલામણો કરવામાં આવી છે. આ ભલામણોનો મુખ્ય હેતુ ભારતીય લોકશાહીને અનુરૂપ દ્રઢ અને લોકહિતને સમર્પિત એવું શાસન તંત્ર પૂરું પાડવાનો છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય બંનેનો સમાન દરજ્જો અને સત્તા અભિપ્રેત હોય. કેન્દ્ર-રાજ્ય સંબંધો અંતર્ગત વિવિધ પંચ કે સમિતિઓની ભલામણ નીચેના ટેબલ દ્વારા તુલનાત્મક રીતે સમજીએ.*

**કેન્દ્ર-રાજ્ય સંબંધો અંગે ભલામણ કરનાર પંચ કે સમિતિઓનો તુલનાત્મક અભ્યાસ દર્શાવતું ટેબલ**

| ક્રમ. | પંચ કે સમિતિનું નામ | સ્થાપના | અહેવાલ સુપ્રત કર્યાનું વર્ષ | મુખ્ય ભલામણો |
|---|---|---|---|---|
| 1. | વહીવટી સુધારા પંચ | મોરારજી દેસાઈની અધ્યક્ષતામાં સ્થાપના થઇ | 1969 માં અહેવાલ સુપ્રત કર્યો | • આંતર-રાજ્ય પરિષદની સ્થાપના કરવાની ભલામણ<br>• અનુભવી રાજ્યપાલની નિમણૂક કરવી.<br>• કુલ 21ભલામણો કરી. |
| 2. | રાજમન્નાર સમિતિ | તામિલનાડુ સરકાર દ્વારા નીમવામાં આવી. | 1971માં અહેવાલ સુપ્રત કર્યો | • વિધાનસભાના ક્ષેત્રમા આવતી બાબતો પર જે-તે રાજ્યનું સાર્વભૌમત્વ હોવું જોઈએ.<br>• સંઘયાદી, રાજ્યયાદી, સંયુક્ત યાદીનાં વિષયોમાં ફેરફાર કરવાનું સુચન |
| 3. | સાકરિયા પંચ | ઈન્દીરા ગાંધી દ્વારા નીમવામાં આવ્યું હતું. | 1985માં અહેવાલ સુપ્રત કર્યો | •આંતર – રાજ્ય પરિષદની સ્થાપના.<br>•બિનપક્ષપાતી રાજ્યપાલોની પસંદગી<br>•મિલકત અને નાણાકીય સાધનોમાં રાજ્યોનો ભાગ સહકારી પ્રથાવાળી સરકારની સ્થાપના |

*પશ્ચિમ બંગાળ સરકારે 1977માં પોતાના અહેવાલમાં જણાવ્યું હતું કે બંધારણમાં યુનિયન શબ્દની બદલે ફેડરેશન શબ્દ મુકવામાં આવે તેવી ભલામણ કરી હતી. કેન્દ્ર સરકારની આવકનો 75% ભાગ રાજ્યોને આપવાની પણ ભલામણ તેમણે કરી હતી. આ સાથે રાજ્યસભાના સભ્યોની ચૂંટણી લોકો દ્વારા થાય તેમજ તમામ રાજ્યોનું સમાન પ્રતિનિધિત્વ જળવાય તે બાબત ઉપર ખાસ ભાર આપ્યો હતો.*

## 16.5 સારાંશ

*આ એકમમાં સમાવેશ કરેલ અભ્યાસના મુખ્ય મુદ્દાઓને સંક્ષિપ્તમાં જોઈ લઈએ.*

- *કેન્દ્ર-રાજ્ય વચ્ચેના ધારાકીય સંબંધો અંતર્ગત સંઘયાદીના, રાજ્યયાદીના અને સંયુક્ત યાદીના વિષયોની સમજૂતી મેળવી.*

- *રાજ્યો પર સંઘનું વર્ચસ્વ, કટોકટીના સમય ગાળામાં સંઘે સરકારનું વર્ચસ્વ, આંતરરાષ્ટ્રીય બાબતોમાં સંઘ-સંસદની સત્તાઓનો તમે અભ્યાસ કર્યો.*
- *આ અભ્યાસને આધારે તમે કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં ધારાકીય સંબંધોની માહિતી પ્રાપ્ત કરી છે.*
- *કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના વહીવટી સંબંધોના અભ્યાસથી તમે કેન્દ્ર સરકારની ખાસ બાબતોમાં રાજ્ય સરકારોને આદેશ આપવાની સત્તાની જાણકારી મેળવી.*
- *અમલદારશાહીના સંદર્ભે સંઘ અને રાજ્યોની કામગીરી તથા આનુષંગિક વિગતોનો અભ્યાસ તમે કર્યો.*
- *કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં નાણાકીય સંબંધો અંતર્ગત તમે આવકનાં સાધનો, અનુદાનની જોગવાઈઓ, જાહેર દેવાઓ તથા અન્ય નાણાકીય જોગવાઈઓથી પરિચિત બન્યા.*
- *કેન્દ્ર રાજ્ય વચ્ચેનાં સંઘર્ષના મુદ્દાઓ કે કારણોનો અભ્યાસ તમે કર્યો. જેમાં કેન્દ્રના પક્ષમાં સત્તાનું સવિશેષ વિતરણ, રાજ્યપાલની પક્ષપાતી ભૂમિકા, રાષ્ટ્રપતિ શાસન થકી કેન્દ્રનું વર્ચસ્વ, કેન્દ્ર અને રાજ્ય વચ્ચે જળ, સીમા, આયોજન કે અમલીકરણના સંદર્ભે ઉદ્‌ભવતા પ્રશ્નો અને સંઘર્ષના કારણોનો વિગતવાર અભ્યાસ કર્યો છે.*
    - *કેન્દ્ર-રાજ્ય સંબંધોને સુદ્રઢ કરવા અને સંઘર્ષોને નિવારવા સમયાંતરે નીમવામાં આવેલ મુખ્ય અગત્યનાં પંચો કે સમિતિ, જેમ કે વહીવટી સુધારા પંચ, રાજમન્નાર સમિતિ. સરકારિયા પંચનો અભ્યાસ પણ તમે કર્યો છે.*
    - *આ એકમના અભ્યાસ દ્વારા તમે ખરા અર્થમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના ધારાકીય વહીવટી અને નાણાકીય સંબંધો, ઉદ્‌ભવતા પ્રશ્નો અને તેના ઉપાયોની સમજૂતી મેળવી છે.*

## 16.6 ચાવીરૂપ શબ્દો

**એકતંત્રી સરકાર** — *જેમાં સત્તાનું કેન્દ્રીકરણ હોય. સમગ્ર સત્તા મધ્યસ્થ સરકાર એટલે કે કેન્દ્ર સરકાર હસ્તક હોય.*

**સમવાયતંત્રી સરકાર** — *જેમાં સત્તાનું વિકેન્દ્રકરણ એ સમવાયતંત્રનું હાર્દ છે. મધ્યસ્થ સરકાર અને એકમ સરકારો એટલે કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે સત્તાનું સ્પષ્ટ વિભાજન હોય છે.*

**યુનિયન ઓફ સ્ટેટ્સ** — *ભારતીય બંધારણમાં 'સમવાયતંત્ર' શબ્દનો પ્રયોગ ક્યાંય પણ કરવામાં આવ્યો નથી. પરંતુ 'યુનિયન' એટલે કે 'રાજ્યોનો સંઘ' એવો શબ્દ પ્રયોગ થયેલો છે. આ પ્રકારની વ્યવથામાં એવી ધારણા સમાયેલી છે કે કેન્દ્ર સરકાર અને રાજ્યોની સરકારો વચ્ચે તંદુરસ્ત, સમાન અને બરાબર ભાગીદારીનો સંબંધ છે.*

## 16.7 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ આપો.**

(1) *ભારતીય બંધારણમાં કેન્દ્ર-રાજ્ય ના સંબંધો સંદર્ભે હકીકત એ છે કે …*

*અ. સત્તાઓનું વિતરણ કેન્દ્રના પક્ષમાં વધુ છે.*

*બ. રાજ્ય સરકારો સવિશેષ સત્તા ધરાવે છે.*

*ક. સ્થાનિક સરકારો સૌથી વધુ સત્તા ધરાવે છે.*

*ડ. કેન્દ્ર પાસે સત્તા નથી.*

(2) *કેન્દ્ર – રાજ્ય સંબંધો અન્વયે નીચેના પંચ દ્વારા ભલામણ કરવામાં આવી હતી.*

*અ. વહીવટી સુધારા પંચ*

*બ. ડ્રાફ્ટીગ કમિટી*

*ક. સામાજિક ન્યાય સમિતિ*

*ડ. આર્થિક વિકાસ સમિતિ*

(3) *કેન્દ્ર-રાજ્ય સંબંધો અન્વયે કોની અધ્યક્ષતામાં વહીવટી સુધારાપંચની નિયુક્તિ થઈ હતી?*

*અ. જવાહરલાલ નહેરુ*

*બ. અટલ બિહારી વાજપેયી*

*ક. ઈન્દિરા ગાંધી*

*ડ. મોરારજી દેસાઈ*

(4) *વહીવટી સુધારા પંચે કેન્દ્ર-રાજ્ય સંબંધોનો અભ્યાસ કરી પોતાનો અહેવાલ કઈ સાલમાં સુપ્રત કર્યો હતો.*

*અ.* 1969

*બ.* 1977

*ક.* 1978

*ડ.* 1979

(5) *કેન્દ્ર-રાજ્ય સંબંધો અન્વયે વહીવટી સુધારા પંચે કઈ મુખ્ય ભલામણ કરી હતી?*

*અ. આંતરરાજ્ય પરિષદની સ્થાપના કરવાની ભલામણ*

*બ. બિનઅનુભવી રાજ્યપાલની નિયુક્તિ કરવાની ભલામણ*

*ક. વિધાનસભાના ક્ષેત્રમાં આવતી બાબતો પર રાજ્યનું સાર્વભૌમત્વ*

*ડ. સહકારી પ્રથાવાળી સરકારની સ્થાપના*

**(6)** *રાજમન્નાર સમિતિએ કેન્દ્ર-રાજ્ય સંબંધો અન્વયે મુખ્ય ભલામણ કરી તે પૈકી સમાવેશ થાય છે.*

*અ. આંતર-રાજ્ય પરિષદની સ્થાપના*

*બ. અનુભવી રાજ્યપાલની નિમણૂક*

*ક. ઉપરોક્ત બંને*

*ડ. સંઘયાદી, રાજ્યયાદી અને સંયુક્ત યાદીનાં વિષયોમાં ફેરફાર કરવાનું સૂચન*

(7) *રાજમન્નાર સમિતિ ક્યા રાજ્યની સરકાર દ્વારા નીમવામાં આવી હતી?*

*અ. તામિલનાડુ*

*બ. ગુજરાત*

*ક. મધ્યપ્રદેશ*

*ડ. રાજસ્થાન*

(8) *કેન્દ્ર-રાજ્યનાં સંદર્ભે રાજમન્નાર સમિતિએ પોતાનો અહેવાલ કઈ સાલમાં સુપ્રત કર્યો હતો?*

*અ.* 1971

*બ.* 1980

*ક.* 1986

*ડ.* 1988

(9) *સરકારિયા પંચની નિયુક્તિ કોના દ્વારા થઈ હતી?*

*અ. ઈન્દિરા ગાંધી*

*બ. રાજીવ ગાંધી*

*ક. જવાહરલાલ નહેરુ*

*ડ. મોરારજી દેસાઈ*

(10) *કેન્દ્ર રાજ્ય સંબંધો અન્વયે નીચેના પંચ કે સમિતિએ ભલામણ કરી હતી.*

*અ. વહીવટી સુધારા પંચ*

*બ. રાજમન્નાર સમિતિ*

*ક. સરકારિયા પંચ*

*ડ. ઉપરોક્ત ત્રણેય*

**(ખ) નીચે આપેલ વિષય પર ટૂંકનોંધ તૈયાર કરો.**

1. *કેન્દ્ર-રાજ્ય સંબંધો અન્વયે વિવિધ પંચો કે સમિતિઓની ભલામણો જણાવો.*

______________________________________________

______________________________________________

______________________________________________

**(ગ) નીચે આપેલા પ્રશ્નોનાં વિગતવાર જવાબ તૈયાર કરો.**

1. *કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં સંબધોમાં સંઘર્ષના કારણો વિગતવાર સમજાવો.*

2. *કેન્દ્ર-રાજ્ય વચ્ચેનાં ધારાકીય, વહીવટી અને નાણાકીય સંબંધોનું વિવેચન કરો.*

## 16.8 સંદર્ભ સૂચિ


1. राय. एम. पी., : भारतीय सरकार एवं राजनीति, कॉलेज बुक डिपो, जयपुर, 1983.
2. जैन. एस. एन : भारतीय संविधान, शासन और राजनीति, राजस्थान हिंदी ग्रन्थ अकादमी, जयपुर, प्रथम संकरण, 1984.
3. *ધારૈયા આર. કે. અને અન્યો : ભારતનો બંધારણીય ઈતિહાસ, સી. જમનાદાસ કંપની, અમદાવાદ, ચોથી આવૃત્તિ*, 1990-91.
4. *શુક્લ દિનેશ મૂ. , અમીન હસમુખ એમ. : ભારતીય રાજકારણની રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ*, 1995.

5. The Constitution of India, Government of India, Ministry of Law and Justice Legislative Department, New Delhi, April 2019.

- **જવાબો.**

**બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબો (ક)**

1. *સત્તાઓનું વિતરણ કેન્દ્રના પક્ષમાં વધુ છે.*
2. *વહીવટી સુધારા પંચ*
3. *મોરારજી દેસાઈ*
4. 1969
5. *આંતર રાજ્ય પરિષદની સ્થાપના કરવાની ભલામણ*
6. *સંઘયાદી, રાજ્યયાદી અને સંયુક્ત યાદીનાં વિષયોમાં ફેરફાર કરવાનું સૂચન*
7. *તામિલનાડુ*
8. 1971
9. *ઈન્દિરા ગાંધી*
10. *ઉપરોક્ત ત્રણેય*

# એકમ-17 ભારતીય રાજકારણના પ્રશ્નો

રૂપરેખા


17.0 ઉદ્દેશો

17.1 પ્રસ્તાવના

17.2 ધર્મ

17.3 જ્ઞાતિવાદ

17.4 પ્રદેશવાદ

17.4.1 પ્રદેશવાદ એટલે શું?

17.4.2 ભારતમાં પ્રદેશવાદનાં ઉદ્ભવના કારણો

17.4.2.1 પ્રાદેશિક અસમતુલા

17.4.2.2 ભૌગોલિક કારણ

17.4.2.3 વિકાસની તકોની અસમાન વહેંચણી

17.4.2.4 અન્ય કારણો

17.5 ભાષાવાદ

17.5.1 ભાષાવાદ એટલે શું?

17.5.2 આઝાદી પેહલાં ભારતમાં ભાષા આધારિત પ્રાંત રચનાનો ઈતિહાસ

17.5.3 આઝાદી બાદ ભાષા આધારિત રાજ્ય પુનઃરચના

17.5.3.1 ધાર કમિશન, જૂન 1948

17.5.3.2 જે.વી.પી. કમિશન, ડિસે. 1948

17.5.3.3 રાજ્ય પુનઃરચના કમિશન, સપ્ટે. 1955

17.5.4 રાષ્ટ્રભાષાનો પ્રશ્ન અને ભાષાવાદ

17.5.5 ત્રિભાષી ફોર્મ્યુલા

17.5.6 પ્રાદેશિક આંદોલનો

17.6 સારાંશ

17.7 ચાવીરૂપ શબ્દો

17.8 તમારી પ્રગતિ ચકાસો

17.9 જવાબો

17.10 સંદર્ભ સૂચિ

## 17.0 ઉદ્દેશો

*આ એકમનાં અભ્યાસથી તમે ભારતીય રાજકારણના વિવિધ પ્રશ્નો અને પડકારો પૈકી નીચેની બાબતોથી માહિતગાર થશો.*

- *ધર્મ અંગે જાણશો ભારતીય રાજકારણમાં તેની ભૂમિકા સમજશો.*
- *ભારતીય રાજકારણને અસર કરતાં જ્ઞાતિવાદ,પ્રદેશવાદ, ભાષાવાદનાં પ્રશ્નોથી માહિતગાર બનશો.*

## 17.1 પ્રસ્તાવના

*વિદ્યાર્થી મિત્રો, અગાઉનાં એકમ-16માં તમે કેન્દ્ર અને રાજ્ય વચ્ચેનાં સંબંધોનો વિગતવાર અભ્યાસ કર્યો છે. આ એકમમાં તમે ભારતીય રાજકારણના વિવિધ પ્રશ્નો, પડકારો અને પ્રવાહોનો અભ્યાસ કરશો. ખાસ કરીને ધર્મ કે સંપ્રદાયવાદ,જ્ઞાતિવાદ,પ્રદેશવાદ, ભાષાવાદનાં પ્રશ્નો અને પડકારોથી વાકેફ થશો.*

## 17.2 ધર્મ

*ભારતનું રાજકારણ ઘણા પરિબળોથી પ્રભાવિત છે. જેમાં ધર્મનો પણ સમાવેશ થાય છે.ભારત પોતે ધર્મ નિરપેક્ષ રાજ્ય છે.ભારતને પોતાનો કોઈ રાજ્ય ધર્મ નથી.પણ રાજ્યમાં વસવાટ કરતાં લોકોને બંધારણમાં જ મૂળભૂત અધિકારો અંતર્ગત ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર આપવામાં આવ્યો છે.ભારત બિનસાંપ્રદાયિક દેશ હોવા છતાં પણ ભારતીય રાજકારણમાં ધર્મએ અગત્યની ભૂમિકા ભજવી હતી અને ભજવી રહી છે.ધર્મ એ વ્યક્તિના જીવનની અંગત અને નાજુક બાબત છે.ભારતમાં દરેક નાગરિકને પોતાની મરજી અનુસારનો ધર્મ પાળવાની જ બદલાવવાની, તેનો પ્રચાર-પ્રસાર કરવાની છૂટ આપવામાં આવી છે. જયારે ધર્મનાં નામે સંકુચિતતા ઊભી કરતી વિચારધારા જન્મ લે છે ત્યારે તે સંપ્રદાયવાદમાં પરિણમે છે.*

*ભારતીય રાજકારણમાં ધર્મના નામે લોકોની લાગણી ઉશ્કેરીને વોટબેંક ઊભી કરવામાં આવે તેવા પ્રયત્નો થયેલાં છે. જેના કારણે દેશની જ એકતા,સમરસતા અને સહયોગની ભાવનાનો થાય છે અને તાત્કાલિક કે દીર્ઘગામી લક્ષ્યની પ્રાપ્તિ માટે વિભાજકારી પ્રવૃત્તિને વેગ આપવામાં આવે છે. ભારતમાં હિંદુ-મુસ્લિમનો ધર્મના નામે થતો વિખવાદ જાણીતો છે. જે કોમવાદને પ્રોત્સાહન આપે છે.*

*આધુનિક ભારતનું રાજકારણ વિકૃત મુડીવાદી વિકાસને કારણે પ્રણાલીગત સામાજિક પરિબળોનું ગુલામ બન્યું છે.ધાર્મિક જૂથો ભારતીય રાજકારણને સામાજિક નિમ્નતંત્ર પૂરું પાડે છે. લોકશાહી અને સાર્વત્રિક મતાધિકારના રાજકારણમાં વિવિધ ધાર્મિક જૂથોનો ટેકો અને પીઠબળ મેળવવાં માટે રાજકારણમાં પ્રયત્નો કરવામાં આવે છે.*

*ભારતના રાજકીય પક્ષો અને પક્ષોના ઉમેદવાર સભ્યો ચૂંટણી સમયે ચૂંટણી પ્રચારમાં ધાર્મિક જૂથોનો ટેકો મેળવવા માટે સાંપ્રદાયિકતાને પોષક પદ્ધતિઓ અપનાવતા હોય છે.*

## 17.3 જ્ઞાતિવાદ

*ભારત વિશાળ જ્ઞાતિઓને સમૂહ છે. જ્ઞાતિવાદ સમજતા પહેલાં સૌ પ્રથમ જ્ઞાતિનો અર્થ સમજીએ.સમાજશાસ્ત્રી એમ.એન.શ્રીનિવાસે જ્ઞાતિની વ્યાખ્યા આપતા કહ્યું છે કે "સ્થાનિક જ્ઞાતિઓના કોટિક્રમમાં ચોક્કસ સ્થાન ધરાવતું સ્થાનિક વારસાગત અંતઃવર્તુળ કે જે પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલ છે તેને સમાજશાસ્ત્રીઓ જ્ઞાતિ કહે છે." આઝાદી બાદ ભારતનાં બંધારણમાં જ્ઞાતિવાદી રાજકારણે ઝોર પકડ્યું છે.રિચાર્ડ લિનોયના મતે "જ્ઞાતિ જૂથનાં હિતો સંતોષવાના હેતુથી દબાણ અથવા લાંચ- રિશ્વતની યુક્તિઓ અજમાવવામાં આવે, જ્ઞાતિના આધારે કોઈપણ સ્વરૂપની રાજકીય વફાદારી ઉદ્ભવે, જ્ઞાતિનાં પ્રભાવનો અયોગ્ય ઉપયોગ કરવામાં આવે, અથવા સ્વ જ્ઞાતિજનની તરફેણમાં પક્ષપાત બતાવવામાં આવે ત્યારે આ બધાને માટે ઉપયોગમાં લેવાતા શબ્દને જ્ઞાતિવાદ તરીકે ઓળખવામાં આવે છે."*

*ચૂંટણીમાં જ્ઞાતિના આધારે ઉમેદવારની પસંદગી, જ્ઞાતિ આધારિત વોટબેંક ઊભી કરવાનો પ્રયાસ ભારતીય રાજકારણની સામાન્ય બાબત બની ગઈ છે.રાજકીય પક્ષો જે- તે વિસ્તારમાં અંકુશ ધરાવતી અને સંખ્યા ધરાવતી જ્ઞાતિનાં ઉમેદવારની પસંદગી કરે છે.જ્ઞાતિનાં આધારે રાજકીય સફળતા અને ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરવાનાં પ્રયાસો થાય છે. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે સંઘર્ષ અને પ્રશ્નો પણ ઉપસ્થિત કરીને મત પોતાની તરફ વાળવાના પ્રયત્નો પણ કરવા આવે છે. યુ.પી. અને બિહાર જેવા રાજ્યોમાં જ્ઞાતિ હિંસા ગ્રામીણ વિસ્તારોમાં થતી જોવા મળે છે. જ્ઞાતિ આધારિત ધ્રુવીકરણનું પ્રમાણ વધ્યું છે. નવા જ્ઞાતિ આધારિત મંડળોનો જન્મ થયો છે. જેમ કે  તમિલનાડુમાં વણીયાર સંગમ અને કાશીરામના બહુજન સમાજ પક્ષનો ઉદય.*

*જ્ઞાતિએ સામાજિક ભારતનાં સમય માળખાનું વિશિષ્ટ લક્ષણ છે. ઉપરાંત બ્રિટનની સંસ્થાનવાદી સરકારની સ્થાપના, પશ્ચિમનાં શિક્ષણનો પ્રભાવ,ઔદ્યોગિકરણ, નવી ન્યાયિકપ્રથા વગેરેને કારણે જ્ઞાતિપ્રથામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યાં. જેને કારણે જ્ઞાતિગત ઓળખોએ રાજકીય મહત્ત્વ મેળવ્યું હતું. ચૂંટણીઓના માધ્યમ દ્વારા રાજકીય સત્તાની પ્રાપ્તિ માટે જ્ઞાતિગત ઓળખો મજબૂત બની. ભારતીય રાજકારણમાં જ્ઞાતિ વગર રાજકારણની કલ્પના કરી શકાય નહિ, તેવા સંજોગો ઉપસ્થિત થયા છે. જ્ઞાતિગત જોડાણો કરીને વધુમાં વધુ મત મેળવી વિજયી બનાવાનો પ્રયત્ન રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીના સમયે કરવામાં આવે છે.જેમ કે અજગર જોડાણ. જે આહીર, જાટ, ગુર્જર અને રાજપૂતોનું બનેલું હતું. જે અજગરના ટૂંકા નામથી જાણીતું બન્યું હતું. ગુજરતમાં ખામ* (KHAM)*જેમાં ક્ષત્રિય-હરિજન-આદિવાસી –મુસ્લિમનો સમાવેશ થાય છે તેવું, ખામ જોડાણ જ્ઞાતિગત જોડાણ હતું. એવી જ રીતે ફામ* (Pham)*જેમાં પટેલ, હરિજન, આદિવાસી અને મુસ્લિમના જ્ઞાતિગત જોડાણનો સમાવેશ થાય છે.*

*પ્રો.રજની કોઠારીએ 'ભારતનું રાજકારણ' નામનાં પોતાનાં ગ્રંથમાં કહ્યું છે કે " જે લોકો ભારતનાં રાજકારણમાં જ્ઞાતિવાદની ફરિયાદ કરે છે તેઓ રાજકારણનાં સ્વરૂપ વિષે અથવા જ્ઞાતિપ્રથાનાં સ્વરૂપ વિષે કદાચ સ્પષ્ટ ખ્યાલ ધરાવતા નથી. રાજકારણની પ્રક્રિયા આખરે તો સમાજનાં વર્તમાન માળખાઓને ઓળખી તેમને પોતાનાં ટેકામાં ઉદ્યુક્ત કરવાની અને પોતાનાં સ્થાન દ્રઢ કરવામાં તેમનો ઉપયોગ કરવાની એક પ્રક્રિયા છે. જે સમાજમાં જ્ઞાતિ સંસ્થા અત્યંત મહત્ત્વનું સંગઠન તંત્ર પૂરું પાડતી હોય અને જે માળખા હેઠળ દેશની લોક વસતિ જીવન જીવતી હોય ત્યાં આવા માળખાં દ્વારા રાજકારણ સંગઠિત થાય તેમાં નવાઈ પામવા જેવું કશું નથી."*

## 17.4 પ્રદેશવાદ

*ભારતીય રાજકારણને પ્રભાવિત કરનારું અગત્યનું પરિબળ પ્રદેશવાદ છે.સૌ પ્રથમ તો પ્રદેશવાદની વિભાવના સમજવી જરૂરી છે.*

### 17.4.1 પ્રદેશવાદ એટલે શું?

*ચોક્કસ ભૂમિ પ્રદેશમાં રહેતા લોકો પોતાનાં પ્રદેશ પ્રત્યે, પોતાની સંસ્કૃતિ, ઈતિહાસ, રીત- રિવાજ અને ભાષા કે પરંપરા જે પરિબળોને કારણે એકબીજા પ્રત્યે લાગણી અને તાદામ્ય ભાવ અનુભવે અને અન્ય પ્રદેશ પ્રત્યે તિરસ્કાર અને નફરતનો ભાવ ઊભો કરે તેને પ્રદેશવાદ તરીકે ઓળખવામાં આવે છે.*

*પ્રદેશવાદને સ્પષ્ટ કરતાં નીચેનાં મુદ્દાઓ તારવીએ.*

I. *ઘણા વર્ષોથી ચોક્કસ ભૂમિ વિસ્તારમાં રહેતા લોકો પોતાનાં પ્રદેશ પ્રત્યે લાગણી અને તાદાત્મ્ય અનુભવે તે સ્વાભાવિક છે.*

II. *પરંતુ જ્યારે અન્ય પ્રદેશ પ્રત્યે તિરસ્કાર અને નફરતનો ભાવ રાખીને અન્ય પ્રદેશ પ્રત્યે ઘૃણાનો વ્યવહાર કરવામાં આવે ત્યારે તેવો સંકુચિત પ્રદેશવાદ રાષ્ટ્ર માટે ખતરારૂપ બને છે.*

III. *ચોક્કસ વિસ્તારમાં રહેતાં લોકોની ભાષા, સંસ્કૃતિ, રીતમાં સામ્યતા હોય તે સ્વાભાવિક છે. જેનું તેઓ ગૌરવ અનુભવે છે.*

IV. *પ્રદેશવાદ અને અલગતાવાદ વચ્ચે તફાવત છે.*

V. *મર્યાદિત પ્રદેશવાદની ભાવના એટલી બધી ખતરારૂપ નથી જેટલી અલગવાદની ભાવના. ઉદાહરણ તરીકે મહાગુજરાતની ચળવળ અલગ ગુજરાતની માંગણી માટે કરવામાં આવી હતી. તેની રીત બંધારણીય હતી. પરંતુ જ્યારે પ્રદેશવાદની માંગણી ઉગ્ર અને હિંસક સ્વરૂપ ધારણ કરે છે ત્યારે એક પ્રકારની બળવાખોરીમાં પરિણમે છે. ઉદાહરણ તરીકે પંજાબમાં ખાલિસ્તાન ચળવળ.*

### 17.4.2 ભારતમાં પ્રદેશવાદના ઉદ્ભવના કારણો

17.4.2.1 *પ્રાદેશિક અસમતુલા*

*દરેક પ્રાદેશિક વિસ્તારનું કદ, વસતિ અલગ- અલગ હોય છે. શિક્ષણ, આરોગ્ય, આવકની સ્થિતિ, આંતરમાળખાકીય સુવિધાઓમાં અસમાનતા જોવા મળે છે. વ્યક્તિ દીઠ આવક, શિક્ષણની માત્રા, લોક સુખાકારીની સવલતો, પ્રચાર-પ્રસાર અને સંપર્કના સાધનો રોજગારીની અસમાન તકો દરેક પ્રદેશ પ્રમાણે અલગ-અલગ જોવા મળે છે. આ પ્રાદેશિક અસમતુલાને અસમાનતાના કારણે પ્રદેશવાદની ભાવના બળવત્તર બને છે.*

17.4.2.2 *ભૌગોલિક કારણ*

*અમુક રાજ્યમાં ભૌગોલિક દ્રષ્ટિએ જ અસમાનતાઓ હોય તે સ્વાભાવિક છે. જે પ્રદેશવાદમાં પરિણમે છે. ભારતમાં જમ્મુ અને કાશ્મીર માટે ઐતિહાસિક અને ભૌગોલિક પરિબળ વધુ જવાબદાર હતું.*

17.4.2.3 *વિકાસની તકોની અસમાન વહેચણી*

*કેન્દ્ર રાજ્ય સંબંધો અંતર્ગત ઘણીવાર કેન્દ્ર અને રાજ્યમાં અલગ-અલગ રાજકીય પક્ષોની સરકાર સત્તા સ્થાને હોય ત્યારે વિકાસની તકોની અસમાનતા રહે છે. તે શક્યતાને નકારી શકાય નહિ.*

17.4.2.4 *અન્ય કારણો*

*જેમાં-*

- *ભેદભાવ કે ઓરમાયું વર્તન*
- *પોતાની અસ્મિતા નાબૂદ થવાનોડર*
- *આર્થિક કારણ*
- *રાજકીય કારણ*

*ઉપરોક્ત કારણોનો સમાવેશ થાય છે.*

**17.4.3 પ્રદેશવાદની અસરો**

- *પ્રદેશવાદ સંકીર્ણતા કે સંકુચિતતામાં વધારો કરે છે.*
- *લોકશાહી અને રાષ્ટ્રીય એકતામાં અવરોધક બને છે.*
- *પ્રાદેશિક સંઘર્ષ અને તનાવ ઊભો કરે છે. જેમાં રાજ્ય-રાજ્ય વચ્ચે સંઘર્ષ, કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સંઘર્ષ, કેન્દ્ર અને અમુક રાજ્યો વચ્ચે ઊભો કરે છે.*
- *પ્રદેશવાદ નવા રાજ્યોની માંગણીને પ્રોત્સાહન અને ઉત્તેજન આપે છે.*
- *પ્રદેશવાદ કંઈક અંશે નકસલવાદ, માઓવાદ કે અલગતાવાદને ઉત્તેજન આપે છે.*
- *ભાષાવાદ, પ્રદેશવાદને પ્રોત્સાહન આપે છે.*
- *ભારતીય રાજકારણમાં પ્રદેશવાદ અગત્યની અસર ઉપજાવનારું પરિબળ છે.*

## 17.5 ભાષાવાદ

### 17.5.1 ભાષાવાદ એટલે શું?

*ચોક્કસ પ્રદેશમાં રહેતાં અને એક ભાષા બોલતાં લોકોમાં અમારી જ ભાષા શ્રેષ્ઠ અને અન્યની ભાષા પ્રત્યે સંકીર્ણતાનો ભાવ રાખે તેને ભાષાવાદ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં પોતાની ભાષા ઉપરાંતની અન્ય ભાષા પ્રત્યે, તેના બોલવા, શીખવા, સાંભળવા પ્રત્યે ઘૃણા રાખવામાં આવે છે. ભારતને આઝાદી મળી ત્યારે અનેક પ્રશ્નો અને પડકારો પૈકી એક ભાષાવાદનો પ્રશ્ન પણ હતો.*

*ભારતીય રાજકારણને ભાષાવાદે ઘણું પ્રભાવિત કર્યું છે. ભારતીય રાજકીય પ્રથા પર ભાષા આધારિત આંદોલનોની ઘણી ઊંડી અસર પડી છે. કારણ કે ભારત અનેક ભાષાઓ ધરાવતો દેશ છે.*

### 17.5.2 આઝાદી પેહલાં ભારતમાં ભાષા આધારિત પ્રાંત રચનાનો ઈતિહાસ

1911 *માં ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાએ તૈયાર કરેલ 'ધી સ્કીમઑફ પ્રોવિન્શિયલ ઑટોનોમી' ભાષા પ્રાંત રચનાનાં સિદ્ધાંતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.* 1919 *ના મોન્ટેગ્યું ચેમ્સફર્ડના કાયદામાં ભાષાકીયપ્રાંતરચનાનાં વિચારને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.*1922*માં ડૉ.ભગવાનદાસે 'સ્વરાજ યોજના' તૈયાર કરી તેમાં પણ ભાષાનાં ધોરણે પ્રાંતોની પુનઃરચના કરવામાં આવે તેવી જાહેરાત કરી હતી.ત્યાર બાદ શ્રીનિવાસ આયંગરે* 1927*માં ભાષાનાં ધોરણે પ્રાંતોની પુનઃરચના કરવા ભાલામણ કરી હતી.*1928*માં પંડિત મોતીલાલ નહેરુના અધ્યક્ષપદે નિમાયેલી સમિતિએ પોતાનાં અહેવાલમાં તેની રજૂઆત કરી હતી.* 1947*માં ભારતીય ભાષાવાર પ્રાંતોની લીગનું સંમેલન ડૉ. રાધાકુમુદ મુકરજીના પ્રમુખપદે મળ્યું હતું.જેમાં ભાષાવાર પ્રાંતરચનાની હિમાયત કરવામાં આવી હતી.*

### 17.5.3 આઝાદી બાદ ભાષા આધારિત રાજ્ય પુનઃરચના

*ભારતમાં ભાષા આધારિત રાજ્યોની રચના થવી જોઈએ કે નહિ? તે અંગે મતમતાંતરો હતાં. આ માટે જુદાં-જુદાં સમયે પંચો કે સમિતિની નિમણૂંક કરવામાં આવી હતી.તેમની ભલામણો રજૂ કરીને પોતાનો મત વ્યક્ત કર્યો હતો.*

**ભારતમાં ભાષા આધારિત રાજ્ય પુનઃરચના માટે વિવિધ આયોગ/પંચો કે સમિતિઓની વિગત અને વિવિધ ભલામણ દર્શાવતું ટેબલ**

| ક્રમ | કમિશન/પંચનું નામ | વર્ષ |
|---|---|---|
| 1 | *ભાષાકીય પ્રાંતરચના પંચ કે જે ધારકમિશન તરીકે ઓળખાતું હતું.* | *જૂન* 1948 |
| 2 | *જે.વી.પી. કમિશન* | *ડિસેમ્બર* 1948 |
| 3 | *રાજ્ય પુનઃરચના પંચ* | *સપ્ટેમ્બર* 1955 |

ભાષા આધારિત રાજ્યોની રચના બાબતે નીમવામાં આવેલ અગત્યના વિવિધ પંચોની કે કમિશનોની ભલામણોનો વિગતવાર અભ્યાસ કરીએ.

17.5.3.1 ધાર કમિશન, જૂન 1948

ન્યાયમૂર્તિ એસ.કે.ધારના અધ્યક્ષપદે ભાષાકીય પ્રાંત રચના પંચની નિયુક્તિ કરવામાં આવી હતી. તેની મુખ્ય ભલામણો આ પ્રમાણે હતી.

- તે સમયનાં પ્રાંતોની રચના અવ્યવસ્થિત પદ્ધતિએ થયેલી જણાઈ હતી.
- આ પ્રાંતો આડેધડ રચાયા હોવાથી લોકશાહી તત્વોથી વિમુખ હતાં.
- માત્ર ભાષાને જ ધ્યાનમાં રાખીને પ્રાંતોની રચના કરવી યોગ્ય નથી. તે ભારતની આઝાદીને ભયમાં મુકવા બરાબર છે.
- ભાષાકીય પ્રાંતરચનાનો ફાયદો એક જ છે કે પ્રાંતિક ધારાસભાનું કાર્ય સ્થાનિક કે પ્રાદેશિક ભાષામાં થઈ શકે છે.
- આ સિવાય તેનાં ઘણા ગેરલાભો છે.
- પ્રવર્તમાન સંજોગોમાં આ પ્રકારની માંગણી યોગ્ય નથી તેમ જણાવ્યું હતું.

17.5.3.2 જે.વી.પી. કમિશન, ડિસેમ્બર 1948

ધારકકમિશને રજૂ કરેલ અહેવાલ બાદ પ્રજામાં અને રાજકીય પક્ષોમાં અસંતોષ ફેલાયો હતો.જેને દુર કરવાં માટે J.V.P. કમિશન નીમવામાં આવ્યું હતું.આ કમિશનનાં સભ્યો નીચે મુજબ હતાં.

- J.V.P. કમિશનના સભ્યો

1. જવાહરલાલ નહેરુ
2. સરદાર વલ્લભભાઈ પટેલ
3. પટ્ટાભિ સીતારામૈયા

આ ત્રણ સભ્યોનાં બનેલાં કમિશને પોતાનો અહેવાલ 1949માં રજૂ કર્યો. જેમાં નીચે મુજબની ભલામણો કરવામાં આવી હતી.

- દેશની રક્ષા, એકતા, ઉપર વધુ ભાર આપ્યો. રાષ્ટ્રીય એકતાને તોડતી પ્રવૃત્તિ કે પ્રવાહોની ટીકા કરી.
- ભાષાને એકતામાં બાંધનારૂ અને વિખવાદને પ્રેરનારૂ તત્ત્વ માન્યું. જે પ્રાદેશિક વિકાસને રૂંધે છે.
- ભાષા આધારિત પ્રાંત રચના અંગેના કોંગ્રેસના વિચારો અને યોજનામાં વ્યવહારૂ મુશ્કેલીઓનો વિચાર ગંભીરતાથી કરવામાં આવ્યો ન હતો.
- દેશની આર્થિક અને રાજકીય સદ્ધરતાને અગ્રીમતા આપવી જોઈએ. થોડા વર્ષો ભાષાવાર પ્રાંતરચના મુલતવી રાખવી જોઈએ.

- *ભારતનાં અગત્યના પ્રશ્નો જેમ કે અસમતોલ આર્થિક વિકાસ, નિર્વાસિતોના પુનઃ વસવાટનો પ્રશ્ન દેશી રાજ્યોનું વિલીનીકરણ, રોજગારની તકોનું સર્જન વગેરે ઉપર ભાર આપી, તેને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો.*
- *આમ છતાં લોક લાગણી વધુ હોય ભાષા આધારિત રાજ્યની રચના માટે તો લોકલાગણીને માન આપવું.*

17.5.3.3 *રાજ્ય પુનઃરચના કમિશન,સપ્ટેમ્બર* 1955

*આ કમિશનનાસભ્યો ત્રણ હતાં.જે નીચે અનુસારના હતાં.*

1. *ભૂતપૂર્વ ન્યાયાધીશ સૈયદ ફઝલઅલી*
2. *હૃદયનાથ કુંઝરૂ*
3. *સરદાર કે.એમ.પાણીકર*

*આ કમિશને વિસ્તૃત અહેવાલ* 29 *ડિસેમ્બર* 1957*ના રોજ રજૂ કર્યો.જેની મુખ્ય ભલામણો નીચે મુજબ હતી.*

- *ભાષા અને સંસ્કારની કસોટીના આધાર પર રાજ્યોની પુનઃ રચના કરવી યોગ્ય નથી.*
- *દેશનાં હિતમાં આપણો અભિગમ સમતોલ હોવો જોઈએ.*
- *ભાષાનાં મુદ્દાને રાજ્યોની પુનઃરચના સમયે મહત્ત્વ જરૂર આપવું પરંતુ વહીવટી સુગમતાને બાજુમાં મુકીને માત્ર ભાષાને ધ્યાને રાખીને રાજ્યોની પુનઃ રચના થવી ન જોઈએ.*
- *ભાષાવાર રાજ્યોની રચના સમયે પોતાનાં પ્રદેશ પ્રત્યે ઉગ્રલાગણીનો ઈન્કાર થવો જોઈએ.કારણકે તેનાથી બંધારણના મૂલ્યો ખાસ કરીને મૂળભૂત અધિકારો અંતર્ગત સમાન તકનો લોપ થશે.*
- *વિશાળ વિસ્તાર ધરાવતાં એકભાષી પ્રદેશને વહીવટી સરળતા માટે જુદાં-જુદાં રાજ્યોમાં વિભાજીત કરવો જોઈએ.*
- *રાજ્ય પુનઃરચના પંચે સોળ રાજ્યો અને ત્રણ કેન્દ્ર શાસિત વિસ્તારો રાખવાનું ભલામણમાં જણાવ્યું હતું. જો કે પછીથી કમિશનની ભલામણોમાં થોડો ફેરફાર કરી જરૂરી સુધારા સાથે સૂચનો સ્વીકારવામાં આવ્યા હતાં.જેમકે પછીથી* 14 *રાજ્યો અને છ કેન્દ્રશાસિત પ્રદેશોનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.*

### 17.5.4 રાષ્ટ્રભાષાનો પ્રશ્ન અને ભાષાવાદ

*ભારતની સત્તાવાર ભાષાનો વિચાર સ્વતંત્રતા પહેલા જ અમુક વિચારકો દ્વારા કરવામાં આવ્યો હતો. દયાનંદ સરસ્વતીએ હિન્દીને રાષ્ટ્રભાષા બનાવી શકાય તેવી વાત કરી હતી. કનૈયાલાલ મુનશીએ દેવનાગરીલિપિ ધરાવતી હિન્દીને સત્તાવાર ભાષા માટે વિચારવાનું જણાવ્યું હતું.*

*ભારતમાં પ્રથમ રાષ્ટ્રપતિએ 1955માં રાજ્યભાષા પંચની નિયુક્તિ કરી હતી.જેનાં અધ્યક્ષશ્રી બી.જી.ખેર હતાં. આ પંચે ભલામણ કરી હતી કે હિન્દીએ ધીરે-ધીરે અંગ્રેજીની જગ્યા લેવી જોઈએ. હિન્દીનો ઉપયોગ પ્રાથમિક શિક્ષણનાં માધ્યમ તરીકે અને વહીવટના તેમજ રાજ્યના રોજીંદા સરકારી કામ કાજના માધ્યમ તરીકે પણ થવો જોઈએ.જો કે તેણે જાહેર પરીક્ષાઓમાં વૈકલ્પિક માધ્યમ તરીકે અંગ્રેજી ચાલુ રહે તેવી હિમાયત કરી હતી.*
*દક્ષિણના રાજ્યોમાં લોકો હિંન્દીથી અપરિચિતહતા. તેમણે સત્તાવાર ભાષા તરીકે હિન્દીનો વિરોધ કર્યો. વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ લોકોને ખાત્રી આપી કે બિનહિન્દી લોકો હિન્દીનો સ્વીકાર કરશે ત્યાં સુધી અંગ્રેજી ભાષા જોડીયા ભાષા તરીકે ચાલુ રહેશે. આમ છતાં દક્ષિણ ભારતમાં હિંસક આદોંલનો ચાલુ રહ્યાં. 1967માં સત્તાવાર ભાષા કાનૂનમાં સુધારો કરવામાં આવ્યો અને અંગ્રેજી ચાલુ રાખવી કે નહિ તે અંગેનો નિર્ણય રાજ્યોની ધારાસભાપર છોડવામાં આવ્યો હતો.*

### 17.5.5 ત્રિભાષી ફોર્મ્યુલા

**1956***માં અખિલ ભારતીય માધ્યમિક શિક્ષણ કાઉન્સિલે 'ત્રિભાષી ફોર્મ્યુલા' અપનાવવાનું સૂચન કર્યું હતું.ત્યાર બાદ ડૉ.ડી. એસ.કોઠારીના અધ્યક્ષપદે નિયુક્ત શિક્ષણપંચે પોતાનાં અહેવાલમાં આ ફોર્મ્યુલામાં કેટલાક સુધારા સૂચવ્યાં હતાં. કેન્દ્ર સરકારે ભાષાનીતિ જાહેર કરેલી. જે જાહેર નોકરીઓ અને વિદ્યાર્થીઓના અભ્યાસને લગતી બાબતોની હતી. જે અનુસાર જાહેર નોકરીઓ અંગ્રેજી, હિન્દી ઉપરાંત બંધારણ માન્ય તમામ ભાષાઓનો ઉપયોગ સ્વીકારવામાં આવ્યો તથા શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી,હિન્દી અને પ્રાદેશિક ભાષાનો સ્વીકાર યુનિવર્સિટી શિક્ષણ સુધી કરી શકાય એવી ત્રિભાષી ફોર્મ્યુલા સ્વીકારવામાં આવેલી.*

### 17.5.6 *પ્રાદેશિક આંદોલનો*

*દેશમાં ભાષાનાં ધોરણે રાજ્યની રચના કરવામાંગણીઓ કરવામાં આવી હતી.જેણે કેટલાંક રાજ્યમાં હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું.આવા હિંસક ભાષાકીય પ્રાદેશિક આંદોલનોને કારણે કેટલાક નવા રાજ્યોને જન્મ આપ્યો. ભાષાકીય પ્રાદેશિક આંદોલનોમાં મુખ્યત્વે તમિલનાડુ,તેલંગણા,મહારાષ્ટ્ર,ઝારખંડ,આસામ,પંજાબનો સમાવેશ થાય છે.ભાષા અને પ્રાદેશિક આંદોલનોમાંથી ઉપસ્થિત થતાં અનેક પ્રશ્નોને કારણે રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયાને ગંભીર અસર પહોંચાડી છે.*

*આમ, ભારતમાં ભાષાનાં ઝઘડાઓ ભાષાની શ્રેષ્ઠતાના ઝઘડાઓ અને રાષ્ટ્રભાષાના ઝઘડા મુખ્ય છે.ભારતનાં મોટાભાગના રાજ્યોની રચના ભાષા આધારિત કરવામાં આવી છે. ભાષાવાદ પ્રાદેશિક અલગતાવાદ અને સંકુચિત વૃત્તિઓને પોષે છે. જે લોકશાહી અને રાષ્ટ્રીય એકતા માટે અવરોધ ઊભો કરે છે.એક તરફ ભાષા આધારિત પ્રાંત*

*રચનાને કારણે અમુક ફાયદા પણ થાય છે.જેમ કે વહીવટી વિકેન્દ્રીકરણ શક્ય બને છે. સ્વદેશ ભક્તિમાં વધારો કરે છે મમત્વનો ભાવ ઊભો કરે છે. બીજી તરફ ભાષા આધારિત પ્રાંત રચનાનાં ગેરફાયદા પણ છે. જેમ કે તેનાથી પ્રાદેશિક સંકુચિતતાને ઉત્તેજન મળે છે. રાષ્ટ્રીય એકતાને નુકસાન થાય છે,આંતર રાજ્યો વચ્ચે સંઘર્ષ થાય છે.*

## 17.6 સારાંશ

*આ એકમમાં ભારતીય રાજકારણમાં ધર્મ, જ્ઞાતિ, ભાષા, પ્રદેશ આધારિત પ્રશ્નોનો આપણે વિગતવાર અભ્યાસ કર્યો છે.*

- *ભારતીય રાજકારણ ઉપર ધર્મ એ અસરકારક ભૂમિકા ભજવી છે.સાંપ્રદાયિકતાની સાથે બિનસાંપ્રદાયિકતા કે ધર્મનિરપેક્ષતાની ચર્ચા આપણે કરી.*
- *ભારતમાં મુખ્ય ચાર જ્ઞાતિઓ વર્ણવ્યવસ્થા અંતર્ગત આવે છે. આ જ્ઞાતિઓની અસંખ્ય પેટા જ્ઞાતિઓ છે. જ્ઞાતિવાદે ભારતીય રાજકારણને ઘણું પ્રભાવિત કર્યું છે.*
- *પ્રદેશવાદ એટલે શું? તેનાં ઉદ્દભવના કારણોની આપણે ચર્ચા કરી.જેમાં ખાસ કરીને પ્રાદેશિક અસમતુલા,ભૌગોલિક કારણ,વિકાસની તકોની અસમાન વહેંચણી વગેરેનો અભ્યાસ કર્યો.*
- *ભાષા, ભાષાવાદ, ભાષાવાદ અને રાજકારણ ભારતમાં ભાષા આધારિત પ્રાંત રચનાનો ઈતિહાસજાણ્યો.ભાષા આધારિત રાજ્યોની પુનઃરચનામાં વિવિધ કમિશનો પૈકી મુખ્ય ધાર કમિશન જે.વી.પી.કમિશન, રાજ્ય પુનઃરચના કમિશનોની ભલામણોનો અભ્યાસ કર્યો છે.*
- *સત્તાવાર રાષ્ટ્રભાષાનો પ્રશ્ન,ત્રિભાષી ફોર્મ્યુલાનો સ્વીકાર અંગે પણ સમજૂતી તમે મેળવી છે.*
- *ભારતમાં ભાષાઆધારિત પ્રાંત રચના માટે થયેલાં આંદોલનો પ્રચલિત છે.ખાસ કરીને દક્ષિણ ભારત,તમિલનાડુ, તેલંગણા ઉપરાંત બીજા જોઈએ તો મહારાષ્ટ્ર, ઝારખંડ,આસામ,પંજાબનો સમાવેશ થાય છે.*
- *ભારતીય રાજકારણ આ તમામ પરિબળોથી પ્રભાવિત થયું છે.*

## 17.7 ચાવીરૂપ શબ્દો

**ધર્મનિરપેક્ષતાઃ** *ભારત ધર્મનિરપેક્ષ છેતેને પોતાનો કોઈ રાજ્ય ધર્મ નથી.ભારતમાં વસવાટ કરતા લોકો ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર અતંર્ગત પોતે પોતાની પસંદગીનો ધર્મ અપનાવી શકે છે.પરંતુ ભારતે પોતે કોઈપણ ધર્મનો રાજ્યધર્મ તરીકે સ્વીકાર કર્યો નથી.*

## 17.8 તમારી પ્રગતિ ચકાસો

**(ક)નીચે આપેલા પ્રશ્નોનો ટૂંકમાં જવાબ આપો.**

1. *જ્ઞાતિવાદ એટલે શું?*

.................................................................................................................

.........................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

2. *પ્રદેશવાદ એટલે શું?*

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

3. *ભાષાવાદ એટલે શું?*

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

**(ખ) નીચે આપેલ ખરાં-ખોટાં વિધાનો જણાવો.**

1. *ભારત ધર્મનિરપેક્ષ રાજ્ય છે.*
2. *ગુજરાતમાં* Kham *જોડાણ જ્ઞાતિગત જોડાણ હતું.*
3. Kham- *જોડાણમાં ક્ષત્રિય, હરિજન,આદિવાસી,મુસ્લિમનો સમાવેશ થાય છે.*
4. *ફામ* (Pham)*એ જ્ઞાતિગત જોડાણ હતું.*

**(ગ)નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.**

1. *જે.વી.પી. કમિશનમાં* ____*વર્ષમાં નીમવામાં આવ્યું હતું.*
2. *રાજ્ય પુનઃરચના કમિશનમાં કુલ* ____*સભ્યો હતાં.*
3. *જે.વી.પી. કમિશનમાં કુલ* ____*સભ્યો હતાં.*

**(ઘ)નીચે આપેલ પ્રશ્નો ઉપર ટૂંકનોંધ તૈયાર કરો.**

1. *ત્રિભાષી ફોર્મ્યુલા*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

**(ચ) નીચે આપેલ પ્રશ્નોનાં વિગતવાર જવાબ આપો.**

1. *પ્રદેશવાદ એટલે શું? તેનાં ઉદ્દભવના કારણો સમજાવો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

2. *ભારતીય રાજકારણમાં ભાષાવાદ ઉપર નિબંધ તૈયાર કરો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

3. *ભારતીય રાજકારણમના સંદર્ભે ધર્મ,જ્ઞાતિવાદ,પ્રદેશવાદ અને ભાષાવાદ ઉપર વિગતે ચર્ચા કરો.*

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

## 17.9 જવાબો

- **ખરાં-ખોટાંના જવાબો.**

  1 *ખરું* 2 *ખરું* 3 *ખરું* 4 *ખરું*

- **ખાલી જગ્યાનાં જવાબો.**

  1.1948 2. *ત્રણ* 3. *ત્રણ*

## 17.10 સંદર્ભ સૂચિ


1. *કાઝી સલીમ એન.,કોરાટ પી.જી.અને અન્યોઃભારતની શાસન પદ્ધતિ અને રાજકારણનો પરિચય,સી.જમનાદાસ કંપની,એજ્યુકેશનલ પબ્લિશર્સ,અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ* 1973.
2. *શુક્લ ગજેન્દ્ર બી.,ભારતીય રાજકારણ,ન્યુ પોપ્યુલર પ્રકાશન,સુરત,ચોથી આવૃત્તિ,* 2015-16.
3. EPS-02 *:ભારતમાં સરકાર અને રાજકારણ, બ્લોક* 06, *રાજકીય પ્રક્રિયા,ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* 1991.
4. *અમીન હસમુખ એમ.,:સમવાયતંત્ર –ભારતીય મોડેલ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,*1979.
5. त्रिवेदी आर.एन.और राय एम.पी.: भारतीय सरकार एव राजनीति, कोलेज बुक डिपो, जयपुर, पुन: प्रकाशित, 2017.
6. नेमा जी. पी., त्रिपाठी डी.सी., : प्रतियोगी राजनीति विज्ञान, प्रथम खण्ड, कोलेज बुक डिपो जयपुर, पुन: प्रकाशित, 2011.
7. कालभोर गोपीनाथ : धर्म निरपेक्षता और राष्ट्रीय एकता, ज्योति प्रकाशन, जयपुर, प्रथम संस्करण, 2000.
8. पवन कुमार : भारतीय राजनीतिकी दिशा एव दशा (स्वतंत्रता के पश्चात), वंदना पब्लिकेशन, नई दिल्ली, 2011.
9. Garner J.W. : Political Science and Government, The World Press Private Ltd. Calcutta, First Edition, 1951.


******

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**